ત્રીજી શ્રેણી)

પુસ્તકઃ ૧૬૫

મંગળવાર, તા.૬ ઠ્ઠી માર્ચ, ૨૦૧૨.
ફાલ્ગુન ૧૬, ૧૯૩૩ શાકે

થી

સોમવાર તા.૧૨મી માર્ચ, ૨૦૧૨
ફાલ્ગુન ૨૨, ૧૯૩૩ શાકે

# ગુજરાત વિધાનસભા
# ચર્ચાઓ

## સત્તારવાર અહેવાલ
## બારમી ગુજરાત વિધાનસભા
## દશમું અધિવેશન

ગુજરાત વિધાનસભા અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલયચિવાલય
ગાંધીનગર

| વિષય | પાના નંબર | |
|---|---|---|
| **તા.૬ ઠ્ઠી માર્ચ, ૨૦૧૨ / ફાલ્ગુન ૧૬, ૧૯૩૩ શાકે** | | |
| **પહેલી બેઠક** | | |
| વધારાના ખર્ચની માગણીઓ પર ચર્ચા અને મતદાન | ૧ | ૨ |
| **બીજી બેઠક** | | |
| તારાંકિત પ્રશ્નો | ૩ | ૧૧૯ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૯ | ૧૮૪ |
| અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પ્રથમ દિવસ) | ૧૮૫ | ૧૯૦ |
| પોઇન્ટ ઓફ ઓર્ડર | ૧૯૧ | ૧૯૧ |
| અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પ્રથમ દિવસ) | ૧૯૨ | ૨૧૪ |
| **તા. ૭ મી માર્ચ, ૨૦૧૨ / ફાલ્ગુન ૧૭, ૧૯૩૩ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૨૧૫ | ૨૨૯ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૩૦ | ૩૫૬ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૩૫૭ | ૩૫૭ |
| અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૩૫૮ | ૩૬૬ |
| બિનસરકારી સંકલ્પો | ૩૬૭ | ૩૭૦ |
| પોઇન્ટ ઓફ ઓર્ડર | ૩૭૧ | ૩૭૧ |
| બિનસરકારી સંકલ્પો | ૩૭૨ | ૩૮૭ |
| **તા.૧૨મી માર્ચ, ૨૦૧૨ / ફાલ્ગુન ૨૨, ૧૯૩૩ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૩૮૮ | ૪૦૨ |
| અતારાંકિત પ્રશ્નો | ૪૦૩ | ૫૪૯ |
| ગુજરાત (પૂરક) વિનિયોગ વિધયેક, ૨૦૧૨ | ૫૫૦ | ૫૫૩ |
| અંદાજ પત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૫૫૪ | ૫૫૫ |
| પોઇન્ટ ઓફ ઓર્ડર | ૫૫૬ | ૫૫૬ |
| અંદાજ પત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૫૫૭ | ૫૬૭ |
| પોઇન્ટ ઓફ ઓર્ડર | ૫૬૮ | ૫૭૧ |
| અંદાજ પત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૫૭૨ | ૫૭૩ |

**ગુજરાત વિધાનસભા.**
**મંગળવાર, તા.૬ ઠ્ઠી માર્ચ, ૨૦૧૨.**
**ફાલ્ગુન ૧૬, ૧૯૩૩ શાકે**
**પહેલી બેઠક.**
**સભાગૃહ સવારના ૮.૩૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી, ગણપતભાઈ વસાવા અધ્યક્ષસ્થાને.**

# વધારાના ખર્ચની માગણીઓ પર ચર્ચા અને મતદાન

## સન ૧૯૯૬–૧૯૯૭, ૧૯૯૭–૧૯૯૮ અને ૧૯૯૮–૧૯૯૯ના વર્ષ માટેના વધારાના ખર્ચની માગણીઓ પર ચર્ચા અને મતદાન

### અધ્યક્ષશ્રીની જાહેરાત
### વધારાના ખર્ચની માગણીઓ અંગે

અધ્યક્ષશ્રી : આજે સન ૧૯૯૬–૧૯૯૭, ૧૯૯૭–૧૯૯૮ અને ૧૯૯૮–૧૯૯૯ના વર્ષ માટેની વધારાના ખર્ચની માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન છે. આ માગણીઓ સભાગૃહ સમક્ષ રજૂ થાય તે પહેલાં મારે સભાગૃહના ધ્યાન ઉપર મૂકવાનું કે, વિધાનસભાએ મંજૂર કરેલા નાણાં કરતાં કોઇ વર્ષમાં વધારે ખર્ચ થઇ ગયો હોય તેવા કિસ્સાઓમાં ઉંડી તપાસ કરીને તે ખર્ચને મંજૂર કરવા માટે જાહેર હિસાબ સમિતિ તેના અહેવાલ દ્વારા ગૃહને ભલામણ કરે છે. બારમી ગુજરાત વિધાનસભાની જાહેર હિસાબ સમિતિના ચોથા અહેવાલમાં સન ૧૯૯૬–૧૯૯૭, ૧૯૯૭–૧૯૯૮ અને ૧૯૯૮–૧૯૯૯ના વર્ષોમાં થયેલ વધારાના ખર્ચને સંવિધાનના અનુચ્છેદ ૨૦૫ અન્વયે મંજૂર કરવા સભાગૃહને ભલામણ કરવામાં આવી છે અને ગૃહે તા.૨૮–૩–૨૦૧૧ના રોજ અહેવાલ સ્વીકાર્યો છે. ગૃહે અગાઉ મંજૂર કરેલા ખર્ચ કરતાં થયેલ વધારાના ખર્ચને મંજૂર કરવા સારુ સમિતિની ભલામણ અનુસાર આ વધારાના ખર્ચની માગણીઓ માનનીય નાણામંત્રીશ્રી રજૂ કરશે.

આમ, આ ખર્ચ તો અગાઉ થઇ ગયો છે તેમજ, વધારાના ખર્ચ સંબંધમાં જાહેર હિસાબ સમિતિએ ઉંડાણપૂર્વક તપાસ કરીને તેના અહેવાલ દ્વારા ખર્ચને મંજૂર કરવા ભલામણ કરી હોવાથી હવે બંધારણીય જોગવાઇ પ્રમાણે આ ખર્ચ મંજૂર કરવો જરૂરી હોઇ સરકાર સભાગૃહ પાસે આવી છે. આથી આ વધારાના ખર્ચની માગણીઓ ઉપર પ્રસ્થાપિત પ્રણાલિકા મુજબ કોઇ ચર્ચા કરવામાં આવતી નથી. તેથી હું માનનીય નાણામંત્રીશ્રીને સન ૧૯૯૬–૧૯૯૭, ૧૯૯૭–૧૯૯૮ અને ૧૯૯૮–૧૯૯૯ ના વર્ષોની વધારાના ખર્ચની માગણીઓ ગૃહ સમક્ષ રજૂ કરવા વિનંતી કરું છું.

### સન ૧૯૯૬–૯૭ ના વર્ષ માટેની વધારાના ખર્ચની માગણીઓ

**શ્રી વજુભાઇ રૂ. વાળા ( નાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૧૯૯૬–૧૯૯૭ના ખર્ચના વધારાના ખર્ચની * માગણી ક્રમાંક : ૪, ૫, ૬, ૮, ૧૦, ૧૪, ૧૭, ૨૩, ૨૫, ૨૯, ૩૮, ૪૨, ૪૩, ૪૪, ૪૬, ૪૮, ૫૫, ૫૬, ૫૯, ૬૦, ૬૪, ૬૬, ૬૮, ૭૨, ૭૪, ૭૯, ૮૧, ૮૩, ૮૪, ૮૫, ૮૬, ૮૭, ૮૯, ૯૦, ૯૨, ૯૪, ૯૫, ૧૦૦ અને ૧૦૨ રજૂ કરું છું.

---

* સન ૧૯૯૬–૧૯૯૭, ૧૯૯૭–૧૯૯૮ અને ૧૯૯૮–૧૯૯૯ના વર્ષો માટેના વધારાના ખર્ચની માગણીઓ રજૂ કરવામાં આવી તે પહેલાં નાણામંત્રીશ્રીએ વધારાના અનુદાન માટેની બધી માગણીઓની ગુજરાત વિધાનસભાએ વિચારણા કરવા બાબતની રાજ્યપાલશ્રીની સિફારીશ વાંચી સંભળાવી.

વધારાના ખર્ચની માગણીઓ ક્રમાંક: ૪, ૫, ૬, ૮, ૧૦, ૧૪, ૧૭, ૨૩, ૨૫, ૨૯, ૩૮, ૪૨, ૪૩, ૪૪, ૪૬, ૪૮, ૫૫, ૫૬, ૫૯, ૬૦, ૬૪, ૬૬, ૬૮, ૭૨, ૭૪, ૭૯, ૮૧, ૮૩, ૮૪, ૮૫, ૮૬, ૮૭, ૮૯, ૯૦, ૯૨, ૯૪, ૯૫, ૧૦૦ અને ૧૦૨ રજૂ કરવામાં આવી.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**સન ૧૯૯૭-૯૮ ના વર્ષ માટેની વધારાના ખર્ચની માગણીઓ**

**શ્રી વજુભાઇ રૂ. વાળા ( નાણા ):** માનનીય અધ્યક્ષશ્રી, હવે હું સન ૧૯૯૭-૯૮ ના વર્ષ માટેની વધારાના ખર્ચને લગતી માગણી ક્રમાંક ૬ ૪, ૫, ૭, ૮, ૯, ૧૦, ૧૫, ૧૭, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૯, ૩૪, ૩૭, ૪૦, ૪૭, ૫૨, ૫૫, ૫૯, ૬૦, ૬૪, ૬૬, ૬૮, ૭૨, ૭૬, ૮૨, ૮૩, ૮૪, ૮૫, ૮૬, ૮૭, ૮૮, ૯૧, ૯૮ અને ૧૦૨ રજૂ કરું છું.

વધારાના ખર્ચને લગતી માગણી ક્રમાંક ૬ ૪, ૫, ૭, ૮, ૯, ૧૦, ૧૫, ૧૭, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૯, ૩૪, ૩૭, ૪૦, ૪૭, ૫૨, ૫૫, ૫૯, ૬૦, ૬૪, ૬૬, ૬૮, ૭૨, ૭૬, ૮૨, ૮૩, ૮૪, ૮૫, ૮૬, ૮૭, ૮૮, ૯૧, ૯૮ અને ૧૦૨ રજૂ કરવામાં આવી.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**સન ૧૯૯૮-૯૯ ના વર્ષ માટેની વધારાના ખર્ચની માગણીઓ**

શ્રી વજુભાઇ રૂ. વાળા ( નાણા ): માનનીય અધ્યક્ષશ્રી, હવે હું સન ૧૯૯૮-૯૯ ના વર્ષ માટેની વધારાના ખર્ચને લગતી માગણી ક્રમાંક ૬ ૭, ૮, ૧૦, ૧૨, ૨૪, ૨૫, ૪૪, ૪૭, ૫૧, ૫૫, ૬૬, ૭૩, ૭૪, ૮૦, ૮૨, ૮૩, ૮૪, ૮૬ અને ૮૮ રજૂ કરું છું.

વધારાના ખર્ચને લગતી માગણી ક્રમાંક ૬ ૭, ૮, ૧૦, ૧૨, ૨૪, ૨૫, ૪૪, ૪૭, ૫૧, ૫૫, ૬૬, ૭૩, ૭૪, ૮૦, ૮૨, ૮૩, ૮૪, ૮૬ અને ૮૮ રજૂ કરવામાં આવી

.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**સભાગૃહનું કામકાજ સવારના ૮-૩૮ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બપોરના ૨-૩૦ કલાકે બીજી બેઠક માટે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા.૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૨**
**ફાલ્ગુન ૧૮, ૧૯૩૩ શાકે**
**બીજી બેઠક**
**સભાગૃહ બપોરના ૨-૩૦ કલાકે મળ્યું**
**અધ્યક્ષશ્રી ગણપતભાઇ વસાવા અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## જૂનાગઢના મોટા દાતારની જગ્યા પર જવા માટેનો રસ્તો વન વિભાગ દ્વારા બંધ કરવા બાબત

**૨૬૪૪૨*શ્રી ઇશ્વરભાઇ ન. વહીઆ(મહુવા) :** : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧)તા. ૩૧-૧-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જૂનાગઢના મોટા દાતારની જગ્યા પર ચાલતી ગૌશાળા અને અન્નક્ષેત્ર સુધી જવાનો રસ્તો વન વિભાગ દ્વારા બંધ કરવામાં આવેલ તે હકીકત ખરી છે, અને

(૨)જો હા, તો આ રસ્તો વિના અવરોધે ચાલુ/શરૂ રાખવા રાજ્ય સરકારે શાં પગલાં લીધાં છે?

**વન મંત્રીશ્રીઃ**

(૧)ના, જી.

(૨)પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી ઇશ્વરભાઇ ન. વહીઆ : માનનીય અધ્યક્ષશ્રી, આ દાતાર જૂનાગઢમાં આવેલ છે. એ શ્રદ્ધાનો વિષય છે. રોજના ૫૦૦૦ લોકો શ્રદ્ધા કરવા માટે જાય છે. જંગલ ખાતું અવાર-નવાર રસ્તો બંધ કરી દે છે. શ્રદ્ધાનો વિષય છે. સામાન્ય વિષય નથી. જંગલ ખાતામાં રસ્તો ખુલ્લો કરવા માટેની જોગવાઇ છે. તબદીલ કરવા માટેની જોગવાઇ છે. ત્યારે આપ સાહેબ મારફત જાણવા માગું છું કે તબદીલ કરવા માગો છો કે કેમ? શ્રદ્ધાનો વિષય છે. શ્રદ્ધાને નુકસાન ન થાય અને વારંવાર હડતાળ, આંદોલન થયા છે. તો તેને વાંચા આપવા માગો છો કે કેમ? તબદીલ કરવા માગો છો કે કેમ?

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મોટા દાતારની જગ્યા ગિરનારના અભ્યારણ્યમાં આવેલ છે. અભ્યારણ્યમાં વન્ય જીવનના હિત સિવાયના રસ્તાઓ સહિતના કોઇપણ બિન જંગલ પ્રવૃત્તિ કરતા પહેલા સક્ષમ અધિકારીની પૂર્વ મંજૂરી લેવાની થાય છે. પૂર્વ મંજૂરી સિવાય કરવામાં આવતી કામગીરી સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે. દાતારની જગ્યા ઉપર જવા આવવા માટે ફક્ત સીડીના જાહેર પ્રજાના હક્કો અપાયેલા છે. દાતારની જગ્યાએ ગૌ શાળા અને અન્ન ક્ષેત્ર સંસ્થા દ્વારા ચલાવવામાં આવે છે. સંસ્થા દ્વારા ચાલતી ગૌશાળા અને અન્ન ક્ષેત્રની નોંધ વન વિભાગના રેકર્ડ ઉપર આવેલ નથી, એટલા માટે ત્યાં જે સીડી છે. સીડી ઉપરથી આવ-જા થઇ શકાય છે. આની ભારત સરકાર પાસેથી મંજૂરી લેવી પડે છે.

શ્રી ભગવાનજીભાઇ લા. કરગટીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે દાતારની સંસ્થા હસ્તક કઇ કઇ જગ્યાઓ આવેલ છે. એનો વહીવટ કોણ કરે છે?

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, દાતારની સંસ્થા હસ્તક જુદી જુદી જગ્યાઓ આવેલ છે. દાતાર પીર, સક્કરમાઇ, હાથી પથ્થર, કપલા વજીર, કરંજીયો વીરડો, ચીંથરીયા પીર, મુંડીયાની ગુફા, સાર કુવત, મુસાફર ખાનું, કલંધરી મસ્જિદ, મીરવઠાનું મકાન, કદમની જગ્યા, પાણીનું છબીલ, દાતારની ગાદી, ગેબલશા પીરની જગ્યા, મસ્જિદ, જોકી સાઇ તેમજ દાતાર અને પીરપઠાનો. આ જગ્યાઓનો વહીવટ રેવન્યુ વિભાગ કરે છે.

શ્રી ઇશ્વરભાઇ ન. વહીઆ : માનનીય અધ્યક્ષશ્રી, મુખ્ય અહેવાલ એવો છે કે સાહેબે કહ્યું પગથિયા ઉપર જઇ શકાય છે. મોટી ગૌશાળા આવેલી છે. ગૌશાળામાં ટ્રેકટરથી ઘાસ જાય છે. બાજુમાં રસ્તો છે. જે કોર્ડન આપણે કરી શકીએ છીએ. રક્ષણનો સવાલ હોય તો રસ્તાને તબદીલ કરી શકાય છે. મુખ્ય વિષય શ્રદ્ધાનો છે કે રોજના ૫,૦૦૦ શ્રદ્ધાળુઓ જાય છે. આવા સંજોગોમાં આ નિર્ણય સરકારે કરવો જોઇએ. કેન્દ્ર સરકાર પાસે માગણી કરવી જોઇએ. માગણી કરી શકીએ છીએ. આ રસ્તો કાયમી ખુલ્લો કરવા માગો છો. હું તમારી સાથે સંમત છું, છતા પણ રક્ષણ કરી શકીએ છીએ. આવા સંજોગોમાં ખુલ્લો કરવા માગો છો કે કેમ?

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સેન્ટ્રલ બેંચનો રિપોર્ટ ૧૯૭૬ માં થયેલો. તે વખતની સગવડ પગથિયાની છે. રસ્તો તે વખતે નહોતો, પણ ગેરકાયદેસર રીતે રસ્તો બનાવવામાં આવે છે. એનો ગુનો દાખલ કરી જે તે વખતે પનીશમેન્ટ કરીએ છીએ. મંજૂરી લેવી હશે તો વર્લ્ડ લાઇફ બોર્ડ દિલ્હી અને સુપ્રીમ કોર્ટની મંજૂરી લેવી પડે તેમ છે. તેના માટે દરખાસ્ત થાય તો આગળ ચલાવી શકીએ તેમ છીએ.

શ્રી રાજસીભાઇ વિ. જોટવા : આ દાતારની જગ્યા એ ધાર્મિક જગ્યા હોય ત્યાં સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો તે હકીકત એવી નથી. ત્યાં લોકો જઇ શકે છે, પણ ધાર્મિક જગ્યાને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારની મંજૂરી ગુજરાત સરકાર લેવા માગતી હોય તો આવી કોઇ દરખાસ્ત કરેલ છે કે કેમ?

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર પ્રસંગોપાત ઉર્સ હોય ત્યારે ૪ દિવસની, શિવરાત્રિ હોય ત્યારે ૩ દિવસની, વિઠ્ઠલ બાપુનો જન્મ દિવસ હોય ત્યારે ૧ દિવસની પરવાનગી આપે છે. આવી કોઇ દરખાસ્ત કેન્દ્ર સરકારને થયેલ હોય તેવું મારા જાણમાં નથી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, દાતારની જગ્યામાં શ્રદ્ધાળુઓ જતા હોય છે. જે અહીં બતાવ્યું છે તે અન્નક્ષેત્ર અને ગૌશાળા બંને વન વિભાગની યાદીમાં છે નહીં. પણ છતાં હકીકત એ છે કે ગૌશાળા અને અન્નક્ષેત્ર વર્ષોથી ત્યાં ચાલે છે. તેને કારણે શ્રદ્ધાળુઓને અને જે સંસ્થાના સંચાલકો છે તે બંનેને મુશ્કેલી પડે છે. એટલે જેની પણ મંજૂરી લેવાની હોય, કારણ કે આ જગ્યા છે તે યાત્રાળુંઓનું સ્થાન છે. લોકો વારંવાર જાય છે અને તેના કારણે ત્યાં જઇ શકાતું નથી. તેની વ્યવસ્થા ઉભી કરવા માટે પણ તેમાં અડચણો ઉભી થાય છે. આપણે ઉદ્યોગગૃહો છે..

અધ્યક્ષશ્રી : જુનાગઢ જિલ્લા પૂરતી વાત કરો પ્લીઝ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આની જ વાત કરું છું. હું જુનાગઢ જિલ્લાની વાત કરું છું. માત્ર મીરાં દાતારની જ વાત કરું છું. દાતાર સિવાયની વાત નથી કરતો.

અધ્યક્ષશ્રી : ભરતભાઇ પ્લીઝ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રીને સંચાલન કરવા દો. આપ જ્યારે આપનો સમય આવે ત્યારે કરજો. આ વિભાગે ત્યાં જવા માટે છૂટ આપવી જોઇએ. એટલા માટે કહું છું કે એક ઉદ્યોગગૃહે આખી જંગલની જમીન દબાવી દીધી તો આપણે રેગ્યુલરાઇઝ કરવા માટે અને તેની ભલામણ કરીએ. એસ્સાર સ્ટીલ રિફાઇનરીની. જયારે દાતાર છે તેની આજદિવસ સુધી માનનીય મંત્રીશ્રી... (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, વાત મારી એટલી છે કે રાજય સરકારે અત્યાર સુધી દરખાસ્ત કરી નથી. તો આ જે વાઇલ્ડ લાઇફ બોર્ડની કે જેની મંજૂરી જોઇતી હોય તો તેમાં રાજય સરકાર તેના માટેની દરખાસ્ત કરવા માગે છે કે કેમ? કારણકે માનનીય મંત્રીશ્રીએ ના પાડી છે કે અમે દરખાસ્ત કરી નથી. તો દરખાસ્ત કરવા માગે છે કે કેમ? એટલો માનનીય મંત્રીશ્રીને મારો પ્રશ્ન છે.

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, લોકોની ધાર્મિક લાગણી સમજીને જ આ જે ત્રણ પ્રસંગો છે ત્યારે મંજૂરી આપ્વામાં આવે છે. તેમાં ૪ દિવસ, ૩ દિવસ અને ૧ દિવસ આ મંજૂરી આપ્વામાં આવે છે અને રિઝર્વ એજન્સી છે તેણે દરખાસ્ત નથી કરી. દરખાસ્ત જો કરવામાં આવશે તો ચોક્કસ ગુજરાત સરકાર તેને મદદરૂપ થશે.

**મહેસાણા જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજનામાં રોપાનું વાવેતર**

* **૨૫૬૫૪ શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) મહેસાણા જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ અંતિત કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે,

(૨) તે પૈકી વિસનગર તાલુકામાં કેટલા વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે, અને

(૩)તે પાછળ તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**વન મંત્રીશ્રીઃ**

(૧) મહેસાણા જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ અંતિત ૭૯૧ હેકટર વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

| **વર્ષ** | **વાવેતર વિસ્તાર (હેકટર)** |
|---|---|
| ૨૦૧૦–૧૧ | ૪૨૬.૦૦ |
| ૨૦૧૧–૧૨ | ૩૬૫.૦૦ |
| **કુલ** | **૭૯૧.૦૦** |

(૨) તે પૈકી વિસનગર તાલુકામાં ૯૩ હેકટર વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે, અને

| **વર્ષ** | **વાવેતર વિસ્તાર (હેકટર)** |
|---|---|
| ૨૦૧૦–૧૧ | ૪૮.૦૦ |
| ૨૦૧૧–૧૨ | ૪૫.૦૦ |
| **કુલ** | **૯૩.૦૦** |

(૩)તે પાછળ તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં મહેસાણા જિલ્લામાં ` ૨૯૪.૪૦ લાખ ખર્ચ કરવામાં આવેલ છે તે પૈકી વિસનગર તાલુકામાં ` ૩૪.૪૫ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ચૂંટણીના પરિણામો આવી ગયા છે. મામો, ભાણો, માસી અરે સાહેબ કોન્ગ્રેસના સૂપડાં સાફ થઇ ગયા છે.

અધ્યક્ષશ્રી : આપ સીધા પ્રશ્ન ઉપર આવો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બક્ષીપંચના હકકની અનામત લઘુમતિના નામે મુસ્લિમોને આપી અને

અધ્યક્ષશ્રી : પ્લીઝ આપનો પૂરક પ્રશ્ન પૂછો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, લગભગ બધી જગ્યાએથી વાત પૂરી થઇ ગઇ છે.

અધ્યક્ષશ્રી : ઋષિકેશભાઇ આપ સીધા પ્રશ્ન ઉપર આવો નહીંતર આપને બેસાડી દેવામાં આવશે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજે સમગ્ર દેશ અને દુનિયા દૂષિત પર્યાવરણથી ખૂબ જ ચિંતિત છે. આના માટે..

અધ્યક્ષશ્રી : આપ મહેસાણા જિલ્લા પૂરતુ જ પૂછો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લા પૂરતું જ પૂછું છું. થોડીક ભૂમિકા..

અધ્યક્ષશ્રી : નહીં નહીં આમાં ભૂમિકા બાંધવાની નથી.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભૂમિકા નથી બાંધતો સાહેબ પરંતુ અમેરિકાના માજી વાઇસ પ્રેસીડેન્ટ અલગોર્ડે **અનકન્વીનીયન્ટ ટુથ** નામનું પુસ્તક લખ્યું. સમસ્યાઓથી દુનિયાને પરિચિત કરાવી. પરંતુ દુનિયામાં પ્રથમ વખત...

અધ્યક્ષશ્રી : ઋષિકેશભાઇ આપ ફકત મહેસાણા જિલ્લા ઉપર પ્રશ્ન પૂછો પ્લીઝ. અન્ય સભ્યશ્રીઓના ઘણાબધા પ્રશ્નો છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પુસ્તક લખ્યું છે તેમાં સમસ્યાઓનો ઉકેલ તેમણે બતાવ્યો છે. તેવા સમયમાં ગુજરાત જયારે પર્યાવરણ ક્ષેત્રમાં ખૂબ જ આગળ નીકળતું હોય અને તેની ખૂબ જ ચિંતા અને દરકાર કરતું હોય તેવા સમયે મારે પૂછવું છે કે મહેસાણા જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજનામાં વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨માં તાલુકાવાર કેટલા વિસ્તારમાં વાવેતર કરેલ છે અને મારો બીજો પ્રશ્ન છે કે આ યોજનામાં કોઇ એન.જી.ઓ.ને સહાય પૂરી પાડવામાં આવેલ છે કે કેમ?

શ્રી કિરીટસિંહ જી. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૦-૧૧માં મહેસાણામાં ૬૧ હેકટર, કડી તાલુકામાં ૪૬ હેકટર, વિજાપુર તાલુકામાં ૫૨ હેકટર, વિસનગર તાલુકામાં ૪૮ હેકટર, વડનગર તાલુકામાં ૫૩ હેકટર, ખેરાલુ તાલુકામાં ૨૮ હેકટર, સતલાસણા તાલુકામાં ૩૨ હેકટર, ઉંઝા તાલુકામાં ૨૮ હેકટર, બહુચરાજી તાલુકામાં ૭૮ હેકટર મળીને કુલ ૪૨૬ હેકટરમાં વાવેતર કરેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૧-૧૨માં મહેસાણામાં ૫૧ હેકટરમાં, કડી તાલુકામાં ૩૯ હેકટર, વિજાપુર તાલુકામાં ૪૫ હેકટર, વિસનગર તાલુકામાં ૪૫ હેકટર, વડનગર તાલુકામાં ૫૦ હેકટર, ખેરાલુ તાલુકામાં ૨૮ હેકટર, સતલાસણા તાલુકામાં ૨૨ હેકટર, ઉંઝા તાલુકામાં ૨૬ હેકટર, બહુચરાજી તાલુકામાં ૫૯ હેકટર મળીને કુલ ૩૬૫ હેકટરમાં વાવેતર કરેલ છે.

શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લામાં ગત ચોમાસામાં જન સહયોગથી અને તિરુપતિ ફાઉન્ડેશનના ઇનીશીએટીવ થી ૫૧ લાખ વૃક્ષોના વાવેતરનો લક્ષ્યાંક નકકી કરવામાં આવ્યો હતો એ પૈકી કેટલા વૃક્ષોનું વાવેતર થયું એ હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું અને બીજુ, કે આ વૃક્ષોની જે ઉપજ છે, આ વૃક્ષોનું જે લાકડું છે એના હમણાં ભાવો ખૂબ વધ્યા છે ત્યારે ખેડૂતોને વાજબી ભાવો મળી રહે એટલા માટે માર્કેડ યાર્ડ પ્રકારની વ્યવસ્થા જેમ શાકભાજીનું માર્કેટ હોય છે અને હરાજીથી લાકડાનું વેચાણ થઇ શકે એવા પ્રકારનું કોઇ આયોજન કરવાનું વિભાગ વિચારવા માગે છે કે કેમ?

શ્રી કિરીટસિંહ જી. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અનિલભાઇએ જે વાત કરી, અગાઉના પ્રશ્નમાં પણ માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ સાહેબને અને સરકારને ધારાસભ્યશ્રીઓ એટલા માટે અભિનંદન આપે છે કે ખરેખર સાચા અર્થમાં માનનીય મુખ્ય મંત્રીશ્રીએ જે રીતે વન મહોત્સવ જે રાજયમાં ઉજવાતા હતા એને જિલ્લા મથકે અને જિલ્લા મથકનો વનમહોત્સવ તાલુકા મથકે અને એના કારણે લોકોને પણ સાથે મેળવીને લોકભાગીદારીથી આવા અનેક વૃક્ષો વવાણા છે, જે માનનીય અનિલભાઇએ પ્રશ્ન પૂછ્યો છે, ખૂબજ આનંદનો વિષય છે સરકારના હિસાબે સભાગૃહમાં બેઠેલા આપણે સૌ ધારાસભ્યશ્રીઓ અને મંત્રીશ્રીઓ ગૌરવ લઇ શકીએ એટલા માટે કે ભારતીય જનતા પાર્ટીના અમારા સૌ કાર્યકર્તાઓએ ૫ લાખ રોપાઓ ઉછેરવાનું નકકી કર્યું અને વૃક્ષારોપણમાં અમારા માનનીય મંગુભાઇ સાહેબ ત્યાં હાજર હતા અને વૃક્ષારોપણ કર્યું હતું અને બીજી વાત એમણે જે કરી એ એમનું સૂચન છે એમાં વિચારીશું.

શ્રી નારાયણભાઇ લ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના મારફતે હું જાણવા માગું છું કે, આ વનનિર્માણ યોજનામાં તાલુકાવાઇઝ હેકટર વાઇઝ વાવેતરની વાત કરી અને તા. ૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં રૂપિયા ૨૯૪ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે પણ તાલુકાવાઇઝ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ?

શ્રી કિરીટસિંહ જી. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૦-૧૧માં કરેલ વાવેતર પાછળ મહેસાણામાં ૨૪ લાખ ૮૪ હજાર, કડી

તાલુકામાં ૧૮ લાખ ૭૩ હજાર, વિજાપુર તાલુકામાં ૨૧ લાખ ૧૭ હજાર, વિસનગર તાલુકામાં ૧૯ લાખ ૫૪ હજાર, વડનગર તાલુકામાં ૩૩ લાખ ૫૮ હજાર, ખેરાલુ તાલુકામાં ૧૧ લાખ ૪૮ હજાર, સતલાસણા તાલુકામાં ૧૨ લાખ ૯૫ હજાર, ઉંઝા તાલુકામાં ૧૧ લાખ ૪૦ હજાર, બહુચરાજી તાલુકામાં ૩૧ લાખ ૭૬ હજાર આમ તાલુકાવાઈઝ કુલ રૂપિયા ૧૭૩ લાખ ૪૫ હજારનો ખર્ચ થયેલ છે. વર્ષ ૨૦૧૧–૧૨માં કરેલા તાલુકાવાર વાવેતર ખર્ચની વિગતવાર જોઈએ તો માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણામાં ૧૬ લાખ ૧૯ હજાર, કડી તાલુકામાં ૧૨ લાખ ૯૨ હજાર, વિજાપુર તાલુકામાં ૧૪ લાખ ૯૧ હજાર, વિસનગર તાલુકામાં ૧૪ લાખ ૯૧ હજાર, વડનગર તાલુકામાં ૧૬ લાખ ૫૭ હજાર , ખેરાલુ તાલુકામાં ૯ લાખ ૨૮ હજાર, સતલાસણા તાલુકામાં ૭ લાખ ૨૯ હજાર, ઉંઝા તાલુકામાં ૮ લાખ ૬૨ હજાર, બહુચરાજી તાલુકામાં ૧૯ લાખ ૫૫ હજાર મળીને કુલ રૂપિયા ૧૨૦ લાખ ૯૫ હજારનો ખર્ચ થયેલ છે.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ જાણવું છે કે ૭૯૧ હેક્ટરમાં આ રોપાઓનું વાવેતર કરવમાં આવ્યું છે, આ ૭૯૧ હેક્ટરમાં કુલ કેટલા ખાડા અને એ ખાડાઓની ઉંડાઇ, પહોળાઇ અને લંબાઇ કેટલી ખોદવામાં આવેલી અને તેની પાછળ કેટલો ખર્ચ થયો?

શ્રી કિરીટસિંહ જી. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે માપણી મુજબના ૩૦ x ૩૦ના ખાડા હોય છે, જે વૃક્ષ જે પ્રમાણે વાવવાનું હોય એ પ્રમાણે ૪૫ x ૪૫ ના ખાડા હોય છે અને સ્પેસિફિક એના માટેનો પ્રશ્ન નથી અને છતાં આ ખર્ચ માટેની નોટિસ આપશે તો એનો જવાબ આપીશ.

શ્રી ભરતસિંહજી શં. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, મહેસાણા જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજનામાં વર્ષ ૨૦૧૦–૧૧ અને વર્ષ ૨૦૧૧–૧૨માં કરેલ તાલુકા વાર વાવેતરથી કેટલા માનવ દિન ઉત્પન થયેલ છે?

શ્રી કિરીટસિંહ જી. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૦–૧૧માં કરેલ વાવેતરથી ઉત્પન્ન થયેલ તાલુકાવાર માનવ દિનમાં મહેસાણામાં ૯૩૫૩, કડી તાલુકામાં ૭૨૦૪, વિજાપુર તાલુકામાં ૮૧૪૩, વિસનગર તાલુકામાં ૭૫૧૭, વડનગર તાલુકામાં ૮૩૦૦, ખેરાલુ તાલુકામાં ૪૪૧૬, સતલાસણા તાલુકામા ૪૯૮૦, ઉંઝા તાલુકામાં ૪૩૮૫, બહેચરાજી તાલુકામાં ૧૨૨૧૫ મળી કુલ ૬૦૭૧૨ માનવ દિન ઉત્પન્ન થયેલ છે. વર્ષ ૨૦૧૧–૧૨માં કરેલ વાવેતરથી ઉત્પન્ન થયેલ માનવ દિનમાં મહેસાણા જિલ્લામાં ૬૫૦૦, કડી તાલુકામાં ૪૯૭૧, વિજાપુર તાલુકામાં ૫૭૩૬, વિસનગર તાલુકામાં ૫૭૩૬, વડનગર તાલુકામાં ૬૩૭૩, ખેરાલુ તાલુકામા ૩૫૫૯, સતલાસણા તાલુકામાં ૨૮૦૪, ઉંઝા તાલુકામાં ૩૩૧૪, બેચરાજી તાલુકામાં ૭૫૨૦ મળીને કુલ ૪૬૫૧૯ માનવ દિન ઉત્પન્ન થયેલ છે.

## ગુગળ વનસ્પતિ માટે દશમૂળ પરિયોજના

*** ૨૫૬૪૩ શ્રી ભરતકુમાર ચી. બારોટ(દરિયાપુર–કાઝીપુર) : માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) વન વિભાગ દ્વારા ગુગળ વનસ્પતિના ઘટતા પ્રમાણને પુનઃસ્થાપિત કરવા દશમૂળ પરિયોજના અમલમાં મૂકેલ છે,

(૨) જો હા, તો આ પરિયોજનામાં કયા કયા પ્રકારના રોપાઓનું વાવેતર કરવામા આવે છે, અને

(૩) તે માટે છેલ્લા બે વર્ષમાં તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**વનમંત્રીશ્રીઃ**

(૧) વન વિભાગ દ્વારા ગુગળવનસ્પતિના ઘટતા પ્રમાણને પુનઃ સ્થાપિત કરવા માટે નેશનલ મેડીશીનલ પ્લાન્ટસ બોર્ડ પુરસ્કૃત ગુગળ પ્રોજેકટ અમલમાં છે. દશમૂળ પરિયોજના એ ગુગળ સિવાયની અન્ય અગત્યની આયુર્વેદિક જાતોના સંવર્ધન માટે અમલમાં મુકાયેલ પ્રોજેકટ છે.

(૨) ગુગળ પ્રોજેકટમાં માત્ર ગુગળનું જ વાવેતર કરવામાં આવે છે.

(૨) ગુગળ પ્રોજેકટ પાછળ તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | થયેલ ખર્ચ (રૂપિયા લાખમાં) |
|---|---|
| ૨૦૧૦–૧૧ | ૩૫૭.૭૩ |
| ૨૦૧૧–૧૨ | ૨૨૦.૮૯ |

તારીખ ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ.

શ્રીભરત બારોટ : માનનીય અધ્યક્ષશ્રી, એક તો આ ગુગળના વૃક્ષો ઘટવાના કારણો શું, અને રાજય સરકારે એને બચાવવા માટે શું પગલાં લીધા? એક તો આ ગુગળના વૃક્ષો જેમ ઘટે છે તેમ ઉત્તરપ્રદેશ, પંજાબ, ઉતરાખંડ એમાં પણ કોંગ્રેસના મૂળીયા ઘટવા માંડ્યા છે તો એને બચાવવા માટે પગલાં લેવા છે?

શ્રી મંગુભાઇ છ. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, ગુગળના વૃક્ષોમાંથી ગુંદ મેળવવા માટે ગુગળના થડમાં ચીરા મૂકવામાં આવે છે અને તેમાંથી જરતા ગુંદ એકત્રિત કરવામાં આવે છે. પરંતુ એ ગુંદ જરવાના કારણે ઘણીવાર વૃક્ષનું મૃત્યુ થાય છે એટલે ગુગળના ઝાડની સંખ્યા ઓછી થાય છે અને એના માટે રાજયમાં ગુગળના ઝાડની સંખ્યા ઘટવાના કારણે એક પ્રથમવાર ૨૦૦૭–૦૮માં અને બીજો ૨૦૧૧–૧૨ના સમય દરમ્યાન રાજયના વન વિભાગે નેશનલ મેડીશીનલ પ્લાન્ટ બોર્ડ દ્વારા આ ગુગળનો કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવેલો છે.

શ્રી કાંતિલાલ રા. લકુમ : માનનીય અધ્યક્ષશ્રી, આ ગુગળનો ધુપ એ વાતાવરણ શુધ્ધ કરવા માટે વપરાતો હોય છે અને ગુજરાતની પ્રજા એ ધર્મપ્રેમી પ્રજા છે એ સવાર સાંજ જ્યારે દીવાબત્તી કરે ત્યારે આ ગુગળનો ધુપ વાપરે છે અને વાતાવરણ શુધ્ધ કરવામાં જેમ હમણા બીજા રાજયોમાં શુધ્ધ વાતાવરણ થયું એવું આપણા રાજયમાં વાતાવરણ શુધ્ધ કરવા માટે આ રાજયમાં કયા કયા વિસ્તારમાં ગુગળ જોવા મળે છે અને તેની શું ઉપયોગિતા છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આના માટે બહાર આપણને ખૂબ સમય મળે છે તો આપ પ્રશ્નોતરીનો સમય આવી વાતમાં ન લો પ્લીઝ, આપ બહાર જઇને આ ચર્ચા કરી શકો છો.

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુગળ ખાસ કરીને કચ્છ, સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાતમાં ગાંધીનગર, સાબરકાંઠા અને બનાસકાંઠામાં જોવા મળે છે. ખાસ કરીને આયુર્વેદિક દવામાં આનો વધારે ઉપયોગ થાય છે.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે આ જે ગુગળ છે તેમાં માનનીય મંત્રીશ્રીએ કહ્યું એ પ્રમાણે સાબરકાંઠામાં પણ ગુગળ થાય છે એમાં પણ મોટા પ્રમાણમાં મારા મત વિસ્તાર પોશીનામાં થાય છે તો મારે એ જાણવું છે કે વન વિભાગ દ્વારા ગુગળ વનસ્પતિના ઘટતા પ્રમાણને પુનઃસ્થાપિત કરવા માટે નેશનલ મેડીશીનલ પ્લાન્ટ્સ બોર્ડ પુરસ્કૃત ગુગળ પ્રોજેક્ટ અમલમાં છે તો આ પ્રોજેક્ટ દ્વારા કેટલા ગુગળ વનસ્પતિના કેટલા રોપા તા.૩૧–૧૨–૧૧ની સુધીમાં ઉછેરવામાં આવ્યાં અને તેમાંથી આજે સાબરકાંઠા વિસ્તારમાં તેમજ પોશીના વિસ્તારમાં આ જે ગુગળના રોપા નાશ પામ્યા છે એમાં કેટલા નવા રોપા રોપવામાં આવ્યાં અને કેટલા હયાત છે?

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ગુગળ પ્રોજેક્ટ પહેલો જે હતો એમાં ૨૦૦૮–૦૯માં ૬૦૦ હેકટર, ૨૦૦૯–૧૦માં ૯૦૦ હેકટર અને ૨૦૧૦–૧૧માં ૫૦૦ હેકટર જમીનમાં ગુગળનું વાવેતર કરવામાં આવેલ છે. બીજો જે પ્રોજેક્ટ છે એમાં ૨૦૧૧–૧૨માં ૧૧૦૦ હેકટરમાં વાવેતર કરેલું છે અને ૨૦૧૨–૧૩માં ૪૦૦ હેકટર જમીનમાં વાવેતર વાવવા માટેની આગામી યોજના મંજૂર કરી છે.

શ્રી આત્મારામ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, ગુગળનો ઉપયોગ ખાસ કરીને કઇ કઇ રીતે અને કયા રોગમાં થાય છે? ગુગળના પ્લાન્ટેશનની ફરી કાર્યવાહી

થાય છે એના માટે કયા પ્રકારનું વાતાવરણ અથવા તો કયા પ્રકારની આબોહવા માફક આવે છે એ જાણવું છે?

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને ગુગળ માટે સૂકી હવા અને સૂકું વાતાવરણમાં વધારે થાય છે અને આયુર્વેદિક દવામાં એનો ઉપયોગ વધારે પ્રમાણમાં થાય છે.

શ્રી બાબુભાઇ મે. શાહ : આ ગુગળના છોડ માટે કચ્છ ખૂબ જાણીતું હતું અત્યારે ગુગળના રોપાઓ નામશેષ થઇ ગયા છે અને આવા સમયે મારે આભાર વ્યકત કરવો જોઇએ કે અત્યારે નેશનલ મેડીશીનલ પ્લાન્ટ્સ બોર્ડ પુરસ્કૃત ગુગળ પ્રોજેકટ અમલમાં છે અને જે રોપાઓ નર્સરીમાં થાય છે અમે વનીકરણ માટે જ્યારે માગીએ છીએ ત્યારે અમને મળે પણ છે પણ અમારે ત્યાં કચ્છ જિલ્લામાં વિશાળ જમીન અને સૂકી આબોહવા છે ત્યારે એમાં રાજય સરકાર આ ગુગળના પ્રોજેકટ માટે ગુગળના વાવેતરને વધુ પ્રાધાન્ય આપી અને દર વરસે નિર્ધારિત સમયની અંદર ગુગળનું વાવેતર કરવા માટે કોઇ જુદી જમીન રાખવા માગો છો કે કેમ?

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન હતો કે ગુગળ દિવસે દિવસે નાશ થાય છે એટલા માટે જ આ બે પ્રોજેકટ મંજૂર કર્યા છે પહેલાં ઝાડના થડમાં ચીરા પાડીને એના ગુંદમાંથી ગુગળ ઉત્પાદન કરવામાં આવતું પણ તેના કારણે ઝાડ નાશ પામી જતું હતું એટલા માટે આ પ્રોજેકટમાં ગુગળના બી વાવીને ગુગળનું વધારે ઉત્પાદન થાય એના માટેના પ્રયત્નો કરીએ છીએ. આના માટે બીજો પ્રોજેકટ અમે દસ જિલ્લામાં લીધો છે અને એ દસ જિલ્લામાં ગુગળનું ઉત્પાદન કરવા માગીએ છીએ.

## પાટણ જિલ્લા પંચાયત/તાલુકા પંચાયતોમાં કારકુનોની મંજૂર જગ્યાઓ

* ૨૫૬૦૪ **શ્રી શંકરભાઈ ચૌધરી** (રાધનપુર) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતો માટે કારકુનોની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરવામાં આવેલ છે, અને કેટલી જગ્યાઓ ભરવાની બાકી છે, અને

(૩)આ જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

**પંચાયત મંત્રીશ્રીઃ**

(૧)

| **ક્રમ** | | **મંજૂર થયેલ જગ્યા** |
|---|---|---|
| (૧) | જિલ્લા પંચાયત | ૫૫ |
| (૨) | તાલુકા પંચાયત | ૫૦ |
| (૩) | જિલ્લા પંચાયત હસ્તકના પેટા વિભાગ | ૧૬ |
| | **કુલ** | **૧૨૧** |

(૨)

| **કચેરી** | **ભરાયેલ જગ્યા** | **ભરવાની બાકી જગ્યાઓ** |
|---|---|---|
| જિલ્લા પંચાયત | ૩૮ | ૧૭ |
| તાલુકા પંચાયત | ૩૬ | ૧૪ |
| જિલ્લા પંચાયત હસ્તકના પેટા વિભાગો | ૦૭ | ૦૯ |
| **કુલ** | **૮૧** | **૪૦** |

(૩)બનતી ત્વરાએ ભરવાનું આયોજન છે.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે પંચાયતની તાલુકા કક્ષાની જે સીટો ભરવાની હતી એમાંથી ૫૦ માંથી ૩૬ સીટો ભરાઇ. ૧૪ સીટો બાકી છે તો જે તાલુકાની હવે વધુ બાકી રહેતી હોય એને પ્રાયોરીટી આપવા માગો છો કે કેમ? બીજું આ સીટોને ભરવા માટે સીધી ભરતીથી ભરવાનું કંઇક વિચારીએ છીએ કે નહિ કે પ્રમોશન આપીને ભરવા માગીએ છીએ કે નહિ અને મારો બીજો પ્રશ્ન એ છે કે ગામડામાં રાઇ અને કપાસનું ઉત્પાદન કરતાં ખેડૂતના કપાસના નિકાસ ઉપર પ્રતિબંધ મૂકાયો છે અને માંસના નિકાસ ઉપર સબસીડી જાહેર થતી હોય એવા સંજોગોમાં પ્રજાએ જનઆક્રોશ વ્યકત કરેલ છે તેથી આ નિકાસ ઉપરનો પ્રતિબંધ ઉઠાવી લેવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : આપ અલગથી નોટિસ આપજો.(અંતરાય)

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : જાહેરમાં ફાડીને નાંખે છે, ત્યારે આવા સંજોગોમાં માનનીય મંત્રીશ્રી મારા પ્રશ્નનો જવાબ આપે.

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પાટણ જિલ્લાનો પ્રશ્ન છે. પાટણ જિલ્લા પંચાયતમાં કારકુનની ભરતી માટેની વાત છે. પાટણ જિલ્લામાં ૭ તાલુકા છે. એમાં પાટણ તાલુકો, ચાણસ્મા તાલુકો, સમી, હારીજ, સિદ્ધપુર, રાધનપુર અને સાંતલપુર. એમાં જે જગ્યાઓ છે, એમાં મંજૂર જગ્યાઓ પૈકી

પાટણમાં ૯ મંજૂર જગ્યાઓ છે. એમાંથી ૮ ભરેલી છે. ચાણસ્મામાં ૬માંથી ૬ ભરેલી છે. સિદ્ધપુરમાં ૫માંથી ૨ ભરેલી છે. સમી તાલુકામાં ૮માંથી ૨, હારીજ તાલુકામાં ૬માંથી ૪, રાધનપુર અને સાંતલપુરમાં ૮માંથી ૪ અને ૮માંથી ૬. આમ ભરતી કરવાની બાબતમાં બઢતી અને સીધી ભરતીની વાત કરી. ખૂબ લાંબા સમય સુધી લગભગ ૧૦, ૧૦ વર્ષ સુધી ભરતી ઉપર હાઇકોર્ટનો પ્રતિબંધ એટલે કે બાન હોવાને કારણે લાંબા સમય સુધી ભરતી થઇ શકી ન હતી. એને લીધે પંચાયત અને અન્ય વિભાગોમાં ભરતીની ખૂબ તકલીફ પડતી હતી. મને જણાવતા આનંદ થાય છે કે હવે અત્યારે આ બાન ઉઠી ગયેલ છે અને એને લીધે છેલ્લા ૧ વર્ષમાં અમે ગુજરાતમાં પંચાયત વિભાગમાં ૩૪૦૦ કરતા વધારે કારકુન અને પંચાયતની ભરતી કરવાનું હાથ પર લીધું છે. પાટણ જિલ્લામાં ૪૦ ખાલી જગ્યાઓ છે એ પૈકી ૨૦ બઢતીથી ભરવાની છે. કારકુનથી નીચેની કલાસ ફોરની જગ્યાઓમાં ભરતી કરવાનો અમે પ્રયત્ન કર્યો તો છએક ઉમેદવાર પસંદ કરેલા, એમાંથી ૪ મંજૂર થયેલા અને બાકીના ૨ નિષ્ફળ ગયેલા હતા. એને લીધે ૪ની ભરતી કરી શકાઇ. બાકીની જે સીધી ભરતીથી ભરતી કરવાની હતી એમાં ૨૦ જગ્યાઓ હતી. બઢતીથી પાટણ જિલ્લામાં જગ્યાઓ ભરવા માટે અમારા વિભાગે ૧૦ની ભરતી કરવાની મંજૂરી આપી હતી. એમાં ૧૦ વ્યકિતઓની ભરતી કરી હતી, પરંતુ એ પૈકી ૫ જ ઉમેદવારો કારકુનમાં હાજર થયા અને બાકીની ૫ જગ્યા ખાલી રહી ગઇ. આ જગ્યાઓ તાત્કાલિક ભરવા માટે અમે પ્રયત્નો કરીએ છીએ. અમારી પાસે પ્રતિક્ષા યાદી છે. સિલેકશન કમિટીએ જે યાદી બનાવી છે એમાં પ્રતિક્ષા યાદીમાંથી ઉમેદવારોને પસંદ કરીને નિયમબદ્ધ કરીને ભરતી કરીશું.

શ્રી જોધાજી ગુ. ઠાકોર : પાટણ જિલ્લામાં જયારે ઘણા સમયથી જગ્યાઓ ખાલી છે. ૪૦ જગ્યાઓ ઘણા વર્ષોથી ભરવાની બાકી છે. તો આ જગ્યાઓ ભરવામાં આવી નથી એના કારણો શું? અને જે જે જગ્યાઓ ભરવામાં આવી છે તેમને શું વેતન આપવમાં આવે છે?

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, મેં હમણા જ કહ્યું કે જે ભરતી ન થઇ શકી એની પાછળ ૧૦, ૧૦ વર્ષનો હાઇકોર્ટનો સ્ટે હતો. એને લીધે ભરતી કરી શકાઇ નહોતી. બીજું કે કારકુન કેડરમાં જે ભરતી કરીએ છીએ એને રાજય સરકારના નીતિ નિયમ પ્રમાણે જ પગાર આપવામાં આવે છે.

## જામનગર જિલ્લામાં ઉત્તરાયણના દિવસે સવારે તથા સાંજે પતંગ ઉડાડવા પર પ્રતિબંધ અને અમલ

* **૨૫૯૯૫ શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ(ડભોઇ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧)તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લામાં મેજીસ્ટ્રેટ દ્વારા ઉત્તરાયણના દિવસે પક્ષીઓ સવારનાં ૬ થી ૮ અને સાંજના ૫ થી ૭ દરમ્યાન ઉડતા હોય તે સમય દરમ્યાન પતંગ ઉડાડવા પર મનાઈ ફરમાવાતું જાહેરનામું બહાર પાડેલ તે હકીકત સાચી છે,

(૨)આ જાહેરનામાના ભંગ બદલ કેટલા લોકો સામે પગલાં લેવામાં આવ્યા, અને

(૩)આ જાહેરનામાનો અમલ થાય તે માટે સરકારે શા પગલાં લીધાં?

**વન મંત્રીશ્રીઃ**

(૧)હા જી.

(૨)એક પણ નહીં.

(૩)જાહેરનામાના અમલ માટે જિલ્લા પોલીસ તંત્રને સુચના આપવામાં આવેલ અને જાહેરનામાની બહોળી પ્રસિધ્ધિ સ્થાનિક અખબારોમાં કરવામાં આવેલ હતી.

શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ : જામનગર જિલ્લામાં એક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું અને ઉત્તરાયણના દિવસે સવારના ૬ થી ૮ અને સાંજે ૫થી ૭ પતંગ ચગાવવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. મારે આપના થકી એટલું જાણવું છે કે આ પ્રકારનું જાહેરનામું માત્ર જામનગર જિલ્લામાં બહાર પાડવામાં આવેલ

છે કે ગુજરાતના અન્ય જિલ્લાઓમાં પણ બહાર પાડવામાં આવેલ છે? મારો બીજો પ્રશ્ન એ છે કે રાજય સરકાર જયારે પોતે પતંગોત્સવ ઉજવીને દેશ અને દુનિયામાંથી પતંગ ઉડાવવા માટે લોકોને આમંત્રિત કરે છે ત્યારે રાજયની જનતા ઉપર પતંગ ઉડાવવા માટેનો આવો પ્રતિબંધ શા માટે?

શ્રી મંગુભાઇ છ. પટેલ : પતંગ ચગાવવા માટે કોઇ મનાઇ નથી. સામાન્ય રીતે સવારના ૬થી ૮ અને સાંજે ૫ થી ૭ કલાક દરમ્યાન પક્ષીઓની રોજિંદી પ્રવૃત્તિ થતી હોય છે. એટલા માટે સચિવશ્રીએ જાહેર અપીલ કરી હતી કે બને ત્યાંસુધી આ સમય દરમ્યાન પતંગ ચગાવવાનું ટાળવું. અને આ આખા રાજ્ય માટેની અપીલ છે કોઇ એક જિલ્લા માટે નથી.

શ્રી મેઘજીભાઇ ડા. કણઝારીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે છેલ્લા ત્રણ વર્ષમાં આ ઉતરાયણ દરમિયાન જામનગર જિલ્લામાં કેટલા પક્ષીઓના મૃત્યુ થયા છે અને કેટલા પક્ષીઓનો જીવ બચાવવામાં આવ્યો છે?

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જામનગરમાં ઉતરાયણના દિવસો દરમિયાન કોઇ પતંગ ઉડાડતા નથી. અને આ ૩ વર્ષમાં એક પણ પક્ષીનું મૃત્યુ થયું નથી.

શ્રી મૂળુભાઇ હ. બેરા : માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જાણવું છે કે સરકારશ્રીએ ઉતરાયણ નિમિત્તે જન જાગૃતિ લાવવા માટે શું શું કાર્યવાહી કરી છે?

શ્રી મંગુભાઇ છ. પટેલ : ઉતરાયણ નિમિત્તે જન જાગૃતિ લાવવા માટે ગુજરાત ઇકોલોજી કમિશનને દસ લાખ રૂપિયાની ફાળવણી કરી છે અને તેના દ્વારા લોક જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. રેડિયો તથા ટી. વી. માં જાહેરાત આપવામાં આવે છે. જાહેર જગ્યાઓ ઉપર હોર્ડિંગ્સ લગાવી અને પક્ષી બચાવવા માટેની સૂચના જાહેર કરવામાં આવે છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : પૂણ્ય મેળવવું હોય તો ઘણાં બધાં રસ્તાઓ છે નીતિનભાઇ. આમાં માનનીય અધ્યક્ષશ્રી, અપીલ કરવામાં આવે છે તેવી માનનીય મંત્રીશ્રીએ વાત કરી અને આ જિલ્લા સિવાય બધી જગ્યાએ અપિલ કરવામાં આવેલ છે તેમ કહ્યું અને આ સમય ગાળા દરમિયાન પતંગ ચગાવવી નહીં તેવું જાહેર કરવામાં આવ્યું. એમાં ૬ થી ૮ અને સાંજના ૫ થી ૭ નો સમય દરમ્યાન પતંગ નહીં ચગાવવી તેવું જાહેર કર્યુ. તો આ માત્ર નાગરિકો માટે હતું. કારણ કે ૫ થી ૭ ના સમય દરમ્યાન પતંગઉત્સવ કરીને પતંગ ચગાવી હતી. તેથી મારો પ્રશ્ન એ છે કે આ ઉત્સવપ્રિય સરકાર અને ઉત્સવપ્રિય મુખ્ય મંત્રીશ્રી પોતે પતંગ ચગાવે એમાં ટાઇમ લીમીટ રાખવા માગે છે કે કેમ? નંબર બે, જીવ દયાની જે વાત કરી એ વાત સાચી છે કે પતંગ ચગાવવાથી પક્ષીઓ ઘાયલ થાય છે, (અંતરાય) આજે પાંચે પાંચ રાજયમાં આપ ઘાયલ થઇ ગયા, અને હજુ આપના નંબર એક ગયા નથી, નહીંતર સાવ સફાયો થઇ જાત, આપના હાઇકમાન્ડને ખબર હતી (અંતરાય) (ઘોંઘાટ) આપના નંબર વનને બોલાવ્યા જ નહીં, નીતિનભાઇ, શરમ આવવી જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એટલો જ છે કે આ પક્ષીઓ જે ઘાયલ થાય છે તે ઘાયલ થવાનું કારણ કારણ જે પ્રકારની દોરી વપરાય છે તે દોરીના કારણે ઘાયલ થાય છે. તો આવી ચોકકસ પ્રકારની દોરી ઉપર પ્રતિબંધ મૂકવા માગો છો કે કેમ? અને બીજો પ્રશ્ન એ છે કે તેના માટે લોકોને શિક્ષણ આપવાની ખૂબ જરૂર છે. તો આ પતંગ ઉત્સવ વખતે પક્ષીઓ ઘાયલ ન થાય તેના માટેના હોર્ડિંગ્સ અને બીજા પ્રકારનો પ્રચાર કરવાની ખૂબ જરૂર છે. તેથી ઉત્સવ વખતે માનનીય મુખ્ય મંત્રીશ્રીના ફોટા જરૂર છપાવો છો તો તેના બદલે આ પ્રકારના હોર્ડિંગ્સ મુકો તો જાગૃતિ આવે. (અંતરાય) અહીં કહેવું હતું ને બોલતા હતા ત્યારે?આ પ્રકારના હોડીંગ્સ મૂકવા માગે છે કે કેમ? (અંતરાય) સાહેબ મને ડિસ્ટર્બ ન કરે તો પ્રશ્ન ઉપર જ આવું છું. હોડીંગ્સ મૂકીને પક્ષીઓ ઘાયલ થતા કેવી રીતે બચે અને કયા પ્રકારની દોરી વાપરવી જોઇએ તેવા લોક શિક્ષણવાળા હોડીંગ્સ માનનીય મુખ્યમંત્રીશ્રીના ફોટા સિવાયના મૂકવા માગો છો કે કેમ?

શ્રી મંગુભાઇ છ. પટેલ : આ પ્રશ્ન જામનગર જિલ્લા પૂરતો છે. તેથી સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો એના માટે અલગ નોટિસ જોઇશે.

**રાજય ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં ચાલતી બેચો**

*** ૨૫૬૬૧ શ્રીમતી ગીતાબેન ચો. પટેલ(સાબરમતી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે–

(૧) રાજય ગ્રાહક તકરાર નિવારણ કમિશન હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ રાજય કક્ષાએ કેટલી બેચો ચાલે છે,

(૨) તેમાં પ્રમુખ અને સભ્યોની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૩) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૪) તે કયાં સુધીમાં ભરવામાં આવશે?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રીઃ**

(૧) એક મેઇન બેન્ચ તથા બે વધારાની બેન્ચ એમ કુલ ત્રણ (૩) બેન્ચો ચાલે છે.

(૨) મેઇન બેચમાં એક પ્રમુખ તથા બે સભ્યોની અને વધારાની બે બેચમાં કુલ બે જયુડીશિયલ સભ્યો તથા બે સભ્યોની જગ્યાઓ મંજૂર થયેલ છે.

(૩) કોઇ જગ્યા ખાલી નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રીમતી ગીતાબેન ચો. પટેલ : ગ્રાહક નિવારણ ફોરમમાં કેવા કેવા પ્રકારની ફરિયાદોનો નિકાલ થાય છે. તેમાં ખાસ કોઇ મહત્વના ચૂકાદા આવ્યા હોય તો તેની વિગતો આપે. માનનીય અધ્યક્ષશ્રી, આજનો ચૂકાદો આવ્યો એનો જવાબ તો માનનીય મંત્રીશ્રી મને આપવાના છે પરંતુ એન.ડી.એ. શાસિત રાજયોમાં પ્રજાએ ફરીથી એમનામાં વિશ્વાસ મૂકયો છે ત્યારે હું આ બધા રાજયના ભાજપના કાર્યકરોને અભિનંદન આપું છું.

શ્રી જીતેન્દ્ર સુખડિયા: માનનીય સભ્યશ્રીએ બે પ્રશ્નો પૂછયા છે. ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં બેન્કીંગ સર્વિસ, મેડીકલ સર્વિસ, ટેલિફોન સર્વિસ, વીમા કંપનીઓ, હાઉસીંગ, ઇલેકિટ્રકસિટી, એરલાઇન્સ, ટપાલ, ઓટોમોબાઇલ્સ, ટેક્ષટાઇલ્સ, ટ્રાન્સપોર્ટ, ટૂર એન્ડ ટ્રાવેલ્સ, એજયુકેશન, ગૃહ ઉપયોગી ચીજવસ્તુઓ, ખામીયુકત માલ સામાન વગેરે પ્રકારની વિવિધ ફરિયાદો આવે છે. હવે એમણે જે કહ્યું એ પ્રમાણે તાજેતરમાં કોઇ ચૂકાદો આવ્યો તો હું એની મહત્વની વિગતો આપીશ. આજે જે ચૂકાદો આવ્યો એની વિગતો તો બહેનશ્રીએ કહી દીધી છે. એમાં કોઇ દાદા, દાદી, ભાણો, ભાણેજ કોઇ ચાલ્યા નહિ, પરંતુ સાહેબ જેમ બધી જ બાબતમાં ગુજરાત આજે પ્રથમ નંબરે છે તે મુજબ ગ્રાહક સુરક્ષા ક્ષેત્રે પણ આપણને બધાને ગર્વ થાય તે રીતે આપણી ગ્રાહક કોર્ટો ચૂકાદા આપતી રહી છે. સામાન્ય પ્રજાજનોમાં એના માટે વિશ્વાસ પ્રસ્થાપિત કર્યો છે. હમણાં ૨૯–૨–૨૦૧૨ના રોજ એક ચૂકાદો એ પ્રકારનો આવ્યો જેમાં ગ્રાહકે મકાન બૂક કરાવેલ પરંતુ બિલ્ડર દ્વારા પેમ્પલેટમાં જણાવ્યા મુજબની સમય મર્યાદામાં જણાવ્યા મુજબનું બાંધકામ પૂર્ણ ન કરતાં રાજય કમિશન સમક્ષ ફરિયાદ કરેલ જેમાં પ્રત્યેક ગ્રાહકને કુલ પાંચ ગ્રાહકે આ ફરિયાદ કરી હતી પ્રત્યેક ગ્રાહકને ૭ લાખ ૧૧ હજાર ચૂકવવાનો હુકમ કરેલો છે. જેમાં ૯૫ હજાર રૂપિયા પૂરા માનસિક હેરાનગતિ માટે તથા વાર્ષિક ૧૨ ટકા વ્યાજ સહિત ફરિયાદીને ચૂકવવાનો હુકમ કરેલ છે. આ રીતે પાંચ ગ્રાહકોને આ રીતે ફાયદો કરી આપેલો છે. બીજો એક ચૂકાદો ૨૧–૨–૨૦૧૨માં આપવામાં આવ્યો, સદરહુ ચુકાદામાં જે લોકો જીમખાનામાં જાય છે તે લોકો ખાસ ધ્યાનથી સાંભળે. સિટી જીમખાના સુરતમાં ગ્રાહક તરીકે જોડાયેલા અને તેઓ જીમખાનામાં રમત ગમતને લગતી પ્રવૃત્તિ કરવા માટે ગયેલા એ સમયે તેઓ પડી જતા ઇજાઓ થયેલ તેઓને જીમખાના સત્તાવાળાઓએ ગ્રાહકને સમયસર સારવાર માટે હોસ્પિટલમાં ન

પહોંચાડવાના કારણે એક ગ્રાહકનું અવસાન થયેલું એના વળતર પેટે રૂપિયા ૧૮ લાખ ગુજરનારના વારસદારને આપવામાં આવેલ છે.

બીજો એક ખાસ મહત્વનો ચૂકાદો આ ગૃહ સમક્ષ દર્શાવવા માગું છું. આ ચૂકાદો પણ ૧૫–૧૦–૨૦૧૧ ના રોજ આવેલ છે. સદરહુ ચુકાદામાં અમદાવાદ જિલ્લા શ્રમયોગી દ્વારા ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડ મારફતે સરકારશ્રીના ગ્રામ્ય શ્રમિક સુરક્ષા યોજના અન્વયે સરકારશ્રીએ વીમો ઉતરાવેલ જેનું પ્રિમિયમ ગુજરાત સરકારે જમા કરાવેલ. જેમાં શ્રમિકોનું અકસ્માતે મૃત્યુ થતાં વળતર માટે શ્રમિકોના વારસદારો દ્વારા માગણી કરવામાં આવે છે. જેમાં ફરિયાદ કોઇ કારણસર નામંજૂર કરવામાં આવે તો શ્રમિકોના વારસદારો દ્વારા ગ્રાહક સુરક્ષા ફોરમમાં ફરિયાદ દાખલ કરવામાં આવતી હોય છે. જે ફરિયાદો ગ્રાહક સુરક્ષા ફોરમ દ્વારા બે લાખ રૂપિયા વળતર ચૂકવવાનો હુકમ કરેલ છે.

શ્રી રાકેશ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, ગ્રાહકોની સહાય માટે આ સરકાર સજ્જ છે અને તે માટે ગ્રાહક સુરક્ષા ફોરમની બેંચોની રચના કરી છે અને તેમાં નિમણૂકો પૂર્ણ કરેલ છે ત્યારે ગુજરાત રાજ્યમાં ગ્રાહક તકરાર નિવારણ માટે કેટલા ફોરમ છે અને કેટલાને પોતાના મકાનો છે?

શ્રી જિતેન્દ્ર ર. સુખડીયા : માનનીય અધ્યક્ષશ્રી, ગ્રાહક ફોરમના પોતાના મકાન માટે પણ આપણે ક્રાંતિકારક પ્રયત્નો કર્યા છે અને આ એક જ વર્ષમાં અમે મુખ્યમંત્રીશ્રીના સીધા માર્ગદર્શન આ કાર્યવાહી કરેલ છે. તાકીદે આ ફોરમોને મકાનો મળે એ માટે પ્રયત્નો કર્યા છે. અત્યારે આ ફોરમો અન્ય કોર્ટોમાં ચાલે છે. આ ફોરમોના નુતન ભવનો તાત્કાલિક ધોરણે બને. મને કહેતાં આનંદ થાય છે કે, ગુજરાત રાજ્યમાં ૩૧ ફોરમો છે અને રાજ્ય કમિશન મળી કુલ ૩૨ ગ્રાહક અદાલતો કાર્યરત છે. ૨૩ જિલ્લા કચેરીઓ અને એક રાજ્ય ફોરમ મળી કુલ ૨૪ કચેરીઓ પોતાના નવા મકાનોમાં બેસે છે. બાકીના છ જિલ્લાઓમાં પોતાના મકાન બંધાઇ ગયેલા છે અને આ છ મકાન જામનગર, મહેસાણા, પંચમહાલ, આણંદ વગેરેમાં ટૂંક સમયમાં જ એની લોકાર્પણ વિધિ કરવામાં આવશે. ફકત તાપી જિલ્લામાં જમીન શોધવાની કાર્યવાહી ચાલે છે. અત્યારે તાપી જિલ્લાનું કામ સુરત જિલ્લામાં થઇ રહ્યું છે.

શ્રી આત્મારામ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ૩ બેંચોમાં એક મેઇન બેંચ અને બીજી વધારાની બે બેંચો છે. આ બેંચો અત્યારે ક્યાં બેસે છે, ક્યા વિસ્તારોમાં બેસે છે? જો અલગ અલગ વિસ્તારોમાં નહીં બેસતી હોય તો આગામી દિવસોમાં અલગ અલગ ઝોનમાં બેસાડવા માગો છો કે કેમ?

શ્રી જિતેન્દ્ર ર. સુખડીયા : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે આ બેંચો અમદાવાદ ખાતે કાર્યરત છે. બાકીનો પ્રશ્ન છે એ એમનું સૂચન છે.

## નવસારી જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં જીવિકા પ્રોજેકટમાં ખેડૂતોને શાકભાજીનું વળતર આપવા બાબત

***૨૫૬૩૮ શ્રી લક્ષ્મણભાઇ પ. પટેલ(ગણદેવી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧)નવસારી જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં જીવિકા પ્રોજેક્ટ હેઠળ ખેડૂતોને શાકભાજીનું પૂરેપૂરું વળતર મળી શકે તે માટે કોઈ સ્ટૉરેજ વ્યવસ્થા કરેલ છે તે હકીકત સાચી છે,

(૨)જો હા, તો કયા સ્થળે, અને

(૩)આ વ્યવસ્થાથી ખેડૂતોને કયા પ્રકારના લાભો મળશે?

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રીઃ**

(૧)હા, જી, કોલ્ડ સ્ટૉરેજની વ્યવસ્થા કરેલ છે.

(૨)મુ. બારતાડ (ખાનપુર) તા. વાંસદા, જિ. નવસારી

(૩) ખેડૂતોને સારા બજારભાવ મળી શકશે.

ખેડૂતોના શાકભાજી/ફળની ગુણવત્તા જળવાઈ રહેશે. મોટા શહેરો અને વિદેશમાં નિકાસ કરી ઉંચી કિંમત મેળવી શકાશે. શાકભાજી/ફળ બગડી જવા કે સડી જવાના પ્રશ્નો ટાળી શકાશે.

શ્રી લક્ષ્મણભાઇ પ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં એવું છે કે, નવસારી જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત જ્યારે અમારા આદિવાસી ખેડૂતોને પગભર બનાવવા, સક્ષમ બનાવવા માટે જે કોલ્ડ સ્ટૉરેજની વ્યવસ્થા કરી છે એ માટે આનંદ અનુભવું છું. આજે તો મટનના નિકાસની છૂટ અને બીટી કપાસ પર નિયંત્રણ આવી ગયું છે, આવી સરકારની નીતિ છે..

અધ્યક્ષશ્રી : આપ નવસારી જિલ્લા પૂરતી વાત કરો.

શ્રી લક્ષ્મણભાઇ પ. પટેલઃ કોલ્ડ સ્ટૉરેજની વ્યવસ્થા થવાથી નવસારી જિલ્લાના આદિવાસી ખેડૂતો રતાળુ, બટાટા, હળદર, ચીભડા, કાકડી, કેરી અને અન્ય ફળ–ફળાદી પકવવા આગળ વધ્યા છે ત્યારે મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, છેલ્લા એક વર્ષમાં આ કોલ્ડ સ્ટૉરેજમાં કેટલો માલ સંગ્રહ કરવામાં આવ્યો છે?

શ્રી જસવંતસિંહ સુ. ભાભોર : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૯.૨૩ મેટ્રીક ટન માલ આમાં આવ્યો છે. વાંસદા તાલુકાના આદિવાસી વિસ્તારમાં ક્યારેય સ્વપ્નમાં પણ ન જોયું હોય, કોલ્ડ સ્ટૉરેજની યોજના માનનીય મુખ્યમંત્રીશ્રીની આગેવાનીમાં આ કાર્યવાહી થઇ છે. બટાટા, હળદર કે અન્ય પાકનું ઉત્પાદન થવાથી ખેડૂતો આર્થિક રીતે સક્ષમ બને તે માટે રાજય સરકારે પ્રયત્નો કર્યા છે.

શ્રી છનાભાઇ કો. ચૌધરી : મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે આ કોલ્ડ સ્ટૉરેજની સ્ટૉરેજ કેપેસીટી કેટલી છે અને આ કોલ્ડ સ્ટૉરેજ શરુ થયા બાદ આજ સુધી કેટલા ખેડૂતોએ એનો લાભ લીધો છે?

શ્રી જસવંતસિંહ સુ. ભાભોર : ૨૦૦ ખેડૂતોએ લાભ લીધો છે. ૧૦હજાર મેટ્રીક ટન છે.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે આદિવાસી વિસ્તારમાં આ પહેલી વખત કોલ્ડ સ્ટૉરેજ બન્યું છે. તો આ કોલ્ડ સ્ટૉરેજ બનવાને કારણે આદિવાસીઓનો જે માલ સંગ્રહ થવાથી બજાર ભાવ કરતા વધારાનું વળતર કેટલું મળ્યું એ મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે.

શ્રી જસવંતસિંહ સુ. ભાભોર : બજાર ભાવ કરતા ૧ લાખ ૫૬ હજાર વધુ વળતર મળ્યું છે.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ જાણવું છે કે આ કોલ્ડ સ્ટૉરેજ વનબંધુ કલ્યાણ યોજના હેઠળ બન્યું છે. એમ તો વનબંધુ કલ્યાણ યોજના ૧૨ જિલ્લાઓમાં બની છે. નવસારીમાં બન્યું તો આ કોલ્ડ સ્ટૉરેજ કેટલી રકમનું બન્યું છે અને કયા વર્ષમાં બન્યું છે? એ કુલ રકમ કેટલી છે?

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૧૧૧ લાખમાં કોલ્ડ સ્ટૉરેજ બન્યું છે. એક વર્ષ પહેલા એની લોકાર્પણ વિધિ થઇ છે. આપના પાર્ટીના ધારાસભ્યશ્રી છનાભાઇ અને સંસદસભ્યશ્રી કિસનભાઇ પણ એ લોકાર્પણ કાર્યક્રમમાં હાજર હતા.

શ્રી વિજયભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વનબંધુ કલ્યાણ યોજના એ અમારા આદિવાસી સમાજ માટે આશીર્વાદરૂપ યોજના છે. આદિવાસી વિસ્તારના જે ખેડૂતો છે એમના શાકભાજી, ફળોની ગુણવત્તા જળવાઇ રહે અને પોષણક્ષમ ભાવ મળી રહે એના માટે આ રાજયની સરકારે કોલ્ડ સ્ટૉરેજની જે વ્યવસ્થા કરી છે ત્યારે મારે આપના મારફત એ જાણવું છે કે વાંસદા તાલુકામાં જે ૧૧૧ લાખના ખર્ચે જે કોલ્ડ સ્ટૉરેજની અંદર ૧૦૦ મેટ્રીક ટનની ક્ષમતા વાળું જે કોલ્ડ સ્ટૉરેજ છે તો એમાં કેરીનો જથ્થો કેટલો આવ્યો છે?

શ્રી જસવંતસિંહ સુ. ભાભોર : ૫હજાર કિલો કેરી કોલ્ડ સ્ટૉરેજમાં આવી છે.

## આયોજન પંચની માર્ગદર્શિકા મુજબ વનબંધુ કલ્યાણ યોજનામાં રકમની જોગવાઈ

* **૨૬૫૩૧ શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા)** : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

આદિજાતિ વિસ્તારના વિકાસ માટે આયોજન પંચની માર્ગદર્શિકા મુજબ તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ રાજ્યની કુલ વાર્ષિક યોજનામાં કેટલા ટકા રકમની જોગવાઇ કરવામાં આવી છે ?

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રીઃ**

વનબંધુ કલ્યાણ યોજના હેઠળ નીચે મુજબની જોગવાઇ કરવામાં આવી છે.

| વર્ષ | રાજ્યની કુલ વાર્ષિક યોજનામાં જોગવાઇ ટકાવારીમાં |
|---|---|
| ૨૦૦૯–૧૦ | ૧૫.૩૨ |
| ૨૦૧૦–૧૧ | ૧૩.૩૫ |
| ૨૦૧૧–૧૨ | ૧૨.૮૯ |

શ્રી અમરસિંહ રા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે મેં વનબંધુ કલ્યાણ યોજનાની ટકાવારી કેટલી છે એ માહિતી માગી હતી. ૨૦૦૯–૧૦માં ૧૫.૩૨, ૨૦૧૦–૧૧માં ૧૩.૩૫ અને ૨૦૧૧–૧૨માં ૧૨.૮૯ ટકાવારી એમણે બતાવી છે. આ જે વનબંધુ કલ્યાણ યોજના છે એની અંદર દર વર્ષે ટકાવારીના આકડા ઘટતા જાય છે. આદિવાસીનું જે બજેટ છે એની ગ્રાન્ટ ઓછી થતી જાય છે. ગૃહના નેતા અને ગુજરાતના *(xxxxxxx) (સતત અંતરાય)

અધ્યક્ષશ્રી : આ ગૃહને યોગ્ય ના હોય એવા શબ્દોનો આપણે પ્રયોગ ના કરીએ. આપનો શબ્દ પાછો ખેંચી લો નહીંતર હું દૂર કરી દઉ છું. (અંતરાય) (xxxxx) છે એ અસંસદીય છે. .. અંતરાય .. અસંસદીય છે એટલા માટે..

શ્રી અમરસિંહ રા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, મારે પૂછવું છે આપના મારફતે ..

અધ્યક્ષશ્રી : નહીં, પહેલા આપ શબ્દ પાછો ખેંચી લો છો કે હું દૂર કરું?

શ્રી અમરસિંહ રા. વસાવા : હું પાછો ખેંચી લઉ છું. ..અંતરાય ..

અધ્યક્ષશ્રી : હું રેકોર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી અમરસિંહ રા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમથી પૂછવું છે કે ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ ૨૦૦૭માં વનબંધુ પેકેજ યોજના ૧૫ હજાર કરોડની જાહેર કરી એનો આ હાઉસમાં જવાબ આપવામાં આવ્યો છે.

શ્રી વજુભાઇ રૂ. વાળા : માનનીય અધ્યક્ષશ્રી, આ ખોટો સવાલ છે એમાં (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ સીધો પ્રશ્ન પૂછો.

શ્રી અમરસિંહ રા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, મેં પ્રશ્ન પૂછ્યો છે કે વનબંધુ યોજનામાં એની ટકાવારી ઘટી રહી છે. અને સરકારે જવાબ આપ્યો છે ૨૮મી તારીખે કે વનબંધુ પેકેજની ગ્રાન્ટ અને સરકારની બજેટની ગ્રાન્ટ એક જ છે. તો મુખ્યમંત્રી કઇ યોજના હેઠળ આ ગ્રાન્ટની જાહેરાત કરે છે? કારણ કે એનું બજેટ આદિવાસીમાં છે. વનબંધુમાં એક પણ રુપિયો નથી એ બજેટ કયાંથી લાવવા માગો છો એ મારે પૂછવું છે એ મારે પૂછવું છે અને આ આદિવાસીઓ માટેની ટકાવારી ઘટી રહી છે એનું કારણ શું છે અને

* (xxxxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવમાં આવ્યા છે.

આદિવાસીઓનું બજેટ છે એ ગ્રાન્ટ વપરાતી નથી અને પરત જતી રહે છે એના માટે ગુજરાત સરકાર શું કરવા માગે છે અને આ ટોટલ ગ્રાન્ટ સરકાર વાપરવા માગે છે કે નહીં?

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી પ્રજા હવે શિક્ષણથી ખૂબ જાગૃત થઇ છે. એને કોને સત્તા પર બેસાડવા એ પોતે બરાબર સમજે છે અને એના કારણે જ ઘણા વખતથી કોંગ્રેસ સત્તાથી બહાર છે. હજુ પણ એમણે શાનમાં સમજી જવું જોઇએ. મારી પાસે બે દસકાના આંકડા છે. ૧૯૯૦ થી ૨૦૦૦ સુધીનું જે કુલ બજેટ હતું, તે વખતની સરકારોએ ટી.એસ.ટી. પ્લાન કર્યો હતો એમાં ૧૧ ટકા જેટલું બજેટ વપરાયું છે અને આ દસકામાં ૧૩.૪૫ ટકા બજેટ વપરાયું છે.

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ૧૯૭૪ થી ૨૦૦૧ દરમ્યાન ટી.એસ.પી. હેઠળ કેટલી ગ્રાન્ટ વાપરવામાં આવી અને વન બંધુ કલ્યાણ યોજના હેઠળ જે પૈસા વપરાય છે એ ટ્રાયબલ હેઠળ વપરાય છે કે કેમ?

અધ્યક્ષશ્રી : તારાંકિતમાં ત્રણ વર્ષનો જવાબ આપી શકાય.

શ્રી જશવંતસિંહ સુ. ભાભોર : આખા રાજ્યનો પ્રશ્ન છે અને માનનીય અભેસિંહે જે વાત કરી છે કે રાજ્યના આદિવાસી વિસ્તારમાં નં.૧ મુખ્યમંત્રી તરીકે કોઇએ કામ કર્યું હોય તો નરેન્દ્રભાઇ મોદી સાહેબે કર્યું છે. આદિવાસીઓના જંગલો, ડુંગરો અને કોતરો સુધી, આદિવાસીઓના બાળકોની શાળાઓ સુધી, એના ખેતરને પાણી, દરેકને શિક્ષણ, પંચાયત ઘર, આંગણવાડી, બાલવાડી એના આંકડા મારી પાસે છે. ૧૯૭૪ થી ૨૦૦૧ સુધીના ૨૭ વર્ષમાં ભૂતકાળની સરકારોએ કેટલો ખર્ચ કર્યો? ૨૭ વર્ષમાં તમે ૬ હજાર કરોડ ખર્ચ કર્યો. અમારા મુખ્યમંત્રી માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે ૨૦૦૧ થી ૨૦૧૧ સુધીના ૧૧ વર્ષમાં ૨૦,૨૦૮ કરોડનો ખર્ચ આદિવાસીઓ માટે કરનાર અમારા લોકપ્રિય મુખ્યમંત્રી માનનીય મોદી સાહેબ બેઠા છે. મને કહેતા આનંદ થાય છે કે વન બંધુ કલ્યાણ યોજનાના કારણે જે લોકોને કરંટ લાગે છે એ લોકોને મારે કહેવું છે કે તમે ૨૭ વર્ષમાં માત્ર ૬ હજાર કરોડ વાપર્યા જ્યારે અમારા મુખ્યમંત્રી માનનીય મોદી સાહેબે ૧૧ વર્ષમાં ૨૦,૨૦૮ કરોડ અને આ ૧૭,૮૩૮ કરોડનો ખર્ચ હિન્દુસ્તાનમાં વસ્તીના પ્રમાણમાં વધુ બજેટ કરનાર કોઇ સરકાર હોય તો ગુજરાતની સરકાર છે.

ડો. અનિલ જોષીયારા : મારે સ્પેસિફિક સવાલ પૂછવો છે કે આ જે વન બંધુ કલ્યાણ યોજનાનું બજેટ છે, કેન્દ્રીય આયોજન પંચ એમ કહે છે કે ૧૭.૫૭ ટકા ફાળવવું જોઇએ એ વાત સાચી છે કે નહીં અને જો એટલા ન ફાળવ્યા હોય તો વર્ષ ૨૦૧૦–૧૧માં ૪.૨૨ ટકા, ૨૦૧૧–૧૨માં ૪.૬૮ ટકા ઓછા ફાળવ્યા છે. એક તો ઓછા ફાળવવાનું કારણ શું છે અને છેલ્લો પિરિયડ છે વન બંધુ કલ્યાણ યોજનામાં એના આંકડા આપ્યા છે એમાં મુખ્યમંત્રીએ આ યોજના જાહેર કરી ત્યારથી ૨ હજાર કરોડ ઓછા ફાળવ્યા છે અને જે ફાળવ્યા છે એમાંથી ૨૮૯૯ કરોડ ૬૧ લાખ નથી વપરાયા એના કારણો શું છે એનો જવાબ મળવો જોઇએ. ઊભા રહો સાહેબ.

અધ્યક્ષશ્રી : ટૂંકમાં પ્રશ્ન પૂછો પ્લીઝ.

ડો. અનિલ જોષીયારા : એટલે આ ઓછું ફાળવવાના કારણો શું છે એ માહિતી મને આપે.

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારની ૧૭.૫૭ ટકાની કોઇ ગાઇડ લાઇન નથી. વસ્તીના પ્રમાણમાં ખર્ચો કરવો જોઇએ અને એ વસ્તીના પ્રમાણમાં ખર્ચો થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) આપણે..

અધ્યક્ષશ્રી : આપ બેસી જાવ પ્લીઝ. આપનો જવાબ આપે છે. આપે પ્રશ્ન પૂછ્યો એનો જવાબ મળે છે. પ્લીઝ.. (અંતરાય)

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખોટો નથી, તદન ખરો છે કેન્દ્રની ગાઇડલાઇન હોય તો બતાવજો. કેન્દ્રની ગાઇડલાઇન વસ્તી પ્રમાણે ખર્ચ કરવાની વાત છે. એવી ગુજરાતની વાત કરે છે, મહારાષ્ટ્રમાં એ લોકોની સરકાર છે. મહારાષ્ટ્રમાં ૮.૯૦ ટકાની વસ્તી છે ત્યાં ૭.૭૬ ટકા ખર્ચ થયેલો છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ બેસી જાવ પ્લીઝ. (અંતરાય) માનનીય મંત્રીશ્રીનો પૂરેપૂરો જવાબ સાંભળો પ્લીઝ. આપ બેસી જાવ. માનનીય મંત્રીશ્રી આપનો જવાબ બાકી હોય તો કહો.

શ્રી મંગુભાઇ છ. પટેલ : મહારાષ્ટ્રમાં એ લોકોની સરકાર છે. ૨૦૦૯–૧૦ માં ૮.૯૦ ટકા ખર્ચ કર્યો છે. રાજસ્થાનમાં ૧૨.૭ની જગ્યાએ ૧૨.૨૦ ખર્ચો કરેલો છે. આમ ગુજરાતમાં તો દિવસે ને દિવસે કહ્યું તે પ્રમાણે ૪૨ વર્ષમાં સાડા છ હજાર કરોડ. ખાલી પાંચ વર્ષમાં ૬૦૦૦ કરોડ અને વનબંધુમાં ૧૫૦૦૦ કરોડની જાહેરાત કરીને ૧૭૭૩૮ કરોડ વપરાયા અને નવા પાંચ વર્ષમાં ૪૦ હજાર કરોડ રૂપિયા વાપરવાના છે અને આ વર્ષે ૬૬૦૦ કરોડનું જે બજેટ છે. એ અત્યાર સુધીના ઇતિહાસમાં પહેલીવારનું આ બજેટ ગુજરાત સરકારે ફાળવ્યું છે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંક : ૯. માનનીય જશુબેન. પ્લીઝ, આપ બેસી જાવ. (અંતરાય)
(કોંગ્રેસના સભ્યો દ્વારા સતત સૂત્રોચ્ચારો)

**રાજકોટ જિલ્લામાં ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ ઇ–કનેકટીવીટીથી જોડાણ**

*** ૨૭૨૦૬ શ્રીમતી જશુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧)રાજકોટ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કેટલી ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ ઇ–કનેકટીવીટીથી જોડવામાં આવી છે,

(૨)કેટલી ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ ઇ–કનેક્ટીવીટીથી જોડવાની બાકી છે, અને

(૩)બાકી ગ્રામ પંચાયતોને ક્યાં સુધીમાં ઇ–કનેક્ટીવીટીથી જોડવામાં આવશે ?

**પંચાયત મંત્રીશ્રીઃ**

(૧)૮૪૩.

(૨)ગ્રામ પંચાયત વિભાજનથી નવીન અસ્તિત્વમાં આવેલ ૪ ગ્રામ પંચાયતોને વિ–સેટથી બ્રોડબેન્ડ
ઇ–કનેક્ટીવીટીથી જોડવાની બાકી છે.

(૩)ઉપરોક્ત ૪ બાકી ગ્રામ પંચાયતોને જોડાણ આપવાની જરૂરી કાર્યવાહી પૂર્ણ થયેથી.

અધ્યક્ષશ્રી : પૂરી ૯ મિનિટ પૂરી ચર્ચા થઇ છે, ૫ ના બદલે ૯ મિનિટ આપી છે. નહિ, નહિ પ્લીઝ. (અંતરાય) પાંચના બદલામાં આપણે ૯ મિનિટ ચર્ચાઓ કરી છે. અમરસિંહભાઇ પ્લીઝ.

શ્રીમતી જશુબેન સ. કોરાટ : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કેટલી (અંતરાય) ગ્રામ પંચાયતો ઇ–ગ્રામ કનેકટીવીટીથી જોડવામાં આવી છે?

અધ્યક્ષશ્રી : આદિવાસી સમાજનો આ પ્રશ્ન છે એટલે આપણે ૫ ના બદલે ૯ મિનિટ ચર્ચા કરી છે. (અંતરાય, સૂત્રોચ્ચારો' કોંગ્રેસના સભ્યો દ્વારા સતત સૂત્રોચ્ચાર )

શ્રીમતી જશુબેન સ. કોરાટ : માનનીય અધ્યક્ષશ્રી, મારા જવાબમાં માનનીય મંત્રીશ્રીએ એમ કહ્યું કે, ૪ બાકી છે તો કઇ ગ્રામ પંચાયતો ૪ બાકી છે? બીજું માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લામાં તાલુકાવાર ઇ–ગ્રામ દ્વારા કેટલી ગ્રામ પંચાયતો વીજ બિલ કનેકશન કરે છે?

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લામાં (અંતરાય) (કોંગ્રેસના સભ્યો દ્વારા સતત સૂત્રોચ્ચારો)

અધ્યક્ષશ્રી : ઓર્ડર.. ઓર્ડર પ્લીઝ.

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : રાજકોટ જિલ્લામાં ૧૪ તાલુકા છે. ૧૪ તાલુકામાં ૮૪૭ ગ્રામ પંચાયતો છે એમાં ૮૪૩ ગ્રામ પંચાયત બીજ બિલ કલેકશન કરવામાં આવે છે. એમણે કહ્યું કે ૪ ગ્રામ પંચાયતોમાં વીજ બિલ કલેકશન કરવામાં આવતું નથી. કારણ કે ૪ ગ્રામ પંચાયતોને હમણાંજ એને ડિવિઝન પાડવામાં આવ્યાં છે અને એની કનેકટીવીટીનું કામ પ્રોગ્રેસમાં છે એટલે એ પૂરું થતાં એના ઉપર કામગીરી શરૂ કરવામાં આવશે. માનનીય અધ્યક્ષશ્રી, આ જે ૮૪૩ ગ્રામ પંચાયતો છે અને તાલુકાવાર એમણે માગણી કરી છે ધોરાજીમાં ૩૦

ગામ, ગોંડલમાં ૭૯ ગામ, જામકંડોરણામાં ૫૦, જસદણમાં ૧૦૧, જેતપૂરમાં ૪૮, કોટડાસંગાણીમાં ૪૧, લોધીકામાં ૩૭, માળીયા–મિયાંણામાં ૪૦, મોરબીમાં ૮૩, પડધરીમાં ૫૮, રાજકોટમાં ૮૬, ટંકારામાં ૫૦, ઉપલેટામાં ૫૧ અને વાંકાનેરમાં ૮૯ એમ ૮૪૩ ગ્રામ પંચાયતોમાં આની અંદર ઇ–કનેકટીવીટી જોડવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, બીજો પ્રશ્ન પૂછ્યો છે કે આ ઇ–ગ્રામ કેન્દ્રો મારફતે રાજકોટ જિલ્લામાં વીજ બિલ કલેકશન કરવામાં આવે છે તો એમાં ૧૪૬૦૬૨ વીજ બિલ કલેકશન ૨૦૧૦–૧૧માં કરવામાં આવ્યું છે. એમાં માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે ૭ કરોડ ૮૦ લાખ રૂપિયાના વીજ બિલ કનેકસન કરવામાં આવ્યાં છે. વર્ષ ૨૦૧૧ અને ૧૨માં ૨,૦૪,૨૫૩ વીજ બિલો મેળવવામાં આવ્યાં અને એ થકી ૧૨ કરોડ ૫૯ લાખ રૂપિયાના વીજ બિલ કલેકસન કરવામાં આવ્યું છે એના કારણે જે પ્રશ્ન પૂછ્યો કે એમાંથી એ કામગીરી પેટે એનો જે.. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્રશ્નોતરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### દાહોદ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી ગેરંટી યોજનામાં ફાળવેલ રકમ

૨૪૩૧૯ **શ્રી ચંદ્રિકાબેન છ. બારીયા( લીમખેડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન વર્ષવાર તાલુકાવાર કેન્દ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના અન્વયે કેટલી રકમ ફાળવી,

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન વર્ષવાર તાલુકાવાર કેન્દ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના અન્વયે તૈયાર કરેલ લેબર બજેટ નીચે મુજબ છે.

(રકમ ` લાખમાં)

| તાલુકાનું નામ | ૧–૧–૧૦ થી ૩૧–૧૨–૧૦ | ૧–૧–૧૧ થી ૩૧–૧૨–૧૧ |
|---|---|---|
| દાહોદ | ૭૩૬.૫૭ | ૩૨૯.૪૧ |
| ગરબાડા | ૮૮૮.૪૭ | ૧૧૫૨.૫૫ |
| ઝાલોદ | ૬૮૨.૧૮ | ૮૮૩.૭૦ |
| ફતેપુરા | ૮૮૮.૭૭ | ૮૪૨.૪૯ |
| લીમખેડા | ૨૧૬૦.૪૬ | ૨૭૯૩.૬૪ |
| ધાનપુર | ૧૨૨૬.૦૨ | ૬૨૩.૩૯ |
| દે. બારીયા | ૧૧૧૦.૧૭ | ૧૨૭૪.૦૬ |
| કુલ | ૭૬૯૨.૬૪ | ૮૧૯૯.૫૪ |

(૨) તે અન્વયે તાલુકાવાર વર્ષવાર કેટલાને રોજગારીની તકો આપવામાં આવી,

(૨) તે અન્વયે કુટુંબોને તાલુકાવાર વર્ષવાર આપવામાં આવેલ રોજગારીની તકોની માહિતી નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | ૧–૧–૧૦ થી ૩૧–૧૨–૧૦ | ૧–૧–૧૧ થી ૩૧–૧૨–૧૧ |
|---|---|---|
| દાહોદ | ૧૬૪૦૨ | ૮૭૯૩ |
| ગરબાડા | ૧૧૯૬૭ | ૧૫૧૮૮ |
| ઝાલોદ | ૧૭૮૦૪ | ૧૬૫૧૭ |
| ફતેપુરા | ૨૫૫૦ | ૧૫૪૮૬ |
| લીમખેડા | ૧૯૪૨૪ | ૨૭૨૫૧ |
| ધાનપુર | ૧૨૧૩૦ | ૧૧૪૧૬ |
| દે. બારીયા | ૧૩૭૬૯ | ૧૮૩૦૧ |
| કુલ | ૯૪૦૪૬ | ૧૧૨૯૫૨ |

(૩) તેની પાછળ કેટલો ખર્ચ થયો, અને

(૩) થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

(રકમ ` લાખમાં)

| તાલુકાનું નામ | ૧–૧–૧૦ થી ૩૧– | ૧–૧–૧૧ થી ૩૧– |
|---|---|---|

| | ૧૨-૧૦ | ૧૨-૧૧ |
|---|---|---|
| દાહોદ | ૬૪૦.૦૬ | ૩૨૮.૩૮ |
| ગરબાડા | ૭૮૨.૭૦ | ૧૦૫૪.૩૫ |
| ઝાલોદ | ૪૦૦.૨૭ | ૬૭૪.૦૧ |
| ફતેપુરા | ૩૫૬.૨૮ | ૩૬૮.૯૬ |
| લીમખેડા | ૧૭૬૪.૪૩ | ૨૫૧૯.૧૭ |
| ધાનપુર | ૯૪૩.૯૫ | ૭૪૯.૦૧ |
| દે. બારીયા | ૯૬૬.૧૧ | ૧૨૭૩.૯૨ |
| કુલ | ૫૮૫૩.૮૦ | ૬૯૬૭.૮૦ |

(૪) કેટલી રકમ વણવપરાયેલી રહી ?

(૪) કેન્દ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના માંગ આધારીત હોઇ રોજગારીની માંગણી મુજબ રોજગારી પુરી પાડવામાં આવે છે તેથી રકમ વણવપરાયેલ રહેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**કચ્છ જિલ્લામાં જળસ્ત્રાવ વિકાસ કાર્યક્રમ**

૨૫૬૨૦ **શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી (મુંદ્રા): માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં જળસ્ત્રાવ વિકાસ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ માં તા.૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ કેટલા હેક્ટર જમીનમાં કામ પૂર્ણ કરવામાં આવ્યું,

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) બાકી કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

| (૧) ગીર વન અભ્યારણ્યમાં ખાનગી ઓપરેટરો મારફતે ટુરીસ્ટોનું ગૃપ બનાવી લાયન શો નિયમિત રીતે ચાલી રહ્યા છે તે ફરિયાદથી સરકાર વાકેફ છે કે કેમ, | (૧) ગીર અભ્યારણ્યમાં ખાનગી ઓપરેટરો મારફતે ટુરીસ્ટોનું ગૃપ બનાવી લાયન શો નિયમિત રીતે ચાલી રહ્યા છે તે હકીકત ખરી નથી કે આ બાબતે કોઇ ફરિયાદ મળેલ નથી. |
| (૨) તા.૩૧મી જાન્યુઆરી–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ગેરકાનુની લાયન શો પકડી પાડવામાં આવ્યા, | (૨) તા.૩૧મી જાન્યુઆરી–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઇ ગેરકાનુની લાયન શો યોજાયેલ હોવાનું ધ્યાન પર આવેલ નથી. |
| (૩) લાયન શોના ઓપરેટરો કોણ કોણ હતા અને તેની સામે કયા કાયદા અન્વયે ફરિયાદો દાખલ કરવામાં આવી છે, અને | (૩) ફરિયાદ દાખલ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(૪) ગેરકાયદેસર ગીર લાયન શો સદંતર બંધ કરાવવા શી વ્યવસ્થા ગોઠવાઇ છે ?

(૪) ગીર અભ્યારણ્યમાં જો ગેરકાયદેસર પ્રવેશી સિંહ જોવાની તજવીજ કરવામાં આવે તો, તેઓની સામે વન્યપ્રાણી (સંરક્ષણ) ધારા–૧૯૭૨ ની વખતો–વખતની જોગવાઇમાં કરવામાં આવેલ સુધારા મુજબની કાર્યવાહી કરી, તે અંગેનો ગુન્હો નોંધવાની અને તેમાં કસુરવાર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાની વ્યવસ્થા છે.

**પંચમહાલ જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં અનુસૂચિત જનજાતિના લોકોને એલ.પી.જી. ગેસ કનેક્શન**

૨૭૨૬૮ **શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ( શહેરા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ સરકાર દ્વારા વર્ષ ૨૦૧૧–૧૨ દરમ્યાન તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ અનુસૂચિત જનજાતિના કેટલા લાભાર્થીઓને એલ.પી.જી. ગેસ કનેક્શન આપવામાં આવ્યા, | (૧) વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ગેસ કનેક્શન આપવાની બાબત હાલ ફેર વિચારણામાં લેવાયેલ છે. તેથી વર્ષ ૨૦૧૧–૧૨ માં કોઈ જોગવાઈ કરેલ નથી. |
| (૨) બાકીનાને ક્યારે એલ.પી.જી. ગેસ કનેક્શન આપવામાં આવશે, અને | (૨) પ્રશ્ન રહેતો નથી. |
| (૩) તેમાં કેટલી સબસીડી આપવામાં આવી ? | (૩) પ્રશ્ન રહેતો નથી. |

**જામનગર અને જૂનાગઢ જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજનામાં ગેરરીતીની ફરિયાદો**

૨૪૩૪૨ **શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા(પોરબંદર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજના હેઠળ જામનગર અને જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર ગેરરીતીની કેટલી ફરિયાદો મળી, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજના હેઠળ જામનગર અને જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર ગેરરીતીની મળેલ ફરિયાદોની માહિતી **પરિશિષ્ટ–૧** મુજબ છે. |
| (૨) આ ફરિયાદો પૈકી તાલુકાવાર કેટલી તપાસો ફાઈલ કરવામાં આવી, | (૨) તપાસો ફાઈલ કરવામાં આવેલ છે. જેની તાલુકાવાર વિગત **પરિશિષ્ટ–૨** મુજબ છે. |
| (૩) કેટલા કિસ્સાઓમાં કેટલા પદાધિકારીઓ / અધિકારીઓ સામે પોલીસ ફરિયાદ કરવામાં આવી અને કેટલા સામે ખાતાકીય પગલાં લેવામાં આવ્યા, અને | (૩) જામનગર જિલ્લામાં થયેલ ફરિયાદો સામાન્ય પ્રકારની હોય, અને ફરિયાદમાં કોઈ તથ્ય જણાયેલ ન હોય, કોઈ પદાધિકારીઓ / અધિકારીઓ સામે પોલીસ ફરિયાદ કરવામાં આવી નથી અને એક કેસમાં ખાતાકીય પગલાં લેવામાં આવેલ છે.<br>જૂનાગઢ :–<br>– જૂનાગઢ જિલ્લામાં ૮૩ ફરિયાદો અન્વયે તપાસની કાર્યવાહી ચાલુ છે.<br>– ૪ અધિકારી / કર્મચારી સામે ખાતાકીય પગલાં લેવા દરખાસ્ત થયેલ છે. |
| (૪) ઉક્ત ફરિયાદોમાં કેટલી રકમ ગેરરીતીનો અંદાજ છે ? | (૪) **જામનગર :–**<br>ઉક્ત ફરિયાદો પૈકી કોઈપણ ફરિયાદમાં નાણાંકીય ગેરરીતી સાબિત થયેલ નથી.<br>**જૂનાગઢ :–**<br>તપાસની કાર્યવાહી ચાલુ હોઈ ગેરરીતીનો અંદાજ હાલ આપી શકાય તેમ નથી. |

## પરિશિષ્ટ-૧

### : જામનગર જિલ્લો :

| અ.નં. | તાલુકાનું નામ | ૧-૧-૦૯ થી ૩૧-૧૨-૦૯ | ૧-૧-૧૦ થી ૩૧-૧૨-૧૦ | ૧-૧-૧૧ થી ૩૧-૧૨-૧૧ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | જામનગર | ૦ | ૦ | ૬ | ૬ |
| ૨ | ખંભાળીયા | ૦ | ૦ | ૧ | ૧ |
| ૩ | કલ્યાણપુર | ૦ | ૦ | ૧ | ૧ |
| ૪ | ધ્વારકા | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | ભાણવડ | ૦ | ૦ | ૩ | ૩ |
| ૬ | જામજોધપુર | ૦ | ૨ | ૨ | ૪ |
| ૭ | લાલપુર | ૦ | ૧ | ૧ | ૨ |
| ૮ | ધ્રોલ | ૦ | ૧ | ૨ | ૩ |
| ૯ | જોડીયા | ૦ | ૦ | ૨ | ૨ |
| ૧૦ | કાલાવડ | ૦ | ૦ | ૧ | ૧ |
| | **કુલ** | **૦** | **૪** | **૧૯** | **૨૩** |

## પરિશિષ્ટ-૧

### : જૂનાગઢ જિલ્લો :

| અ.નં. | તાલુકાનું નામ | ૧-૧-૦૯ થી ૩૧-૧૨-૦૯ | ૧-૧-૧૦ થી ૩૧-૧૨-૧૦ | ૧-૧-૧૧ થી ૩૧-૧૨-૧૧ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | ભેંસાણ | ૨ | ૦ | ૦ | ૨ |
| ૨ | જુનાગઢ | ૮ | ૭ | ૫ | ૨૦ |
| ૩ | કેશોદ | ૮ | ૧૧ | ૪ | ૨૩ |
| ૪ | કોડીનાર | ૦ | ૧ | ૩ | ૪ |
| ૫ | માળીયા | ૬ | ૧૮ | ૧૨ | ૩૬ |
| ૬ | માણાવદર | ૧ | ૨ | ૦ | ૩ |
| ૭ | માંગરોળ | ૫ | ૪ | ૧ | ૧૦ |
| ૮ | મેંદરડા | ૦ | ૪ | ૧ | ૫ |
| ૯ | સુત્રાપાડા | ૧ | ૦ | ૫ | ૬ |
| ૧૦ | તાલાલા | ૨ | ૬ | ૫ | ૧૩ |
| ૧૧ | ઉના | ૧૩ | ૬ | ૮ | ૨૭ |
| ૧૨ | વંથલી | ૨ | ૧ | ૧ | ૪ |
| ૧૩ | વેરાવળ | ૪ | ૧૧ | ૭ | ૨૨ |
| ૧૪ | વિસાવદર | ૪ | ૧૮ | ૧ | ૨૩ |
| | **કુલ** | **૫૬** | **૮૯** | **૫૩** | **૧૯૮** |

## પરિશિષ્ટ-૨

### : જામનગર જિલ્લો :

| અ.નં. | તાલુકાનું નામ | ૧-૧-૦૯ થી ૩૧-૧૨-૦૯ | ૧-૧-૧૦ થી ૩૧-૧૨-૧૦ | ૧-૧-૧૧ થી ૩૧-૧૨-૧૧ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | જામનગર | ૦ | ૦ | ૩ | ૩ |
| ૨ | ખંભાળીયા | ૦ | ૦ | ૩ | ૩ |
| ૩ | કલ્યાણપુર | ૦ | ૦ | ૧ | ૧ |
| ૪ | ધ્વારકા | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | ભાણવડ | ૦ | ૦ | ૨ | ૨ |
| ૬ | જામજોધપુર | ૦ | ૦ | ૨ | ૨ |
| ૭ | લાલપુર | ૦ | ૦ | ૧ | ૧ |
| ૮ | ધ્રોલ | ૦ | ૧ | ૨ | ૩ |
| ૯ | જોડીયા | ૦ | ૦ | ૨ | ૨ |
| ૧૦ | કાલાવડ | ૦ | ૦ | ૧ | ૧ |
| | **કુલ** | **૦** | **૧** | **૧૭** | **૧૮** |

## પરિશિષ્ટ-૨

### : જૂનાગઢ જિલ્લો :

| અ.નં. | તાલુકાનું નામ | ૧-૧-૦૯ થી ૩૧-૧૨-૦૯ | ૧-૧-૧૦ થી ૩૧-૧૨-૧૦ | ૧-૧-૧૧ થી ૩૧-૧૨-૧૧ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | ભેંસાણ | ૨ | ૦ | ૦ | ૨ |
| ૨ | જુનાગઢ | ૮ | ૭ | ૫ | ૨૦ |
| ૩ | કેશોદ | ૮ | ૧૦ | ૧ | ૧૯ |
| ૪ | કોડીનાર | ૦ | ૦ | ૨ | ૨ |
| ૫ | માળીયા | ૩ | ૧૪ | ૧ | ૧૮ |
| ૬ | માણાવદર | ૧ | ૨ | ૦ | ૩ |
| ૭ | માંગરોળ | ૫ | ૧ | ૦ | ૬ |
| ૮ | મેંદરડા | ૦ | ૩ | ૦ | ૩ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯ | સુત્રાપાડા | ૧ | ૦ | ૧ | ૨ |
| ૧૦ | તાલાલા | ૨ | ૪ | ૨ | ૮ |
| ૧૧ | ઉના | ૩ | ૦ | ૦ | ૩ |
| ૧૨ | વંથલી | ૨ | ૧ | ૧ | ૪ |
| ૧૩ | વેરાવળ | ૪ | ૨ | ૧ | ૭ |
| ૧૪ | વિસાવદર | ૩ | ૧૫ | ૦ | ૧૮ |
| | **કુલ** | **૪૨** | **૫૯** | **૧૪** | **૧૧૫** |

---------

**બનાસકાંઠા જિલ્લામાં ટોટલ સેનીટિશન કાર્યક્રમમાં શાળાઓમાં શૌચાલયો મંજૂર કરવા બાબત**

૨૭૨૨૪ **શ્રી મફતલાલ મો. પુરોહિત(ધાનેરા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ માં તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ ટોટલ સેનીટિશન કાર્યક્રમ હેઠળ કેટલી શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે શૌચાલયો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા શૌચાલયોનું કામ પૂર્ણ થયેલ છે, અને

(૩) બાકી શૌચાલયોનું કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ માં તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ ૪૩૮ ટોટલ સેનીટિશન કાર્યક્રમ હેઠળ વિદ્યાર્થીઓ માટે શાળા શૌચાલયો મંજૂર કરવામાં આવેલ છે.

(૨) તે પૈકી ૫૦૫ શૌચાલયોનું કામ પૂર્ણ થયેલ છે.

(૩) બાકી શૌચાલયોનું કામ માર્ચ ૨૦૧૨ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.

---------

**બનાસકાંઠા જિલ્લામાં સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ જાહેર કરવા બાબત**

૨૭૨૪૬ **શ્રી અનિલકુમાર અ. માળી(દિયોદર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ દરમ્યાન તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કેટલા ગામોને સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ તરીકે જાહેર કરવામાં આવ્યા,

(૨) આ પૈકી કેટલા ગામોને પુરસ્કારની રકમ આપવામાં આવી, અને

(૩) બાકી રકમ ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન સ્વર્ણિમ ગામ પુરસ્કાર આપવાનું નક્કી કરવામાં આવેલ ન હોઈ જાહેર કરવાનો પ્રશ્ન રહેતો નથી અને ૨૦૧૧-૧૨ દરમ્યાન તા.૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ ૧૩૦ ગામોને સ્વચ્છ ગામ-સ્વસ્થ ગામ તરીકે જાહેર કરવામાં આવ્યા.

(૨) તમામ ૧૩૦ ગામોને પુરસ્કારની રકમ આપવામાં આવેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**૧૭૭/page> ખેડા જિલ્લામાં સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ જાહેર કરવા**

૨૭૨૪૭ **શ્રી દેવુસિંહ જે. ચૌહાણ( માતર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨માં તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કેટલા ગામોને સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ તરીકે જાહેર કરવામાં આવ્યા,

(૨) આ ગામો પૈકી કેટલા ગામોને પુરસ્કારની રકમ આપવામાં આવી, અને

(૩) બાકી ગામોને રકમ કયાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧) ખેડા જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ પુરસ્કાર આપવાનું નક્કી કરવામાં આવેલ ન હોય, જાહેર કરવાનો પ્રશ્ન રહેતો નથી. જ્યારે વર્ષ ૨૦૧૧-૧૨ દરમ્યાન સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ પુરસ્કાર આપવાનું નક્કી કરવામાં આવેલ હોય, વર્ષ ૨૦૧૧-૧૨ દરમ્યાન ૩૫૫ ગામોને સ્વચ્છ ગામ, સ્વસ્થ ગામ તરીકે જાહેર કરવામાં આવેલ છે.

(૨) જાહેર કરવામાં આવેલ તમામ ૩૫૫ ગામોને પુરસ્કારની રકમ આપવામાં આવેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**નવસારી જિલ્લામાં ડેરી વિકાસ યોજનાનો અમલ**

૨૭૨૭૫ **શ્રી નરેશભાઇ મ. પટેલ( ચીખલી) : માનનીય આદિજાતી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ગરીબ આદિવાસી કુટુંબોને ગરીબી રેખાથી બહાર લાવવાના હેતુથી ડેરી વિકાસ યોજનાનો અમલ કરવામાં આવેલ છે, તે હકિકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનામાં કયા કયા પ્રકારની સવલતો લાભાર્થીને આપવામાં આવે છે, અને | (૨) દૂધાળા પશુ ખરીદી, શંકર વાછરડી ઉછેર, ગાભણ ગાય માવજત, કેટલ શેડ, ઘાસચારા, દૂધ ભરવા માટેની બરણી, ઘાસ કાપવાનો સુડો, પશુપાલન અંગેની તાલીમ, દૂધ મંડળીને ઓટોમેટીક મિલ્ક કલેકશન યુનિટ વગેરે સહાય આપવામાં આવે છે. |
| (૩) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીને લાભ આપવામાં આવેલ છે ? | (૩) ૨૨૬૫. |

**જૂનાગઢના મોટા દાતારની જગ્યા પર જવા માટેનો રસ્તો વન વિભાગ દ્વારા બંધ કરવા બાબત**

૨૬૪૫૯ **શ્રી મહંમદ જાવેદ અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જૂનાગઢના મોટા દાતારની જગ્યા પર ચાલતી ગૌશાળા અને અન્નક્ષેત્ર સુધી જવાનો રસ્તો વન વિભાગ દ્વારા બંધ કરવામાં આવેલ તે હકીકત ખરી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ રસ્તો વિના અવરોધે ચાલુ/શરૂ રાખવા રાજ્ય સરકારે શાં પગલાં લીધા છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**સાબરકાંઠા જિલ્લામાં સ્વર્ણિમ ગામ જાહેર કરવા બાબત**

૨૭૨૨૫ **શ્રી દિલીપસિંહજી વ. પરમાર( મોડાસા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ દરમ્યાન તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કેટલા ગામોને સ્વર્ણિમ ગામ તરીકે જાહેર કરવામાં આવ્યા, | (૧) વર્ષ ૨૦૧૦–૧૧ દરમ્યાન સ્વર્ણિમ ગામ પુરસ્કાર આપવાનું નક્કી કરવામાં આવેલ ન હોય, સ્વર્ણિમ ગામ તરીકે જાહેર કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી, જયારે<br>વર્ષ ૨૦૧૧–૧૨ દરમ્યાન સ્વર્ણિમ ગામ પુરસ્કાર આપવાનું નક્કી કરવામાં આવેલ હોય, ૩૮ ગામોને તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ સ્વર્ણિમ ગામ તરીકે જાહેર કરવામાં આવેલ છે. |
| (૨) આ ગામો પૈકી કેટલા ગામોને પુરસ્કારની રકમ આપવામાં આવી, અને | (૨) મંજૂર થયેલ તમામ ૩૮ ગામોને પુરસ્કારની રકમ આપવામાં આવેલ છે. |
| (૩)બાકી ગામોને રકમ કયાં સુધીમાં ચૂકવવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**ભરૂચ જિલ્લામાં એ.પી.એલ., બી.પી.એલ. અને અંત્યોદય કાર્ડધારકો**

૨૭૮૧૪ **શ્રી ઇકબાલભાઇ પટેલ( વાગરા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કાર્ડ ધારકોને અનાજ અને કેરોસીન કયા ધોરણે ફાળવવામાં આવે છે, અને | (૧) (અ) ભરૂચ જિલ્લામાં અંત્યોદય અન્ન યોજનાના તથા બીપીએલ યોજનાના કાર્ડધારકોને અનાજ મહત્તમ ૩૫ કિલો પ્રમાણે મળે તે મુજબ ફાળવણી કરવામાં |

આવે છે. જ્યારે એપીએલ કાર્ડધારકોને વ્યક્તિદીઠ ૨.૫૦૦ કી.ગ્રા. અને કાર્ડદીઠ વધુમાં વધુ ૧૫.૦૦ કિ.ગ્રા. અનાજ ફાળવવામાં આવે છે.

(બ) રાંધણગેસ કનેકશન ન ધરાવતા રેશનકાર્ડ ધારકોને મે, ૨૦૧૧ સુધી વ્યક્તિદીઠ ૨ લીટર પરંતુ કાર્ડદીઠ મહત્તમ ૧૨ લિટરના ધોરણથી અને જુન ૨૦૧૧થી વ્યક્તિદીઠ ૧.૫ લિટર અને મહત્તમ ૯ લિટરના ધોરણે કેન્દ્ર સરકારની મળેલ ફાળવણીને ધ્યાને લઈ કેરોસીનની ફાળવણી કરવામાં આવે છે.

(૨) અપૂરતો જથ્થો ફાળવાય છે તેવી કેટલી ફરિયાદો સરકારને મળી ?

(૨) આવી કોઈ ફરિયાદ મળી નથી.

**પંચમહાલ જિલ્લામાં સખી મંડળોની રચના**

૨૭૨૧૭ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ( કાલોલ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૧૧–૧૨માં તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અન્વયે કેટલા સખી મંડળોની રચના થઈ, | (૧) ૨૦૧૧–૧૨માં મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અન્વયે ૨૫૬ સખી મંડળની રચના અને તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અન્વયે ૧૦૬૧૨ સખી મંડળોની રચના કરવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી કેટલા મંડળોને રીવોલ્વીંગ ફંડ આપવામાં આવ્યું, અને | (૨) વર્ષ ૨૦૧૧–૧૨માં ૧૭૪ સખી મંડળોને રિવોલ્વીંગ ફંડ અને તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કુલ ૮૮૫૧ સખી મંડળોને રીવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે. |
| (૩) કેટલાને આપવાનું બાકી છે ? | (૩) વર્ષ ૨૦૧૧–૧૨ના ૨૫૬ અને તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ કુલ ૧૭૬૧ સખી મંડળોને રીવોલ્વીંગ ફંડ આપવાનું બાકી છે. |

**અમરેલી જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો**

૨૭૨૪૩ **શ્રી કાળુભાઇ વિ. વિરાણી(કુંડલા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં ડિસેમ્બર–૧૧માં યોજાયેલ ગ્રામ પંચાયતોની ચુંટણીમાં કેટલી ગ્રામ પંચાયતોમાં ચૂંટણી થઈ, | (૧) ૪૯૬ (ચારસો છન્નુ) ગ્રામ પંચાયત. |
| (૨) કેટલી ગ્રામ પંચાયતો સમરસ થઈ અને તે પૈકી કેટલી ગ્રામ પંચાયતો મહિલા સમરસ થઈ, | (૨) ૧૪૩ ગ્રામ પંચાયતો સમરસ થઈ, તે પૈકી ૨૮ ગ્રામ પંચાયતો મહિલા સમરસ થઇ. |
| (૩) આ સમરસ ગ્રામ પંચાયતોને અનુદાનની રકમ ચૂકવવામાં આવી છે કે કેમ,અને | (૩) ના, જી. |
| (૪) જો હા, તો કેટલી ગ્રામ પંચાયતોને રકમ ચૂકવવામાં આવી ? | (૪) પ્રશ્ન નથી. |

**બનાસકાંઠા જિલ્લામાં ટોટલ સેનિટેશન કાર્યક્રમ નીચે શાળાઓમાં શૌચાલયો મંજૂર કરવા બાબત**

૨૭૨૦૮ **શ્રી વસંતકુમાર પ. ભટોળ( દાંતા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૨૦૧૨ માં તા.૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં ટોટલ સેનીટેશન કાર્યક્રમ હેઠળ કેટલી શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે શૌચાલયો મંજૂર કરવામાં આવ્યા, | (૧) બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧માં ૨૦૦ અને ૨૦૧૧–૨૦૧૨માં તા.૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં ટોટલ સેનીટેશન કાર્યક્રમ હેઠળ વિદ્યાર્થીઓ માટે ૪૩૮ શાળા શૌચાલયો મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કેટલા શૌચાલયોનું કામ પૂર્ણ થયેલ છે, અને | (૨) તે પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ૫૦૫ શૌચાલયોનું કામ પૂર્ણ થયેલ છે. |

(૩) બાકી શૌચાલયોનું કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે?

(૩) બાકી શૌચાલયોનું કામ માર્ચ ૨૦૧૨ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.

---------

**સુરત જિલ્લામાં ટોટલ સેનિટેશન કાર્યક્રમમાં શાળાઓમાં શૌચાલયો મંજૂર કરવા બાબત**

૨૭૨૪૫ **શ્રી કિરીટભાઇ ગં. પટેલ( ઓલપાડ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧માં ટોટલ સેનીટિશન કાર્યક્રમ હેઠળ કેટલી શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે શૌચાલયો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કેટલા શૌચાલયોનું કામ પૂર્ણ થયેલ છે,

(૩) કેટલા શૌચાલયો બાકી છે, અને

(૪) ક્યારે પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) સુરત જિલ્લામાં ટોટલ સેનીટિશન કાર્યક્રમ હેઠળ શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે શૌચાલયો મંજૂર કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**અમરેલી જિલ્લામાં મનરેગા યોજનામાં કામોની મંજૂરી**

૨૭૨૭૭ **શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ(બાબરા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ મનરેગા યોજનામાં તાલુકાવાર ત્રણ વર્ષમાં કેટલા કામોની મંજૂરી અપાઈ,

(૨) કેટલા કામો પૂરા થયા, અને

(૩) કેટલા કામો પૂરા કરવાના બાકી છે?

**જવાબ**

(૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ મનરેગા યોજનામાં તાલુકાવાર ત્રણ વર્ષમાં મંજૂર થયેલ કામોની વિગત પરિશિષ્ટ-૧ મુજબ છે.

(૨) પૂરા થયેલ કામોની વિગત પરિશિષ્ટ-૨ મુજબ છે.

(૩) બાકી કામોની વિગત પરિશિષ્ટ-૩ મુજબ છે.

**પરિશિષ્ટ-૧**

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ તા. ૦૧-૦૧-૦૯ થી ૩૧-૧૨-૦૯ | વર્ષ તા. ૦૧-૦૧-૧૦ થી ૩૧-૧૨-૧૦ | વર્ષ તા. ૦૧-૦૧-૧૧ થી ૩૧-૧૨-૧૧ |
|---|---|---|---|---|
| ૧ | અમરેલી | ૧૩૭૮ | ૧૧૮૪ | ૨૩૩ |
| ૨ | બાબરા | ૧૪૪૯ | ૧૫૩૫ | ૧૪૫ |
| ૩ | બગસરા | ૧૪૦૧ | ૧૩૦ | ૧૩૫ |
| ૪ | ધારી | ૧૩૦૧ | ૧૫૬૬ | ૨૫૫ |
| ૫ | જાફરાબાદ | ૧૩૫૬ | ૧૪૧૬ | ૨૦૮ |
| ૬ | ખાંભા | ૧૩૬૯ | ૧૧૮૮ | ૧૪૨ |
| ૭ | કુકાવાવ | ૧૭૧૩ | ૭૧૯ | ૨૩૮ |
| ૮ | લાઠી | ૧૫૨૯ | ૧૩૫૯ | ૧૮૬ |
| ૯ | લીલીયા | ૧૦૮૦ | ૧૫૧૦ | ૧૮૬ |
| ૧૦ | રાજુલા | ૧૭૨૪ | ૧૫૫૫ | ૨૧૭ |
| ૧૧ | સાવરકુંડલા | ૧૭૮૦ | ૧૬૨૬ | ૨૫૫ |
| | કુલ | ૧૬૦૮૦ | ૧૩૭૮૮ | ૨૨૦૦ |

**પરિશિષ્ટ-૨**

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ તા. ૦૧-૦૧-૦૯ થી ૩૧-૧૨-૦૯ | વર્ષ તા. ૦૧-૦૧-૧૦ થી ૩૧-૧૨-૧૦ | વર્ષ તા. ૦૧-૦૧-૧૧ થી ૩૧-૧૨-૧૧ |
|---|---|---|---|---|
| ૧ | અમરેલી | ૯૧૭ | ૪૨ | ૧૭ |
| ૨ | બાબરા | ૧૧૦૯ | ૫૪ | ૧૫ |
| ૩ | બગસરા | ૫૭૧ | ૪૬ | ૨૮ |
| ૪ | ધારી | ૭૨૬ | ૦૦ | ૦૦ |
| ૫ | જાફરાબાદ | ૮૧૬ | ૬૬ | ૦૩ |
| ૬ | ખાંભા | ૮૦૦ | ૪૪ | ૨૪ |
| ૭ | કુકાવાવ | ૯૭૯ | ૫૪ | ૨૩ |
| ૮ | લાઠી | ૯૭૦ | ૧૪ | ૪૧ |
| ૯ | લીલીયા | ૭૭૮ | ૧૮ | ૨૩ |
| ૧૦ | રાજુલા | ૧૦૪૬ | ૩૦ | ૨૧ |
| ૧૧ | સાવરકુંડલા | ૧૦૪૬ | ૫૪ | ૦૩ |
| | કુલ | ૯૭૫૮ | ૪૨૨ | ૧૯૮ |

**પરિશિષ્ટ-૩**

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ તા. ૦૧-૦૧-૦૯ થી ૩૧-૧૨-૦૯ | વર્ષ તા. ૦૧-૦૧-૧૦ થી ૩૧-૧૨-૧૦ | વર્ષ તા. ૦૧-૦૧-૧૧ થી ૩૧-૧૨-૧૧ |
|---|---|---|---|---|
| ૧ | અમરેલી | ૪૬૧ | ૧૧૪૨ | ૨૧૬ |
| ૨ | બાબરા | ૩૪૦ | ૧૪૮૧ | ૧૩૦ |
| ૩ | બગસરા | ૮૩૦ | ૮૪ | ૧૦૭ |
| ૪ | ધારી | ૫૭૫ | ૧૫૫૬ | ૨૫૫ |
| ૫ | જાફરાબાદ | ૫૪૦ | ૧૩૫૦ | ૨૦૫ |
| ૬ | ખાંભા | ૫૬૯ | ૧૧૪૪ | ૧૧૮ |
| ૭ | કુકાવાવ | ૭૪૦ | ૬૬૫ | ૨૧૫ |
| ૮ | લાઠી | ૫૫૯ | ૧૩૪૫ | ૧૪૫ |
| ૯ | લીલીયા | ૩૦૨ | ૧૪૯૨ | ૧૬૩ |
| ૧૦ | રાજુલા | ૬૭૮ | ૧૫૨૫ | ૧૯૬ |
| ૧૧ | સાવરકુંડલા | ૭૩૪ | ૧૫૭૨ | ૧૫૨ |
| | કુલ | ૬૩૨૨ | ૧૩૩૬૬ | ૨૦૦૨ |

---------

## સુરેન્દ્રનગર જિલ્લામાં પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારોને મૉડેલ ફેરપ્રાઇસ શોપ તરીકે જાહેર કરવા બાબત

૨૭૨૨૭ **શ્રીમતિ વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ અને વર્ષ ૨૦૧૧-૧૨ માં તા.૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ પંડીત દીનદયાળ ગ્રાહક ભંડારો પૈકી કેટલા ભંડારોને મોડેલ ફેરપ્રાઇસ શોપ તરીકે જાહેર કરવામાં આવ્યા,

(૨) કેટલી દુકાનો મોડેલ ફેરપ્રાઇસ શોપ તરીકે જાહેર કરવાની બાકી, અને

(૩) તે ક્યાં સુધીમાં જાહેર કરવામાં આવશે ?

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૧-૪-૨૦૧૦ પહેલા જિલ્લાની તમામ ૬૨૪ વાજબી ભાવની દુકાનોને મોડેલ શોપમાં રૂપાંતર કરવામાં આવી છે. તેથી વર્ષ ૨૦૧૦-૧૧ અને વર્ષ ૨૦૧૧-૧૨ માં વાજબી ભાવની દુકાનો રૂપાંતર કરવાની બાકી નથી.

(૨) એકપણ દુકાન મોડેલ ફેરપ્રાઇસ શોપ તરીકે જાહેર કરવાની બાકી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## અમરેલી જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો

૨૭૨૪૨ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં ડિસેમ્બર-૧૧ માં યોજાયેલ ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં કેટલી ગ્રામ પંચાયતોમાં ચૂંટણી થઇ,

(૨) કેટલી ગ્રામ પંચાયતો સમરસ થઇ, અને તે પૈકી કેટલી ગ્રામ પંચાયતો મહિલા સમરસ થઇ,

(૩) આ સમરસ ગ્રામ પંચાયતોને અનુદાનની રકમ ચૂકવવામાં આવી છે કે કેમ, અને

(૪) જો હા, તો કેટલી ગ્રામ પંચાયતોને રકમ ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) ૪૯૬ (ચોરસો છન્નુ) ગ્રામ પંચાયત.

(૨) ૧૪૩ ગ્રામ પંચયતો સમરસ થઇ. તે પૈકી ૨૮ ગ્રામ પંચાયતો મહિલા સમરસ થઇ.

(૩) ના, જી.

(૪) પ્રશ્ન નથી.

## સુરત જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં અનુસૂચિત જનજાતિના લોકોને એલ.પી.જી. ગેસ કનેકશન

૨૭૨૬૦ **શ્રી નાનુભાઇ ભ. વાનાણી( સુરત શહેર ઉત્તર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન વનબંધુ કલ્યાણ યોજના હેઠળ સરકાર દ્વારા તા.૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ અનુસૂચિત જનજાતિના કેટલા લાભાર્થીઓને એલ.પી.જી. ગેસ કનેકશન આપવામાં

**જવાબ**

(૧) સુરત જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન વનબંધુ કલ્યાણ યોજના હેઠળ અનુસૂચિત જનજાતિના ૫૨૫ લાભાર્થીઓને એલ.પી.જી. ગેસ કનેકશન આપવામાં આવ્યા.

આવ્યા,

(૨) બાકીનાને ક્યારે એલ.પી.જી. ગેસ કનેક્શન આપવામાં આવશે, અને

(૨) ૨૦૧૦-૧૧ ના વર્ષ માટે નિયત કરેલ લક્ષ્યાંક મુજબના પુરેપુરા ગેસ કનેક્શનો આપવામાં આવેલ હોઇ પ્રશ્ન રહેતો નથી.

(૩) તેમાં કેટલી સબસીડી આપવામાં આવી ?

(૩) લાભાર્થી દીઠ `૨૨૦૦/- લેખે ` ૧૧,૫૫,૦૦૦/- સબસીડી આપવામાં આવી.

---------

**સુરત જિલ્લામાં વોટરશેડ યોજનામાં મંજૂર કામો**

૨૭૨૪૯ **શ્રીમતિ ભારતીબેન અ. રાઠોડ( કામરેજ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ માં તા.૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ કેટલા વોટરશેડના કામો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા કામો પૂર્ણ થયા,

(૩) કેટલા કામો પૂર્ણ થવાના બાકી છે, અને

(૪) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) સુરત જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ માં ૨૫૮ કામો તથા વર્ષ ૨૦૧૧-૧૨ માં તા.૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ ૪૯૭ કામો, એમ કુલ ૭૫૫ કામો મંજૂર કરવામાં આવેલ હતા.

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ ૨૫૩ કામો પૂર્ણ થયેલ છે.

(૩) ૫૦૨ કામો પૂર્ણ થવાના બાકી છે.

(૪) તે તા.૩૧-૩-૨૦૧૩ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.

---------

**પાટણ જિલ્લા પંચાયત/તાલુકા પંચાયતોમાં કારકુનની મંજૂર જગ્યાઓ**

૨૭૨૩૮ **શ્રી રજનીકાન્ત સો. પટેલ(ચાણસ્મા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં પંચાયત અને તાલુકા પંચાયતોમાં સને ૨૦૧૧ માં કારકુનોની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરવામાં આવેલ છે અને કેટલી જગ્યાઓ ભરવાની બાકી છે,

(૩) આ બાકી જગ્યાઓ સરકાર ભરવા માંગે છે કે કેમ, અને

(૪) જો હા, તો ક્યા સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) પાટણ જિલ્લા પંચાયતની કારકુનોની ૫૫ જગ્યા અને તાલુકા પંચાયતોમાં કારકુનોની ૫૦ જગ્યાઓ મંજૂર થયેલ છે.

(૨)

| કચેરી | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| જિલ્લા પંચાયત | ૩૮ | ૧૭ |
| તાલુકા પંચાયત | ૩૬ | ૧૪ |
| **કુલઃ** | **૭૪** | **૩૧** |

(૩) હા, જી.

(૪) બનતી ત્વરાએ ભરવાનું આયોજન છે.

---------

**આદિજાતિ વિકાસ ખાતાના માધ્યમિક શિક્ષણની ઉત્તર બુનિયાદી શાળાના કર્મચારીઓને ઘરભાડા ભથ્થું**

૨૬૦૪૪ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત( વ્યારા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૧ ની સ્થિતિએ ઉત્તર બુનિયાદી આશ્રમ શાળાઓના કર્મચારીઓને સરકારના ધારા ધોરણ મુજબ આદિજાતિ વિકાસ વિભાગ માધ્યમિક શિક્ષણ ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓને કર્મચારીઓને ઘરભાડા ભથ્થું અપાતું નથી તે હકિકત સાચી છે,

**જવાબ**

(૧) હા, જી.

(૨) જો હા, તો ઘરભાડું નહીં ચૂકવવાના કારણો શા છે, અને

(૨) આદિજાતિ વિકાસ વિભાગના આશ્રમશાળા/ઉત્તર બુનિયાદી આશ્રમશાળા મંજુર કરવા અંગેના માર્ગદર્શક સિધ્ધાંતોના ઠરાવ ક્રમાંકઃ અમશ/૧૪૯૨/૨૬૬૧/ગ, તા.૨૧-૯-૯૪ના સિધ્ધાંત નં. ૧૧ માં સંચાલક મંડળે શિક્ષક/કર્મચારીઓની રહેણાંકની વ્યવસ્થા જે તે ગામમાં જ કરવાની રહેશે તેવી જોગવાઇ હોઇ ઘરભાડું ચૂકવવામાં આવતું નથી.

(૩) સરકાર આ ઘરભાડું ક્યાં સુધીમાં આપશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## જામનગર જિલ્લામાં પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારોને મોડેલ ફેરપ્રાઇસ શોપ તરીકે જાહેર કરવા બાબત

૨૭૨૫૮ **શ્રી લાલજીભાઇ પ્રે. સોલંકી(જામનગર ગ્રામ્ય) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જામનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ વર્ષ ૨૦૧૦-૧૧ અને વર્ષ ૨૦૧૧-૧૨ માં પંડીત દીનદયાળ ગ્રાહક ભંડારો પૈકી કેટલા ભંડારોને મોડેલ ફેરપ્રાઇસ શોપ તરીકે જાહેર કરવામાં આવ્યા,

(૧) જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧માં ૧૧ દુકાનો અને વર્ષ ૨૦૧૧-૧૨ માં ૮ મળી કુલ ૧૯ દુકાનોને મોડેલ ફેરપ્રાઇસ શોપ તરીકે જાહેર કરેલ છે.

તા.૧-૪-૨૦૧૦ પહેલા ૪૯૯ પંડીત દીનદયાળ ગ્રાહક ભંડારોને મોડેલ ફેરપ્રાઇસ શોપ તરીકે જાહેર કરવામાં આવેલ છે.

(૨) કેટલી દુકાનો મોડેલ ફેરપ્રાઇસ શોપ તરીકે જાહેર કરવાની બાકી છે, અને

(૨) ૭૪.

(૩) તે ક્યાં સુધીમાં જાહેર કરવામાં આવશે ?

(૩) મોડેલ ફેરપ્રાઇસ શોપ બનાવવા માટે દુકાનદારની તત્પરતા તથા નિયમોનુસારની કાર્યવાહી પૂર્ણ થયેથી.

---------

## ગુજરાત પંચાયત અધિનિયમ મુજબ બે બાળકોથી વધુ બાળકો હોય તો ચૂંટણી ન લડવા બાબત

૨૭૨૯૭ **શ્રી ધીરસિંહ ક. બારડ(કોડીનાર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ ની કલમ-૧૧ પેટા કલમ-૧ માં ખંડ 'ઝ' મુજબના સુધારા અન્વયે બાળકોની સંખ્યા અંગે જોગવાઇ થયેલ છે તે પ્રમાણે તા.૪-૮-૨૦૦૫ પછી બે થી વધુ બાળકો હોય તો ચૂંટણી લડી શકતાં નથી તેવી જોગવાઇ થયેલ છે તે હકીકત ખરી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો કોડીનાર તાલુકાની હરમડીયા ગ્રામ પંચાયતના ત્રણ સભ્યો જોગવાઇ પ્રમાણે બે થી વધુ બાળકો હોવા છતાં ચૂંટણી લડેલ છે તેનું સભ્યપદ રદ કરવા તા.૩૧-૧-૧૨ ની સ્થિતિએ છેલ્લાં બે માસમાં કેટલી ફરિયાદ મળેલ છે,

(૨) કુલ-૩ (ત્રણ) ફરીયાદ મળેલ છે.

(૩) આ મળેલ ફરિયાદ અન્વયે કઇ કઇ તારીખે તપાસ થયેલ, અને

(૩) તા.૧૭-૨-૨૦૧૨ ના રોજ તપાસ કરવામાં આવેલ છે.

(૪) તેની વિગતો શી છે ?

(૪) હરમડીયા ગ્રામ પંચાયત (૧) વોર્ડ નં. ૬ ના સભ્ય શ્રીમતી કંચનબેન બટુકભાઈ સરવૈયા (૨) વોર્ડ નં. ૮ ના સભ્યશ્રી જગદીશભાઈ માનભાઈ ખસીયા તેમજ (૩) વોર્ડ નં.૧૩ ના સભ્યશ્રી બાવુભાઈ સામતભાઈ ગોહિલ આ ત્રણે સભ્યો બે કરતાં વધુ બાળકો ધરાવે છે.

તા.૬ ઠ્ઠી માર્ચ, ૨૦૧૨.
અતારાંકિત પ્રશ્નો

## વડોદરા જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં પડતર કેસો

૨૭૨૫૬ **શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ( વાઘોડીયા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તા.૩૧–૧–૨૦૧૧ ની સ્થિતિએ ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં કુલ કેટલા કેસો પડતર હતાં,

(૨) સન ૨૦૧૧ માં કેટલા કેસો નવા દાખલ થતાં કુલ કેટલા કેસો થયા, અને

(૩) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલા કેસોનો નિકાલ થયો અને કેટલા બાકી છે ?

**જવાબ**

(૧)

| | |
|---|---|
| વડોદરા (મુખ્ય) | ૨૬૦૫ |
| વડોદરા (એડીશનલ) | ૨૮૦૯ |
| **કુલઃ** | **૫૪૧૪** |

(૨)

| કચેરીનું નામ | નવા દાખલ કેસો | તા.૩૧–૧–૨૦૧૧ ના બાકી કેસો | કુલ કેસો |
|---|---|---|---|
| વડોદરા (મુખ્ય) ફોરમ | ૫૦૧ | ૨૬૦૫ | ૩૧૦૬ |
| વડોદરા (એડીશનલ) ફોરમ | ૩૭૨ | ૨૮૦૯ | ૩૧૮૧ |
| **કુલઃ** | **૮૭૩** | **૫૪૧૪** | **૬૨૮૭** |

(૩) તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ નિકાલ થયેલ કેસો તથા બાકી કેસોની વિગતો નીચે પ્રમાણે છે.

| | નિકાલ કેસો | બાકી કેસો |
|---|---|---|
| વડોદરા (મુખ્ય) ફોરમ | ૯૧૧ | ૨૧૯૨ |
| વડોદરા (એડીશનલ) ફોરમ | ૧૦૪૫ | ૨૨૩૩ |
| **કુલઃ** | **૧૯૫૬** | **૪૩૩૫** |

---------

## વલસાડ અને નવસારી જિલ્લામાં ભેળસેળના પકડાયેલા કિસ્સાઓ

૨૫૯૭૨ **શ્રી છનાભાઇ કો. ચૌધરી( ધરમપુર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વલસાડ અને નવસારી જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ ભેળસેળવાળા પદાર્થ વેચવાના કેટલા કિસ્સાઓ છેલ્લા એક વર્ષમાં પકડવામાં આવ્યા,

(૨) ખાદ્યપદાર્થ અને અન્ય ભેળસેળના કિસ્સામાં પકડાયેલા ઇસમો સામે શાં પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) વલસાડ જિલ્લામાં ૧૦ અને નવસારી જિલ્લામાં ૩ કિસ્સાઓ પકડવામાં આવ્યા.

(૨) પકડાયેલ ઇસમો સામે કોર્ટ કાર્યવાહી કરવામાં આવી છે.

## માંડવી અને સોનગઢ તાલુકામાં ટ્રાયબલ સબ પ્લાન દ્વારા ખેડૂતોને બિયારણ કીટ

૨૭૩૩૭ **શ્રી કુંવરજીભાઇ ન. હળપતિ( બારડોલી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૧૨ ની સ્થિતિએ સુરત જિલ્લાના માંડવી અને તાપી જિલ્લાના સોનગઢ ટ્રાયબલ સબ પ્લાન હેઠળ છેલ્લાં બે વર્ષમાં કેટલાં ખેડૂતોને બિયારણોની કીટ આપવામાં આવી, અને

(૨) ક્યા–ક્યા પ્રકારના બિયારણોની કીટ આપવામાં આવી ?

**જવાબ**

(૧)

| ટ્રાયબલ સબ પ્લાન | લાભાર્થી (ખેડૂત) સંખ્યા |
|---|---|
| માંડવી (જિ. સુરત) | ૧૪૧૭૦ |
| ડી–સેગ | ૧૩૫૬ |
| સોનગઢ (જિ. તાપી) | ૧૨૬૨૮ |
| ડી–સેગ | ૧૫૦૬૯ |

(૨) મિશ્ર શાકભાજી કીટ, ચારસુત્રીય ડાંગર કીટ, ભીંડા, શાકભાજી વાવેતર કીટ, ધાન્ય પાક/કઠોળ પાક કીટ (ઘઉંની કીટ), ઉનાળું મગફળી કીટ.

---------

# વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

**બિન–સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના ઓગણીસમા અહેવાલની રજૂઆત**

**શ્રી નારાયણભાઇ લ. પટેલ(સમિતિના પ્રમુખશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું બિન–સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિનો ઓગણીસમો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**બિન–સરકારી સભ્યોના કામકાજ માટની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

**શ્રી નારાયણભાઇ લ. પટેલ(સમિતિના પ્રમુખશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ બિન–સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના ઓગણીસમા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

# અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પ્રથમ દિવસ)

**અધ્યક્ષશ્રીની જાહેરાત**

**અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલા દિવસ) અંગે**

**અધ્યક્ષશ્રી :** માનનીય સભ્યશ્રીઓ જાણે છે કે, અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચા માટે ચાર દિવસ ફાળવવામાં આવ્યા છે. અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચા દરમ્યાન આખા અંદાજપત્ર ઉપર અથવા તો તેમાં સમાયેલા કોઇ સિદ્ધાંતના પ્રશ્ન ઉપર ચર્ચા કરી શકાય. જુદા જુદા વિષય અગર તો સેવાની અગત્યત અનુસાર ખર્ચની યોગ્ય ફાળવણી, અંદાજપત્રમાં દર્શાવ્યા પ્રમાણેના કર નાખવાની નીતિ અને માનનીય નાણામંત્રીશ્રીના પ્રવચન અંગે ચર્ચા કરી શકાય. પરંતુ ખાતાઓની ઝીણી ઝીણી વહીવટી વિગતો કે સ્થાનિક પ્રશ્નોની છણાવટ અંદાજપત્રની સામાન્ય ચર્ચા વખતે નહીં પણ અનુદાનોની માગણીઓ ઉપરની ચર્ચા વખતે કરવાની હોય છે. માનનીય સભ્યશ્રીઓ આ બાબત ધ્યાનમાં રાખશે તો પુન:રોક્તિ થશે નહીં અને ચર્ચા ઉપયોગી થઇ શકશે.

# અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પ્રથમ દિવસ) (ક્રમશઃ)

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા(પોરબંદર) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી ૨૦૧૨–૨૦૧૩નું જે બજેટ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યકત કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રી અનુભવી છે અને અપેક્ષા એવી રખાતી હતી કે, આ અનુભવનો લાભ છે એ સમાજના આમ જનતાને મળે એ પ્રકારની નીતિઓ, એ પ્રકારની કરની નીતિઓ અને એ પ્રકારની સમાજ કલ્યાણની નીતિઓ સાથેનું આ બજેટ હશે. અને જયારે દેશનો માહોલ એવો હોય કે જે લોકો આ પ્રકારે વર્તન નથી કરતા એમને પ્રજા પદાર્થ પાઠ શીખવાડતી હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, અને આ પ્રકારની નીતિઓવાળાઓને આ પહેલી વખત પદાર્થ પાઠ મળે છે એવું નહીં, છ મહિના પહેલાં દેશની અંદર ચૂંટણીઓ થઇ, આઠસો કરતાં વધારે બેઠકોની ચૂંટણીઓ થઇ પણ નાણામંત્રીશ્રી જે પક્ષમાંથી આવે છે એને બે આંકડાની સીટો પણ ન મળી, આઠ સીટો પણ નહોતી મળી, આ શું ? મને એમ લાગે છે કે, આજે પ્રશ્નોત્તરી દરમિયાન ઘણા લોકો અભિનંદન પાઠવતા હતા. એ એ પ્રજાને કદાચ અભિનંદન પાઠવતા હશે કે દરેક જગ્યાએ, ગોવાને બાદ કરતાં કોંગ્રેસ પક્ષની સીટો લગભગ દોઢી થઇ છે અને બમણી થઇ છે અને જે

સભ્યો બોલતા હતા એની સીટોમાં ઘણો બધો ઘટાડો થયો છે. એ તો સારું થયું કે, આપના સાહેબને ત્યાં બોલાવ્યા નહીં અને જો બોલાવ્યા હોત તો લગભગ સફાયો થયો હોત. માનનીય અધ્યક્ષશ્રી, પણ આ તો બહારની વાત થઇ. હું તો મારા બજેટના પ્રવચન ઉપર આવું છું. માનનીય મંત્રીશ્રી આજે જે બજેટ લઇને આવ્યા છે એમાં મારે આંકડાઓની બહાર કયાંય જવું નથી અને હું માનનીય નાણા મંત્રીશ્રીનો આભાર માનીશ કે જાણ્યેઅજાણ્યે એ અમને પ્રકાશનો આપી દે છે એ પ્રકાશનમાંથી મારે બોલવું છે. મારે એ પહેલા આપણા કવિ હતા સ્વ. રાવજીભાઇ પટેલ. બહુ નાની ઉંમરે એમનું અવસાન થયું. એમ કહેવાય છે કે જો તેઓ જીવ્યા હોત તો આંતરરાષ્ટ્રીય કક્ષાએ એમને પ્રાઇઝ મળ્યું હોત. એ સ્વ. રાવજી પટેલનું એક સ્વ. હુંશીલાલની યાદમાં એમણે એક કવિતા લખી હતી એ કવિતાની થોડી પંકિત આપને કહું છું. એમાં લખ્યું છે કે

!! તમારા થુંકની ગંગા વહે છે કાનમાં બાપા, તમારા થુંકની જૈ જૈ થતી હતી ગામમાં બાપા, તમારા થુંકથી લાખો, કરોડો રૂપિયા ભેગા થતા હતા, તમારા થુંકમાંથી બંગલા બેઠા થતા હતા, તમારા થુંકથી અળગા થયેલા બે જણા ચોંટી જતા હતા, તમારું થુંક ઔષધ લોકનું, તમારું થુંક અમર મૃત્યુનું, તમારા થુંકનો બાજોટ મારા દેવ, તમારા થુંકનું આચમન લેવા રાજદેવો જન્મ લેતા હતા રોજ. હાય હુંસીલાલ હાય હાય. હાય રુપાળા હાય હાય, હાય સાત ખોટના હાય હાય.!!

માનનીય અધ્યક્ષશ્રી, આ સ્વ. રાવજી પટેલે આ કવિતા લખી છે. મારે એમાં વિશેષ કહેવું નથી પણ આપણે ત્યાં પ્રચાર બહુ થાય છે કે ગુજરાત એ દેશનું ગ્રોથ એન્જીન છે અને દેશના તમામ રાજયો કરતા એનો વિકાસ દર બધા કરતાં આગળ છે. જી.ડી.પી. ગ્રોથ રેટમાં આગળ છે પણ મારે તો જે મને આંકડા અપાયા છે તે ડોમેસ્ટીક પ્રોડકટ ગુજરાત સ્ટેટ ૨૦૦૮-૦૯ છેલ્લું પ્રકાશન મારી પાસે છે અને એ છેલ્લા પ્રકાશનની અંદર જે આંકડા આપ્યા છે એ આંકડાની અંદર ગુજરાત જી.ડી.પી. ગ્રોથ રેટ છેલ્લા છ વર્ષની અંદર ૨૦૦૪-૦૫ થી શરૂ કરીને ૨૦૦૯-૧૦ એમાં ગુજરાતનો જે જી.ડી.પી. છે એ કેટલા ગણો થયો એના આંકડા મારી પાસે છે. એમાં ઉત્તરાખંડનું જે ઘરગથ્થું ઉત્પાદન છે એ ૨૫૦.૬૫ ટકા વધ્યું. છત્તીસગઢનું ૨૨૯.૪૬ ટકા વધ્યું. હરિયાણામાં ૨૨૬.૯૧ ટકા વધ્યું. બિહારનું ૨૨૫.૩૧ ટકા, મહારાષ્ટ્રનું ૨૧૭.૮૦ ટકા, દિલ્હીનું ૨૧૭.૧૫ ટકા, ઓરિસ્સાનું ૨૧૧.૯૭ ટકા, તામિલનાડુનું ૨૧૧.૬૫ ટકા, આંધ્રપ્રદેશનું ૨૧૧.૫૦ ટકા અને ગુજરાત દસમા ક્રમે ૨૧૧.૧૨ ટકા. આપણે એમ કહીએ છીએ કે ગ્રોથ એન્જીન છે અને આપણે ભારતની સાથે સરખાવીએ પણ આ મારા મિત્રોને કોણ સમજાવે કે રાજયોની હરિફાઇ રાજયો સાથે થાય અને આખા બધા રાજયોની એવરેજ છે એ દેશની એવરેજ છે પરંતુ જે નબળા રાજયો છે, ગરીબ રાજયો છે એ રાજયો છત્તીસગઢ, ઓરિસ્સા, આંધ્રપ્રદેશ આ બધા રાજયો છે એ આપણા કરતા આગળ છે. બીજું એમ કહેવામાં આવ્યું કે કૃષિ સેકટરની અંદર આપણે બહુ આગળ છીએ. આજે મને બુકલેટ આપી છે પ્રકરણ-૨માં લખ્યું છે કે કૃષિ સેકટર વરસાદ આધારિત સેકટર હોવાને કારણે વરસાદના પ્રમાણમાં કૃષિ ઉત્પાદન ઉંચુનીચું રહે છે. આ વરસાદની અસર ઓવરઓલ ઇકોનોમી ઉપર પણ પડે છે જેથી જી.એસ.ડી.પી.માં કૃષિ વિભાગનું જે પ્રદાન છે એ અમુક ટકાથી વધતું નથી. એમાં જે કૃષિ ઉત્પાદનના આંકડા આપ્યા છે એમાં ૨૦૦૭-૦૮માં આપણું જે કૃષિ ઉત્પાદન છે એ ૩૨૪૦૮ કરોડ હતું. એ જે ૨૦૦૮-૦૯ માં ઘટીને ૨૮૫૦૬ કરોડ એટલે કે ૧૨.૦૪ નો ઘટાડો કૃષિ ઉત્પાદનમાં થયો. આનું કારણ શું બતાવ્યું છે આપણા વરસાદનો વધઘટનો આધાર છે, એ દક્ષિણ પશ્ચિમના પવનોના કારણે થાય છે. જ્યારે ઘટે ત્યારે દક્ષિણ પશ્ચિમના પવનોના કારણે ઘટે. દેશમાં, રાજયમાં વરસાદ વધે ત્યારે અમારા સાહેબના કારણે વધે છે. કેવું જાદુ કરી શકે છે આપણા સાહેબ અને એના કારણે કૃષિ ક્ષેત્રમાં ગુજરાતનું ઘટેલું ઉત્પાદન અગિયારમી પંચવર્ષીય યોજનામાં એટલે કે ૨૦૦૫ થી ૨૦૦૯ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના શાસનમાં માત્ર ૩.૧ ટકા રહ્યું અને ૧૫ ટકા, ૧૨ ટકા ૧૦ ટકા ક્યાંથી લઇ આવ્યા છે, તેની ખબર પડતી નથી. ઘરગથ્થું ઉત્પાદન છે એ ૧૦.૧ ટકા. મેં કહ્યું તેમ બીજા રાજયો આપણા કરતા ૧૦.૧ ટકા વધારે હોય તો કહે કે રાષ્ટ્રીય એવરેજ કરતા અમારું આટલું છે. અરે, ગુજરાત, મહારાષ્ટ્ર રાષ્ટ્રીય એવરેજ કરતા કાયમ આગળ રહેવાના, એને કોઇ અટકાવી શકે નહિ. આજે નહિ, સ્થાપના કાળ પછી ગુજરાત ૧૯૮૦ પછી ગુજરાત હંમેશા અગ્રિમ હરોળના રાજયમાં રહ્યું છે. એમ વાત કરવામાં આવી કે આપણા મહત્વના પાકનું ઉત્પાદન બહુ વધારીએ છીએ. એમ કહેવાયું કે ૨૦૦૭-૦૮ ના

પ્રમાણમાં ૨૦૦૮-૦૯ માં કેટલું ઉત્પાદન ઘટ્યું એના આંકડા આપું છું. ફુડ ગ્રેઇનમાં એટલે કે અનાજમાં ૨૨.૭ ટકા ઉત્પાદન ઘટયું. આ બુકમાં લખ્યું છે. બીજે કયાંય નથી. ઓઇલ શીડ્સ એટલે તેલીબિયામાં ૧૬.૩ ટકા ઘટયું. મસાલાની અંદર ૨૫.૭ ટકા ઉત્પાદન ઘટયું. કપાસની અંદર ૧૫.૨ ટકા ઉત્પાદન ઘટયું અને તમાકુમાં ૧૧.૪ ટકા ઉત્પાદન ઘટયું. નિકાસ તો થશે આને કોઇ રોકી શકવાનું નથી. સવાલ એ કરું છું કે કોટનમાં ચિંતા હતી તો મહારાષ્ટ્રમાં ૨૦૦૦ કરોડનું પેકેજ કપાસ ઉગાડનાર ખેડૂતોને આ વર્ષે અપાયું તો અહીયા ગુજરાતમાં ડુંગળી અને બટાટા રાજય સરકારે ખરીદવા જોઇએ, એના બદલે ખેડૂતોએ રોડ ઉપર ફેકી દીધા. એને કાઢવાનું ખર્ચ પણ આ રાજયની અંદર મુખ્યમંત્રીશ્રીના રાજમાં થયું છે. ભૂતકાળમાં કોંગ્રેસની સરકારો હતી, ત્યારે એ વખતે બજારમાંથી મગફળી ખરીદતા, એના કારણે મગફળીના ભાવ ખેડૂતોને વધારે મળતા. એની સામે જયારે લીંક પિરિયેડ હોય, ચોમાસાનો પિરિયેડ હોય તેલનો ભાવ વધે, ત્યારે ખરીદેલું તેલ બજારમાં આવે અને સસ્તા ભાવે તેલ આપી શકાય. ગુજરાતની અંદર સરકારની નીતિના કારણે એવું થયું કે મગફળીના ભાવ ખેડૂતોને ન મળ્યા અને જે તેલ સસ્તા ભાવે લોકોને મળવું જોઇએ, એના બદલે આજે લોકોનું તેલ નીકળી રહ્યું છે. ખેતીવાડીની દશા આપણી આવી છે. આપણા જે બીજા લોકો છે. આપણું આ એક લાખ કરોડ રૂપિયાનું બજેટ કોના ભાગમાં આવવાનું છે એ હું પછી કહીશ, પરંતુ આખા હિન્દુસ્તાનની અંદર જે હ્રુમન ડેવલપમેન્ટ ઇન્ડેક્ષ માનવ સૂચકાંક જેમનો નબળો છે, તે રાજયોના મુખ્યમંત્રીશ્રીઓને પ્લાનિંગ કમિશને બોલાવી એમની સામે પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું કે તમારા રાજયની સ્થિતિ કેટલી નબળી છે? આપણા મુખ્યમંત્રીશ્રીએ દેશના માનવ સૂચકાંક બાબતે વડાપ્રધાનને પ્રશ્ન પૂછે, પણ વડાપ્રધાન તો માનવ સૂચકાંક વધે એટલા માટે દરેક વિભાગને જોઇએ એટલાં નાણાં આપે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા બાળકો માટે * (xxxxxxx) (xxxxxxx) આપણે વડાપ્રધાનને સલાહ આપવાને બદલે રકાબીમાં પાણી લઇને તેમાં આપણું મોઢું જોવું જોઇએ કે આપણે કઇ જગ્યાએ છીએ. કેરાલાની અંદર બાળક જન્મે એટલે કેટલા વર્ષો જીવશે તેને લાઇફ એકસપેટન્સી ઓફ બર્થ કહેવાય. કેરાલાની અંદર ૭૪ વર્ષ, પંજાબની અંદર ૬૯.૦૪ વર્ષ, તામિલનાડુની અંદર ૬૬.૦૨, હરિયાણાની અંદર ૬૬.૦૨, કર્ણાટકાની અંદર ૬૫.૦૩, વેસ્ટ બેંગાલની અંદર ૬૪.૦૯ અને આંધ્રપ્રદેશમાં ૬૪.૦૪ જયારે ગુજરાતમાં ૬૪.૦૧. આપણું એવરેજ આયુષ્ય જે આપણે અપેક્ષિત કરીએ છીએ તે ૬૪.૦૧ ગુજરાતનું છે જયારે કેરાલાનું ૭૪ વર્ષ છે. ઇન્ફન્ટ મોર્ટાલિટી રેટ જે સૌથી વધુ મહત્વનું છે કે બાળકની તંદુરસ્તી કેવી છે? જે બાળકો જીવે છે તેમાં ૧૦૦૦ બાળકોએ કેટલા બાળકો મરે છે તેના આંકડા છે. કેરાલાની અંદર માત્ર ૧૨ બાળકો મરે છે. તામિલનાડુની અંદર ૩૧, મહારાષ્ટ્રમાં ૩૩, વેસ્ટ બેંગાલમાં ૩૫, પંજાબની અંદર ૪૧, કર્ણાટકની અંદર ૪૫ અને આપણા ગુજરાતની અંદર ૫૦. કેરાલાના ૧૨ ની સામે ૫૦. તે જ રીતે માતાઓ છે તે કેટલી મૃત્યુ પામે છે? મેટરનલ મોર્ટાલિટી રેટ. તેના આંકડા પણ આપેલા છે. કેરાલાની અંદર ૪.૯ માતાઓ મૃત્યુ પામે છે બાળકને જન્મ આપ્યા પછી તામિલનાડુ ૬.૬, મહારાષ્ટ્ર ૯.૩, વેસ્ટ બેંગાલ ૧૦ ગરીબ રાજય હોવા છતાં, આંધ્રપ્રદેશ ગરીબ રાજય ૧૦.૯, પંજાબ ૧૩.૭, કર્ણાટકા ૧૪.૦૦ અને ગુજરાત ૧૪.૦૮. આપણા નાણાં કયાં જાય છે તેના ઉપરથી આ પ્રતિતી થાય છે. માતા સુધી કે બાળક સુધી આપણા નાણાં પહોંચતા નથી. જે માતાઓને એનીમીયા થયેલ છે તેની ટકાવારી કેવા રાજયમાં કેટલી છે? કેરાલા પહેલા નંબરનું રાજય તેમાં ૩૨.૦૮ ટકા માતાઓ છે તે એનીમીયાવાળી છે. જયારે ગુજરાત ૧૭મા નંબરનું છેવાડાનું રાજય તેમાં ૫૫.૦૩ ટકા. વચ્ચે આપણા કરતાં બીજા ગરીબ રાજયો આવે છે તેના આંકડામાં હું નથી. પડતો. માતાઓ સુધી અને બાળકો સુધી આપણે નથી પહોંચતા. આપણે ખેડૂતો સુધી નથી પહોંચતા. ખેતીની વાત કરી તો ખેતીની અંદર આપણા રાજયનું ઉત્પાદન કેટલું? ૨૦૦૭-૦૮માં ૩૨૪૦૮ કરોડ રાજયની ૫૫ ટકા પ્રજા મહેનત કરે.

* (xxxxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવમાં આવ્યા છે

ખેડૂતો, ખેતમજૂરો બધા જ. છતાં ઉત્પાદન કેટલું થાય તો ૩૨૪૦૮ કરોડ જયારે * (xxxxxxx) (xxxxxxx)

અધ્યક્ષશ્રી :અર્જુનભાઇ આ સમગ્ર બાબત કોર્ટ મેટર છે એટલે તેનો ઉલ્લેખ આપ ન કરો. આંગણવાડી કેન્દ્રની આપે વાત કરી તે પણ કોર્ટ મેટર છે. પ્લીઝ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં રેફરન્સ કઇ બીજો કર્યો નથી. હકીકત સિવાયની...

અધ્યક્ષશ્રી : નહીં નહીં કોર્ટને આધીન હોય તેવા શબ્દોનો આપણે ઉલ્લેખ કરી શકતા નથી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, તેનાથી આગળ જઇને...

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

અધ્યક્ષશ્રી : તેમનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

# પોઇન્ટ ઓફ ઓર્ડર

### સબજયુડીશ બાબતના ઉલ્લેખ અંગે

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા:** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઇ પોતાના પ્રવચનની અંદર તેમણે જે મુદા ઉપસ્થિત કર્યા તેની અંદર રાજયના આંગણવાડી કેન્દ્રોને ન્યુટ્રીશન ફોર્ટીફાઇડ બ્લેન્ડેડ પૂરું પાડવા માટેનો મુદો હાલ હાઇકોર્ટમાં ન્યાયાધીન હોઇ અને તે મુદાને તેમણે એન્લાર્જ કરીને પોતાના પ્રવચનની અંદર મૂકયો છે. મને લાગે છે આ પ્રમાણેના જે મેટર સબજયુડીસ હોય તેના ઉલ્લેખો ન કરવા જોઇએ. આ રેકર્ડ ઉપરથી દૂર કરવા જોઇએ.

અધ્યક્ષશ્રી : આ કોર્ટ મેટર હોઇ આ બાબતે જે કઇ ચર્ચાઓ થઇ છે તે આપણે રેકર્ડ ઉપરથી દૂર કરીએ છીએ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ કોર્ટ મેટર નથી. આ કોર્ટ મેટર નથી. કોર્ટ મેટર હોય તો આપ ચકાસણી કરી આપ દૂર કરજો મને વાંધો નથી. આ કોર્ટ મેટર નથી.

અધ્યક્ષશ્રી : હું જોઇ લઇશ અને દૂર કરીશ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : જોઇ લીધા પછી આપ દૂર કરજો. માનનીય અધ્યક્ષશ્રી, એ સિવાય, આપણે અહીંયાં કહેવામાં આવે છે કે, બેટી બચાવો આંદોલન, માનનીય મુખ્ય મંત્રીશ્રી ભાષણ પણ બહુ કરે અને આમંત્રણ ન હોય તો પણ મોટી સંખ્યા જોઇને પહોંચી જાય, પણ હું આંકડા આપવા માગું છું કે, ઝીરોથી છ વર્ષની અંદર જે બાળકીનો જન્મદર વધ્યો, જન્મની અંદર કેટલી સંખ્યા એક હજારે વધી એની અંદર હું દાખલા આપવા માગું છું કે ૨૦૦૧ અને ૨૦૧૧ની વચ્ચે જે સરકારોએ પ્રયત્ન કર્યા, એને કારણે બાળકીનો જન્મમાં વધારો થયો, એક હજારે કેટલો વધારો થયો તો પંજાબની અંદર ૪૮ બાળકીનો વધારો થયો, ૨૦૦૧માં ૭૯૮ હતો એની જગ્યાએ ૨૦૧૧માં ૮૪૬ થયા, ચંડીગઢમાં ૨૨ બાળકીનો વધારો થયો, હરિયાણાની અંદર ૧૧, હિમાચલ પ્રદેશમાં ૧૦, આંદામાન અને નિકોબારની અંદર ૯, મિઝોરમની અંદર ૭, તાલીમનાડુની અંદર ૪ અને ગુજરાત આઠમા ક્રમે, માત્ર ૩ વધારી શકયા તો માનનીય અધ્યક્ષશ્રી, આ નાણાં ગયાં કઇ જગ્યાએ? આપણને સવાલ એ થાય કે આટલા નાણાં ગુજરાતની અંદર જો આપણે આપીએ તો ગુજરાતની પ્રજાની અંદર એનો માનવ વિકાસ થાય, એની આવક પણ વધે, પણ એ થયું નહીં. એનું કારણ એ છે કે એના પછી પણ વધારે એક લાખ અને ચોવીસ હજાર કરોડનો કરજનો આંકડો તો આ વખતે આપેલો છે. ગુજરાત છે આખા દેશનું સૌથી વધારેમાં વધારે પાંચમા નંબરનું વધારે કરજ ધરાવતું રાજય બની ગયું છે એટલા માટે કહું છું કે, આ પૈસા ક્યાં ગયા? ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, મારા ગામની બાજુમાં બનેલી એક ઘટના મને યાદ આવે છે, મારા ગામની બાજુમાં એક ગામમાં ભવાઇનો ખેલ નાખવા આવ્યા, અને એમાં

---

* (xxxxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવમાં આવ્યા છે.

એક ભાઇ હતા એ ભાઇ, બેડુ ઉતારવાનું હોય ગામડાની અંદર તો એમાં ચડાવો કરવામાં આવે, તો ચડાવો કરવાની અંદર એક ભાઇ છે એ ઉત્સાહમાં આવી ગયા અને બીજું કંઇ જોયા વગર ચડાવો કરતા ગયા, કરતા ગયા, કરતા ગયા, અને છેલ્લે બીજા કોઇએ ચડાવો ના કર્યો એટલે પેલા ભાઇએ બેડુ ઉતરાવ્યું, પૈસા રોકડા દેવાના ન હતા, સવારે આપવાના હતા. સવારે જે ભવાઇના કલાકારો હતા એ પેલા ભાઇને શોધવા નીકળ્યા, તો એ ઘરે નહીં, અને એ વખતે ગામના લોકો ભેગા થયા કે ભાઇ ગામની આબરૂ જાય, આપણે બધાયે ભેગા થવું જોઇએ, ભવાઇના કલાકારો છે એમને ચડાવાના પૈસા આપવા જોઇએ, એટલે એને શોધવા નીકળ્યા, શોધવા નીકળ્યા એટલે એક કટારાનો થોળ છે એના ઝાડની અંદર પેલા ભાઇ સંતાઇને બેઠા હતા એટલે બધાયે પકડ્યા કે ભાઇ, ગામની આબરૂ જાય, તારે પૈસા આપી દેવા જોઇએ.બધાએ કહ્યું કે તે શું કરવા આવું કર્યું તો કહે કે,ભાઇ, મારી પાસે પૈસા તો છે નહીં, તો બધા કહે કે તારે જમીન ગીરવે મૂકીને પણ આપવા પડશે પણ એ આ કર્યું શું કરવા? તો પેલાએ કહ્યું કે, ભાઇ, મને આ ભવાઇના કલાકારોએ મને છેલછબીલો કહ્યો એટલે મારાથી રહેવાયું નહીં, એટલે માનનીય અધ્યક્ષશ્રી, આપણા ત્યાં છેલછબીલા થવા માટે થઇ અને એક લાખ ચોવીસ હજાર કરોડનું કરજ અને માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગપતિઓને લગભગ બે લાખ કરોડ રૂપિયાની રાહત, અને એની સામે ગુજરાતની અંદર જે બજેટ આવ્યું છે, (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, બે મિનિટમાં પૂરું કરીશ. માનનીય અધ્યક્ષશ્રી, બજેટની અંદર ચારસો કરોડ રૂપિયાની રાહતો આપી અને એમાં ૨૦૦ કરોડ માનનીય નાણાં મંત્રીશ્રીએ કહયું કે અમે ઇલેક્ટ્રીસીટી ડ્યુટી છે એ ઘટાડવા માટે ૨૦૦ કરોડની જોગવાઇ કરી, એમાં એટલી રાહત આપી, અને માનનીય શક્તિસિંહભાઇએ આંકડા આપ્યા, એમાં આજે ગુજરાતમાં આપણા કરતાં બીજાં છ રાજયો છે એ સસ્તી વીજળી આપે છે અને એક જ *(xxxxxxx) (xxxxxxx) શામાં કર્યો તો એમાં બહેનોની પેલા બકલની અંદર, આંજણાના કાજળ એમાં આ બધાયની અંદર ઓછું કર્યું હોત તો ચાલત, અને એની જગ્યાએ ડીઝલ– પેટ્રોલની અંદર ઓછું કર્યું હોત તો ગુજરાતના લોકો ખુશ થાત. ખાતરમાં ઓછું કર્યું હોત તો લોકો ખુશ થાત. એમાં ન કર્યું ગુજરાતની પ્રજાને છતાંય (xxxxxxx) (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ, માનનીય પ્રદિપસિંહજીનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : આમાં કોઇ પોઇન્ટ ઓર્ડર ન આવે. તમે ખુદ આ આંકડા આપ્યા છે.

અધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ, માનનીય પ્રદિપસિંહજીનો પોઇન્ટ ઓફ ઓર્ડર શું છે એ તો સાંભળવું પડેને?

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા :પ્રશ્નોતરીમાં આ માહિતી આપી છે એમણે.

અધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ, એમનો પોઇન્ટ ઓફ ઓર્ડર શું છેએ તો સાંભળીએ. આપનો પોઇન્ટ ઓર્ડર શું છે એ આપ કહો.

## પોઇન્ટ ઓફ ઓર્ડર

### સુપ્રિમ કોર્ટમાં મેટર પેન્ડીંગ હોવાથી ઉલ્લેખ ન કરવા અંગે

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (રાજય કક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, એમણે એસ્સારના આટલા રૂપિયા અને રાજય સરકારની જે વાત કરે છે એ હાલમાં આ નિર્ણયની સામે સુપ્રિમ કોર્ટમાં હજુ જ્યારે એનો આખરી નિર્ણય ન આવે અને આખરી નિર્ણય આવ્યા બાદ. સુપ્રિમ કોર્ટમાં રાજય સરકારે રાજયના હિતને અનુલક્ષીને અસરકારક રજૂઆત કરી છે. જયારે હાઇકોર્ટનો ચૂકાદો આવ્યો એ ચૂકાદા પછી તાત્કાલિક માનનીય મુખ્યમંત્રીશ્રીની કક્ષાએ નિર્ણય લઇ અને સુપ્રિમ કોર્ટની અંદર અપીલ કરી છે અને આ પ્રકારના નિર્ણયો જ્યારે સુપ્રિમ કોર્ટમાં બાકી હોય ત્યારે એના ઉપર ઉલ્લેખો ન કરવા જોઇએ.

---

* (xxxxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવમાં આવ્યા છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્નોતરીના રેકોર્ડની બાબત છે અને એ રેકોર્ડની બાબત અંગે જ વાત કરી હતી. માનનીય પ્રદિપસિંહજી બચાવ કરવા ઉભા થયા પણ અમારા વિરોધ પક્ષના નેતા શકિતસિંહભાઇ ગોહિલે એ વખતે વાત કરી હતી કે આ હાઇકોર્ટની અંદર અમુક પ્રકારની ચોકકસ માહિતી આપવામાં આવી નથી. એટલું જ નહીં શરૂઆતમાં રાજય સરકારે જે કાઉન્સેલ રોક્યો એ એસ્સાર ઓઇલનો કાઉન્સેલ હતા. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ, આ સુપ્રિમ કોર્ટમાં આખી મેટર છે ત્યારે આપણે એની ચર્ચા ન કરીએ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું ચર્ચા નથી કરતો હું તો માહિતી આપુ છું.

અધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ, આપ માહિતી આપો એટલે એ ચર્ચા જ કહેવાય. પ્લીઝ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, તો વોડાફોનની અંદર કેન્દ્ર સરકાર દ્વારા અસરકારક રજૂઆત નહીં કરવાના કારણે કેટલા કરોડનું નુકસાન થયું છે? એ અંગે કેમ એમને દેખાતું નથી? ૧૪૦૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. (અંતરાય) સુપ્રિમ કોર્ટની અંદર તમે કેમ અસરકારક રજૂઆત ન કરી? (અંતરાય)

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, એ આપના સભ્યોને કહેજો ત્યાં એ પ્રશ્ન ઉઠાવે. આ મુદો આ હાઉસનો છે. આવી રીતે માત્ર પાંચ દસ લોકોને અબજો અને કરોડો રૂપિયા છેલછબીલો થવા માટે આપી દીધા અને ગુજરાતની પ્રજાને ખાલી ચટણી કહી શકાય એવી રાહતો આ બજેટમાં આપી છે. હું આપને કહેવા માગુ છું કે રાજય સરકારે કોઇ જગ્યાએ કશું ખોટું કર્યુ ન હોય તો તટસ્થ એજન્સીઓથી ડરે છે શા માટે? *(xxxxxxx) ડરે છે શા માટે? (xxxxxxx) વાત નથી કરતો સાહેબ, (xxxxxxx) ડરે છે શા માટે? (અંતરાય) સવાલ એ અહીંયા થવાનો જ છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ (xxxxxxx) શબ્દો હું પાછા ખેંચી લઉં છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર એ છે કે આ પ્રમાણેના ઉલ્લેખો કરીને રેકોર્ડ ઉપર મૂકવા માટેના પ્રયાસ કરે એ બરાબર નથી. (xxxxxxx) સંદર્ભમાં સુપ્રિમ કોર્ટની અંદર આજે પણ એ પેન્ડીંગ કેસ છે અને ગુજરાતની પ્રજા જાણે છે કે (xxxxxxx) તમારા કારણે આજ દિન સુધી મળ્યા નથી. (અંતરાય)

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મે મારા શબ્દો પાછા ખેંચી લીધા છે પછી શા માટે ચર્ચા કરીને સમય બગાડે છે. તમારે ઘરની એજન્સીઓ જોઇએ છે તપાસ માટે તમારે (xxxxxxx) ઘરની એજન્સીઓ જોઇએ છે તમારે. (અંતરાય)

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, (xxxxxxx) ચર્ચા નહીં થઇ શકે.

અધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇએ શબ્દો પાછા ખેંચી લીધા છે. આ શબ્દો રેકોર્ડ ઉપરથી પણ હું દુર કરું છું.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, અરે તો પછી નીમી દોને. નિમણૂક કરી દોને કોણ ના પાડે છે તમને? એ કરવામાં શું વાંધો આવે છે? ડરો છો શા માટે કર્ણાટકની જેમ હિંમત કરી જાવ. છેલ્લે મારે એકજ વાત કરવી છે કે માનનીય મુખ્યમંત્રીશ્રીએ સદભાવના મિશનનો કાર્યક્રમ લઇ આવ્યા. શું કરવા લાવવો પડ્યો? જરા આત્મખોજ કરે. કારણ શું? એવું તે શું બન્યું કે સદભાવના કરી? ૨૦૦૨માં શું

* (xxxxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવમાં આવ્યા છે.

કરવા સદભાવના ન થઇ? અને અત્યારે સદભાવનાના નામે (અંતરાય) મને ખબર છે કે ૨૦૦૨માં જે ઘટનાઓ બની હતી એમાં કેટલાય લોકો જેને ઉશ્કેરવામાં આવ્યા હતા એ લોકો બધા જેલમાં ગયા. ૫૦૦૦ લોકો જેલમાં છે *(xxxxx) લોકો મરી ગયા છે અને એના પછી..

(અંતરાય) ચર્ચા કરવાની હિંમત રાખો. (અંતરાય)

અધ્યક્ષશ્રી : નીતિનભાઇનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે આપણે સાંભળવો તો પડશેને.

# પોઇન્ટ ઓફ ઓર્ડર

**મૃત્યુ પામેલા લોકોના આંકડા બાબતે**

**શ્રી નીતિનભાઇ ર. પટેલ (શહેરી વિકાસ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર એ છે કે માનનીય અર્જુનભાઇએ એમ કહ્યું કે (xxxx) લોકો મરી ગયા છે એ ખોટો આંકડો છે આ ગુજરાતને બદનામ કરવાનું હાઉસમાં પણ છોડતા નથી. ઓફિશિયલ જાહેર કર્યા પ્રમાણે આશરે ૧૦૦૦ લોકો મરી ગયા છે એ પ્રમાણે જ કહી શકે. આ રીતે બધી બાબતમાં આંકડા વધારી વધારીને ગુજરાતને બદનામ કરવામાં આમનો પહેલો નંબર છે સાહેબ. આ ગુજરાત બદનામ કેવી રીતે થાય એવું બોલી રહ્યા છે. આ આંકડા રદ કરવા જોઇએ. ખોટા આંકડા રદ કરવા જોઇએ માનનીય અધ્યક્ષશ્રી. (અંતરાય)

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા :** માનનીય અધ્યક્ષશ્રી, આપે મને બોલવા દેવાનો છે? આપે મને બોલવા દેવાનો છે?

અધ્યક્ષશ્રી : નીતિનભાઇનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે આપણે સાંભળવો તો પડશેને.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપે મને બોલવા દેવાનો છે? પોઇન્ટ ઓફ ઓર્ડર કેટલી વાર આવે? પ્રશ્નોત્તરીમાં આખા દેશની વાત થાય. મને બોલવા દેવાનો છે આપે?.

અધ્યક્ષશ્રી : નીતિનભાઇનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે (અંતરાય) આપને બોલવા પણ દેવામાં આવશે પણ સામે પોઇન્ટ ઓફ ઓર્ડર આવે તો એ સાંભળવાનો થાય. (અંતરાય) પ્લીઝ, આપને પણ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવાની છૂટ છે. (અંતરાય) જ્યારે કોઇ સભ્યશ્રીને એમ લાગે કે વિધાનસભાના નિયમોનો ભંગ થાય છે, બંધારણની કલમોનો ભંગ થાય છે તો કોઇપણ સભ્યને પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવાનો એમનો અધિકાર છે એટલે આપની પાસે કોઇ ચોક્કસ આંકડા હોય તો આપ વાત કરો પ્લીઝ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આંકડા આપું છું કે ૧૦૦૦ કરતાં વધારે લોકો મરી ગયા છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપે ડોક્યુમેન્ટ્સ રજૂ કરવા પડે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારા આંકડા સુધારું છું અને કહુ છું કે ૧૦૦૦ કરતાં વધારે લોકો મરી ગયા છે.

અધ્યક્ષશ્રી : આપ જે (xxxxx) લોકો મરી ગયા છે એવું કહ્યું છે એ શબ્દો પાછા ખેંચી લો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું એ શબ્દો પાછા ખેંચું છું અને ૧૦૦૦ કરતાં વધારે લોકો મરી ગયા છે અને ત્યારે સદભાવના યાદ ના આવી (અંતરાય).

અધ્યક્ષશ્રી : ઓર્ડર ઓર્ડર પ્લીઝ.

# અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પ્રથમ દિવસ) (ક્રમશઃ)

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી,અને હવે જ્યારે પેલા લોકો જે જેલમાં ગયા છે એ લોકો નારાજ છે અને આ સરકારને કહ્યું કે તમારા હુકમને કારણે અમારે જેલમાં જવું પડ્યું છે એટલે એને એમ થયું કે એમને પડતા મૂકો અને હવે નવા મતદારોને પકડો. એટલે કહે છે કે ટોપી પહેરીને આવો બધા. હું ટોપી નહિ પહેરું હું તો આખા ગુજરાતને ટોપી પહેરાવીશ પણ હું ટોપી નહિ પહેરું. પણ મારે આપના મારફતે

કહેવું છે કે આ રાજયની જે સર્વ ધર્મ સમભાવની જે ફેબ્રીક છે એ જબરદસ્ત મજબૂત છે. ૨૦૦૨માં પણ હિન્દુ હોય તો મુસલમાનોને બચાવ્યા છે અને મુસલમાન હોય તો હિન્દુઓને બચાવ્યા છે અને એ બચાવનારા પણ આ રાજયના નાગરિકો હતા જ્યારે રાજય નિષ્ફળ ગયું હતું એ વખતે એમણે બચાવ્યા છે. મારે એ વખતના પોલીસ અધિકારીઓને ધન્યવાદ આપવા છે. એ કુલદીપ શર્મા હોય કે સતીષ વર્મા હોય, શ્રીકુમાર કે રાહુલ શર્મા શ્રીવાસ્તવ હોય કે હિમાંશુ ભટ્ટ હોય આ બધાજ હિન્દુ ઓફિસરો હતા. પોતાની જાનની નહિ પોતાની કારકીર્દિને જોખમમાં મૂકીને એ બચાવનારા હિન્દુ પોલીસ ઓફિસરો હતા. સદભાવના તો એ લોકોએ કરી અને હું ગઇકાલે બોલ્યો હતો કે સુપ્રીમ કોર્ટે શું શું ઓબ્ઝર્વેશન કરેલા છે મારે આજે રિપિટ નથી કરવા. આ દેશના વડાપ્રધાન શું બોલ્યા હતા. ખાલી એનું પાલન જો આ સરકારે કર્યું હોતને તો આ કંઇ ૧૧ થી ૫ કે ૧૦ થી ૫ આ ઉપવાસ કરવાની જરૂર ના પડી હોત. આ ઉપવાસ નહોતા. ઉપવાસ કોને કહેવાય?શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા(ક્રમશઃ)ઃ એ ઉપવાસ નહોતા. ઉપવાસ કોને કહેવાય એ શાસ્ત્રો વાંચીને નકકી કરો. શાસ્ત્રોમાં ઉપવાસ માટે શું લખ્યું છે. મહાત્મા ગાંધીજીએ શું કર્યુ છે. આ તો ફોટા પડાવવા હતા કે જુઓ, મારી આજુબાજુમાં દાઢીવાળા ભાઇઓ અને ટોપીવાળા ભાઇઓ બેઠા છે. નહોતા એટલે કાર્યકરોને કીધું કે અમદાવાદમાંથી ટોપીઓ ખરીદી લો. મારે ૨૦૧૨માં મત જોઇએ છે. પણ હવે કોઇ છેતરાવાના નથી. છેલછબીલાઓને જેટલું કરવું હોય એ કરી લે, ગુજરાતની જનતા છેતરાવાની નથી.

**શ્રીમતી જશુબેન સ. કોરાટ(જેતપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી સન ૨૦૧૨-૧૩નું જે અંદાજપત્ર લઇને આવ્યા છે, એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું મહિલા અને બાળ કલ્યાણ ઉપર મારા વિચારો વ્યકત કરું છું. માનનીય અર્જુનભાઇ હમણા બોલતા હતા કે તમારા નેતા ગયા હોત તો. મારે એમને યાદ કરાવવું છે કે એમના કોંગ્રેસના નેતા, જે એમના યુવરાજ છે અને નેતા પણ છે, તે છેલ્લા ૫ વર્ષથી ગરીબોના રોટલા ખાય છે. એ બહેનોની અને ભાણિયાઓની પેઢીને બચાવવા માટે ગયા હતા. છતાં પણ પરિણામ શૂન્ય આવ્યું છે. આપણે પહેલા આપણું ઘર સંભાળવું જોઇએ. અને પછી બીજાને કહેવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વજુભાઇ વાળાએ આ ગૃહમાં ૧૮મી વખત અંદાજપત્ર રજૂ કર્યુ છે. કદાચ ઇતિહાસમાં આવી ઘટના નહીં બની હોય. હું આ તકે માનનીય નાણામંત્રીશ્રીને અને માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું અને વિધાનસભાની અંદર ૧૮મી વખત અંદાજપત્ર રજૂ કરવાનું અમે સૌ ગૌરવ લઇએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની સ્થાપના ૧૯૬૦માં થઇ. ત્યારથી અત્યાર સુધીમાં ૪૦ વર્ષ કોંગ્રેસે ગુજરાતમાં શાસન કર્યુ છે. ત્યારે એમણે મહિલાઓ અને બાળકોની કયારેય ચિંતા કરી નથી. આ ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું અને છેલ્લા ૧૦ વર્ષથી મહિલાઓ અને બાળકોના વિકાસ માટે આ રાજય સરકાર ચિંતિત છે. હું માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીને અભિનંદન આપીશ કે એમણે આ મહિલા અને બાળવિકાસ વિભાગને ૨૦૦૨માં અલગ કરીને એને અલગ બજેટ ફાળવીને મહિલાઓ અને બાળકો માટે જુદી જુદી યોજનાઓ બનાવીને તેનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વખતના બજેટમાં મહિલાઓને ઘણીબધી રાહત આપવામાં આવી છે. સાથોસાથ આ વિકાસશીલ રાજયમાં જે વિકાસયાત્રા શરુ થઇ છે અને ખાસ કરીને આંગણવાડીઓમાં જે બાળકો આવે છે. એમાં જે કુપોષણથી પીડાતા બાળકો હતા તેની રાજય સરકારે ચિંતા કરીને એવા બાળકો માટે ૨૦૦૭થી અલગ યોજના શરુ કરીને તેને વેગવંતી બનાવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ આંગણવાડીઓ કઇ જગ્યાએ ચાલતી હતી તેની ગામડામાં કોઇને ખબર પણ નહોતી. ભાડાના મકાનમાં આંગણવાડીના કેન્દ્રો ચાલતા હોય. કોઇ જાતની સુવિધા પણ ત્યાં નહોતી. હું આ તકે નાણા મંત્રીશ્રીને અભિનંદન આપું છું કે ગુજરાતના એક પણ ગામડાંની આંગણવાડી, એટલે નંદઘર જેવું સારું નામ જેને આપવામાં આવ્યું છે તે આંગણવાડી પોતાના મકાનથી વંચિત ન રહે તેના માટે આ વખતના બજેટમાં પૈસાની ફાળવણી કરી ને જે ગામોમાં મકાન ન હોય તેવી આંગણવાડીઓને

પોતાના મકાનો બને તેના માટે બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે. સાથો સાથ બાળકો માટે કુ–પોષણથી પીડિત બાળકો માટે આ સરકારે ચિંતા વ્યકત કરી છે. બીજું કે અર્જુનભાઇ વાત કરતા હતા કે બાળકો કુ–પોષણથી પીડાય છે, તો મારે એટલું જ પુછવું છે કે તમારા વિસ્તારમાં કયારેય કોઇ આંગણવાડીની મુલાકાત લીધી છે ખરી? અત્યારે આંગણવાડીમાં જઇએ તો ત્યાં કેટલી બધી સુવિધાઓ આજે આંગણવાડીના કેન્દ્રો ઉપર આપવમાં આવે છે આંગણવાડી કાર્યકર્તા બહેનો અવારનવાર રજુઆત કરતી હતી કે બાળકો માટે રસોઇ બનાવવા માટે બળતણ નહોતું મળતું. ગ્રામ્ય વિસ્તારમાં કેરોસીન મળે નહીં, આ તકે હું માનનીય આનંદી બહેનને અભિનંદન આપીશ કે આ બહેનોની ચિંતા હતી તેના માટે દરેક આંગણવાડી મકાનમાં રસોઇ બનાવવા માટે ગેસ કનેકશન, ગેસની બોટલ અને સાથે સાથે ગેસના ચૂલા, થાળી અને કુકરની વ્યવસ્થા પણ દરેક કેન્દ્રમાં આપવામાં આવી છે. ત્યારે આ આંગણવાડીની બહેનો દ્વારા બાળકોને ગરમ નાસ્તો આપવામાં આવે અને રસોઇ બનાવી અને ખવડાવવામાં આવે તેની ચિંતા પણ આ રાજય સરકારે બાળકો માટે કરી છે. તમારા શાસનમાં ૪૦ વર્ષમાં કયારેય તમને આ સૂઝ પડી નહોતી. ભારત દેશમાં ગુજરાત રાજય એક એવું રાજય છે કે જયાં નારીઓનું સન્માન જળવાય છે. ભારત દેશને આપણે ભારત માતા તરીકે પૂજીએ છીએ. આપણામાં કહેવત છે કે નારી તું નારાયણી, આ સૂત્ર આજે સાર્થક થઇ રહયું છે. નારીને લક્ષ્મી માનવામાં આવે છે. અને આજે ગુજરાતમાં જે દીકરીઓ સ્કૂલે જાય છે અને શિક્ષણ પ્રાપ્ત કરી અને આગળ વધે છે તેના કારણે ગુજરાતમાં બહેનોને સારી ગુણવત્તા વાળું શિક્ષણ મળે છે અને હું તો ચોક્કસ કહીશ કે ગુજરાત રાજયનો જે સર્વાંગી વિકાસ થઇ રહ્યો છે તેનો આધાર સ્તંભ જોવા જઇએ તો તે આ બહેનો છે. આજે શિક્ષણ હોય કે આર્થિક રીતે પગભર થવાની વાત હોય બહેનો દરેક ક્ષેત્રમાં આગળ વધી રહી છે. આવી જ રીતે આપણે બાળકોને ભાવિ પેઢી તરીકે ગણી અને બાળકો ભારતનું ભવિષ્ય છે તેમ કહીએ છીએ. આ બાળકો સશકત બાળકો બને તેના માટે આ સરકાર કામ કરી રહી છે. અને આજે મને ગૌરવ થાય છે કે આંગણવાડીને નંદઘર નામ આપીને આંગણવાડીની બહેનોને માતા યશોદાનું નામ આપવામાં આવ્યું છે. ત્યારે આવી યશોદા માતા બહેનો, બાળકોની ચિંતા કરી અને દરેક આંગણવાડીમાં ખૂબ સરસ રીતે કામ કરી રહી છે. આ રાજય સરકાર એમાં પ્રોત્સાહિત કરવા માટે થઇને યશોદા એવોર્ડ જાહેર કરેલ છે. આ રાજયની અંદર કોઇ માતાને સન્માન આપ્યું હોય તો એ આ માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રી આનંદીબહેને આપ્યું છે. આ યશોદા એવોર્ડથી પ્રોત્સાહિત કરીને રાજય કક્ષાએ કે જિલ્લા કક્ષાએ કે તાલુકા કક્ષાએ જે બહેનો આગળ આવે એમને ઇનામ આપવામાં આવે છે. રાજય કક્ષાએ બહેન આવે એને ૫૧ હજાર સુધીનું ઇનામ આપવામાં આવે છે. જિલ્લા કક્ષાની બહેન હોય તો એને ૩૧ હજાર અને તાલુકા કક્ષાની બહેનને ૨૧ હજારનું ઇનામ આપીને પ્રોત્સાહિત કરીને મહિલા અને બાળ કલ્યાણની માગણી વાજબી રીતે આવી છે અને મહિલા અને બાળકોની વસતિ આ ગુજરાતમાં ૭૫ ટકા જેટલી છે ત્યારે બજેટની અંદર માનનીય વજુભાઇ વાળાએ આ વિભાગને માટે બજેટ ફાળવ્યું છે એને મારુ અનુમોદન આપું છું.

## અધ્યક્ષશ્રીની જાહેરાત

**અધ્યક્ષશ્રી :** મારે સભાગૃહનું ધ્યાન દોરવાનું કે માનનીય અર્જુનભાઇ પોતાનું પ્રવચન કરતા હતા ત્યારે ટાટા નેનો કાર પ્રોજેકટ માટે ૩૩ હજાર કરોડની રાહત અને રાજયની આંગણવાડી કેન્દ્રો ઉપર ન્યુટીશીયન ફોર્ટીફાઇડ આટાની વાત કરી હતી. મેં એમને કહ્યું કે આ સમગ્ર બાબત ન્યાયાધીન હોય તો એની ચર્ચા ન કરીએ, એમણે કહ્યું કે આ કોર્ટમાં નથી. પરંતુ વિભાગ પાસેથી માહિતી મંગાવતા રાજયના કાયદા વિભાગે ૧૬–૮–૨૦૧૧ના જાહેરનામાંથી કમિશન ઓફ ઇન્કવાયરી એકટ ૧૯૫૨ હેઠળ જસ્ટીશ શાહ પંચને આ સમગ્ર બાબત તપાસવા માટે સુપ્રત કરી છે ત્યારે આવી બાબત રેકર્ડ ઉપર ન જાય એટલા માટે આ બંને બાબતો રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

**શ્રી ભૂપેન્દ્રભાઇ ગ. લાખાવાળા(વડોદરા શહેર) :** માનનીય નાણામંત્રીશ્રી ૧૮મી વખત અંદાજપત્ર આ સભાગૃહ સમક્ષ લઇને આવ્યા છે એને હું આવકારુ છું. મને જણાવતા આનંદ થાય છે કે છેલ્લા ૫૦ વરસમાં રાજયમાં વિકાસ માટે બે લાખ ૩૦ હજાર કરોડનું આયોજન થયું હતું અને એની

સામે આ સરકારમાં આવતા પાંચ વરસના વિકાસ માટે બે લાખ ૫૧ હજાર કરોડનું આયોજન થયું છે એજ બતાવે છે કે ગુજરાતનો વિકાસ અને આર્થિક સ્થિતિ જે ગતિએ આગળ વધી રહી છે એ જ આ બજેટનું આયોજન બતાવે છે. સન ૨૦૧૨ અને ૨૦૧૩ માટેની વાર્ષિક વિકાસ યોજનાનું કદ ૫૦,૫૯૯ કરોડ રૂપિયાનું છે. આ વાર્ષિક વિકાસ કદમાં સામાજિક સેવાઓ માટે ૨૦૩૦૭ કરોડ રૂપિયાનું કદ નક્કી કરવામાં આવ્યું છે. સામાજિક સેવાઓમાં શિક્ષણ વિભાગની સેવાઓ પણ આવે છે અને શિક્ષણ માટે ૨૭૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવે છે. પ્રાથમિક શિક્ષણ માટે ૫૫૦ કરોડ

**સભાપતિ ડો. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**

રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. પ્રાથમિક શિક્ષણમાં આવતા વરસોમાં ૧૫૬૦૦ વર્ગખંડો, ૭૬૮૮ કમ્પાઉન્ડ વોલ અને ૧૨૦૦ શાળાઓના મકાનો રિપેરીંગ માટે મૂકવામાં આવ્યા છે. એમાં પ્રાથમિક શિક્ષણ માટે રાજય સરકાર ચિંતિત છે છેલ્લા ઘણા વરસોથી જે રીતે ડ્રોપ આઉટ રેઇટ ઘટી રહ્યો છે એના કારણે શિક્ષણની ભૂખ રાજયના નાગરિકોમાં જાગી છે. આમ તો શિક્ષણ વિભાગ રાજયમાં ૧૯૭૬ થી શરૂ થયો અને આ વિભાગમાં પ્રાથમિક શિક્ષણ હોય, માધ્યમિક શિક્ષણ હોય, ઉચ્ચતર શિક્ષણ હોય સાથે સાથે ટેકનિકલ શિક્ષણ હોય ફાર્મસી શિક્ષણ હોય એની શરૂઆત ૧૯૭૬થી થઇ.ગુજરાત અને અત્યારે રાજય સરકારે પ્રાથમિક શિક્ષણને મફત, સાર્વત્રિક અને ફરજિયાત બનાવ્યું છે. પ્રાથમિક શાળાના તાલીમી શિક્ષકોને તાલીમ આપવામાં આવે છે. એ માટે અધ્યાપન મંદિરોની શરૂઆત થઇ છે. ૧૮૫૦૦ શિક્ષકો આ અધ્યાપન તાલીમ મંદિરમાં તાલીમ લઇ રહ્યા છે. રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ૫૨,૯૧૦૦૦ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે પુસ્તકો આપવામાં આવે છે અને એનો ખર્ચ રૂ.૨૮૭૦/- લાખનો નક્કી કર્યો છે. ૩૧૩૯૦ જેટલી શાળાઓના વિદ્યાર્થીઓને વિનામૂલ્યે પુસ્તકો આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ડ્રોપ આઉટ રેટની વાત કરી. રાજયમાં ૨૦૦૦-૦૧માં ૧થી ૫ ધોરણમાં ડ્રોપ આઉટ રેટ ૨૦.૯૩ ટકા હતો એ ૨૦૧૦-૧૧માં ૨.૦૯ ટકા થયો છે અને ધોરણ ૧થી ૭ માં ડ્રોપ આઉટ રેટ ૨૦૦૦-૦૧માં ૩૮.૯૨ ટકા હતો જે ૨૦૧૦-૧૧માં ૭.૪૫ ટકા જેટલો રહ્યો છે. જિલ્લા હસ્તકની પ્રાથમિક શાળાઓમાં પણ શિક્ષણનું નિરીક્ષણ કાર્ય ચાલે છે. ખાસ કરીને પ્રાથમિક શિક્ષણમાં ૫૫૨ જેટલા નિરીક્ષકો આ કામગીરીમાં જોડાયા છે. પ્રાથમિક શાળાઓમાં ડ્રોપ આઉટ રેટ ઘટે એ માટે રાજય સરકારે મધ્યાહ્‌ન ભોજન યોજના શરૂ કરેલ છે, વિદ્યાલક્ષ્મી બોન્ડની યોજના, મફત પાઠ્ય પુસ્તકો, ગણવેશનું વિતરણ કરવામાં આવે છે. વિદ્યાદીપ યોજના, સેનિટેશનની સુવિધા આપવામાં આવે છે. પૂરતા વર્ગખંડો અને સાથે શિક્ષકોની જોગવાઇ કરી છે. ખાસ કરીને વિદ્યા સહાયકોની નિમણૂકના કારણે શિક્ષણનું ધોરણ સુધર્યું છે. પ્રાથમિક શિક્ષણમાં ભૌતિક સવલતો આપવાની શરૂઆત થઇ છે. અત્યારે રૂ.૨૩૮૩.૬૨ લાખની ભૌતિક સગવડો કરવામાં આવી છે. પીવાનું પાણી હોય, સેનિટેશનની વ્યવસ્થા હોય, વીજળીની સુવિધા હોય સાથે શાળામાં ફર્નિચર આપવાની પણ જોગવાઇ કરવામાં આવી છે. આમ પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ માટે ભૌતિક સગવડોનું આયોજન થયું છે. ઉચ્ચર માધ્યમિક શાળાઓમાં કન્યાઓ માટે સેનિટેશનની સુવિધા શરૂ થઇ છે. ખાસ તો રાજયના અગરિયા પરિવાર છે જેઓ વારંવાર સ્થળાંતર કરતા હોય છે. તેમના માટે સીઝનલ હોસ્ટેલ શરૂ કરવામાં આવી છે. રાજયમાં ગુણોત્સવ દ્વારા કવોલીટીવાળું શિક્ષણ મળે તે માટે રૂ.૨૮૮ /- કરોડની જોગવાઇ કરી છે. પ્રાથમિક શાળામાં ભણતા બાળકો કમ્પ્યુટર લેબમાં જઇને કમ્પ્યુટરનું શિક્ષણ મેળવે અને તેની સાથે ઇન્ટરનેટના જોડાણથી તેનું પણ શિક્ષણ મળે તેવું આયોજન થયું છે. અંગ્રેજી, ગણિત અને વિજ્ઞાનનું શિક્ષણ મળે એ માટે રાજય સરકારે રૂ.૩૬૦૦/- લાખની જોગવાઇ કરી છે. ખાસ તો અંતરિયાળ વિસ્તારોમાં શિક્ષકોની નિમણૂક થાય છે, એ શિક્ષકો ત્યાં શૈક્ષણિક કામ કરે તે માટે રાજય સરકારે શિક્ષકો માટેના સ્ટાફ ક્વાર્ટર બાંધવાનું આયોજન કર્યું છે એના માટે રૂ.૧૭૨૮/- લાખની જોગવાઇ કરવામાં આવી છે. આમ આ રાજયની પ્રાથમિક શાળાઓમાં ૧૬૦૦૦ કમ્પ્યુટર લેબની શરૂઆત થઇ છે. શાળાઓમાં ૪૨ ઇંચના સ્ક્રીન મોનીટરની સગવડ આપવામાં આવી છે. કમ્પ્યુટરોને ઇન્ટરનેટના જોડાણથી જોડવામાં આવ્યા છે. એનાથી રાજયના બાળકોને સારામાં સારું શિક્ષણ મળે છે. ઇન્ટરનેટને કારણે દુનિયામાં શું શિક્ષણની વ્યવસ્થા છે એનું પણ જ્ઞાન આપવામાં આવે છે. સ્ત્રી સાક્ષરતા અભિયાનની પણ આપણા

રાજયમાં શરૂઆત થઇ છે. સ્ત્રી સાક્ષરતાને વધુ મહત્વ આપવામાં આવ્યું છે અને જે ૧૩ જિલ્લાઓમાં ૫૦ ટકા કરતા ઓછી વસ્તી સ્ત્રી સાક્ષરતાની છે એવા ૧૩ જિલ્લાઓમાં રાજય સરકારે એનો અમલ શરૂ કર્યો છે. આમ તો રાજય સરકારે સ્ત્રી સાક્ષરતા માટે ૫૫,૩૭,૧૧,૯૪૬ રુપીયાનું આયોજન કર્યુ છે. એ જ રીતે સરસ્વતી યાત્રા યોજનાનો પણ રાજય સરકારે અમલ કર્યો છે. અને એમાં પણ જયાં આગળ સરસ્વતી યાત્રા યોજના, આ યોજના રાજય સરકારની સો ટકા પુરસ્કૃત યોજના છે અને આ યોજનાનો આશય એ છે કે ૧૫ વર્ષથી ઉપરના જે નાગરિકો છે, જે નિરક્ષર છે, જેમને શિક્ષણ મળ્યું નથી આવા નાગરિકોને શિક્ષણ આપવાનું આયોજન છે જેના કારણે એ આજીવિકા મેળવી શકે, એનું જીવનધોરણ ઉચું લાવી શકે એ પ્રમાણેનો રાજય સરકારનો આશય રહ્યો છે. આમ આદરણીય નાણામંત્રીશ્રી જે બજેટ લાવ્યા છે એમને મારું અનુમોદન આપું છું.

**શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ(બાબરા) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીના બજેટની ૨૦૧૨–૧૩ની ચર્ચામાં ઘણા મિત્રોએ જે ચર્ચા કરી એમાં મુખ્ય મુદ્દો નંબર વનનો બહુ રહ્યો અને આ રાજયના મુખ્યમંત્રીએ નબર વન થવા માટે ખેલ મહાકુંભ કર્યો, એમાં ગીનીસ બુકમાં નામ લખવામાં આવ્યું. અને નંબર–વન કેવી રીતે થવાય અને એની જાહેરાતો ખૂબ કરી. સરકારે જે મને બજેટની બુક આપી છે પ્રવૃત્તિની રુપરેખા એમાના જે આકડા છે જે આ ગૃહ સમક્ષ રજૂ કર્યા છે એ હું ફરીથી રજૂ કરું કરવા માગુ છું. ૨૦૦૭–૦૮માં રાજયની અંદર જે રમતગમતમાં ૧૫૧ મેડલ મળ્યા હતા. પછી આ સરકારે કેવો વિકાસ કર્યો એનો આકડો હું આપવા માગુ છું. ૨૦૦૮–૦૯માં આ મેડલ ૯૫ થયા. ૨૦૦૯–૧૦માં આ મેડલ ૯૮ થયા. ૨૦૧૦–૧૧માં મેડલ ૩૦ થયા અને ૨૦૧૧–૧૨માં જે ખેલ મહાકુંભ કર્યો એમા ૩૨ મેડલ આ રાજયના ખેલાડીઓ મેળવી શકયા. આપણે જાહેરાતો કરીએ, સ્વપ્રસિદ્ધિ કરીએ, મોટા બેનરો મારીએ, ગમે એના કાગળ ઉપર નામ લખીને ખેલાડીઓના નામ કરી દઇએ પણ સરકારના પોતાની બુકના આકડા છે કે ૨૦૦૭માં ૧૫૧ મેડલ હતા અને અત્યારે આ સરકાર ૩૦ મેડલે પહોંચી છે. માનનીય અધ્યક્ષશ્રી, નીતિનભાઇ નથી, મને નીતિનભાઇ પટેલ દ્વારા એક પત્ર મોકલવામાં આવ્યો છે કે તમારા વિસ્તારમાં ૩ ચેકડેમ ૨૫ લાખની મર્યાદાના, કિંમતના મને લખીને મોકલો. એટલે ૩ ચેકડેમ તમારા હું ઉંડા કરાવી દઉ. આવો પત્ર મને ગયા વર્ષે પણ મોકલ્યો હતો. મેં મંત્રીશ્રીને પત્ર લખ્યો, ત્યાર પછી મુખ્યમંત્રીશ્રીને પણ પત્ર લખ્યો, એની આ નકલ મારી પાસે છે. આજે બીજા વર્ષે પાછો બીજો પત્ર લખ્યો, પત્ર લખવાના, સરકારી કાગળો બગાડવાના, પર્યાવરણને નુકસાન અને પ્રદૂષણ કરવાનું અને અધિકારીઓ દ્વારા અમને જવાબ આપવામાં આવ્યો કે નાણાકીય ઉપલબ્ધતાએ તમારા વિસ્તારના ચેકડેમો ઉંડા કરવામાં આવશે. મેં ૧૭ ચેકડેમો ઉંડા કરવા માટે માનનીય મંત્રીશ્રીને લખીને આપેલ હતા અને આ માનનીય મંત્રીશ્રીના અધિકારીઓએ મને લેખિત જવાબમાં જણાવ્યું કે સરકાર પાસે પૈસા નથી. આ નંબર–વન સરકાર પાસે પૈસા નથી, ફેબ્રુઆરીમાં, મેં ગયા વર્ષે પત્ર લખ્યો, પાછો આ વર્ષે પત્ર લખ્યો. માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર દેશની અંદર બહુ મોટી મોટી વાતો કરવામાં આવે છે કે મધ્યપ્રદેશથી કે રાજસ્થાનથી ગુજરાતમાં આવો એટલે ખબર પડી જાય છે કે હવે ગુજરાત આવી ગયું. ગુજરાતના રસ્તા સારા છે.

સભાપતિશ્રી **:** વિરામનો સમય થયો છે. સભાગૃહ વિરામ બાદ ૫–૦૦ કલાકે ફરી મળશે. આપનું પ્રવચન ચાલુ રહેશે.

**વિરામ સાંજના ૪–૩૦ થી ૫–૦૦**

**સભાપતિ ડૉ. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**

**શ્રી બાવકુભાઇ ઉંધાડ (ક્રમશઃ)**માનનીય અધ્યક્ષશ્રી, બજેટના પહેલા પાનામાં લખ્યું છે કે ૧૯૬૦થી ૨૦૦૨ સુધીમાં ૫૫,૩૯૮ કરોડ રૂપિયામાંથી ૫૫,૫૩૪ કરોડ રૂપિયાના વિકાસના કામો થયા અને આ ૧૦ વર્ષમાં ૧, ૫૮,૧૧૧ કરોડની સામે ૧,૭૭,૯૧૬ કરોડના કામો થયા છે. એમાં કાંઇ આપણે હરખાઇ જવાની જરૂર નથી. ૧૯૬૦માં સોનાનો એક તોલાનો ભાવ ૧૦૦ થી ૧૨૫ રૂપિયા હતો અને ત્યારે કોઇએ ૨૫ તોલા

સોનું લીધું હોય તો ૩૦૦૦ રૂપિયાનું આવે. આજે એક તોલો સોનું ૩૦ હજાર રૂપિયાનું આવે છે. પછી આપણે અત્યારે એમ કહીએ કે અમે આટલા બધા કામો કર્યા. ૧૯૬૦માં સિમેન્ટની થેલી એક કે બે રૂપિયામાં આવતી હતી અને પછી એવું કરો કે આ પ્રમાણે જ આપણે ધારાસભ્યોના પગાર પણ આ પ્રમાણે કરી નાખો, અમે સંમત છીએ. એટલે એમાં આવા આંકડા બતાવીને કોઇને ભરમાવવાની જરૂર નથી. રાજ્યની અંદર અત્યારે મંત્રી મામાની અને ભાણીયાની વાત કરી રહ્યા હતા. ઉત્તરાખંડમાં મુખ્યમંત્રી હારી ગયા એ કોના ભાણિયા હતા? આ રાજ્યની અંદર આ ગુજરાત રાજ્યનું પાટનગર ગાંધીનગર અને ગાંધીનગરમાં આઇ.એ.એસ., આઇ.પી.એસ. કલાસ-૧ અને ૨ ના અધિકારીઓ રહે અને જે વોર્ડમાં આપણું અક્ષરધામ આવેલ છે, જે વોર્ડમાં રાજ્યના મુખ્યમંત્રી આવેલા છે, અહીંયા જ્યારે કોર્પોરેશનની ચૂંટણી થઇ ત્યારે ભા.જ.પ.ના ત્રણ ત્રણ ભાણીયા હારી ગયા હતા. આ કોના ભાણિયા હતા? આ રાજ્યના નંબર વન મુખ્યમંત્રીને મેં અનેક વખત પત્રો લખ્યા છે કે મારા વિસ્તારમાં, છેલ્લે મેં આર.ટી.આઇ.માં માહિતી માગી હતી અને રાજ્ય સરકારને રજૂ કરી હતી કે મારા આટલા આટલા રોડ ખૂબ ખરાબ છે. ૧૯૯૬થી રોડના કામ રીપેવર નથી થયા. રાજ્ય સરકારે આર.ટી.આઇ.માં માહિતી આપી છે તો આને નંબર વન કેવી રીતે કહેશો એ સમજાતું નથી. વજુભાઇએ ગયા વર્ષે બજેટ રજૂ કર્યું. વજુભાઇ, આપણે રાજકોટથી ભાવનગરનો રોડ ફોર લેન કરવાની જાહેરાત કરી હતી એના શ્રીગણેશ ક્યારે કરશો? ૩૧ તારીખે આ વર્ષ પૂરું થઇ જશે. મારે રાજ્યની ગરીબોની બેલી એવી સરકારને કહેવું છે. મેં એક માહિતી આર.ટી.આઇ.માં માગી, રાજ્યના એક મંત્રીએ ૨૫૮ લાખનો ઇન્દિરા આવાસનો ચેક આપ્યો, ચેક આપ્યા પછી (સમયસૂચક ઘંટડી) મારો એક મુદ્દો પૂરો કરી લઉં.

**શ્રી** ૧૯૬/page>**કાંતિલાલ રા. લકુમ(બાવળા)** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે હોળી અને ધૂળેટીનો તહેવાર નજીકમાં છે ત્યારે ગુજરાતની જનતા, આ હાઉસના તમામ સભ્યો અને તમામને હોળી અને ધૂળેટીની શુભકામનાઓ પાઠવું છું. માનનીય વજુભાઇ વાળાએ આ ૧૮મી વખત જ્યારે બજેટ અહીંયા રજૂ કર્યું છે ત્યારે હું એમને સમર્થન આપું છું અને એમને અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિના લોકોના આર્થિક ઉત્કર્ષ અને એનો સારો એવો વિકાસ થાય, એ સન્માનભેર જીવી શકે એ માટે આદર્શ પરિસ્થિતિનું નિમાર્ણ કરવા અંગે રાજ્ય સરકારના પ્રવર્તમાન અભિગમને સાકાર સ્વરૂપ આપવા આમ જનતામાં રાજ્ય સરકારે અનુસૂચિત જાતિઓના સર્વાંગી વિકાસ માટે અનેકવિધ કલ્યાણકારી યોજનાઓ મૂકી છે ત્યારે આ ઉત્કર્ષ માટે જે બજેટ ફાળવવામાં આવે છે અનુસૂચિત જાતિને એમાં ૫૦ થી ૬૦ ટકા બજેટ એ શિક્ષણ પાછળ ખર્ચ કરવામાં આવે છે અને શિક્ષણ જો સારું હોય તો એ માણસ ગમે ત્યાં જઇ, બીજા રાજયમાં જઇ ગમે તે જગ્યાએ એ રોજગારી મેળવી શકે અને પોતાના કુટુંબનું ભરણપોષણ કરે છે. અનુસૂચિત જાતિના બજેટની જોગવાઇમાં જે ૬૦ ટકાની જોગવાઇ કરી છે એના કારણે ૨૦૦૧ની વસ્તી ગણતરી પ્રમાણે અનુસૂચિત જાતિનો સાક્ષરતાદર ૭૦.૫૦ ટકા છે. જ્યારે સામાન્ય સાક્ષરતા દર ૬૯.૧૪ ટકા છે. એવી જ રીતે પુરુષોમાં જે અનુસૂચિત જાતિનો સાક્ષરતા દર છે એ ૭૯.૬૬ ટકા છે અને અનુસૂચિત જાતિનો ૮૨.૫૬ ટકા છે. આમ સામાન્યજન કરતા અનુસૂચિત જાતિનું શિક્ષણનું સ્તર ઉંચું આવ્યું છે. શિક્ષણમાં પ્રોત્સાહન આપવા માટે આ રાજ્ય સરકારે જુદી જુદી યોજનાઓ જાહેર કરી છે એમાં વડોદરામાં મહારાજા ગાયકવાડ સરકાર હતી એમણે જે તે વખતે અનુસૂચિત જાતિ અને કચડાયેલા વર્ગનું શિક્ષણનું સ્તર ઉંચું આવે એ માટે ખૂબ પ્રયત્ન કરેલો અને સ્કુલો ફાળવેલી અને શિક્ષણનો પાછળ ખૂબ ખર્ચ કર્યો. એટલે મહારાજા ગાયકવાડના નામે એક એમ.ફીલ અને પી.એચ.ડી. વિદ્યાર્થીઓ કરે એને શિષ્યવૃત્તિ યોજનાનું નામ આપવામાં આવ્યું છે અને એમાં એમ.ફીલને ૨૫૦૦ રૂપિયા માસિક અને પી.એચ.ડી.વાળાને માસિક ૩૦૦ રૂપિયા શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. જુદી જુદી યોજનાઓના જુદા જુદા નામો આપવામાં આવે એમાં તમામે તમામ ક્ષેત્રે તમામ આગેવાનો જે થયા છે એ નામો આપ્યા છે. જ્યારે કોંગ્રેસની સરકાર હોત તો મામા-માસી-ભાણેજ કે દાદા-દાદીના નામો હોત એના બદલે આ સરકારે યોજનાના નામો એવા આપ્યા છે. કોમર્શિયલ પાયલોટ તાલીમ યોજના મૂકી છે એમાં ૨૦ લાખ રૂપિયાની લોન અને ૪ ટકા વ્યાજે આપવામાં આવશે અને એના કારણે અનુસૂચિત જાતિના કેટલાય લોકો અત્યારે હવામાં ઉડે છે. પાયલોટિંગ કરીને બોમ્બેથી દિલ્હી, દિલ્હીથી મદ્રાસ, મદ્રાસથી કોઇમ્બતૂર આવી રીતે પાયલોટિંગ કરીને એ વિમાન

લઇને ઉડે છે ત્યારે આ રીતે વિદેશ અભ્યાસ માટે પણ અનુસૂચિત જાતિના લોકોને વિદેશમાં અભ્યાસ માટે જવું હોય તો એ જઇ ના શકે એવી પરિસ્થિતિ હતી ત્યારે એને પણ ૧૦ લાખની લોન ૪ ટકાના દરે ઉપલબ્ધ કરવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, શૈક્ષણિક વિકાસ માટે નિવાસી સગવડો એ ૮ થી ૧૨ માં વિદ્યાર્થી ભણતા હોય એવા ૧૯૩૦૯ વિદ્યાર્થીઓએ આ નિવાસી સગવડો ભોગવી રહ્યાં છે અને એમાં ૫૯૨ છાત્રાલયો એ આ રાજ્યમાં ચાલી રહ્યાં છે૰ એમાં ડો.બાબા સાહેબ આંબેડકર સરકારી છાત્રાલયો જે છે એમાં પણ કન્યા છાત્રાલયોમાં ૬૩ કન્યા છાત્રાલયો આ રાજ્યમાં ચાલે છે. ૨૪૩૫ વિદ્યાર્થીઓ એનો લાભ લઇ રહ્યાં છે. જુગતરામ દવે આશ્રમશાળા એ ૮૮ મંજૂર કરવામાં આવી છે એમાં ૯૧૬૫ વિદ્યાર્થીઓ ભણી રહ્યાં છે. મામા સાહેબ ફાળકે આદર્શ નિવાસી શાળા, એવી જ રીતે પી.જી.સોલંકી ડોકટરો અને વકીલો માટેની એક યોજના મૂકી છે કે જેમાં ડોકટરો અને વકીલો અનુસૂચિત જાતિના જ્યારે ભણીને બહાર આવે તો એમને ધંધા માટે પૈસા ના હોય તો એના માટેની યોજનામાં ૨૫૦૦૦ ની સહાય ડોકટર અને વકીલને ૨.૫૦ લાખની લોન આપવામાં આવે છે જેના કારણે એ પોતાનું દવાખાનું ખોલી શકે, નર્સીંગહોમ ખોલવું હોય તો ૫૦૦૦૦ની સહાય અને ૩ લાખ રૂપિયાની લોન આપવામાં આવે છે. અનુસૂચિત જાતિનો વિદ્યાર્થી વકીલ થઇને બહાર નીકળે ત્યારે એ વિદ્યાર્થીની વકીલાત સારી ચાલે નહિ તો એને સિનિયર વકીલ પાસે એ તાલીમ લે.એ માટે દર વર્ષે, પહેલા વર્ષે એક હજાર રૂપિયા માસિક, બીજા વર્ષે આઠસો રૂપિયા માસિક અને ત્રીજા વર્ષે છસ્સો રૂપિયા માસિક સ્ટાઇપેન્ડ આપવામાં આવે છે અને ત્રણ વર્ષમાં એ તૈયાર થઇ અને સારી રીતે વકીલાત કરી શકે. એ સિનિયર વકીલ જે એને તાલીમ આપે એને પણ પાંચસો રૂપિયા માસિક આપવામાં આવે છે. વ્યવસાય ધંધા માટે દુકાન કોઇને કરવી હોય તો એ શિક્ષિત બેરોજગારોને દુકાન માટે પણ સહાય આપવામાં આવે છે. એમાં ૬૦,૦૦૦/- હજાર રૂપિયાની લોન અને ૧૫,૦૦૦/- રૂપિયાની સહાય આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનવ ગરીમા યોજનામાં અનુસૂચિત જાતિના લોકો કડિયા, પ્લમ્બર, નાની દુકાન ચલાવતા હોય, દુધનો ધંધો કરતા હોય તો એને માનવ ગરીમા નીચે એમને સહાય આપવામાં આવે છે. ડો.સ્વામી અતિપછાત વિકાસ બોર્ડ નક્કી કરવામાં આવ્યું છે. એમાં જે અતિપછાત લોકો છે એને સહાય આપવામાં આવે છે. જેમાં હાડી, નાડિયા, સેનમા, તૂરી, ગરો, સાધુ, બાવા, બારોટ, થોરી, માતલીયા વગેરે આવી અતિપછાત જ્ઞાતિઓ છે એમના ઉત્કર્ષ માટે અલગથી યોજનાઓ નક્કી કરી અને એમને પણ સહાય આપવામાં આવે છે. સરસ્વતી સાધના યોજનામાં અનુસૂચિત જાતિના બાળકોને સાયકલ આપવામાં આવે છે અને એ સ્કૂલે જઇ અને ભણી શકે. પ્રોફેશનલ તાલીમ પણ આપવામાં આવે છે. જુદા જુદા એવોર્ડો નક્કી કરવામાં આવ્યા છે. સંત શ્રી રવિદાસ ઉચ્ચ કૌશલ્ય વર્ધક તાલીમ યોજના પણ નક્કી કરવામાં આવી છે. મફત તબીબી સહાય પણ આપવામાં આવે છે. ડો. બાબાસાહેબ આંબેડકર આવાસ યોજના, માનનીય અધ્યક્ષશ્રી, ડો. બાબાસાહેબ આંબેડકરનું નામ ખૂબ ઉછાળ્યું, ડો.બાબાસાહેબના માટે એમણે કોંગ્રેસવાળાઓએ, ડો. બાબાસાહેબના અનુયાયીઓ હોય એવી રીતે વાત કરતા હતા. પણ ડો. બાબાસાહેબ આંબેડકર જયારે બોમ્બેથી અહીંયા કાલુપુર રેલવે સ્ટેશને ઉતરતા હતા ત્યારે કાળા વાવટાઓ લઇ કોંગ્રેસના લોકો જ ઉભા હતા કે ડો. બાબાસાહેબ પાછા જાઓ. ત્યારે (અંતરાય) આ ડો. બાબાસાહેબ આંબેડકર સમૂહલગ્ન યોજના (અંતરાય)

શ્રી ઇકબાલ પટેલ : સાહેબ, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. (અંતરાય)

શ્રી સભાપતિશ્રી : કાંતિભાઇ પ્લીઝ, (અંતરાય) આત્મારામભાઇ, એમનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. ( આ તકે સભ્યશ્રી ભરતભાઇ બોઘરા, બેઠા–બેઠા કાંઇક બોલતાં)

શ્રી ઇકબાલ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભરતભાઇ શિખામણ આપવાની જરૂર નથી.(અંતરાય) આ ભરતભાઇને કહોને તમે. આમાં સાહેબ, આમાં બાબાસાહેબના પેલા જે વારસદારો બોલે છે એમને કહું છું સાહેબ (અંતરાય)

શ્રી કાંતિલાલ રા. લકુમ : વારસદારો નહીં, અનુયાયીઓ કીધા છે.

શ્રી સભાપતિશ્રી : આપ આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર રજૂ કરોને, સીધી વાત કરો પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર.

શ્રી ઇકબાલ પટેલ : આ બધાને બેસાડો તો ખરા પણ. (અંતરાય)

શ્રી સભાપતિશ્રી : આત્મારામભાઇ પ્લીઝ. આપ આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર રજૂ કરો

શ્રી ઇકબાલ પટેલ : આમાં સાહેબ પ્રશ્ન એ છે કે, સભ્યશ્રી જયાં સુધી બજેટના ઉપર એના દાયરામાં રહીને વાત કરતા હતા ત્યાં સુધી અમે કંઇ (અંતરાય) પણ કાળા વાવટા દેખાડતા હતા (અંતરાય)

શ્રી કાંતિલાલ રા. લકુમ : આ મારો સમય બગાડવાની વાત છે.

શ્રી ઇકબાલ પટેલ : સાહેબ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર સાંભળવું પડે કે નહીં ?(અંતરાય)

શ્રી સભાપતિશ્રી : શાંતિ રાખો, એમનો પોઇન્ટ ઓફ ઓર્ડર કહી દેવા દો. આપ સીધા જ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર આવો.

શ્રી ઇકબાલ પટેલ : એમાં એમ છે કે, કોંગ્રેસવાળા કાળા વાવટાઓ દેખાડતા હતા એ શબ્દ ગૃહના અસંસદીયમાં પણ છે અને રેકર્ડમાં જાય, એ રેકર્ડમાંથી દૂર કરવો જોઇએ, એ મારી માગણી છે.

શ્રી સભાપતિશ્રી : આ કોઇ શબ્દ અસંસદીયમાં નથી.આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર બનતો નથી.

શ્રી કાંતિલાલ રા. લકુમ : માનનીય અધ્યક્ષશ્રી, જુદી જુદી યોજનાઓ બનાવી ડો. બાબાસાહેબ આંબેડકરના નામે જિલ્લે-જિલ્લે એ આંબેડકર ભવનો બાંધવાનું કામ એ આ ભારતીય જનતા પક્ષની સરકારે કર્યુ છે. માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધી આંબેડકર સાહેબના સ્ટેચ્યુ મૂકવા સામે વાંધો હતો. અને આ આંબેડકર ભવનો બનાવવામાં આવશે અને તાલુકે તાલુકે આંબેડકર ભવનો બનાવવાની યોજનાઓ થઇ રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, જુદા જુદા એવોર્ડો આ સરકારે જાહેર કર્યા છે અને એ દલિતોના ઉત્કર્ષ માટેની આખી યોજના છે. માનનીય અધ્યક્ષશ્રી, હોળી અને ધૂળેટીનો તહેવાર આવતો હોય છે ત્યારે ગામડામાં એક ગેડી દડાની રમત રમાતી હોય છે.અને એ ગેડી દડાની રમત પહેલા રમતા હતા બધા અને અજવાળું ન હોય એ વખતે રાત્રે બે ટીમ બનાવવામાં આવે અને જે ટીમ જીતે, અમુક જગ્યાએ દડો લઇ જવાનો. બે ટીમ કોંગ્રેસ અને ભા.જ.પ. હોય ત્યારે દડી પડી મેદાનમાં, સૌ કોઇ લેવા જાય, એમાં વર્ણ વર્ણનું કામ નથી, જીતે એ લઇ જાય. જીતે એ જ લઇ જશે. ધુળેટીમાં કાદવ કીચડ લઇને ફરતા હોય છે. ધુળેટીમાં રંગને બદલે કાદવ કીચડ ઉછાળતા હોય છે. બાજુમાં જે લોકો હોય એને એમ લાગે કે છાંટા પડશે એટલે બાજુવાળા પણ જતા રહેશે અને ઝીરો થઇ જશે એટલે કાદવ કીચડ ઉછાળવાનું બંધ કરી હોળી ધુળેટી ઉજવીએ તો ગુજરાતનો વિકાસ એ આગળ આંબી શકીશું.

**શ્રી નરેશભાઇ મ. પટેલ(ચીખલી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના નાણામંત્રીશ્રી આદરણીય વજુભાઇ વાળા ૧૮ મી વખત જે અંદાજપત્ર લઇને આવ્યા છે એમને હું આવકારું છું અને મારા વિચારો રજૂ કરું છું. આ વખતના અંદાજપત્ર ઉપર જયારે માર્ગ અને મકાન વિભાગ ઉપર મેં મારી નજર નાખી તે સમયે મેં જોયું કે ૪૨૬૦કરોડ રૂપિયા જયારે ૨૦૧૨-૧૩માં વાપરવાના છે ત્યારે હું નાણામંત્રીશ્રીને અને આપણા રાજયના મુખ્યમંત્રીશ્રી અને માર્ગ અને મકાન વિભાગ સંભાળતા મંત્રી આનંદીબેન પટેલને અભિનંદન આપું છું એટલા માટે કે હું એક આદિવાસી વિસ્તારમાંથી આવું છું અને આદિવાસી વિસ્તારમાંથી જયારે આવું છું ત્યારે સામેના મિત્રો સ્વીકારે કે ન સ્વીકારે પણ જે વાસ્તવિકતા છે એ સ્વાભાવિક રીતે એક ધારાસભ્ય તરીકે મારે વાત કરવી જોઇએ. સદભાવનાની પણ વાત ચાલી. જયારથી આ રાજયમાં મુખ્યમંત્રીશ્રીએ ધુરા સંભાળી છે ત્યારથી સદભાવના અમારી શરૂ થઇ ગઇ છે પરંતુ પાંચ વર્ષથી ધારોકે ૨૦૦૮-૦૯નું માર્ગ અને મકાન વિભાગનું બજેટ જોઇએ તો ૧૭૭૫.૨૫કરોડ હતું. ૨૦૦૯-૧૦નું ૨૦૭૫કરોડ હતું. ૨૦૧૦-૧૧નું ૨૯૨૭કરોડ હતું. ૨૦૧૧-૧૨ નું ૩૩૪૦કરોડ રૂપિયાનું હતું, ૨૦૧૨-૧૩ નું ૪૨૬૦કરોડ રૂપિયાનું હતું. એનાથી આગળના આંકડા ઉપર નજર નાખીએ તો ૨૦ વર્ષમાં ૨૩૦૦કરોડ રૂપિયાનું બજેટ એટલે દસ વર્ષના આંકડા મેં જોયા તો ૧૩૦૦૦કરોડ રૂપિયાનું બજેટ જયારે ઉંડો ઉતર્યો કે મારી સરકારની સદભાવના મારે જોવી છે. કિસાન પથ આ વર્તમાન સરકારમાં આવ્યો, પ્રગતિ પથ આ વર્તમાન સરકારમાં આવ્યો, પ્રવાસી પથ આ વર્તમાન સરકારમાં આવ્યો, ખાસ અંગભુતના રસ્તાઓ આ જ સરકારમાં આવ્યા. ૨૫૦ થી નીચેની વસ્તી માટે બજેટ જોગવાઇ થઇ હોય તો આ ચાલુ વર્તમાન સરકારમાં થઇ. આદિવાસી વિસ્તારમાંથી કેટલાય મારા મિત્રો આવે છે. જયારે પ્રગતિ પથ માટે મારે થોડી વાત કરવી છે. રાજયના ઉત્તર, દક્ષિણ, પૂર્વ,

પશ્ચિમના આદિજાતિ વિસ્તારો અને અન્ય રાજયોને જોડતા હાઇસ્પીડ કોરીડોર દ્વારા જોડવાનું આયોજન કરેલ. આ પ્રગતિ પથ મારે સામેના મિત્રોને કહેવું છે પીપાવાવ–અંબાજી–આબુ ૪૩૦કરોડ રસ્તા પાછળ વપરાયા છે.મારે આનાથી આગળ જવું છે. રાધનપુર શામળાજીથી જો કોઇ ધારાસભ્ય આવતા હોય તો ૧૧૧ કરોડ રૂપિયાના આ રસ્તા ઉપર વપરાયા છે. અમારા દક્ષિણમાથી હું આવું છું. સુરત–આહવાના રસ્તા ૨૧૨ કરોડ રૂપિયા. વાપી–શામળાજીથી અમારા આદિવાસી ધારાસભ્યશ્રી છે, તો એ વાપી–શામળાજીના રસ્તા ઉપર ૨૭૫ કરોડ રૂપિયા. આમ ૯ રસ્તા થયા છે. એની પાછળ ૨૫૮૬ કરોડ રૂપિયા વપરાયા છે. આ આદિવાસી પટ્ટો છે. અમે કોઇ દિવસ એવું નહિ વિચાર્યુ કે આદિવાસી વિસ્તારમાં કોઇ ખેડૂત મુસલમાન હોય, આદિવાસી હોય પણ એને કિસાન પથનો રસ્તો આપવો જોઇએ. અમે કોઇ દિવસ નથી વિચાર્યુ કે એ અમારી સદભાવના હતી. અમે એવું વિચારતા હતા કે અમારી કદાચ સગર્ભા માતા છેલ્લા દિવસોમાં પ્રસૂતિથી પીડાતી હોય એના ઘર સુધી ૧૦૮ લઇ જઇ શકાય એની ચિંતા કરીને ૨૫૦ થી પણ નીચેની વસ્તીમાં રસ્તાઓ આપવાનો પ્રયત્ન કર્યો છે. એના માટે વન બંધુ પેકેજમાં વ્યવસ્થા થઇ છે. માર્ગ અને મકાન વિભાગમાં મરૂન વિલેજ જેવી યોજના બનાવી છે. આદિવાસી વિસ્તારની અંદરથી ઘણા ધારાસભ્યશ્રી આવે છે. નદીઓ ભારતીય જનતા પાર્ટી આવી પછી નવી નદીઓ શરૂ નથી નથી. વર્ષોથી નદીઓ હતી. ત્યાં હાઇ લેવલના બ્રીજની જરૂર પડી, તો ભાજપ પાસે વિનંતી કરવી પડી અને આ સરકારે કરવી પડી. વર્ષો સુધી ઉપર પસાર થતા રહ્યા. ૧૫–૨૦ દિવસ સુધી ઘેરાતા રહ્યા. પ્રયત્ન કરવા છતા હંમેશા નિષ્ફળતા. આ લોકોને મતદારો પાસે જવામાં વ્યથા હતી. બહુ વ્યથા હતી. અમે આદિવાસીઓના બેલી છીએ, ગરીબોના બેલી છીએ. પરંતુ ૪૦ વર્ષ સુધી વેદના, વ્યથા ચાલુ રહી. વ્યવસ્થા નથી થઇ. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે અને આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે આ ગરીબોના બેલી થઇને ગરીબો માટે વ્યવસ્થા કરી છે. મરૂન વીલેજની અંદર મારા એરિયામાં ચીખલી મત વિસ્તારમાં ૧૪ કરોડ રૂપિયા જેટલા કામો કર્યા છે. અને આજે ઘણા એરિયા હતા જ્યાં ૧૫–૨૦ દિવસ સુધી ઘેરાઇ જતા, આજે સારી રીતે તાલુકા મથકે આવી શકે છે. ત્યાં ખેડૂતો સુખી છે. શૈક્ષણિક માટે બહાર આવતા વિદ્યાર્થીઓ સુખી છે. સામાજિક રીતે પણ સુખી છે. આરોગ્ય રીતે સેવા ઉપલબ્ધ કરાવી શક્યા છીએ, જેથી માર્ગ મકાન વિભાગની વાત કરું તો સરકારે અનેક રીતે જે માળખાકીય સુવિધા ઉપલબ્ધ કરાવી છે. એ માર્ગ મકાન વિભાગ માટે ૪૨૬૦ કરોડ રૂપિયાની આ વર્ષ માટેની જોગવાઇ થઇ છે.

**સભાપતિશ્રી** : માનનીય બાબુભાઇ,

**શ્રી બાબુભાઇ મે. શાહ(રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે ૨૦૧૨–૧૩ નું અંદાજપત્ર સન્માનનીય સભાગૃહ સમક્ષ લાવ્યા છે, અને મારા અગાઉના વક્તાઓએ ૧૮મી વખત આ નાણામંત્રી સભાગૃહ સમક્ષ બજેટ લાવ્યા છે એનું ગૌરવ અનુભવ્યું. આ નાણામંત્રીશ્રીને મારે બીજું કઇ નથી કહેવું વજુભાઇ સાહેબ તમે માગો એક અને બીજું આપે અને એનું ગૌરવ અનુભવીએ છીએ. આપણે આ રાજયને કરજમુકત થવાની વાત કરીએ. દર વર્ષે કરજનો બોજો વધારતા જાય. આ રાજયના નાણા મંત્રીશ્રી તરીકે વજુભાઇ સાહેબનું નામ આ રાજય ઉપર બોજો વધારાનારા મહાનુભાવ તરીકે લેખાશે, એને કોઇ ના નહિ કહી શકે. એ ગયા વર્ષેના બજેટ પ્રવચનમાં કહ્યું હોય કઇ. એ.ટી.વી.ટી. ની વાત કરી. ગયા વર્ષે ૬૦૦ કરોડ ફાળવ્યા, માર્ચ મહિનો આવ્યો એક રૂપિયાનું ખર્ચ થઇ શકયું નહિ. ગયા વર્ષે કહ્યું ૨૭૦૦ કરોડ રૂપિયા આવતા ૪ વર્ષમાં ખર્ચાશે.માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષના બજેટમાં તેમણે કેટલા પૈસા ફાળવ્યા? ૪૦૩ કરોડ રૂપિયા. ગયા વર્ષે ૬૦૦ કરોડ રૂપિયા ખર્ચાયા નથી. પ્લાનિંગની સાઇઝ તો ગયા વર્ષે ૩૭ હજાર કરોડની વાર્ષિક યોજનાની સામે આ વર્ષે વાર્ષિક યોજના ૫૦ હજાર કરોડ રૂપિયાની મૂકી. આ ધારાસભ્યશ્રીઓ સન્માનનીય સભાગૃહના તો તેમની ગ્રાન્ટમાં એકપણ રૂપિયાનો વધારો ન થાય. લોકસભા અને રાજયસભાના સંસદસભ્યોને બે કરોડના પાંચ કરોડ રૂપિયા યુ.પી.એ. સરકારે કરી દીધા. અન્ય રાજયોની ધારાસભાઓની અંદર ધારાસભ્યોને બે–બે કરોડ રૂપિયાની ગ્રાન્ટ મળે. આ ગ્રાન્ટ કંઇ ધારાસભ્યના ખિસ્સામાં નથી જવાની. તેમણે તો માત્ર તેની ભલામણ કરવાની હોય છે. ૧૮૨ ધારાસભ્યોમાં જેમણે સદભાવના પ્રસરાવી નથી અને સદભાવનાની વાતો કરતી આ સરકાર છે. સદભાવના શબ્દ આ સરકારને

શોભે નહીં. માનનીય વજુભાઇએ સદભાવના શબ્દ કોઇકના માટે મૂકયો છે. તેમનામાં સદભાવના ખૂબ ભરેલી છે. તેમના મિત્રવર્ગની અંદર તે ખૂબ લોકપ્રિય છે તેમની વાતો નથી. તેમની સદભાવનાનો મને અનુભવ થયો છે. કચ્છના લોકો માટે આ મુખ્યમંત્રીશ્રીએ શું શબ્દો કહ્યા છે તે શબ્દો હું જાહેરમાં કહું છું. આજે ફરી વખત કહેવા માગું છું. ૨૦૦૬માં કોઇક મંગળવારે હું ભચાઉના પ્રશ્નો લઇને એમની પાસે.. મને ચીફ સેક્રેટરી તત્કાલિન..

**સભાપતિશ્રીઃ**માનનીય બાબુભાઇ આપ બજેટ પર ચર્ચા કરો.

શ્રી બાબુભાઇ મે. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, તેમણે કહ્યું એટલે કહેવા માગું છું. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે કચ્છની ચિંતા કરો, કચ્છમાં હું આવું ત્યારે હું શું અનુભૂતિ કરું છું ત્યારે એમને મેં એમ કહ્યું કે કહો, ત્યારે એમણે કહ્યુ કે, આપણે કૈલાસ માનસરોવરની યાત્રાએ જઇએ અને ભારતની સરહદ મૂકી અને નેપાળની સરહદના વચ્ચેના ગામડાંઓમાં ભીખ માગતા છોકરાઓને મોકલીને બહુ ત્રાસ આપે છે. તેવો ત્રાસ હું કચ્છમાં અનુભવું છું. આ શબ્દો એમના છે. એટલા માટે મેં અખબારમાં કહ્યું, જાહેરસભામાં કહ્યું, એટલા માટે આ સન્માનનીય સભાગૃહમાં કહું છું. તેનો જવાબ આપવો હોય તો માનનીય મુખ્યમંત્રીશ્રી આપે કે આવું મેં કહ્યું નથી. કચ્છની અંદર પ્રજા માગે, બાપ પાસે દિકરા માગે, રાજા પાસે પ્રજા માગે અને માગણી કરતા હોય તેનાથી કંટાળીને આવી ભાષા વાપરે તો તેને સદભાવના કહેવાય ખરી? સદભાવનાનો બીજો અનુભવ મને પોતાને થયો.* (xxxxxxx) આ તો કઇ સદભાવના કહેવાય?

**સભાપતિશ્રીઃ**તેમનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. આપ બેસી જાઓ. તેમનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

શ્રી બાબુભાઇ મે. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, નિયમન બાબતનું છે એટલા માટે કહેવા માગું છું.

**સભાપતિશ્રીઃ**તેમનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

શ્રી દિલીપભાઇ ન. સંઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, (xxxxxxx) સી.એમ. બનાવતા નથી. વિધાનસભાના ગૃહના સંસદીય મંત્રીશ્રી સાથે ચર્ચા કરીને થાય છે. આ (xxxxxxx) બનાવવા માટે સંસદીય મંત્રી તરીકે મારો રોલ છે. સી.એમ. સાહેબ કશું જ જાણતા નથી. તેની વાતમાં બાબુભાઇ સાથેના મારા વ્યક્તિગત જુના સંબંધો અને આટલા સિનિયર મેમ્બરને મેં મારી કમિટીમાં આગ્રહ કરીને રાખ્યા છે. એટલે આવા ઉલ્લેખો અહીં કરે તે ઉચિત નથી. (xxxxxxx) કાઢી મૂકયા એવો ભાવાર્થ કરવાનો પ્રયત્ન કરે છે એટલે કોઇ સંજોગોમાં આવા શબ્દો હાઉસના રેકર્ડ ઉપર રહી શકે નહીં.

શ્રી બાબુભાઇ મે. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય સભ્યશ્રીને કહેવામાં આવે છે કે તમે કઇ સમિતિમાં રહેવા માગો છો? મેં મારી પસંદગીની સમિતિ આપેલી હતી. તે સમિતિમાં....

**સભાપતિશ્રીઃ** સંસદીય મંત્રીશ્રીનો જે પોઇન્ટ ઓફ ઓર્ડર છે તેમાં તેમણે જે પ્રમાણે કહ્યું કે પરામર્શ સમિતિની ચર્ચા અહીંયાં ના થઇ શકે. એટલે આ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી બાબુભાઇ મે. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, આ રેકર્ડ ઉપરથી દૂર થશે. પરંતુ જેને તેની અસર થઇ છે તેની લાગણીની અંદર તમે નહીં કરી શકો. એટલે સદભાવના શબ્દ આ સરકારને શોભતો નથી એટલું કહેવાનું છે. આ નાણાં મંત્રીશ્રી તે કોઇક માગે કંઇક અને આપવું કંઇક. આમાં પશુપાલન વિભાગમાં પાંજળાપોળ અને ગૌશાળા માટેની વાત છે.

**સભાપતિશ્રીઃ** માનનીય સભ્યશ્રી કિશોરભાઇ વાંકાવાળા.

---

* (xxxxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવમાં આવ્યા છે.

**શ્રી કિશોર વાંકાવાલા(સુરત શહેર(પશ્ચિમ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણાં મંત્રીશ્રી જે ૨૦૧૨-૧૩નું બજેટ લઇને આવ્યા છે તેના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારના ખર્ચના અંદાજો ૨૦૧૩ના વર્ષ માટેના વિકાસલક્ષી ખર્ચ કુલ ૬૬.૪૧ ટકા ફાળવવામાં આવ્યા છે. આ ૬૬.૪૧ ટકા વિકાસલક્ષી ખર્ચ એ આપણે અહીંથી ઉપલબ્ધ થયેલ પ્રકાશન નંબર ૩૩માં પ્રકાશિત થયો છે. હું એટલું કહેવા માગું છું કે, ટ્રસ્ટ એક્ટનો જે કાયદો આવ્યો, જેને પાછો આપણે મુલતવી રાખ્યો છે. એ બાબતમાં મારે કહેવું છે કે, ગુજરાત ટ્રસ્ટ એક્ટ અને મહારાષ્ટ્રનો ટ્રસ્ટ એક્ટ બંન્ને લગભગ સરખા છે. એમ કહી શકીએ કે લગભગ એક જ છે પરંતુ મારા સાથી પક્ષોએ જે રીતે સાધુ-સંતોને ઉશ્કેરીને આ ટ્રસ્ટને પાછો ખેંચવા માટે તે લોકોને દબાણ કર્યું, તેઓ આખા ટ્રસ્ટના કાયદાને એક રાજકીય ચશ્માથી જોઇ રહયા છે, બજેટની અંદર ચાલુ સત્રમાં આ વાત થઇ છે અને ચાલું સત્રમાં હું ઉલ્લેખ કરી રહયો છું. મારી આ વાત સમજી લેજો. મારે ખાલી એટલું જ કહેવું છે કે, દરેક વસ્તુની અંદર રાજકીય ચશ્મા બંધ કરો. મારા મિત્રોને ખાલી એટલું જ કહેવા માગું છું કે, અહીંયા હાથ રાખીને કહો, ખાલી બે શબ્દો કહીશ કે, નિખાલસ મનનો નિખાર અલગ હોય છે, દુનિયામાં દોસ્તી અને દુશ્મનીનો વ્યવહાર અલગ હોય છે, ભગવાને આપી છે આંખ સરખી સૌને, બસ જોવાનો અંદાજ અલગ હોય છે. મિત્રો, હું તો ખાલી એટલું જ કહેવા માગું છું કે, આ વખતના બજેટની અંદર સાગરખેડુ યોજનાની અંદર જે લોકો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ છે તે લોકોની આ સરકાર કેટલી દરકાર રાખે છે એ હું કહેવા માગું છું. આ સાગરખેડુ યોજના ગયા વર્ષે ૧૧ હજાર કરોડ રૂપિયાની હતી, આ વખતે ૨૧ હજાર કરોડની એટલે કે લગભગ ૯૦ ટકાનો વધારો કરવામાં આવ્યો છે અને સાગર ઉપર રહેતા મારા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જે લોકો છે જે લોકો ગઇ કાલે તમારી સાથે હતા એ આજે અમારી સાથે છે. એનું કારણ એટલું જ છે કે, તેઓનો વિકાસ થયો છે. આખા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિ છે, તેઓ માટે આપણે વિચાર કરવો પડશે, ત્રણ ભાગમાં વિચાર કરવો પડશે. હું એમ કહીશ કે તેઓની આર્થિક વિકાસની યોજનાઓ, તેઓની શિક્ષણની યોજનાઓ અને તબીબી સહાયની યોજનાઓ, આ ત્રણ રીતે જોવામાં આવશે તો જે લોકોની પોતાની આવક ઓછી છે તેવી વ્યક્તિઓને આ સરકારે જે મદદ કરી છે ન ભૂતો ન ભવિષ્ય, હું ખાલી એટલું જ કહેવા માગું છું કે, જે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત હતા તેઓને માટે વિદેશમાં વધુ અભ્યાસ માટે ૧૦ લાખ રૂપિયાની લોન, જે લોકોને પાયલોટ થવું છે તેઓને માટે ૧૫ લાખ રૂપિયાની લોન એટલું જ નહીં પણ આર્થિક રીતે મદદરૂપ થવા માટે હોસ્પિટાલિટી અને મેનેજમેન્ટ માટે તેઓને દરેક વ્યક્તિદીઠ રહેવાનું તાલિમ આપવાની સવા લાખ રૂપિયાની સહાય, આ કોઇકે વિચાર્યુ હશે, હું પૂરક બજેટની જ વાત કરીશ ચાર કરોડ લઘુમતિઓ માટે પૂરક માગણી માટે લઇને આવ્યા હતા જે આપણે મંજૂર કરી. આ પુરક માગણી કેમ આવી એ આપણે કોઇ વિચારતું નથી. ૫૯.૧૩ ટકા આ લઘુમતીઓનો શિક્ષણનો દર હતો એ ગુજરાતમાં વધીને ૭૫.૩ ટકા થયો છે. આને સદભાવના કહેવાય! અને જે સત્તકર્મની વાત કરતા હોય તો હું એ પણ કહેવા માગુ છુ કે, સત્તકર્મની જેટલી મિટિંગો કરી છે એમાં તમે ભાષણો કર્યા છેને તેને જો અહીંયા હાઉસમાં મૂકવામાં આવે તો એટલી નીચલી કક્ષાની વાતો થયેલી છે જે આ હાઉસમાં બોલી પણ ન શકાય એવી વાતો થયેલી છે. મારી સરકાર આર્થિક મદદરૂપ થઇ રહી છે તે વાત કરવી છે. આર્થિક સહાય માટે જે શૈક્ષણિક યોજનાઓ છે એમાં ધોરણ ૧ થી ૭ માટે ૧૫૦ રૂપિયા અને ૮ થી ૧૦ માટે રૂપિયા ૩૦૦ ની જોગવાઇ કરવામાં આવી છે. અતિ પછાત ધોરણ ૧ થી ૧૦ ની શિષ્યવૃત્તિ જેમાં ફકીર, ડફેર એવી જે જ્ઞાતિ છે તેઓની શિષ્યવૃત્તિ ૨૫૦ થી ૫૦૦ અને અને બેસ્ટ સ્કોલર વિદ્યાર્થીઓ માટે વાર્ષિક ૨૦૦૦ થી ૨૫૦૦ તથા વધારાના ૫૦૦ રૂપિયા આ અતિ પછાત ફકીર, ડફેર વગેરે માટે ફરીક મુસ્લિમ જાતિઓમાં પણ આવે છે, લઘુમતીમાં પણ આવે છે. મૂળ કહેવાનો ભાવાર્થ શું છે કે સદભાવના કોને કહેવાય કે જેનો બજેટમાં પણ સમાવેશ કરવામાં આવે છે. બજેટમાં જેનો સમાવેશ થતો હોય તો તેની ઉપર તમે જઇ નહીં શકો કારણ કે આ હાઉસને આપેલું વચન છે અને વચનને પાળવા માટે આ સરકાર કટિબદ્ધ છે. આ કટિબદ્ધતાને કોઇ રોકી નહીં શકે આપે જે કહેવું હોય તે કહેજો પરંતુ એક વસ્તુ બહું સ્પષ્ટ છે કે, આ સરકાર કોઇ પણ સંજોગોમાં તમારી વાતોને, હમણા બાબુ કાકા બોલતા હતા ક્ષ્કહે છે કંઇ ને આપે છે કંઇ૰ દરેક વસ્તુ તમે માગો છો તે મળવી નહીં જોઇએ. હું મારા સુરતની જ વાત

કરું તો પાણી નહોતું મળતું તો કહે પાણી આપો, પાણી આપ્યું તો કહે ફોર્સમાં નથી મળતું, ફોર્સમાં આપ્યું તો કહે એક કલાક નહીં બે કલાક આપો આમ લોકોની માગણી કદી ઓછી થવાની નથી એ તો ચીલ્ડ વોટર પણ માગશે, ઠંડુ પાણી પણ માગશે. પરંતુ આપણી પોતાની તાકાત છે, આ સરકારની તાકાત છે, દેવું કરવાની તાકાત છે, દેવું ભરપાઇ કરવાની તાકાત છે આ ભરપાઇ કરવાની તાકાત જ આ રાજયને આટલું ઉંચું લાવી શકે છે. કોઇ એમ કહેશે કે તબીબી સહાય માટે ધ્યાન નથી આપવામાં આવતું (અંતરાય) કુંવરજીભાઇ, જવાબ મારે તમને નથી આપવાનો મારે જવાબ અધ્યક્ષશ્રીને આપવાનો છે અને લોકો જાણે છે તમને જવાબ લોકો આપશે. ૨૦૧૨માં તમને પ્રજા જવાબ આપશે જ એમાં કોઇ શંકાને સ્થાન નથી. માનનીય અધ્યક્ષશ્રી, મહિલાઓની રોજગારી માટે આ સરકારે સીવણના વર્ગો પણ શરૂ કર્યા છે. આ સીવણના વર્ગોની તાલિમ દરમ્યાન ૨૫૦ રૂપિયા આપવામાં આવે છે.

સભાપતિશ્રીઃ માનનીય શ્રી જવાહરભાઇ ચાવડા, તમારો જે સમય ફાળવેલ છેએ પ્રમાણે જ નામ બોલું છું એ સિવાય આપતી નથી. જવાહરભાઇ ચાવડા નથી. બીજું કોઇ નામ તમે આપો. આપને ખબર હતી કે આપના સભ્ય નથી તો આપે પહેલેથી બીજું નામ આપી દેવું જોઇએને? માનનીય શ્રીધીરુભાઇ ભીલ.

**શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(નસવાડી)** : માનનીય અધ્યક્ષશ્રી, નાણાંમંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. આ બજેટ જોયા પછી મને એવું લાગે છે, હું ખેડૂત તરીકે બોલું છું કે આમાં જોઉં છું ત્યારે ખેડૂત માટે કંઇ દેખાતું નથી. આમાં ખેડૂત માટે ખેડૂતના ખાતરમાં જે વેટ લેવાય છે એ વેટ એકલો જો માફ કરી દેત તો હું માનત કે નાણાંમંત્રીશ્રી સારું બજેટ લઇને આવ્યાં છે. અહીંયા ખેડૂત માટેની જ્યારે વાત થાય છે ખેડૂત માટે વીજળીની અહીંયા જ્યારે વાત થાય છે ત્યારે નાણાંમંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યાં છે ખેડૂતોમાં હું એ વિચારું છું કે ૧૯૯૫ પહેલાં ખેડૂતોને ૧૬ કલાક વીજળી મળતી હતી. આજે આ વીજળી ફક્ત આઠ કલાક મળે છે. હું નાણાંમંત્રીશ્રી સાહેબને એવી વિનંતી કરું છું કે ખેડૂતોનું જો હિત રાખ્યું હોત તો અમને એમ લાગત કે ખેડૂતો માટેનું કંઇક સારું પેકેજ લઇને આવ્યાં છે અને ખેડૂત માટે થઇને આખા ગુજરાતને જ્યારે નંદનવન કરવાની વાતો કરતા હોય તો જ્યારે આ બધું ખેડૂતના વિરોધમાં છે એટલે એ મારું સૂચન છે. અહીંયા આદિવાસીઓની વાત થઇ છે. આદિવાસીઓના જ્યારે વિકાસ માટેની વાત છે હમણાંજ અહીંયા આદિવાસી ધારાસભ્યશ્રીઓ બોલતાં હતાં કે આદિવાસીઓનો ઘણો વિકાસ થઇ ગયો છે. હું એ વિચારું છું કે નર્મદાનું જે મુખ્ય મથક છે એ મારા મત વિસ્તારમાં છે મને ખબર છે કે મારા તાલુકામાં કેટલું પાણી મળે છે નર્મદાનું પાણી જો આખા ગુજરાતમાં ફરતું હોય ત્યારે આદિવાસીઓને ખાલી જોવાનું રાખ્યું છે આમાં ક્યાંય જોગવાઇ કરવામાં આવેલી નથી. નર્મદા માટેની જ્યારે વાત કરે છે નર્મદાના પાણીથી ધોળીધજાની રાતોરાત યોજના બની જાય છે એ કોના માટેની છે? જે માણસે જે વિસ્તારે ભોગ આપ્યો છે. હું તો આજે એ અભિનંદન આપું છું કે અગાઉની સરકારે જ્યારે ખાતમુર્હુત કર્યું હતું અને ૮૫ મીટર સુધી બંધ બનાવ્યો છે ત્યારે આવું વિચાર્યું નહોતું પણ આજે જ્યારે આદિવાસીઓની વાતો કરતા હોઇએ તો હું માનું છું કે આદિવાસી વિસ્તારની પટ્ટી ફરી લઇને અહીંયા માનનીય ધારાસભ્યશ્રીઓને પણ વિનંતી કરું છું કે આપણા વિસ્તારમાં કેટલી યોજનાઓ બાકી છે ક્યાં પાણી મળે છે હજી અમારા વિસ્તારોમાં હેન્ડપંપોથી જ પાણી મળવાનું છે. આ સરકાર કામ કરી રહી છે. આમાં ઘણી બધી યોજનાઓ જ્યારે લઇને આવ્યા છે પણ એમાં હું માનું છું કે અહીંયા નાણાંમંત્રીશ્રી મને એવું લાગતું હતું કે આ વખતે બજેટમાં કંઇક થોડુંક ઓછું આવશે ખાધ થોડીક ઓછી આવશે. પણ જ્યારે જોયું ત્યારે એવું લાગે છે કે આ ગુજરાત કયા પાયા પર જતું રહેશે કેટલું ખાધવાળું બજેટ, કેટલું દેવું એક માણસ દીઠ? આજે આ બજેટમાં જોઉં છું ત્યારે મને એમ લાગે છે કે આવતા દિવસોમાં આ ગુજરાતને ક્યાં લઇ જશે?

માનનીય અધ્યક્ષશ્રી, આમાં આરોગ્યની જ્યારે વાત કરવામાં આવી છે ત્યારે એમ કહેવાય છે કે આરોગ્યમાં ઘણા બધા પૈસા ફાળવ્યા છે પણ આદિવાસી વિસ્તારમાંથી જ્યારે હું અહીંયા આવું છું ત્યારે મારે દુઃખ સાથે કહેવું પડે છે કે તાલુકા મથકમાં જે સી.એચ.સી. દવાખાના છે એ ટોટલી બંધ થઇ ગયા છે, પી.એચ.સી. દવાખાના ગામડાઓમાં છે એમાં એક પણ ડોકટર નથી. આદિવાસી વિસ્તારના લોકો ત્યાં જ્યારે દવા લેવા જાય છે ત્યારે એમ કહે છે કે દવા અમારી પાસે છે નહિ. સ્ટાફ કોઇ છે નહિ. શું આદિવાસીઓ

માટે ૧૫૦૦૦ કરોડ રૂપિયાનું પેકેજ હતું એ ક્યાં ગયું ? માનનીય અધ્યક્ષશ્રી હું એથી પણ આગળ જઇને વાત કરું કે આદિવાસી વિસ્તારમાં આજે ખેતીની સુવિધા માટે સિંચાઇ માટેની જે યોજના છે. હું એવુ માનુ છું કે આદિવાસી વિસ્તારમાં આજે પણ ૭૫ ટકા સૂકી ખેતી કરે છે. આદિવાસીઓની સિંચાઇ માટે કોઇ યોજના નથી. મને એમ હતું કે આ બજેટમાં આદિવાસીઓ માટે નર્મદાના પાણીની કંઇ યોજના મળશે. આટલા વર્ષો થયા. જો નર્મદાના પાણી સૌરાષ્ટ્ર અને કચ્છ સુધી જતા હોય તો છેવાડાનો માણસ જે નર્મદાના કિનારે બેઠો છે એને કેમ પાણી મળતું નથી? માનનીય અધ્યક્ષશ્રી, વનબંધુ યોજનાની વાત થઇ. સાગરખેડૂની વાત થઇ. માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે ત્યારે મારી વિનંતી છે કે આદિવાસીઓ માટે કંઇક થાય. કેમ કે પૈસા તો ફાળવાય છે, પણ વપરાતા નથી. આદિવાસીઓ માટે સારી યોજના બનાવે અને સિંચાઇ વગર તેઓ બાકી રહી ગયા છે એના માટે સારી એવી જોગવાઇ કરે એવી મારી વિનંતી છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મારી એક જ છેલ્લી વાત છે. વિસ્થાપિતોનો પ્રશ્ન છે...

**શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ(રાજકોટ-૧) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી ૨૦૧૨-૧૩ના નાણાકીય વર્ષનું જે બજેટ લઇને આવ્યા છે, તેના સમર્થનમા મારા કેટલાક વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું જન્મજાત ખેડૂત છું. મહેસૂલ વિભાગની ચાલુ વર્ષની ૭૬૦ કરોડની જોગવાઇ કરવામાં આવી. જમીનનું જતન કરવું એ ખેડૂતનો મૂળભૂત અધિકાર છે. રાજય સરકાર વિચાર અને વ્યવહારથી આ પ્રકારનું જતન કરી રહી છે. આજ દિવસ સુધી જમીન અંગેનું રેકર્ડ બાવા આદમના જમાનાનું હતું, જેના ચોપડા ખંખેરો તો ધૂળ હોય, રેકર્ડ મળે નહીં. એ પ્રકારની જે વ્યવસ્થા હતી, એમાં સંપૂર્ણ સુધારો કરવા માટે સીટી સર્વેનું આધુનિકીકરણ કરીને ડેટા બેઇઝ એન્ટ્રી કરીને કોમ્પ્યુટરાઇઝ કરવા માટે ૧૪ કરોડની જોગવાઇ સીટી સરવે વિભાગમાં કરવામાં આવી છે. આજે સીટી સરવેની કચેરી જોઇએ, મામલતદાર કચેરી જોઇએ, પ્રાંત અધિકારીની કચેરી જોઇએ કે કલેકટર કચેરી જોઇએ. તમામ કચેરીઓ કોર્પોરેટ ઓફિસ સમકક્ષ બનાવીને એમાં બેસનાર અધિકારીને કામ કરવાનું મન થાય એ પ્રકારની કચેરીઓ બનાવવાનું કામ આ રાજય સરકારે અને મહેસૂલ વિભાગે કર્યુ છે. વર્ષોથી જમીન માપણી થઇ નહોતી. કેટલા વર્ષો પહેલા થઇ હતી તે પણ મને તો યાદ નથી. ચાલુ સરકારે સેટેલાઇટ મારફતે જમીનની માપણી કરીને કયાં જમીનમાં કેટલું દબાણ છે એની શોધ કરીને એનો ખ્યાલ કરીને એ કરવાનો નિર્ણય આ સરકારે કરીને એક એક જિલ્લામાં જમીનની આજે માપણીનું કામ પણ ચાલુ છે. જયારે જયારે આપત્તિ આવે અને આગ લાગે ત્યારે કૂવો ખોદવા બેસીએ તો આગ બૂઝાય નહીં. એમ જયારે જયારે આપત્તિ આવે ત્યારે એને માટેનો વિચાર કરવા બેસીએ તો એનું નિરાકરણ થઇ શકે નહીં. આપણે ન ઇચ્છીએ કે આવી કુદરતી આફતો વારંવાર આવે, પણ કુદરતી આપત્તિ આવે ત્યારે આડો હાથ દઇ શકાતો નથી. એને ખાળવા માટે સંશાધનો ઉભા કરવા પડતા હોય છે. મને બરાબર યાદ છે કે હું જયારે રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનનો ડેપ્યુટી મેયર હતો ત્યારે ગોંડલ વિસ્તારમાં એક જીનીંગ મીલ આગ લાગી હતી અને પાણીના બંબા ગોંડલમાં નહીં હોવાથી રાજકોટથી મોકલવા પડતા હતા. એને કારણે એ મીલ બચાવી શકાઇ નહોતી. આ સ્થિતિ નગરપાલિકાની હતી. આજે આપત્તિ વ્યવસ્થાપનના સાધનો ઉભા કરવા માટે અને એના સંસાધનો ઉભા કરવા માટે ૧૯૦ કરોડ રૂપિયાની જોગવાઇ ચાલુ બજેટમાં કરવામાં આવી છે.માનનીય અધ્યક્ષશ્રી, હક્કપત્રકની નોંધ રજિસ્ટર્ડમાં થાય, ડેટા બેઇઝ એન્ટ્રી થાય તેના માટે દસ કરોડ રૂપિયાની જોગવાઇ ચાલુ વર્ષના બજેટમાં કરવામાં આવી છે. ભૂતકાળમાં કોઇ પણ બજેટમાં આ પ્રકારની જોગવાઇના આંકડાઓ મેં જોયા નથી. આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો, વાયબ્રન્ટ શબ્દ આવે એટલે કેટલાકને સીધો શોક લાગે છે. અને જયારે જયારે રાજય સરકાર કોઇ નવી યોજના લઇને આવે છે ત્યારે ત્યારે સાથી મિત્રોને એમાં કશું ક ને કશુંક ખોટું દેખાય છે. મને બરાબર યાદ છે કે જયારે કેશુભાઇની સરકાર વખતે દુષ્કાળ હતો અને સૌરાષ્ટ્રમાં પીવાના પાણીની અછત હતી તે વખતે નર્મદા આધારિત પીવાના પાણીની પાઇપ લાઇનનો પ્રોજેકટ મુકયો, તે વખતે માનનીય અમરસિંહ ચૌધરી એ પાઇપ લાઇનમાં ઉભા રહી અને હાથ ઉંચા કરી અને એમ કહ્યું હતું કે આ લાઇનમાં પાણી નહીં

નીકળે, ફકત હવા નીકળશે. એ પાઇપ લાઇન નખાઇ અને આજે એમાં પાણી પણ નીકળે છે. અને કોંગ્રેસની હવા નીકળી ગઇ, ૨૦ વર્ષથી હવા ભરે છે તો પણ ભરાતી નથી. એ જ પ્રકારે જયોતિગ્રામ યોજનાની વાત કરતા આ મિત્રો એમ કહેતા હતા કે વીજળી નથી તો તમે ૨૪ કલાક વીજળી કયાંથી આપવાના છો? ગ્રામ્ય વિસ્તારમાં તમે કેવી રીતે ૨૪ કલાક વીજળી આપશો? કયાંથી આપશો? જયારે કોઇ યોજના આવે ત્યારે એમને વાંક દેખાય, પણ જયારે આ યોજના કાર્યાન્વિત થઇ અને સમગ્ર દેશની જનતા આજે આ જયોતિગ્રામ યોજના જોવા માટે ગુજરાતમાં આવે છે. આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો એ યોજના નીચે તેનું અમલીકરણ કરવા માટે આખી યોજના બની છે એમાં કુલ ૧૧૨ માંથી ૫૭ નવા ડેપ્યુટી કલેકટરની ભરતી કરી અને બે તાલુકા દીઠ એક ડેપ્યુટી કલેકટરની વ્યવસ્થા આ રાજય સરકારે આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો યોજના કાર્યાન્વીત કરવા માટે કરી છે. નાયબ મામલતદારની ૩૯૬ નવી ભરતી થવાની છે. ડેપ્યુટી એન્જિનીયરની ૨૨૫, મદદનીશ એન્જિનીયરની ૨૨૫, કલાર્કની ૩૩૯, ડેપ્યુટી હિસાબનીશની ૨૨૫, કુલ ૧૪૬૭ જગ્યાઓ માટેની જોગવાઇ આ વાયબ્રન્ટ તાલુકા અંતર્ગત કરવામાં આવી છે. આ નવી યોજના છે. આ જયારે કાર્યાન્વિત થશે ત્યારે ખબર પડશે, અને ત્યારે આપની નીચે પણ રેલો આવવાનો છે.

એ જ રીતે બિન ખેતીની પરવાનગી માટે જે જટિલ જોગવાઇઓ હતી તેમાં સરળીકરણ કરી અને પારદર્શક વહીવટ થાય તે માટે ૩૦૦૦ સુધીના ગામોની કોઇ પણ બિન ખેતી તાલુકા કક્ષાએ થઇ શકે તેના માટે અલગ જોગવાઇ કરી છે. અને રાજય સરકારે આ નવો ચીલો પાડયો છે. જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, કલેકટર ઓફિસ કક્ષાએથી આ અરજીઓનો વધુમાં વધુ ૪૫ દિવસમાં નિકાલ થાય અને અરજીઓ લેતા પહેલા તમામ જે પૂર્તતા કરવાની હોય તે તમામ પૂર્તતા સાથે જ અરજી લેવામાં આવે તે પ્રકારની વ્યવસ્થા આ રાજય સરકારે કરી છે. અને તાત્કાલિક બિન ખેતીની નવી નીતિ પ્રાયોગિક ધોરણે અમદાવાદ શહેરમાં અમલમાં મૂકી છે. તમામ નિયમો પ્રમાણેની જગ્યા હોય, કોઇ કોર્ટ કેસ ન ચાલતો હોય પોતાની માલિકીની જમીન હોય અને કોઇ કપાત ન આવતી હોય તે પ્રકારની જમીન હોય તો તાત્કાલિક બિન ખેતી કરી શકાય તેવા પ્રકારનો નિર્ણય આ રાજય સરકારે કર્યો છે.કેટલાક કુલમુખત્યારનામાના આધારે જે બોગસ એન્ટ્રીઓ પડતી હતી, બોગસ દસ્તાવેજો થતા હતા એને રોકવા માટે નવી જોગવાઇ કરીને નવો દસ્તાવેજ બને છે એ વખતે દસ્તાવેજ કરનાર માણસના અંગૂઠાની છાપ એનો ફોટો લેવાય એની સાથે સાથે ૧૩૫ ડીની નોટિસ તે જ દિવસે બજાવાય તે પ્રકારની જોગવાઇ આ ચાલુ બજેટમાં માનનીય મંત્રીશ્રીએ કરી છે.

માનનીય નાણામંત્રીશ્રી વજુભાઇ બજેટરૂપી દસ્તાવેજ લઇને આવ્યા છે એને મારુ સમર્થન આપું છું.

**શ્રી નાનુભાઇ ભ. વાનાણી(સુરત શહેર(ઉત્તર) :** માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નાણામંત્રીશ્રી વજુભાઇ વાળા સાહેબ સન ૨૦૧૨-૧૩ના વરસનું બજેટ લઇને આ સભાગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે હું બજેટને આવકારુ છું અને સાથે સાથે બજેટ અંગે મારા વિચારો વ્યકત કરવા માટે ઉપસ્થિત થયો છું.

આ સભાગૃહની અંદર જયારથી આ સત્રની શરૂઆત થઇ ત્યારથી હું એક શબ્દની બાબતમાં વારંવાર લોકોને કોઇકને કોઇ પ્રતિભાવ વ્યકત કરતા જોયા છે એ શબ્દ સદ્ભાવના છે. આઝાદીની લડત વખતે આઝાદીના લડવૈયાઓ જયારે સ્વતંત્રતા શબ્દનો ઉપયોગ કરતા હતા,વંદે માતરમ શબ્દનો ઉપયોગ કરતા હતા અને અંગ્રેજો જે રીતે ભડકતા હતા, લાલ કપડું ભાળે અને ગાયનો દીકરો જેમ ભડકે એવી રીતે સદ્ભાવના શબ્દનો ઉપયોગ થાય અને અમારા સાથી મિત્રોને આમ લખલખુ પેદા થઇ જાય છે. એનું કારણ એ છે કે બહારથી તેઓ સદ્ભાવના શબ્દ સ્વીકારી શકયા ન હોય પરંતુ અંદરથી બધા હલબલી ગયા છે. એને ખબર છે કે આ સદ્ભાવના ગુજરાતની છ કરોડની જનતાએ આત્મસાત કરેલ છે. આત્મસાત કરનાર માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના દિલમાં એ લોકો વસી ગયા છે. માનનીય નાણામંત્રીશ્રીએ અહીંયા બજેટ રજૂ કર્યુ છે અને બજેટનો મેં જયારે અભ્યાસ કર્યો ત્યારે

આ બજેટની અંદર મને સામાન્ય માણસોના હસતા ચહેરાના દર્શન થયા છે. માનનીય નાણામંત્રીશ્રીએ સામાન્ય માણસો માટે ગરીબ માણસો માટે શું નથી આપ્યું? હું ન ભૂલતો હોવ તો રાવજી પટેલે એક કાવ્ય રજૂ કર્યુ હતું. સાવરીયો રે મારો સાવરીયો, મેં માગ્યો ખોબો અને દીધો દરિયો. સામાન્ય માણસ માટે માનનીય નાણામંત્રીશ્રી મન મૂકીને વરસ્યા છે.

એક બીજો શબ્દ ઉદ્યોગ, આ ઉદ્યોગ જોઇને ઉદ્યોગનું નામ સાંભળે અને પાછા ભડકે છે. મારે માનનીય સભ્યશ્રીઓને કહેવું છે કે ગુજરાતનો જો વિકાસ કરવો હશે, આપણો દેશ ખેતી પ્રધાન દેશ છે. પરંતુ રાજયનો અને રાષ્ટ્રનો વિકાસ કરવો હશે તો જેટલું મહત્વ ખેતીને આપીએ છીએ એટલું જ મહત્વ ઉદ્યોગોને પણ આપવું પડશે. ગુજરાતની આ નીતિને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારે અને માનનીય નરેન્દ્રભાઇ મોદીએ ૨૦૦૯ની અંદર ઔદ્યોગિક પોલીસી જાહેર કરી એમાં ત્રણ મહત્વના ઉદ્દેશો રાખ્યા છે. એક– રાજ્યમાં રોકાણ માટે સુગમતા ઉભી કરવી. કોઇ રાજ્યની અંદર ઉદ્યોગપતિઓ એની મૂડીનું રોકાણ કરે એ મૂડીનું રોકાણ જોયા વિચાર્યા વગર ન કરે. એ રાજ્યની અંદર ઇન્ફ્રાસ્ટ્રકચર સુવિધા કેવી છે? સામાજિક સલામતી કેવી છે? સુલેહ–શાંતિ કેવી છે? કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કેવી છે? પાણી મળે છે કે નહીં? વીજળી મળે છે કે નહીં? સરકારની કામ કરવાની ઝડપ કેવી છે? આ બધી જ બાબતો ધ્યાનમાં રાખીને ઉદ્યોગપતિઓ જે તે રાજ્યની અંદર ઉદ્યોગો નાખવાનો નિર્ણય કરતા હોય છે. ઉદ્યોગ પોલીસી ૨૦૦૯માં રાજ્ય સરકારે આ વાત ઉપર ભાર મૂક્યો અને રાજયમાં રોકાણ માટે સુગમતા ઉભી થાય તેવું વાતાવરણ નિર્માણ કર્યું. એનો બીજો ઉદ્દેશ– રોજગારીનું સર્જન કરવું અને રોજગારીની તકોમાં સતત વધારો કરવો. આપણું રાજ્ય આ દિશામાં આગળ વધી રહ્યું છે અને ટૂંક સમયમાં રોજગારીમાં શૂન્ય રેશિયા તરફ આગળ વધી રહ્યું છે. આ દિશામાં પણ રાજ્ય સરકારે કામગીરી કરી છે અને એની શરૂઆત કરી દીધી છે અને ત્રીજો ઉદ્દેશ– ઉચ્ચ ગુણવત્તાના ધોરણો પ્રાપ્ત કરવા. કોઇપણ બાબત હોય એમાં ઉચ્ચ ગુણવત્તાના ધોરણો પ્રાપ્ત કરવાની વાત કરી છે. જે રાજ્યની અંદર વાતાવરણ બનાવવાનું અને રોજગારી પ્રાપ્ત કરવાની છે. હું માનનીય નાણા મંત્રીશ્રીને અભિનંદન પાઠવું છું કે, જેના માટે રૂ.૨૦૦/– કરોડની જોગવાઇ કરી છે. તે એ છે કે, રાજ્યનું ઘરેલું ઉત્પાદન જે હાલમાં ૨૭ ટકા છે એને જી.એસ.ડી.પી. કહીએ છીએ એ આવતા પાંચ વર્ષમાં ૩૨ ટકા સુધી લઇ જવા નિર્ધાર રાજ્ય સરકારે કર્યો છે અને એ માટે રૂ.૨૦૦/– કરોડની જોગવાઇ કરી છે. દેશની અંદર અનેક એસઇઝેડનું નિર્માણ થયું છે. દેશની અંદર ઘણા બધા એસઇઝેડ બન્યા છે એમાંથી ૬૦ જેટલા એસઇઝેડ આપણા રાજ્યને મળ્યા છે. આ રાજ્યે એસઇઝેડ માટે કાયદો બનાવ્યો છે કે જેથી વધુ ઉદ્યોગો રાજ્યમાં આવે. આવો કાયદો બનાવનાર આ પ્રથમ રાજ્ય છે. ૨૦૦૪માં એસઇઝેડ એકટ બનાવ્યો અને એ સરળતાથી ચાલે એ માટે રાજ્ય સરકારે ખૂબ સારું વાતાવરણ ઉભું કર્યું છે. આપણા રાજ્યમાં ઉદ્યોગો આવે છે, વેલ્યુએડીશન ઉદ્યોગો રાજ્યમાં કેવી રીતે આવે એની ચિંતા કરી છે. એ માટે રાજ્યસરકારને અભિનંદન આપું છું. કપાસના વેલ્યુએડીશનની ચેઇન ઉભી થાય તે માટે રૂ.૭૦/– કરોડની જોગવાઇ કરી છે. મારા સાથી ભરતભાઇએ સાચી વાત કરી છે કે, એક બાજુ એક તંત્ર એવું છે કે, આ ખેડૂતો કેવી રીતે શોષાય, ખેડૂતો કેવી રીતે તૂટે એ માટે કપાસની નિકાસ ઉપર પ્રતિબંધ મૂકાય છે. એક બાજુ આ સરકાર એવી છે કે, કપાસની વેલ્યૂએડીશન માટે રૂ.૭૦/– કરોડની જોગવાઇ કરી છે. કપાસ પકવતા રાજ્યોની અંદર ગુજરાત નં.૧ છે. પરંતુ કોંગ્રેસની સરકારોએ કપાસની વેલ્યૂએડીશન ચેઇન– એમાં સ્પિનીંગ, વિવિંગ, રેડીમેઇડ ગારમેન્ટસ એની કોઇ ચિંતા કરી નથી. કપાસ ગુજરાતનો ખેડૂત પકવે અને એનું સ્પિનીંગ દક્ષિણના રાજ્યોમાં થાય. આપણા રાજ્યે માર્કેટીંગની વ્યવસ્થા કરી અને એની જોગવાઇ માનનીય નાણા મંત્રીશ્રી બજેટમાં લઇને આવ્યા છે એ હાલમાં જે સ્પિન્ડલ ૨૫ લાખ છે. અને આવતા ૫ વર્ષની અંદર ૫૦ લાખ કરી અને વેલ્યુ એડીશન કરવાનો અમારો સંકલ્પ છે. સ્પિનીંગ પાર્ક, જેમ જેમ જવેલરી પાર્ક હોય, કોટન પાર્ક હોય, બીજા પાર્ક હોય એમ સ્પિનીંગ પાર્કની પણ વાત લઇને આવ્યા છે ત્યારે આટલાથી અટકતા નથી. નવા ક્ષેત્રો જે ઔદ્યોગિકના છે એ ટેકનિકલ ટેક્ષટાઇલ, ફુડ અને એગ્રો બીઝનેસ પાર્ક ઓટો અને તેના કોમ્પોનન્ટસ સ્પેસ્યાલીટી અને ફાઇન કેમીકલ્સ, સોલર અને વિન્ડ પાવરના સાધનોનું ઉત્પાદન, ઇલેકટ્રોનિક સિસ્ટમ અને ડિઝાઇન આ બધા ક્ષેત્રની અંદર જે ગુજરાતને માટે નવા છે પરંતુ ગુજરાતમાં એના ઉદ્યોગો થાય એ માટે

આ રાજય સરકારે જયારે સારું વાતાવરણ બનાવ્યું છે અને એ માટે બજેટમાં જયારે નાણાની ફાળવણી કરી છે ત્યારે આ તમામ જોગવાઇઓને હું આવકારું છું અને માનનીય નાણામંત્રીશ્રીને અભિનંદન પાઠવું છું.

**શ્રી લક્ષ્મણભાઇ પ. પટેલ(ગણદેવી)** : માનનીય અધ્યક્ષશ્રી, આપણા આદરણીય નાણામંત્રીશ્રી વજુભાઇ વાળાસાહેબ જયારે અઢારમી વખત બજેટ લઇને આવ્યા છે ત્યારે એમને અભિનંદન પણ પાઠવું છું અને શુભેચ્છા પણ પાઠવું છું. આજે હું માર્ગ અને મકાન વિભાગ પર થોડીક ચર્ચા કરવા માગુ છું. જયારે માર્ગ અને મકાનની વાત કરીએ ત્યારે આપણે આપણા અટલબિહારી બાજપાઇજીને યાદ કરવા પડે. એમણે એમ કીધું કે હાથ પરની હસ્તરેખાઓ જેમ જીવનની દિશા નકકી કરે, તેમ રાજયના આ રસ્તા અને પુલો એ વિકાસની દિશા નકકી કરે છે. કેટલાક અર્થશાસ્ત્રીઓએ એમ કીધેલું કે . Road and building i.e. transportation is the backbone of the development. આ વસ્તુને આપણા મુખ્યમંત્રીશ્રી અને આપણા માર્ગ અને મકાન વિભાગ મંત્રીશ્રીએ બરાબર પકડી છે. તમે જુઓ આજે એ પ્રગતિપથ હોય, એ પ્રવાસીપથ હોય, એ વિકાસપથ હોય, એ ગૌરવપથ હોય એ કિસાનપથ હોય એવા અનેકપથો છે એ પછી રાજયોને જોડતા રસ્તા હોય, એ પછી જિલ્લાને જોડતા રસ્તા હોય, એ પછી ખાસ મરામત હોય, કે પછી કોટ કનેકટીવીટી હોય, આપણા બજારોને જોડતા રસ્તા હોય, એ

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

મરુન વિલેજ હોય કે એમ્યુનીટી પ્રોગ્રામ હોય, એવી તો ઘણીબધી યોજનાઓ છે. ૨૫૦થી નીચેની વસ્તીવાળા, ૫૦૦થી નીચેની વસ્તીવાળા એવી અનેક યોજનાઓ હાથ ધરીને એ પછી નાબાર્ડ હોય, વન સાહસિક યોજના હોય દરેક રીતે આ કામ સરકારે હાથ ધર્યુ છે ત્યારે મારે એટલું જ કહેવું છે કે જો PMGSY ની યોજના હોય એમાં આ ગુજરાત સરકાર સાથે ઓરમાયું વર્તન ન રખાયું હોત તો હજી પણ આ બાબતમાં ઘણીબધી પ્રગતિ કરી ચૂકયા હોત. માનનીય નરેશભાઇએ કીધું કે ૨૦ વર્ષમાં ૨૩૦૦ કરોડ પણ એમ કહેવા માગુ છું ૨૦૧૧-૧૨માં જ ૩૪૦૦ કરોડ અને છેલ્લા ૧૦ વર્ષમાં ૧૩હજાર કરોડનું આયોજન આ માર્ગ અને મકાન વિભાગે કર્યુ છે. મારે તો ખાસ પૂલોની જ વાત કરવી છે. હું પુલોની વાત જોતો હતો ત્યારે મેં જોયું કે ફકત છેલ્લા ૩ વર્ષમાં આજની સ્થિતિએ આપણા સ્ટેટ હસ્તકના ૩૭ પુલો અને ૧૨,૪૭૦ લાખના એ કામો પૂરા થયા, પંચાયત હસ્તકના જે ૨૪ પુલો છે, એ ૪,૬૩૯ના ખર્ચે પૂરા થયા. હું જોતો હતો એની વિગત, મેં જોયું કે આમાં મોટું કામ કયું છે, તો મેં જોયું આપણા માનનીય અર્જુનભાઇના વિસ્તારનું જ લગભગ ૧,૬૬૭ લાખનું પોરબંદર વિસ્તારનું કામ છે. હું ચર્ચા કરતો હતો ત્યારે અમારા કાંતિભાઇએ એમ કીધું કે અમારું વૌઠા એક ઐતિહાસિક સ્થળ છે. જયાં બે જિલ્લાને જોડતો સાબરમતી નદી પર પૂલ બનાવવાની વાત હતી એનું ખાતમુહૂર્ત, રાજયના માજી મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ કરેલું એ કામ થઇ શકયું નહીં અને આજે આપણે એમાં ગ્રાન્ટ ફાળવવી પડી. આ સરકારે કેવું કામ કર્યુ એની છેલ્લા ૩ વર્ષની માહિતી મેં આપી છે. અને આ જે કામો પ્રગતિ હેઠળ છે એનું પણ હું ધ્યાન દોરવા માગુ છું કે રાજય હસ્તકના ૩૭ પુલો જે ૨૩૮૩૩ લાખના છે અને પંચાયત હસ્તકના ૨૬ પુલો જે ૮૫૫૪ લાખના કામ ચાલે છે એ પ્રગતિ હેઠળ છે. જેને વહીવટી મંજૂરી મળી ચૂકી છે. એવા સ્ટેટ હસ્તકના ૨૬ પુલો ૧૮૧૪૧ લાખના ખર્ચે બને છે અને પંચાયત હસ્તકના ૨૨ પુલો ૯૩૧૨ના ખર્ચે થયા છે.પુલો માટે મારે કહેવું પડે, આ તો ઘણા બધા પુલો છે પણ આ રાજયના મુખ્યમંત્રી અને બહેન આનંદીબેને ખાડી પરના જે પુલો બનાવ્યા છે It is the challenge for the engineers and architects. જયારે ખાડી પર પુલ બનાવવાનો હોય છે ત્યારે એનો વોટર વે જોવો પડે, અર્થ પ્રેશર જોવું પડે, વોટર પ્રેશર જોવું પડે, એની ફલડની અસરો જોવી પડે, દરિયાકાંઠાનો વિસ્તાર હોય તો એની ખારાશ, ઝાપટ અને એના મોજાને જોવા પડે. એને સ્પશિયલ ટ્રીટમેન્ટ આપવી પડે અને આ રીતે સરકારે જે કવોલિટીનું કામ કર્યું છે એ કોઇ ન કરી શકે. નારગોલ અને ઉમરગામને જોડતો પુલ બની રહ્યો છે, મારા વિસ્તારનો છે. આવા ખાડી વિસ્તારના ચાર પુલો અમારા વલસાડ જિલ્લાના છે ત્યારે હું આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું. આપણા મુખ્યમંત્રીશ્રીએ વિકાસ પુરુષની જે આભા ઊભી કરી છે, ત્યારે મારે કહેવું છે કે વિકાસ એ કાંઇ ઠાલો શબ્દ નથી, એ પ્રતિબદ્ધતાનો રણકાર છે અને રોડ અને બિલ્ડીંગનો વિકાસ એ જ વિકાસનો સાચો રસ્તો બતાવે છે. આ સરકાર જે કહે છે એ કરે છે. અમે ખાલી ખાતમુહૂર્તો કરીને આવી જતા

નથી. ત્રણ વર્ષમાં આટલા કામો ન થયા હોય એવું નહીં પણ આટલા કામો શરૂ પણ ન કર્યા હોય. ખાતમુહૂર્ત થાય એનું અમે લોકાર્પણ કરીએ છીએ. આ રસ્તાઓ લંબાઇના બન્યા એટલું જ નહીં, પહોળા અને મજબૂતીકરણના કામો પણ થયા છે. મારે બે વાત કહેવી છે. જ્યારે વિકાસની વાત આવે, વિકાસ પુરુષ તરીકેની વાત આવે ત્યારે કેટલાક હાકોટા થાય, પડકારા થાય. એક શાયરે ખૂબ સરસ કહ્યું છે. '' જીંદગીકી રાહોમેં કહીં ઐસા ભી મોડ આતા હૈ, ઔર સાવનકે સાથ પતઝડ ભી આતા હૈ. આંસુઓકે સાગરમેં કહીં મોતી ભી મિલતે હૈ, જો ઉન્હેં ઢૂંઢ લેતે હૈ વો જીંદગી ભી જી લેતે હૈ. મુખ્યમંત્રી કવિ હૃદયી છે. એમણે એમ કહ્યું કે, ''પ્રારબ્ધને અહીં કોણ પૂછે છે? હું તો પડકારોમાં માનું છું, હું તેજ ઉછીનું લેતો નથી હું જીવતે જાત બાળું છું.'' મારે છેલ્લી વાત કહેવી છે કે જ્યારે ખૂબ પડકારો આવ્યા છે ત્યારે એક શાયરે ચેતવણીના શબ્દોમાં કહ્યું કે, ''જલતે અંગારો કો ફુંકા ન કરો એસે, કહીં તુમ ન જલ જાઓ, ઉનકો બુઝાને મેં.'' આ માર્ગ અને મકાન વિભાગ બાબતે મેં કહ્યું કે આપણા એન્જિનીયરો અને તજજ્ઞોએ જે મહેનત કરી છે, ખાસ કરીને પુલો બનાવવા માટે, હું ગૌરવ સાથે કહું છું કે આજે મારા મત વિસ્તારમાં ૧૪ કરોડના ત્રણ પુલોના કામ ચાલું છે. એક ૧૦ કરોડનો અને બે પુલો બે બે કરોડના છે. હમણાં જ આનંદીબેન આવી ગયા. બીજા ૧૦ કરોડના પુલનું ખાતમુહૂર્ત કર્યું છે અને બીજો એક મંજૂર થયો છે એમાં થોડી અંદાજની વહીવટી મુશ્કેલી છે એટલે ૬ પુલો મારા નાના મત વિસ્તારમાં ચાલે છે. મારે એમાં પણ કહેવું જોઇએ એક ધારાસભ્ય તરીકે કે અમારા ગણદેવી મત વિસ્તારમાં સ્ટેટ હસ્તકના જે રસ્તાઓ છે, મને લાગે છે કે મોટા ભાગે પૂરા થઇ ગયા, હમણાં જે મંજૂરી આપી છે એટલે એક રસ્તો પણ બાકી નથી. મારે મારા સાથી મિત્રોને કહેવું છે કે આપણા સાહિત્યકારે એમ કહેલું છે, તમે વાંચતા હશો કે, '' જ્યાં સારા કામની અને સારું કામ કરનારની કદર નથી થતી એ સમાજ અધઃપતન અને અધોગતિને માર્ગે જાય છે.'' We have to appreciate the good thing મારે કહેવું છે, We believe in democracy વિરોધ પક્ષનું કર્તવ્ય છે કે સરકારને દિશા સૂચન કરે, કંઇ ભૂલ બતાવે તો એપ્રિશિએટ, પણ એ વિરોધ રચનાત્મક હોવો જોઇએ. ફરીવાર ખૂબ લાંબી વાત કરી પણ વજુભાઇ જે બજેટ લઇને આવ્યાં છે, એમાં માર્ગ અને મકાન વિભાગે ગુજરાતના વિકાસમાં જે હરણફાળ ભરી છે તેને બિરદાવીને વિરમું છું, અસ્તુ. જયહિંદ, જય જય ગરવી ગુજરાત.

**શ્રી વસંતકુમાર પ. ભટોળ (દાંતા) :** માનનીય અધ્યક્ષ મહોદય, ગુજરાત રાજ્યના સર્વાંગી વિકાસની અંદર રાજ્યના નાણામંત્રી સન્માનનીય ગૃહ સમક્ષ ૧૮ વખત ઐતિહાસિક બજેટ રજૂ કરવા બદલ આ ગૃહના એક સભ્ય તરીકે હું નાણા મંત્રીશ્રીને સત સત વંદનસહ અભિનંદન પાઠવું છું .

માનનીય અધ્યક્ષ મહોદય, આજના બજેટની ચર્ચામાં હું જળસંપતિ વિષય પર મારા વિચારો રજૂ કરું છું. કોઇ પણ રાષ્ટ્ર કે રાજ્યના સર્વાંગી વિકાસની અંદર જળસંપતિ અને જળસ્ત્રોત એ એક મહત્વનો ભાગ અને પરિબળ હોય છે. સમગ્ર ગુજરાતની અંદર જળસંપત્તિ એક ચિંતાનો વિષય અને પરિબળ બન્યું છે. દિન-પ્રિતદિન દેશની અંદર પાણીના તળ ઊંડા જતા જાય છે. ક્ષારનું પ્રમાણ વધતું જાય છે. હવે પછીના યુદ્ધો એ સીમાડાના યુદ્ધો નહિ હોય. હવે પછીના યુદ્ધો જળ માટેના યુદ્ધો હશે. માનનીય અધ્યક્ષ મહોદય, દેશ આઝાદ થયો ત્યારે સરદાર પટેલ સાહેબે એક સ્વપ્નું જોયું હતું કે મારે તમામ દેશના રાજ્યની તમામે તમામ નદીઓને એક સાથે સાંકળીને દેશની અંદર આવતા વર્ષોની અંદર પરિસ્થિતિ જે ઊભી થાય છે એના માટે એક આગવું આયોજન કરવું છે. આજ સુધી કેન્દ્રોની સરકાર બેઠી છે એણે સૌથી વધારે શાસન કર્યું છે, એ સ્વપ્નોને પૂરા નથી કરી શકી. જો આજે સરદાર વલ્લભભાઇ પટેલના એ સ્વપ્નો જો સાકાર થયા હોત તો આ દેશની પરિસ્થિતિ કાંઇક અલગ હોત. માનનીય અધ્યક્ષ મહોદય, આ દેશ ૧૨૦ કરોડની જનતાનો દેશ છે. માથાદીઠ આવક, જળસંપત્તિની આવક દિન-પ્રતિદિન વધતી જાય છે. તેના સામે ભૂગર્ભજળ ઘટતા જાય છે. ગુજરાત હંમેશા પ્રગતિશીલ વૈચારિક માનસિકતાની વિચારધારાની આગળ આવતું એક રાજ્ય છે. ગુજરાતે હંમેશા દરેક ચીજ-વસ્તુની અંદર, દરેક બાબતની અંદર એક આગવું આયોજન કર્યુ છે. દરેક વખતે ગુજરાતે પ્રગતિના શિખરો સર કર્યા છે. માનનીય અધ્યક્ષ મહોદય, કોઇ ફકત વાતોથી નંબર વન ઉપર નથી પહોંચાતું એના માટે આયોજન કરવું પડતું હોય છે અને મારે આજે આ રાજ્યના મુખ્યમંત્રીને વંદનસહ અભિનંદન

પાઠવવા છે કે રાજ્યની અંદર નંબર વન જળસંપત્તિની અંદર પણ એમણે આયોજન કર્યા છે જેના કારણે આજે પાણીના તળ ઊંચા આવ્યા છે.

માનનીય અધ્યક્ષ મહોદય, વિશ્વના પ્રસિદ્ધ આઇ.આઇ.એમ. સંસ્થા દ્વારા હમણાં ગુજરાત રાજ્યની અંદર સરવે કરવામાં આવ્યો કે રાજ્ય સરકાર દ્વારા લેવાયેલ જળસંચયના પગલાથી સામાજિક અને આર્થિક અસરોમાં ૭૧ ટકા લાભાર્થી નબળા અને કચડાયેલા વર્ગમાંથી પોણા ભાગના ખેતમજૂરો ખેડૂત થયા, ત્રીજા ભાગના લાભાર્થીઓની આર્થિક સુખાકારીમાં સુધારો થયો. મોટા વાહન ધરાવતા લાભાર્થીની સંખ્યા બમણી થઇ, ટ્રેકટર, હાર્વેસ્ટર જેવા ખેતીના સાધનો ધરાવતા લાભાર્થીઓની સંખ્યા દોઢી થઇ અને જમીનની કિંમતમાં ચાર ગણો વધારો થયો. જળ સંચયના કારણે અગાઉ માંડ ૩ ચાસ મળતું પાણી આજે ૬ ચાસ થયું છે. રવિ ઋતુમાં સિંચાઇમાં ૩ ગણો વધારો થયો છે.

માનનીય અધ્યક્ષ મહોદય, મારે બીજું પણ આ સન્માનનીય ગૃહને નજર સમક્ષ લાવવું છે કે કૃષિક્ષેત્રની આવકોમાં પણ છેલ્લા એક દાયકાની અંદર ખૂબ જ મોટો વધારો થયો છે. ઇન્ડિયા ટુડે જેવા સામાયિકે હમણાં સરવે કર્યો હતો કે ભારતના ગૌરવ તરીકે વર્ણવેલા ૫૫ વિષયો પૈકી ગુજરાતના જળસંપત્તિના સફળ અભિગમનો સમાવેશ કરવામાં આવ્યો છે જે આપણા સૌના માટે ગૌરવની બાબત છે. ગુજરાતમાં દર ૩-૪ વર્ષે દુષ્કાળ પડતો હતો. ગુજરાતે ભૂતકાળમાં ૧૯૭૨-૭૩, ૧૯૮૫, ૧૯૮૮, ૧૯૯૯ ૨૦૦૦ના વર્ષમાં દુષ્કાળની પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો હતો. પાણીની તંગી ઊભી થતી હતી, ખેતરો સૂકાભઠ થતા હતા એ પરિસ્થિતિમાંથી બહાર લાવવા માટે ગુજરાતના.આ માનનીય મુખ્યમંત્રીશ્રીએ ખૂબ જ સફળ અભિગમ દ્વારા આજે ગુજરાતની અંદર છેલ્લા એક દાયકાની અંદર કોઇપણ જગ્યાએ ક્યાંય દુષ્કાળ નથી પડ્યો, પાણીના તળ ઉંચા આવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, હું જે વિસ્તારમાંથી, જે જિલ્લામાંથી આવું છું ત્યાં આજથી દોઢ દાયકા પહેલાં ધૂળની ડમરીઓ ઉડતી હતી, ત્યાં આજે નર્મદાના પાણી જાય છે, ત્યાં ખેતરો લીલાછમ બન્યા છે અને આજે ખેડૂત સમૃદ્ધ બન્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા દસ વર્ષમાં ૫,૨૦,૨૧૪ જળ સંચયના કામો પૂર્ણ થયા છે. છ લાખ ખેડૂતોને લાભ આપ્યો છે. ૧,૪૪,૪૯૨ ચેકડેમો પૂર્ણ કર્યા છે. ૧,૪૪,૪૯૨ ચેકડેમો પૂર્ણ કર્યા છે. ૨,૪૯,૫૩૭ ખેત તલાવડીઓ પૂર્ણ કરી છે. ૧,૨૨,૦૩૫ બોરી બંધ પૂર્ણ કર્યા છે. ૧૯,૧૫૪ તળાવો ઉંડા પૂર્ણ કર્યા છે. ૮૦૦ જેટલા જળમંદિરો પૂન:સ્થાપ્તિ પૂર્ણ કર્યા છે. છેલ્લા ૪૦ વર્ષોની અંદર ૧૮,૦૦૦ ચેકડેમો થયા હતા અને છેલ્લા ૧૦ વર્ષની અંદર માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇના શાસનની અંદર ૧,૨૮,૬૮૮ ચેકડેમો થયા છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયનો કુલ ભૌગોલિક વિસ્તાર ૧૯૬ લાખ હેકટર છે જેમાંથી ખેતલક્ષી વિસ્તાર, ભૂગર્ભ જળ સિંચાઇ આધારીત વિસ્તાર ૨૦ લાખ હેકટર હતો. સરદાર સરોવર યોજના અંતર્ગતનો વિસ્તાર ૧૮ લાખ હેકટર છે. સુજલામ સુફલામ યોજના અંતર્ગતનો વિસ્તાર ૯ લાખ હેકટર થયો છે. રાજયના ચેકડેમો આધારીત રિચાર્જ વિસ્તાર ૪ લાખ હેકટર થયો છે. રાજયમાં સરદાર સરોવર સિવાયની હયાત જળાશયોની સંગ્રહ શકિતનો વિસ્તાર ૧૫,૦૦૦ મિલિયન ઘનમીટર થયો છે. રાજયમાં કુલ મોટા જળાશયો ૧૮ છે. રાજયની સ્થાપના સમયે બીજી પંચવર્ષીય યોજના વખતે ૪.૪ લાખ હેકટર સિંચાઇ શકિત ઉત્પન્ન થતી હતી, ફકત ૧૭.૭ લાખ હેકટર એમાંથી એ વિસ્તારમાંથી સિંચાઇ શકિત ઉત્પન્ન થતી હતી. આજે ૪૨.૭૨ લાખ સિંચાઇ શકિત ઉત્પન્ન થાય છે અને મહત્તમ સિંચાઇ વપરાશ ૩૯.૬૭ લાખ છે. માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજના અંતર્ગત ૧૫ જિલ્લાઓમાં ૭૩ તાલુકાઓમાં ૩૧૩૭ ગામડાઓમાં ૧૮.૪૫ લાખ હેકટર જેટલી જમીનની સિંચાઇ શકિત ઉત્પન્ન થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, જળ સંપત્તિનું જે બજેટ છે, છેલ્લા ૪૦ વર્ષોની અંદર ફકત આ બજેટ ૧૪ હજાર કરોડ હતું અને છેલ્લા દસ વર્ષની અંદર આ બજેટ ૧૮ હજાર કરોડ થયું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજું પણ આ સન્નમાનીય ગૃહના ધ્યાન પર લાવવું છે, ગત વર્ષોના બજેટ કરતાં બેગણો વધારો કરી ૧૧ હજાર કરતાં પણ વધારે આ બજેટની અંદર ફાળવણી કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એના મીઠા ફળો આજે ગુજરાતને મળી રહ્યા છે. સરદાર સરોવર સહભાગી સિંચાઇ યોજના દ્વારા સૌરાષ્ટ્ર વિસ્તારમાં પાંચ જિલ્લાઓમાં જળ સપાટી ૦.૬૫ મીટરથી, ૧૩૦ મીટર વધી

છે. આ આંકડા જે છે એ ગુજરાત સરકારના જ આંકડા બોલે છે એ હું આપને કહી રહ્યો છું. માનનીય અધ્યક્ષશ્રી, આના કારણે હમણાં જ ( સમય સૂચક ઘંટડી) હું એક જ મિનિટમાં મારી વાત પૂરી કરીશ. માનનીય અધ્યક્ષશ્રી, હું ફરીથી આ સન્નમાનીય ગૃહ વતી માનનીય મુખ્યમંત્રીશ્રી અને સિંચાઇ મંત્રીશ્રીને અભિનંદન આપું છું કે, હમણાં ૫૭ તાલુકાઓની અંદરથી જે ડાર્કઝોન ઉઠાવી લીધો છે એ બદલ હું એમને અભિનંદન પણ પાઠવું છું.

**શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(મુંદ્રા)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નાણામંત્રીશ્રી વજુભાઇ વાળા અઢારમી વખત બજેટ લઇને આવ્યા છે એમને વંદન સહ અભિનંદન આપું છું અને આજની આ સામાન્ય ચર્ચા બજેટમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની અંદર પ્રવાસન અને દેવસ્થાન એ બહુ જ મહત્વના વિષયો છે. આ ગુજરાત રાજયે ૧૯૯૭માં આ પ્રવાસન વિભાગને ઉદ્યોગનો દરજ્જો આપ્યો છે, ત્યારથી આજદિન સુધી રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીને અભિનંદન એટલે મળે છે કે, આ પ્રવાસન વિભાગને ૨૦૦૬ની અંદર એને ઉદ્યોગનો દરજ્જો આપ્યો, પ્રવાસન વર્ષ તરીકે એની ઉજવણી કરી એનાથી આ રાજયના પ્રવાસન વિભાગને વધુમાં વધુ વિકાસશીલ બનાવવા માટે સારા પરિણામો આ રાજયને મળ્યા છે ત્યારે આપણી પાસે સોમનાથ, દ્વારકા, ડાકોર, અક્ષરધામ અને કચ્છનું સફેદ રણ એવી ગૌરવભરી સમૃદ્ધિનો સાંસ્કૃતિક વારસો ગુજરાત રાજયને મળ્યો છે.ત્યારે રાજય સરકારે કચ્છ જિલ્લાની અંદર નોંધપાત્ર પ્રવાસનક્ષેત્રે વિકાસ કર્યો છે. રાજયમાં આ પ્રવાસન વિભાગ દ્વારા જે રીતે નવરાત્રી મહોત્સવ, રણ ઉત્સવ, પતંગ ઉત્સવ, આ ઉત્સવો ઉજવીને રાજયના ગરીબ માણસોને, ગ્રામ્ય કારીગરોને આ પ્રવાસનના માધ્યમથી વધુમાં વધુ રોજીરોટી મળી છે અને ગરીબી દુર થઇ છે. આજે માનનીય કોંગ્રેસ પક્ષના પ્રમુખ અર્જુનભાઇ મોઢવાડીયા એમ બોલતા હતા કે આ પતંગ ઉત્સવ શું છે? પતંગ ઉત્સવને કારણે આ રાજયના અમદાવાદ જેવા શહેરમાં જે રીતે પતંગ ઉત્સવનો કાર્યક્રમ થાય છે. આ કાર્યક્રમમાં દેશ વિદેશથી પતંગ વીરો આવે છે પણ મારે અર્જુનભાઇને એ પુછવું છે કે આ પતંગ બનાવે છે કોણ? જેનો તમે વર્ષોથી મત બેંકથી અને મતોનો ઉપયોગ કરીને જે સમાજનો તમે દુરઉપયોગ કર્યો છે એ સમાજને આ પતંગ ઉત્સવના માધ્યમથી ધંધો અને રોજગારી મળે છે. મેં અમદાવાદમાં પુછયું હતું કે આ પતંગ કોણ બનાવે છે? લકકી પતંગ હાઉસ, એના માલિક છે ઝાહિરભાઇ, એમ.પી. હાઉસ કાઇટસના માલિક છે અબુભાઇ અને ઇમરાનભાઇ, ન્યુ ભારત કાઇટસના માલિક છે ધીરુભાઇ, અહેમદભાઇ, એસ.એમ.કાઇટ હાઉસના માલિક છે નઝામભાઇ અને સકુરભાઇ પતંગવાલા. આ કહેવાનો મતલબ એટલો છે મારો કે રાજયના મુખ્યમંત્રીશ્રી પતંગ ઉત્સવ જાહેર કર્યા પછી પણ આ સદભાવના આ છ કરોડ ગુજરાતના નાગરિકો, ગુજરાતના લોકો કેમ સુખી થાય. આ પતંગ બનાવે છે કોણ એ સામેના લોકોને ખબર છે. એ જ રીતે રાજયના મુખ્યમંત્રીશ્રી જયારે નવરાત્રી મહોત્સવમાં માં ભગવતીની આરતી, નવ નવ દિવસનો જે નવરાત્રી મહોત્સવ હોય છે એ મહોત્સવમાં નાની નાની બાળાઓ, બહેનો, દીકરીઓ, પોતાનો સાંસ્કૃતિક પોષાક પહેરીને ગરબે રમવા આવે છે ત્યારે આ ગુજરાતમાં જ એવું છે. અન્ય રાજયમાં કોઇ બહેન, દીકરીઓ રાત્રે એકલી ફરી શકતી નથી. આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ આવી સુવિધા અને રક્ષાની પણ જે વાત કરી છે. રક્ષામાં પણ ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ જે રીતે ગુજરાતના લોકોને સુરક્ષા આપી છે એટલે અભિનંદન મળે છે. રાજયનો દરિયાકિનારો ૧૬૦૦ કિલોમીટરનો છે. દરિયો તો પહેલા પણ હતો. ઘણી સરકારો ગઇ, ઘણી સરકારો આવી પણ દરિયો કોઇ જોઇ શકયા નહીં. જયારે આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ દરિયાનો વિકાસ કર્યો. દરિયામાં અમુક ઉદ્યોગો આવ્યા. આ પ્રવાસન સાથે ઉદ્યોગને સંકલન છે આ સાથે સંલગ્ન કરીને મુખ્યમંત્રીશ્રીએ જે રીતે રાજયનો વિકાસ કર્યો છે. હું સામે બેઠેલા મારા મિત્રોને પુછું છું કે અમારા વિસ્તારની અંદર એક કંપની આવેલી છે. છેલ્લી ૨૩ તારીખથી આજ સુધી જયારે આ કંપનીનું નામ આવે છે ત્યારે આ ભડકે બળે છે કે આ કંપની આમ છે, આ કંપની આમ છે. તમે તમારા દિલ્હીમાં બેઠેલા ફોઇના જમાઇ રોબર્ટ થઇને આ કંપનીનો સર્વે કરે છે અને સર્વે કરીને શું કરે છે? અમે પણ એ વિસ્તારના છીએ. વિસ્તારમાં રહીએ છીએ. અમને પણ ખબર નથી કે કેવી રીતે આ થઇ રહયું છે. તો સામે બેઠેલા લોકોને મારી વિનંતી છે આ રણની અંદર આ રણ મહોત્સવમાં ઝીરો ભુજથી કરીને ધોરડો સુધીનો

વિસ્તાર આવ્યો છે એમાં ૭૦ કિલોમીટરનું અંતર છે. કોણ લોકો રહે છે? સુલેમાન જત રહે છે, મહંમદભાઇ રહે છે. ઉમરભાઇ રહે છે. આ ઉમરભાઇ, સુલેમાનભાઇને પુછો કે પહેલા તમારો આ દુધમાંથી બનાવેલો માવો કેટલો વેચાતો હતો? આ છેલ્લા ૨૦૧૧-૧૨ ની અંદર જે રીતે મુખ્યમંત્રીશ્રીએ આ રણ ઉત્સવનો કાર્યક્રમ કર્યા પછી એ લોકોની આર્થિક સદ્ધરતા આવી છે.આ માવો ૪૦ લાખ રૂપિયાનો વેચાયો. કયા સમાજને ફાયદો થયો. આ સુલેમાન કોને મત આપે છે, આ મહંમદ કોને મત આપે છે, એમાં રાજયના મુખ્યમંત્રીશ્રી પડ્યા નથી. રાજયના મુખ્યમંત્રીશ્રીએ સૌનો સાથ સૌનો વિકાસ આ મંત્ર લઇને ચાલે છે. હું તો ચેલેન્જ કરું છું કે તમે આવો રણોત્સવનો વિરોધ કરવા? કોણ તમારો વિરોધ કરે છે. મિયા હુસૈનને પૂછો કે ધોરડોની બાજુમાં રણોત્સવ આવેલ છે. કેટલો વિકાસ થયો છે. ગામના સરપંચ છે. વિકાસ સાથે વિરોધ કરવાનો હોય જે રીતે કરતા હોય પણ કચ્છની અંદર કોઇ ભિખારી નથી. ગુજરાતના મુખ્યમંત્રી આવું ક્યારેય કહે પણ નહિ. શ્યામજી કૃષ્ણ વર્માનું ભવન બનાવ્યું છે. એ માટે આ કોંગ્રેસના મિત્રને હું આમંત્રણ આપું છું. ખાલી જોવા તો આવો. શ્યામજી કૃષ્ણ વર્માને યાદ કર્યા હતા. સરદાર વલ્લભભાઇને યાદ કર્યા, ગાંધી મંદિર બન્યું છે. મહાત્માને યાદ કર્યા હતા. આ યાદ કરીને આ ગુજરાતના વિકાસમાં સૌનો સાથ સૌનો વિકાસ કરીને ચાલો એ જ...

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી લીલાધરભાઇ વાઘેલા.

**શ્રી લીલાધરભાઇ ખો. વાઘેલા (રાજયકક્ષાના શ્રમ મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નાણા મંત્રીશ્રી આદરણીય વજુભાઇ વાળા ગુજરાત રાજ્યનું ૧૮મી વખતનું બજેટ લઇને આવ્યા છે. કલરફુલ બજેટ લઇને આવ્યા છે. એને હું આવકારું છું. આ બજેટ ગરીબલક્ષી, ખેડૂતલક્ષી અને આમ જનતાનું બજેટ છે અને આ બજેટ ગુજરાતને વિકાસને માર્ગે લઇ જનારું બજેટ છે. આ બજેટ દ્વારા ગુજરાત આગામી દિવસોમાં મજબૂત ગુજરાત બને, સ્વચ્છ ગુજરાત બને એ જાતની કાર્યવાહી એકેએક વિભાગની અંદર દર્શાવવામાં આવી છે.

સમાજની એકવીસમી સદી એ ગુજરાતને માટે ઉપકારક નીવડી. એકવીસમી સદીમાં ગુજરાતને એક દ્રષ્ટિવાન, દીર્ઘદ્રષ્ટિ અને ગુજરાતના વિકાસને સમર્પિત એવા મુખ્યમંત્રી મળ્યા અને રાજયના મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતને સાચી દિશા આપીને ગુજરાતનો જે વિકાસ કર્યો છે, એ વિકાસ આજે સમગ્ર દેશમાં અને દેશની સીમાઓને પાર કરીને લોકોને માટે ચર્ચાનો વિષય બન્યો છે. એ વિકાસને જોવા માટે, સમજવા માટે સમગ્ર દેશમાંથી અનેક રાજ્યોના વડાઓ, અધિકારીઓ ગુજરાતમાં આવે છે. એમના મનમાં છે કે આ ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદી કઇ માટીના માનવી છે કે આટલા ટૂંકા ગાળાની અંદર ગુજરાતનો આટલો વિકાસ કર્યો છે. એ આવે છે, જુએ છે અને પોતાના રાજયની અંદર જઇને એ વિકાસ માટેની મથામણ કરે છે. આપણે જોયું હતું કે રાજયની અંદર ૪૦ વર્ષની અંદર જેમને શાસન સંભાળવાની તક મળી હતી.માનનીય અધ્યક્ષશ્રી, તે શાસનમાં નહોતું થયું તે છેલ્લા એક દશકામાં વિકાસ થયો છે. એક દશકાની અંદર પણ હમણાં મારા મિત્રો ટીકા કરતા હતા. વિકાસ દેખાતો નથી. માનનીય અધ્યક્ષશ્રી, કોઇને આંખે ઓછું દેખાય ને તો રાત્રે તો રાછુંદો આવે પણ અમારા કેટલાય મિત્રોને દિવસે ય રાછુંદો આવે છે. ગુજરાતનો વિકાસ એમને દેખાતો નથી. આ વિકાસમાં પણ આજે હું જોતો હતો કે કોંગ્રેસના પ્રમુખ શ્રી અર્જુનભાઇ આજે ખૂબ અકળાયેલા હતા. બોલતાં બોલતાં પણ અકળાય. સાચે ખોટી માહિતી આપે. પોઇન્ટ ઓફ ઓર્ડર થાય એટલે શબ્દો પાછા ખેંચે. આ પરિસ્થિતિ થાય ત્યારે હું જોતો હતો કે કેમ આમ થાય છે? પછી મને ખબર પડી કે આ તો જુદા જુદા રાજ્યોના પરિણામ બહાર પડયા છે અને તે પરિણામમાં કોંગ્રેસની જે દશા થઇ છે, કોંગ્રેસનો જે સફાયો થયો છે તેને કારણેની અકળામણ હોય તે સ્વાભાવિક છે.

માનનીય અધ્યક્ષશ્રી, અકળામણ કરવાની કોઇ જરૂર નથી. નારાજ થવાની પણ જરૂર નથી. આમેય કોંગ્રેસને ૧૨૫ વર્ષ થયા છે. એકેય અંગ હવે કામ કરતું નથી અને એવી પરિસ્થિતિમાં કોંગ્રેસની મુકિત થાય તે સૌ કોઇ માને છે.

શ્રી ઇકબાલ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તેના પરિસરમાં ટીકા થાય પણ સિનિયર મંત્રી રહી ચુકેલા છે. તે પણ સરકારના ભાગીદાર જ હતા. કોંગ્રેસ અને ભાજપનો આ પ્રશ્ન નથી. બજેટ ઉપર છે. મારે તેમના માટે કહેવું તે અમારા માટે પણ યોગ્ય નથી.

શ્રી લીલાધરભાઇ ખો. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં મેં કશું ખોટું કહ્યું નથી. કોઇપણ ઉંમરલાયક થાય અને જયારે અંગઉપાંગ કામ ન કરે તો તેની મુક્તિ થાય તો ખુશ થવા જેવું છે. તેમાં તેમને દુઃખી થવાની જરૂર નથી. એટલા માટે જયારે મોઢવાડીયાજી બોલતા હતા ત્યારે મને થતું હતું કે સમય સમય બલવાન, નહીં મનુષ્ય બલવાન. કાંટે અર્જુન લુટીયો વહી ધનુષ વહી બાણ.આ નિમિત્ત હતું. એટલે તેના લીધે આ પરિણામ આવ્યા છે. ગુજરાતની અંદર આજે પણ અમારા સામેપક્ષે બેઠેલા મિત્રો બે–ત્રણ નામ તેમની નજરમાં આવે છે એટલે તેમનું મગજ કામ નથી કરતું. ઘાંઘા બની જાય છે. નરેન્દ્રભાઇ મોદીનું નામ આવે એટલે ઉંચાનીચા થઇ જાય છે. સદભાવનાનું નામ આવે એટલે આઘાપાછા થઇ જાય. આ બધી બાબતો કેમ થાય છે તે મને સમજાતું નથી. તેમને પણ નહીં સમજાય. તેનું કારણ છે. ગુજરાતના મુખ્યમંત્રી તે માત્ર મુખ્યમંત્રી નથી પણ એક તપસ્વી રાજપુરુષ છે. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદી ચૈત્ર મહિનામાં ચૈત્રની નવરાત્રિ, શ્રાવણની નવરાત્રિ. અઢાર અઢાર દિવસ સુધી નકોરડા ઉપવાસ કરી અને રાજયનું અને દેશનું કલ્યાણ થાય એટલા માટે કામ કરી રહ્યા છે. આવા રાજપુરુષને માટે એલફેલ બોલીએ, કયાંકને કયાંક દિલને ન ગમે તેવી ભાષા વાપરીએ એમાં એમનું કંઇ બગડતું નથી. સંસ્કાર આપણા દેખાય છે. એ પરિસ્થિતિ આજે ગુજરાતની છે. રાજયના મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતનો સર્વાંગી વિકાસ થાય તે દિશામાં ગુજરાતને દોર્યુ છે. ગુજરાતને દોરતી વખતે પણ આજદિન સુધી ૪૦–૪૦ વર્ષ સુધી રાજય કરનાર શાસકોને જે લોકો દેખાયા ન હતા. જે સમાજ દેખાયો ન હતો. તેવા સમાજ તરફ તેમની નજર ગઇ છે. અને પરિણામે જે લોકો વિકાસથી તદ્ન વંચિત હતા એ વંચિતોના વિકાસને માટે એમણે ચિંતા સેવી. એને માટેનો કાર્યક્રમ ઘડવાનો નિર્ણય કર્યો અને એ કાર્યક્રમ ઘડવા માટે એમણે રાજયની અંદર વિકાસની યાત્રામાં પણ એ લોકોને ભાગીદાર બનાવવા માટે ખાસ કરીને એવા નાગરિકો કે જેમને સામાજિક અથવા ભૌગોલિક કારણોસર વિકાસની પૂરતી તકો મળી નથી, જયાં સુધી સમાજના પ્રત્યેક અંગોનો સુયોગ્ય વિકાસ ન થાય ત્યાં સુધી એને સર્વાંગી વિકાસ કહી શકાય નહીં, આમ તમામ લોકોના સર્વાંગી વિકાસ માટે રાજય સરકારે અંતઃકરણપૂર્વકની ચિંતા કરી છે આવા આપણા બંધવોને અનુલક્ષીને વનબંધુ કલ્યાણ યોજના, સાગરખેડુ સર્વાંગીવિકાસ યોજના, શહેરી ગરીબોની વિકાસ સમૃધ્ધિ યોજના એવી ત્રિવેણી રજૂ કરીને સરકાર નોંધારાનો આધાર બની છે. સરકાર ગરીબોનો બેલી બની અને સરકાર માટે વંચિતોનો વિકાસ એ ઇશ્વરની સેવા સમાન છે. અગાઉના દાયકામાં છૂટીછવાઇ યોજનાઓના કારણે ધાર્યા પરિણામ ન મેળવી શકાયાં અને એને કારણે સુગ્રંથિત વ્યૂહરચના, ત્રિવેણી યોજનાઓથી દલિત, પિડીત અને શોષિત સમાજ પ્રત્યેની સંવેદના અભિવ્યકત થાય, આ ત્રિવેણીના અમલીકરણ બાદ આજે જયારે પાંચ વર્ષનું સરવૈયુ કરીએ ત્યારે ખાતરી થાય છે કે ઇશ્વરે આપણને વંચિતોના કલ્યાણ માટેનો ઉત્તમ માર્ગ સૂઝાડ્યો, ગરીબીથી મુક્તિ મેળવવા માટે શિક્ષણ અને આરોગ્ય સૌથી અગત્યનું સાધન બને છે. તેથી વંચિતો માટે શિક્ષણલક્ષી સહાયને આ સરકારે વધુ અગ્રતા આપી છે. મુખ્યત્વે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, આદિજાતિ વિકાસ વિભાગ, ગ્રામ ગૃહનિર્માણ વિભાગ, ગ્રામ વિકાસ વિભાગ વગેરે દ્વારા અમલીકરણમાં આવતી યોજનાઓમાં સમાવેશ કરવામાં આવે છે. રાજય સરકાર દ્વારા વિદ્યાર્થીઓને હાલમાં આપવામાં આવતો પ્રાથમિક શાળાના બાળકોનો ગણવેશની એમને જે ગણવેશની કિંમત આપવામાં આવતી હતી એની અંદર સો રૂપિયાનો વધારો કરીને એમને આપવામાં આવે છે. એ જ રીતે એમને ફી આપવામાં આવતી હતી એ ફીમાં પણ સો રૂપિયાનો વધારો કરીને આપવામાં આવે છે.એ જ રીતે આઇ.ટી.આઇ.ના વિદ્યાર્થીઓને જે ફી આપવામાં આવતી હતી એમાં દોઢસો રૂપિયાનો વધારો કરીને આપવામાં આવે છે. માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને જે ફી મળતી હતી એમાં પણ સો રૂપિયાનો વધારો કરીને આપવામાં આવે છે. આ રીતે વિદ્યાર્થીઓના શિક્ષણમાં ઉપયોગી થઇ એ સાચી દિશામાં શિક્ષણ લે અને આગળ વધે, સ્વભાનભેર જીવે અને કોઇનો ઓશિયાળો ન રહે એ જાતની પરિસ્થિતિ નિર્માણ કરવા માટે આ યોજનામાં આ કામગીરી ગોઠવવામાં આવી છે. એટલું જ નહીં પણ અનુસૂચિત જાતિ,

અનુસૂચિત જનજાતિ અને વિકસતિ જાતિના વિદ્યાર્થીઓ માટે છાત્રાલયો એ માત્ર એક રહેણાંકની સગવડ જ નથી પણ બાળકોના શૈક્ષણિક ઉત્કર્ષ માટે એ મૂળાધાર બની રહે એટલા માટે આ વિચારને ધ્યાનમાં રાખીને તમામ જરૂરી સુવિધાઓથી સજજ નવા છાત્રાલયના બાંધકામ માટે સો કરોડ રૂપિયાની જોગવાઇ આ બજેટમાં કરવામાં આવી છે. જેને કારણે અનુસૂચિત જાતિની કન્યાઓ, અનુસૂચિત જનજાતિની કન્યાઓ, વિકસતી જાતિની કન્યાઓ માટે કુંવરબાઇનું મામેરૂ યોજનામાં પાંચ હજારની સહાય આપવામાં આવતી હતી એ પાંચ હજારની યોજનામાં ડબલ કરીને દશ હજારની સહાય આપવાનો નિર્ણય કર્યો, જેનો બજેટમાં સમાવેશ કર્યો છે. એ જ રીતે રાજય સરકાર દ્વારા જાતિઓના સમૂહલગ્ન થાય ત્યારે સમૂહલગ્નમાં પણ બમણો વધારો કરવામાં આવેલો.આરોગ્ય ક્ષેત્રે પણ અંતરિયાળ વિસ્તારમાં રહેતી મહિલાઓને પ્રસુતિના સમયે ખૂબ જ ઉપયોગી ૧૦૮ સેવાના વિસ્તરણ માટે ૫૦ નવી અમ્બ્યુલન્સ વસાવવાનું આયોજન બજેટમાં કરવામાં આવ્યું છે. આમ નિરાધાર વિધવા સહાય યોજના હેઠળ પણ બે બાળકોની મર્યાદામાં અપાતી સહાયમાં પણ વધારો કરવામાં આવ્યો છે. ગરીબ કે પછાતપણું એ સમાજની શકિતની પારાશીશી છે. સુખી સમૃધ્ધ સમાજનું સ્વપ્ન સાકાર કરવું હોય તો ગરીબી અને પછાતપણાથી સમાજને મુકત કરાવવો રહ્યો. દેશ આઝાદ થયો ત્યારથી અત્યાર સુધીમાં હજારો રૂપિયા ખર્ચાઇ ગયા છતાં પણ ધાર્યા પરિણામ મેળવી શકાયા નથી. ગુજરાતના સંદર્ભમાં વાત કરીએ તો પાંચ વર્ષ પૂર્વે આ સભાગૃહ સમક્ષ ત્રણ જુદી જુદી વિકાસ યોજનાના પેકેજ અને વિકાસ માટેના મુદાસર આયોજન અને તબક્કાવાર અમલીકરણથી આજે ગુજરાત સુખી અને સમૃધ્ધ દેખાય રહ્યો છે. એમાં એક છે વનબંધુ કલ્યાણ યોજના આપણા રાજયની અંદર પૂર્વપટ્ટીના સમગ્ર વિસ્તારમાં આદિવાસી ભાઇઓ રહે છે એ આદિવાસી ભાઇઓને ૪૦ વરસના શાસનામાં ઘણી વાતો થઇ છે એમના માટેના બજેટ મૂકાયા છે છતાંય ૪૦ વરસ પછી પણ આદિવાસીઓની * (xxxxxxx) ગઇ નહોતી. એ પરિસ્થિતિમાં રાજયના મુખ્યમંત્રીશ્રીએ નિર્ધાર કર્યો કે છેવટે આ ભાઇઓ પણ આપણા છે. આપણા ભાઇઓનો વિકાસ થાય એ જરૂરી છે અને આપણા ભાઇઓના વિકાસ માટે તેઓ સ્વમાનભેર જીવતા થાય, એમના બાળકો પણ માથું ઉંચુ કરીને જીવતા થાય એ કોઇના ઓશિયાળા ન રહે એવી પરિસ્થિતિનું નિર્માણ કરવું જોઇએ. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, (xxxxxxx) શબ્દ આપ પાછો ખેંચી લો અથવા હું રેકોર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી લીલાધરભાઇ ખો. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું (xxxxxxx) શબ્દ પાછોં ખેંચી લઉં છું. માનનીય અધ્યક્ષશ્રી, આ આદિવાસી વિસ્તારના વિકાસને માટે આ યોજનામાં ૧૫ હજાર કરોડની જોગવાઇ કરી અને એ વિસ્તારના લોકો માટે મૂકી હતી. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આજે ગૌરવ થાય છે કે, ૧૫ હજાર કરોડની યોજના હોવા છતાં વિકાસના કામો એટલા બધા કર્યા કે જેને કારણે ૧૫ હજાર કરોડની જગ્યાએ ૧૭ હજાર કરોડ રૂપિયા ખર્ચાઇ ચૂક્યા છે અને એ રીતે એમના વિકાસના કામો આગળ વધ્યા અને એ જોતા આદિજાતિ કલ્યાણ માટેના ગયા પાંચ વર્ષના અનુભવને જોતા ભૂતકાળના ૧૫ હજાર કરોડના આયોજન સામે આજે ૪૦ હજાર કરોડનું આયોજન કરીને આ વખતે મૂકવામાં આવ્યું છે જેને કારણે એ સમાજનો વિકાસ થાય. આગામી સમયમાં બમણા કરતા પણ વધારે ખર્ચ આ ક્ષેત્રમાં કરવાનું આયોજન છે.જે પૈકી પ્રથમ વર્ષ વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ૬૬૦૦ કરોડ વાપરવાનું આયોજન કરી રાજય સરકારે વનવાસી ભાઇઓની ખરા અર્થમાં ચિંતા કરી છે. એવી બીજી યોજના સાગરખેડું સર્વાંગી વિકાસ યોજના મૂકી છે. દેશનો લાંબામાં લાંબો સમુદ્ર કિનારો ગુજરાતની વિકાસ યાત્રામાં ભાગીદાર બને અને વિકાસના ફળ તેના સુધી પહોંચે અને દરિયા કાંઠાની જીવન શૈલીને અનુરૂપ વિકાસનું આયોજન થાય તેવા નવતર અભિગમથી આ યોજનાની શરૂઆત માનનીય મુખ્યમંત્રીશ્રીએ કરેલી. ભિન્ન ભિન્ન વિભાગોમાં ઉત્તમ સમન્વય સાધી ધાર્યા

* ( xxx ) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

પરિણામ આપણે મેળવી શક્યા છીએ. ગત પાંચ વર્ષ માટે ૧૧ હજાર કરોડની યોજના મૂકવામાં આવી હતી એ આંકને પણ આપણે વટાવી ચૂકયા અને એનો ખર્ચ કર્યા પછી એના પરિણામ પણ આપણને જોવા મળ્યા છે કે એ વિસ્તારના લોકોનો સારામાં સારો વિકાસ થયો છે. સમગ્ર દરિયા કાંઠાની પટ્ટીમાં વસતા આદિવાસી ઉપરાંત જે બીજા વર્ગના લોકો હતા તેના વિકાસમાં એનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આગામી પાંચ વર્ષના કાર્યકાળમાં સાગરખેડુ ભાઇઓના કલ્યાણ હેતુથી આગામી પાંચ વરસે ૧૧૦૦૦ કરોડ રૂપિયાના બદલે ૨૧૦૦૦ કરોડ રૂપિયાનું આયોજન કરીને એમાંથી આ વરસે ૪૦૦૦ કરોડ રૂપિયા વાપરવાનું આયોજન છે અને એ જ પ્રમાણે ચાલે તો મને લાગે છે કે આદિવાસી સમાજ જે રીતે આગળ વધી રહ્યો છે એ જ રીતે સાગરખેડૂના દીકરાઓ પણ ભણીગણીને તૈયાર થાય, એમના માટે એવું માનતા કે દરિયામાં જનમ લેવો અને દરિયામાં મરવું એના બદલે રાજયના મુખ્યમંત્રીશ્રીએ એવો વિચાર કર્યો કે દરિયાની અંદર રહેનારા, દરિયા કાંઠે રહેનારા એમનો કોઇ ગુનો નથી એ પણ સમાજમાં સ્વમાનભેર જીવતા થાય એટલા માટે એમનો વિકાસ જરૂરી હતો એટલે એમાં જરૂરી પગલાં ભરવામાં આવ્યાં છે એ જ રીતે પેટનો ખાડો પૂરવા માટે કેટલીક વખત ગ્રામ્ય વિસ્તારમાંથી લોકો શહેરી વિસ્તારમાં જાય છે. એ શહેરી વિસ્તાર માટે શહેરી ગરીબ સમૃદ્ધ યોજનાનું આયોજન કરવામાં આવ્યું છે. એ ગરીબ લોકો પણ શહેરોની અંદર જાય છે ત્યાં ગટરની આજુબાજુ પડાવ નાંખીને રહે છે. એમના માટે કોઇ જાતની સુવિધાઓ હોતી નથી. એ સુવિધા વગર પણ ત્યાં એટલા માટે રહે છે કે પેટનો ખાડો પૂરવા માટે ત્યાં ગયેલા છે અને એટલા માટે એવા લોકોનો પણ વિકાસ થાય એમના બાળકો ભણી શકે એ પણ કમાતા થાય એ દિશામાં કામ કરીને શહેરી ગરીબ સમૃદ્ધ યોજના દાખલ કરવામાં આવી. ગુજરાતના વિકાસની હરણફાળ જોઇને આ વિકાસમાં મળતા લાભોથી આકર્ષાઇને ગુજરાત બહારથી દેશભરના લોકો રોજીરોટી કમાવવા માટે ગુજરાત આવે છે. ઘણું કરીને આમાંથી મોટાભાગનો વર્ગ ગરીબી રેખાની નીચે જીવતો હોય છે. સ્વસ્થ સમાજની રચના માટે પણ શહેરી ગરીબોના સર્વાંગી વિકાસ તરફ ધ્યાન કેન્દ્રિત કરવું એ સમયની તાતી જરૂરિયાત છે. આવા મુળ વિચારથી રાજય સરકારે શહેરી ગરીબ યોજના અમલમાં મૂકી જેમાં યુવાનોને રોજગારીની તકો હોય માતાઓને સન્માનજનક જીવન મળે અને કુટુંબોને આવાસ મળે. આરોગ્ય અને શિક્ષણની પ્રાથમિક સગવડ હોય તેવા ઉમદા હેતુથી અગાઉ પાંચ વરસ માટે આપણે રૂપિયા ૧૩૦૦૦ કરોડનું આયોજન કરીને તેની સામે લક્ષ્યાંક સિદ્ધ કર્યો છે. કૂદકે ને ભૂસકે વિકસી રહેલા ગુજરાતના શહેરોમાં રોજીરોટીની આશામાં લોકો આવી રહ્યા હતા ત્યારે આવા ગરીબોની ચિંતા કરવાની અને નોંધારાના આધાર એવી આ સરકારની પ્રાથમિકતા છે અને આ બાબતને ધ્યાનમાં રાખીને આગામી પાંચ વરસ માટે ૨૫૦૦૦ કરોડ રૂપિયાનું આયોજન કરીને આ વરસે ૪૫૦૦ કરોડ રૂપિયા શહેરી ગરીબો માટે વાપરવાનું આયોજન છે. માનનીય અધ્યક્ષશ્રી ૨૩મી ડિસેમ્બર, ૨૦૦૯માં અમરેલી ખાતે યોજાયેલ પ્રથમ ગરીબ કલ્યાણ મેળામાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ જણાવેલ કે સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓમાં ગરીબ કલ્યાણ મેળામાં સામે ચાલીને આ સરકારે ગરીબ અને વંચિતોના વિકાસના પ્રત્યક્ષ લાભો આપવાના આશયથી આ યજ્ઞ શરૂ કરેલો. ગરીબ કલ્યાણ મેળામાં ગરીબ લાભાર્થી એના હક્કના લાભો પારદર્શક રીતે મેળવશે. કોઇ આંગળી પણ ચીંધી નહિ શકે. કોઇ આક્ષેપ નહિ કરી શકે એવો આ ગરીબ કલ્યાણ મેળો એક પ્રકારે વચેટિયા નાબૂદ કરવાનો મેળો છે. આ યોજના લાવવા પાછળ પણ એક જુનો અનુભવ હતો. ભૂતકાળમાં દેશના વડાપ્રધાને જાહેરસભામાં એક વાત કરેલી કે અમે દેશમાં દિલ્હીથી ૧૦૦ રૂપિયા મોકલીએ છીએ અને લોકોના હાથમાં માત્ર પંદર રૂપિયા મળે છે ૮૫ રૂપિયા વચેટિયા ઝાપટી જાય છે. આ અનુભવના કારણે સરકારે એવો નિર્ણય કર્યો કે આપણે જે યોજના મૂકીએ, જેટલા નાણાં મૂકીએ એ યોજના માટે જે સાધનસામગ્રી રાખીએ એ તમામ લાભાર્થીના હાથમાં જાતે મળીને સૌની હાજરીમાં એ એમને મળે અને એ લાભાર્થી એનો ઉપયોગ કરી અને સ્વમાનભેર જીવતો થાય એ એની પાછળનું આયોજન હતું. એની પાછળની એ અપેક્ષા હતી. એટલા માટે આપણે એ ગરીબ કલ્યાણ મેળા યોજયા હતા. આ ગરીબ કલ્યાણ મેળાઓમાં ગામડામાં અને શહેરોમાં બી.પી.એલ. ના ગરીબોને રાજયના અધિકારીઓ જાતે ગામેગામ અને ઘરે ઘરે ફરીને શોધીને એમની યાદી બનાવીને કોને કઇ યોજનાનો લાભ મળી શકે તેમ છે એની યાદી કરીને

તમામને એક જગ્યાએ એકઠા કરીને એવી યોજનાઓનો લાભ એમને હાથોહાથ આપવામાં આવતો હતો. એના થકી એમને એક નવું જીવન મળ્યાનો અહેસાસ થતો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, મેં જોયુ કે ગરીબ કલ્યાણ મેળાઓમાં જયારે એક મેળામાંથી બીજા મેળામાં જતા હતા ત્યારે તેમના પ્રતિભાવ સાંભળીએ તો ખ્યાલ આવે. કેટલાક લાભાર્થીઓ તો તેમનો પ્રતિભાવ આપતા ત્યારે કેટલીક વખત એમની આંખમાંથી આંસુ આવી જતા હતા. આવી પરિસ્થિતિનું નિર્માણ પણ અમે જોયું છે. એટલા માટે આ ગરીબ કલ્યાણ મેળા એ આપણા રાજયના ગરીબો માટે ખૂબ આશીર્વાદરૂપ બન્યા છે અને ગરીબોને ખૂબ ઉપયોગી બન્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, કલ્યાણ રાજયના આદર્શને વરેલી આ રાજય સરકાર દ્વારા સમયાંતરે અનેકવિધ પ્રકારની પ્રજાલક્ષી યોજનાઓ અને વિકાસ કાર્યક્રમો અમલમાં મૂકાયા છે. રાજય સરકારનો આ ઉમદા આશય આ ગરીબ કલ્યાણ મેળાઓ પાછળ પણ રહેલો હતો. દૂર દૂરના આંતરિયાળ વિસ્તારોના લોકો સુધી પણ રાજય સરકારની યોજનાઓનો લાભ સીધે સીધા લાભાર્થીઓને મળી શકે. તેઓ આવો લાભ મેળવીને તેમના જીવનમાં ઉન્નતિ સાધી શકે અને વિકાસની ગતિમાં જોડાઇ શકે તેવો રાજય સરકારનો ઉમદા આશય આ ગરીબ કલ્યાણ મેળાઓ પાછળ રહેલો છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રજા સમર્પિત અને પ્રજા સમર્થિત આ શાસનની નેમ ગરીબોના હિતોની રખેવાળી કરવાની છે. માનનીય મુખ્યમંત્રીની કટિબદ્ધતા તો જુઓ. તાલુકા ગરીબ કલ્યાણ મેળામાં તેઓ કોઇપણ જાતની જાણ કર્યા સિવાય અચાનક પહોંચી જાય. જયારે આવી રીતે તેઓ અચાનક પહોંચી જાય ત્યારે કેટલાયે લાભાર્થીઓને સુખદ્ આશ્ચર્ય થાય કે માનનીય મુખ્યમંત્રીશ્રી અમારી ખબર લેવા માટે આવ્યા કે અમને લાભ મળે છે કે નહીં એ જોવા માટે આવ્યા. આવી રીતે ખબર લે ત્યારે ધન્યવાદ આપે એ રીતે એમના કાર્યક્રમનું એમણે આયોજન કર્યુ.

માનનીય અધ્યક્ષશ્રી, આ સિવાય પણ એમણે પ્રત્યેક દરિદ્રનારાયણના ઘરમાં બેઠેલી ગરીબીને દેશવટો આપવા માટે પરિશ્રમનો દીપ પ્રગટાવવા માટેનું જન આંદોલન બની ગયું. ગરીબો માટેના હજારો કરોડ રૂપિયાના બજેટો વપરાતા આવ્યા છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન એક મિનિટમાં પૂરું કરો. સમય થઇ ગયો છે.

શ્રી લીલાધરભાઇ ખો. વાઘેલા : હા,જી. આમ છતાં પણ ગરીબ તો ગરીબ જ રહ્યો. એમની ગરીબી કેમ દૂર કરી શકાય એનો ઉપાય આ સરકારે શોધી કાઢ્યો. કારણ કે આ સરકારે ગરીબોના માથેથી ગરીબીનું કલંક ભૂંસવા અને ગુજરાતમાંથી ગરીબી નાબૂદ કરવા દ્રઢ નિર્ધાર કર્યો છે. ગરીબ કલ્યાણ મેળાએ ગરીબોને માત્ર રોટલો જ નહીં, ઓટલો પણ આપ્યો છે. આર્થિક ઓશિયાળાપણુ દૂર કરવા સાથે સાથે પોતીકુ આવાસ છત્ર પૂરું પાડે છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે હર્ષ સાથે કહેવું છે કે અત્યારસુધી ૬૪૨ ગરીબ કલ્યાણ મેળા યોજીને વિવિધ યોજનાઓ દ્વારા સીધેસીધા ૫૭ લાખ અને ૫૯ હજાર લાભાર્થીઓને આર્થિક સહાય રૂપે રૂપિયા ૭૯૪૭ કરોડની ચૂકવણી કરવામાં આવી છે. આ રાજય સરકાર ખરા અર્થમાં વંચિતોનો વિકાસ કરી રહી છે. ગરીબોના હિતનું રક્ષણ કરતી રહેલી છે. તમામ પાસાને ધ્યાનમાં રાખીને સમાજનો સર્વાંગી વિકાસ થાય એના માટે અવિરત પ્રયત્નો કરી રહેલ છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૬.૫૯ કલાકે પૂરું થતાં સભાગૃહ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા.૭મી માર્ચ, ૨૦૧૨ના રોજ સવારના ૮-૩૦ કલાકે ફરી મળવા મુલતવી રહ્યું**

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર, તા. ૭ મી માર્ચ, ૨૦૧૨**
**ફાલ્ગુન ૧૭, ૧૯૩૩ શાકે**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી ગણપતભાઇ વસાવા અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## રાજયમાં જીલ્લા શિક્ષણાધિકારીની ખાલી જગ્યાઓ

* **૨૬૩૭૫ શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧-૧-૨૦૧૨ ની સ્થિતિએ રાજયમાં જિલ્લા શિક્ષણ અધિકારીઓની મંજુર થયેલ જગ્યાઓ કેટલી, અને

(૨) આ પૈકી કેટલી જગ્યાઓ ઉકત સ્થિતિએ ખાલી છે?

**શિક્ષણ મંત્રીશ્રીઃ**

(૧) ૨૭

(૨) ૫

શ્રી નિરંજન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું માનનીય મંત્રીશ્રીને પુછવા માગું છું કે રાજયની અંદર શિક્ષણ અધિકારીઓની આટલી મોટી જગ્યાઓ ખાલી છે. શિક્ષણ બહુ મહત્વની વસ્તુ છે એમાં પાંચ જગ્યાઓ ખાલી છે. તે કેટલા સમયથી ખાલી છે? આ મહત્વની જગ્યા ખાલી રહેવાના કારણો શું છે? કેટલા સમયમાં જગ્યા ભરવા માગો છો?

શ્રી જયસિંહજી મા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લા શિક્ષણ અધિકારીઓની પાંચ જગ્યાઓ ખાલી છે. કુલ મંજુર થઇ હતી ૨૭ એમાંથી પાંચ જગ્યાઓ ખાલી છે એમાં એક, અમદાવાદ ગ્રામ્ય, તા. ૨૩-૧૨-૧૧ થી ખાલી પડેલી છે. ડી.ઓ.ની બદલી થવાથી આ જગ્યા ખાલી છે. હાલ ચાર્જ આપેલ છે. બીજી જગ્યા છે, આણંદમાં તા. ૨૩-૧૨-૧૧ થી ખાલી છે. ત્યાંના ડી.ઓ.ની બદલી થવાથી ખાલી છે. ચાર્જ નડીયાદના ડી.ઓ.ને આપ્યો છે. હમણા જ તા. ૫-૩-૧૨ થી બોર્ડની પરીક્ષા હોવાથી ત્યાંના વલાસણા આણંદના આચાર્યને ચાર્જ આપ્યો છે. ત્રીજી જગ્યા છે, બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૧-૧૨ થી ખાલી છે. નિવૃત્તિથી ખાલી છે. ચાર્જ ડી.પી.ઓ. બનાસકાંઠાને આપ્યો છે. ચોથી જગ્યા છે જુનાગઢ, તા. ૨૩-૧૨-૧૧ થી ખાલી પડી છે. ત્યાં બદલીથી થયેલી છે અને એનો ચાર્જ ડી.ઇ.ઓ. જૂનાગઢને આપેલો છે. પાંચમી જગ્યા છે સુરેન્દ્રનગર જિલ્લો, તા. ૨૩-૧૨-૧૧ થી ખાલી પડી છે. એ બદલીથી થઇ છે અને ડી.પી.ઓ. સુરેન્દ્રનગરને એનો ચાર્જ આપવામાં આવેલો છે.

શ્રી અમિતકુમાર અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, અમારા આણંદ જિલ્લામાં જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીઓ અને ડી.ઓ. બંનેની જગ્યા ખાલી છે અને હમણાં જ જેમ માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું તેમ બોર્ડની પરીક્ષા શરૂ થઇ અને એની વ્યવસ્થામાં જે મોટા પાયે વિસંગતતાઓ જોવા મળી એના કારણે તાત્કાલિક જે દિવસે બોર્ડની પરીક્ષા શરૂ થઇ એ દિવસે ચાર્જ બદલીને નવા અધિકારીને આપવામાં આવ્યો. હું માનનીય મંત્રીશ્રીને એ પુછવા માગું છું કે આપ તાત્કાલિક એ જગ્યા ભરવા માગો છો કે કેમ? અને જયારે બાળકોના શિક્ષણ માટેની આ ખૂબ જ મહત્વની જગ્યા હોય અને બોર્ડની પરીક્ષાઓ ચાલતી હોય ત્યારે તાત્કાલિક કોઇની નિમણૂક કરવા માગો છો કે કેમ?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, પાંચ જિલ્લા શિક્ષણ અધિકારીઓની ખાલી જગ્યાઓ પૈકી તાત્કાલિક ભરવા માટે ૨૨ જેટલા માનનીય કોંગ્રેસના ધારાસભ્યશ્રીઓએ પ્રશ્ન પૂછયો છે એટલે

એની ગંભીરતા સરકાર પણ ધ્યાનમાં લે છે પરંતુ ગઇકાલના પરિણામો પ્રમાણે મણીપુરની એક જગ્યા ભરાયા સિવાય બાકીની ચાર જગ્યાઓ તો હમણાં કંઇ તમારી ભરાય એવું લાગતું નથી.(અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ પ્રશ્ન ઉપર આવો.

શ્રી રમણલાલ ઇ. વોરા : પ્રશ્ન એક જગ્યાનો જ છે એમણે આણંદનું પુછયું હું આણંદની એક જ જગ્યાની વાત કરું છું. એક જ જગ્યાની વાત એટલા માટે કરું છું કે સાહેબ, રાહુલ ગાંધીએ છ મહિના સુધી ગરીબોના રોટલા ખાધા, પાંચ વર્ષ સુધી રહયા અને તોય કાંઇ વળ્યું નહીં પરંતુ આ એક જગ્યા ખાલી છે એ આ વિધાનસભાના સત્ર પહેલા ભરવામાં આવશે.

શ્રી લાલસિંહ ઉ. વડોદીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પુછવા માગું છું કે જયારે શિક્ષણને મહત્વ આપ્યા સિવાય છુટકો નથી ત્યારે એક જિલ્લામાંથી બીજા જિલ્લાવાળાને જયારે આ ચાર્જ આપવામાં આવે તો એક જિલ્લાના કામનું ભારણ પણ પુરું ન થતું હોય અને બીજા જિલ્લાવાળા કેવી રીતે આને પહોંચી વળે? માટે આની ગંભીરતા રાખી અને કયારેય પણ શિક્ષણને અનુલક્ષીને આ જગ્યાઓ ખાલી ન રહે એ માટે સરકાર કોઇ પગલાં ભરવા માગે છે કે કેમ?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહયું એ પ્રમાણે વિધાનસભાનું સત્ર પુરું થાય એ પહેલાં આ પાંચેપાંચ જગ્યા ભરવામાં આવશે.

શ્રી રામસિંહ પ્ર. પરમાર ઃ માનનીય અધ્યક્ષશ્રી, જે ખાલી જગ્યા પડી છે અને ઘણા વખતથી ધારાસભ્ય પણ ફરિયાદ કરે છે. * (xxxxx ) અધ્યક્ષશ્રી : આપનો પૂરક પ્રશ્ન નામંજૂર કરું છું. આ ખાલી જગ્યા માટેનો પ્રશ્ન છે. પૂરક પ્રશ્ન ઉભો થતો નથી.

શ્રી રમણલાલ ઇ. વોરા : ૨૭ જગ્યાઓ પૈકી ૫ જગ્યા ૨૩-૧૨ થી ખાલી છે. અધિકારીશ્રીની બદલી થવાના કારણે આ જગ્યાઓ ખાલી છે. અગાઉ મેં કહ્યું તેમ વિધાનસભાના સત્ર પહેલા પૂરી કરવામાં આવશે. એટલા માટે પૂરું કરવામાં આવશે કે સમગ્ર રાજયમાં સદભાવના ચાલે છે. અધિકારીઓની કાર્યક્ષમતા, કર્મચારીની કર્મયોગી બને છે. એટલા માટે એક નહિ, બબ્બે જિલ્લાનો ચાર્જ સારી રીતે સંભાળીને રાજ્ય સરકાર શિક્ષણમાં સારી રીતે કામગીરી બજાવી રહી છે.

રાજકોટ જિલ્લામાં પશુ દવાખાના અને કામગીરી

*૨૫૭૭૬ શ્રીમતી જશુબેન સ. કોરાટ(જેતપુર) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧)રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કેટલા સ્થાયી પશુદવાખાના, ફરતા પશુદવાખાના, વિવિધલક્ષી પશુસારવાર એકમ અને પશુરોગ અન્વેષણ એકમો કાર્યરત છે, અને

(૨)આ પશુસારવાર સંસ્થાઓમાં તા. ૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શી કામગીરી થયેલ છે?

**પશુપાલન મંત્રીશ્રીઃ**

(૧) ૩૨ સ્થાયી પશુદવાખાના

''૦'' ફરતા પશુદવાખાના

૧ વિવિધલક્ષી પશુસારવાર એકમ

૧ પશુરોગ અન્વેષણ એકમ

(૨)વિવિધ પશુરોગોની સારવાર, ઓપરેશન, રસીકરણ, ખસીકરણ, કૃત્રિમ બીજદાન, પશુઆરોગ્ય કેમ્પ, પશુ-પક્ષી મરણોત્તર તપાસ, રોગ નિદાન કામગીરી ઉપરાંત વિવિધ યોજનાકીય કામગીરી

* (xxxxx ) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

શ્રીમતી જશુબેન સ. કોરાટ : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ મહોત્સવ દ્વારા આખા રાજયની અંદર પશુ આરોગ્ય મેળામાં પશુઓની અંદર રોગચાળાનું જે પ્રમાણ હતું તે ખૂબ ઘટ્યુ છે, ત્યારે હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે રાજકોટ જિલ્લામાં પશું સારવાર માટે સરકારશ્રીની અન્ય કઇ કઇ સંસ્થાઓ કાર્યરત છે અને રાજકોટ જિલ્લામાં જિલ્લા પંચાયત સંચાલિત પશુ સારવાર કેન્દ્રો દ્વારા ૨૦૧૧ માં શું શું કામગીરી કરવામાં આવી?

શ્રી દિલીપભાઇ સંઘાણી : માનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લા માટે પશુ દવાખાના તથા શાખા પશુ દવાખાના કુલ ૩૨ જગ્યાએ સારવારો આપવામાં આવી રહી છે. પશુ દવાખાના સંલગ્ન પશુ દવાખાના અને ફરતા પશુ દવાખાના ૨, પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રો ૨૫, વિવિધલક્ષી પશુસારવાર ૧, પશુ રોગ અન્વેષણ એકમ–૧, ઘનિષ્ઠ પશુ સુધારણા ઉપક્રમો ૯૩, ગ્રામ્ય પ્રાથમિક આરોગ્ય સેવા કેન્દ્ર ૪, અને જિલ્લા પંચાયત દ્વારા વર્ષ દરમ્યાન સારવાર જે આપવામાં આવી છે. કુલ સારવાર ૧,૬૧,૩૬૩ પશુઓને, ખસીકરણ ૭,૪૯૨ પશુઓને, કૃત્રિમ બીજદાન ૧૯,૮૩૧ પશુઓને , રસીકરણ ૮,૬૧,૮૬૪ પશુઓને, પશુ સારવાર કેમ્પ ૨૨૫, પશુ સારવાર કેમ્પમાં આપવામાં આવેલ સારવાર ૨,૫૯,૦૩૮ પશુઓને, પશુ આરોગ્ય કેમ્પના લાભાર્થીની સંખ્યા ૧૮,૪૩૪ થઇ છે.

શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજકોટ જિલ્લામાં પશુ સારવાર માટે બજેટમાં કેટલી રકમની છેલ્લા ૩ વર્ષમાં જોગવાઇ કરવામાં આવેલ છે તેમજ રાજકોટ જિલ્લામાં છેલ્લાં ૩ વર્ષમાં પશુ આરોગ્ય સેવા માટે કઇ કઇ સંસ્થાઓની સ્થાપના કરવામાં આવેલી છે.

શ્રી દિલીપભાઇ સંઘાણી : રાજકોટ જિલ્લામાં ૨૦૦૯–૧૦ માં નવીન બાંધકામ માટે ૫૪ લાખ, મરામત માટે ૧,૩૨,૦૦૦ એમ કુલ ૫૫ લાખ આપવામાં આવેલ છે. ૨૦૧૦–૧૧ માં ૭ લાખ અને મરામત માટે ૧૫ લાખ એમ ૨૨.૨૦ લાખ અને ૨૦૧૧–૧૨ માં ૨૨ લાખ નવા બાંધકામ માટે અને મરામત માટે ૩૪.૨૫ ટોટલ ૫૬.૨૫ બાંધકામના ક્ષેત્રમાં આપવામાં આવેલ છે. રાજકોટ જિલ્લામાં છેલ્લાં ૩ વર્ષમાં જે સ્થાયી પશુ દવાખાના જેમાં રામોદ, કોટડા સાંગાણી તાલુકો, સીંધાવદર તાલુકો વાંકાનેર ,વાંકલા તાલુકો જસદણ અને બે સ્થાયી દવાખાના સંલગ્ન પશુ દવાખાના જસદણ અને બોગથરા તા.મોરબી.

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે છેલ્લા બે વર્ષમાં આ બધી જ સારવાર ઓપરેશન એ બધું કર્યુ, પણ રાજય સરકાર કોઇ નવી સંસ્થાઓ સ્થાપવાનું આયોજન કરે છે કે કેમ? અને કરતી હોય તો કઇ કઇ?

શ્રી દિલીપભાઇ ન. સંઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૨–૧૩ના વર્ષમાં ૫૦ નવા સ્થાયી પશુ દવાખાના અને ૫૦ ફરતા સંલગ્ન ફરતા પશુ દવાખાના સ્થાપવાનું આયોજન વિચારેલ છે. તે પૈકી રાજકોટ જિલ્લામાં ૨ નવા પશુ દવાખાના તથા ૪ ફરતા સંલગ્ન પશુ દવાખાના સ્થાપવાનું આયોજન કરેલ છે. આ તમામ સંસ્થાઓ રાજય સરકારની યોજનાની ગ્રાન્ટમાંથી સ્થાપવામાં આવશે.

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મુખ્યમંત્રી અને મંત્રીને અભિનંદન દેવા પડે, શા માટે? મારા વિસ્તારમાં ૧૦૮માં જેમ માણસોને સારવાર મળે છે તેવી પશુઓને સારવાર મળે તેવી ગાડી ૧૦૮ જેવી અમને આપી છે તેવી ગાડી બીજા વિસ્તારમાં વધારેમાં વધારે મળે તો અનુકૂળતા રહે અને સારો બેનીફીટ મળે. બીજો પ્રશ્ન એ કે અત્યાર સુધી કોંગ્રેસને પાંજળાપોળ યાદ નથી આવ્યા. અમારા મંત્રીશ્રી સ્પેશ્યલ કેસમાં પાંજળાપોળને ડોકટર આપે છે. અમને જેમ ડોકટર આપ્યા તેમ બીજા પાંજરાપોળને સારવાર માટે ડોકટર આપવા માગે છે કે નહી?

શ્રી દિલીપભાઇ ન. સંઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, નવા ૫૦ ફરતા પશુ દવાખાના શરૂ કરવા માટે આ વર્ષના બજેટમાં જોગવાઇ કરી છે.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ જાણવું છે અને માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું કે નવા પશુ દવાખાના ખોલવા માટેનું આયોજન સરકારે કરેલ છે. આ ૩૨ સ્થાયી પશુ દવાખાના જે

રાજકોટમાં છે તો તેમાં કેટલાક દવાખાનામાં ડોકટરો નથી હોતા. તો આ ૩૨ પશુ દવાખાનામાં કાયમી ડોકટરો છે ખરા?

શ્રી દિલીપભાઇ ન. સંઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ વિગતો હું ટેબલ પર મૂકીશ.

શ્રી ભરતભાઇ ખો. બોઘરા : માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં માણસના મોતીયાનાં ઓપરેશન કરવામાં તકલીફ પડતી હતી. અમિતભાઇ આપના શાસનમાં માણસના મોતીયાનાં ઓપરેશન કરવામાં મુશ્કેલી પડતી હતી તેના દાખલા છે અને રેકર્ડ ઉપરની વાત છે. જયારે આજે સંવેદનશીલ મુખ્યમંત્રીના અભિગમથી આજે પશુઓના મોતીયાના ઓપરેશન કરાય છે તે વાત સાચી છે અને હકીકત શું છે તે હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું.

શ્રી દિલીપભાઇ ન. સંઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, આખા દેશમાં પ્રથમ વખત ગુજરાતે પશુપાલન ક્ષેત્રે પશુ આરોગ્ય મેળા જેવા કાર્યક્રમો લઇને ડેરી ક્ષેત્રને પ્રોત્સાહન મળે અને પશુપાલકોને પ્રોત્સાહન મળે તેવા કાર્યક્રમો કર્યા છે. તે પૈકી આયોજન પંચ તરફથી તાજેતરમાં દિલ્હીથી ઉચ્ચ કક્ષાના અધિકારીઓ આરોગ્ય મેળાઓના માધ્યમથી પશુઓના દાંતની સારવાર અને આંખના ઓપરેશનની સારવાર કેવી રીતે થઇ રહી છે તેનું નિરીક્ષણ કરવા માટે અને તેનો અહેવાલ લેવા માટે આવેલ. તે પૈકી રાજકોટમાં દાંતના નિદાન ૧૭ અને ૧૯ પશુઓને મોતીયાની સારવાર આપવામાં આવેલ છે.

## ધાનેરા તાલુકામાં રસ્તા અને પુલના કામો

* ૨૫૭૪૯ શ્રી મફતલાલ મો. પુરોહિત(ધાનેરા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧)ધાનેરા તાલુકામાં તા. ૧–૧–૨૦૦૯ થી તા. ૩૧–૧–૨૦૧૨ સુધીમાં કુલ કેટલા રસ્તા અને પુલના કામો મંજૂર કરવામાં આવેલ છે.

(૨) તેમાં કુલ કેટલા રૂપિયા ફાળવવામાં આવેલ,

(૩)તે પૈકી કેટલા રસ્તાઓના અને પુલના કામ પૂર્ણ થયેલ છે. અને કેટલા રસ્તાઓ અને પુલના કામ બાકી છે, અને

(૪)બાકી કામો ક્યારે પૂર્ણ થશે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રીઃ**

(૧)અને (૨) ૬૫ રસ્તા અને ૧ પુલનું કામ ` ૭૫૦૬.૦૯ લાખની રકમના મંજુર કર્યા.

(૩)૨૯ રસ્તાનાં કામ પૂર્ણ ૨૩ રસ્તાનાં અને ૧ પુલનું કામ પ્રગતિમાં, ૧૩ રસ્તાના કામો ટેન્ડર પ્રક્રિયા હેઠળ.

(૪)નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવા આયોજન છે.

શ્રી મફતલાલ મો. પુરોહિત : માનનીય અધ્યક્ષશ્રી, આજે હોળીનો તહેવાર છે. હોળી અને ધુળેટીની બધાને શુભકામનાઓ પાઠવું છું. પંજાબની અંદર ચૂંટણી પરિણામો આવે. તે અમારા શાસનમાં...

અધ્યક્ષશ્રી : આપ સીધા પ્રશ્ન ઉપર આવી જાઓ.

શ્રી મફતલાલ મો. પુરોહિત : માનનીય અધ્યક્ષશ્રી, મારું જે કહેવું છે.

અધ્યક્ષશ્રી : કુંવરજીભાઇ પ્લીઝ. આપ પ્રશ્ન પૂછો.

શ્રી મફતલાલ મો. પુરોહિત : માનનીય અધ્યક્ષશ્રી, ભટ્ટલ અને અમરિન્દરસિંગ વચ્ચે મુખ્યમંત્રીની મારામારી પંજાબની પ્રજાએ નકારી દીધી એટલે પંજાબની પ્રજાને અભિનંદન આપું છું. મુખ્યમંત્રીશ્રી અને

માનનીય મંત્રીશ્રી આનંદીબેનને હું અભિનંદન આપું છું કે ગઇકાલે લક્ષ્મણભાઇએ રોડ અને પુલના કામ માટેની વાત કરી..

અધ્યક્ષશ્રી : આપ પ્રશ્ન પૂછો. આ પ્રશ્નોત્તરીનો સમય છે. આપ સીધા પ્રશ્ન ઉપર આવી જાઓ.

શ્રી મફતલાલ મો. પુરોહિત : માનનીય અધ્યક્ષશ્રી, મારા ધાનેરા તાલુકાની અંદર જે રોડના કામો અને પુલના કામો થયા છે તે કામો માટે મારો પ્રશ્ન એ છે કે આ રોડ અને પુલની કેટલી દરખાસ્તો મળી છે. જે વિચારણા હેઠળ છે. ૨૦૧૧માં કેટલા કામો મંજૂર થયા તેની કુલ કેટલી રકમ થાય છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી એમના મતવિસ્તારના ધાનેરામાં ૨૦૧૧ જે કુલ કામો મંજૂર થયા છે એની રકમ ૩૧.૮૦ કરોડની લગભગ થાય છે. એમાં જે કામો મંજૂર થયાં છે એમાં સરાલ થી સરાલવીડ રોડ જેની અંદાજીત રકમ રૂપિયા ૭ લાખ, ભાંજણા થી નેનાવા રોડ જેની અંદાજીત રકમ રૂપિયા ૪ લાખ, આશીયા એપ્રોચ રોડ જેની અંદાજીત રકમ રૂપિયા ૩ લાખ, અનાપુરગઢથી રાજોડા રોડ જેની અંદાજિત રકમ રૂપિયા ૧૦ લાખ, સરાલથી સરાલવીડ રોડ જેની અંદાજિત રકમ રૂપિયા ૫૫ લાખ, વાઘોર ધનપુરા ભાટરામ રોડ જેની અંદાજીત રકમ રૂપિયા ૭૭ લાખ, આનંદનગર એપ્રોચ રોડ જેની અંદાજીત રકમ રૂપિયા ૧૬ લાખ, જાડી રેલવે સ્ટેશન રોડ જેની અંદાજીત રકમ રૂપિયા ૧૬.૮ લાખ, અનારપુરગઢથી રાજોડા રોડ જેની અંદાજીત રકમ રૂપિયા ૧૧૦ લાખ, બાપલા મટાસણ રોડ જેની અંદાજીત કિંમત રૂપિયા ૪૦ લાખ, બાંટ બાપલા રોડ જેની અંદાજીત રકમ રૂપિયા ૬૫ લાખ, અનારપુરથી ધાનોલ રોડ જેની અંદાજીત કિંમત રૂપિયા ૭૦ લાખ, રમુલ સીલાસણા રોડ જેની અંદાજીત રકમ રૂપિયા ૪૦ લાખ, ધરણોધર પેંગીયા ડુંગડોલ રોડ જેની અંદાજિત રકમ રૂપિયા ૯૦ લાખ, ડુંગડોલ શીયા રોડ જેની અંદાજીત રકમ રૂપિયા ૭૦ લાખ, શીયા ગોળીયા રોડ જેની અંદાજીત રકમ રૂપિયા ૬૬ લાખ, કુંવારલા નવા કુંવારલા રોડ જેની અંદાજિત રકમ રૂપિયા ૬૦ લાખ, ગોળા હડમતીયા રોડ જેની અંદાજીત રકમ રૂપિયા ૪૫ લાખ, અલવાડા ખેડા રોડ જેની અંદાજીત રકમ રૂપિયા ૬૦ લાખ, જડીયા હડતા રોડ જેની અંદાજીત રકમ રૂપિયા ૬૦ લાખ, ધાનેરા મુકામે ઝેરડા– ધાનેરા રોડ પર આર.ઓ.બી.નું કામ જેની અંદાજિત રકમ રૂપિયા ૧૧૦૦ લાખ, ઢીમા– થરાદ એસ. એચ. રસ્તો કી.મી. ૫૩/૦ થી ૫૪/૦ પ્રોટેકશન વોલનું કામ જેની અંદાજીત રકમ રૂપિયા ૬૦ લાખ આ જે બધા કામો છે એ ૨૦૧૧ની અંદર માનનીય સભ્યશ્રીના વિસ્તારની અંદર ધાનેરામાં મંજૂર થયેલાં છે.

## ગાંધીનગર જિલ્લામાં ખાસ અંગભૂત યોજનામાં રસ્તા

**શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે–

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળ કેટલા રસ્તા, કેટલી રકમના મંજૂર કર્યા, અને

(૨) તે કામો ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રીઃ**

(૧) ૧૬ રસ્તા, રૂપિયા ૧૦૧૫ લાખની રકમના.

(૨) ૧૫ કામો ટેન્ડર મંજૂરી હેઠળ અને ૧ કામ નકશા અંદાજ હેઠળ

શ્રી શંભુજી ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે મારા મત વિસ્તારમાં વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૨માં કુલ કેટલાં કામો મંજૂર કર્યા અને તેની હાલની પરિસ્થિતિ શું છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીના ગાંધીનગર જિલ્લાની અંદર ૨૦૧૧–૧૨માં જે રસ્તાઓ મંજૂર થયા છે. જેની કિંમત લગભગ ૧૦૧૫ લાખ રૂપિયા જેટલી થવા જાય છે આમાં માણેકપુર હાઇસ્કુલથી ગાંધીનગર મહુડીને જોડતો રસ્તો જેની લંબાઇ ૧.૭ છે, અંદાજીત રકમ ૬૦ લાખ રૂપિયા છે. ચરાડા એપ્રોચ રોડ જેની લંબાઇ ૧.૫ કિલોમીટર છે, અંદાજિત રકમ ૫૦ લાખ રૂપિયા છે. મંડાલી કૃષ્ણનગર રોડ જેની લંબાઇ ૧ કિલોમીટર છે, અંદાજીત રકમ ૩૦ લાખ રૂપિયા છે. છાલાથી દશેલા

રોડ જેની લંબાઇ ૬૦૦ મીટર છે, અંદાજીત રકમ ૨૫ લાખ રૂપિયા છે. વલાદ એપ્રોચ રોડ જેની લંબાઇ ૧.૧૦ કિલોમીટર છે, અંદાજીત રકમ ૪૦ લાખ રૂપિયા છે. ચન્દ્રાલા ઘડકણ રોડ જેની લંબાઇ ૧.૮ કિલોમીટર છે, અંદાજીત રકમ ૭૦ લાખ રૂપિયા છે. જાસપુર એપ્રોચ રોડ વાયા લીલાપુર જેની લંબાઇ ૨.૫૦ કિલોમીટર છે, અંદાજીત રકમ ૭૦ લાખ રૂપિયા છે. ઉદારસદ હાઇસ્કુલ રોડ જેની લંબાઇ ૧.૨૦ કિલોમીટર છે, અંદાજીત રકમ ૩૦ લાખ રૂપિયા છે. પોર અડાલજ રોડ જેની લંબાઇ ૨.૪૦ કિલોમીટર છે, અંદાજીત રકમ ૪૫ લાખ રૂપિયા છે. નારદીપુર સેમી સરકયુલર રોડ જેની લંબાઇ ૫૦૦ મીટર છે અંદાજીત રકમ ૪૫ લાખ રૂપિયા છે. માણસાથી પરબતપુરા એપ્રોચ રોડ જેની લંબાઇ ૩ કિલોમીટર છે, અંદાજિત રકમ ૧૫૦ લાખ રૂપિયા છે. રીદ્રોલ થી લોદરા રોડ જેની લંબાઇ ૩.૪૦ કિલોમીટર છે, અંદાજીત રકમ ૧૦૦ લાખ રૂપિયા છે. લોદરા એપ્રોચ રોડ જેની લંબાઇ ૧.૭ કિલોમિટર અંદાજીત રકમ ૭૦ લાખ રૂપિયા, દહેગામ શીડફાર્મ વાયા રાઠોડ હરસોલી ધમીજ ચાંદીયોલ રોડ ૬ કિલોમિટર અંદાજીત રકમ ૧૨૦ લાખ રૂપિયા, હાલીસા વાયા ચૌધરી ચેખલા પગી રોડ ૪.૬ કિલોમીટર અંદાજીત રકમ ૯૦ લાખ રૂપિયા, બિલોદ્રાથી શીવપુરા એપ્રોચ રોડ ૮૦૦ મિટર જેની અંદાજીત રકમ ૨૦ લાખ રૂપિયા.

માનનીય અધ્યક્ષશ્રી, જે કામની પરિસ્થિતિ છે એમાં જે ૬ કામ છે એ મંજૂર થયા છે અને અત્યારે જિલ્લા પંચાયતમાં મંજૂરીની પ્રક્રિયા હેઠળ પડતર છે અને હજુ જિલ્લા પંચાયતમાંથી એની મંજૂરી આપી નથી એના લીધે કામ થઇ શક્યા નથી. જે પ્રગતિમાં છે એ લગભગ ૭ કામ છે અને કરાર ખત કક્ષાએ એક કામ છે અને ટેન્ડર મજૂરીની પ્રક્રિયામાં એક કામ છે આ રીતે આ બધા કામો આ પરિસ્થિતિમાં છે.

શ્રી કલ્યાણસિંહ દે. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર જિલ્લામાં જે ૧૬ રસ્તાઓ મંજૂર કરવામાં આવ્યા એ કયા કયા છે, અને એની કેટલી રકમ છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મેં જે આ જવાબ આપ્યો એમાં લગભગ બધા કામો એમાં આવી જાય છે અને જે માનનીય સભ્યશ્રીએ વાત કરી એમાં એમના મત વિસ્તારના કામો છે એમાં દહેગામ–શીડફાર્મ વાયા રાઠોડ હરસોલી ધમીજ ચાંદીયોલ રોડ જે ૬ કિલોમિટર લંબાઇનો ૧૨૦ લાખ રૂપિયા, દહેગામનું હાલીસા વાયા ચૌધરી ચેખલા પગી રોડ ૪.૬૦ કિલોમિટર લંબાઇ જે લગભગ ૯૦ લાખ રૂપિયા અને આ કામો પ્રગતિ હેઠળ છે અને આમ માનનીય સભ્યશ્રીના મત વિસ્તારના આ કામો મંજૂર થયેલા છે.

## તાપી જિલ્લામાં ૨૫૦ થી ઓછી વસ્તીવાળા ગામોને રસ્તા

* ૨૫૭૯૩ **શ્રી નરેશભાઈ પટેલ** (ચીખલી) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧)તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં આદિજાતિ વિસ્તારમાં ૨૫૦ થી ઓછી વસ્તી ધરાવતા ગામ/પરા ને જોડવા માટે કેટલા રસ્તા કેટલી રકમના મંજૂર કર્યા, અને

(૨)તે કામો ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રીઃ**

(૧)તા. ૧૬–૮–૨૦૧૧ના રોજ ૨૦ રસ્તા, ૧૨૭૪.૦૦ લાખના અને તા. ૧૯–૧૦–૨૦૧૧ ના રોજ ૫૩ રસ્તા ` ૨૪૪૪.૦૦ લાખના મળીને કુલ ૭૩ રસ્તા

` ૩૭૧૮.૦૦ લાખના મંજુર કર્યા.

(૨)તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ ૪૦ કામો ટેન્ડર મંજુરીની પ્રક્રિયા હેઠળ ૩૩ કામો ટેન્ડર પ્રક્રિયા હેઠળ.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, યુ.પી.ના રીઝલ્ટ પછી તો રાહુલભાઇ ખોવાઇ ગયા. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મારો આ તાપી જિલ્લાનો પ્રશ્ન છે ત્યારે મારો જિલ્લો ટોટલ આદિવાસી

એરીયા છે પણ તાપી જિલ્લામાં અમે તુષારભાઇને યાદ કરતા હતા કેમ કે માર્ગ મકાન વિભાગ કેન્દ્રમાં સંભાળતા હતા. તો મારે કહેવાનું છે કે ડિઝલ ઉપર લેવાતા સેસમાં પી.એમ.જી.એફ.આઇ.માં રસ્તા બનવા જોઇએ ગામપરાને જોડવા માટે તેમ છતાં ત્યાં અન્યાય થયો અને વર્તમાન સરકારે ૨૫૦ થી નીચેની વસ્તી વાળાને ધ્યાનમાં રાખીને જે રસ્તાઓ બનાવવાની મંજૂરી આપી છે એમાં ટોટલ ૭૩ જેટલા રસ્તાઓ આપીને ૩૭૧૮ લાખ જે તાપી જિલ્લાને આપવાનો પ્રયત્ન કર્યો છે એના માટે હું અભિનંદન આપુ છું. માનનીય મંત્રીશ્રી પાસે મારે એ જાણવું છે કે, તાપી જિલ્લામાં તારીખ ૩૧–૧૨–ની સ્થિતિએ જે ૩૩ કામો ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે એવું મને જણાવ્યું છે. તો એ કયા કયા કામો છે અને તે કયા તબક્કે છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમારઃ માનનીય અધ્યક્ષશ્રી, આજે વાત કરી આપણા માનનીય સભ્યશ્રીએ તે તાપી જિલ્લામાં આટલી મોટી રકમના રસ્તાઓ લગભગ ૩૭૧૮ લાખ રૂપિયાના રસ્તાઓ કદાચ તાપીના ઇતિહાસમાં પહેલી વખત મંજૂર થયા હશે આદિજાતિ વિસ્તારની અંદર. માનનીય અધ્યક્ષશ્રી, ખરેખર આ જે ૨૫૦ ની નીચેની વસ્તીના જે રસ્તાઓ છે એની જવાબદારી તો કેન્દ્ર સરકારની આવે છે પ્રધાનમંત્રી સડક યોજનામાં આ રસ્તાઓ કરવા જોઇતા હતા પણ કેન્દ્ર સરકારે એ રસ્તાઓ માટે ના પાડી. આ જે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના એ ૨૦૦૨ થી શરૂઆત થઇ અને શરૂઆતના પહેલા વર્ષમાં આદરણીય અટલબિહારી બાજપેયીજીનું જે સ્વપ્ન હતું, મેં અગાઉ કહ્યું તેમ મેં અગાઉ પણ કહ્યું કે છેવાડાના વ્યક્તિ, ગરીબ વ્યક્તિ, આદિવાસી વ્યક્તિને પાકો ડામરનો રસ્તો મળે એના માટેની શરૂઆત આદરણીય અટલજીએ કરી હતી અને પહેલા વરસે આ જે ૨૫૦ થી ઓછી વસ્તી રસ્તાઓ સમગ્ર દેશની અંદર અટલજીએ આપ્યા હતા અને એના ભાગરૂપે એનો લાભ આપણા ગુજરાતને પણ થયો હતો અને કેન્દ્રની અંદર સત્તા પરિવર્તન થયું અને યુ.પી.એ.ની સરકાર આવી સત્તા ઉપર ત્યારપછી આ ૨૫૦ થી ઓછી વસ્તીવાળા ગામના રસ્તાઓ કરવા માટે પાકા ડામરના રસ્તાઓ આપવા માટે યુ.પી.એ.ની સરકારે હાથ ઉંચા કરી દીધા આપણા સૌના માટે આ ચિંતાનો વિષય છે. મેં અગાઉ પણ કહ્યું હતું કે વનબંધુ યોજનામાં ગુજરાતને કરોડો રૂપિયા સત્તર હજાર કરોડ રૂપિયા ઉપરાંતનો લાભ વનબંધુ યોજના હેઠળ આ ગુજરાતને થયો છે, એના સાક્ષી આપણે સૌ છીએ.

અધ્યક્ષશ્રી : આપ ટૂંકમાં જવાબ આપો પ્લીઝ,

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : જે આ તાપી વિસ્તારની અંદર ભલે કેન્દ્ર સરકારે રસ્તાની ગ્રાન્ટ ના આપી હોય પણ અમારા આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ એ છેવાડાના વ્યકિતની ચિંતા કરી. આદિવાસી વિસ્તાર ૨૫૦ થી ઓછી વસતિવાળા વિસ્તારને કેન્દ્ર સરકારે ગ્રાન્ટ નહિ આપીને ગુજરાતને અન્યાય કર્યો છતાં પણ અમારી રાજય સરકારે

અધ્યક્ષશ્રી : આપ એનો જવાબ આપો ટૂંકમાં પ્લીઝ,

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : આદરણીય મુખ્યમંત્રીશ્રીએ રાજયના બજેટમાં એની જોગવાઇ કરી. રાજયના બજેટની અંદર ખાસ અંગભૂત યોજનાના વિસ્તારને પાકા ડામરના રસ્તા મળે એના માટે આ તાપી જિલ્લામાં ૩૭૧૮ લાખ રૂપિયા મંજૂર કર્યા. માનનીય સભ્યશ્રીએ જે વાત કરી કે જે કામો મંજૂર થયાં છે એ કયા છે ૨૦૧૧ની અંદર જે કામો મંજૂર થયાં છે એ તારીખ ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કયા છે અને કયા તબક્કે છે. આ બાબતે હું સભ્યશ્રીને કહેવા માગું છું કે આ તાપી જિલ્લાની અંદર ૧૩ કામો મંજૂર થયાં એમાં સોનગઢ વિસ્તાર તાલુકાના દરડી નિશાળફળિયા રોડ જે એક કિલોમીટર અંદાજીત ૨૫ લાખ રૂપિયા, વ્યારા તાલુકાના ચીખલી મોટા ફળિયાથી નદી પર સામસામે જતો રસ્તો જેની લંબાઇ બે કિલોમીટર અંદાજીત ૬૦ લાખ રૂપિયા, સોનગઢમાં આમથવા થી કાંટી ૧.૨ કિલોમીટર અંદાજીત ૩૬ લાખ રૂપિયા, સોનગઢ એસ.એચ.થી મોટા સાતશીલા ૩ કિલોમીટર અંદાજીત ૭૫ લાખ રૂપિયા, સોનગઢમાં આંબા ભીલ ફળિયા એપ્રોચ રોડ ૩ કિલોમીટર અંદાજીત ૯૦ લાખ રૂપિયા, સોનગઢ સેલ્ઝરથી ઉમરદા રોડ ૨.૫ કિલોમીટર અંદાજીત ૭૫ લાખ રૂપિયા, સોનગઢ આહવા રોડથી મેઢસીંગ બસ સ્ટેન્ડથી ઓટા રોડ ૩ કિલોમીટર અંદાજીત ૭૫ લાખ રૂપિયા,

અધ્યક્ષશ્રી : જવાબ ખૂબ લાંબો હોય તો આપ ટેબલ ઉપર મૂકજો પ્લીઝ,

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : ના, ના પતવા જ આવ્યો છે.

અધ્યક્ષશ્રી : ટૂંકમાં જવાબ આપો પ્લીઝ.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : સોનગઢ મેડશીંગ ગામે કોટસા ડેરીથી આહદા રોડ ૧.૫ કિલોમીટર અંદાજીત ૪૦ લાખ રૂપિયા,સોનગઢ મેઢશીંગ ગામે કોકસા ડેરીથી આહવા રોડને જોડતો રોડ ૧.૫૦ કિલોમીટર ૪૦ લાખ રૂપિયા, સોનગઢ ચીમકુવા થી મોટા ફળિયા ગામતળ રોડ ૧ કિલોમીટર અંદાજીત ૩૦ લાખ રૂપિયા, સોનગઢથી ખડી એપ્રોચ રોડ ૧.૫ કિલોમીટર અંદાજીત ૪૦ લાખ રૂપિયા, સોનગઢ બોરપાડા એપ્રોચ રોડ ૧.૫ કિલોમીટર અંદાજીત ૪૦ લાખ રૂપિયા, સોનગઢ ઝરાલી નિશાળફળિયા રોડ ૧ કિલોમીટર અંદાજીત ૩૦ લાખ રૂપિયા સોનગઢ ખાંજર બગદેવડી પ્રાથમિક શાળા જતો રોડ ૨ કિલોમીટર અંદાજીત ૪૦ લાખ રૂપિયા, સોનગઢ મહુડી મુખ્યરસ્તાથી ચૌધરી ફળિયા રોડ એક કિલોમીટર અંદાજીત ૨૦ લાખ રૂપિયા, સોનગઢ ઘમોડી વડફળિયા જતો રોડ ૧ કિલોમીટર અંદાજીત ૩૦ લાખ રૂપિયા, સોનગઢ ઓટા નિશાળ ફળિયા રોડ ૧.૩ કિલોમીટર અંદાજીત ૩૦ લાખ રૂપિયા સોનગઢ નાની ભુરવાણ ગામે રસ્તો ૨ કિલોમીટર અંદાજીત ૪૦ લાખ રૂપિયા, સોનગઢ ઘોડચીત જલારામ મંદિરથી સ્ટેટ હાઇવેને જોડતો રસ્તો

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીએ જવાબ અતિશય લાંબો છે આપ ટેબલ પર મૂકી દેજો.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : આ સભ્યશ્રીએ માગ્યા છે અને આખા સન્માનનીય ગૃહના પણ ધ્યાનમાં આવે એટલા માટે કહી રહ્યો છું.

અધ્યક્ષશ્રી : નહિ પણ ટૂંકમાં જવાબ આપો પ્લીઝ.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : ઢાકરવા એપ્રોચ મિસ્ત્રીફળિયાથી આશ્રમશાળા સુધીનો રોડ ૧.૫ કિલોમીટર અંદાજીત ૩૫ લાખ રૂપિયા, ડેડવાણ ઉમરદા ગામે રસ્તો એક કિલોમીટર ૨૦ લાખ રૂપિયા, સચાજી ગામે આંતરિક ડામરીકરણ રોડ એક કિલોમીટર ૧૫ લાખ રૂપિયા. સરપંચ ફળિયાનો રસ્તો એક કિલોમીટર અંદાજીત ૧૫ લાખ રૂપિયા,

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી આપ બાકીનો જવાબ ટેબલ ઉપર મૂકી દેજો પ્લીઝ.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : સભ્યશ્રીને હું કહેવા માગું છું કે

અધ્યક્ષશ્રી : નહિ નહિ માનનીય મંત્રીશ્રી આપ બાકીનો જવાબ ટેબલ ઉપર મૂકી દેજો પ્લીઝ.

શ્રી પ્રભુભાઇ ના. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, અન્ય રાજયોના પરિણામો જોઇને હરખાવાની જરૂર નથી કોંગ્રેસની સીટોમાં વધારો થયો છે અને ભાજપની સીટોમાં ઘટાડો થયો છે. મારે માનનીય મંત્રીશ્રી પાસથે જાણવું છે કે તાપી જિલ્લામાં મંજૂર કરેલા ટોટલ રસ્તાઓ પૈકી આ રસ્તાઓ ગુણવત્તાસભર કેટલાં સમયમાં પૂર્ણ કરવામાં આવશે ? અને તાપી જિલ્લામાં આવેલ નોન પ્લાન રસ્તાઓને પ્લાનમાં ફેરવીને આ રસ્તાઓ બનાવવા માગો છો કે કેમ ?

અધ્યક્ષશ્રી : તેમનો પ્રશ્ન કેટલી સમય–મર્યાદામાં કામ પૂર્ણ થશે એવો છે.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મેં વાત કરી જે રસ્તાઓ મંજૂર થયા છે તે લગભગ આમ સમય–મર્યાદામાં પૂર્ણ કરવાની રાજય સરકારની નેમ હોય છે પણ આજે તાપી જિલ્લાની અંદર વન વિભાગનો વિસ્તાર ઘણો આવે છે અને જે વિસ્તારની વન વિભાગની મંજૂરીઓ ઘણાં રસ્તાઓમાં અમને મળતી નથી અને તેના લીધે જે રસ્તાઓ છે અમારી સરકાર સમય–મર્યાદામાં પૂર્ણ કરવાના પ્રયત્નો કરે છે પણ વન વિભાગની કે બીજા વિભાગની કોઇ મંજૂરીઓ ના મળે તો કદાચ થોડું ઘણું આઘું પાછું થાય.

શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, મને મારા પ્રશ્નનો જવાબ મળી ગયો છે.

## મહેસાણા જિલ્લામાં ખેડૂતોને વ્યાજ રાહત યોજના

* **૨૫૬૭૫ શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(રખિયાલ)** : : **માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧)સન ૨૦૧૧માં મહેસાણા જિલ્લામાં વ્યાજ રાહતની યોજના હેઠળ કેટલા ખેડૂતોને લાભ થયો, અને

(૨)તેના કારણે ધિરાણ લેતા ખેડૂતોની સંખ્યા કેટલી વધી?

**સહકાર મંત્રીશ્રીઃ**

(૧)૪૫૩૬૮.

(૨)૨૯૩૬.

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન ખેડૂતોનો પ્રશ્ન છે અને હું જન્મજાત ખેડૂત છું. બે દિવસ પહેલાં કોંગ્રેસની સરકારે કપાસ ઉપર નિકાસ બંધી કરી અને બીજા જ દિવસે પરિણામોમાં કોંગ્રેસ આખી બધા રાજયોમાંથી સાફ થઇ ગઇ...અંતરાય... માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રીને પૂછવા માંગુ છું કે, આ વ્યાજ રાહતની યોજના શું છે ? આ યોજના રાજય સરકાર દ્વારા કયારથી અમલમાં મૂકેલ છે ? અને આ યોજના અમલમાં નહોતી ત્યારે રાજયની કેટલી બેન્કો દ્વારા સાત ટકાના દરે ધિરાણ પૂરું પાડવામાં આવતું હતું ?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર દ્વારા ખેડૂતોને સાત કે તેથી ઓછા વ્યાજના દરે ટૂંકી મુદ્દતનું કૃષિ વિષયક ધિરાણ મળી રહે તે માટે રાજય સહકારી બેન્ક, જિલ્લા સહકારી બેન્ક તથા પ્રાથમિક કૃષિ વિષયક સહકારી મંડળીઓ દ્વારા પોતાના ભંડોળમાંથી ખેડૂતોને જે રકમનું ધિરાણ કરે છે તેની ઉપર ૨ ટકા લેખે વ્યાજ રાહતની રકમ આવી સહકારી સંસ્થાઓને ચૂકવવામાં આવે છે. ધિરાણ લેતાં ખેડૂતો પૈકી જે ખેડૂત પરિવાર રત્ન કલાકારના વ્યવસાય સાથે જોડાયેલો હોય તેઓને છ ટકા વ્યાજના દરે ધિરાણ મળી રહે તે માટે વધુ એક ટકા વ્યાજ રાહત આપવામાં આવે છે. એટલે કે આવા કિસ્સામાં રાજય સરકાર દ્વારા ૩ ટકા વ્યાજ રાહત આપવામાં આવે છે. આમાં ૩ લાખ સુધીનું ધીરાણ મેળવતાં ખેડૂતોને આ વ્યાજ રાહતનો લાભ આપવામાં આવે છે. આ યોજના રાજય સરકાર દ્વારા સને ૨૦૦૯-૧૦ના વર્ષથી અમલમાં મૂકેલ છે.

શ્રી કાંતિભાઇ રા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે, મહેસાણા જિલ્લામાં ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં તાલુકાવાર સાત ટકાના દરે કેટલા ખેડૂતોને ધીરાણ પૂરું પાડવામાં આવેલ છે ? અને ધિરાણ મેળવતાં ખેડૂતોમાં વધારો થયો છે ?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લામાં ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ તાલુકાવાર છેલ્લાં એક વર્ષમાં સાત ટકાના દરે નીચે મુજબના ખેડૂતોને ધિરાણ પૂરું પાડવામાં આવેલ છે. મહેસાણા તાલુકામાં ૮૨૦૯ ખેડૂતોને, વિસનગરમાં ૭૦૬૨ ખેડૂતોને, વિજાપુરમાં ૪૬૪૫ ખેડૂતોને, કડીમાં ૧૦૫૨૦ ખેડૂતોને, ઉંઝામાં ૩૦૭૨ ખેડૂતોને, બેચરાજીમાં ૨૭૧૯ ખેડૂતોને, વડનગરમાં ૪૦૭૦ ખેડૂતોને, ખેરાલુમાં ૫૦૭૧ ખેડૂતોને અને કુલ ૪૫૩૬૮ ખેડૂતોને આ ધિરાણ પૂરું પાડવામાં આવ્યું છે.

શ્રી ઇકબાલ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ગામડાની મંડળીઓ, જિલ્લાની મધ્યસ્થ બેંકો અને રાજયની બેંક. આ ૩ને ૨ ટકા લેખે વ્યાજ રાહતના રૂ.૪૫૩૬૮ અને ૨૯૩૬ ખેડૂતોને બે ટકા લેખેની રાહતની વાત કરી. માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે નેશનલ એગ્રીકલ્ચર રૂરલ બેંક જે છે, નાબાર્ડ , એ નાબાર્ડના ધારાધોરણો હેઠળ આ રૂ.૪૫૩૬૮ નો જે વ્યાજ રાહતની યોજના હેઠળ ખેડૂતોને લાભ થયો છે, એમાં કેન્દ્ર સરકારના નાબાર્ડના નિર્દેશો મુજબ રકમ મળેલ છે કે કેમ? રાજય સરકારના કયા હેડ ઉપર આ ૨ ટકા રાહત આપવામાં આવે છે?

શ્રી દિલીપભાઇ ન. સંઘાણી ( કૃષિ અને સહકાર મંત્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ દેશમાં ખેડૂતોને ૧૦ વર્ષ પહેલા ૧૭ થી ૧૮ ટકા વ્યાજે જયારે ધિરાણ મળતું હતું ત્યારે આ દેશ ઉપર માનનીય અટલ બિહારી બાજપાઇજીનું શાસન આવ્યું. એમણે ૯ ટકાના દરથી ખેડૂતોને ધિરાણ આપવાનો નિર્ણય જાહેર કર્યો અને સંપૂર્ણ ખોટ જે આવે સહકારી બેંકની, એ તમામ ખોટ કેન્દ્ર સરકારે ભોગવવાનો નિર્ણય કર્યો. ત્યારપછી યુ.પી.એ.ની સરકાર આવી અને તેણે ૭ ટકાના દરનો નિર્ણય જાહેર કર્યો. આ ૨ ટકા અંગે કેન્દ્ર સરકારે જે નિર્ણય કર્યો એ માત્ર રાષ્ટ્રીયકૃત બેંકમાં જ મળે. સહકારી બેંકોને એનો લાભ ન મળે. એમને ૮થી ૯ ટકાએ ચૂકવવા પડતા હતા. ગુજરાત રાજય સહકારી ક્ષેત્રમાં ખૂબ આગળ પડતુ રાજય છે. કેન્દ્ર સરકાર રાષ્ટ્રીયકૃત બેંકોના ધિરાણ ઉપર જ વ્યાજ રાહત આપે અને સહકારી બેંકોના ધિરાણ પર વ્યાજ રાહત ન આપે. જયારે

માનનીય મુખ્યમંત્રીશ્રી સમક્ષ આ બાબત આવી ત્યારે આ રાજયના ખેડૂતોના હિતમાં સહકારી સંસ્થાઓ તૂટી ન જાય તે રીતે રાજય સરકારે રાજય સરકારના બજેટમાંથી ૨ ટકા વધારાનું વળતર આપવાનો નિર્ણય કર્યો. આ જ ખેડૂત પરિવારો પૈકી જેમની પાસે ખેતી ઓછી  હોવાથી હીરા ઉદ્યોગમાં જતા હોય તો એમને ૧ ટકાની વધારાની રાહત આપવાનો એટલે કે ૨ વત્તા ૧ એમ ૩ ટકા રાજયના બજેટમાંથી આપવાનો નિર્ણય કર્યો.

શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતો દેવામાં ન ડૂબે એટલા માટે વ્યાજ રાહતની જે યોજના કરવામાં આવી છે, તે ખેડૂતો માટે આશીર્વાદરૂપ છે. હું એ જાણવા માગુ છું કે જેમ રત્ન કલાકારોને ૩ ટકાની વ્યાજ રાહત આપવામાં આવી છે, એમ ખેડૂતોને પોતાના દીકરા–દીકરીઓના શિક્ષણ માટે આવી બેંકોમાંથી શૈક્ષણિક લોન જો મેળવે તો એવી લોન માટે ૩ ટકાની વ્યાજ રાહત આપવા માટે વિભાગ વિચારશે કે કેમ?

શ્રી દિલીપભાઇ ન. સંઘાણી  : માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લા સહકારી બેંકો જે છે એ ખેડૂતોના ધિરાણ માટેની છે. આ સભ્યશ્રીનું સૂચન છે.

શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લાનો પ્રશ્ન છે. માનનીય મંત્રીશ્રીએ એમના જવાબમાં કહ્યું છે કે જે પરિવારો રત્ન કલાકાર તરીકે કામ કરતા હોય એમને વધારાની ૧ ટકા રાહત સરકાર દ્વારા આપવામાં આવશે.  મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે મહેસાણા જિલ્લામાં રત્ન કલાકારીગરી સાથે સંકળાયેલા કેટલા લોકોને આ વધારાની ૧ ટકાની રાહત આપવામાં આવી છે?

શ્રી દિલીપભાઇ ન. સંઘાણી ( કૃષિ અને સહકારમંત્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે બ્રેકઅપ છે, એમાં આ ૭ ટકાએ ધિરાણ આપવાના કારણે કુલ કેટલા ખેડૂત પરિવારો વધ્યા તેની માહિતી છે, પરંતુ આ બ્રેકઅપ મને મહેસાણા જિલ્લા બેંક તરફથી મળવો જોઇએ એ મળ્યો નથી.

## તાપી જિલ્લામાં ખેડૂતોને ઓઈલ એન્જીન સહાય

* **૨૫૭૧૮ શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ(શહેરા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) વર્ષ ૨૦૧૧–૧૨ માં તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં તાપી જિલ્લામાં કેટલા આદિવાસી ખેડુતોને સિંચાઈ માટે ઓઈલ એન્જીનની  સહાય આપવામાં આવી છે, અને

(૨)આ સહાય પેટે કુલ કેટલી રકમ ચુકવવામાં આવી?

**કૃષિ મંત્રીશ્રીઃ**

(૧)

૧૭૭ ખેડૂતોને.

(૨)  ૨૧,૩૫,૦૯૫/–.

શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના અનુસંધાનમાં મારા મિત્રો માટે યુ.પી. માં ખૂબ સારું રિઝલ્ટ આવ્યું છે અને યુવરાજ ખોવાઇ ગયા, હવે કયાંય જોવા મળતા નથી. બેસણા જેવો માહોલ ઉભો થયો છે, એટલે મારે તો આ મિત્રોને કહેવાનું કે હવે તમારો વારો છે, થોડા દિવસ માટે શાંતિ રાખો, તમારી હાલત પણ એવી જ થવાની છે, અને અહીં  પણ ગુજરાતમાં નકકી થઇ ગયું છે કે બેસણું કયારે રાખવું.

અધ્યક્ષશ્રી : આપ પ્રશ્ન ઉપર આવી જાઓ જેઠાભાઇ.

શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ ઃ માનનીય અધ્યક્ષશ્રી, મારે એ પૂછવું છે કે આદિવાસીઓની ચિંતા કરતી આ સરકારે આદિવાસી ખેડૂતો માટે  ઓઇલ એન્જિનમાં રાજય સરકાર દ્વારા કેટલી સહાય આપવામાં આવી  છે અને તેની પ્રક્રિયા શું છે? કારણ કે કોંગ્રેસના મિત્રોએ આજ સુધી કયારેય કંઇ આપ્યું નથી પણ આદિવાસીઓને ખૂબ છેતર્યા છે. તેથી આ માનનીય મુખ્ય મંત્રીશ્રીની સરકાર શું શું આપે છે તે મારે જાણવું છે.

શ્રી કનુભાઇ મે. ભાલાળા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનો પ્રશ્ન છે કે આદિવાસી ખેડૂતોને ઓઇલ એન્જિનમાં રાજય સરકાર દ્વારા કેટલી સહાય આપવામાં આવે છે, તો આદિજાતિ વિસ્તાર પેટા યોજના ૩ હેઠળની આ યોજના સંપૂર્ણપણે રાજય સરકારની યોજના છે. કેન્દ્ર સરકારની સહાય મળતી હતી તે પાંચ વર્ષથી એમણે બંધ કરેલી છે. આ યોજનામાં કેન્દ્ર સરકાર દ્વારા કોઇ સહાય ચૂકવવામાં આવતી નથી. આ ઉપરાંત એ.જી.આર. ૧ નીચે અનુસૂચિત જનજાતિને અને એ.જી.આર. ૨ નીચે અનુસૂચિત જાતિના ખેડૂતોને સહાય ચૂકવવામાં આવે છે. સૌ પ્રથમ આઇ.એસ.આઇ. કે બી.એસ.આઇ. માર્કો ધરાવતા ઓઇલ એન્જિનની ખુલ્લા બજારમાંથી ખરીદી કરવાની હોય છે અને ખરીદી બાદ છ મહિનામાં સહાય માટે એ.ટી.વી.ટી. અંતર્ગત જે તે તાલુકાના અધિકારી સમક્ષ પાકા બિલ અને જરૂરી દસ્તાવેજો સાથે સહાય માટે અરજી કરવાની હોય છે. અરજી મળ્યા બાદ ગ્રામ સેવક અને વિસ્તરણ અધિકારી ખેતી મારફત ચકાસણી કરી અને ચેકથી ચૂકવણું કરવામાં આવે છે.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : હું પૂછવા માગું છું કે જેઠાભાઇ અમારા જિલ્લાના ખેડૂતોને ઓઇલ એન્જિન મળે તેના માટે બહુ ચિંતા કરે છે. અમારા જિલ્લામાં છેલ્લે ઉકાઇ હાઇ લેવલ કેનાલ ખોદાઇ રહી છે તે આજે બે વર્ષથી બંધ હાલતમાં છે. તો તે કયારે પૂર્ણ કરવા માગવો છો?

અધ્યક્ષશ્રી : આપ આ સિંચાઇ વિભાગનો પ્રશ્ન કરો છો.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત ઃ માનનીય અધ્યક્ષશ્રી, અમારા વિસ્તારમાં પાણી નથી મળતું, ૬૦ ગામો આજે એવા છે કે જયાં પાણી નથી મળતું. હાઇ લેવલ કેનાલ ખોદવાનું શરૂ કર્યુ હતું તે કયારે પૂર્ણ કરવા માગો છો?

શ્રી દિલીપભાઇ ન. સંઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ અલગ વિષય છે અને તેના માટે અલગ નોટિસ આપવી પડે.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે તાપી જિલ્લામાં આદિવાસી ખેડૂતોની ઓઇલ એન્જિનની છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી અરજીઓ મળી અને તેમાંથી કેટલી મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી અને નામંજૂર કરવાના કારણો શું છે?

શ્રી કનુભાઇ મે. ભાલાળા : માનનીય અધ્યક્ષશ્રી, તાપી જિલ્લામાં ૨૦૦૯–૧૦ માં કુલ ૮૨ અરજીઓ મળી હતી અને તે તમામ મંજૂર કરવામાં આવી હતી. એ જ રીતે ૨૦૧૦–૧૧માં કુલ ૧૭૫ અરજીઓ મળેલ હતી અને તે પણ તમામ મંજૂર કરવામાં આવી છે. ૨૦૧૧–૧૨ માં કુલ ૧૭૭ અરજીઓ મળેલી છે અને એ બધી જ અરજીઓ મંજૂર કરવામાં આવેલી છે. આમ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ ૪૯૩ અરજીઓ ઓઇલ એન્જીન સહાય માટે મળેલી અને એ ૪૯૩ અરજીઓ મંજૂર કરવામાં આવેલી છે.

શ્રી ઇશ્વરભાઇ ન. વહીઆ : માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય કૃષિ યોજના કેન્દ્ર સરકારની છે કે ગુજરાત સરકારની? આપના પ્રોજેકટો જે ગુજરાતમાં ચાલે છે એના નાણાં કયાંથી આવે છે?

શ્રી દિલીપભાઇ સંઘાણી : માનનીય સભ્યશ્રીને આટલી ખબર ન હોય એમ માનવાને કોઇ કારણ નથી.

### જેતપુર (પાવી) છોટાઉદેપુર અને કવાંટ તાલુકામાં પ્રાથમિક શાળા અપગ્રેડ કરવા બાબત

*** ૨૫૦૦૩ શ્રી મોહનસિંહ છો. રાઠવા(જેતપુર–પાવી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપ કરશે કે–

(૧) તા. ૩૧–૧–૧૨ની સ્થિતિએ વડોદરા જિલ્લાના જેતપુર–પાવી, છોટાઉદેપુર અને કવાંટ તાલુકાઓમાં કેટલી પ્રા. શાળા અપગ્રેડ કરી,

(૨) કેટલી શાળાઓમાં ધો–૮ અને ૯ના વર્ગો શરૂ કરેલ છે,

(૩) તેમાં કેટલા શિક્ષણ મહેકમ સામે કેટલી જગ્યા ખાલી છે, અને

(૪)શિક્ષકોની ખાલી જગ્યા ક્યારે ભરાશે ?

**શિક્ષણ મંત્રીશ્રીઃ**

(૧)

**Table ૨૧**

| ક્રમ | તાલુકો | ધોરણ–૮ અપગ્રેડ કરેલ શાળા | |
|---|---|---|---|
| | | ૨૦૧૦ | ૨૦૧૧ |
| ૧ | જેતપુર પાવી | ૪૧ | ૨૬ |
| ૨ | છોટાઉદેપુર | ૨૭ | ૨૯ |
| ૩ | ક્વાંટ | ૨૭ | ૨૩ |

(૨)

**Table ૨૨**

| ક્રમ | તાલુકો | ધોરણ–૮ શરૂ કરેલ શાળા |
|---|---|---|
| ૧ | જેતપુર પાવી | ૬૭ |
| ૨ | છોટાઉદેપુર | ૫૬ |
| ૩ | ક્વાંટ | ૫૦ |

ધોરણ–૯ના વર્ગોનો પ્રાથમિક શાળામાં સમાવેશ થતો નથી.

(૩)

**Table ૨૩**

| ક્રમ | તાલુકો | ધો–૬ થી ૮માં મંજુર થયેલ મહેકમ | ધો.–૬ થી ૮માં કામ કરતા શિક્ષકો | ખાલી જગ્યા |
|---|---|---|---|---|
| ૧ | જેતપુર પાવી | ૨૩૬ | ૨૩૬ | ૦૦ |
| ૨ | છોટા ઉદેપુર | ૧૯૮ | ૧૮૪ | ૧૪ |
| ૩ | ક્વાંટ | ૧૯૬ | ૧૮૭ | ૦૯ |

(૪) જેમ બને તેમ જલદીથી.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : મારે એટલું જ જણાવું છે કે જેતપુર–પાવી, છોટાઉદેપુર અને કવાંટ તાલુકામાં ધોરણ ૭ની પ્રાથમિક શાળાઓને અપગ્રેડ કરી ધોરણ–૮માં ૯૫ અને ૭૮ એમ કુલ ૧૭૩ જેટલી પ્રાથમિક શાળાઓને અપગ્રેડ કરવામાં આવી છે. પરંતુ જે આદિવાસી વિસ્તારમાં ધોરણ– ૮ અને ૯ની પ્રાથમિક શાળાઓ અપગ્રેડ કરી છે એમાં લુણાજ, અંબાખોટ અને ચુલી એવા ઘણા ગામો છે કે જયાં ગણિત અને વિજ્ઞાનના શિક્ષકો મૂકેલ નથી. આ બે વિષયના શિક્ષકની જગ્યાઓ છેલ્લા બે વરસથી ખાલી છે. આમ કુલ ૨૩ જગ્યાઓ ખાલી છે એમ જણાવ્યું છે તો કેટલા સમયમાં આ શિક્ષકોની જગ્યાઓ ભરવામાં આવશે?

શ્રી જયસિંહજી મા. ચૌહાણ : માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન કર્યો છે કે ધોરણ–૮ અપર પ્રાથમિકમાં ધોરણ–૭ને અપગ્રેડ કર્યું છે એમાં ત્રણ તાલુકા જેતપુર–પાવીમાં ૬૭ જેટલી શાળાઓ, છોટાઉદેપુરમાં ૫૬ અને ક્વાંટમાં ૫૦ આ ત્રણ તાલુકામાં પાવી જેતપુરમાં જગ્યાઓ ભરાઇ છે. છોટાઉદેપુરમાં ૧૪, ક્વાંટમાં નવ જગ્યાઓ ખાલી છે. હું આપના માઘ્યમથી કહેવા માગું છું કે, ઉમેદવારો હતા એ ઓર્ડર મળ્યા પછી હાજર થયા નથી. એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. કેટેગરીમાં ગણિત-વિજ્ઞાન પ્રવાહમાં પૂરતા ઉમેદવારો ન મળ્યા. નામદાર હાઇકોર્ટના મનાઇ હુકમના કારણે આજે પણ ૨૩ જગ્યાઓ ભરાઇ નથી. ધોરણ–૮ અપર પ્રાઇમરીમાં શિફ્ટ કર્યું ત્યારે કેન્દ્ર સરકારે કહેલું કે તમે કહેશો એટલા શિક્ષકો આપીશું. આપણા ત્યાંથી હમણાં ૨૦૧૨–૧૩માં ૧૪૦૭૯ જેટલા શિક્ષકોની નવી ભરતી કરવાની દરખાસ્ત કરી છે. હવે જેમ બને તેમ જલદી આ ભરતી કરવામાં આવશે.

શ્રી ગુલસીંગભાઇ રં. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી,આપની મારફત મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વડોદરા જિલ્લામાં કુલ કેટલી પ્રાથમિક શાળાઓ આવેલી છે તે પૈકી ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓમાં ધોરણ–૮ના વર્ગો ચાલુ કરવામાં આવ્યા છે?

શ્રી જયસિંહજી મા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા જિલ્લામાં કુલ ૨૩૧૭ જેટલી પ્રાથમિક શાળાઓ આવેલી છે. જેમાં ધોરણ–૮ના વર્ગો શરૂ કરવામાં આવેલ છે. એમાં ૧૨ તાલુકા છે જેમાં વડોદરા તાલુકામાં ૨૦૧૦માં ૩૦ અને ૨૦૧૧માં ૨૯ એમ કુલ ૫૯ શાળાઓમાં, પાદરા તાલુકામાં ૨૦૧૦માં ૨૬, ૨૦૧૧માં ૨૪ એમ કુલ ૫૦ શાળાઓ, કરજણ તાલુકામાં ૨૦૧૦ માં ૧૫ અને ૨૦૧૧ માં ૧૭ એમ કુલ ૩૨ શાળાઓ, સાવલી તાલુકામાં ૨૦૧૦માં ૨૪ અને ૨૦૧૧માં ૩૬ એમ કુલ ૬૦ શાળાઓ, વાઘોડિયા તાલુકામાં ૨૦૧૦માં ૨૨ અને ૨૦૧૧માં ૧૩ એમ કુલ ૩૫ શાળાઓ, ડભોઇ તાલુકામાં ૨૦૧૦માં ૧૨ અને ૨૦૧૧માં ૧૬ એમ કુલ ૨૮ શાળાઓ, શિનોર તાલુકામાં ૨૦૧૦ માં ૨ અને ૨૦૧૧માં ૫ કુલ ૭ શાળાઓ, સંખેડા તાલુકામાં ૨૦૧૦માં ૮ અને ૨૦૧૧માં ૩૧ એમ કુલ મળીને ૩૯ શાળાઓ, પાવી–જેતપુર તાલુકામાં ૨૦૧૦ માં ૪૧ અને ૨૦૧૧માં ૨૬ એમ કુલ ૬૭ શાળાઓ, નસવાડી તાલુકામાં ૨૦૧૦માં ૮ અને ૨૦૧૧માં ૨૩ એમ કુલ મળીને ૩૧ શાળાઓ, છોટાઉદેપુર તાલુકામાં ૨૦૧૦માં ૨૭ અને ૨૦૧૧માં ૨૯ એમ કુલ ૫૬ શાળાઓ, કવાંટ તાલુકામાં ૨૦૧૦માં ૨૭ અને ૨૦૧૧માં ૨૩ એમ કુલ ૫૦ શાળાઓ, આમ સમગ્ર વડોદરા જિલ્લામાં ૨૦૧૦–૧૧ માં કુલ ૫૧૪ જેટલી શાળાઓમાં ધોરણ–૮ શરૂ કરવામાં આવેલ છે.

શ્રી ઘીરૂભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, આ સરકારને આદિવાસીઓની ઘણી બધી ચિંતા થાય છે ત્યારે ક્વાંટ તાલુકામાં જે આઠમું ધોરણ અપગ્રેડ કરેલ છે જેની ૫૦ શાળાઓ શરૂ થઇ છે. એમાં આઠમા ધોરણ માટે જાણવું છે કે, કેટલી જગ્યાઓ ખાલી છે અને કેટલી ભરાયેલી છે અને બીજો પ્રશ્ન એ છે કે, છોટા ઉદેપુર તાલુકામાં કુલ ૫૬ શાળાઓ શરૂ કરવામાં આવી છે એમાં જે જગ્યાઓ ખાલી છે એ કેટલા સમયમાં ભરવા માગો છો?

શ્રી જયસિંહજી મા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, ૩ તાલુકાઓનો પ્રશ્ન પૂછેલો છે એમાં ક્વાંટ માટે માનનીય સભ્યશ્રીએ પૂછ્યું અને મેં અગાઉ કહ્યું તે પ્રમાણે કુલ ૫૦ શાળાઓ ૬થી ૮ ધોરણની છે. એમાં

મંજૂર મહેકમ ૧૯૬, કામ કરતા શિક્ષકો ૧૮૭ અને ૯ જગ્યાઓ ખાલી છે. છોટા ઉદેપુરમાં ૫૬ શાળાઓમાં મંજૂર મહેકમ ૧૯૮ કામ કરતા શિક્ષકો ૧૮૪ અને ૧૪ જગ્યાઓ ખાલી છે. બન્ને તાલુકાની ૨૩ જગ્યાઓ ખાલી છે. મેં અગાઉ કહ્યું તે પ્રમાણે જેમ બને તેમ જલદી આ જગ્યાઓ ભરવામાં આવશે.

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, વડોદરા જિલ્લામાં જૂન ૨૦૧૨માં કેટલી પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૮ શરુ કરવામાં આવનાર છે?

શ્રી જયસિંહજી મા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા જિલ્લામાં ૨૦૧૨માં ધોરણ ૮ શરૂ કરવામાં આવનાર છે એમાં વડોદરા તાલુકામાં ૩૫, પાદરા તાલુકામાં ૨૫, કરજણ તાલુકામાં ૨૯, સાવલી તાલુકામાં ૧૯, વાઘોડિયામાં ૧૪, ડભોઇ તાલુકામાં ૧૫, શિનોર તાલુકામાં ૯, સંખેડા તાલુકામાં ૨૩, પાવી જેતપુર તાલુકામાં ૨૮, નસવાડી તાલુકામાં ૧૫, છોટા ઉદેપુર તાલુકામાં ૧૯, ક્વાંટ તાલુકામાં ૧૪ એમ જુન ૨૦૧૨માં વડોદરા જિલ્લામાં ૨૪૪ શાળાઓમાં ધોરણ ૮ શરુ કરવામાં આવનાર છે.

શ્રી ચંદુભાઇ મો. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ બહુ મહત્વનો પ્રશ્ન પૂછ્યો છે, શિક્ષણનો આધાર શિક્ષકો છે અને શિક્ષકોની જવાબદારી છે, એ ભારતના ભાવિ નાગરિકો ઘડતા હોય છે. આદિવાસી વિસ્તારનો પ્રશ્ન છે એમાં મને ખબર છે ત્યાં સુધી જે જગ્યાઓ ખાલી છે એમાં અંગ્રેજી, મેથ્સ અને સાયન્સની ખાલી છે. એ ક્યારે ભરવામાં આવશે? કેટલીકવાર દૂરના વિસ્તારો હોવાથી ફિક્સ પગાર એટલો ઓછો હોવાથી શિક્ષકો ત્યાં જતા નથી. આદિવાસી વિસ્તાર માટે ફિક્સ પગારની પોલીસી છે એમાં ફેરફાર કરીને પૂર્ણ પગાર આપવા માગો છો કે કેમ?

શ્રી જયસિંહજી મા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો એમાં વારંવાર દોહરાવું છું કે, આદિવાસી વિસ્તાર નહીં માનનીય મુખ્યમંત્રીશ્રીએ અને આ રાજ્ય સરકારે સમગ્ર ગુજરાતના તમામ વિભાગ, તમામ વિસ્તાર, તમામ વર્ગની ચિંતા કરેલી છે. કોઇપણ વર્ગ, વિસ્તાર શિક્ષણથી વંચિત ન રહી જાય એની ચિંતા કરવામાં આવી છે. ૨૦૧૦-૧૧ની અંદર શિક્ષકોની વિદ્યા સહાયક તરીકે ભરતી કરવામાં આવે છે. એમાં આ વખતે આ જિલ્લાની વાત કરું તો બાકી રહી ગયેલી શાળાઓ છે એમાં શિક્ષકોની નિમણૂક આપેલ છે પણ અમુક ઉમેદવારો ઓર્ડર મળ્યા પછી હાજર થતા નથી. એસ.સી., એસ.ટી. અને ઓ.બી.સી.ના ગણિત, સાયન્સ અને અંગ્રેજીના ઉમેદવારો ન મળવાના કારણે ખાલી રહી છે. નામદાર હાઇકોર્ટનો મનાઇ હુકમ હોવાના કારણે આ જગ્યાઓ ખાલી રહી છે અને ફિક્સ પગારની વાત છે એ એમનું સૂચન છે.

### ૨૨૮/page>**મહેસાણા જિલ્લામાં પશુ આરોગ્ય કેમ્પ**

***૨૫૭૭૯ શ્રી કાંતિભાઇ રા. પટેલ(વિજાપુર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧)વર્ષ-૨૦૧૦-૧૧ માં મહેસાણા જિલ્લામાં સરકાર દ્વારા પશુઓ માટે કેટલા જાતીય આરોગ્ય સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, અને

(૨)આ જાતીય આરોગ્ય સારવાર કેમ્પમાં કઈ સેવાઓ પુરી પાડવામાં આવી ?

**પશુપાલન મંત્રીશ્રીઃ**

(૧)૩૦૧.

(૨)મુખ્યત્વે પશુ વંધ્યત્વ નિવારણ માટેની સારવાર ઉપરાંત જરૂરિયાતનાં કેસોમાં બિમાર પશુઓની સારવાર, રસીકરણ, ખસીકરણ અને કૃત્રિમ બીજદાનની સેવાઓ તથા કૃમિનાશક દવાઓ આપવામાં આવી.

શ્રી કાંતિભાઇ રા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, પશુઓ માટેના જાતીય આરોગ્ય સારવાર કેમ્પ ૨૦૧૦-૧૧માં મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલા કેમ્પ

કરવામાં આવ્યા અને એમાં કેન્દ્ર સરકારનો કેટલો સહાય હિસ્સો છે? જુદી જુદી સારવારના પ્રકાર પેટે થયેલા ખર્ચની વિગતો શું છે?

શ્રી દિલીપભાઇ ન. સંઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, આખા દેશમાં પશુઓ માટેના જાતીય આરોગ્ય સારવાર કેમ્પ ગુજરાતે ૨૦૦૮–૦૯થી શરૂ કર્યા છે. પશુ આરોગ્ય મેળા અને પશુ જાતીય આરોગ્ય મેળામાં ખૂબ મોટો તફાવત છે. આરોગ્ય મેળામાં તો તમામ પ્રકારની સારવાર આપવામાં આવે છે જયારે પશુઓ જાતીય આરોગ્ય સારવાર મેળામાં જે પશુને જાતીય રોગ હોય એના કારણે એની ઉત્પાદન શકિતમાં, એમના દૂધમાં જે મુશ્કેલી હોય એના ઓપરેશન કરીને ત્રણ તબકકે આ આયોજન કરવામાં આવે છે. એના કારણે પશુઓ વધારે દુધનું ઉત્પાદન કરતા થાય, પશુ બચ્ચા આપતા થાય એ સ્થિતિનું નિર્માણ કરવામાં આવે છે. આ સંપૂર્ણપણે રાજય સરકારના બજેટમાંથી આયોજન છે. કેન્દ્ર સરકારની કોઇ સહાય નથી, આના કારણે ડેરી ક્ષેત્રે ખૂબ મોટો લાભ વર્તાઇ રહ્યો છે. ચિંતા મને એ છે કે ડેરી ક્ષેત્રે જયારે આ આયોજનના કારણે ખૂબ દુધ ઉત્પાદન આગળ વધી રહયું છે ત્યારે ચૂંટણીના પરિણામો જે ત્યાં આવ્યા પણ એ સ્તરે રેલ્વે નૂરમાં, ડેરી અને ખાતરને સહાય આપીને ઓછા દરે હેરાફેરી કરવા માટેની સહાય હતી એ કેન્દ્ર સરકારે આજે પાછી ખેંચી લીધી. પરિણામોને આધારે આવું કરે, એક બાજુથી દુધ ક્ષેત્રે આપણે એક બાજુએ પ્રગતિ કરવા જઇએ છીએ ત્યારે બીજી બાજુએથી આ પાછું ખેંચી લે, માત્ર ખાતર અને ડેરી પ્રોડકટ માટેની રેલ્વે નૂરની જે સહાય મળતી હતી એ આજે જ પાછું ખેંચવાનું સૂઝે છે, એ આ પ્રવૃત્તિને અવરોધક બનશે એવું મારું માનવું છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ આ લોકો ગુજરાતને અન્યાય કરવા સિવાય કંઇ કરતા નથી.

શ્રી ઋષિકેશભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, દેશમાં પશુઓનું આરોગ્ય બગડતું જાય છે. અને ગુજરાત રાજયના પશુધનની ચિંતા રાજય સરકાર અને આદરણીય મુખ્યમંત્રી કરી રહયા છે. એ સંજોગોમાં હું પૂછવા માગુ છું મંત્રીશ્રીને કે મહેસાણા જિલ્લાનું કુલ પશુધન કેટલું, પશુઓ માટેના જાતીય આરોગ્ય કેમ્પ કરવાના હેતુઓ કયા કયા છે, અને તેનાથી પશુપાલકો અને રાજયને કયા કયા ફાયદા છે?

શ્રી દિલીપભાઇ ન. સંઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લામાં કુલ પશુધન ૭,૮૩,૮૪૭ તે પૈકી ગાય વર્ગ ૨,૧૬,૨૪૨ અને ભેંસ વર્ગ ૫,૬૭,૬૦૫ છે. જયારે જે આ આરોગ્ય મેળા થયા એનાથી એમને ફાયદાઓ છે એ પશુજાતીય આરોગ્ય મેળાના કારણે એમાં રહેલી ખામીઓ, રોગોનું નિદાન થઇ શકે છે અને તે પ્રમાણે સારવાર કરવાથી પશુની ગર્ભ ધારણ કરવાની ક્ષમતા વધે છે. પશુ જાતીય આરોગ્ય સારવાર કેમ્પ દ્વારા પશુઓના જાતીય અવયવોની દાકતરી તપાસ દાકતરો દ્વારા થતી હોય છે. એમાં પશુ કાયમી રીતે બિન ફળદ્રુપ હોય તેવા પશુઓનું નિદાન એનો નિકાલ કરી પશુપાલકને કાયમી રીતે આર્થિક નુકસાનમાંથી બચાવી શકાય છે. ચેપી રોગો જેવા કે બુલેસીલીઝ, ટી.બી. જોમ્સ ડીસીઝ જેવા રોગોનો ફેલાવો થતો અટકાવી શકાય છે. આ મેળાથી ખૂબ લાભદાયક એક નવી દિશા માત્ર ગુજરાતમાં જ નહીં સમગ્ર દેશને પશુપાલન ક્ષેત્રે આ રાજયએ આપી છે.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ વાત કરી કે કેન્દ્ર સરકાર કંઇ આપતી નથી તો મારે એના સાથે કોઇ સંમત થવું છે નહીં, મારે માનનીય મંત્રીશ્રીને એ પૂછવું છે કે ગુજરાતમાં ૧૩ જેટલા સંઘો છે અને પશુની સારવારની વાત કરે છે તો સરકાર અને સંઘ, સંઘ પાસે પણ વેટનરી સેવાઓ છે તો બન્નેનું કો–ઓર્ડીનેશન થઇ અને જો સારી એની સારવાર કરવા ઇચ્છે છે, બન્નેના કો–ઓર્ડીનેશનના સાથે મેળા થાય તો ચોકકસ એનું પરિણામ સારું મળશે એવા મારા વ્યકિતગત વિચાર છે.

શ્રી દિલીપભાઇ ન. સંઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ સારું સૂચન કર્યુ છે. આ બજેટમાં ૫૦ જેટલા આ રાજયના પશુઓને સારી સારવાર મળે એ માટે ફરતા દવાખાનાઓનો નિર્ણય કર્યો છે..... .. .. ..

**અધ્યક્ષશ્રીઃ** પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેકસ્ટ ..

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

## ભાવનગર જિલ્લા જેલમાં માનસ સુધારણા પ્રવૃત્તિ

૨૫૭૪૦ **શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા) : માનનીય જેલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)ભાવનગર જિલ્લા જેલમાં કેદીઓના માનસ પરિવર્તન/ સુધારણા માટે તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કઈ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવેલ છે. | (૧)ધાર્મિક, આધ્યાત્મિક, શૈક્ષણિક, રમતગમત, યોગ, પ્રાણાયામ વગેરે પ્રવૃત્તિઓ હાથ ધરેલ છે. |
| (૨)આ પ્રકારની પ્રવૃત્તિઓ માટે કઈ નામાંકિત સંસ્થાઓનો સહયોગ પ્રાપ્ત થયેલ છે. | (૨)અનેક યોગ્ય સંસ્થાઓના સહયોગ પ્રાપ્ત કરવામાં આવે છે. |

## નડિયાદ જિલ્લા જેલમાં કેદીઓના સ્વાસ્થ્ય સુવિધા

૨૫૭૦૬ **શ્રી કનુભાઇ ભુ. ડાભી( કઠલાલ) : માનનીય જેલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)નડિયાદ જિલ્લા જેલમાં રહેલ કેદીઓના સ્વાસ્થ્ય માટે કઈ સુવિધાઓ ઉપલબ્ધ છે, અને | (૧)જેલમાં દવાખાનાની સુવિધા ઉપલબ્ધ છે તથા તબીબોના કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. |
| (૨)આ સ્વાસ્થ્ય સુવિધાઓનો લાભ તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કેદીઓએ લીધેલ છે? | (૨)૨૬૯૬. |

## જુનાગઢ જિલ્લામાં મહિલાઓને ફળ અને શાકભાજીની બનાવટોની તાલીમ

૨૫૬૮૩ **શ્રી કાળુભાઇ વિ. વિરાણી(કુંડલા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)વર્ષ ૨૦૧૧–૧૨ માં તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધી સરકાર દ્વારા ફળ અને શાકભાજીની બનાવટો બનાવવા માટે જુનાગઢ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની કેટલી મહિલાઓને તાલીમ આપવામાં આવી, અને | (૧)૨૨૨ મહિલાઓ. |
| (૨)તે પેટે કુલ કેટલી રકમનો ખર્ચ થયો ? | (૨)` ૨,૭૨,૨૮૮/–. |

---------

## પાટણ જિલ્લામાં આંગણવાડી કાર્યકરની જગ્યા

૨૫૮૪૧ **શ્રી ભાવસિંહભાઇ ડા. રાઠોડ(સમી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ પાટણ જિલ્લામાં તાલુકાવાર મંજૂર થયેલ આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોની | (૧)તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ પાટણ જિલ્લામાં તાલુકાવાર મંજૂર થયેલ આંગણવાડી કાર્યકરની જગ્યા–૧૩૪૩ અને તેડાગર બહેનોની જગ્યા–૧૩૧૦ |

જગ્યા કેટલી છે, — છે. જે નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | આં.વાડી કાર્યકરની મંજૂર જગ્યાઓ | આં.વાડી તેડાગરની મંજૂર જગ્યાઓ |
|---|---|---|---|
| ૧ | સમી | ૨૦૮ | ૨૦૫ |
| ૨ | હારીજ | ૧૦૪ | ૯૮ |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૩ | ચાણસ્મા | ૧૭૦ | ૧૬૮ |
| ૪ | સિધ્ધપુર | ૧૮૯ | ૧૮૪ |
| ૫ | પાટણ | ૪૦૦ | ૩૮૫ |
| ૬ | રાધનપુર | ૧૩૬ | ૧૩૪ |
| ૭ | સાંતલપુર | ૧૩૬ | ૧૩૬ |
| | **કુલ** | **૧૩૪૩** | **૧૩૧૦** |

(૨)તે પૈકી કેટલી જગ્યા ભરાયેલ છે, — (૨)આંગણવાડી કાર્યકર : ૧૩૧૧
આંગણવાડી તેડાગર : ૧૨૫૧

(૩)કેટલી જગ્યાઓ ખાલી છે, અને — (૩)આંગણવાડી કાર્યકર : ૩૨
આંગણવાડી તેડાગર : ૫૯

(૪)આ ખાલી જગ્યાઓ ભરવાનું શું આયોજન છે ? — (૪)ખાલી જગ્યાઓ ભરવાની પ્રક્રિયા પ્રગતિમાં છે.

---------

## રાજયમાં જિલ્લા શિક્ષણાધિકારીની ખાલી જગાઓ

૨૬૩૬૯ **શ્રી પરેશભાઇ ગો. વસાવા( નીઝર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ રાજયમાં જીલ્લા શિક્ષણ અધિકારીઓની મંજુર થયેલ જગ્યાઓ કેટલી, અને | (૧)૨૭. |
| (૨)આ પૈકી કેટલી જગ્યાઓ ઉક્ત સ્થિતિએ ખાલી છે ? | (૨)૫. |

## રાજકોટ જિલ્લામાં ખેડૂતોને વ્યાજ રાહત યોજના

૨૫૬૭૪ **શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ(રાજકોટ-૧) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)સન ૨૦૧૧માં રાજકોટ જિલ્લામાં વ્યાજ રાહતની યોજના હેઠળ કેટલા ખેડૂતોને લાભ થયો, અને | (૧)૧,૯૩,૮૧૬. |
| (૨)તેના કારણે ધિરાણ લેતા ખેડૂતોની સંખ્યા કેટલી વધી ? | (૨)૯૧૩૫. |

---------

## રાજયમાં જિલ્લા શિક્ષણાધિકારીની ખાલી જગ્યાઓ

૨૬૩૬૫ **શ્રી કાનજીભાઇ રા. તળપદા(ધોળકા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા. ૩૧–૧–૨૦૧૨ ની સ્થિતિએ રાજયમાં જિલ્લા શિક્ષણ અધિકારીઓની મંજુર થયેલ જગ્યાઓ કેટલી, અને | (૧)૨૭. |
| (૨)આ પૈકી કેટલી જગ્યાઓ ઉક્ત સ્થિતિએ ખાલી છે ? | (૨)૫. |

## અમદાવાદ જિલ્લામાં ખેડુતોને રોટાવેટર સહાય

૨૫૭૧૦ **શ્રી કમાભાઇ ગ. રાઠોડ(વિરમગામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)વર્ષ ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં અમદાવાદ જિલ્લામાં કેટલા ખેડુતોને રોટાવેટર સહાય આપવામાં આવી, અને | (૧)૩૩૭ ખેડૂતોને. |
| (૨)તે પેટે કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૨)રૂા. ૧,૦૧,૧૨,૨૫૦/–. |

## ભારતના સંવિધાનની અદ્યતન ગુજરાતી આવૃત્તિ બાબત

૨૫૭૮૮ **શ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ(જુનાગઢ) : માનનીય વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)ભારતના સંવિધાનની અદ્યતન ગુજરાતી આવૃત્તિ રાજય સરકાર દ્વારા ૨૦૧૧ અને ૨૦૧૨ના વર્ષમાં બહાર પાડવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, | (૧)હા, જી. સને ૨૦૧૧માં. |
| (૨)જો હા, તો તે ક્યારે બહાર પાડવામાં આવી, અને | (૨)તારીખ ૧૨–૧૦–૨૦૧૧ ના રોજ. |
| (૩)કે કયા સ્થળેથી અને કઈ કિંમતે ઉપલબ્ધ છે ? | (૩)આ પુસ્તક સરકારી પુસ્તક ભંડાર ખાતેથી રૂપિયા ૧૫૫/–ની કિંમતે ઉપલબ્ધ છે. |

## રાજયમાં જિલ્લા શિક્ષણાધિકારીની ખાલી જગાઓ

૨૬૩૬૦ **શ્રી નટવરસિંહ કુ. ઠાકોર( મહુધા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ રાજયમાં જિલ્લા શિક્ષણ અધિકારીઓની મંજૂર થયેલ જગ્યાઓ કેટલી, અને | (૧)૨૭. |
| (૨)આ પૈકી કેટલી જગ્યાઓ ઉક્ત સ્થિતિએ ખાલી છે ? | (૨)૫. |

## સુરેન્દ્રનગર જિલ્લામાં પશુ આરોગ્ય કેમ્પ

૨૫૭૫૬ **શ્રી ભરતભાઇ વ. ખોરાણી(ચોટીલા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)વર્ષ ૨૦૧૦–૧૧માં સુરેન્દ્રનગર જિલ્લામાં પશુઆરોગ્ય મેળામાં કુલ કેટલા કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ, અને | (૧)૧૨૦. |
| (૨)તેમાં કયા પ્રકારની સારવાર આપવામાં આવી? | (૨)વિવિધ પશુરોગોની તબીબી સારવાર, ઓપરેશનો, પશુવંધ્યત્વ નિવારણની સારવાર તથા કૃમિનાં રોગોની સારવાર. |

---------

## કોડીનાર તાલુકા કો.ઓપરેટીવ બેંકીંગ યુનીયનમાં જિલ્લા રજીસ્ટ્રારશ્રીની પ્રતિનિધિ તરીકે નિમણૂંક

૨૭૨૯૮ **શ્રી ધીરસિંહ ક. બારડ(કોડીનાર) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગાંધીનગરના હુકમ ક્રમાંક નં. –સપન–૩૬–૯–૨૪૩૮, તા. ૨–૪–૭૯ના હુકમ પ્રમાણે કોડીનાર તાલુકા કો.ઓપરેટીવ બેંકીંગ યુનીયન લી.માં પેટા નિયમના–૩૦(ફ) પ્રમાણે બોર્ડ ઉપર જિલ્લા રજીસ્ટ્રારની પ્રતિનિધિ તરીકે નિમણૂંક થયેલ છે તે હકીકત ખરી છે, | (૧)મદદનીશ જિલ્લા રજીસ્ટ્રારની નિમણૂંક થયેલ. |
| (૨)જો હા, તો આ નિમણૂંક સને ૨૦૦૫/૨૦૦૬ના વર્ષ સુધી કોડીનાર તાલુકો કો.ઓપરેટીવ બેંકીંગ યુનીયન લી.માં ચાલુ હતી તે હકીકત સાચી છે, | (૨)હા, જી. |
| (૩)જો હા, તો સદરહુ બેંકમાંથી જિલ્લા રજીસ્ટ્રારશ્રીની પ્રતિનિધિ તરીકે નિમણૂંક રદ કરવાનો હુકમ ક્યારે થયેલ છે અને આ હુકમ કોણે કરેલ છે, અને | (૩)પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪)તેની વિગતો શી છે ? | (૪)પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## ભિલોડા તાલુકાના ઝુંમસર ગામ પાસે અતિભારે વરસાદથી નુકશાન

૨૮૧૭૦ **ડૉ. અનિલભાઇ જોષીયારા( ભિલોડા) : માનનીય આપત્તિ વ્યવસ્થાપન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના ઝુંમસર ગામ અને તેની આજુ બાજુના ૧૦ | (૧)ના, જી.<br>તા. ૧૦–૭–૧૧ના રોજ ભિલોડા |

કિ.મી.ની ત્રિજ્યાના ગામોમાં તા. ૧૦–૭–૨૦૧૧ના રોજ અતિભારે, ૨૧ ઇંચ જેટલો વરસાદ પડેલ તે સરકારના ધ્યાન પર છે,

તાલુકામાં ૧૭૮ મી.મી. વરસાદ નોંધાયેલ છે.

(૨)એમાં થયેલ જમીન ધોવાણ અને પાક નુકશાનમાં આપત્તિ વ્યવસ્થાપન વિભાગ તરફથી સરકાર દ્વારા કોઈ મદદ કરવામાં આવેલ છે,

(૨)ના, જી.

(૩)જો ના, તો એના કારણો શા છે, અને

(૩)દરખાસ્ત વિચારણા હેઠળ છે.

(૪)હવે સરકાર આ નુકશાન પામેલ ખેડૂતોને મદદ કરવા માગે છે ?

(૪)એસ.ડી.આર.એફ. હેઠળ પાત્રતા ધરાવતા ખેડૂતોને નિયમાનુસાર સહાય ચુકવવા જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીને સુચના આપેલ છે.

## ગાંધીનગર જિલ્લામાં વિધવા સહાયની અરજીઓ

૨૫૧૧૮ **શ્રી સુરેશકુમાર ચ. પટેલ(કલોલ): માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧)તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં વિધવા સહાય માટેની તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

(૧) ૧૩૩૭ અરજીઓ મળી.

| ક્રમ | તાલુકો | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૪૫૪ |
| ૨ | દહેગામ | ૪૧૧ |
| ૩ | કલોલ | ૨૫૪ |
| ૪ | માણસા | ૨૧૮ |
| કુલ | | ૧૩૩૭ |

(૨)તે પૈકી વર્ષવાર કેટલી મંજૂર કરવામાં આવી, અને

(૨)

| વર્ષ | મળેલ અરજીઓ |
|---|---|
| ૨૦૦૯ | ૩૯૫ |
| ૨૦૧૦ | ૪૩૭ |
| ૨૦૧૧ | ૩૨૮ |
| કુલ | ૧૧૬૦ |

(૩)બાકી રહેતી અરજીઓ કેટલા સમયમાં નિકાલ કરી લાભો આપવામાં આવશે ?

(૩)૧૭૭ અરજીઓ નામંજૂર કરતાં પડતર કોઈ અરજી બાકીમાં નથી.

## કચ્છ જિલ્લામાં અતિવૃષ્ટિથી નુકશાન પામેલ રસ્તા

૨૭૫૮૪ **શ્રી બાબુભાઇ મે. શાહ(રાપર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧)કચ્છ જિલ્લામાં ૨૦૧૦ અને ૨૦૧૧ના ચોમાસા દરમ્યાન અતિવૃષ્ટિથી તૂટી ગયેલ તેમજ નુકશાન પામેલ રસ્તાઓની મોજણી કરેલ કામોની દરખાસ્ત કચ્છ પંચાયત માર્ગ અને મકાન વિભાગ દ્વારા મોકલાઈ છે તે હકીકત સાચી છે, અને

(૧)હા, જી.

(૨)આ દરખાસ્તો પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કેટલા કામોને મંજૂરી આપવામાં આવી અને કેટલા કામો શરૂ કરવામાં આવ્યા કે પૂર્ણ કરવામાં આવ્યા ?

(૨)૩૧–૧૨ની સ્થિતિએ ૮૬ કામોને મંજૂરી આપી ૫૬ કામો પૂર્ણ કર્યા.

૨૨ કામો પ્રગતિમાં છે અને ૮ કામો ટેન્ડર પ્રક્રિયામાં

---------

## આણંદ જિલ્લામાં પશુ રસીકરણ

૨૫૭૬૧ **શ્રીમતિ જ્યોત્સનાબેન રા. પટેલ( આણંદ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)વર્ષ ૨૦૧૦–૧૧ દરમ્યાન આણંદ જીલ્લામાં કુલ કેટલા પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું, અને | (૧)૫,૭૯,૯૨૬. |
| (૨)તેમાં કયા પ્રકારનું રસીકરણ કરવામાં આવ્યું ? | (૨)ગળસૂંઢો અને ખરવા–મોવાસા. |

---------

## અમરેલી જિલ્લામાં કૃષિ મહોત્સવના લાભાર્થી

૨૫૬૯૬ **શ્રી મનસુખભાઇ પાં. ભુવા(ધારી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ–૨૦૧૧માં યોજાયેલ કૃષિ મહોત્સવ દરમ્યાન અમરેલી જિલ્લામાં કયા કાર્યક્રમો યોજવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) વર્ષ–૨૦૧૧માં યોજાયેલ કૃષિ મહોત્સવ દરમ્યાન અમરેલી જિલ્લામાં યોજવામાં આવેલ કાર્યક્રમોની વિગત નીચે પ્રમાણે છે.

- કૃષિ, બાગાયતી અને પશુપાલન કિટ્સનું વિતરણ
- જમીનના નવા નમુના લેવા તેમજ સોઈલ હેલ્થ કાર્ડના વિતરણનો કાર્યક્રમ
- ડ્રીપ ઈરીગેશન, ખેત તલાવડી
- કૃષિ અધિકારી/વૈજ્ઞાનિકશ્રીઓ દ્વારા ખેડૂતોને આધુનિક કૃષિ તાંત્રિકતા અંગે વ્યક્તિગત તથા સામુહિક માર્ગદર્શન
- ખેત ઓજાર નિદર્શન આયોજન
- બાગાયતી પાકોના હાઈટેક નિદર્શન ગોઠવી પ્રત્યક્ષ માર્ગદર્શન
- સહાય યોજના અને કૃષિ સંલગ્ન તાંત્રિક ચોપાનીયા/પુસ્તિકાનું વિતરણ.
- પશુ રસીકરણ, કૃત્રિમ બીજદાન, પશુ આરોગ્ય કેમ્પ, તાલુકા કક્ષાની પશુપાલન શિબિર.
- ખેત ઉત્પન્ન બજાર સમિતિઓ અને તાલુકા સંઘ દ્વારા ખેડૂત શિબિરો
- ખેતી વીજ જોડાણ
- શરતફેર સ્કીમ, સાંથણી હેઠળ આપેલ જમીન, એન્ટ્રી સર્ટીફીકેશન, વાડી યોજના, વૃક્ષો અને જેટ્રોફા રોપા/બિયારણ વિતરણ
- કીસાન ક્રેડિટ કાર્ડ, બેન્કેબલ સ્કીમ
- ચેક ડેમ, બોરીબંધ, ગામ તળાવ, સીમ તળાવ, તીર્થ ગામ, સ્વચ્છતા અભિયાન, નિર્મળ ગામ, એનએઆરઈજી જેવા સામુહીક વિકાસના કાર્યક્રમો.

- મત્સ્ય શિબિર.

(૨)આ કાર્યક્રમોનો કેટલા લાભાર્થીઓએ લાભ લીધો? (૨) ૩,૦૦,૧૧૫

---------

## રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અન્વયે એડમીશન

૨૪૩૭૮ **શ્રી સી. કે. રાઉલજી( ગોધરા) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)રાજ્યમાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ–૨૦૦૯ની જોગવાઈ મુજબ દરેક શાળામાં એડમીશન ખુલ્લા ડ્રોથી જ આપવાની જોગવાઈ હોવા છતાં રાજ્યમાં શાળાને વહેલા તે પહેલાના ધોરણે એડમીશન આપવાની જોગવાઈ સરકારે કરી છે તે હકીકત સાચી છે, અને | (૧)રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ–૨૦૦૯ હેઠળ એડમીશન આપવા બાબતે કોઈ ચોક્કસ પધ્ધતિનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી. |
| (૨)જો હા, તો કારણો શા છે ? | (૨)પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## રાજકોટ જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમા હેઠળ અરજીઓ

૨૫૬૮૫ **શ્રી પ્રવિણભાઇ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)રાજકોટ જિલ્લામાં તા. ૧–૪–૨૦૦૮ થી તા. ૧–૪–૨૦૧૧ સુધીમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના અન્વયે કેટલી અરજીઓ મળી, | (૧) ૩૭૩ અરજીઓ. |
| (૨)તે પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨)૨૬૨ અરજીઓ. |
| (૩)તે પેટે કુલ કેટલી સહાય ચુકવવામાં આવી? | (૩)` ૨,૫૯,૦૦,૦૦૦/–. |

## ભાવનગર જિલ્લામાં પશુ સારવાર કેમ્પ

૨૫૭૪૬ **શ્રી કેશુભાઇ હી. નાકરાણી(શિહોર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)કૃષિ મહોત્સવ–૨૦૧૧માં ભાવનગર જિલ્લામાં કેટલા પશુ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ, | (૧)૧૧. |
| (૨)તેમાં કેટલા ગામ આવરી લેવામાં આવેલ, અને | (૨)૩૨. |
| (૩)તેમાં કયા પ્રકારની સારવાર આપવામાં આવેલ ? | (૩)વિવિધ પ્રકારનાં પશુરોગોની તબીબી સારવાર, ઓપરેશનો, પશુવંધ્યત્વ નિવારણની સારવાર તથા કૃમીનાં રોગોની સારવાર કરી . |

---------

## દાહોદ જિલ્લામાં પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ કાર્યક્રમ

૨૫૦૭૪ **શ્રી બચુભાઇ ના. કિશોરી( લીમડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)દાહોદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર કુલ કેટલી પ્રાથમિક શાળાઓમાં પ્રવેશોત્સવ કાર્યક્રમો કરવામાં આવ્યા, અને

**જવાબ**

(૧)તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ | | |
|---|---|---|---|---|
| | | ૨૦૦૯ | ૨૦૧૦ | ૨૦૧૧ |
| ૧ | દાહોદ | ૨૫૪ | ૨૫૪ | ૨૫૪ |
| ૨ | દે. બારીયા | ૨૧૮ | ૨૧૮ | ૨૧૮ |
| ૩ | ફતેપરા | ૨૪૧ | ૨૪૧ | ૨૪૧ |
| ૪ | ઝાલોદ | ૩૩૭ | ૩૩૭ | ૩૩૭ |
| ૫ | લીમખેડા | ૨૬૫ | ૨૬૫ | ૨૬૫ |
| ૬ | ગરબાડા | ૧૩૨ | ૧૩૨ | ૧૩૨ |
| ૭ | ધાનપુર | ૧૭૨ | ૧૭૨ | ૧૭૨ |

(૨)આ પ્રવેશોત્સવ પાછળ તાલુકાવાર અને વર્ષવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨)પત્રક : ૧ મુજબ

**પત્રક–૧**

| ક્રમ | વર્ષ | તાલુકાનું નામ | દાહોદ | દે. બારીયા | ફતેપુરા | ઝાલોદ | લીમખેડા | ગરબાડા | ધાનપુર | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૦૯ | ૫૦૦ લેખે ફાળવેલ રકમ | ૧૨૭૦૦૦ | ૧૦૯૦૦૦ | ૧૨૦૫૦૦ | ૧૬૮૫૦૦ | ૧૩૨૫૦૦ | ૬૬૦૦૦ | ૮૬૦૦૦ | ૮૦૯૫૦૦ |
| | | તાલુકા કક્ષાનો ખર્ચ | ૪૩૦૦૦ | ૧૫૦૦૦ | ૧૦૦૦૦ | ૫૦૦૦૦ | ૧૫૦૦૦ | ૧૫૦૦૦ | ૨૫૦૦૦ | ૧૭૩૦૦૦ |
| | | કુલ ખર્ચ | ૧૭૦૦૦૦ | ૧૨૪૦૦૦ | ૧૩૦૫૦૦ | ૨૧૮૫૦૦ | ૧૪૭૫૦૦ | ૮૧૦૦૦ | ૧૧૧૦૦૦ | ૯૮૨૫૦૦ |
| ૨ | ૨૦૧૦ | ૫૦૦ લેખે ફાળવેલ રકમ | ૧૨૭૦૦૦ | ૧૦૯૦૦૦ | ૧૨૦૫૦૦ | ૧૬૮૫૦૦ | ૧૩૨૫૦૦ | ૬૬૦૦૦ | ૮૬૦૦૦ | ૮૦૯૫૦૦ |
| | | તાલુકા કક્ષાનો ખર્ચ | ૪૨૦૦૦ | ૧૦૦૦૦ | ૫૦૦૦ | ૧૦૦૦૦ | ૧૦૦૦૦ | ૨૦૦૦૦ | ૧૦૦૦૦ | ૧૦૭૦૦૦ |
| | | કુલ ખર્ચ | ૧૬૯૦૦૦ | ૧૧૯૦૦૦ | ૧૨૫૫૦૦ | ૧૭૮૫૦૦ | ૧૪૨૫૦૦ | ૮૬૦૦૦ | ૯૬૦૦૦ | ૯૧૬૫૦૦ |
| ૨ | ૨૦૧૧ | ૫૦૦ લેખે ફાળવેલ રકમ | ૧૨૭૦૦૦ | ૧૦૯૦૦૦ | ૧૨૦૫૦૦ | ૧૬૮૫૦૦ | ૧૩૨૫૦૦ | ૬૬૦૦૦ | ૮૬૦૦૦ | ૮૦૯૫૦૦ |
| | | તાલુકા કક્ષાનો ખર્ચ | ૪૫૦૦૦ | ૧૯૦૦૦ | ૧૫૦૦૦ | ૨૦૦૦૦ | ૧૫૦૦૦ | ૫૦૦૦ | ૧૨૦૦૦ | ૧૩૧૦૦૦ |
| | | કુલ ખર્ચ | ૧૭૨૦૦૦ | ૧૨૮૦૦૦ | ૧૩૫૫૦૦ | ૧૮૮૫૦૦ | ૧૪૭૫૦૦ | ૭૧૦૦૦ | ૯૮૦૦૦ | ૯૪૦૫૦૦ |

## રાજ્યમાં જિલ્લા શિક્ષણાધિકારીની ખાલી જગાઓ

૨૬૩૭૪ **શ્રી જવાહરભાઇ પે. ચાવડા(માણાવદર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)તા. ૩૧–૧–૨૦૧૨ ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લા શિક્ષણ અધિકારીઓની મંજૂર થયેલ જગ્યાઓ કેટલી, અને

**જવાબ**

(૧)૨૭.

(૨)આ પૈકી કેટલી જગ્યાઓ ઉક્ત સ્થિતિએ ખાલી છે?

(૨)૫.

---------

## ખેડા જિલ્લામાં ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ

૨૫૭૦૦ **શ્રી શિરીષકુમાર મ. શુક્લ( ખંભાત) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)આણંદ અને ખેડા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલા ખેડૂત ખાતેદારોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા, | (૧)આણંદ જિલ્લામાં ૧,૩૬,૭૬૮ ખેડૂત ખાતેદોરોને. ખેડા જિલ્લામાં ૯૬,૫૯૫ ખેડૂત ખાતેદારોને. |
| (૨)હવે કેટલા ખેડૂત ખાતેદારોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં બાકી છે, અને | (૨)આણંદ જિલ્લામાં ૧૧,૬૫૧ ખેડૂત ખાતેદારો. ખેડા જિલ્લામાં ૨૪,૫૦૪ ખેડૂત ખાતેદારો જમીનના નમુના એકત્રીકરણ અને પૃથ્થકરણની કામગીરી પૂર્ણ થયેલ છે. |
| (૩)બાકી રહેતા ખેડૂત ખાતેદારોને સોઈલ હેલ્થ કાર્ડ ક્યારે આપવામાં આવશે? | (૩)ટૂંક સમયમાં. |

## રાજ્યમાં જિલ્લા શિક્ષણાધિકારીની ખાલી જગાઓ

૨૬૩૭૮ **શ્રી જયેશભાઇ વિ. રાદડીયા(ધોરાજી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા. ૩૧–૧–૨૦૧૨ ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લા શિક્ષણ અધિકારીઓની મંજૂર થયેલ જગ્યાઓ કેટલી, અને | (૧)૨૭. |
| (૨)આ પૈકી કેટલી જગ્યાઓ ઉક્ત સ્થિતિએ ખાલી છે? | (૨)૫. |

## અમદાવાદ જિલ્લામાં ખેડૂતોને જીપ્સમ સહાય

૨૫૭૧૨ **શ્રી પ્રાગજીભાઇ ના. પટેલ(માંડલ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)વર્ષ ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં સરકાર દ્વારા અમદાવાદ જિલ્લામાં કેટલા ખેડૂતોને જીપ્સમ સહાય આપવામાં આવી, અને | (૧)૨૦૩૬ ખેડૂતોને. |
| (૨)આ સહાય પેટે કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી? | (૨)` ૩૫,૨૪,૩૨૨/–. |

## પાટણ જિલ્લામાં ખાસ અંગભૂત યોજનામાં રસ્તા

૨૫૮૧૦ **શ્રી રજનીકાન્ત સો. પટેલ(ચાણસ્મા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળ કેટલા રસ્તા, કેટલી રકમના મંજૂર કર્યા, અને | (૧)૨૪ રસ્તા, રૂા. ૧૯૮૬ લાખની રકમનાં. |
| (૨)તે કામો ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે? | (૨)૨ કામો પ્રગતિ હેઠળ, ૧૮ કામો ટેન્ડર મંજૂરીની પ્રક્રિયામાં અને ૪ કામો ટેન્ડર પ્રક્રિયામાં. |

---------

## સુરેન્દ્રનગર જિલ્લામાં ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ

૨૫૬૯૮ **શ્રીમતિ વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલા ખેડૂત ખાતેદારોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા, | (૧)૯૬,૨૬૨ ખેડૂત ખાતેદોરોને. |
| (૨)હવે કેટલા ખેડૂત ખાતેદારોને સોઈલ હેલ્થ કાર્ડ આપવાના બાકી છે, અને | (૨)૧૧,૪૮૫ ખેડૂત ખાતેદારોને. જમીનના નમુના એકત્રીકરણ અને પૃથ્થકરણની કામગીરી પૂર્ણ થયેલ છે. |
| (૩)બાકી રહેતા ખેડૂત ખાતેદારોને સોઈલ હેલ્થ કાર્ડ ક્યારે આપવામાં આવશે? | (૩)ટૂંક સમયમાં. |

---------

## સર્વ શિક્ષા અભિયાન હેઠળ કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ

૨૪૩૩૮ **શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા(પોરબંદર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)સર્વ શિક્ષા અભિયાન હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર તરફથી કયા કામો માટે કયા દરથી કેટલી રકમ મળવાપાત્ર હતી, (૨)તે પૈકી કેટલી રકમ ક્યારે મળી અને તે માટે કેટલા કામો થયા અને તેને માટે કેટલી રકમ વપરાઈ, અને | (૧)અને (૨) સર્વ શિક્ષા અભિયાન હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર તરફથી ફાળવવા પાત્ર રકમ અને ફાળવેલ રકમ નીચે મુજબ છે. કામવાર રકમો ક્યારે ક્યારે મળી અને થયેલ ખર્ચ અંગેના એનેક્ષર–૧, ૨, ૩ સામેલ છે. |

| યોજના | ૨૦૦૯–૧૦ રેશિયો ૬૦:૪૦ | ૨૦૧૦–૧૧ રેશિયો ૬૫:૩૫ | ૨૦૧૧–૧૨ (તા.૩૧–૧૨–૧૧ અંતિત) રેશિયો ૬૫:૩૫ |
|---|---|---|---|

| | કેન્દ્ર સરકારે ફાળવવા પાત્ર રકમ (રૂ઼ા. લાખમાં) | કેન્દ્ર સરકારે ફાળવેલ રકમ (રૂ઼ા. લાખમાં) | કેન્દ્ર સરકારે ફાળવવા પાત્ર રકમ (રૂ઼ા. લાખમાં) | કેન્દ્ર સરકારે ફાળવેલ રકમ (રૂ઼ા. લાખમાં) | કેન્દ્ર સરકારે ફાળવવા પાત્ર રકમ (રૂ઼ા. લાખમાં) | કેન્દ્ર સરકારે ફાળવેલ રકમ (રૂ઼ા. લાખમાં) |
|---|---|---|---|---|---|---|
| એસએસએ | ૩૧૨૦૮.૮૬ | ૧૯૮૨૩.૨૫ | ૫૯૧૨૬.૫૯ | ૪૪૦૬૫.૦૧ | ૧૧૧૦૩૯.૯૪ | ૭૩૧૫૦.૭૯ |
| એનપીઈજીઈએલ | ૪૩૫.૫૨ | ૨૦૮.૪૮ | ૪૬૭.૦૫ | ૦૦.૦૦ | ૬૫૪.૫૫ | ૩૦૭.૨૦ |
| કેજીબીવી | ૧૬૫૩.૨૩ | ૦૦.૦૦ | ૧૭૩૩.૧૩ | ૦૦.૦૦ | ૩૯૨૩.૬૦ | ૮૯૨.૮૦ |
| **કુલ** | **૩૩૨૯૭.૬૧** | **૨૦૦૩૧.૭૩** | **૬૧૩૨૬.૭૭** | **૪૪૦૬૫.૦૧** | **૧૧૫૬૧૮.૦૯** | **૭૪૩૫૦.૭૯** |

(૩)જો રકમ પૂરી ન વપરાઈ હોય તો તેના કારણો શા છે?

(૩)એમ.એચ.આર.ડી. દ્વારા વર્ષના ખૂબ જ પાછળના માસમાં મંજૂરી આપવાથી આર.ટી.ઈ. એક્ટ હેઠળની જરૂરી કાર્યવાહી થઈ ન શકવાને કારણે પૂરેપૂરો ખર્ચ થઈ શકેલ નથી.

## એનેક્ષર–૧

| પ્રવૃત્તિ (કામો) |
|---|
| એસએસએ |
| ન્યુ ટીચર્સ સેલેરી |
| બ્લોક રીસાર્સ સેન્ટર |
| કલ્સ્ટર રીસાર્સ સેન્ટર |
| સીવીલ વર્કસ |
| ઈજીએસ/એઆઈઈ |
| સ્પેશિયલ ટ્રેનિંગ |
| ફ્રી ટેક્ષ બુક |
| ઈનોવેટીવ |
| આઈ.ઈ.ડી. |
| સ્કુલ મેઈન્ટેનન્સ |
| મેનેજમેન્ટ અને એમ.આઈ.એસ. |
| આર એન્ડ ઈ |
| સ્કુલ ગ્રાન્ટ |
| ટીચર્સ ગ્રાન્ટ |
| મેજર રીપેરીંગ |
| ટીચર્સ ટ્રેનિંગ |
| ટી.એલ.ઈ. |
| કોમ્યુનિટી મોબીલાઈઝેશન |
| સ્ટેટ કંમ્પોનન્ટ |
| એનપીઈજીઈએલ |
| કેજીબીવી |

## એનેક્ષર–૨

## કેન્દ્ર સરકાર તરફથી સને ૨૦૦૯–૧૦ દરમ્યાન મળેલ રકમની વિગતો

| Year | GOI Release | | |
|---|---|---|---|
| | Date of Release | Date of Receipt | Amount (Rs. in Lakhs) |
| SSA | | | |
| ૨૦૦૯-૧૦ | ૨૭.૦૭.૦૯ | ૨૦.૦૮.૦૯ | ૭૮૨૩.૨૫ |
| | ૦૧.૧૨.૦૯ | ૧૭.૧૨.૦૯ | ૧૦૦૦૦.૦૦ |
| | ૧૦.૦૩.૧૦ | ૩૦.૦૩.૧૦ | ૨૦૦૦.૦૦ |
| | | | |
| TOTAL | | | ૧૯૮૨૩.૨૫ |
| NPEGEL | | | |
| | | | |
| Year | GOI Release | | |
| | Date of Release | Date of Receipt | Amount |

| | | | |
|---|---|---|---|
| | | | (Rs. in Lakhs) |
| | | | |
| ૨૦૦૯-૧૦ | ૨૭.૦૭.૦૯ | ૨૦.૦૮.૦૯ | ૨૦૮.૪૮ |
| | | | ૨૦૮.૪૮ |
| KGBV | | | |
| Year | GOI Release | | |
| | Date of Release | Date of Receipt | Amount (Rs. in Lakhs) |
| ૨૦૦૯-૧૦ | | | 0.00 |
| | | | 0.00 |
| Grand Total | | | ૨૦૦૩૧.૭૩ |

**એનેક્ષર–૨**

**કેન્દ્ર સરકાર તરફથી સને ૨૦૧૦–૧૧ દરમ્યાન મળેલ રકમની વિગતો**

| Year | GOI Release | | |
|---|---|---|---|
| | Date of Release | Date of Receipt | Amount (Rs. in Lakhs) |
| SSA | | | |
| ૨૦૧૦-૧૧ | ૨૫.૦૫.૧૦ | ૦૫.૦૬.૧૦ | ૨૪૧૧૬.૧૬ |
| | ૨૬.૧૦.૧૦ | ૧૦.૧૨.૧૦ | ૧૦૦૦૦.૦૦ |
| | ૨૬.૧૦.૧૦ | ૨૦.૧૨.૧૦ | ૮૬૪૮.૮૫ |
| | ૨૨.૦૨.૧૧ | ૩૧.૦૩.૧૧ | ૧૩૦૦.૦૦ |
| TOTAL | | | ૪૪૦૬૫.૦૧ |
| NPEGEL | | | |
| Year | GOI Release | | |
| | Date of Release | Date of Receipt | Amount (Rs. in Lakhs) |
| ૨૦૧૦-૧૧ | | | ૦.૦૦ |
| TOTAL | | | ૦.૦૦ |
| KGBV | | | |
| Year | GOI Release | | |
| | Date of Release | Date of Receipt | Amount (Rs. in Lakhs) |
| ૨૦૧૦-૧૧ | | | ૦.૦૦ |
| TOTAL | | | ૦.૦૦ |
| Grand Total | | | ૪૪૦૬૫.૦૧ |

**એનેક્ષર–૨**

**કેન્દ્ર સરકાર તરફથી સને ૨૦૧૧–૧૨ દરમ્યાન મળેલ રકમની વિગતો**

| Year | GOI Release | | |
|---|---|---|---|
| | Date of Release | Date of Receipt | Amount (Rs. in Lakhs) |
| SSA | | | |
| ૨૦૧૧-૧૨ | ૧૯.૦૫.૧૧ | ૨૮.૦૫.૧૧ | ૫૩૯૬.૪૭ |
| | ૧૯.૦૫.૧૧ | ૨૮.૦૫.૧૧ | ૧૩૧૦.૨૭ |
| | ૧૯.૦૫.૧૧ | ૨૮.૦૫.૧૧ | ૫૨૦.૩૫ |
| | ૨૦.૦૫.૧૧ | ૨૮.૦૫.૧૧ | ૩૫૯૭.૬૫ |
| | ૨૦.૦૫.૧૧ | ૨૮.૦૫.૧૧ | ૮૭૩.૫૧ |
| | ૨૦.૦૫.૧૧ | ૨૮.૦૫.૧૧ | ૩૪૬.૯૦ |
| | ૨૪.૦૬.૧૧ | ૦૧.૦૭.૧૧ | ૨૬૯૮.૨૩ |
| | ૨૪.૦૬.૧૧ | ૦૧.૦૭.૧૧ | ૨૬૦.૧૮ |
| | ૨૪.૦૬.૧૧ | ૦૧.૦૭.૧૧ | ૬૫૫.૧૪ |
| | ૨૭.૦૬.૧૧ | ૦૧.૦૭.૧૧ | ૧૭૯૮.૮૨ |
| | ૨૭.૦૬.૧૧ | ૦૧.૦૭.૧૧ | ૧૭૩.૪૫ |
| | ૨૭.૦૬.૧૧ | ૦૧.૦૭.૧૧ | ૪૩૬.૭૬ |
| | ૨૨.૦૭.૧૧ | ૦૪.૦૮.૧૧ | ૭૫૨૯.૦૨ |
| | ૨૨.૦૭.૧૧ | ૦૪.૦૮.૧૧ | ૭૨૫.૯૮ |
| | ૨૨.૦૭.૧૧ | ૦૪.૦૮.૧૧ | ૧૮૨૮.૦૬ |
| | ૧૪.૧૦.૧૧ | ૨૭.૧૦.૧૧ | ૨૫૨૬૬.૬૪ |
| | ૧૪.૧૦.૧૧ | ૨૭.૧૦.૧૧ | ૭૪૬૭.૦૦ |
| | ૧૪.૧૦.૧૧ | ૨૭.૧૦.૧૧ | ૭૨૦.૦૦ |
| | ૧૪.૧૦.૧૧ | ૨૭.૧૦.૧૧ | ૧૮૧૩.૦૦ |
| | ૧૭.૧૦.૧૧ | ૨૭.૧૦.૧૧ | ૮૬૭.૮૬ |
| | ૧૭.૧૦.૧૧ | ૨૭.૧૦.૧૧ | ૬૩૪૫.૫૦ |
| | Total | | ૭૩૧૫૦.૭૯ |

**એનેક્ષર–૨**

**કેન્દ્ર સરકાર તરફથી સને ૨૦૧૧-૧૨ દરમ્યાન મળેલ રકમની વિગતો**

| NPEGEL | | | |
|---|---|---|---|
| Year | Date of Release | Date of Receipt | Amount (Rs. in Lakhs) |
| | ૧૪.૧૦.૧૧ | ૨૭.૧૦.૧૧ | ૨૨૪.૦૧ |
| | ૧૪.૧૦.૧૧ | ૨૭.૧૦.૧૧ | ૨૮.૮૦ |
| | ૧૪.૧૦.૧૧ | ૨૭.૧૦.૧૧ | ૫૪.૩૯ |
| | TOTAL | | ૩૦૭.૨૦ |
| KGBV | | | |
| | GOI Release | | |
| Year | Date of Release | Date of Receipt | Amount (Rs. in Lakhs) |
| ૨૦૧૧-૧૨ | | | ૦.૦૦ |
| | | | ૦.૦૦ |
| | ૧૪.૧૦.૧૧ | ૨૭.૧૦.૧૧ | ૩૬૦.૯૫ |
| | ૧૪.૧૦.૧૧ | ૨૭.૧૦.૧૧ | ૨૯૮.૬૮ |
| | ૧૪.૧૦.૧૧ | ૨૭.૧૦.૧૧ | ૨૧.૬૦ |
| | ૧૪.૧૦.૧૧ | ૨૭.૧૦.૧૧ | ૭૫.૫૨ |
| | ૧૭.૧૦.૧૧ | ૨૭.૧૦.૧૧ | ૧૨.૪૦ |
| | ૧૭.૧૦.૧૧ | ૨૭.૧૦.૧૧ | ૩૬.૦૦ |
| | ૧૭.૧૦.૧૧ | ૨૭.૧૦.૧૧ | ૯૦.૬૫ |
| TOTAL | | | ૮૯૨.૮૦ |
| Grand Total | | | ૭૪૩૫૦.૭૯ |

**એનેક્ષર-૩**

**વર્ષવાર અને પ્રવૃત્તિવાર થયેલ ખર્ચની વિગતો દર્શાવતું**

**(રૂા. લાખમાં)**

| પ્રવૃત્તિનું નામ | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ Dec.૧૧ |
|---|---|---|---|
| એસએસએ | | | |
| ન્યુ ટીચર્સ સેલેરી | ૦.૦૦ | ૬૪૨૨.૩૬ | ૧૩૮૪૩.૦૦ |
| બ્લોક રીસાર્સ સેન્ટર | ૬૩૯.૮૪ | ૧૦૩૬.૮૧ | ૧૫૫૬.૨૦ |
| કલ્સ્ટર રીસાર્સ સેન્ટર | ૩૬૯૧.૪૬ | ૪૬૮૧.૦૮ | ૪૪૫૧.૦૯ |
| સીવીલ વર્કસ | ૧૩૪૪૮.૦૦ | ૪૧૨૮૫.૫૫ | ૫૧૭૩૪.૨૯ |
| ઈજીએસ/એઆઈઈ | ૧૮૦૩.૩૭ | ૨૩૫૮.૩ | ૧૦૩૨.૪૫ |
| સ્પેશિયલ ટ્રેનિંગ | ૦.૦૦ | ૦.૦૦ | ૯૦૦.૭૮ |
| ફ્રી ટેક્ષ બુક | ૩૫૪૩.૧૪ | ૪૪૯૯.૭૭ | ૧૯૦૬.૨૯ |
| ઈનોવેટીવ | ૧૩૮૭.૫૫ | ૧૨૭૧.૦૯ | ૬૯૧.૪૮ |
| આઈ.ઈ.ડી. | ૭૦૧.૧૪ | ૩૦૦૯.૧૮ | ૧૨૦૫.૯૨ |
| સ્કુલ મેઈન્ટેનન્સ | ૩૮૪૫.૭૬ | ૪૦૪૨.૪૭ | ૪૦૩૫.૦૦ |
| મેનેજમેન્ટ અને એમ.આઈ.એસ. | ૧૬૧૨.૬૩ | ૨૦૫૭.૭૧ | ૧૯૬૧.૨૩ |
| આર એન્ડ ઈ | ૩૩૩.૩૦ | ૫૨૬.૬૫ | ૧૯૦.૧૪ |
| સ્કુલ ગ્રાન્ટ | ૩૧૭૯.૩૫ | ૩૨૬૯.૦૬ | ૩૨૦૯.૬૯ |
| ટીચર્સ ગ્રાન્ટ | ૮૯૯.૯૭ | ૯૨૭.૦૫ | ૯૫૨.૯૧ |
| મેજર રીપેરીંગ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ટીચર્સ ટ્રેનિંગ | ૨૩૦૧.૧૫ | ૨૮૦૦.૦૮ | ૨૬૬૯.૮૦ |

| પ્રવૃત્તિનું નામ | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ Dec.૧૧ |
|---|---|---|---|
| ટી.એલ.ઈ. | ૦.૦૦ | ૭૪૪.૯૦ | ૬૭૩.૪૦ |
| કોમ્યુનિટી મોબીલાઇઝેશન | ૪૮.૫૫ | ૬૦૫.૩૪ | ૬૨૪.૭૭ |
| સ્ટેટ કંમ્પોનન્ટ | ૬૮૫.૬૭ | ૧૨૧૩.૦૧ | ૭૦૪.૭૮ |
| **એસએસએ કુલ:** | **૩૮૧૨૦.૮૯** | **૮૦૭૫૦.૪૧** | **૯૨૩૪૩.૨૨** |
| એનપીઈજીઈએલ | ૫૮૫.૨૪ | ૬૦૩.૫૫ | ૫૨૦.૪૦ |
| કેજીબીવી | ૧૦૪૦.૬૫ | ૧૩૬૪.૧૬ | ૫૬૨.૬૬ |
| **કુલ સરવાળો** | **૩૯૭૪૬.૭૮** | **૮૨૭૧૮.૧૨** | **૯૩૪૨૬.૨૮** |

--------

## નવસારી જિલ્લામાં મધ્યાહ્ન ભોજન યોજનાની એજન્સીની કામગીરી

૨૫૯૭૩ **શ્રી છનાભાઇ કો. ચૌધરી( ધરમપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ નવસારી જિલ્લામાં મધ્યાહન ભોજન યોજનાની કામગીરી કઈ સંસ્થાને આપવામાં આવેલ છે, અને

(૨)આ સંસ્થાની કામગીરી સારી ન હોય તેને રાજ્ય સરકાર બંધ કરવા અને સરકાર હસ્તક લેવા માંગે છે કે કેમ?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ નવસારી જિલ્લામાં મધ્યાહન ભોજન યોજનાની કામગીરી નાયક ફાઉન્ડેશન, મુંબઈને આપવામાં આવેલ છે.

(૨)કોર્ટ મેટર છે.

## વાપી જિલ્લામાં ૭૩ વાળી જમીનની લે–વેચની અરજીઓ

૨૬૦૪૮ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત( વ્યારા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)સન ૨૦૧૧માં વાપી જિલ્લામાં તાલુકાવાર લેન્ડ રેવન્યુ કોડની કલમ ૭૩ વાળી જમીન કેટલી લે–વેચ કરવા માટે અરજીઓ મળી છે, અને

(૨)તે અન્વયે કેટલાને મંજૂરી આપવામાં આવી?

**જવાબ**

(૧)વાપી જિલ્લો નથી, પરંતુ તાપી જિલ્લો છે. તાપી જિલ્લાની વિગતો નીચે મુજબ છે.

| તાલુકો | મળેલ અરજીઓ |
|---|---|
| વાલોડ | ૧ |
| વ્યારા | ૨૦ |
| સોનગઢ | ૫ |
| ઉચ્છલ | ૨ |
| નિઝર | ૧ |
| કુલ | ૨૯ (ઓગણત્રીસ) |

(૨)વ્યારા. ૨

## રાજ્યમાં જિલ્લા શિક્ષણાધિકારીની ખાલી જગાઓ

૨૬૩૫૮ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ( નસવાડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)તા. ૩૧–૧–૨૦૧૨ ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લા શિક્ષણ અધિકારીઓની મંજૂર થયેલ જગ્યાઓ કેટલી, અને

**જવાબ**

(૧)૨૭.

(૨)આ પૈકી કેટલી જગ્યાઓ ઉક્ત સ્થિતિએ ખાલી છે? (૨)૫.

-------

## સુરત જિલ્લામાં ૨૫૦ થી ઓછી વસ્તીવાળા ગામોને રસ્તા

૨૫૭૯૪ **શ્રી નાનુભાઇ ભ. વાનાણી( સુરત શહેર ઉત્તર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં આદિજાતિ વિસ્તારમાં ૨૫૦ થી ઓછી વસ્તી ધરાવતા ગામ/પરા ને જોડવા માટે કેટલા રસ્તા કેટલી રકમના મંજૂર કર્યા, અને | (૧)તા. ૧૬–૮–૨૦૧૧ ના રોજ ૧૧ રસ્તા, ` ૫૪૦.૦૦ લાખના અને તા. ૧૯–૧૦–૨૦૧૧ ના રોજ ૪૧ રસ્તા ` ૧૬૩૮.૫૦ લાખના મળી કુલ ૫૨ રસ્તા ` ૨૧૭૮.૫૦ લાખના મંજૂર કર્યા. |
| (૨)તે કામો ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે? | (૨)તા. ૩૧–૧૨ ની સ્થિતિએ તમામ રસ્તાઓ ટેન્ડર મંજૂરીની પ્રક્રિયા હેઠળ. |

---------

## બોરસદ તાલુકાની મામલતદાર કચેરીનું મકાન બનાવવા બાબત

૨૬૦૩૧ **શ્રી અમિતકુમાર અ. ચાવડા( બોરસદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ આણંદ જિલ્લામાં બોરસદ તાલુકામાં દવાખાનામાં મામલતદાર કચેરી કાર્યરત છે તે હકીકત સાચી છે, | (૧)મામલતદાર કચેરીનું જુનુ મકાન પાડી નવા મકાનના આયોજન દરમ્યાન પુરાતત્વ ખાતા તરફથી સ્ટે લાવતાં બાંધકામ અટકી ગયેલ જેથી વૈકલ્પિક વ્યવસ્થાના ભાગ રૂપે નગરપાલિકા હસ્તકના બંધ દવાખાનાના મકાનમાં મામલતદાર કચેરી કાર્યરત છે. |
| (૨)જો, હા, તો મામલતદાર કચેરી માટે નવા મકાનનો સરકારે શો નિર્ણય કરેલ છે, અને | (૨)મામલતદાર કચેરીના નવા મકાન માટે જરૂરી જમીનની ફાળવણી કરવામાં આવેલ છે. |
| (૩)કેટલા સમયમાં મકાન બનાવવાનું આયોજન છે? | (૩)બનતી ત્વરાએ. |

---------

## વડોદરા જિલ્લામાં એકલવ્ય શાળા માટે જમીન

૨૫૮૫૩ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ( વડોદરા ગ્રામ્ય) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| એકલવ્યશાળા માટે તા. ૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલી જમીન આપવામાં આવી છે? | કોઈ જમીન ફાળવવામાં આવેલ નથી. |

---------

## મહેસાણા જિલ્લામાં ફળઝાડ વાવેતરના લાભાર્થીઓને સહાય

૨૫૬૯૦ **શ્રીમતિ ગીતાબેન ચો. પટેલ(સાબરમતી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)વર્ષ ૨૦૧૧માં મહેસાણા જિલ્લામાં ફળઝાડ વાવેતર માટે કુલ કેટલા લાભાર્થીઓને સહાય આપવામાં આવી, અને | (૧)૮૬૧ લાભાર્થી |
| (૨)આ સહાય પેટે કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી? | (૨)રૂ. ૩૧.૩૪ લાખ. |

---------

## વાંચે ગુજરાત અન્વયે જેલોમાં કાર્યક્રમ

૨૫૭૯૦ **શ્રી લક્ષ્મણભાઇ પ. પટેલ( ગણદેવી) : માનનીય જેલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ‘‘વાંચે ગુજરાત’’ નિમત્તે રાજ્યની જેલોમાં કોઈ કાર્યક્રમ યોજાયેલ તે હકીકત સાચી છે, અને | (૧)હા, જી. |
| (૨)જો હા, તો તેમાં કેટલા કેદીઓએ ભાગ લીધો? | (૨)૫૬૭૩૨. |

---------

## મહેસાણા જિલ્લામાં આંગણવાડી કાર્યકરની જગ્યા

૨૫૮૩૭ **શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ(મહેસાણા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર મંજૂર થયેલ આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોની જગ્યા કેટલી છે,

**જવાબ**

(૧)તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર મંજૂર થયેલ આંગણવાડી કાર્યકરની જગ્યા ૧૮૯૬ અને તેડાગર બહેનોની જગ્યા–૧૮૬૫ છે. જે નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | આ.વાડી કાર્યકરની મંજૂર જગ્યાઓ | આં.વાડી તેડાગરની મંજૂર જગ્યાઓ |
|---|---|---|---|
| ૧ | કડી | ૨૮૪ | ૨૭૯ |
| ૨ | ખેરાલુ | ૧૨૬ | ૧૨૩ |
| ૩ | મહેસાણા | ૪૦૯ | ૪૦૧ |
| ૪ | વીસનગર | ૨૪૭ | ૨૪૩ |
| ૫ | વડનગર | ૧૬૪ | ૧૬૧ |
| ૬ | વિજાપુર | ૨૮૭ | ૨૮૩ |
| ૭ | સતલાસણા | ૯૨ | ૮૯ |
| ૮ | ઉંઝા | ૧૭૦ | ૧૭૦ |
| ૯ | બેચરાજી | ૧૧૭ | ૧૧૬ |
| | **કુલ** | **૧૮૯૬** | **૧૮૬૫** |

(૨)તે પૈકી કેટલી જગ્યા ભરાયેલ છે,

(૨)આંગણવાડી કાર્યકર : ૧૮૮૭

| | |
|---|---|
| | આંગણવાડી તેડાગર :૧૮૪૯ |
| (૩)કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૩)આંગણવાડી કાર્યકર : ૯<br>આંગણવાડી તેડાગર : ૧૬ |
| (૪)આ ખાલી જગ્યાઓ ભરવાનું શું આયોજન છે? | (૪)ખાલી જગ્યાઓ ભરવાની પ્રક્રિયા પ્રગતિમાં છે. |

## સાબરકાંઠા જિલ્લામાં વેટરનરી પોલીકલીનીક

૨૫૭૬૬ **શ્રી દિલીપસિંહજી વ. પરમાર( મોડાસા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)સાબરકાંઠા જીલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કેટલા વેટરનરી પોલિકલીનીક કાર્યરત છે, અને | (૧)એક. |
| (૨)તેમાં કયા પ્રકારની કામગીરી કરવામાં આવે છે? | (૨)વેટરનરી પોલિકલીનીક ખાતે તાંત્રિક તજજ્ઞો દ્વારા ઈન–ડૉર / આઉટ ડૉર પેશન્ટ સારવાર, શસ્ત્રક્રિયા, વંધ્યત્વ નિવારણ સારવાર, ખસીકરણ, રસીકરણ, કૃત્રિમ બીજદાન, આકસ્મિક સારવાર જેવી પશુ આરોગ્યને લગતી સેવાઓ પૂરી પાડવામાં આવે છે. ઉપરાંત, જીલ્લાનાં આંતરિયાળ ગામોમાં પશુ સારવાર તથા સર્જીકલ કેમ્પો યોજી પશુ સારવાર કરવામાં આવે છે. |

## ભાવનગર જિલ્લામાં પશુ સારવાર કેમ્પ

૨૫૭૪૫ **શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા(પાલીતાણા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)કૃષિ મહોત્સવ–૨૦૧૧માં ભાવનગર જિલ્લામાં કેટલા પશુસારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ, | (૧)૧૧. |
| (૨)તેમા કેટલા ગામ આવરી લેવામાં આવેલ, અને | (૨)૩૨. |
| (૩)તેમા કયા પ્રકારની સારવાર આપવામાં આવેલ? | (૩)તેમાં વિવિધ પ્રકારનાં પશુરોગોની તબીબી સારવાર, ઓપરેશનો, પશુવંધ્યત્વ નિવારણની સારવાર તથા કૃમીનાં રોગોની સારવાર આપવામાં આવેલ છે. |

---------

## રાજ્યમાં જીલ્લા શિક્ષણાધિકારીની ખાલી જગ્યાઓ

૨૬૩૭૧ **શ્રી હરીલાલ મો. પટેલ(ધ્રાંગધ્રા) : માનનીચ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા. ૩૧–૧–૨૦૧૨ ની સ્થિતિએ રાજ્યમાં જીલ્લા શિક્ષણ અધિકારીઓની મંજુર થયેલ જગ્યાઓ કેટલી, અને | (૧)૨૭. |
| (૨)આ પૈકી કેટલી જગ્યાઓ ઉક્ત સ્થિતિએ ખાલી છે? | (૨)૫. |

## રાજ્યમાં જીલ્લા શિક્ષણાધિકારીની ખાલી જગ્યાઓ

૨૬૩૭૭ **શ્રી હીરાભાઇ હ. પટેલ( લુણાવાડા) : માનનીચ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા. ૩૧–૧–૨૦૧૨ ની સ્થિતિએ રાજ્યમાં જીલ્લા શિક્ષણ અધિકારીઓની મંજુર થયેલ જગ્યાઓ કેટલી, અને | (૧)૨૭. |
| (૨)આ પૈકી કેટલી જગ્યાઓ ઉક્ત સ્થિતિએ ખાલી છે? | (૨)૫. |

---------

## વડોદરા જિલ્લામાં જમીનની એન્ટ્રીઓની અરજીઓ

૨૬૦૮૭ **શ્રી ચંદુભાઇ મો. ડાભી( કરજણ) : માનનીચ મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧)સને ૨૦૧૧ માં વડોદરા જિલ્લામાં ખેડૂતોએ ખરીદેલ જમીનની એન્ટ્રીઓ પાડવાની તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

(૧)

| | તાલુકો | અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧. | વડોદરા શહેર | ૧૨૨૪ |
| ૨. | વડોદરા ગ્રામ્ય | ૨૬૭૦ |
| ૩. | પાદરા | ૨૭૩૫ |
| ૪. | સાવલી | ૨૧૭૦ |
| ૫. | વાઘોડિયા | ૩૩૬૫ |
| ૬. | ડભોઈ | ૧૦૫૧૭ |
| ૭. | કરજણ | ૮૭૮ |
| ૮. | શિનોર | ૧૮૯ |
| ૯. | નસવાડી | ૮૧૪ |
| ૧૦. | સંખેડા | ૮૭૦ |
| ૧૧. | જેતપુર પાવી | ૧૫૧ |
| ૧૨. | છોટાઉદેપુર | ૨૩૮૬ |
| ૧૩. | ક્વાંટ | ૦૯ |

(૨)તે પૈકી તાલુકાવાર કેટલી એન્ટ્રીઓ મંજુર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી,

(૨)

| તાલુકો | મંજુર થચેલ એન્ટ્રીઓ | નામંજુર થચેલ એન્ટ્રીઓ |
|---|---|---|
| વડોદરા શહેર | ૭૯૫ | ૧૪ |
| વડોદરા ગ્રામ્ય | ૧૫૨૭ | ૫૦ |
| પાદરા | ૧૮૩૦ | – |
| સાવલી | ૧૧૯૩ | ૨૬ |
| વાઘોડિયા | ૨૦૦૩ | ૪૫ |
| ડભોઈ | ૯૦૯૧ | ૧૧૪૬ |
| કરજણ | ૪૮૪ | ૦૭ |
| શિનોર | ૧૨૫ | – |
| નસવાડી | ૭૮૮ | ૦૩ |
| સંખેડા | ૪૭૦ | ૪૦૦ |
| જેતપુર પાવી | ૧૨૯ | ૦૦ |

| | | |
|---|---|---|
| છોટાઉદેપુર | ૨૦૬૧ | ૭૬ |
| ક્વાંટ | ૦૯ | ૦૦ |

| | |
|---|---|
| (૩)બાકી રહેલી એન્ટ્રીઓ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે, અને | (૩)બાકી રહેલ એન્ટ્રીઓ નિયમાનુસાર પૂર્ણ કરવામાં આવશે. |
| (૪)નામંજુર કરેલ અરજીઓના કારણો કયા છે ? | (૪)કાયદાકીય જોગવાઈ વિરૂધ્ધની નોંધો હોવાના કારણોસર. |

## પંચમહાલ જિલ્લામાં કૃષિ મહોત્સવમાં કૃષિ કીટ્સ વિતરણ

૨૫૭૦૧ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ( કાલોલ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)વર્ષ–૨૦૧૧માં કૃષિ મહોત્સવ દરમ્યાન પંચમહાલ જિલ્લામાં કેટલા ખેડૂતોને વિના મૂલ્યે કૃષિ કીટ્સનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૧)૧૨૮૧૦ ખેડૂતોને કૃષિ કીટ્સ, ૧૧૦૦૫ ખેડૂતોને બાગાયત કીટ્સ, ૬૦૬૦ ખેડૂતોને પશુપાલન કીટ્સ અને ૩૦ મત્સ્ય ખેડૂતોને કીટ્સ. |
| (૨)તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨)` ૪,૫૫,૮૬,૧૭૧/–. |

---------

## મહેસાણા જિલ્લામાં પ્રા. શાળામાં ધોરણ–૮ શરુ કરવાની માંગણી

૨૫૭૫૨ **શ્રી ભરતસિંહજી શં. ડાભી(ખેરાલુ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલતી પ્રાથિમક શાળાઓમાં ધોરણ–૮ શરુ કરવાની માંગણી કેટલી સંસ્થાઓ દ્વારા સરકાર સમક્ષ કરવામાં આવેલ છે, | (૧)મહેસાણા જિલ્લામાં ૩૩ સ્વૈ.સંસ્થાઓ દ્વારા ધોરણ–૮ શરુ કરવાની માંગણી કરેલ હતી. |
| (૨)આ માંગણીઓ સરકાર મંજૂર કરવા માંગે છે, અને | (૨)૩૧ મંજુર.<br>૦૨ ના મંજૂર. |
| (૩)જો હા, તો ક્યારે ? | (૩)પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## રાજયમાં જિલ્લા શિક્ષણાધિકારીની ખાલી જગાઓ

૨૬૩૬૨ **શ્રી શૈલેષકુમાર મ. પરમાર(શહેરકોટડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ રાજયમાં જિલ્લા શિક્ષણ અધિકારીઓની મંજુર થયેલ જગ્યાઓ કેટલી, અને | (૧)૨૭. |

(૨)આ પૈકી કેટલી જગ્યાઓ ઉક્ત સ્થિતિએ ખાલી છે ? (૨)૫.

---------

## જામનગર જિલ્લામાં કૃષિ મહોત્સવના લાભાર્થી

૨૫૬૯૫ **શ્રી મુળુભાઇ હ. બેરા(ભાણવડ) : માનનીય કૃષિમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)વર્ષ ૨૦૧૧માં યોજાયેલ કૃષિ મહોત્સવ દરમ્યાન જામનગર જિલ્લામાં કયા કાર્યક્રમો યોજવામાં આવ્યા, અને

(૨)આ ક્રાર્યક્રમોનો કેટલા લાભાર્થીઓએ લાભ લીધો ?

**જવાબ**

(૧)વર્ષ–૨૦૧૧માં યોજાયેલ કૃષિ મહોત્સવ દરમ્યાન જામનગર જિલ્લામાં યોજવામાં આવેલ કાર્યક્રમોની વિગત નીચે મુજબ છે.

- કૃષિ, બાગાયતી અને પશુપાલન કિટ્સનું વિતરણ.
- જમીનના નવા નમૂના લેવા તેમજ સોઈલ હેલ્થ કાર્ડના વિતરણનો કાર્યક્રમ.
- ડ્રીપ ઈરીગેશન, ખેત તલાવડી.
- કૃષિ અધિકારી/વૈજ્ઞાનિકશ્રીઓ દ્વારા ખેડૂતોને આધુનિક કૃષિ તાંત્રિકતા અંગે વ્યક્તિગત તથા સામુહિક માર્ગદર્શન.
- ખેત ઓજાર નિદર્શન આયોજન.
- બાગાયતી પાકોના હાઈટેક નિદર્શન ગોઠવી પ્રત્યક્ષ માર્ગદર્શન.
- સહાય યોજના અને કૃષિ સંલગ્ન તાંત્રિક ચોપાનીયા/પુસ્તિકાનું વિતરણ.
- પશુ રસીકરણ, કૃત્રિમ બીજદાન, પશુ આરોગ્ય કેમ્પ, તાલુકા કક્ષાની પશુપાલન શિબિર અને પ્રદર્શન.
- ખેત ઉત્પન્ન બજાર સમિતિઓ દ્વારા ખેડૂત શિબિરો.
- ખેતી વીજ જોડાણ.
- શરતફેર સ્કીમ, સાંથણી હેઠળ આપેલ જમીન, એન્ટ્રી સર્ટીફીકેશન, વાડી યોજના, વૃક્ષો અને જેટ્રોફા રોપા/બિયારણ વિતરણ.
- કીસાન ક્રેડિટ કાર્ડ, બેન્કેબલ સ્કીમ.
- ચેક ડેમ, બોરીબંધ, ગામ તળાવ, સીમ તળાવ, તીર્થ ગામ, સ્વચ્છતા અભિયાન, નિર્મળ ગામ, એનએઆરઈજી જેવા સામુહિક વિકાસના કાર્યક્રમો.
- મત્સ્ય શિબિરો.

(૨)૩,૩૬,૯૫૯.

## નર્મદા જિલ્લાના પાંચપીપરી – ખેરપાડા – નવાગામ રોડને સત્વરે જોબ નંબર આપવા બાબત

૨૬૯૨૧ **શ્રી અમરસિંહ રા. વસાવા( દેડીયાપાડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા. ૧–૨–૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નર્મદા જિલ્લામાં પાંચપીપરી – ખેરપાડા નવાગામ રોડને સત્વરે જોબ નંબર આપી કામ શરૂ કરવા કેટલી રજુઆત મળી, અને<br>(૨)મળેલ રજુઆત અન્વયે સરકારે શી કાર્યવાહી હાથ ધરી ? | (૧)અને (૨)<br>છેલ્લા એક વર્ષમાં કોઈ રજુઆત મળેલ નથી. |

## જેલમાં કેદીઓની ક્ષમતા વધારવા બાબત

૨૪૩૬૨ **શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ( સાવલી) : માનનીય જેલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ રાજયમાં આવેલ જેલોમાં કેદીઓને રાખવાની ખરેખર ક્ષમતા કેટલી છે, | (૧)૯૨૭૬. |
| (૨)તે અન્વયે સને ૨૦૦૯–૧૦ અને ૨૦૧૦–૧૧ના વર્ષમાં આ જેલોમાં ક્ષમતા કરતા કેટલા કેદીઓની સંખ્યા વધુ હતી, અને | (૨)સને ૨૦૦૯–૧૦માં તા. ૩૧–૦૩–૧૦ની સ્થિતિએ ૫૪૧૦ સને ૨૦૧૦–૧૧માં તા. ૩૧–૦૩–૧૧ની સ્થિતિએ ૨૩૯૯. |
માનનીય અધ્યક્ષશ્રી, ૧૮મી વખત નાણામંત્રીએ અંદાજપત્ર રજૂ કર્યું. લીલાધરભાઇ ગઇકાલે પ્રવચન કરી રહ્યાં હતા અને એમણે પ્રવચનમાં કહ્યું કે નાણામંત્રી કલરફૂલ બજેટ લઇને આવ્યાં છે. હોળી–ધૂળેટીનો સમય છે એટલે લીલાધરભાઇને ક્યાંક હોળી–ધૂળેટીનો કલર દેખાયો હશે એટલે હું અંદાજપત્ર ફરી જોવા માંડ્યો કે ક્યાંક કલર દેખાય છે પણ પછી મને ખ્યાલ આવ્યો કે છેલ્લા ઘણાં સમયથી લીલાધરભાઇને માત્ર પીળું જ દેખાય છે. એટલે કલર સમજી ગયા હોય. એક વાતનો આનંદ છે કે અંદાજપત્રમાં નાણામંત્રીના પ્રવચનમાં નાણામંત્રીએ મોંડે મોંડે મને કે કમને એક વાતનો સ્વીકાર કર્યો કે ગુજરાતની પ્રગિતના મૂળમાં શાંતિ, એકતા અને ભાઇચારાની શકિત પડેલી છે. અમે તો ૨૦૦૨થી એમને કહેતા હતા કે ગુજરાતની પ્રગતિ શાંતિ અને એકતા હશે, ભાઇચારો હશે તો આ પ્રગતિ થશે પણ લગભગ એક દાયકા પછી આજે સરકારને લેખિતમાં એ વાતનો સ્વીકાર કરવો પડ્યો. માનનીય અધ્યક્ષશ્રી, શા માટે કરવો પડ્યો એના પણ કારણો છે પણ એ કારણોમાં મારે પડવું નથી પણ સરકારે આ સ્વીકાર કર્યો એ વાત જ ગુજરાતની જનતાનો વિજય છે એમ હું સ્પષ્ટપણે માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રવચનની અંદર ’સૌનો સાથ, સૌનો વિકાસ’ની વાત કરવામાં આવી છે. ગુજરાતની વાસ્તવિકતા શું? વાસ્તવિકતા તો આજે ગુજરાતમાં એ છે કે ’સૌનો સાથ પણ માનીતાનો વિકાસ’ ગણ્યાગાંઠ્યા માનીતા લોકોનો વિકાસ ગુજરાતમાં થઇ રહ્યો છે. ગુજરાતના સાધનો અને સંપત્તિ એ ગુજરાતની પ્રજાના નહિ પણ અદાણીની હોય, આર્ચર કેમિકલ્સના હોય, ટાટા કંપનીની હોય, એસ્સાર કંપનીની હોય અને હજી લિસ્ટ ગણાવવા જઇએ તો લાંબુને લાંબુ થતું જાય. આ ઔદ્યોગિક ગૃહોના સાધનો હોય એવી જ્યારે પરિસ્થિતિ ઊભી થઇ છે ત્યારે એક સામાન્ય ગુજરાતના નાગરિકના મનમાં આજે એક સવાલ ઊભો થાય છે કે મારા રાજ્યની સંપત્તિ ઉપર મારો..મારો કોઇ અધિકાર ખરો કે કેમ ? એ સવાલ આજે સામાન્ય નાગરિકના મનમાં થયો છે. એને એ સવાલ થાય છે કે, આ સંપત્તિ મારી નહીં? સંપત્તિ કોઇકની અને રાજ્યના દેવાંની ભરપાઇ મારે કરવાની ? ૧ લાખ, ૨૪ હજાર કરોડ રૂપિયાનું દેવું અને માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના થકી આ સભાગૃહનું ધ્યાન દોરવું છે, ચાલુ વર્ષે ૧૨ હજાર કરોડ રૂપિયાથી ઉપરનું

વ્યાજ આ સરકાર ભરશે. સાડા છ હજાર કરોડ આ સરકાર હપ્તો ભરશે. એટલે વ્યાજ અને હપ્તામાં આ સરકાર ૧૮ થી ૧૯ હજાર કરોડ રૂપિયા ચૂકવવાની. આ સરકારે શું કર્યું કે, સરકારે ચાલુ વર્ષે નવું ૨૦ હજાર કરોડની આસપાસ દેવું લેવાનો નિર્ણય કર્યો છે. સાહેબ, આ સામી પાટલી ઉપર જે મિત્રો બેઠા છે એમાંના ઘણા બધા મોટાપાયે ધંધા–બીઝનસ કરનારા લોકો છે. મારે એમને પૂછવું છે સાહેબ, આપના થકી કે જે વ્યવસાયની અંદર વ્યાજ ચૂકવવા માટે અને હપતો ભરવા માટે નવું ધિરાણ લેવું પડે એવી સ્થિતિ પેદા થાય તો એ વ્યવસાય કેટલા દિવસ ટકી રહે એ સવાલ મારે આ સભ્યોને પૂછવો છે ?

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં વખતો વખત વ્યાપક ભ્રષ્ટાચારની ચર્ચાઓ થતી જાય છે. ખૂબ ફૂલ્યો ફાલ્યો છે. કેગનો રિપોર્ટ દર વર્ષે આવે અને દર વર્ષે કેગના રિપોર્ટમાં ગેરરીતિઓ, ભ્રષ્ટાચાર એના સંદર્ભમાં બધા ઉલ્લેખો કરવામાં આવે છે. મારે તો સરકારને એ પૂછવું છે કે, તમારા શાસન દરમિયાન જે કેગના રિપોર્ટો આવ્યા અને એમાં જે જે ગેરરીતિઓ બતાવી એનો કોઇ દિવસ સરવાળો કર્યો છે ખરો ? એકવાર સરવાળો કરી જુઓ તો ખબર પડશે કે કઇ દિશામાં ગુજરાતને લઇ જવામાં આવી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા હંમેશા ચર્ચાઓ પાછલી સરકારો, પહેલાના સમયમાં શું થયું એના ઉપર મોટી મોટી ચર્ચાઓ કરવામાં આવે છે. આંકડાઓ બતાવવામાં આવે તો ૨૦૧૨ની અંદર ૧૯૬૦ના આંકડાઓ સાથે સરખામણી કરવામાં આવે. અમારા સભ્યશ્રી બાવકુભાઇ ગઇ કાલે કહેતા હતા કે, સોનાના ભાવમાં ફેર પડ્યો. હવે તો સમજો, વિચાર તો કરી જુઓ કે આપણે વાત કરીએ છીએ એ કેટલી વાજબી કરીએ છીએ ? પણ માનનીય અધ્યક્ષશ્રી, પાછલા વર્ષોના આંકડાઓ સાથે સરખામણી કરી અને આ સરકાર માત્ર ને માત્ર આત્માશ્લાઘામાં રાચી રહી છે અને ત્યારે કેટલીક હકીકતો આપના દ્વારા હું સન્નમાનીય સભાગૃહ સમક્ષ મૂકવા માગુ છું. માનનીય અધ્યક્ષશ્રી, સૌરભભાઇ જાણે છે કે, વીજ વપરાશ એ વિકાસની પારાશીશી ગણાય છે. અને વીજ વપરાશ જયારે વિકાસની પારાશીશી ગણાતી હોય ત્યારે મારે ૧૯૯૦નો દાયકો અને ૨૦૦૦ના દાયકાની માત્ર એક સરખામણી કરવી છે. ૧૯૯૦માં માથાદીઠ વીજ વપરાશ આ રાજયમાં ૩૮૨ યુનિટનો હતો. ૨૦૦૦ની સાલમાં માથાદીઠ વીજ વપરાશ ૯૩૨ યુનિટનો થયો એટલે આ ૧૯૯૦ના દાયકામાં લગભગ માથાદીઠ વીજ વપરાશની અંદર ૧૫૦ ટકાનો વધારો થયો અને એ ૧૫૦ ટકાનો વધારો એ દાયકાની અંખર થયેલા વિકાસનું એક પ્રતિબિંબ પાડી રહ્યું છે. ૨૦૦૦ના દાયકામાં શું થયું ? ૨૦૦૧ની અંદર માથાદીઠ વીજ વપરાશ ૯૫૩ યુનિટ હતો અને ૨૦૧૦માં દસ વર્ષ પછી ૧૪૯૧ યુનિટ થયો. એટલે આ આખા દાયકાની અંદર માથાદીઠ વીજ વપરાશમાં વધારો માત્ર ૫૦ ટકા થયો એટલે આગલા દાયકાનો વધારો ૧૫૦ ટકા, ૨૦૦૦ના દાયકાનો વધારો ૫૦ ટકા એટલે વિકાસની પારાશીશી એ બે દાયકા શું રહી એનો એક અંદાજ આપણને આમાંથી આવશે. વીજ ઉત્પાદનમાં રાજય સરપ્લસ થઇ ગયું અમે બધું વીજ ઉત્પાદન કરી દીધું, વીજળી વધારે છે એટલે બીજા રાજયોને વેચાય છે ઘણી બધી વાતો કરવામાં આવી. ૧૯૯૦ થી ૨૦૦૦ના દાયકામાં હું હમણાં આંકડા જોતો હતો કે વીજ ઉત્પાદન ૨૨,૮૩૪ મિલિયન યુનિટથી વધીને ૪૯,૩૭૯ મિલિયન યુનિટ એટલે કે એ દાયકામાં વીજ ઉત્પાદનમાં ૧૧૬ ટકાનો વધારો થયો. ૧૯૯૦ના દાયકામાં વીજ ઉત્પાદનમાં ૧૧૬ ટકાનો વધારો થયો. ૨૦૦૧ થી ૨૦૧૦માં વીજ ઉત્પાદનમાં ૩૮ ટકા વધારો થયો. એ દાયકામાં ૧૧૬ ટકા, આ દાયકામાં ૩૮ ટકા. વાસ્તવિકતા એ છે કે વધારાના વીજ ઉત્પાદન માટેનો જે પાયો નાખવાનો હોય એ પાયો ૧૯૯૦ના દાયકામાં નખાઇ ચુકયો હતો અને આજે આ સરકારને એના ફળ મળી રહયા છે અને ૩૮ ટકા વધારો કરી અને આ સરકાર આત્મશ્લાઘામાં રાચી રહી છે. મોંઘવારીના નામે આક્ષેપો કરવામાં આવે. ઘણીબધી ચર્ચા આ સભાગૃહમાં કરવામાં આવે છે. ખરેખર તો સાચી હકીકત એ છે કે આ સરકારે એક એવી માનસિકતા ઉભી કરી દીધી છે કે સારું એ મારું અને બાકી બધું તારું. જે કંઇ સારું થાય, કેન્દ્ર સરકારની યોજનાઓ આવે, જે કંઇ સારું કામ થાય એનો જશ પોતે લેવાનો, સારું એ મારું અને બાકી બીજા ઉપર ઢોળી દેવાનું જાણે કે આ રાજય સરકારની કોઇ જવાબદારી જ ન હોય એ સ્થિતિ ઉભી કરવાનો પ્રયત્ન થઇ રહયો છે અને એટલા માટે આજે સવાલ એ ઉભો થાય છે કે પ્રજાના મતોથી ચૂંટાયેલી રાજય સરકાર ગુજરાતની પ્રજાને જવાબદાર ખરી કે નહીં? આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિને કારણે ડીઝલ અને પેટ્રોલના ભાવ વધ્યા છે આપણે સૌ જાણીએ છીએ અને એના કારણે સમગ્ર દેશની પ્રજા

ઉપર મોટું ભારણ પડયું છે ત્યારે રાજય સરકાર દ્વારા ડીઝલ અને પેટ્રોલ ઉપર ખૂબ ઉંચા દરે વેટ લેવાય અને પરિસ્થિતિ એવી ઉભા થાય કે ગયા વર્ષે ડીઝલ અને પેટ્રોલમાંથી વેટની જે આવક થઇ હતી એના કરતા પણ આ વર્ષે ૧૦૦૦ કરોડ રૂપિયાની વધારાની આવક થઇ છે. લગભગ આવકમાં ૩૩ ટકા જેટલો વધારો થયો એટલે એક બાજુ જયારે ભાવ વધ્યો છે ત્યારે એમાંથી લાભ લેવાની વૃત્તિ સરકારની. એક હજાર કરોડ રૂપિયાની આવક વધારી દીધી તો મારો સવાલ આપના થકી આ સરકારને છે કે આ ભાવ વધારાના સંદર્ભમાં રાજયની પ્રજાને રાહત આપવા માટે અને જયારે તમારી આવક વધી છે તેવા સંજોગોમાં અને આ જ બાબતમાંથી વધી છે ત્યારે તમે ડીઝલ અને પેટ્રોલ ઉપરનો વેટ ઘટાડી પ્રજાને કોઇ રાહત આપવા માગો છો કે કેમ? ખેડૂતો ઉપર વેટ લેવાય, આજે તમે એમાં રાહત આપીને ખેડૂતોને મદદરૂપ થવા માગો છો કે કેમ? પણ આ સરકારે કાંઇ કરવું નહીં અને માત્ર ને માત્ર કેન્દ્ર સરકાર ઉપર મીટ માંડીને બેસવું કે કેન્દ્ર સરકાર આ કરે અને આ કરે એટલે અમે ગુજરાતના લોકોને એમ કહીએ કે વાહ, વાહ, અમે કરી રહયા છીએ. સદભાવના કાર્યક્રમ પહેલા અમદાવાદમાં યોજાયો ત્યારપછી આખા ગુજરાતમાં સદભાવના કાર્યક્રમ યોજાયો. ખૂબ મોટા ખર્ચા થયા. સમગ્ર દેશના વર્તમાન પત્રમાં એક તબકકે જાહેરાતો આપવામાં આવી. આજે સવાલ એવો ઉભો થાય કે વ્યકિતગત ભુલોને ધોવાનો ખર્ચ સરકારી તિજોરીમાંથી થઇ શકે ખરો? લઘુમતીના વિકાસના નામે અહીંયા ઘણીબધી વાતો કરવામાં આવે છે પણ સરકાર ભુલી ગઇ કે છ છ વર્ષ સુધી લઘુમતી વિદ્યાર્થીઓ માટે આવેલી સ્કોલરશીપ આ સરકારે લઘુમતી વિદ્યાર્થીઓને આપવાનો સુદ્ધાં પ્રયત્ન કર્યો નથી. પહેલાની સરકારો હતી. ખેડૂતોને મદદ કરવા માટે ટેકાના ભાવે ખરીદી કરાતી. પણ આ સરકારે આવી અને ટેકાના ભાવે જે ખરીદી કરાતી હતી એ પણ બંધ કરી દીધી. જાણે પોતાની કોઇ જવાબદારી જ નહીં. કેન્દ્ર સરકાર કરે છે. કેન્દ્ર સરકાર ટેકાના ભાવે ખરીદે. તમે કેન્દ્ર સરકારને વાત કરો. સંપૂર્ણ જવાબદારી કેન્દ્ર સરકાર ઉપર નાખી અને આ રાજય સરકાર પોતાની જવાબદારીમાંથી છટકવાનો પ્રયાસ કરી રહી છે. છેલ્લો મુદો છે. એક મિનિટમાં પૂરું કરું. ડાર્ક ઝોનનો પ્રશ્ન છે. ગુજરાત માટે ખૂબ મહત્વનો પ્રશ્ન છે. અહીયા ગૃહમાં જાહેરાત પણ કરવામાં આવી અને કેટલીક રાહતો આપવાના દેખાવ કરવામાં આવ્યા. સવાલ એ છે કે પાણી ઉપર પહેલો અધિકાર કોનો? પાણી ઉપર સૌથી પહેલો અધિકાર પીવા માટે પાણી છે. ત્યારપછી જો કોઇનો અધિકાર હોય તો ખેડૂતનો છે. જે ધોરણો નક્કી કર્યા છે, તેમાં ઉદ્યોગ તો છેલ્લા ક્રમે આવે છે. આ સરકાર ઉદ્યોગોને વીજળી આપે, ઉદ્યોગોને પાણીની સગવડ કરી આપે, પણ ખેડૂતોને જેનો મૂળભૂત અધિકાર છે એને આ સગવડથી વંચિત રાખવાનો પ્રયત્ન થઇ રહ્યો છે, ત્યારે આ સરકારની ગંભીરતાના સંદર્ભમાં કેટલાક મહત્વના પ્રશ્નો ઉભા થયા છે. આર્થિક વિકાસમાં ગુજરાત આગળ વધી રહ્યું છે, તેવા બહુ મોટા દાવા કરવામાં આવે છે, પણ માનવ વિકાસ દરમાં ગુજરાત સતત પાછળ જતું રહ્યું છે. એની ચિંતા આ સરકારે કરી નથી. ખરેખર જો વિકાસના ફળ છેવાડાના માનવી સુધી પહોંચાડવા હોય તો માનવ સૂચકાંક દરમાં સુધારો કરે અને માનવ વિકાસ દરમાં સુધારો અને જુદા જુદા તેના પેરામીટર્સના સંદર્ભમાં આ ગુજરાત ધ્યાન કેન્દ્રીત કરશે તો જ મને લાગે છે કે આપણે છેવાડાના માનવીને ઉભો કરવાની વાત કરી રહ્યા છીએ, તેને પહોંચી વળીશું. આભાર.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ(મહેસાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના સન્માનનીય નાણા મંત્રીશ્રી ૨૦૧૨-૧૩ નું બજેટ લઇને આ સન્માનનીય સભાગૃહ સમક્ષ આવ્યા છે, ત્યારે આ બજેટને હું જેટલી વાર વાંચું એટલી વાર મને લાગે છે કે ૫૦ વર્ષના સમયમાં જો સૌથી શ્રેષ્ઠ અને સૌથી સાચા અર્થમાં માઇન્ડ એપ્લાઇ કરીને બનાવવામાં આવેલ કોઇ બજેટ હોય તો તે ૨૦૧૨-૧૩ નું બજેટ છે. એકવીસમી સદીના બીજા દાયકાના ગુજરાતને ક્યાં લઇ જવું છે, એની દિશા આપનારું બજેટ એટલા માટે છે કે એકવીસમી સદીના પ્રથમ દાયકામાં પહેલા ૫ વર્ષ ખાડો પુરવામાં ગયા, બીજા ૫ વર્ષ અર્થતંત્રનું ફાઉન્ડેશન તૈયાર કરવામાં ગયા અને આવતા ૫ વર્ષ એ રાજય સરકારે જે આ બજેટમાં દિશા આપી છે એ દિશા જોતા એમ લાગે છે કે ૫૦ વર્ષમાં ૨,૩૦,૦૦૦ કરોડનો ખર્ચ થયો. આવતા ૫ વર્ષમાં વિકાસ માટે ૨,૫૧,૦૦૦ કરોડ રૂપિયાની જે જોગવાઇ કરવામાં આવી છે તે બતાવે છે કે આ બજેટ એમાંય સામાજિક હેતુઓ માટેની ફાળવણી છે તે જોઇએ તો આ બજેટ સાચી દિશામાં સંવેદનશીલ અને વિકાસલક્ષી બજેટ છે. રાજય સરકારની ઉપર હંમેશા બોરોઇંગ એટલે કે દેવાનો ઉલ્લેખ કરવામાં આવે છે. દરેક અર્થતંત્રમાં દરેક દેશમાં બચત એ એક

મહત્વની બાબત હોય છે અને ગુજરાતના લોકોનો જે બચત દર છે. રાજય સરકાર અને ભારત સરકારે નાની બચતની યોજનાને પ્રોત્સાહન આપવા માટે જે ટેક્સ રીલિફ આપી છે, તેના આધારે જે રાજયની પ્રજાનો બચત દર ફરજિયાત રીતે રાજય સરકારે પોતાના વિકાસલક્ષી કામોમાં વાપરવાનો હોય છે, એના કારણે જયારે બચત વધે ત્યારે ઓટોમેટિકલી આ દેવું વધતું હોય છે. દેવાની અંદર વ્યાજની ચુકવણી કે હપ્તાની ચુકવણીમાં રાજય સરકારે કોઇપણ પ્રકારની ભૂલ કરી નથી. એને ઓવરડ્રાફ્ટ લેવાની જરૂર પડી નથી. હું ઉદ્યોગમાંથી આવું છું. જે કંપનીઓ ઝડપી વિકાસ કરતી હોય તેના બેલેન્સશીટમાં બોરોઇંગ વધતું હોય છે, એટલે રાજય સરકારે જે કઇ બોરોઇંગ કરીને રાજયના વિકાસનું આયોજન કરે છે તે આયોજન રાજયની પ્રજાને માટે સાચા હિતમાં આ આયોજન છે.માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાતે જે વિકાસદર છેલ્લા દાયકામાં હાંસલ કર્યો છે તે ડબલ ડીઝીટ વિકાસદર કહી શકાય. તે વિકાસદર દુનિયાના કોઇપણ દેશની અંદર આ પ્રકારનો વિકાસદર જોવા મળતો નથી. સૌથી મહત્વની બાબતી એ છે કે અર્થતંત્રના વિકાસમાં કૃષિનો વિકાસદર તે અન્ય વિકાસની સાથે જળવાઇ રહ્યો છે. ઔદ્યોગિક બાબત માટે ઘણીવાર વિપક્ષના સભ્યો ઔદ્યોગિક બાબતો માટે જે કોમેન્ટસ કરે છે તે જોઇને મને ખૂબ રમુજ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઔદ્યોગિક નીતિ, જેની અંદર ઉદ્યોગોને રાહત આપવાની નીતિ કોંગ્રેસની સરકારે ૧૯૭૭થી આ રાજયની અંદર શરૂ કરેલી હતી. ૧૯૭૭થી પ્રેસ્ટીજીયસ યુનિટો સહિતોના એકમોને લાભો આપવા માટેની યોજના હતી. ઉદ્યોગોને આપવા માટેની વાત આવે છે ત્યારે હું છેલ્લા બે બજેટથી શોધું છું કે ઉદ્યોગોને રૂપિયા આપ્યા હોય તો બજેટમાં કયાંક ઉધારવામાં આવ્યા હશે ને? રાજયના હિસાબી ખર્ચમાં કયાંક ઉધારવામાં તો આવ્યા હશે ને? તો એવું કયાંય જોવા મળતું નથી. એનો અર્થ એ થયો કે રાજય સરકાર જે રાહત આપે છે તે ભવિષ્યની આવકના સામે ડીફરમેન્ટના સ્વરૂપે આપે છે. તેનો અર્થ એ થયો કે જે આવક આપણી નથી પણ જે આવક થવાની છે તે આવકને ધ્યાનમાં લઇને આ રાહત આપવામાં આવે છે. એટલે રાજયની પ્રજાની જે આવક છે તેમાંથી એક રૂપિયો પણ મારી દ્રષ્ટિએ ઉદ્યોગગૃહોને આપવામાં આવ્યો નથી. એટલે ઉદ્યોગો દ્વારા રાજયમાં જે રોજગારીનું સર્જન થયું છે તે રોજગારીનું સર્જન તેમાં આજે યુવાનોને પૂછીએ ત્યારે આજે બેકારીમાં જે ઘટાડો થયો છે તે જ બતાવે છે કે ઉદ્યોગોએ, આજે સાણંદ વિસ્તારમાં ઓટોહબ બની હજારો યુવાનો રોજગારી મેળવે છે. હમણાં મારે અંદાજ સમિતિના સભ્યોને લઇને ટાટા નેનોની મુલાકાતે જવાનું થયું. મને એટલું ગૌરવ થયું કે આપણા રાજયની અંદર એક વૈશ્વિક કક્ષાનું એસેમ્બલી યુનિટ કરતું એકમ આપણા ગુજરાતની અંદર માનનીય મુખ્યમંત્રીશ્રીના ઇનીસીએટીવને લઇને આપણે પ્રાપ્ત કરી શકયા છીએ. તેને લઇને ફોર્ડ, પ્યુજોટ અને સુઝુકી જેવી કંપનીઓએ પણ ગુજરાતને પોતાનું ઘર બનાવવા માટે થઇને સામેથી આપણી જોડે આવ્યાછે. દુનિયાના દરેક દેશોમાં, દરેક અર્થતંત્રમાં ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાની નીતિ રહેલી હોય છે. એટલે ઉદ્યોગો માટે આ સરકાર નરમ છે અને ફેવર કરે છે તેવી જે રજૂઆતો કરવામાં આવે છે તે સત્યથી તદન વેગળી છે. પ્રજાના સાચા હિતમાં, યુવાનોને રોજગારી માટે, ભવિષ્યની આવક વધારી શકાય તેના માટે કારણકે વેટ અને બીજી આવકો આ ઉદ્યોગગૃહો આ સરકારને આપતા હોય છે. અર્થતંત્રમાં જે સુધારો થાય તેને લઇને આવકમાં વધારો થતો હોય છે. જે સામાજિક વિકાસ માટેની અહીંયાં વાત કરવામાં આવે છે તો આ વખતે બજેટની જે ફાળવણી છે તે ફાળવણીની અંદર પણ રાજય સરકારે ખૂબ મોટી ફાળવણી આરોગ્યના બજેટ માટે, શિક્ષણના બજેટ માટે કરી છે. શિક્ષણની અંદર ખાસ કરીને નવા ઇનીસીએટીવ રાજય સરકારે લીધા છે તે આપણે બજેટની અંદર જોઇએ તો સ્વાભાવિકપણે એમ લાગે છે કે આ રાજય સરકારે શિક્ષણ માટે એક નવીનત્તમ અભિગમ અને ઇન્ફ્રાસ્ટ્રકચર યુનિવર્સિટી બનાવવા માટે આખા દેશની અંદર સૌથી પહેલો જે ઇનીસીએટીવ લીધો છે તેને લઇને આપણા રાજયની અંદર યુવાનોને વિશેષ તકો મળી રહેશે. મેડીકલ શિક્ષણમાં મેડીકલ કોલેજની દિશામાં રાજય સરકારે ૫૩૩ કરોડ રૂપિયાની નવી જોગવાઇ આ બજેટની અંદર કરી મેડીકલના ક્ષેત્રની અંદર રાજય સરકાર જે ખૂટતી કડી છે, જે ડોકટરોની અછત છે તેને માટે પણ આ જોગવાઇ કરવામાં આવી છે. શિક્ષણ માટે ૨૭૦૦ કરોડ રૂપિયા આ રાજય સરકારે ફાળવ્યા છે. આરોગ્ય માટે ૩૦૬૦ કરોડ, વન પર્યાવરણ અને કલાઇમેટ ચેઇન્જ માટે ૫૨૬ અને ૧૧૦ કરોડની જે રકમ ફાળવી છે તે બતાવે છે કે આ રાજય સરકાર કેટલી સંવેદનશીલ સામાજિક સેવાઓ માટે છે.

આ બજેટમાં જે વેરામાં કરવેરાની રાહતો ૪૧૦ કરોડ રૂપિયાની આપી છે અને ખાસ આંખે ઉડીને વળગે એવી વાત એ છે કે, વેરામાં જે ઘટાડો કર્યો છે એ ઘટાડો કરેલી જે આઈટેમો છે એ બધી જ આઈટેમો મધ્યમવર્ગ અને ગરીબ વર્ગને સીધો લાભ આપનારી આ આઈટેમો છે અને વીજકર રાહતમાં જે રાહત આપી છે એના કારણે દરેક કુટુંબને રાહત આપી છે. એમાં ઉદ્યોગોને રાહત આપવામાં આવી નથી એ નોંધનીય છે, શૈક્ષણિક સંસ્થાઓ વિદ્યાર્થીઓને રહેવા માટેની હોસ્ટેલો અને પરિવારના કુટુંબીજનોને માટે આ વીજકર રાહતની પણ આમાં જોગવાઇ કરવામાં આવી છે. આ રીતે જયારે ટેક્સ રાહતો એ ગરીબ વર્ગ માટેની કરવામાં આવી હોય અને એને લઇને આ બજેટ જે એકવીસમી સદીના બીજા દાયકા માટે ગુજરાતના અર્થતંત્રને આગળના (અંતરાય) સ્ટેજે લઇ જવા માટેનું આ બજેટ છે અને ચોકકસપણે આ બજેટને લઇને ગુજરાત એક દુનિયાના નમૂનેદાર રાજય તરીકે ઉભરી આવશે એમાં શંકાને સ્થાન નથી.

**શ્રી ફકીરભાઇ ર. વાઘેલા ( સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણાં મંત્રીશ્રી આદરણીય વજુભાઇ વાળાએ ૨૪મી ફેબ્રૂઆરીએ ૧૮મી વાર બજેટ રજૂ કરીને ફક્ત ગુજરાતમાં જ નહીં પરંતુ કદાચ વિશ્વની અંદર રેકર્ડ પ્રસ્થાપિત કર્યો હશે તે માટે મુરબ્બી શ્રી વજુભાઇ વાળાને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું મારા સાથી પક્ષના માનનીય શ્રી સિધ્ધાર્થભાઇને સાંભળી રહ્યો હતો અને તેમણે માનનીય લીલાધરભાઇનો દાખલો આપીને એમ કહ્યું કે કલરફૂલ છે પણ આમાં કંઇ છે નહીં, મને અંગ્રેજી બહુ આવડે નહીં એટલે બાજુમાં માનનીય જયનારાયણભાઇ વ્યાસને પૂછતો હતો કે કયારેક કોઇકને કલર ન દેખાતો હોય તો તેને શું કહેવાય? તો એમણે કહયું કે કલરબ્લાઇન્ડ હોય એને કલર દેખાતા નથી એટલે માનનીય અધ્યક્ષશ્રી, મારે એના માટે કંઇ કહેવું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી એમણે જે ડાર્કઝોન માટેની વાત કરી તો સમગ્ર ગુજરાતમાં ભારે દબાણના કુલ ૧૭૨૨ અને હળવા દબાણના ૨૩૭૨૦ જોડાણો એટલે કે ૨૫૪૪૨ ઔદ્યોગિક વીજજોડાણો તા. ૧-૧-૨૦૦૪થી તા. ૩૧-૧૨-૨૦૧૧ દરમિયાન ચાલુ કરવામાં આવેલ છે અને તેનો કુલ લોડ ૧૭૭૮ મેગાવોટ થાય છે, આ ડાર્કઝોનની વાત કરું છું. જે પૈકી ૮૮ મેગાવોટ જેટલો લોડ એ ઉદ્યોગના વોટરવર્કસ માટે એટલે કે ઉદ્યોગોમાં જે પીવાના પાણીની જરૂરિયાત છે એના માટે અને ઔદ્યોગિક પ્રક્રિયા માટે કરવામાં આવે છે એટલે કે કુલ ૧૩૭૧ મેગાવોટના સાત ટકા જેટલો લોડ એ ડાર્કઝોનમાં આવેલ ઉદ્યોગોને આપવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સર્વાધિક લોકપ્રિય નેતા માનનીય શ્રીનરેન્દ્રભાઇ છેલ્લા ૧૧ વર્ષથી અણનમ બેટિંગ કરી રહયા છે અને ત્યારે અમારા જે રાજકીય વિરોધીઓ છે તેઓ તમામ શક્તિઓ એકઠી કરીને એમને પરાસ્ત કરવા માટે તમામ મર્યાદાઓને તોડી નાખીને મેદાનમાં પડયા છે ત્યારે માનનીય શ્રીવજુભાઇ વાળાએ જે ૧૮મી વખત બજેટ રજૂ કર્યું એ ૧૮નો આંકડો કેટલો મહત્વનો છે એ મારે આપશ્રી દ્વારા એ આ ગૃહ સમક્ષ મૂકવું છે. મહાભારતમાં ૧૮ પૂરાણોનો સાર છે, મહાભારતમાં ૧૮ પર્વ છે, શ્રીમદ્ ભગવત ગીતાના ૧૮ અધ્યાય છે અને મહાભારતના યુધ્ધમાં પાંડવો અને કૌરવો આ બંન્ને પક્ષની મળીને ૧૮ અક્ષૌણી સેના હતી અને ૧૮ દિવસ સુધી આ યુધ્ધ ચાલ્યું હતું અને નીતિ અને સત્યના પક્ષધર પાંડવોનો એમાં વિજય થયો હતો. આ સમાજના વિવિધ વર્ગોને આપણે લોકભોગ્ય ભાષામાં પણ અઢારે વર્ણ તરીકે કહીએ છીએ. આ બજેટમાં અઢારેય એ વર્ણને રાહત અપાય છે અને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની સીધી દોરવણીથી નાણાં મંત્રીશ્રી વજુભાઇ વાળા દ્વારા તૈયાર થયેલું ૨૦૧૨-૧૩નું આ બજેટ નીતિ અને અનીતિ, સત્ય અને અસત્ય, ધર્મ અને અધર્મના ચાલ્યા આવતા છેલ્લા દસ વર્ષના મહાસંગ્રામનો આખરી ફેંસલો કરનારું બનવાનું છે. મહાભારતના યુધ્ધ પહેલાં ધૃતરાષ્ટ્રએ સંજયને પૂછ્યું કે આ યુધ્ધમાં કોણ વિજયી થશે? ત્યારે સંજયે વિના સંકોચે જવાબ આપ્યો કે, અતઃધર્મ તતઃ કૃષ્ણ (અંતરાય)

**પોઇન્ટ ઓફ ઓર્ડર**
**બજેટ ઉપર જ ચર્ચા કરવા અંગે**

શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બજેટ ઉપર ચર્ચા કરવાને બદલે ૧૮ની મહત્તા શું, મહાભારત શું? ૧૮ની જ મહત્તાની વાત કરવી હોય તો ગુજરાતીમાં એક કહેવત છે કે ૧૮એ વાંકા.

શ્રી ઇકબાલ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયોમાં સામાન્ય રીતે અંદાજ પત્રની ચર્ચા વખતે કયા અંદાજ પત્રના ઉપર કઇ વિગતો લઇ શકાય એના વખતો વખતના જે તે અધ્યક્ષશ્રીના ચૂકાદાઓ છે એ ચુકાદાઓમાં ૪થી જુલાઇ,૧૯૭૨ના રોજ અંદાજ પત્ર પરની ચર્ચામાં ભાગ લેતી વખતે માનનીય અધ્યક્ષશ્રી રાઘવજી લઉવાએ જે નિર્ણય આપેલો છે એ નિર્ણયમાં સર્વ સામાન્ય પ્રશ્ન આવે એટલે તાલુકાનો પ્રશ્ન હોય, વ્યકિતનો પ્રશ્ન હોય એવા પ્રશ્નો ન લેવા જોઇએ અને સામાન્ય રીતે એના દાયરામાં રહીને મંત્રીશ્રી છે, સિનિયર છે ત્યારે એ પ્રમાણે લે તો વધારે સારું.

શ્રી જયનારાયણ ન. વ્યાસ : માનનીય અધ્યક્ષશ્રી, બે મુદા પર આ સન્માનીય ગૃહમાં કાયમી ધોરણે સપષ્ટતા હોવી જોઇએ. કોઇ પણ પોઇન્ટ ઓફ ઓર્ડર લેવાય ત્યારે આ સન્માનીય ગૃહમાં એક નિયમ છે એ નિયમોના કયા નિયમ હેઠળ આ પોઇન્ટ ઓફ ઓર્ડર લે છે એ પહેલા કહેવું જોઇએ. કોઇ પણ જનરલ ઓબ્ઝર્વેશન પોઇન્ટ ઓફ ઓર્ડરમાં એ ચાલી જાય તો ગૃહનું કામકાજ ક્યારેય ચાલી શકે નહીં. માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નિયમોના કયા નિયમ હેઠળ પોઇન્ટ ઓફ ઓર્ડર લેવામાં આવે છે એ સ્પષ્ટ ન થાય ત્યાં સુધી કોઇ પણ વ્યકિત પોઇન્ટ ઓફ ઓર્ડર પર ઉભી રહી શકતી નથી. કારણ કે, ગૃહ કયા મુદે ઓર્ડરમાં નથી એ પહેલા કહેવું જોઇએ ત્યાર પછી જે અધ્યક્ષશ્રીના નિર્ણયોમાંથી જ ટાંકવામાં આવ્યું છે એમાં મૂળ મુદો એ છે કે એમાં જે બાબતો પર વાત કરવાની હોય એ મુદાસર વાત હોવી જોઇએ એમાં સંમત પણ એની સાથે માનનીય સિદઘાર્થ ભાઇ જયારે દાખલા આપી શકે ત્યારે માનનીય મંત્રીશ્રી જે આખી વાતના કન્ટેન્સમાં દાખલો આપે છે એ સંપૂર્ણપણે સુસંગત છે અને આ મુદો ત્યાં ટકતો નથી.

અધ્યક્ષશ્રી : માનનીય સિદ્ઘાર્થભાઇએ પોઇન્ટ ઓર્ડર ઉભો કર્યો છે. આપણે બધા સૌ જાણીએ છીએ કે ગઇ કાલથી જયારથી આ ચર્ચાઓ શરુ થઇ છે, પોઇન્ટ ઓફ ઓર્ડર બાબતની પણ જયનારાયણભાઇએ વાત કરી કે, કોઇ પણ સભ્યશ્રી પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભા કરે તો સ્પષ્ટ નિયમોમાં જોગવાઇ છે કે વિધાનસભાની કઇ કલમનો ભંગ થાય છે, બંધારણની કઇ કલમનું ઉલ્લંઘન થાય છે આ વાત સભ્યશ્રીએ સ્પષ્ટ કરવી જોઇએ અને સિદ્ઘાર્થભાઇએ પોઇન્ટ ઓફ ઓર્ડરની એમાં આપણે જોયું છે કે ગઇ કાલે પણ એમના પક્ષના સભ્યશ્રી અર્જુનભાઇ તરફથી શાયરીઓ પણ બોલવામાં આવી છે. એટલે બંને પક્ષે આ પ્રકારનું વલણ ન હોવું જોઇએ અને આપણે અંદાજ પત્ર ઉપર ચર્ચા કરીશું તો ઠીક રહેશે.

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું જે વાત કરતો હતો કે મહાભારતમાં ધૃતરાષ્ટ્રે સંજયને પુછ્યું કે યુદ્ધમાં કોણ વિજયી થશે? ત્યારે સંજયે જવાબ આપ્યો કે

**અતઃ ધર્મ તતઃ કૃષ્ણ અને અતઃ કૃષ્ણ તતઃ વિજય**

એટલે જ્યાં ધર્મ છે ત્યાં કૃષ્ણ છે અને જ્યાં કૃષ્ણ છે ત્યાં જ વિજય છે આજે સાતમી માર્ચ છે અને આજે મહાન કવિ અગ્નેયજીની જન્મજયંતિ છે એમની જે પંક્તિઓ છે એમાં વર્ષ ૨૦૧૨-૧૩ના બજેટની તમામ જોગવાઇના ભાવ એમાં ઝીલાયા છે.

**આજે હળ ચલાવી જાતે કોદરી ખાય છે અને ઘઉં ખવડાવે છે તેની હું સાધના છું,**
**આજે માટી ખોદે છે છાપરાંમાં રહે છે અને મહેલો બનાવે છે તેની હું આસ્થા છું,**

માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષ ૨૦૧૨-૧૩નું બજેટ આ છ કરોડની જનતાની કથા અને વ્યથાનું બજેટ છે. આ બજેટમાં કમ્પ્યુટર એન્જિનીયર માટેનું હાર્ડવેર હોય, યુવાનો માટેની બાઇક હોય, દરજીની કાતર હોય, બાળકનાં રમકડાં હોય, પુજારીની અગરબત્તી હોય, દરગાહના મુજાવરનું લોબાન હોય, ગરીબોના ઘરનાં નળીયાં હોય, બાઇકસવારના હેલમેટ હોય, દરેક સામાન્ય જીવનને સ્પર્શતી જે બાબત છે એના પર કર ઘટાડીને રૂપિયા ૪૧૦ કરોડ રૂપિયાની રાહત આ બજેટમાં અપાઇ છે. પ્લાન અને નોન પ્લાન મળીને રૂ.૧,૦૧,૭૧૨ કરોડ રૂપિયાનું આ બજેટ સાચા અર્થમાં સર્વના વિકાસ અને સર્વના કલ્યાણ માટેનું છે.

૫૦૫૯૯ કરોડ રૂપિયાની યોજનામાંથી ૪૦ ટકા જેટલું બજેટ ૨૦૨૪૦ કરોડ રૂપિયાની જોગવાઇ ફકતને ફકત સોશીયલ સેકટરમાં થઇ છે. પચાસ વર્ષના જે બજેટના આયોજન થયાંને એમાં બે લાખ ત્રીસ હજાર કરોડ રૂપિયાના આયોજન સાથે આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીના દશકાનું જે બજેટ છે એ ૧,૫૮,૧૧૧ કરોડનું છે આને જો જરાક બાયફરકેટ કરીએ તો ચાલીસ વરસમાં લગભગ ૭૧૦૦૦ કરોડ અને છેલ્લાં દસકામાં ૧,૫૮,૧૧૧ કરોડ રૂપિયા. વર્તમાન બજેટના પહેલાં જ દિવસે ગુજરાતના નિર્દોષ અને ભોળા ખેડૂતોને ભેળવીને સરકાર વિરુદ્ધ ઉશ્કેરીને વિધાનસભા ઘેરવાનો પાંગળો પ્રયત્ન કરનારાઓને મારે જવાબ આપવો છે. છેલ્લા દસ વર્ષમાં જે કૃષિલક્ષી આયોજનનાં ફળ પ્રાપ્ત થયાં તેના ભારત સરકારે જે આંકડા બહાર પાડ્યા છે એ પ્રમાણે ગુજરાતનો છેલ્લાં દશકાનો કૃષિ વિકાસ દર ૧૦ ટકા વધારે છે અને જ્યારે દેશનો વિકાસ દર ૩.૩ ટકા છે.

ચાલુ વરસે દેશની ૩૬૫ લાખ કપાસની ગાંસડીના ઉત્પાદનમાંથી ગુજરાતનો હિસ્સો ૧૧૬ લાખ ગાંસડી છે અને જ્યારે આપણે જોઇએ છીએ કે ગઇકાલે જે સમાચાર મળ્યા અને કેન્દ્રના જવાબદાર મંત્રી એમ કહે કે હું તો જાણતો નથી અને એ રીતે નિકાસબંધી જે કપાસની કરવામાં આવી. ગત વરસે આવા નિર્ણયના કારણે ગુજરાતના ખેડૂતોને ૧૪૦૦૦ કરોડ રૂપિયાનું નુકશાન થયું છે. કોંગ્રેસના આ વિનાશકારી નિર્ણય અને નીતિના કારણે જે ૬૨ હજાર રૂપિયા ગાંસડીદીઠ મળતા હતા એ ઘટીને ૩૪૦૦૦ રૂપિયા આવી ગયા હતા. ગુજરાતના ૪૨ લાખ ખેડૂત પરિવારો વતી માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇને હું સલામ કરું છું કે તેમણે આ પ્રતિબંધ ઉઠાવી લેવા માટે તાત્કાલિક વડાપ્રધાન શ્રી મનમોહનસિંહને પત્ર લખીને વિરોધ વ્યક્ત કર્યો. મારા સાથી પક્ષના મિત્રો જવાબ દો, હિસાબ દો વારંવાર એના નારા લગાવે છે સાહેબ, ૨૧ વર્ષથી ગુજરાતની પ્રજાએ તેમને જવાબ આપી દીધો છે અને ગઇકાલે યુ.પી.માં પણ જવાબ તેમને મળી ગયો, પંજાબમાં મળી ગયો, ઉત્તરાખંડમાં મળી ગયો અને ગોવામાં પણ મળી ગયો. માનનીય અધ્યક્ષશ્રી, ૧૮મી તારીખે માણસામાં પણ જવાબ મળી જવાનો છે. સને ૨૦૧૨ની અંદર જયારે લોકો પાસે જશે ત્યારે ગુજરાતની છ કરોડની જનતા પણ તમને હિસાબ આપી દેવાની છે. તેમણે જે વાત કરી ટીકાત્મક રીતે ગુજરાતની શાંતિની, મારે આગ્રહપૂર્વક કહેવું છે કે ગુજરાતની શાંતિ, સલામતી, ભાઇચારો અને સદભાવનાના વાતાવરણને કારણે છેલ્લાં દસ વર્ષથી દરેક મોરચે ગુજરાત આગળ રહ્યું છે તેમના દ્વારા ગમે એટલો ઉશ્કેરાટ ફેલાવવામાં આવે ગુજરાતની પ્રજા ભ્રમિત થતી નથી અને કાયદો વ્યવસ્થા, શાંતિ અને સલામતી બરકરાર રહી છે. સને ૨૦૧૧-૧૨માં ગૃહ વિભાગની રૂ. ૮૦૪ કરોડની જે જોગવાઇ હતી તેમાં રૂ.૨૩૦ કરોડનો વધારો કરીને આ વર્ષે રૂ.૧૦૩૪ કરોડની માતબર જોગવાઇ તે પોલીસ, એફ.એસ.એલ. અને જેલ સહિત ગૃહ ખાતાના અંગોને મજબૂત કરીને મા ગુર્જરીની સલામતીની વ્યવસ્થા આ બજેટમાં કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, થોડા દિવસ પહેલાં વિધાનસભામાં સંઘના નામે ન સંભળાય એવા બધા વાકયો બોલાતા હતા. સંઘના નામે ટીકાઓ થાય મારે મિત્રોને બહુ પ્રેમપૂર્વક કહેવું છે કે પહેલાં રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘને સમજો, સમજો અને પછી તેના માટેની કંઇ વાત કરવી હોય તો કરો. અંતરાય.. સાહેબ, તે બોલ્યા તેણે નારા બોલાવ્યા હતા, આઇ.એમ.સોરી સર, તે બોલ્યા હતા .. અહીંયા બોલ્યા હતા.

અધ્યક્ષશ્રી : પ્લીઝ , આપ બેસી જાવ. આપને તક મળશે ત્યારે આપ જવાબ આપજો.

શ્રી ફકીરભાઇ ૨. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, સને ૧૯૪૭માં ૧૬મી સપ્ટેમ્બરે, મહાત્મા ગાંધીએ દિલ્હીની અંદર .. ઓન રેકોર્ડ બોલી રહ્યો છું.. એમ કહ્યું કે મેં જયારે .. આ મહાત્મા ગાંધીના શબ્દો છે, મેં જયારે આર.એસ.એસ.ના શિબિરની મુલાકાત લીધી ત્યારે સ્વયંસવેકોના શિસ્ત અને છૂતાછૂતના સદંતર અભાવથી હું પ્રભાવિત થયો છું. આ મહાત્મા ગાંધીના શબ્દો છે. અને ડો.બાબાસાહેબ આંબેડકરે સને ૧૯૩૯ માં જયારે સંઘ શિબિરની મુલાકાત લીધી ત્યારે એમ કહ્યું કે સ્વયંસેવકોને સંપૂર્ણ એકતા અને ભાઇચારા સાથે એકબીજાની જાતિ જાણવાની પરવા કર્યા વિના કામ કરતા જોઇને મને આનંદ થયો છે આ બાબાસાહેબના શબ્દો છે સંઘ માટે.

માનનીય અધ્યક્ષશ્રી, પત્રકાર સરદાર ખુશવંતસિંહ, તેમણે જે લખ્યું, તેમણે એમ કહ્યું કે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘે ઇંદિરા ગાંધીની હત્યા પછી અને પહેલાં પંજાબ, દિલ્હી અને અન્ય સ્તરોએ હિન્દુ સુખ એકતા જાળવવા માટે સરાહનીય ભૂમિકા અદા કરી છે. .. અંતરાય...

અધ્યક્ષશ્રી : પ્લીઝ, આપણે એક બાજુથી શરૂ કરો તો સામેથી જવાબ આવવાનો છે. આપને તક મળશે ત્યારે આપ જવાબ આપજો પ્લીઝ.

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : આ જે સંગઠન છે તે સંઘ સેવકોનું બનેલું સંગઠન છે. કટોકટીની અંદર મોટી ચળવળ આ સંગઠને ચલાવી હતી અને મને આજે ગૌરવ છે કે આદરણીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદી પણ સંઘના એક પ્રચારક છે. અને એટલા માટે હું મારા મિત્રો સિદ્ધાર્થભાઇ, ઇકબાલભાઇને વિનંતી કરીશ કે, તેમણે લખેલું જે પુસ્તક છે " સંઘર્ષમાં ગુજરાત " નરેન્દ્રભાઇનું લખેલું તે પુસ્તક વાંચી જાવ તો તમને ખબર પડે. વંચિતોના વાણોતર આદરણીય મુખ્યમંત્રી દ્વારા પાંચ વર્ષ પહેલાં રૂ.૧૫ હજાર કરોડની વનબંધુ કલ્યાણ યોજના, રૂ.૧૧ હજાર કરોડની સાગર ખેડુ યોજના, રૂ.૧૩ હજાર કરોડની શહેરી સમૃધ્ધિ યોજનાની જાહેરાત થઇ. અને જાહેરાત થઇ ત્યારે તેમણે જે ટીકાઓ સાંભળી હતી, મારા સાથી પક્ષોની, કે આ તો હવાઇ કિલ્લા છે. જયારે એ વાત હકીકત બની. વનબંધુ કલ્યાણ યોજનાની જોગવાઇમાં ૨૦૦૦ કરોડ રૂપિયા વધારે વપરાયા. સાગરખેડૂ યોજનામાં પણ રકમ વધારે વપરાઇ. શહેરી સમૃદ્ધિ યોજનામાં પણ વધારે રકમ વપરાઇ. વનબંધુ યોજનામાં ૧૫ હજાર કરોડની સામે ૪૦ હજાર કરોડ, સાગરખેડૂ યોજનામાં ૧૧ હજાર કરોડ સામે ૨૧ હજાર કરોડ અને શહેરી સમૃદ્ધિ યોજનામાં ૧૧ હજાર સામે ૨૫ હજાર કરોડ આમ કુલ ૮૬ હજાર કરોડનું આયોજન માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ કરીને તેઓ ગરીબોના બેલી બન્યા છે. આ વાત મારે આપની સમક્ષ મૂકવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી વજુભાઇએ શ્રદ્ધેય પ્રભાશંકર પટ્ટણીની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીનો ઉલ્લેખ આ બજેટમાં કર્યો છે. સ્વર્ગસ્થ ભાવસિંહ ગોહિલના શિક્ષક અને સલાહકાર પ્રભાશંકર પટ્ટણી એ ગોહિલ સ્ટેટના દિવાન હતા. એમણે એક કવિતા લખી છે કે ઉઘાડી રાખજો બારી. એમણે લખ્યું છે કે,

દુઃખી કે દર્દીને, કોઇ ભૂલેલા માર્ગવાળાને વિસામો આપવા,ઘરની ઉઘાડી રાખજો બારી.
ગરીબોની દાદ સાંભળવા, બીજાના દુઃખને દળવા તમારા કણનેત્રોની ઉઘાડી રાખજો બારી.
પ્રણયનો વાયરો વાવા, કુછંદી દુષ્ટ વા જાવા, તમારા ક્ષુબ્ધ હૃદયની ઉઘાડી રાખજો બારી.

માનનીય અધ્યક્ષશ્રી, આ નીતિ સાથે માનનીય નરેન્દ્રભાઇ જયારે સમગ્ર ગુજરાતને આર્થિક આઝાદી અપાવી રહ્યા છે ત્યારે મારે સાથી મિત્રોને કહેવું છે કે જયારે સારું કામ થાય ત્યારે તેને બિરદાવવું જોઇએ. એવા સમયે એમના ટેકાની અપેક્ષા રહે. એક સાહેબે ખૂબ સુંદર કહ્યું છે. એમણે કહ્યું છે કે,

ક્ક્દુશ્મની લાખો સહી, ખત્મ ન કીજે રિશ્તા,
દિલ મિલે ના મિલે, હાથ મિલાતે રહીએ.ક્ર

વૈચારિક મતભેદ હોઇ શકે. રાજકીય મતભેદ હોઇ શકે. પરંતુ જયારે વિકાસની વાત લઇને માનનીય મુખ્યમંત્રી આવતા હોય ત્યારે એનો વિરોધ કરવો એ કોઇ કાળે યોગ્ય નથી. વારંવાર જેનો ઉલ્લેખ થાય છે. માનનીય સિદ્ધાર્થભાઇએ કેગના રીપોર્ટની પુનઃ વાત કરી. ૨૬ હજાર કરોડના ભ્રષ્ટાચારની વાત કેગના રીપોર્ટના નામ સાથે થાય. એ કેગનો રીપોર્ટ શું છે? એ ઓડિટ પેરા છે. ***(xxxxx)** (અંતરાય)

અધ્યક્ષશ્રી : સમિતિમાં થયેલી ચર્ચાનો આપણે અહીંયા ઉલ્લેખ કરતા નથી. આપણી પરંપરા છે. પ્લીઝ.

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : ઓ.કે. સર. માનનીય અધ્યક્ષશ્રી, એમના કહેવા પ્રમાણે કેગના આંકડા જો ભ્રષ્ટાચાર કહેવાતા હોય તો કેન્દ્રની અંદર ૨૦૦૫માં ૧,૧૭,૮૫૯ કરોડ, ૨૦૦૬માં ૧,૮૩,૮૫૦ કરોડ,

---

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવમાં આવ્યા છે.

૨૦૦૭માં ૪૭૧૩૨ કરોડ, ૨૦૦૮માં ૧,૮૧,૭૦૮ કરોડ એમ કુલ ૬ વર્ષની અંદર ૫,૫૦,૭૨૯ કરોડની ગેરરીતિ એ ભ્રષ્ટાચાર છે? આટલો બધો જો ભ્રષ્ટાચાર હોય તો મારે એમને કાંઇ કહેવુ નથી. ભ્રષ્ટાચાર માટે તો કોંગ્રેસને બોલવાનો અધિકાર નથી. સાહેબ, આ કોંગ્રેસ એ ભ્રષ્ટાચારની જનની છે. એની જન્મદાયિત્રી છે. (સતત અંતરાય)

અધ્યક્ષશ્રી : કેગના રીપોર્ટની વાત માનનીય સિદ્ધાર્થભાઇએ કરી છે, એટલે કેગના રીપોર્ટ સંદર્ભે જવાબ આપી રહ્યાં છે.

અધ્યક્ષશ્રી : એમણે એમાં કોઇ ટીકા નથી કરી, એમણે કોઇ ટીકા નથી કરી પ્લીઝ.

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, જયારે જયારે ગુજરાતના વિકાસની વાત હોય, જયારે જયારે આયોજનની વાત હોય, કોઇ યોજનાની વાત હોય ત્યારે મારા આ સામેના મિત્રો એમ કહે કે કેન્દ્ર સરકાર આપે છે, આમ કેન્દ્ર સરકાર આપે છે તેમ કેન્દ્ર સરકાર આપે છે તેમ રટયા કરે છે. અને પાછા જવાબ આપો, હિસાબ આપોૹ એમ કહે છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપની પાસે પાંચ મિનિટ છે.

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : હું પ્રયત્ન કરું છું. મારી પાંચ સાત મિનિટ તો બગાડી છે. માનનીય અધ્યક્ષશ્રી, ફાઇનાન્સ કમિશન જે કેન્દ્રનું છે તેની ભલામણ પ્રમાણે ગ્રાન્ટ ઇન એડ તરીકે ૨૦૧૦ થી ૨૦૧૫ ના પાંચ વર્ષના ગાળામાં રૂ.૧૭,૦૬,૬૭૬ કરોડની વહેંચણી ગુજરાતમાં કરવાની હોય તે પૈકી રૂ.૫૩૭૮૯ કરોડ એટલે કે ફકત ૩.૧૫ ટકા ગુજરાતને મળ્યા છે. અને ગુજરાતમાંથી લઇ ગયા કેટલા? તો દર વર્ષે લગભગ ૫૦ હજાર કરોડ રૂપિયા કેન્દ્ર ગુજરાતમાંથી લઇ જાય છે. એટલે પાંચ વર્ષના ગણીએ તો લગભગ ૩ લાખ કરોડ કેન્દ્ર સરકાર ગુજરાતમાંથી લઇ જાય છે. હિસાબ તો આપું ને.

શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય મંત્રીશ્રીએ ૫૦ હજાર કરોડ અને ૩ લાખ કરોડના જે આંકડા તેઓ આપી રહ્યા છે તેનું કોઇ જસ્ટીફિકેશન છે નહીં અને જો હોય તો આ સભાગૃહમાં તેમણે રજૂ કરવું જોઇએ.

અધ્યક્ષશ્રી ઃ રજૂ કરશે. આપની પાસે હોય તો આપ રજૂ કરજો.

શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ ઃ બીજું ગુજરાતની જે ટકાવારી એમણે કહી કે ૩.૧૫ ટકા, એ જે ઉલ્લેખ છે તે ફાઇનાન્સ કમિશને સમગ્ર રાજયોના સંદર્ભમાં નકકી કરેલી ટકાવારી છે.

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, આ આંકડા મારા નથી આ તો કેન્દ્ર સરકારના કમિશનના અપાયેલા આંકડા છે એ હું આપીશ. અને સાદી ભાષામાં હિસાબ કરીએ તો એમ કહેવાય કે કેન્દ્ર ગુજરાત પાસેથી ૫ રૂપિયા અને ૬૦ પૈસા લઇ જાય છે અને એક રૂપિયો આપે છે. માનનીય અધ્યક્ષશ્રી વજુભાઇ વાળાએ એમના ભાષણમાં નરેન્દ્ર દત્તના વિચારો નરેન્દ્ર મોદી માટે પ્રેરક બન્યા છે. તે વાત એમણે કરી હતી. મારે સ્પષ્ટપણે કહેવું છે જયારે સિદ્ધાર્થભાઇ સદભાવનાની વાત કરતા હતા, સદભાવનાની સામે સત્કર્મના નામે એમણે જે ઉપવાસ કર્યા તેની ભાષા તો જૂઓ, શું બોલતા હતા તેની સ્ક્રીપ તો જુઓ, સાહેબ ગંદકી સિવાય કાંઇ નહીં, કાદવ સિવાય કાંઇ નહીં. આ કાદવ ફેલાવનારાઓને મારે કહેવું છે કે જેટલો કાદવ વધારે ફેંકશો એટલા કમળ વધારે ખીલવાના છે. માનનીય અધ્યક્ષશ્રી, મારા મુખ્ય મંત્રીશ્રી તો સ્પષ્ટપણે કહેતા હતા કે, મહાનુભાવને સતાવનારા દરેક સમયમાં હોય છે. રામને હેરાન કરનારા રાવણ પણ હતા. કૃષ્ણને સતાવનાર કંસ હતા, પાંડવોને કૌરવ હેરાન કરતા હતા અને નરેન્દ્રભાઇની પાછળ પડી જનારા આજે ગૃહમાં ગુજરાતમાં અને ભારતમાં પણ છે. પણ નરેન્દ્રભાઇ પરેશાન થાય એવા નથી. કારણ કે માનનીય મુખ્યમંત્રી તો ખુમારીથી કહે છે અને એમણે જે ખુમારી બતાવી છે એ સુરતના સુપ્રસિદ્ધ ભગવતીકુમાર શર્માની જે પંકિતઓ છે તેનાથી હું જવાબ આપું છું.શોધી ન હોય મેં, એ દિશા જોઇતી નથી, રસ્તા કે રાહબરની કૃપા જોઇતી નથી, કોણે કહ્યું કે મારે ધરા જોઇતી નથી, આ સ્વર્ગમાં જવાની પ્રથા જોઇતી નથી આગળ જે કહે છે જો મેં કર્યું હોય પાપ તો દેહાંત દંડ દો, શંકાના લાભ જેવી સજા જોઇતી નથીૹ માનનીય અધ્યક્ષશ્રી આ મારા માનનીય મુખ્ય મંત્રીશ્રી જયારે આ ખુમારીથી આગળ વધી રહ્યા છે ત્યારે મારે સ્પષ્ટપણે કહેવું છે કે આ

સરકાર ગરીબો માટે, દલિતો માટે, પિડિત અને શોષીતો માટે આગળ વધી રહી છે ત્યારે આપ સહુ એને સહકાર આપો. આજે હોળીનું પવિત્ર પર્વ છે અને પ્રભુ સ્મરણમાં તલ્લિન થવા માટે.....

અધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે. આપનું પ્રવચન પૂરું થાય છે.

(વિરામ ૧૦–૩૦ થી ૧૧–૦૦)

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

## બિનસરકારી સંકલ્પો

**શ્રી મોહનસિંહ છો. રાઠવા(જેતપુર–પાવી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું સંકલ્પ રજૂ કરું છું કે–

રાજયમાં છેલ્લા એક દાયકાથી આદિવાસી વિસ્તારમાં વિકાસના કામો મંદ ગતિએ થઇ રહ્યા છે. આદિવાસીઓને શિક્ષણ, આરોગ્ય, રસ્તા, પાણી અને વીજળીની પ્રાથમિક સુવિધાઓ પૂરતા પ્રમાણમાં મળતી નથી. આદિવાસી વિસ્તારમાં કેન્દ્ર સરકાર તરફથી આદિવાસીઓના વિકાસ માટે મળતા કરોડો રૂપિયાના ફંડનો સમયસર ખર્ચ થતો નથી તેમજ વન અધિકાર કાયદા અન્વયે આદિજાતિના પરિવારોને જંગલની જમીન આપવામાં તંત્ર દ્વારા વિલંબ થઇ રહ્યો છે. વનબંધુ કલ્યાણના નામે કરોડો રૂપિયાના પેકેજની જાહેરાત થાય છે પરંતુ બજેટમાં આ રકમની જોગવાઇ દર વરસે આદિવાસીઓના ઉત્થાન માટે કયા કયા વિકાસના કામો માટે કરવામાં આવી તેની વિગતો આમ જનતાને પ્રાપ્ત થતી નથી, આદિવાસીઓના કામો માટેના બજેટમાં દર વરસે ઘટાડો થઇ રહ્યો છે તેમજ બજેટમાં ફાળવેલ રકમ પણ ખર્ચી શકાતી નથી ને આ રકમ અન્ય વિભાગને ફાળવી દેવાય છે. રાજયના આદિવાસી ભાઇ–બહેનોના આર્થિક વિકાસ માટે રસ્તા, પાણી, આરોગ્ય અને શિક્ષણ જેવી સુવિધાઓ મળી રહે, તેઓને ઘર આંગણે રોજી રોટી મળી રહે અને અન્ય જિલ્લામાં તેઓને સ્થળાંતર ન કરવું પડે તે માટે જરૂરી પગલાં લેવા આ સભાગૃહ રાજય સરકારને અનુરોધ કરે છે.

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, આ સંકલ્પ એટલા માટે જ મારે લાવવો પડ્યો છે કે આદિજાતિ વિકાસ માટે કેન્દ્રીય આયોજન પંચના ધોરણ કરતાં પણ સતત બજેટમાં ઘટાડો કરીને આદિવાસી સમાજને આ સરકાર અન્યાય કરી રહી છે. ગઇકાલે પ્રશ્નોત્તરી હતી એમાં સન ૨૦૦૯–૧૦ માં ૧૫.૩૨ ટકા, સન ૨૦૧૦–૧૧માં ૧૩.૩૫ ટકા અને સન ૨૦૧૧–૨૦૧૨માં ૧૨.૮૯ ટકા, આ રીતે દર વરસે બજેટમાં ઓછી રકમ મૂકવામાં આવે છે. આમાં તો ખરેખર ૧૮.૫૭ ટકા જેટલી રકમ ફાળવવી જોઇએ એના બદલે તે રકમ ફળવાતી નથી. અને સરકારે સ્વીકાર્યું કે વનબંધુ કલ્યાણ યોજનાનું પેકેજ અલગથી એક પણ રૂપિયાનું નહિ ફળવાય તેવી જાહેરાત કરી છે. કારણ કે પ્રશ્ન ક્રમાંક ૨૩માં આદિજાતિ વિકાસ વિભાગનું બજેટ અને વન બંધુ કલ્યાણ યોજનાનું પેકેજ એમાં એક પ્રશ્ન પૂછાયેલો કે ગુજરાતમાં આદિવાસી વિકાસ માટે આદિજાતિ વિકાસ વિભાગનું વાર્ષિક ફળવાતું બજેટ અને માનનીય મુખ્યમંત્રીશ્રીનું વનબંધુ કલ્યાણ યોજનાનું પેકેજ બંને અલગ અલગ ફંડ ફાળવવામાં આવે છે કે બંનેનું ફંડ એકજ છે તો એના જવાબમાં મંત્રીશ્રીએ કહ્યું કે આદિજાતિ વિસ્તાર પેટા યોજના નીચે ટી.એસ.પી.એલ. અને ગુજરાત પેટર્ન સહિતની જોગવાઇઓ વનબંધુ કલ્યાણ યોજનાના ભાગ તરીકે જ વિકાસ યોજનામાં તેમજ અંદાજપત્રીય જોગવાઇમાં દર્શાવવાની જોગવાઇ છે આથી બંને ફંડ એકજ છે. એટલે મારે એજ કહેવું છે કે આ જે વનબંધુ કાર્યક્રમમાં જે જોગવાઇ છે એ જોગવાઇઓની રકમો કોઇ સ્પેસિફિક ૧૫ હજાર કરોડ સરકારના મળતા નથી. તો આદિજાતિ વિકાસ વિભાગનું બજેટ અને વનબંધુ કલ્યાણ યોજનાનું પેકેજ ૨૮મી તારીખની પ્રશ્નોત્તરીના પ્રશ્નમાં વરસ ૨૦૦૭–૦૮માં ૨૩૨૫.૭૧ કરોડની જોગવાઇ કરેલી હતી એમાંથી થયેલ ખર્ચ ૨૩૦૫.૩૯ કરોડ રૂપિયા એટલે વણવપરાયેલ રકમ ૨૦.૩૨ કરોડ રૂપિયા. વરસ ૨૦૦૮–૦૯માં ૨૮૬૨.૭૩ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી

હતી એમાંથી ૨૭૦૬.૬૩ કરોડ રૂપિયા વપરાયા જ્યારે વણવપરાયેલી રકમ ૧૫૬.૧૦ કરોડ રૂપિયા રહ્યા છે. ગુજરાત ૨૦૦૯–૧૦માં રૂ. ૩૬૧૫.૩૭ કરોડ અને થયેલ ખર્ચ રૂ.૩૫૭૩.૮૮ કરોડ અને વણવપરાયેલ રકમ રૂ.૪૧.૪૯ કરોડ, ૨૦૧૦–૧૧માં રૂ.૪૦૦૫.૨૭ કરોડ અને થયેલ ખર્ચ રૂ.૩૮૪૦.૫૩ કરોડ અને વણવપરાયેલ રૂ.૧૬૪.૭૪ કરોડ, વર્ષ ૨૦૧૧–૧૨ ડીસેમ્બર ૨૦૧૧ સુધીમાં રૂ.૪૮૯૮.૭૨ કરોડ અને થયેલ ખર્ચ રૂ.૨૩૮૧.૭૬ કરોડ અને વણવપરાયેલ રૂ.૨૫૧૬.૯૬ કરોડની રકમ ૨૦૦૭થી ૨૦૧૧ સુધી પાંચ વર્ષ દરમિયાન વણવપરાયેલ રહી છે. આદિવાસીઓના વિકાસ માટે આદિજાતિ વિભાગની રૂ. ૧૭૭૦૭.૮૦ કરોડ કુલ ફાળવવામાં આવેલ એમાંથી રૂ.૨૮૯૯.૧૯ કરોડ જેટલી રકમ વણવપરાયેલ રહી છે. આ બધી રકમ ભારત સરકાર તરફથી મળે એ રકમનો ઉપયોગ કરવા માટે બાર પ્રાયોજના અધિકારીઓની નિમણૂંકો તેમના સ્ટાફ સાથે કરેલ છે. ડી–સેગની રચના પણ કરેલ છે. તો ડી–સેગને ક્યાંથી પૈસા આપવામાં આવે છે અને તેના પૈસાનું ભંડોળ ક્યાં રાખવામાં આવે છે? ડી–સેગની ૨૦૦૯–૧૦માં વ્યાજની રકમ રૂ. ૮૧.૨૮ લાખ, એમાં ખર્ચ થયો રૂ.૭૪.૬૭ લાખ અને બચત રહી રૂ.૬.૬૧ લાખ ૨૦૧૦–૧૧માં વ્યાજની રકમ રૂ.૨૫૨.૨૪ લાખ અને ખર્ચની રકમ રૂ. ૧૨૦.૩૬ લાખ અને બચત રહી રૂ.૧૩૧.૮૮ લાખ, વર્ષ ૨૦૧૧–૧૨માં ડિસેમ્બર– ૨૦૧૧ સુધીમાં વ્યાજની રકમ રૂ.૧૧૩.૦૨ લાખ અને ખર્ચ થયો રૂ.૧૪.૯૮ લાખ. આમ છેલ્લા ત્રણ વર્ષમાં ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં વ્યાજની રકમ રૂ.૧૫૩.૪૭ લાખ વણવપરાયેલ રહી છે. ડી–સેગ માટે અમે દર વખત વખતે વાંધો લઇએ છીએ કે કોઇપણ સંજોગોમાં ડી–સેગની રચના કરી છે એ સરકારના અધિકારી અધિકારીઓ કે પ્રજાના પ્રતિનિધિ કે આદિવાસીઓના વિકાસ માટેની ચિંતા સેવનારી સંસ્થાઓના પ્રતિનિધિ આ ડી–સેગમાં નિમવામાં આવેલ નથી. જે પરિપત્રો કે ઠરાવો બહાર પાડવામાં આવે છે એ અંગ્રેજીમાં જ બહાર પાડવામાં આવે છે. ગુજરાતની પ્રજા અંગ્રેજી જાણતી નથી તો શા માટે અંગ્રેજીમાં જ ઠરાવો બહાર પાડવામાં આવે છે? એના હિસાબો કે ઓડિટ કોણ કરે છે? ભારત સરકારનીબંધારણની કલમ ૨૭૫(૧) હેઠળ આવેલી રકમ આ ડી–સેગમાં રાખવામાં આવે છે અને એનું કોઇ ઓડિટ ન કરવામાં આવે તે મારી દ્રષ્ટિએ બિલકુલ વાજબી નથી. ભારત સરકારના બંધારણની કલમ ૨૭૫(૧) હેઠળ આદિજાતિ વિભાગને ફાળવવામાં આવેલ અને વણવપરાયેલ રહેલ કુલ ગ્રાન્ટ રૂ.૨૬૨.૯૪ લાખ રહી છે. ગુજરાત સરકારે આ ગ્રાન્ટમાંથી રૂ.૨૨૮.૦૩ લાખનો ખર્ચ કર્યો અને રૂ.૩૪.૯૧ લાખ જેટલી રકમ વણવપરાયેલી રહી ગઇ છે. આ રૂ.૩૪.૯૧ લાખ પૈકી ડેવલપમેન્ટ ઓફ ફોરેસ્ટ વિલેજીસના રૂ.૧૩.૫૧ લાખ, કસ્ટ્રકશન ઓફ આશ્રમ સ્કૂલના રૂ.૩.૮૭ લાખ અને કંસ્ટ્રકશન ઓફ હોસ્ટેલ એસ.ટી. ગર્લ્સ એન્ડ બોયઝના રૂ.૧૦.૩૭ લાખ વણવપરાયેલ પડી રહ્યા છે. ભારત સરકાર તરફથી મળેલ ગ્રાંટ રૂ. ૨૨૧.૫૫ લાખ છે. એમાંથી તા.૩૧–૧૨–૨૦૧૧સુધી એક પણ રૂપિયાનો ખર્ચ કરેલ નથી. માનનીય અધ્યક્ષશ્રી, મારે તો એટલું જ આ સરકારશ્રીને કહેવું છે કે જે આ ડી–સેગ ની રચના જે કરવામાં આવી છે એ ૫–૪–૨૦૦૭ના રોજ ઠરાવ કરીને ડી–સેગ વનબંધુના નામે આ રચના કરવામાં આવી છે અને એમાં સરકાર પાસે આદિવાસીઓના કોઇ પ્રતિનિધિ કે આદિવાસી ધારાસભ્યોને પણ ડી–સેગ ના સભ્ય બનાવવામાં આવેલા નથી એટલે એની જે કામગીરી અત્યાર સુધી ત્રણ ત્રણ હજાર કરોડ રુપિયા ચાર વર્ષના ૧૨હજાર કરોડ વપરાયા તો તેના ખર્ચાનું ઓડીટ કેમ થતું નથી અને જેમ બધા જ કોર્પોરેશનો વિધાનસભાના મેજ ઉપર રીપોર્ટો મૂકે તેમ ડી–સેગ પણ વિધાનસભાના મેજ ઉપર આવી રજૂઆતો કે આવા રીપોર્ટો મૂકે એવી મારી માગણી છે. વાઘોડીયા તાલુકામાં મોટર ડ્રાઈવીંગ માટે મારુતી ઈન્ડસ્ટ્રીઝને ૧૬ કરોડ અને ૬૫ લાખ રુપીયા આપવામાં આવેલા છે તેની ૩૦ એકર જમીન માટે ૩૦ કરોડ રુપીયા આપવામાં આવેલા છે. દર વર્ષે ૨૫૦૦ યુવાનોને ડ્રાઈવીંગની તાલીમ આપવા માટેની જોગવાઇ છે અને ૧૨,૫૦૦ જેટલા ડ્રાઈવરો અને મીકેનિકલ સ્ટાફની જોગવાઇ છે છતાં પણ આ કોઇ કાર્યવાહી કરવામાં આવતી નથી એમ મોન્સાન્ટો કંપનીની મકાઇ દાહોદ, સાબરકાંઠા , વડોદરા, પંચમહાલ જિલ્લામાં આ મોન્સાન્ટો કંપનીની મકાઇ જે ભાવે આપવામાં આવી તેનાથી ખેડૂતોના પાકનો વધારો થશે. ડબલ પાક ઉત્પાદન થશે એમ કહેતા હતા પણ કોઇ ખેડૂતોને ડબલ પાકનું ઉત્પાદન થયું નથી એટલે આ મોન્સાન્ટો કંપનીની મકાઇ પણ કોઇપણ સંજોગોમાં બંધ કરવી જોઇએ તેવી મારી માગણી છે.

**શ્રી રમણલાલ ના. પાટકર** : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય ગૃહમાં બિનસરકારી સંકલ્પ નિયમ–૧૧૭ મુજબ માનનીય ધારાસભ્યશ્રી મોહનસિંહભાઇ રાઠવાજી લઇને આવ્યા છે એના ઉપર સરકારે અત્યાર સુધી આદિજાતી વિસ્તારના સર્વાંગી વિકાસ જે કર્યો છે એ બાબતે મારા વિચાર હું આપવા માગુ છું. એક વનબંધુ કલ્યાઇણ યોજના, સનસાઇન પ્રોજેકટ, જીવીકા અને સન્માનનીય ગૃહમાં માનનીય રાજયપાલશ્રીએ જે આદિવાસી ક્ષેત્રમાં સરકારે લીધેલા પગલા બાબતમાં નોંધ મૂકી છે એ બાબતે મારા વિચાર રજૂ કરવા માગુ છું. આપણે સૌ જાણીએ છીએ કે આદિવાસી વિસ્તાર જયારે બંધારણની દૃષ્ટિએ એને છૂટો પાડવામાં આવ્યો ત્યારે એ પૂર્વ પટ્ટીનો વિસ્તાર અંબાજીથી ઉંમરગામ સુધી ૪૩ તાલુકા અને ૧૩ જિલ્લાની અંદર આ પથરાયેલ વિસ્તાર છે. ત્યાંની જે રહેણી કહેણી અને ભૌગોલિક પરિસ્થિતિનો ચિતાર જો વિચારીએ તો સ્વાભાવિક રીતે આઝાદી મળ્યા પછી લોકશાહીના સૂચવાતા બજેટના નાણાકીય સ્ત્રોત પ્રમાણે આ વિસ્તારને આર્થિક દષ્ટિએ અને સામાજીક દષ્ટિએ ઉન્નતિના પંથે લઇ જવા માટે વિચારવું જોઇતું હતું પરંતુ મને દુઃખ સાથે આજે કહેવું પડે છે કે ભૂતકાળની સરકારે આ દિશાની અંદર કોઇ પગલા ન લેવાને કારણે એમની ભૌગોલિક પરિસ્થિતિમાં જે પરિવર્તન આવવું જોઇએ એ દેખાયું નથી પરંતુ મારે ગર્વ સાથે કહેવું પડે છે કે પહેલી વખત ગુજરાતની અંદર રાજકીય પરિવર્તન થયું અને આ ગુજરાતના પરિવર્તનની દિશામાં માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી ૨૦૦૧થી સત્તા ઉપર આવ્યા, અને ત્યારબાદ વખતો વખત બજેટની અંદર આ સન્માનનીય ગૃહની અંદર જે રજૂ થાય છે એ બજેટની ચર્ચામાં જયારે અમે નજર કરી રહયા છીએ ત્યારે શરૂઆતમાં ૧૯૯૫માં જે બજેટ આવ્યું, એ સાધારણ નાનું હતું. પણ ત્યારપછી સહેલું જે વિકાસલક્ષી જે ૩૩ હજાર ૫૦૦ કરોડ અને આ વર્ષે ૨૪ ટકા વધારો કરીને જે વિકાસલક્ષી બજેટ ૬૭હજાર કરોડ રુપીયાનું જે ગુજરાતની અંદર આપ્યું છે.. એ એક દિશા આપનારું અને મહત્વના જે પ્રશ્નો છે એનો નિર્ણાયક નિકાલ કરવા માટેનું હું ગણી શકું છું. વન બંધુ કલ્યાણ યોજના એ ગુજરાતની અંદર ૭૮ લાખ વન બંધુ ભાઇ–બહેનોની આર્થિક ઉન્નતિ માટેનો કાર્યક્રમ છે. માનનીય મુખ્યમંત્રીશ્રી અને વિભાગના મંત્રીશ્રી મંગુભાઇ પટેલે જે ૧૦ મુદ્દાનો કાર્યક્રમ કર્યો છે એમાં પહેલા મુદ્દાનો કાર્યક્રમ છે કે ૫ લાખ કુટુંબોની આવક બમણી કઇ રીતે કરી શકાય એ હેતુ વિચારીને એના માટે નવા નવા જે પ્રોગ્રામો આપ્યા છે એમાં સંકલિત વાડી અને કૃષિ વિકાસ પ્રોજેક્ટ છે. એનો રૂપિયા ૮૭ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ યોજના તળે મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતના દાહોદ, પંચમહાલ, સાબરકાંઠા, બનાસકાંઠા અને વડોદરા જિલ્લાના ૧૯ જેટલા તાલુકાઓમાં વરસાદ આધારિત કૃષિ પાકો કરે છે એ ખેડૂતોને મકાઇ, તુવેર, રાઇડા, બટાકા અને બી.ટી. કપાસ પ્રોજેક્ટ જેવી યોજનાનો લાભ આપવામાં આવ્યો છે. આ યોજના હેઠળ ૨૦૦૮–૦૯માં ૩૦ હજાર ખેડૂતોને, ૨૦૦૯–૧૦માં ૧.૪૧ લાખ ખેડૂતોને અને ૨૦૧૦–૧૧માં ૧.૩૨ લાખ ખેડૂતોને લાભ આપ્યો છે. ચાલુ વર્ષે મકાઇના ઉત્પાદનમાં વધારો થાય અને ખેડૂતોની આવક બમણી થાય એટલા માટે ૩ લાખ જેટલા ખેડૂતોને આ પ્રોજેક્ટ હેઠળ આવરી લેવા માટે આ બજેટમાં નક્કી કરવામાં આવ્યું છે. સનસાઇન પ્રોજેક્ટ હેઠળ હાઇબ્રીડ મકાઇ ઉત્પાદક ખેડૂતોને ખેત પેદાશમાં અંદાજીત બમણું ઉત્પાદન થયું છે. જેનો થર્ડ પાર્ટી સરવે કરવામાં આવ્યો છે અને સરવેના રિપોર્ટ ઉપર ખેડૂતોની આર્થિક ઉન્નતિમાં ખૂબ મોટું પરિવર્તન છે. એ જ રીતે દક્ષિણ ગુજરાતની અંદર સારો એવો વરસાદ આવે છે અને સાથોસાથ સિંચાઇની સુવિધા પણ ઊભી કરવામાં આવી છે ત્યારે ખેડૂતો પોતે સારી રીતે શાકભાજી અને વાડી પ્રોજેક્ટ અમલમાં મૂકી શકે એટલા માટે ૨૦૦૯–૧૦માં દક્ષિણ ગુજરાતના નવસારી, તાપી, સુરત અને વલસાડ જિલ્લાઓમાં ૩૦ હજાર ખેડૂતો માટે જી.વી.કે. પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવ્યો છે. મને કહેતા આનંદ થાય છે કે અમારા આદિવાસી ક્ષેત્રના ધરમપુર અને કપરાડા જિલ્લામાં દૂધી, કારેલા, ટામેટા, ભીંડા જેવા પાકો સામૂહિક રીતે ખેડૂતો પોતાની માલિકીની જમીનમાં કરીને એક સારામાં સારું માર્કેટ ઊભું કરે છે એટલું જ નહીં પરંતુ ખેડૂતોના વિસ્તારમાં એમનો ઉત્પાદિત માલ વેચવા માટે માલ વેચાણ કેન્દ્રોની વ્યવસ્થા પણ ઊભી કરવામાં આવી છે એનો ખૂબ મોટો ફાયદો આપણે જોઇ રહ્યા છીએ. આ પ્રોજેકટના કારણે જમીનની માવજત થાય, પિયત માટે ચેકડેમ, કૂવાઓનું નિર્માણ અને સિંચાઇની અંદર કૃષિની જમીનોમાં સારો ઉપયોગ કરી શકે એટલા માટે તેઓએ આ બાબતમાં ખૂબ મહેનત કરી છે. જી.વી.કે. પ્રોજેકટમાં બીજું ડી.સેગ અત્યારે માનનીય ધારાસભ્યશ્રીએ રજૂઆત કરી કે ડી.સેગમાં

આદિવાસીઓનો પણ સમાવેશ કરવો જોઇએ. સાચી લાગણી હશે તો સરકાર વિચારશે એનો વાંધો નથી. પરંતુ ખેડૂતોને પૂરતું માર્ગદર્શન આપવામાં આવે, પાકનું સારું ઉત્પાદન થાય, એને બિયારણ, ખાતર અને સારી સુવિધા પૂરી પાડવામાં આવે અને એ આધાર ઉપર ખેડૂતો પોતે ખેતી કરતા થાય તો હું માનું છું કે ચોક્કસપણે ખેડૂતોની આર્થિક ઉન્નતિ થાય છે. આજે એ બાબત પર ધ્યાન મૂકવું જરૂરી છે કે અમારા કપરાડા અને ધરમપુરમાં જે ખર્ચ કર્યો છે ત્યારે સરકારના આ વન બંધુ કાર્યક્રમમાં અંદરના રસ્તાઓનું જે નિર્માણ કરવામાં આવ્યું છે, ૨૪ કલાક વીજળી આપવામાં આવી એના કારણે ખૂબ જ વિકાસ થયો છે. (સમયસૂચક ઘંટડી)

**શ્રી અમરસિંહ રા. વસાવા(દેડીયાપાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના સભ્ય મોહનસિંહભાઇ રાઠવા બિનસરકારી સંકલ્પ લઇને આવ્યાં છે એના સમર્થનમાં મારી વાત રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી વિસ્તારના જે લોકો છે, એના માટેનું જે બજેટ છે, એના માટેની જે જોગવાઇઓ છે, એના માટે જે કેન્દ્રીય આયોજન પંચ જે જોગવાઈ કરે છે એ પૈસાનો આ રાજ્યમાં અને આ સરકાર એવો ઉપયોગ કરી રહી છે સાહેબ, કે આ જે વિભાગ છે, એનું જે બજેટ છે એના પર એટલી • **(xxxxx)** થાય છે કે જે વિભાગના લોકો માટે આ બજેટ ફળવાયું છે એને એ મળતું નથી.

અધ્યક્ષશ્રી : **(xxxxx)** શબ્દો આપ પાછો ખેંચી લો. આપના શબ્દો પાછા ખેંચી લો.

શ્રી અમરસિંહ રા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, પાછા ખેંચી લઉં છું. માનનીય અધ્યક્ષશ્રી, જે બજેટ છે એને મળવાપાત્ર બજેટ છે એ પણ મળતું નથી અને મળે છે તો એવી રીતે એનું પ્લાનિંગ થાય કે ગૃહને પણ ઘણી વખતે ખોટી રજૂઆત થાય છે. ગુજરાતના મુખ્યમંત્રીએ જે વનબંધુ પેકેજ જાહેર કર્યુ એને સમજતાં સમજતાં પાંચ વર્ષ થઇ ગયા. એના માટે એક રૂપિયો પણ આ સરકારે ફાળવ્યો નથી. એનું જે બજેટ હતું કેન્દ્રીય આયોજન પંચે જે ફાળવ્યું છે એ જ બજેટ છે. આનો જવાબ માનનીય મંત્રીશ્રીએ વિધાનસભામાં ૨૮મી તારીખે આપ્યો છે કે વનબંધુ અને આયોજનનું આદિજાતિનું બજેટ એકજ છે અને આદિવાસીઓને •**(xxxxx)** કરવામાં આવે છે અને એનું બજેટ નથી આપવામાં આવતું અને જે બજેટ આપવામાં આવે ત્યારે તેમાં ડી–સેગના નામે સંસ્થાઓ (અંતરાય)

અધ્યક્ષશ્રી : **(xxxxx)** શબ્દ અસંસદીય શબ્દોની યાદીમાં છે. આ શબ્દ આપ પાછો ખેંચી લો.

શ્રી અમરસિંહ રા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું પાછા ખેંચી લઉં છું. માનનીય અધ્યક્ષશ્રી, આ જે બજેટ છે એમાં ડી–સેગ નામની સંસ્થાઓ બનાવી દેવામાં આવી. જે મુખ્યમંત્રીના માનીતા છે, આ સરકારના માનીતા છે એવા લોકોને આ પૈસા આપી દેવામાં આવ્યા છે અને આ વાત અમને પણ જણાવવામાં નથી આવી. અમે બજેટમાં પૂછીએ છીએ, અમે કાઉન્સિલમાં આ સવાલ પૂછીએ છીએ ત્યાં પણ અમને માહિતી નથી મળતી. મારે તો ત્યાં સુધી જવું છે કે આ ગુજરાતના ૧૨ જિલ્લાઓમાં જે આદિવાસીઓ જંગલની જમીન ખેડે છે તેને પણ આ સરકારે જંગલની જમીન આપી નથી અને ફકત ને ફકત ૧૮૦૦૦ જે લાભાર્થીઓ છે એમને જમીન આપી છે. ૧૯૨૦૦૦ જે લોકોએ દાવા કર્યા છે તેને આપવામાં આવી નથી. કાઉન્સિલની મિટિંગમાં મુખ્યમંત્રી બોલે છે કે અમે રીવ્યુ કરવા માગીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે ગ્રામ સભાના મેમ્બર મુખ્યમંત્રી નથી અને એને નિર્ણય કરવાનો અધિકાર પણ નથી. ગ્રામસભામાં જે લોકો સભ્યો છે જે ગામના લોકો છે એને જ આ ઠરાવ કરવાનો અધિકાર છે પણ તેમ છતાં આદિવાસીનો પ્રશ્ન આવે તો આદિવાસીના પ્રશ્નને, આદિવાસીની ગ્રાન્ટોને ગેરમાર્ગે દોરવામાં આવે છે.

• (૧)(xxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો સભ્યશ્રી દ્વારા પાછા ખેંચી લેવામાં આવ્યા હોવાથી અહેવાલમાંથી કાઢી નાંખવમાં આવ્યા છે.

• (૨)(xxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો સભ્યશ્રી દ્વારા પાછા ખેંચી લેવામાં આવ્યા હોવાથી અહેવાલમાંથી કાઢી નાંખવમાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ટ્રાયબલ સબપ્લાનની વાત કરવી છે. ટ્રાયબલમાં જે જોગવાઇઓ કરવામાં આવે છે, જે હેડ પર આપવામાં આવે છે એ હેડ પ્રમાણે કામો નથી કરતા. કોઇ ગાંધીનગરથી ભલામણ કરે છે, કોઇ કેબિનેટમાંથી ભલામણ કરે છે, કોઇ સચિવો ભલામણ કરે છે, કોઇ આર.એસ.એસ.વાળો, બજરંગદળવાળા ભલામણ કરે છે. એ પ્રમાણે..(અંતરાય)

અધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ ઓર્ડર છે. આપ બેસી જાવ એમનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, જે ભાષામાં વાત થઇ રહી છે. માનનીય મુખ્યમંત્રીશ્રી જે ભાષા વપરાય, આર.એસ.એસ.વાળા આમ કરી રહ્યાં છે એમને કોઇ પણ પુરાવા હોય તો પુરાવા આપવા જોઇએ અને પુરાવા આપી કરીને એમણે આક્ષેપો કરવા જોઇએ. (અંતરાય) *__(xxxxx)__ એ ના ચાલે સાહેબ.

અધ્યક્ષશ્રી : અમરસિંહભાઇ આપણે આક્ષેપોમાં ના પડીએ. જે વાત છે એ રજૂ કરો, પ્લીઝ.

શ્રી અમરસિંહ રા. વસાવા : (અંતરાય) મારે નથી પડવું માનનીય અધ્યક્ષશ્રી

અધ્યક્ષશ્રી : (અંતરાય) અને ગૃહને યોગ્ય હોય એવી ભાષામાં આપણે વાત કરીએ.

શ્રી અમરસિંહ રા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, રાજપીપળાની ટી.એસ.પી. ઓફિસમાં **(xxxxx)** મારે માનવું પડશે (અંતરાય) હું મિટીંગનો મેમ્બર છું.(અંતરાય)

શ્રી દિલીપભાઇ સંઘાણી : સાહેબ, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

અધ્યક્ષશ્રી : અમરસિંહભાઇ પ્લીઝ, દિલીપભાઇનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

# પોઇન્ટ ઓફ ઓર્ડર

### આધાર પુરાવા વગર આક્ષેપો કરવા અંગે.

શ્રી દિલીપભાઇ સંઘાણી : માનનીય સભ્યશ્રીએ એક વખત આપે સુચના આપી, માનનીય ફકીરભાઇએ હળવાશથી લઇને, માફી માગવાનો આદેશ ન કર્યો, કરાવવા માટે આપને વિનંતી ન કરી, પુન: એમણે જેટલા આક્ષેપો કર્યા છે, એ સમયમર્યાદામાં એના આધાર પુરાવા આપે નહીંતો ગૃહની માફી માગે કે માનનીય મુખ્યમંત્રીથી માંડીને આર.એસ.એસ.ના કરેલા આક્ષેપોના પુરાવા આપે, તેના આધારો રજૂ કરે, નહીંતર આ ગૃહની માફી માગે. આ રીતે મોભમ આક્ષેપો કરવા અને ગૃહને હકીકતથી જુદી માહિતી આપવી આ વાત આ ગૃહમાં ચલાવી લેવાય તેવી નથી.

અધ્યક્ષશ્રી : માનનીય અમરસિંહભાઇ સમય નથી, આપણે ગૃહમાં આક્ષેપો કરી શકતા નથી.

અમરસિંહ રા. વસાવા : મારે નથી કરવા. આપને હું ફરી વિનંતી કરું છું કે, મારે કોઇના ઉપર આક્ષેપો નથી કરવા. હું રાજપીપળાની મિટીંગમાં હાજર હતો. મારો ઓફિસર એમ કહે છે એ, મારે સાચી વાત ગૃહને કહેવી છે. મારો સમય ન બગાડે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ, આપણે ગૃહમાં કોઇ ઉપર આક્ષેપો કરીએ છીએ તો આપના શબ્દો ખેંચી લો આક્ષેપના, આપના શબ્દો ખેંચી લો આક્ષેપના, નહીંતો હું દૂર કરીશ.

અમરસિંહ રા. વસાવા : મારે નથી કરવી. જે ખરાબ શબ્દો હોય તો હું પાછા ખેંચી લઇશ. માનનીય અધ્યક્ષશ્રી, હું એ વાત કહેવા જઇ રહ્યો છું કે, ડી–સેગ, ટ્રાયબલનું બજેટ, પ્રાયોજના વહીવટદારની કચેરી, આખા વિસ્તારમાં પૂર્વપટ્ટી ઉપર છે ત્યાં જે ભલામણો થઇ રહેલી છે, તે લોકો સભ્યો નથી તેમ છતાં ઓફિસરોને દબાવીને કામ કરાવે છે, એ મારે વાત કહેવી છે. મને મારો રાજપીપળાનો ઓફિસર વિનંતી કરે કે, અમરસિંહભાઇ મને કેટલું દબાણ છે(અંતરાય) તમે સાંભળો તો ખરા, હું કેવી રીતે ગ્રાન્ટ આપું, હું કેવી રીતે તમને નાણાં ફાળવું, મને ઉપરથી દબાણ છે. (અંતરાય) મારે એ વાત કહેવી છે.(અંતરાય)

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવમાં આવ્યા છે.

# બિનસરકારી સંકલ્પો

અધ્યક્ષશ્રી : માનનીય વિજયભાઇ.

**શ્રી વિજયભાઇ ર. પટેલ(ડાંગ-વાંસદા) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જે બિન-સરકારી સંકલ્પ લઇને આવ્યા છે તે સંબંધે સરકારશ્રીએ, આદિવાસી કલ્યાણ વિભાગે સર્વાંગી વિકાસના જે કામો કર્યા છે એના માટે હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે સમગ્ર પૂર્વપટ્ટીમાં બાર જેટલા જિલ્લાઓ છે અને ૪૩ તાલુકાઓમાં અમારા આદિવાસી સમાજના લોકો રહે છે. આજે સમગ્ર આદિવાસી સમાજની અંદર સર્વાંગી વિકાસ થઇ રહ્યો છે. રસ્તા, પાણી, વીજળી વગેરે બધી જ રીતે દરેક જગ્યાએ આપણે જોઇએ તો વિકાસ, વિકાસ અને વિકાસ.

માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળની અંદર આદિવાસી વિસ્તારોની અંદર કેટલી બધી તકલીફો હતી. પીવાના પાણીની સમસ્યાઓ હતી, ગરીબી હતી, શિક્ષણ મેળવવા માટે જે બાળકો જતા હતા તો તે શાળાઓમાં શિક્ષકો નહતા, શાળાઓના પૂરતા ઓરડાઓ નહતા, શાળાઓમાં પીવાના પાણીની સગવડો નહતી, વીજળીકરણ નહતું આવી તો અનેક અડચણો અને સમસ્યાઓ આ આદિવાસી વિસ્તારની અંદર ભૂતકાળમાં હતી.માનનીય અધ્યક્ષશ્રી, આ મારો આદિવાસી સમાજ આઝાદીની લડતમાં શહીદી આપનારો અને આ રાજયની પ્રગતિમાં સાથ આપનારો એવો આ આદિવાસી સમાજ આગળ આવવા માટે ખૂબ મથતો હતો પણ ભૂતકાળના શાસકોએ અમારા આદિવાસી સમાજની કાળજી ન લીધી. મને કહેતાં આનંદ થાય છે કે, જેમ પ્રભુ શ્રી રામચંદ્ર ભગવાન, શબરી માંના આશ્રમે પધાર્યા હતા અને તે દિવસે જેમ સોનાનો સૂરજ ઉગ્યો હતો.એ જ પ્રમાણે આ રાજયની અંદર માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબ આવ્યા ત્યારથી સોનાનો સુરજ ઉગ્યો છે. આજે વિકાસનો સુર્યોદય આદિવાસી વિસ્તારમાં થયો છે. આજે સમગ્ર આદિવાસી વિસ્તારની અંદર જે રસ્તાઓ બન્યા છે એ એટલા સરસ બન્યા છે તેના આપણે બધા સાક્ષી છીએ. વિકાસ આપણે બધા જોઇ રહયા છીએ. મારે આ ગૃહમાં કહેવું છે કે આજે આદિવાસીઓની સાચા અર્થમાં કોઇએ ચિંતા કરી હોય, કાળજી લીધી હોય તો આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ. હું એટલા માટે કહું છું કે શિક્ષણની વાત હોય, કન્યા કેળવણી મહોત્સવ, બાળ પ્રવેશ મહોત્સવ, ગુણોત્સવ જેવા કાર્યક્રમો આપીને આદિવાસી સમાજની અંદર શિક્ષણની ભુખ જગાડવાનું કામ કોઇએ કર્યું હોય તો માનનીય મુખ્યમંત્રીશ્રીની સરકારે કર્યું છે. હું આપને એમ પુછું છું કે ભૂતકાળમાં આપની પણ સરકાર હતી. આપના પણ મુખ્યમંત્રીશ્રીઓ હતા કયારેય આપ આદિવાસી વિસ્તારમાં ગયા? આદિવાસી વિસ્તારના અમારા બાળકોના માથે હાથ ફેરવીને કહયું કે તમે શિક્ષણ લો, શાળાની અંદર ભણો, ગણો અને આગળ આવો. પણ નહીં, તમે લોકોએ કાંઇ ન કર્યું. સાચા અર્થમાં ૪૦ વર્ષમાં તમે કાંઇ ન કર્યું પણ આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી છેવાડાના માણસ સુધી પહોંચ્યા. આદિવાસી વિસ્તારમાં ગયા છે. અમારા આદિવાસી દીકરા, દીકરીઓને સાથે બેસાડીને શાળાની અંદર પ્રવેશ આપીને અમારા આદિવાસી સમાજની અંદર પ્રેરણા પૂરી પાડી છે. અને કહયું છે કે એક પણ આદિવાસી બાળક શિક્ષણથી વંચિત ન રહે એ માટે સમગ્ર આદિવાસી સમાજ જાગૃત થાય, આદિવાસી સમાજની અંદર શિક્ષણની ભુખ જાગી એટલા માટે ૯૫ જેટલી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ વિજ્ઞાન પ્રવાહની આપવામાં આવી છે. ૬૭ જેટલી નિવાસી શાળાની અંદર ૫૭૬૭ જેટલા વિદ્યાર્થીઓ ગુણવત્તાયુકત શિક્ષણ મેળવી રહયા છે. આ શાળાની અંદર રહેવા, જમવાની મફત સગવડ આપવામાં આવે છે. છેલ્લા પાંચ વર્ષની અંદર ડેડીયાપાડા, અમીરગઢ, ચીખલી, માંગરોળની અંદર કોલેજો કાર્યરત કરવામાં આવી છે. આ બધું આ રાજયની સરકાર કરી રહી છે. અમરસિંહભાઇ, ચાલીસ ચાલીસ વર્ષ સુધી તમે કાંઇ નથી કર્યું. તમે મરઘા બતકા આપ્યા. અમે મરઘા બતકા આપવામાં માનતા નથી. અમારી સરકાર સાચા અર્થમાં વિકાસમાં માને છે. અમારા રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી અમારા આદિવાસી સમાજ માટે કેવી યોજનાઓ લાવે છે. હોન્ડા પંપ સેટ આપે છે, તાડપત્રી આપે છે. ખેતીના કૃષિ ઓજારો આપે છે. અનેક પ્રકારની સહાય આપીને અમારા આદિવાસી સમાજના લોકો આજે ધંધા સ્વરોજગારથી પગભર થયા છે. એનાથી આગળ જઇને કહું કે અમારો જે કોટવાળીયો સમાજ હતો અને જે હળપતિ સમાજ હતો એ ખૂબ જ

પછાત સમાજ હતો (અંતરાય) ત્યારે એ હળપતિ સમાજ માટે પણ અનેક કલ્યાણકારી યોજનાઓ લાવીને (અંતરાય)

અધ્યક્ષશ્રી : ઓર્ડર..ઓર્ડર...પ્લીઝ, કુંવરજીભાઇ, આપ બેસી જાવ. કુંવરજીભાઇ, પ્લીઝ.

શ્રી વિજયભાઇ ર. પટેલ : કુંવરજીભાઇ, સાંભળો, કોટવાળીયા સમાજ માટે પણ અનેક કલ્યાણકારી યોજનાઓ લાવીને આ રાજય સરકારે એમને આર્થિક રીતે પગભર કર્યા છે. આ રાજયની સરકારે શિક્ષણની સાથેસાથે આરોગ્યની પણ ચિંતા કરી છે. (અંતરાય) આ રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબ (અંતરાય)

અધ્યક્ષશ્રી : કુંવરજીભાઇ, આપને આ બીજીવાર સૂચના આપવામાં આવે છે. પ્લીઝ, આપને બોલવાની તક મળે ત્યારે આપ બોલજો. પ્લીઝ.

શ્રી વિજયભાઇ ર. પટેલ : ચાલીસ વર્ષ શાસન કર્યુ એમાં આદિજાતિ વિભાગ હેઠળ આપ લોકોએ માત્ર ૬૫૦૦ કરોડ રૂપિયા વાપરેલા એની સામે આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબે ૧૫૦૦૦કરોડનું વનબંધુ પેકેજ આપ્યું અને આ ૧૫૦૦૦ કરોડની સામે આજે લગભગ ૧૭૮૩૮ કરોડ રૂપિયા જેટલી એટલે કે ૨૮૩૮કરોડ જેટલી રકમ વધારાની ખર્ચ કરવામાં આવી છે. આજે આદિવાસી વિસ્તારની અંદર વિકાસ થઇ રહયો છે. આજે આદિવાસી વિસ્તારનાં જે ગામડાંગામો છે એ ગામડાંગામ ઇ–ગ્રામ, વિશ્વગ્રામ, જયોતિગ્રામ, તિર્થ ગ્રામ, પાવન ગામ, ગોકુળ ગામ જેવા અનેક આયામોથી ધબકતા થયા છે ત્યારે આદિવાસી કુટુંબની જે મહિલાઓમાંની સ્ત્રી ધાત્રી માતાઓ છે અને એ છ વર્ષના શીશુના કુપોષણના નિવારણ માટે દુધ રેડી ટુ ઇટ યોજના લઇને આવી છે અને એમાં લગભગ ૧૨.૧૧લાખ જેટલી વ્યકિતઓને લાભ આપવામાં આવે છે. જે શાળામાં ભણતા અમારા આદિવાસી દીકરા–દીકરીઓ હોય તેમની તંદુરસ્તી સારી રહે, એમના આંખની અંદર તેજસ્વિતા આવે, એના માટે દૂધ સંજીવની યોજના અમલમાં મુકવામાં આવી છે અને લગભગ ૨,૨૦,૦૦૦ જેટલા બાળકોને આજે લાભ અપાઇ રહ્યો છે. આજે સમગ્ર આદિવાસી વિસ્તારની અંદર સર્વાંગી વિકાસ થઇ રહ્યો છે, ત્યારે મને કહેતા આનંદ થાય છે કે આ રાજયની અંદર ૨૪ કલાક વીજળી મળે છે. જયોતિગ્રામ યોજના અંતર્ગત મળે છે, ત્યારે કહેવાનું મન થાય છે કે આ જયોતિગ્રામ યોજનાની શરૂઆત આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીએ જો કોઇ જિલ્લામાંથી કરી હોય તો મારા ડાંગ જેવા જિલ્લામાંથી કરી છે. મને આનંદ થાય છે કે મારા ડાંગ જિલ્લાની અંદર આઝાદી પછી જંગલ હસ્તકના રસ્તાઓ ખરાબ હતા કે ૧૦૮ જઇ નહોતી શકતી. એવા રસ્તાઓના નિર્માણ માટે રાજયના મુખ્યમંત્રીશ્રીએ ૫૦ કરોડ રૂપિયા પહેલી વખત મારા ડાંગમાં આપ્યા છે. ખરેખર આદિવાસી વિસ્તારમાં સર્વાંગી વિકાસ થઇ રહ્યો હોય ત્યારે આ સભ્યશ્રીએ જે..

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થયો છે.

**શ્રી નરેશભાઇ મ. પટેલ(ચીખલી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહની અંદર માનનીય સભ્યશ્રી મોહનસિંહ રાઠવા બિન સરકારી સંકલ્પ લઇને ગૃહ સમક્ષ આવ્યા છે તે સબંધે સરકારશ્રીએ આદિવાસી કલ્યાણ માટે કરેલ સર્વાંગીગણ વિકાસની કામગીરી સંદર્ભમાં મારા વિચારો આ સન્માનનીય ગૃહ સમક્ષ રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બંને સભ્યો મારા મુરબ્બીશ્રી રમણભાઇ અને વિજયભાઇ એમણે પોતાના વિચારો રજૂ કર્યા. સામેના પક્ષે અમરસિંહભાઇએ પણ સંકલ્પ સાથે એમના વિચારો રજૂ કર્યા. આઝાદીના ૬૪ વર્ષ પછી આ ગૃહની અંદર આદિવાસી માટે આટલી બધી ચિંતા કરીને સંકલ્પ લાવવો પડે. હું વિચાર કરતો હતો કે હું તો ૪૩ વર્ષની ઉંમરનો થયો છું અમરસિંહભાઇ. પરંતુ આ રાજયના મુખ્યમંત્રીશ્રી પણ આપણા અમરસિંહભાઇ ચૌધરી એ આદિવાસી સમાજના હતા અને કદાચ જો તમને તમને મળેલાં વર્ષોમાં જો આદિવાસીઓની ચિંતા કરવી પડત તો ૧૧ આવેલા છો તેમાંથી એક પણ નહિ હોત, પરંતુ આ વિધાનસભા ગૃહની અંદર મારે ૧૧મી વિધાનસભાની વાત નથી કરવી. મારા બંને મુરબ્બી રમણભાઇ અને વિજયભાઇએ વાત દોહરાવી છે. હું બજેટ જોતો હતો તમે ટકાવારીમાં નહિ પડો, પરંતુ વિસ્તારમા વિકાસ કેવો થાય છે, તેની ચિંતા કરો. તમે ટકાવારી શોધવામાં તમે કેટલા ટકા રહી ગયા છો તેની ચિંતા કરો.

અધ્યક્ષશ્રી : નરેશભાઇ આપની પાસે સમય ઓછો છે.પ્લીઝ આપ મારી સામે જોઇને વાત કરો.

શ્રી નરેશભાઇ મ. પટેલ : ઉશ્કેરાટ શેના માટે. અમે આદિવાસી વિસ્તારમાંથી આવીએ છીએ. આમ આ સરકારે કરેલાં કામો નજરે જોઇએ છીએ અને જે નજરે જોઇએ છીએ તેની વાસ્તવિકતાની વાતો કરીએ છીએ. મેં જોયું છે. ૨૦૦૧ સુધીમાં ફકત ૨૭ વર્ષમાં ૬,૦૦૦ કરોડ રૂપિયાનું બજેટ વપરાયું છે અને ૧૦ વર્ષની અંદર ૨૦,૦૦૦ કરોડ રૂપિયાનું. અમે ગૌરવ લઇ શકીએ. શા માટે ગૌરવ ન લઇ શકીએ. આદિવાસી વિસ્તારમાં હું એનાથી ૩ વર્ષના આંકડા જોયા છે.માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૯–૧૦નું મેં જોયું તો ૩૬૬૫ કરોડ, ૨૦૧૦–૧૧ જોયું તો ૪૦૬૮ કરોડ રૂપિયા. તેનાથી આગળ ૪૮૯૮ કરોડ રૂપિયા. આ સરકારની દરેક વિભાગો વનબંધુ કલ્યાણ યોજનામાં તેની જે અમલવારી થાય છે. તે લોકો સ્વીકારે, ના સ્વીકારે પણ આદિવાસીના માનીતા મુખ્યમંત્રીશ્રીને આદિવાસી સમાજ ઓળખી ગયો છે. તમે ડીસેગની માન્યતાની વાત કરો છો પણ આદિવાસીના માનીતા મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદી તે ગરીબોના બેલી તરીકે ઉભરી આવ્યા છે. મારા મુરબ્બી રમણભાઇએ આરોગ્ય વિભાગ, કૃષિ વિભાગની અને વિજયભાઇએ શિક્ષણ વિભાગની વાત કરી. પરંતુ હું થોડીક પાણીની વાત કરું છું. આદિવાસી વિસ્તારમાં અમારો કપરાડા વિસ્તાર હોય કે ચીખલી વિસ્તાર સો ઇંચ વરસાદ પડતો હતો તેમ છતાં હોળી પછી પાણી માટે વલખાં મારવાં પડતાં હતા. વલખાં મારવા પડતા હતા. શા કારણે? અમરસિંહભાઇ વસાવા આદિવાસી સમાજમાંથી આવે છે તો હું પણ ઢોળીયા સમાજમાંથી આવું છું. એક સામાન્ય કોતર કે વ્હેરી હોય તેમાંથી પાણી પીતા હતા. ટેન્કર પ્રથા માટે આવેદનપત્ર આપવું પડતું હતું તે ટેન્કર પ્રથા અમે દૂર કરી છે.આજે મારે ગર્વ સાથે કહેવું પડે કે ૨૦૦૧માં ૧૨.૪૮ લાખ એસ.ટી. કુટુંબો પૈકી ફકત ૪૮૬૯૮ એટલે ૩.૦૯ ટકા લોકોને પાણી ઉપલબ્ધ થયું હતું. આજે ૨૦૧૧ની સ્થિતિએ ૧૫.૨૫ લાખ કુટુંબો પૈકી ૬ લાખ ૪૮ હજાર ૮૮૩ કુટુંબોને પાણી આપ્યું છે. આ આંકડા છે. તેમ છતાં પાણીની વાત કરી તેમ વીજળીકરણની વાત કરું. તો વીજળીકરણની વાત કરું તો ૪ લાખ ૮૪ હજાર ૭૭૩ ઘરોમાં વિનામૂલ્યે વીજળી આપી છે. આવા આદિવાસી વિસ્તારની અંદર વિકાસ થતો હોય ત્યારે સત્ય વાત કરવીજોઇએ.વાસ્તવિકતા હોય તેની વાત કરો તો અમે સ્વીકારીએ એટલે આજે મોહનસિંહભાઇ જે સંકલ્પ લઇને આવ્યા છે તેમાં અમે કોઇપણ રીતે સહમત નથી. કોઇપણ રીતે સહમત નથી.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી. માનનીય ઇશ્વરભાઇ આપ મંત્રી છો. બેઠા બેઠા કોમેન્ટ ન કરો. પ્લીઝ.

**શ્રી મંગુભાઇ છ. પટેલ(આદિજાતિ વિકાસ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના માનનીય સભ્યશ્રી બિનસરકારી સંકલ્પ લાવ્યા છે અને તેમાં પાંચેક જેટલા ધારાસભ્યોએ મારા આદિજાતિ વિભાગની વાત કરી છે. મારે તેમણે કેટલાક પ્રશ્નો જે ઉભા કર્યા છે તેનો પહેલો જવાબ આપવો જોઇએ. ડીસેગની વાત કરી છે તેમાં ડી–સેગનું ઓડીટ થાય છે. લોકોના કામ થયા છે. જયારે ઓડિટ થતું હોય ત્યારે આવી કોઇપણ બાબત હોય, ગેરરીતિ થઇ હોય તો તે ધ્યાન પર આવે છે. આ ડી–સેગની સમિતિના ચેરમેન સી.એસ. એટલે કે ચીફ સેક્રેટરી પોતે છે. મોન્ટેસોની વાત થઇ છે. મોન્ટેસોમાં મકાઇનું બિયારણ સારુ આપીને દાહોદ અને સાબરકાંઠા જિલ્લામાં જે આદિવાસી ખેડૂત છે તેને તેનો લાભ મળ્યો છે અને તેનો જે રિપોર્ટ છે તેમાં આદિવાસીઓને સારો ફાયદો થયો છે. જે રજૂઆત છે તેને ધ્યાને રાખીને ખેતીવાડી અધિકારીનો અમે રિપોર્ટ મંગાવેલો છે અને તેના આધારે આગળ ચાલીશું. અહીં મારુતિ ડ્રાઇવીંગની વાત થઇ છે. મારુતિ ડ્રાઇવીંગ સ્કૂલ હેઠળ ૧૭૭૦ જેટલા યુવકોને તાલીમ આપવામાં આવી છે અને ૧૩૪૫ જેટલા આદિવાસી યુવકોને નોકરી મળી છે. આ કેટલા ટકા રિઝલ્ટ છે તે આપ જોઇ લો. સરકારના જુદા જુદા તાલીમ વર્ગોમાંથી લગભગ વિદેશોમાં આજે જે નોકરી કરે છે ભૂતકાળની કોંગ્રેસની સરકારમાં એકપણ વિદ્યાર્થીને વિદેશ મોકલવામાં આવ્યો છે કે કેમ? તે જોઇ લેજો. ૫૮ જેટલા આજે સરકારની તાલીમ લઇને વિદેશોમાં નોકરી કરે છે. આદિવાસીના લગભગ ૮૨ જેટલા છોકરાઓ વિદેશમાં ભણે છે સરકારની દસ લાખની ઓછા વ્યાજની લોન લઇને ૧૫ જેટલા યુવકો પાઇલોટનું શિક્ષણ મેળવે છે, એક તો પાઇલોટ આજે મુંબઇમાં બની ગયો છે. એમાં પહેલાં ઓછા વ્યાજની લોનમાં ૧૫ લાખ રૂપિયા અપાતા હતા એ આ જે બજેટમાં ૨૦ લાખ

રૂપિયાની લોન આપવાનું નક્કી થયું છે. આ રીતે આદિવાસીની વાત જે છે એ ખરેખર આદિવાસી આ સરકારમાં કેટલો આગળ વધી રહયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં બજેટની વાત થઇ કે બજેટ ઓછું ફાળવાય છે. આ છેલ્લા દસ વર્ષમાં ૨૩૪૦૧ કરોડ રૂપિયાનું બજેટ ફાળવાયું છે અને આ પાંચ વર્ષ માટે ૪૦૦૦૦ કરોડ રૂપિયા અને તેમાંય એક જ વર્ષનું બજેટ ૬૬૦૦ કરોડ રૂપિયા આ વખતનું ફાળવાયું છે. અહીંયાં એવી પણ વાત થાય છે કે, આ જે બજેટ સરકાર વાપરે છે એના કારણે આર્થિક, સામાજિક, શૈક્ષણિક આદિવાસીઓનું જીવનસ્તર ઉંચું આવે તે પ્રકારના અનેકવિધ સર્વાંગી વિકાસના કામો થયાં છે, પાયાની કેટલીક જરૂરિયાત છે તેનાં પણ આજે કામો થયાં છે અને આદિવાસીના શિક્ષણની વાત કરી તે રીતે આ જ સરકારમાં આ જ દાયકામાં આદિવાસીઓની શિક્ષણની કેટલી ઉપલબ્ધી છે. ૧૯ જેટલી એકલવ્ય સ્કૂલો ચાલે છે, ૩૫ જેટલી કન્યા નિવાસી શાળાઓ ચાલે છે, ૧૨ જેટલી મોડલ સ્કૂલ શરૂ કરવામાં આવેલ છે, ૯૫ જેટલી વિજ્ઞાન પ્રવાહની સ્કૂલો ચાલે છે. તમારી સરકારના સમયમાં એક પણ વિજ્ઞાન પ્રવાહની શાળા હતી કે કેમ? ૫૧ જેટલી સરકારી ગ્રાન્ટ ઇન એઇડ કોલેજો કાર્યરત છે. આદિવાસી વિસ્તારમાં તાંત્રિક શિક્ષણ અપાય છે, આ ટેકનોલોજીનો જમાનો છે, ટેકનિકલ શિક્ષણ ટેકનોલોજીના જે વિષયો છે અંગ્રેજી, ગણિત, વિજ્ઞાન એ વિષય પરની લગભગ ૨૩ જેટલી નવી આઇટીઆઇ ખોલવામાં આવી છે ૩ ઇજનેરી કોલેજો ખોલવામાં આવી છે, ૪ પોલિટેકનિક કૃષિ કોલેજો ખોલવામાં આવી છે. ૨ વિજ્ઞાન પ્રવાહની કોલેજ ખોલવામાં આવી છે, ૩ નર્સિંગ સ્કૂલ શરૂ થઇ છે. ફીજીયોથેરાપીની કોલેજ શરૂ કરવામાં આવી છે, વેટરનરી કોલેજની સ્થાપના કરવામાં આવી છે, આ રીતે ઉચ્ચ સુવિધાવાળી ઉચ્ચ અભ્યાસ કરવા માટેના પ્રયત્નો આ સરકારમાં થયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતની આદિવાસીઓના આરોગ્યની વાત કરીએ તો આદિવાસીમાં આપણને બધા આદિવાસીભાઇઓને ખબર છે કે સીકલસેલ નામનો રોગ છે આદિવાસીઓમાં કે જે ક્યૉરેબલ નથી, એક સમયે આ સીકલસેલ માટે બજેટ કેટલું ફાળવાયેલું તો ખાલી ફક્ત ૩૫ હજાર રૂપિયા, ડોક્ટરોનું એવું કહેવું છે કે, રોજના બે થી ત્રણ બાળકો સીકલસેલવાળા મૃત્યુ પામે છે, તમે આખા વર્ષની કેટલી સંખ્યા થાય છે એ ગણો, આ માનનીય મુખ્ય મંત્રીશ્રીએ આદિવાસીઓની સીકલસેલ માટેની સોસાયટી બનાવી છે અને આ બજેટમાં પણ ૧૧ કરોડ રૂપિયા ફાળવ્યા છે, તો ક્યાં ૩૫ હજાર અને ક્યાં ૧૧ કરોડ?

માનનીય અધ્યક્ષશ્રી, ગરીબી રેખા નીચેના કિડની, કેન્સર, હૃદય જેવા રોગોની સારવાર માટે આદિવાસીઓને માનનીય મુખ્ય મંત્રીશ્રીના ફંડમાંથી જે પૈસા ફાળવાય છે એમાં ૧૨ કરોડ ૭૬ લાખની વ્યવસ્થા કરવામાં આવી છે, આમ આ રાજય સરકારે આદિવાસી કુટુંબોના સંપૂર્ણ આરોગ્યની જરૂરિયાતોને પ્રાથમિકતા આપી અને પ્રજાલક્ષી પરિણામો હાંસલ કર્યા છે આદિવાસીઓ માટે રસ્તાની વાત કરીએ તો સવારે પ્રશ્ન ચાલતો હતો આદિવાસીઓના રસ્તાની બાબતમાં ત્યારે મારે કહેવું છે કે, આદિવાસી વિસ્તારોમાં જે મહેસૂલી ગામ છે એમાં ૯૯.૪૭ ટકા જેટલા રસ્તા બનાવવામાં આવ્યા છે. ૨૫૦થી ઓછી વસતિ ધરાવતા ૪૨૫૨ ફળિયાં પૈકી ૨૯૪ જેટલાં જ ફળિયાં બાકી છે, એટલા રોડ બનાવવામાં આવ્યા છે, રસ્તાઓના અનેકવિધ કામ પૂર્ણ કરવાના કારણે આદિવાસીઓના વિદ્યાર્થીઓના શિક્ષણ માટે અવરજવર, ખેત ઉત્પાદનનો માલ બજાર સુધી પહોંચાડવામાં ,સરળતા રહેશે અને બિમારીના ગંભીર પ્રસંગોએ ઝડપથી સારવાર સુધી પહોંચતા કરવામાં રસ્તા સીધા મદદરૂપ થાય છે. અહીંયા ફૉરેસ્ટના રસ્તાની પણ વાત થઇ, ગઇ વખતે ૫૦ કરોડ રૂપિયા ડાંગને જ્યા વન વિસ્તારના રસ્તા છે એના માટે ૩૫ રસ્તા મંજૂર કરવામાં આવ્યા છે અને આગળ જતા એવા કોઇક રસ્તા હશે એના માટે કેન્દ્રની ગાઇડ લાઇનને ધ્યાનમાં રાખીને એવા રસ્તા પણ ચોક્કસ કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસીની પાણીની સુવિધાની વાત ગુજરાતના ડૂંગરાળ અને જંગલમાં વસતા આદિવાસી કુટુંબોને પીવાનું અને ઘર વપરાશનું પૂરતું પાણી મળે તે માટે સરકારે વ્યાપક ચિંતા કરીને સઘન આયોજનબદ્ધ પ્રયાસો કરીને છેલ્લા વર્ષોમાં અનેકવિધ યોજનાઓ દ્વારા આયોજન કરીને સારા પરિણામો હાંસલ કર્યા છે. આદિવાસી વિસ્તારમાં આવેલ ૧૮ શહેરોમાં ૭૬ જેટલી પાણી પુરવઠાની યોજના પૂરી કરી છે અને ૧૨ જેટલી બાકી છે એ પણ હવે વહેલીતકે પૂરી કરવામાં આવશે. વનબંધુ કાર્યક્રમ હેઠળ ઘરે

ઘરે પાણીની સુવિધા આદિવાસી માતાને, બહેનોને મળી રહે તેની પણ ચિંતા કરી છે. પાણી પુરવઠા યોજના ઘરે ઘરે પાણી પૂરું પાડવાની યોજના હેઠળ ૬,૪૮,૮૮૩ જેટલા મોટા પ્રમાણમાં પીવાનું પાણી પૂરું પાડી માનનીય મુખ્યમંત્રીશ્રીએ વનબંધુ કલ્યાણ માટેના સંકલ્પને સાકાર કરવાની દિશામાં આદિવાસી વિસ્તારમાં વિકાસ કરીને નક્કર પરિણામ મેળવી આપેલ વચનને સરકારે નીભાવેલ છે. અહીંયા આદિવાસીને છેતરવાની વાત થાય છે. કોણે છેતરેલા છે એ ભૂતકાળ તપાસી લેજો. આજ ગૃહમાં મને ચોક્કસ ખબર છે કે કોંગ્રેસના લોકોએ એવા ભાષણો કર્યા છે કે આદિવાસીઓ માટે આ લોકોએ એક *(**xxxxx**) મત લઇને આવીને અહીં બેઠા છે અને આદિવાસીઓનું કંઇ કર્યું નથી. આ રેકોર્ડ ઉપર રહેલી વાત છે. (અંતરાય) વિધાનસભાના રોકોર્ડમાં ભૂતકાળના ભાષણના રેકોર્ડ જોઇ લો તો એમાં પણ છે. કોણ છેતરે છે? મરઘા બતકાની યોજના કોની છે? આજે કહો જુઓ આદિવાસીઓ પાયલોટ બનીને વિમાન ચલાવવાનું શીખ્યા છે. આદિવાસી વિદેશમાં ભણે છે એવી આ સરકારની યોજના છે.(અંતરાય)

( આબક્કે વિરોધ પક્ષ કોંગ્રેસના સભ્યશ્રીઓ તરફથી સુત્રોચાર કરવામાં આવ્યા)

## પોઇન્ટ ઓફ ઓર્ડર
## (xxxxx) શબ્દો રેકોર્ડ પરથી દૂર કરવા અંગે

શ્રી ઇકબાલ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે પોતાનો જવાબ આપી રહ્યા છે ત્યારે તેમાં આદિવાસી સમાજને ઉદેશીને (**xxxxx**) શબ્દ જે આપરેલો છે આદિવાસી સમૂહને ઉદેશીને વાપરેલો શબ્દ છે એ બહું હાનિકર્તા શબ્દ છે એ રેકોર્ડ પર રહે એ યોગ્ય નથી. એટલા માટે આ શબ્દો રેકોર્ડ ઉપરથી દૂર કરવા જોઇએ એવું મારું માનવું છે.

અધ્યક્ષશ્રી : હું રેકોર્ડ જોઇને એ શબ્દો દૂર કરીશ. (અંતરાય)

શ્રી અમરસિંહ રા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના રેકોર્ડ ઉપર આ શબ્દો જોઇ શકો છો.

અધ્યક્ષશ્રી : માનનીય અમરસિંહભાઇ હું રેકોર્ડ જોઇને એ શબ્દો દૂર કરીશ એમ મેં કહ્યું જ છે પછી કોઇ પ્રશ્ન રહેતો નથી. પ્લીઝ. (અંતરાય)(સૂત્રોચ્ચાર ચાલુ) રેકોર્ડ જોઇને એ શબ્દો દૂર કરવાનું મેં કહી દીધું છે આપના નેતાશ્રીને. ઇકબાલભાઇ, આપના પોઇન્ટ ઓફ ઓર્ડરના જવાબમાં મેં કહી દીધું છે કે રેકોર્ડ જોઇને એ શબ્દો હશે તો હું દૂર કરીશ. તો આપના સભ્યશ્રીઓને આપ બેસાડો. (અંતરાય) જ્યારે રેકોર્ડ જોઇને દૂર કરવાની વાત થઇ ગઇ, આપના દંડકશ્રીએ જયારે આ મુદો ઉઠાવ્યો છે અને રેકોર્ડ જોઇને દૂર કરવાની વાત કરી છે પછી એમાં કોઇ પ્રશ્ન રહેતો નથી. પ્લીઝ, આપ બધા બેસી જાવ. (અંતરાય સૂત્રોચ્ચાર ચાલુ) આ પ્રશ્ન યોગ્ય નથી. પ્લીઝ. માનનીય મંત્રીશ્રી આપ ચાલુ કરો.

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકારે સરકાર તરફથી મળતા ફંડ અને રાજય સરકારે આદિવાસીઓના વિકાસ માટે કરેલી જોગવાઇઓ પૂરેપૂરી આયોજનબધ્ધ અને આદિજાતિને સીધે સીધો લાભ મળે તે માટે (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ પરમાર, આપ પીઠ આ તરફ ફેરવીને વાત ન કરો આનાથી ગૃહનું અવમાન થાય છે. માનનીય શૈલેષભાઇ, આપને એક સિનિયર સભ્ય તરીકે ખ્યાલ હોવો જોઇએ કે અધ્યક્ષશ્રીની સામે પીઠ ફેરવીને વાત કરી શકાતી નથી. (અંતરાય) સામાન્ય રીતે રાજય સરકાર તરફથી ભારત સરકારને અગાઉના વર્ષમાં ફાળવેલ ગ્રાન્ટ વપરાશના પ્રમાણ સાથે રજૂ કરવામાં આવે છે જેના આધારે સરકાર તરફથી નાણાકીય વર્ષની મધ્યમાં અથવા વર્ષની આખરે એટલે કે ફેબ્રુઆરી માર્ચ માસમાં મંજૂર થઇ નાણાં ફાળવવામાં આવતા હોય છે જેથી મંજૂરીના આદેશ જે તે વર્ષ થયાંના બાર માસ ગ્રાન્ટ વાપરવાની શરત મૂકેલ છે. ૨૦૦૯-૧૦ દરમ્યાન ભારત સરકાર તરફથી જે ૧૪૨ કરોડ રૂપિયાની ગ્રાન્ટ મળેલી એ પૂરેપૂરી વાપરી પ્રમાણપત્ર મોકલી આપવામાં આવ્યાં છે. ૨૦૧૦-૧૧ દરમ્યાન ૨૬૨ કરોડ રૂપિયા જે આપ્યા છે એમાં બાંધકામની જે ગ્રાન્ટ છે એ બાંધકામ પૂરું થયે એ વાપરવામાં આવશે. સાચી વાત સાંભળવાની તૈયારી નથી

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવમાં આવ્યા છે.

ત્યારે આ રીતે કરે એ બરાબર નથી સાચી વાત સાંભળવાની પણ તૈયારી રાખવી પડે. ખોટી ખોટી વાત કરીને આદિવાસીઓને ભરમાવવાની વાત એ હવે આદિવાસી કોઇ રીતે સાંખી લે તેમ નથી.

**(આ તબક્કેસભાગૃહમાં ઉપસ્થિત રહેલા કોંગ્રેસ પક્ષના તમામ સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતાં કરતાં વોકઆઉટ કરી ગયા)**

અહીંયા એક જંગલની જમીનની વાત થઇ છે. જંગલની જમીનમાં જે ગુજરાત સરકાર છે એણે જે લક્ષ્યાંક સિદ્ધ કર્યો છે આખા દેશમાં એટલી જંગલની જમીન કોઇ રાજય સરકારે આપી નથી. ભૂતકાળમાં પણ ૧૯૬૭ પહેલાં ૧૯૮૦ પહેલાં જ્યારે કેન્દ્રનો કાયદો નહોતો કેન્દ્રનો કાયદો ૨૦૦૬માં આવ્યો છે અને એનો અમલ ૨૦૦૮માં થયો છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર તરફથી ભૂતકાળમાં ૪૫૫૦૨ લોકોને ૩૪૦૦૦ હેકટર જેટલી જમીન આપવામાં આવી છે. કેન્દ્ર સરકારે કાયદો બનાવ્યા પછી જે ૧ લાખ ૮૨ હજાર અરજીઓ આવી તે અરજીઓ અને બીજી અરજીઓ મળીને ૧,૯૨,૦૦૦ અરજીઓ આવી. એમાં પણ માનનીય મુખ્યમંત્રીશ્રીના આદેશ મુજબ એકદમ ઝડપથી કામ કરીને ગામની સમિતિ, તાલુકાની સમિતિ, જિલ્લાની સમિતિની રચના કરીને એ આપવાની શરૂઆત કરી અને શરૂઆતમાં ૧૫૦૦૦ જેટલી અરજીનો નિકાલ કર્યો અને એમને કબજા રસીદો આપી અને અમને એવું લાગ્યું કે આદિવાસીઓમાં બે પુરાવા જોઇએ બે પુરાવા નહોતા મળતા એટલા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીના આદેશથી અમે સેટેલાઇટનો ઉપયોગ કર્યો અને સેટેલાઇટનો ઉપયોગ કરીને આજે ૩૮૨૭૪ જેટલા આદિવાસીઓને જંગલની જમીનની કબજા રસીદ આપી છે. હમણાં આદિજાતિ પરિષદની એક મિટિંગ મળી તેમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ સૂચન કર્યું કે જે લોકોની અરજીઓ નામંજૂર થઇ છે તેની ફરીથી સમીક્ષા કરીને કાયદેસરના જે લોકો છે તેને ચકાસણી કરીને જમીન આપવી જોઇએ. એમના આદેશ મુજબ ફરીથી અમે ચકાસણીના આદેશ કરેલા છે અને કામ ચાલુ કરેલ છે પણ એક વાત ચોક્કસ છે કે જે ખરેખર સાચો આદિવાસી છે ખરેખર જે જંગલની જમીનમાં ખેતી કરતા હતા એમને માનનીય મુખ્યમંત્રીશ્રીના આદેશથી અમે ચકાસણી કરીને અમે જમીન આપવાના છીએ. પણ ખોટો માણસ હોય અને ખોટી કોઇની ચડામણીથી અરજી કરી દીધી હોય એવા માણસને જમીન નથી મળવાની સાચા માણસને, એક એક આદિવાસી હશે તેને મુખ્યમંત્રીશ્રીના આદેશ મુજબ જંગલની જમીનની કબજા રસીદ આપવાની છે, આ રીતે જ્યારે સરકારની કામગીરી કરી છે ત્યારે માનનીય મોહનસિંહભાઇ જે સંકલ્પ લાવ્યા છે એ બરાબર નથી, સાચી વાત સાંભળવાને બદલે ગૃહ છોડી ગયા છે, સાચી વાત સાંભળવાની પણ તૈયારી રાખવી જોઇએ ખોટી વાત કરીને આદિવાસીને કોઇ રીતે સમજાવવાની વાત કરે તે ચાલશે નહિ, હવે આદિવાસી પ્રજા પૂરી જાગૃત થઇ છે શિક્ષિત થઇ છે અને એ કારણે હવે કોઇ આદિવાસી પ્રજા કોંગ્રેસ તરફથી જે આદિવાસી વિરોધીની વાત કરે છે એ કોઇ દિવસ સાંખી લેશે નહિ આ સરકાર જે કામગીરી કરે છે એ કામગીરી હજી ઝડપથી કેવી રીતે આગળ વધે એ પ્રયત્નમાં અમે છીએ. આભાર.

## પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી દિલીપભાઇ ન. સંઘાણી ( વૈધાનિક અને સંસદિય બાબતો: ) મારો પોઇન્ટ ઓફ ઓર્ડર એ છે કે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૫૭ (૬) માં સભાગૃહમાં ભાષણ ચાલુ હોય ત્યારે કાર્યવાહીમાં હરકત કરવી નહિ, સિસકારા બોલાવવા નહિ, વિક્ષેપ પાડવો નહિ, વારંવાર ટીકા કરવી નહિ, આવું સ્પષ્ટ લખેલું હોવા છતાં પણ સામૂહિક રીતે આખા કોંગ્રેસપક્ષે..માનનીય મંત્રીશ્રી મંગુભાઇને વારંવાર ટીકાઓ કરીને વિક્ષેપ પાડયો છે અને સૂત્રોચ્ચાર કરીને સામુહિક રીતે સભાગૃહનો જે રીતે ત્યાગ કર્યો છે તે અપમાનિત પરંપરા છે. આ બદલ સમગ્ર કોંગ્રેસ પક્ષને ઠપકો આપવો જોઇએ. બીજું માનનીય અધ્યક્ષશ્રી, સંકલ્પનો જે મુવર હોય છે, તેમાં જવાબ આપવાનો હોય છે અને તેમાં હાજરી આપવાની હોય છે એવા સમયે સન્માનીય મોહનભાઇ હાજર નથી તો તેમને હાજર રહેવા માટે, આટલો સમય લીધા પછી નોંધ લઇને તેમને પણ ઉચિત વાકયમાં ઠપકો આપવો.

અધ્યક્ષશ્રી : માનનીય સંસદીય મંત્રીશ્રી દિલિપભાઇએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો છે કે, જયારે સંકલ્પ રજૂ કરનાર મોહનસિંહ ભાઇ હતા અને તેમના સભ્યશ્રીઓએ જયારે પ્રવચન કર્યુ ત્યારે મંત્રીશ્રીએ સંપૂર્ણ રીતે તેમનું પ્રવચન સાંભળ્યું છે. અને જયારે માનનીય મંત્રીશ્રી જવાબ આપી રહ્યા હતા એ સમયે તેમના દ્રારા જે કોઇ શબ્દોના ઉચ્ચારણો થયા તેમની સામે ઇકબાલભાઇએ પોઇન્ટ ઓફ ઓર્ડર લઇને વાંધો ઉઠાવ્યો હતો અને તે જ વખતે મેં ખાતરી આપી કે હું રેકોર્ડ જોઇને દૂર કરીશ. એટલે તેમનો જે પોઇન્ટ ઓફ ઓર્ડર હતો તે ત્યાં પૂરો થઇ જાય છે. તેમ છતાં વિપક્ષના તમામ સભ્યશ્રીઓ મારી જે વિનંતી હતી તેનો પણ અનાદર કરીને તેમણે આ ગૃહને ડિસ્ટર્બ કરવાનો પ્રયત્ન કે અડચણ ઉભી કરવાનો પ્રયત્ન ચાલુ રાખ્યો અને માનનીય મંત્રીશ્રીનું પ્રવચન પણ તેઓ સાંભળવા માટે રોકાયા નથી તે આ ગૃહના માટે યોગ્ય નથી જેથી ભવિષ્યમાં આવી કોઇ પણ પ્રવૃત્તિ આ ગૃહમાં ના થાય એવો હું વિપક્ષના તમામ સભ્યશ્રીને હું ઠપકો આપું છું.

**પ્રશ્ન મત ઉપર મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.**

# બિનસરકારી સંકલ્પો (ક્રમશઃ)

મિશન મંગલમ્ અંગે

સચિવશ્રીઃ માનનીય સભ્યશ્રી ડો.માયાબેન કોડનાની.

( થોડીવાર બાદ ) માનનીય સભ્યશ્રી ગેરહાજર.

**કૃષિ ઉત્કર્ષકારી પગલાં ભરવા અંગે**

**શ્રી રજનીકાન્ત સો. પટેલ(ચાણસ્મા) :** માનનીય અધ્યક્ષશ્રી, હું સંકલ્પ રજૂ કરું છું કેઃ–

" ગુજરાત આજે નિર્વિવાદપણે સમગ્ર રાષ્ટ્રનું ગ્રોથ એન્જિન બની ચૂકયું છે અને તેમાં પણ કૃષિક્ષેત્રે રાજય સરકારે અમલમાં મૂકેલી વ્યૂહરચનાના પરિણામે ગુજરાતે કૃષિક્ષેત્રમાં સમગ્ર રાષ્ટ્રનું નેતૃત્વ પ્રાપ્ત કરી લીધું છે. સમગ્ર રાષ્ટ્ર આજે કૃષિક્ષેત્રે ૪ ટકાનો વિકાસ દર પ્રાપ્ત કરવા માટે સતત ઝઝૂમી રહ્યું છે તેવા સંજોગોમાં ગુજરાતે છેલ્લાં દશ વર્ષથી ૧૦ ટકા કરતાં પણ વધુ કૃષિ વિકાસ દર પ્રાપ્ત કરીને કૃષિક્ષેત્રે અમલમાં મૂકેલ વ્યૂહરચનાને આ રાજયના લાખો કૃષિકારો, પશુપાલકો, સાગરખેડુઓ તથા સમગ્ર કૃષિક્ષેત્રના કર્મચારીઓની સતત મહેનતે યથાર્થ સાબિત કરી આપી છે. છેલ્લાં દશ વર્ષમાં રાજય સરકારે રાજયના લાખો કૃષિકારોની ખુશહાલી અને આર્થિક ઉન્નતિ માટે અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકીને સમગ્ર દેશમાં કૃષિક્ષેત્રે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ છે, જેની કેન્દ્ર સરકાર, કેન્દ્રિય આયોજન પંચ, અનેકવિધ નામાંકિત વિદ્વાનો અને વર્લ્ડ બેંકે પણ નોંધ લઇને કૃષિક્ષેત્રના " ગુજરાત મોડેલ " ને અનુસરવા ભલામણ કરી છે. રાજય સરકારે ૩૦ દિવસ સુધી સતત કાર્યરત રહીને રાજયના ૧૮૦૦૦ ઉપરાંતના ગામોમાં તાલુકા કક્ષાએ કૃષિ વિકાસના થીમ આધારિત કૃષિ મહોત્સવની ઉજવણી કરી, જેનો લાભ અસંખ્ય કૃષિકારોએ મેળવેલ છે. રાજયમાં નોંધાયેલ કુલ ૪૨ લાખ ઉપરાંતના ખેડૂત ખાતેદારો પૈકી મોટાભાગના ખેડૂતોને સોઇલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા છે, જેના થકી ખાતરનો સમતોલ અને યોગ્ય ઉપયોગ થવાથી વિવિધ પાકોનાં ઉત્પાદન અને ઉત્પાદકતામાં વધારો થવા પામેલ છે. રાજયમાં વધતી જતી રોજગારીના કારણે, કૃષિક્ષેત્રે પ્રવર્તતી કૃષિ શ્રમયોગીઓની અછતના વિકલ્પે રાજય સરકારે કૃષિ યાંત્રિકરણ અપનાવીને રાજયના હજારો ખેડૂતોને ટ્રેકટર, રોટાવેટર, હાર્વેસ્ટર, પ્લાન્ટર વગેરે માટે કરોડો રૂપિયાની સહાય ઉપલબ્ધ કરાવેલ છે. કૃષિ ક્ષેત્રે **Pre and post Harvesting Management**ને અનુસરીને તથા **Cluster based Approach** અપનાવીને રાજયની વિવિધ યોજનાઓનો લાભ નાના અને સીમાંત ખેડૂતો સુધી પહોંચે તેવા પ્રયાસો વર્તમાન રાજય સરકાર કરી રહી છે. રાજય સરકાર યોગ્ય બિયારણ માટે આધુનિક અને વૈજ્ઞાનિક ઢબે બીજ ઉત્પાદન કાર્યક્રમ, જમીનના સૂક્ષ્મતત્વની ચકાસણી કરી તેની ફળદ્રુપતા વધે તે માટે સોઇલ હેલ્થ કાર્ડ, પાણી માટે વૈજ્ઞાનિક ઢબે જળ–વ્યવસ્થાપન, રાસાયણિક ખાતર અને તેના વિકલ્પે સેન્દ્રિય અને બાયો ફર્ટિલાઇઝર અને કપાસના પાક માટે બાયો ટેકનોલોજી, પેસ્ટીસાઇડ સહિતના વિવિધ કૃષિ ઇનપુટ વિપુલ માત્રામાં ઉપલબ્ધ કરાવવા કૃષિ યુનિવર્સિટી મારફતે અદ્યતન ટેકનોલજી અને માહિતીનું વિસ્તરણ અને સંશોધનો કરાવી રહી છે. અસંખ્ય નેટ હાઉસ, ગ્રીન હાઉસ થકી હાઇટેક એગ્રીકલ્ચર અપનાવી વિકાસલક્ષી મૂલ્યવર્ધિત બાગાયતી

પેદાશોના ઉત્પાદનને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. કૃષિ ઉપજના પોષણક્ષમ ભાવો માટે સુગઠીત કૃષિ બજાર માળખું ઉભું કરેલ છે. તે માટે કરોડો રૂપિયાની સહાયથી રાજ્યની ૨૦૭ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓ અને જિલ્લા સંઘોને અનેક યોજનાઓ હેઠળ આંતર માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવેલ છે. આ ઉપરાંત આકસ્મિક તથા કુદરતી પરિબળો સામે સામાજીક અને આર્થિક સુરક્ષા પ્રદાન કરવા ખેડૂત અકસ્માત વીમા યોજના અને પાક વીમા યોજનાનો સુચારૂ અમલ કરવામાં આવી રહ્યો છે. કપાસ પાક વીમા પ્રિમીયમમાં સહાય આપવાનું આયોજન કર્યુ છે. રાજ્ય સરકારે વરસાદના પાણીના ટીપેટીપાનું મૂલ્ય સમજીને જળ વ્યવસ્થાપન માટે લોક ભાગીદારીથી અસરકારક અને પરિણામદાયી પગલાં ભર્યા છે. વળી કૃષિ સંલગ્ન પશુપાલન ક્ષેત્રે પણ સુદ્રઢ પગલાં ભરીને રાજ્યના ૪૨ લાખ પશુપાલક કુટુંબોના કલ્યાણ અર્થે પશુ આરોગ્ય મેળાઓ, ઘનિષ્ઠ પશુ સંવર્ધન અને સારવાર કેન્દ્રો, મોબાઇલ પશુ દવાખાના સહિતના અનેકવિધ કાર્યક્રમો થકી રાજ્યમાં ખરા અર્થમાં શ્વેત ક્રાંતિનું સર્જન કર્યુ છે. રાજ્યની દેશી પશુ ઓલાદની સુધારણા, સંવર્ધન અને જાળવણી માટે સમગ્ર રાષ્ટ્રમાં અદ્યતન સીમેન ફ્રોઝન સેન્ટર ઉભું કર્યુ છે. જેના કારણે વર્ષ ૨૦૦૨–૦૩માં પશુ રોગોની સંખ્યા ૧૬૧ હતી તે ઘટીને જાન્યુઆરી– ૨૦૧૨ના અંતે ફકત ૨૯ પશુરોગ છે. આમ પશુરોગોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે અને દૂધ ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો થયો છે. દૂધ ક્ષેત્રે પછાત વિસ્તારમાં જિલ્લા સંઘોને તથા હયાત ડેરીઓને કરોડો રૂપિયાની સહાયથી પશુપાલકો અને દૂધ ઉત્પાદકોએ **ક્કક્કકલીન મિલ્ક ટેકનોલોજીક્ક** અપનાવીને અસરકારક બજાર વ્યવસ્થા પૂરી પાડેલ છે. સરકારે સમગ્ર દેશમાં સૌપ્રથમ એનીમલ હોસ્ટેલનો પ્રયોગ સફળતાપુર્વક અમલમાં મૂકયો છે અને આગામી વર્ષે વધુ એનીમલ હોસ્ટેલ બનાવવાનું આયોજન આરંભી દીધેલ છે. આ ઉપરાંત આપણા સૌની અને ૩૩ કરોડ દેવતાઓનો વાસ ધરાવતી ગૌમાતાના સંરક્ષણ અને સંવર્ધન માટે કડક કાયદા અમલમાં મૂકેલ છે. આમ, કૃષિ વિકાસ માટેના આવા અનેકાનેક ઉત્કર્ષકારી પગલાંઓના પરિણામે રાજ્ય આજે કપાસ, એરંડા, મગફળી, બટાટા, ડુંગળીના ઉત્પાદનમાં સમગ્ર રાષ્ટ્રમાં અગ્રેસર બની ચૂકયું છે. રાજ્ય સરકાર માટે કૃષિક્ષેત્રના સતત વધી રહેલ વૃદ્ધિદરને જાળવી રાખવો એ કૃષિ અર્થતંત્રનો મહત્વપૂર્ણ પડકાર હોઇ કૃષિકારો માટે વિવિધ કૃષિ ઉત્કર્ષકારી પગલાં સુઆયોજીત રીતે અને સુદ્રઢપણે ભરવા તથા વૃદ્ધિ સાથે વિકાસની સાતત્યતા જાળવી રાખવા માટે યોગ્ય અને અસરકારક પગલાં ભરવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે. ક્ક

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી રજનીકાન્ત સો. પટેલ(ચાણસ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત આજે નિર્વિવાદપણે સમગ્ર રાષ્ટ્રના વિકાસનું ગ્રોથ એન્જિન બની ચૂકયું છે. એમાં કૃષિક્ષેત્રનો સૌથી મહત્વપૂર્ણ ફાળો રહેલો છે. ખેડૂતોના હિતોને ઘ્યાનમાં લઇને કામ કરવાવાળી આ સરકારે કૃષિ ક્ષેત્રે અપનાવેલી અનેક વ્યૂહરચનાઓના કારણે ગુજરાત આજે સમગ્ર રાષ્ટ્રનું નેતૃત્વ પ્રાપ્ત કરી ચૂકયુ છે. સમગ્ર દેશ જયારે કૃષિ વિકાસ દરને ૩.૩ ટકાથી વધારીને ૪ ટકા સુધી લઇ જવા ઝઝૂમી રહ્યો છે અને અનેક પ્રકારના પ્રયત્નો કરી રહ્યો છે ત્યારે ગુજરાતની આ સરકારમાં છેલ્લા ૧૦ વર્ષથી ૧૦ ટકા કરતાં પણ વધારે કૃષિ વિકાસ દર હાંસલ કરીને આ દેશની આબરૂ જાળવવાનું કામ કૃષિ ક્ષેત્રે ગુજરાતે કર્યુ છે.તેવા સંજોગોમાં ગુજરાતના કૃષિકારો સરકારની આ કૃષિલક્ષી નીતિના કારણે ગુજરાતના કૃષિકારો, પશુપાલકો, સાગર ખેડૂતો અને સમગ્ર કૃષિ ક્ષેત્રના કર્મચારીઓની ટીમે સખત મહેનત કરી અને ગુજરાતને કૃષિ ક્ષેત્રે ખૂબ જ સદ્ધર બનાવ્યું છે. ગુજરાતમાં અખાત્રીજથી શરૂ કરી કૃષિ મહોત્સવ થાય છે એમાં માનનીય મુખ્ય મંત્રીશ્રીના નેતૃત્વમાં ગુજરાતના ખેડૂતો સદ્ધર બને, તેઓ જે જૂની પૂરાણી પદ્ધતિથી ખેતી કરતા હતા તેના બદલે અદ્યતન નવી કૃષિ પદ્ધતિ અપનાવતા થાય અને કૃષિ ક્ષેત્રે ખર્ચ ઓછો થાય અને ઉત્પાદન વધે તેના માટે પ્રયત્નો કરવા માટે સમગ્ર રાજ્યમાં એક મહિના સુધી ધોમ ધખતા તાપમાં તમામ મંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ અને કર્મચારીઓ અને કૃષિ વૈજ્ઞાનિકો ગુજરાતનાં બધા જ ગામડાંઓમાં પહોંચે છે અને ખેડૂતોને કૃષિ લક્ષી માર્ગદર્શન આપે છે. તેના પરિણામે આજે જે પરિણામો ગુજરાતમાં જોવા મળે છે તેમાં આજે સમગ્ર દેશમાં ગુજરાત રાજ્ય કૃષિ ક્ષેત્રમાં નંબર વન બન્યું છે. ભૂતકાળની સરકારોની નિષ્કાળજીને કારણે અને દીર્ઘ દ્દષ્ટિના અભાવે ગુજરાતમાં પાણીના તળ ઉંડા ગયા

હતા. આજે માનનીય મુખ્ય મંત્રીશ્રીની દીર્ઘ દ્રષ્ટિના કારણે અને માનનીય સિંચાઇ મંત્રીશ્રી અને કૃષિ મંત્રીશ્રીના પ્રયત્નોના કારણે સમગ્ર રાજયમાં આજે લોકભાગીદારીથી, ખેડૂતની ભાગીદારીથી ચેક ડેમો બનાવવામાં આવ્યા. તળાવો ઉંડા બનાવવામાં આવ્યા, ખેત તલાવડીઓ બનાવવામાં આવી, નહેરોમાંથી નદીઓમાં પાણી છોડવામાં આવ્યું. અને ચોમાસામાં વહી જતા પાણીને રોકવામાં આવ્યું. અને સતત એવા પ્રયત્નો કર્યા તેના કારણે ગુજરાતમાં ઉંડા ગયેલા પાણીના તળ ફરી એકવાર ઉંચા આવ્યા. અને મને કહેતા આનંદ થાય છે કે એવા સંજોગોમાં ગુજરાત સરકારે, સમગ્ર ગુજરાતના ખેડૂતોનો જે ખૂબ મોટો પ્રશ્ન હતો ડાર્ક ઝોનનો તે ડાર્ક ઝોન દૂર કરી અને ખેડૂતો માટે આનંદ અને ઉત્સાહનું વાતાવરણ ઉભું કર્યું છે. જે દિવસે માનનીય મુખ્ય મંત્રીશ્રીએ આ સભાગૃહમાં ડાર્ક ઝોન દૂર કરવાની જાહેરાત કરી ત્યારે અસરગ્રસ્ત તમામ તાલુકાના ખેડૂતોના મો ઉપર ખુશીના ભાવ જોવા મળ્યા હતા. ગુજરાતના ખેડૂતોએ આ નિર્ણયને હોંશભેર વધાવ્યો હતો. મીઠાઇઓ વહેંચી હતી. ફટાકડા ફોડયા હતા. અને રાજયમાં આનંદ અને ઉત્સાહનું વાતાવરણ જોવા મળ્યું હતું. ગુજરાત સરકારની નીતિઓને કારણે અને કૃષિ પ્રત્યેની માનનીય મુખ્ય મંત્રીશ્રીની જે જવાબદારીઓ છે તેના કારણે ગુજરાતના સામાન્ય ખેડૂતોમાં કેવા પ્રકારનું પરિવર્તન આવ્યું છે અને જન સામાન્ય કેવા પ્રકારે પ્રભાવિત થયો છે તેનું એક ઉદાહરણ હું આપવા માગું છું. માનનીય મુખ્ય મંત્રીશ્રી જયારે સદભાવના ઉપવાસ કરી રહ્યા હતા ત્યારે મહેસાણા ખાતેના આવા સદભાવના ઉપવાસમાં મારો જે મત વિસ્તાર છે અને એમાં મારું વતન મોઢેરા ત્યાંથી શરૂ કરી અને બહુચરાજી સુધીના જે ગામો છે એમાં મોટા ભાગના ગામો સો ટકા બક્ષી પંચના ગામો છે ભૂતકાળમાં સો એ સો ટકા કોંગ્રેસને મત આપનારા આ ગામોમાં જયારે હું સદભાવના ઉપવાસનું આમંત્રણ આપવા માટે ગયો ત્યારે દેલપુરા નામનું એક ગામ અને ૮૦ વર્ષના એક વૃદ્ધ, એમની પાસે હું બેઠો અને એમણે મને જે કહ્યું તે સમગ્ર ગુજરાતની પ્રજા માટે અને આ ગૃહ માટે એક આનંદનો વિષય બની અને ગૌરવ અપાવે તેવી બાબત છે. એમણે કહ્યું કે ભૂતકાળમાં અમે કોંગ્રેસને સો ટકા મતદાન કર્યુ પણ કયારેય કોંગ્રેસે આ અમારા બક્ષી પંચની વસ્તી તરફ કે અમારા આ છેવાડાના ગામડાં તરફ કોઇએ જોયું નથી. પહેલ વહેલો જો એ ગામ માટે પાકો રોડ આપવાનું કામ કર્યું હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે એટલું જ નહીં પણ નર્મદાની મુખ્ય કેનાલમાંથી રૂપેણ અને પુષ્પાવતી જેવી નદીઓમાં પાણી છોડી અને ત્યાં સામાન્ય ખેડૂત જે પ્રકારે આજે ખેતી કરતો થયો છે, એમના શબ્દો હતા કે અમારો યુવાન એ બેરોજગારીને કારણે ફકત વરસાદ ઉપર આધારિત ખેતી હોવાના કારણે જયારે ઉનાળો શરૂ થાય ત્યારે ત્યાં શિકારની શોધમાં ફરતો હોય.સાંજે આવીને વ્યસન કરે અને પછી ગામમાં ઝઘડા કરે આના સિવાય કોઇ કામ અમારા યુવાનો કરતા નહોતો. આજે નદીઓમાં પાણી આવવાથી અમારા યુવાનો વ્યવસાયી થયા છે. રોજગારીની વિપૂલ તકો પ્રાપ્ત થઇ છે જેના કારણે ફ્રી રહેતો ખેડૂત વધારે ઉત્પાદન થવાને કારણે એને ઘેલું લાગ્યું છે. પાણીના કારણે આજે ખેત મજૂર પણ ન મળે તેવા પ્રકારની સ્થિતિનું નિર્માણ થયું છે. આમ ત્યાનું જનજીવન એ રીતે પ્રભાવિત થયું છે ત્યાંનો યુવાન આ રીતે કામે લાગ્યો છે ત્યારે એના વ્યસનો પણ દૂર થયા છે. ભૂતકાળમાં આ બધા ગામડાંના યુવાનોને કોઇ દીકરી આપવા પણ તૈયાર નહોતા થતા એની જગ્યાએ આજે ત્યાં લગ્નો થવા લાગ્યા છે કોઇ યુવાન કુવારો રહી ન જાય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. આ હદે ત્યાનું જનજીવન પાણીના કારણે અને ગુજરાત સરકારની કૃષિ લક્ષી નીતિના કારણે પ્રભાવિત થયું છે.

વર્તમાન બજેટમાં કૃષિને જે રીતે અગ્રતા આપવામાં આવી છે એ જ બતાવે છે કે રાજય સરકાર અને માનનીય મુખ્યમંત્રીશ્રી આ ગુજરાતનો ખેડૂત વધુમાં વધુ સદ્ધર કઇ રીતે થાય , આર્થિક રીતે પગભર કેવી રીતે બને એ પ્રકારની ચિંતા કરીને કૃષિ બજેટમાં પ્રાયોરિટી આપવામાં આવી છે. એના ઉપરથી જોઇ શકાય છે. જયારે આ પ્રકારની સ્થિતિ ગુજરાતના ખેડૂતોમાં નિર્માણ થઇ હોય ત્યારે કેન્દ્ર સરકાર આ ગુજરાતના ખેડૂતોને પાયમાલ કરવા માટે કેવા કેવા પગલાં ભરી રહી છે એ આપણે જોઇ શકીએ છીએ. ગુજરાત એ દેશમાં કપાસના ઉત્પાદનમાં મોખરે છે. ગુજરાતમાં ગત વરસે ૨૬.૩૨ લાખ હેકટર વિસ્તારમાં કપાસનું વાવેતર થયું હતું. ચાલુ વરસે આ વાવેતર વધીને ૩૦ લાખ હેકટરમાં ગુજરાતના કિસાનોએ કપાસનું વાવેતર કર્યુ છે. સન ૨૦૧૦-૧૧માં આખા દેશમાં ૩૨૫

લાખ ગાંસડી કપાસનું ઉત્પાદન થયું હતું એમાં ૧૦૩ લાખ ગાંસડીનું ઉત્પાદન એકલા ગુજરાત રાજયે કર્યું હતું અને ચાલુ વરસે આ ઉત્પાદન વધીને ૧૧૫ લાખ ગાંસડી થવા જાય છે. ગઇ સાલના પ્રમાણમાં આ સાલ કપાસના ભાવ ઓછા છે. ગયા વરસે પણ કેન્દ્ર સરકારે કપાસની નિકાસ ઉપર પ્રતિબંદ્ધ મૂકયો હતો એના કારણે ગુજરાતના ખેડૂતોને ૧૪ હજાર કરોડ રૂપિયા કરતાં પણ વધારે નુકસાન સહન કરવું પડયું હતું. ચાલુ વરસે આ જ પ્રકારની કપાસની નિકાસ ઉપર પ્રતિબંધ મૂકીને ગુજરાતના ખેડૂતોને ફરી એકવાર કરોડો રૂપિયાના નુકસાન તરફ ધકેલવાનું કામ દેશની કેન્દ્ર સરકારે કર્યું છે. વિચિત્રતા તો ત્યાં થાય છે કે ગુજરાત અને દેશનો ખેડૂત કપાસ ઉત્પાદન કરે અને એની નિકાસ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવે અને કસાઇઓ દ્વારા મટન તૈયાર કરવામાં આવે એની નિકાસ ઉપર સબસીડી આપવામાં આવે. એક બાજુ દેશ અને રાજયનો કિસાન આ પ્રકારની હાલાકી ભોગવતો હોય ત્યારે મટનની નિકાસ ઉપર સબસીડી આપીને કેન્દ્ર સરકાર કયા પ્રકારના સંકેતો દેશ અને ગુજરાતની જનતાને આપવા માગે છે એની સમજણ પડતી નથી.

કૃષિ ક્ષેત્રે નહિ પરંતુ પશુપાલન ક્ષેત્રે રાજયની સરકાર એટલી જ અસરકાર પગલાં ભરી રહી છે. ભૂતકાળમાં પશુઓને રોગ થતા એ રોગો ૧૨૯ પ્રકારના હતા. આ ભારતીય જનતા પક્ષની તથા માનનીય મુખ્યમંત્રીશ્રીની સરકારે એક વિઝન નક્કી કર્યું કે પશુઓ પણ રોગથી મુકત થાય તો જ દુધ ઉત્પાદનની ક્ષમતામાં વધારો કરી શકાય એના પરિણામે કૃષિ મેળા દરમિયાન કૃષિ મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ દરેક સ્થાનો ઉપર પશુ સારવાર કેમ્પોનું આયોજન કર્યું એના પરિણામે અનેક પશુધારકો જેમાં મોટા ભાગના ખેડૂતો એણે પોતાના પશુઓ આ પ્રકારના મેળાઓમાં લઇ જઇને એને સારવાર કરાવડાવી જેના પરિણામે જે રોગો હતા એના પ્રકાર ઘટીને ૨૯ રોગો જ પશુઓમાં રહ્યા છે. આ રોગો ઓછા થવાને કારણે દૂધના ઉત્પાદનની ક્ષમતા પણ ખૂબ જ મોટા પ્રમાણમાં વધી છે.આ સંજોગોમાં ગુજરાતનો ખેડૂત જે પ્રકારે આવકની દૃષ્ટિએ અગ્રેસર થઇ રહ્યો છે એ આપણા માટે આનંદની વાત છે. ઓછી જમીનવાળો ખેડૂત પણ વધારે ઉત્પાદન લઇ શકે એવા પ્રકારની સ્થિતિ આપણે જોઇએ છીએ. નેટ હાઉસ અને ગ્રીન હાઉસથી નાનો ખેડૂત પણ કેટલું વધુ ઉત્પાદન લઇ શકે એનું ઉદાહરણ મહેસાણા જિલ્લામાં યોજાયેલ સદ્ભાવના કાર્યક્રમમાં જોવા મળેલ છે. એક એમ.બી.એ. થયેલ યુવાને માનનીય મુખ્યમંત્રીશ્રીની હાજરીમાં એણે મેળવેલ સફળતાની વાત કરી. ફક્ત એક વિઘા કે દોઢ વિઘા જમીનમાં નેટ હાઉસ અને ગ્રીન હાઉસથી વાર્ષિક રૂ.૭/– લાખ કરતાં વધારે ઉપજ મેળવે છે. આ વાત બતાવે છે કે, ગુજરાતમાં કૃષિ ક્ષેત્રે કેવા પ્રકારનું આયોજન થઇ રહ્યું છે? આ પ્રકારે ગુજરાતનો નવ યુવાન પણ કૃષિ ક્ષેત્રે અગ્રિમ થયો છે. આ પ્રકારના ઉત્પાદનો લઇ રહ્યો છે.

**શ્રી કાળુભાઇ વિ. વિરાણી(કુંડલા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી રજનીકાન્તભાઇ જે સંકલ્પ લઇને આવ્યા છે એને અનુમોદન આપુ છું અને તેમાં મારા વિચારો રજૂ કરું છું અને આવું કાર્ય લઇને આવ્યા છે તેને હું આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય અને ભારત દેશ એ ખેતીપ્રધાન દેશ છે, ખેડૂતોનો દેશ છે અને આપણે સૌ એમ કહીએ છીએ કે, ખેડૂત એ તાત છે, દેશના ખેડૂતને તાતનું બિરૂદ આપ્યું છે. જ્યારે દેશનો ખેડૂત ગામડામાં રહી ઉનું પાણી પી, ૨૪ કલાક ખેતરમાં મજૂરી કરતો હોય અને એની મજૂરીનું ફળ એને જ્યારે મળવાનું હોય ત્યારે મને કહેતાં દુઃખ થાય છે કે, ગુજરાત અને દેશની કરોડરજ્જુ છે એ ખેતી છે અને આ ગૃહમાં ૭૦ ટકા ખેડૂતોના દિકરા બેઠેલા છે અને દેશ આખો ખેતી આધારિત છે એના ઉપર એનું અર્થતંત્ર ચાલે છે અને ખેતીની વાત કરું છું ત્યારે ગુજરાત સરકારે છેલ્લા દસ વર્ષમાં મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ પરસેવો પાડીને ચિંતા કરીને વરસાદના વહી જતા પાણીનું ટીંપે ટીંપુ રોકીને ખેડૂતોના ઉત્પાદનમાં વાળ્યું છે. રાજ્યના કૃષિ મંત્રી ૨૪ કલાક મહેનત કરીને ખેડૂતોના હિત માટે જ્યારે કામ કરતા હોય અને ગુજરાત સમગ્ર ભારત દેશનું ગ્રોથ એન્જિન બન્યું હોય અને ભારતનો વિકાસ દર ૪ ટકાએ પહોંચવા માટે મથામણ કરતો હોય ત્યારે ગુજરાતનો વિકાસ ૧૦ ટકા કરતાં વધતો હોય ત્યારે મને દુઃખ એ વાતનું છે કે, કેન્દ્રમાં બેઠેલી સરકાર... મને

એક કહેવત યાદ આવે છે કે, !! ન જાણ્યું જાનકી નાથે કે કાલ સવારે શું થવાનું છે?‰ સવારે રાજતિલક થવાનું હતું અને વનવાસ મળ્યો. રાજ્યના મુખ્યમંત્રીશ્રી અને કૃષિમંત્રીશ્રીએ અને આ સભાગૃહે દસ દસ વર્ષ સુધી પરસેવો પાડ્યો. ખેડૂતોના દિકરા હોય, દિકરીઓ હોય, ૮૦ વર્ષના વડીલ હોય, પુત્રવધૂ હોય, આ સૌએ ઉનું પાણી પીને, ઠંડા રોટલા ખાઇને, પેટે પાટા બાંધીને ખેત ઉત્પાદન વધારતા હોય ત્યારે ગુજરાતમાં ૪૨ લાખ ખેડૂતો છે અને સમગ્ર ભારત દેશના ખેડૂતોની સંખ્યા બાર કરોડ અને બાણું લાખ છે અને એના કુટુંબની વાત કરીએ તો એના ઘરના પાંચ સભ્યોના હિસાબે પાંચ ગણા કરીએ તો આ દેશના ૭૮ કરોડ લોકોને આ ખેતીમાંથી રોજી-રોટી મળે છે. આ તબકકે મને કહેતાં દુઃખ થાય છે કે કેન્દ્રમાં બેઠેલા દેશના વડાપ્રધાન ખેડૂતની ઉપર જનોઇવઢ ઘા કરે અને કપાસની ઉપર પ્રતિબંધ મૂકે અને આ દેશની વસ્તીના ૫૦ ટકા ખેડૂતની ઉપર જયારે આવડું મોટું પાપ કરે છે ત્યારે મને કહેતાં દુઃખ થાય છે કે ગુજરાત સરકારના મુખ્યમંત્રી, કૃષિમંત્રી ખેડૂતોની ચિંતા કરતા હોય દેશના વડાપ્રધાન આવું પગલું ભરે તો આ કોના માટે, એવા કયા સ્થાપિત હિતો છે? એ ખેડૂતનો કોળીયો આંચકીને બીજાના ખીસ્સા ભરવા માટેના પ્રયત્ન કરે છે. કાલે ટી.વી. ઉપર મેં જોયું આજે વિરોધ પક્ષના નેતા અહીં નથી બેઠા, અહીં ધારાસભ્યો નથી બેઠા, આદિવાસીના દુઃખની વાત કરતા હતા ઇશ્વર એમને સદ્બુદ્ધિ આપે આ આદિવાસી ખેડૂતો ઉપર જયારે ઘા કર્યો છે ત્યારે સાંભળવાને બદલે બહાર જઇને બેઠા છે. ખેડૂતો પ્રત્યે જો એને દુઃખ હોય તો એમના વડાપ્રધાનશ્રીએ જે કામ કર્યુ છે અને કાલે મેં નિવેદન વાંચ્યું કે કેન્દ્રના કૃષિમંત્રીશ્રી શરદભાઇ પવારે પેપરમાં નિવેદન આપ્યું છે, કે આ વાત, આ પ્રતિબંધ મૂકયો છે એ હું વાત જાણતો નથી તો મારે એ કહેવું છે કે ૯૦ વર્ષના વૃદ્ધો એ ખાટલામાં બેઠા બેઠા આવા નિર્ણય કરે છે? ગયા વખતે પણ ખેડૂતોનો માલ જયારે એમના હાથમાં આવ્યો હતો જયારે બજારમાં મૂકવાનો હતો અને ખેડૂતોને આશા હતી કે ગુજરાતમાં સારું ઉત્પાદન થયું છે. ઇશ્વરે કૃપા કરી છે, જયારે સારો વરસાદ પડે છે, અને ભગવત ગીતામાં તો કૃષ્ણ ભગવાને કીધું છે કે હું એક એક અંશમાં છું પણ રાજસ્વીમાં પણ મારો અંશ છે. અને મને કહેતા ગૌરવ થાય છે કે આ રાજયના માનનીય મુખ્યમંત્રી રાજસ્વી, જયારે ઇશ્વરનો અંશ હોય ત્યારે આ ગુજરાતમાં દસ વર્ષથી ઇશ્વરની કૃપાથી વરસાદ પુષ્કળ આવે છે. ખેડૂતનું ઉત્પાદન વધે છે એમની મહેનત છે, ત્યારે આ સ્થાપિત હિતો માટે કેન્દ્રમાં બેઠેલી કેન્દ્રની સરકાર ખેડૂતના આંસુ લૂછવાને બદલે રડાવે છે અને સ્થાપિત હિતોને નિકાસ બંધી કરીને એમના ખિસ્સા ભરવા માટેનું કાર્ય કરે છે. કૃષિ ક્ષેત્રે ગુજરાત સરકારે ખેડૂતોના હિત માટે અનેક પગલાઓ લીધા છે. આજે હું અહીંયા વાત કરું કે ખેડૂત હિતોનું કામ ગુજરાત સરકાર કરી રહી છે, કૃષિ વિભાગ કરી રહયું છે. ત્યારે ફાર્મ મીકેનાઇઝેશનની ટૂંકી નોંધમાં મારે કહેવું છે કે ઓટોમેટીક સીડ કમ ફર્ટીલાઇઝર ડ્રીલ ૯૦૩ નંગ ખેડૂતોને આપ્યા છે. ગયા વર્ષે ટ્રેકટર ખેડૂતોને ૧૫૩૬ આપ્યા છે અને તેમાં સબસીડી આપી છે. સુગરકેન હાર્વેસ્ટર-૧૧ આપ્યા છે. રોટરી પાવર ટીલર-૪૩ નંગ આપ્યા છે. એમ.બી. પ્લાઉ/ડીસ્ક પ્લાઉ ૧૯૮ નંગ આપ્યા છે. અને ઓઇલ એન્જિન આ ગુજરાતના ખેડૂતોને ૯૦૨૨ નંગની સબસીડી આપી છે. આથી વિશેષ મારે વાત કહેવી છે ૨૦૧૧-૧૨ માં જાન્યુઆરી-૧૨ સુધીમાં જે ગુજરાત સરકાર દ્વારા, કૃષિ વિભાગ દ્વારા યાંત્રિકરણના ઓજાર/સાધનોમાં સહાય આપવામાં આવી છે. ટ્રેકટર ૧૧૫૪૦ નંગ આપ્યા છે. કેન્દ્ર સરકારના એક પણ રુપિયા વગર ગુજરાત કૃષિ વિભાગ મોટા ખેડૂતોને ૪૫ હોર્સ પાવરનું ટ્રેકટર લે તો ૪૫ હજારની સબસીડી, ૫૦ હોર્સ પાવરનું ટ્રેકટર લે તો ૬૫ હજારની સબસીડી આપવામાં આવે છે આવા ખેતીક્ષેત્રે ગુજરાત સરકાર જે કામગીરી કરે છે અને કામગીરીના કારણે ગુજરાતનો ખેડૂત પગભર થયો છે. આખા દેશમાં ગુજરાત રાજય નંબર-વન બન્યું છે. મેં અગાઉ કહ્યું તેમ કૃષિને વિકાસની કરોડરજૂ કહેવામાં આવે છે. જો ખેતી અને કૃષિ આગળ હશે તો રાજયનો અને દેશનો વિકાસ થશે અને વિકાસ જે ૧૦ વર્ષમાં થયો છે, અનેક યોજનાઓ લાવીને અને આ બજેટમાં પણ નાણામંત્રીશ્રીએ કૃષિ વિષયકમાં ૬હજાર કરોડની જોગવાઇ કરી છે. આવી માતબર જોગવાઇ કરીને

ખેડૂતોને ખેતીનું આ રાજયનું ઉત્પાદન વધે તેવાં ગુજરાત સરકાર જયારે પગલાં લઇ રહી છે.અને મારે કહેવું છે કે સામે બેઠેલા કોંગ્રેસ પક્ષના લોકોનું કેન્દ્રમાં જો ચાલતું હોય તો ત્યાં જઇને વડાપ્રધાનને પગે પડીને પણ આ કપાસની નીતિ જે અખત્યાર કરી છે તે રદ કરાવે. આ સંકલ્પમાં મારો સૂર પુરાવું છું.

**શ્રી મુળુભાઇ હ. બેરા(ભાણવડ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના માનનીય સભ્યશ્રી રજનીકાન્તભાઇ જે બિન સરકારી સંકલ્પ લઇને આવ્યા છે એને સમર્થન આપવા માટે અને એમાં મારા વિચારો રજૂ કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં ૪૨ લાખ જેટલા ખેડૂત સમુદાયો અને આજે હોળીનો દિવસ, અમારે સૌરાષ્ટ્રમાં હોળીના દિવસે હોળીને જ્યારે પ્રગટાવે ત્યારે ગામના દરેક ખેડૂતો હોળીની આગની ઝાળ કઇ તરફ જાય છે એ જોતા હોય છે અને એના ઉપરથી નક્કી કરે કે આવતું વર્ષ કેવું હશે, વરસાદ કેવો થશે. આવું નક્કી કરતા હોય એવા દિવસે માનનીય સભ્યશ્રી રજનીકાન્તભાઇ ખૂબ જ ઐતિહાસિક બીન સરકારી સંકલ્પ લઇને આવ્યા છે એને હું સંપૂર્ણ ટેકો આપુ છુ. કોંગ્રેસના સભ્યો હમણાં જ્યારે આ બિન સરકારી સંકલ્પની ચર્ચા થવાની હતી ત્યારે અહીંથી ગૃહ છોડીને જતા રહ્યા છે. એના ઉપરથી જ રાજ્યના ખેડૂતો નક્કી કરશે કે એને ખેડૂતો ઉપર કેટલો પ્રેમ છે. વિધાનસભાનું સત્ર જ્યારે ચાલુ થયું એ દિવસે ખેડૂતોની વાત લઇ, ખેડૂતોને ગુમરાહ કરવા માટે અને માણસાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને જે અનેક વાતો, બહાર બે મોઢાની વાતો કરતા હતા એ લોકો મારા જિલ્લામાં મેં હમણાં છાપામાં ત્યાં આગેવાન ધારાસભ્યશ્રીનું નિવેદન વાંચ્યું. ત્યાં એવું કહેતા હતા કે આ ૨૦૧૨–૧૩નું બજેટ ઉદ્યોગો માટે નિરાશાજનક છે અને ગૃહમાં એમ કહે કે આ સરકારે બધું ઉદ્યોગો માટે કર્યું છે. બહાર એમ કહે કે ઉદ્યોગો માટે આ બજેટ નિરાશાજનક છે. આમ બે મોઢાની વાતો કરે છે. રાજ્ય સરકાર દ્વારા ૨૦૦૧ થી લઇને અત્યાર સુધી ખેડૂતો અને ખેત ઉત્પાદન વધે અને ખેડૂતો ચીલા ચાલુ ખેતીના બદલે વૈજ્ઞાનિક ઢબે ખેતી કરતા થાય એના માટે ખેડૂતોને ખાસ શિક્ષણ આપવાનું કામ કૃષિ મહોત્સવના માધ્યમથી કરવામાં આવ્યું છે એના કારણે આજે અનેક સારા પરિણામો આપણે જોઇ શકીએ છીએ. ખેતીને જો મહત્વ આપવાનું પહેલું કામ હોય, ખેતીમાં ઉત્પાદન વધારવું હોય તો ખેતીને પાણી આપવા માટે જળ સંચયમાં સરકારે વધારેમાં વધારે ધ્યાન કેન્દ્રીત કરવું જોઇએ. વર્ષો સુધી આપણે જોતા આવીએ છીએ કે જળ સંચયની બાબતમાં અગાઉની સરકારોએ પૂરતું ધ્યાન આપ્યું ન હતું. જ્યારે આ સરકારે નર્મદા ડેમની ઊંચાઇ વધારવાનું કામ હોય, એની કેનાલના નેટવર્કનું કામ હોય, સુજલામ્ સુફલામ્ યોજના હોય, નાની અને મધ્યમ સિંચાઇની યોજનાઓ હોય, ચેકડેમો, ખેત તલાવડી, બોરીબંધો હોય કે હરિયાળી યોજના હોય, આવી અનેક યોજનાઓમાં રાજ્ય સરકારે કરોડો રૂપિયાનું બજેટ ફાળવીને લોક ભાગીદારીથી જળ સંચયનું એક જબરજસ્ત કામ કર્યું અને પાણીનો ખોટી રીતે બગાડ ન થાય એના માટે પણ જે રીતે સરકારે કામો હાથ ઉપર લીધા, જેવા કે ટપક પદ્ધત્તિ અને ફુવારા યોજના, એના કારણે ખેડૂતોને પ્રોત્સાહિત કરવા માટે સબસીડી, આ બધા પગલાને કારણે જળસંચયના કામો થવાથી પાણીના તળ ઊંચા આવ્યા. ફરીથી ખેડૂતો બોરના બદલે કૂવા કરતા થયા છે અને એ જળ સંગ્રહ કરી આજે ખેતીના ઉત્પાદનમાં અનેકગણો વધારો થયો છે. આજના સમયની માગ પ્રમાણે જે જે સુધારાઓ કરવા જોઇએ એ આ સરકારે છેલ્લા ૧૦ વર્ષમાં અનેક નવી યોજનાઓ દાખલ કરીને જે રીતે ગ્રીન હાઉસની વાત હોય, નેટ હાઉસની વાત હોય, એ રીતે સુધારેલ આધુનિક ઓજારોની વાત હોય,સુધારેલા બિયારણોની વાત હોય, પ્રેસ્ટીસાઇઝ દવાનો જે બેફામ ઉપયોગ થતો હોય એ એટકાવવા સમજણની વાત હોય આવી અનેક બાબતો હોય, આવા અનેક પગલા જે રાજ્ય સરકારે લીધા છે એના કારણે ઉત્પાદનમાં વધારો થયો અને ઉત્પાદન કરવામાં જે ખર્ચ થતો હતો એ ખર્ચમાં ખેડૂતોને ઘટાડો થયો એના કારણે આજે આપણે ગુજરાતના ખેડૂતો ખૂબ સૂખી છે. જ્યારે અન્ય રાજ્યો જ્યાં આપણે જોઇએ છીએ કે ખેડૂતો આપઘાત કરે, ખેડૂતો દેવા નીચે ડૂબી જાય એવી અનેક વાતો જ્યારે આપણે સાંભળીએ છીએ ત્યારે ગુજરાતમાં આપણા રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ જ્યારે મને યાદ છે ૨૦૦૫માં

કૃષિ મહોત્સવની શરૂઆત અમારા જામનગર જિલ્લાના કાલાવાડ તાલુકાના હરિપર ગામથી થઇ હતી ત્યારે એમણે સોઇલ હેલ્થ કાર્ડની વાત કરી હતી અને એમાં જે દાખલો આપ્યો હતો એ મને યાદ છે, એમ કહ્યું હતું કે, આજના સમય પ્રમાણે ખેડૂતોની જમીનમાં કયા તત્વની ઘટ છે, કયા તત્વની વધ છે એ જોવું ખૂબ જરૂરી છે. પહેલા એવું હતું કે ગામડામાં એમને વાત કરી હતી કે ગામડામાં એકજ  ડોકટર હોય  એ ગમે તે દવા આપે તો પણ એને સારું થઇ જતું હતું. આજે એવું છે કે આપણા શરીરના દરેક અંગ છે એને તપાસવા પડે અને એના ઉપરથી દવા આપવી પડે. એવી જ રીતે ખેતીને પણ આડેધડ રાસાયણિક ખાતરનો ઉપયોગ, પ્રેસ્ટીસાઇઝ દવાનો ઉપયોગના કારણે ખેતીમાં જે જરૂરિયાત છે એ તત્વનો ઉમેરો થાય એના માટે સોઇલ હેલ્થ કાર્ડની ખૂબ સારી યોજના અમલમાં મૂકી. રાજ્ય સરકારે રાષ્ટ્રીય કૃષિ વીમા યોજના જેમાં કુલ ૨૬ પાક ખેતીમાં જે અલગ અલગ થાય છે એને આવરી લઇને એમાં ખરીફ હોય, રવિ હોય કે ઉનાળુ ઋતુ હોય એને એમાં આવરી લીધી છે.  એગ્રીકલ્ચર કંપની ઓફ ઇન્ડિયા અમદાવાદ તરફથી જે ૨૦૧૦-૧૧ના જે ખેડૂતોના દાવાઓ હતા એમાં રાજ્ય સરકારનો જે હિસ્સો હતો એ પૂરો ચૂકવી દીધો છે.

કપાસની અહીંયા વાત આવી. કપાસનું વાવેતર આ વર્ષે જે થયું છે એ લગભગ ૩૦ લાખ હેકટર જેટલા વિસ્તારમાં થયું છે. વિક્રમજનક વાવેતર આ ગણાય અને એવા સમયે હમણાંજ કેન્દ્ર સરકારે કપાસ ઉપર પ્રતિબંધ મૂક્યો છે અને એવો પ્રતિબંધ અગાઉ પણ ગયા વર્ષે પણ મૂક્યો હતો એમાં પણ મારે કહેવું છે કે આજે જે ગૃહમાં અહીંયા ખેડૂતની કરે છે અને માત્ર વાતોમાં જ 'વાતોના વડા' કરે છે એમ કહીએ તો કહેવાય એવી કોંગ્રેસ ઉદ્યોગો કોઇ વસ્તુ ઉત્પાદન કરતી હોય એ સિમેન્ટ કે લોખંડ ઉત્પાદન કરે કે અન્ય કોઇ વસ્તુ ઉત્પાદન કરે એમાં કેમ પ્રતિબંધ નથી મુકતા? પેટ્રોલ-ડીઝલમાં કેમ પ્રતિબંધ નથી મુકતા? ખેડૂતો ખેતીમાં જે કાળી મજૂરી કરીને ઉત્પાદન કરે એના ઉપર પ્રતિબંધ મૂકીને ખેડૂતોને ન કલ્પી શકાય એટલું મોટું આર્થિક નુકસાન પહોંચાડવાનું કામ કેન્દ્રની કોંગ્રેસ સરકારે કર્યુ છે એને આ ૨૦૧૨ના વર્ષમાં હમણાંજ બહુ સમય નથી. આ બધાને ગોતી ગોતીને ખેડૂતો પકડવાના છે. તમે જે આ ધંધો કરો છો અમારા માટે એને ધ્યાનમાં રાખ્યું છે. આ વખતે ૧૧૨ લાખ જેટલી ગાંસડીનું વિક્રમજનક ઉત્પાદન થવાની સંભાવના છે એવા સમયે તાત્કાલિક આ આપણા રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ કેન્દ્ર સરકારને અને વડાપ્રધાનને એ પ્રતિબંધ  ઊઠાવી લેવાની માગણી કરી છે.  જો એ નહિ સ્વીકારે તો ખૂબ ખરાબ  પરિણામો છે એમણે ભોગવવા પડશે. એરંડાના પાકનું પણ વિક્રમજનક વાવેતર આ વર્ષે થયું છે. ૮.૭૨ લાખ હેકટરમાં વાવેતર આ વખતે થયાનું નોંધાયેલ છે અને તેનું કુલ ઉત્પાદન ૧૭.૮૭ લાખ ટન જેટલું આ તેલિબિયા  એરડાના પાકનું ઉત્પાદાન આ વર્ષે થવાનો અંદાજ છે.

માનનીય અધ્યક્ષશ્રી, પાણીની જેમ વીજળી પણ ખેડૂતો માટે મારે વાત કરવી છે કે વીજળી, ઉત્પાદન વધારવું હોય તો ખેડૂતોને વીજળી પણ એટલી જ મહત્વની છે. અગાઉ જે ખેત વીજ જોડાણ છે એ જે આપવામાં આવ્યા હતા એનાથી અનેકગણા વધારે છેલ્લા ૧૦ વર્ષમાં ૪ લાખ જેટલા ખેતીવાડી માટેના વીજ જોડાણ આપવામાં આવ્યા છે.અને આ વર્ષે એક લાખ વીજ જોડાણો આપવાની જે જાહેરાત બજેટ પ્રવચનમાં નાણામંત્રીશ્રીએ કરી છે એ ખરેખર અભિનંદનને પાત્ર છે, અને આવતા ત્રણ વર્ષોમાં દરેકે દરેક ખેડૂતને વીજ જોડાણ જે માગે એને મળી જાય એ પ્રકારની જે વ્યવસ્થા થઇ છે, એ ખૂબ આવકારદાયક છે. વીજળીમાં આપણે વાત કરીએ તો પચીસ વર્ષ પહેલાં ખેડૂતોને બસો કરોડ યુનિટ વીજળી મળતી હતી. આજે એનાથી છ ગણી વધારી તેરસો કરોડ યુનિટ વીજળી મળે છે. ખેડૂતોને વીજળી પેટે અગાઉ આ ખેડૂતોની હિત કરનારા ખોટી વાતો કરનારા જયારે સરકારમાં હતા ત્યારે ત્રણસો કરોડની સબસિડી આપતા નહતા અને આજે ત્રણ હજાર કરોડની સબસિડી ખેડૂતો માટે અપાઇ છે. ખેડૂતોને વીજળી માટે જે સતત પાવર મળતો રહે અને જે પૈસા મોટરો જે સબમર્સીબલ પંપ માટે વપરાતા હતા એ નથી વપરાતા એ ખેડૂતો માટે મોટો ફાયદો છે. હું આ બિન-સરકારી સંકલ્પને મારું સમર્થન આપી મારી વાત પૂરી કરું છું.

**શ્રી દિલીપભાઇ ન. સંઘાણી ( કૃષિ અને સહકાર)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી રજનીકાન્તભાઇ જે સંકલ્પ લઇને આવ્યા છે, એમના હાર્દ સાથે હું સંમત થાઉં છું, આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સંકલ્પમાં માનનીય સભ્યશ્રી કાળુભાઇ વિરાણી અને શ્રી મુળુભાઇ બેરાએ

રસપ્રદ આ રાજયના વિકાસની વાત કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના કૃષિ વિકાસ અંગેનો ઇતિહાસ જો તપાસવા જઇએ તો છેલ્લા દસ વર્ષોમાં જે રીતે પ્રગતિનો ગ્રાફ વધતો જાય છે એ બતાવે છે કે, આ રાજયમાં માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ જયારથી નેતૃત્વ સંભાળ્યું છે ત્યારથી મૂળ કૃષિ ક્ષેત્રે પ્રગતિ કરવી હોય તો શું કરવું જોઇએ? એ ઉંડાણપૂર્વક અભ્યાસ કરીને ચાલીસ-ચાલીસ વર્ષોથી આટલા મોટા રાજયની ભૌગોલિક, કુદરતી જે સ્થિતિ હતી એમાં એક માત્ર યુનિવર્સિટી કૃષિ ક્ષેત્રે માર્ગદર્શન આપતી. એમના બદલે ઉત્તર ગુજરાત માટે એક અલગ દાંતીવાડા યુનિવર્સિટી, દક્ષિણ ગુજરાત માટે નવસારી કૃષિ યુનિવર્સિટી, મધ્ય ગુજરાત માટે આણંદ યુનિવર્સિટી અને સૌરાષ્ટ્ર-કચ્છ માટે જુનાગઢ ખાતે કૃષિ યુનિવર્સિટી, એમ ચાર કૃષિ યુનિવર્સિટીઓ બનાવીને ચારેય ભૂ-ભાગને એનો અભ્યાસ કરીને એ ક્ષેત્રના કૃષિકારોને યોગ્ય માર્ગદર્શન અને મદદ કરવી એ રીતની વ્યવસ્થા કરીને આશરે નવ થી દસ ગણું બજેટ આ કૃષિ ક્ષેત્રે યુનિવર્સિટીમાં જે સંશોધન ક્ષેત્રે ફળવાતું હતું એ વધારી આપ્યું અને એના કારણે જે નવા સંશોધનો થયા, નવી વિગતો વૈજ્ઞાનિકો પાસે આવી અને આ વિગતોને છેક લેબ ટુ લેન્ડ પહોંચાડવા માટે અઢાર હજાર ગામોમાં કૃષિ મહોત્સવના આયોજનથી લગભગ એક લાખ જેટલા કર્મયોગીઓ, કર્મચારીઓ, અધિકારીઓ, ભારતીય જનતા પાર્ટીના પદાધિકારીઓ, કિસાન સંઘના આગેવાનો, કિસાન મોરચાના આગેવાનો, ધારાસભ્યો આ બધાએ ધોમધખતા તાપમાં કામ કરીને લેબ ટુ લેન્ડ, ખેડૂતોને છેક સુધી માહિતી પહોંચાડવા પ્રયત્ન કર્યો અને એના આધારે આજે કૃષિક્ષેત્રે આ સ્થિતિનું નિર્માણ થયું.

માનનીય અધ્યક્ષશ્રી, જે ક્ષેત્રમાં હિંમતપૂર્વક નિર્ણય લેવાની જરૂરિયાત ઉભી થઇ. આજે ગુજરાત સમગ્ર રાષ્ટ્રમાં લગભગ પચાસ ટકા જેટલું કોટન નિકાસ કરે એટલી ક્ષમતા ધરાવતું થયું. કારણ સમગ્ર દેશમાં બી.ટી. કોટનની માન્યતા કેન્દ્ર સરકાર તરફથી મનાઇ હોવા છતાં પણ હિંમતપૂર્વક માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ નિર્ણય લઇને બી.ટી. કોટનના ઉભા પાકને સળગાવવા માટેની સુચનાઓને અવગણીને, આ પાક ખેડૂતોના હિત માટે આ ગુજરાતમાં એક છોડ સળગાવવામાં નહીં આવે અને જે નિર્ણય લીધો એના કારણે ગુજરાત બી.ટી. કોટનના ક્ષેત્રે ખૂબ જ પ્રગતિ કરી રહ્યું છે, ખૂબ જ આગળ વધી રહ્યું છે અને દુનિયામાં ગુજરાતના કોટનની જે માંગ છે, ખૂબ ઉંચો ભાવ છે એના કારણે ગુજરાત જે રીતે પ્રગતિ કરી રહ્યું છેઆ પ્રગતિ કેન્દ્રથી નહીં જોવાવાને કારણે વારંવાર જયારે ખેડૂતોના ઘરમાં કપાસ આવે ત્યારે પ્રતિબંધ મુકવામાં આવે છે. મારે જાણવું છે દર વર્ષે જયારે ખેડૂતોનો પાક બજારમાં આવે ત્યારે કેન્દ્ર તરફથી પ્રતિબંધ અને ખેડૂતોના ઘરમાંથી નીકળી જાય ત્યારે આ પ્રતિબંધ ઉઠાવી લેવામાં આવે આ કોના લાભાર્થે? કોના મામા ભાણીયા છે કે એના લાભાર્થે આવા વારંવાર નિર્ણયો દર વર્ષે બદલવામાં આવે છે? અને ખેડૂતોને અન્યાય કરવામાં આવે છે. અહીંથી વાતો કરીને લીડરો જાય કોંગ્રેસનું નેતૃત્વ કે અમે કપાસની નિકાસબંધી માટે રજૂઆત કરવા માટે જઇએ છીએ. એની પાછળનું કારણ કોઇને કોઇ નિગમના ચેરમેન થવું હોય, કોઇ રાજસભાની ટિકિટ લેવી હોય અને એની સમજુતી માટે જવું હોય તો એની ગુજરાતમાં ચાલુ વિધાનસભામાં કેમ ગયા એવો પ્રશ્ન ઉભો થાય એટલે જુદા ખેડૂતોના બહાને જયાં ખેડૂતોની ચર્ચા કરીને, માંગ કરીને સમર્થન કરવું જોઇએ એના બદલે આખેઆખો પક્ષ કોંગ્રેસ ખેડૂતોના પ્રશ્નની ચર્ચા કરવાને બદલે કેવી રીતે બહિષ્કાર કરીને ગયો સમગ્ર ગુજરાત જોઇ રહયું છે. એની માનસિકતા કેવી હતી? ભૂતકાળમાં આ રાજયના ખેડૂતોના ખેતરમાં પાકે કે ન પાકે પણ એને લેવી આપવી ફરજીયાત આ કાયદો. ગુજરાતમાં અગાઉ ખેડૂતોના ખેતરમાં પાકયું ન હોય અને લેવી ન આપી શકે એવી સ્થિતિ હોય ત્યારે લગભગ ૩૦૦૦ કરતા વધારે ખેડૂતોને જેલના સળીયા પાછળ ધકેલનાર બીજું કોઇ નહીં આજે જે વિપક્ષ ઉપર બેસાડી દીધા એ કોંગ્રેસના નેતૃત્વવાળી સરકારે ૩૦૦૦ જેટલા ખેડૂતોને જેલના સળીયા પાછળ ધકેલ્યા હતા. એની રજૂઆત કરવા આવે ખેડૂતો, ગાંધીનગરમાં આવે તો આ ખેડૂતો ઉપર ઘોડા દોડાવવામાં આવે, લાઠી ચાર્જ કરવામાં આવે, ટીયર ગેસ છોડવામાં આવે, ગોળીબાર કરવામાં આવે અને ખેડૂતોની લાશો અહીંયા ઢાળવામાં આવે એ ખેડૂતોની હમદર્દીની વાતો કરે ગુજરાતનો ખેડૂત, એનું લોહી આ ગાંધીનગરની ધરતી ઉપર રેડાયું છે એ ગાંધીનગરની સત્તા કયારેય કોંગ્રેસના હાથમાં ન આવે. અંતિમ શ્વાસ સુધી ખેડૂતનો દીકરો લડી રહયો છે એટલા માટે કે આ ગુજરાતની સંસ્કૃતિ, આ દેશની સંસ્કૃતિ પોતાના પૂર્વજોને નિર્દયતાથી જે રીતે લોહીની નદીઓ વહેવડાવી છે એવા શાસકોને કયારેય નહીં ભુલે. એ

સ્થિતિનું નિર્માણ, ખેડૂતો પ્રત્યેનો દ્વેષ, આજે પણ એનામાં જે રીતે ભાર વર્તાય છે, માત્ર ગુજરાતમાં જ નહીં, દિલ્હીમાં પણ જોઇ રહ્યા છીએ કે જેવી પાંચ રાજ્યોની ચુંટણી પતી કે તરત જ કપાસ ઉપરનો પ્રતિબંધ અને આજે જે ખેડૂતોને ખાતર મળવાનું હોય વ્યાજબીભાવે. ખેડૂતોને, પશુપાલકોને એના વ્યાજબી ભાવ મળી રહે એટલા માટે રેલ્વે નુરમાં રાહત અપાતી હતી એ પણ પાછી ખેંચીને ખાતર ઉપર ભાર વધે એવી પરિસ્થિતિ લાવ્યા, ડેરી ક્ષેત્રના ઉત્પાદન પર ભાર વધે એ પરિસ્થિતિ લાવ્યા અને આ પ્રતિબંધો, આ સ્થિતિ કયા ઉદ્યોગપતિઓના ઇશારે આ નિર્ણયો થઇ રહ્યા છે એ સમજાતું નથી. જે સ્થિતિનું નિર્માણ છે. ગુજરાત માત્ર ટીકાઓ કરવામાં નથી માનતું. નવા નવા ક્ષેત્રોમાં કામ કરી રહ્યું છે. કેન્દ્રની ગમે તેટલી પરિસ્થિતિએ વાત કરે, માનનીય નરેન્દ્રભાઇની પાછળ ગમે તે રીતે પડે પણ ગુજરાત એના નેતૃત્વમાં, એના માર્ગદર્શનમાં જે રીતે કામ કરી રહ્યું છે એ કામના કારણે બીજી બાજુથી એમણે ગુજરાતના વિકાસને સ્વીકાર્યા વગર ચાલે એવી સ્થિતિ નથી. શરૂઆતમાં બી.ટી. કોટનમાં જે સ્થિતિનું નિર્માણ હતું એના કારણે આજે આપણે પ્રગતિ લાવી શકયા છીએ. પરંતુ તાજેતરમાં રાજયે કપાસ શંકર–૬ અને શંકર–૮માં આ જાતોમાં બી.ટી.ઝીલ દાખલ કરવા માટેનો નિર્ણય કર્યો રાજય સરકારે અને રાજય સરકારના બીજ નિગમ દ્વારા મોન્ટેસો કંપની સાથે કરાર કરીને સમગ્ર દેશમાં પહેલી વખત આ પ્રયોગો શરૂ કર્યા. છેલ્લા બે વર્ષથી પ્રયોગો જે શરૂ કર્યા હતા એમાં સફળતા મળી અને સફળતા મળી એમાં ગયા મહિને કેન્દ્ર સરકારે આપણને માન્યતા આપી અને આ માન્યતાના કારણે આવતા દિવસોમાં માત્ર ગુજરાતમાં જ બી વેચવાની છુટ ન આપી, આખા દેશમાં પહેલી વખત ચાલુ વર્ષે બી.ટી. કોટનમાં ઝીન દાખલ કરીને મહારાષ્ટ્ર અને રાજસ્થાનમાં ગુજરાત બીજ ઉત્પન્ન કરે એ રાજયમાં બીજ વેચવાની પણ ગુજરાતમાં સમગ્ર દેશમાં પહેલી વખત છુટ આપવામાં આવી. એવું રાજય ગુજરાત. આ ગુજરાત કૃષિક્ષેત્રે એ રીતે પ્રગતિ કરી રહ્યું છે. ગુજરાત નવા નવા સંશોધનો કરી રહ્યું છે. ગુજરાત નવા નવા ક્ષેત્રે સાહસો કરી રહ્યું છે. એ સાહસોના કારણે ખેડૂતોને એક સંતોષની લાગણી છે. સ્થિતિ એ છે કે આ દેશમાં અમે સૌએ જોયું છે. સામે જોયું છે કે ભૂતકાળમાં ટકે શેર ભાજી, ખાજાની વાતો સાંભળતા. ગમે તેવો ખેડૂત હોય ૧૦,૦૦૦ રૂપિયાનું પાક વીમાનું પ્રિમિયમ મળે. માનનીય અટલ બિહારી વાજપયી આવ્યા. એમણે વાસ્તવિક રીતે ખેડૂતોને જેટલી શાખ હોય એટલું પ્રિમિયમ નક્કી કર્યુ. એટલો એમને પાક વીમો મળે એવું નક્કી કર્યુ. એવો નિર્ણય કર્યો ત્યારે ૫૦ ટકા કેન્દ્ર ભોગવે અને ૫૦ ટકા રાજય ભોગવે અને એનો લાભ મળી શકે. મને ગૌરવ છે કે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં ગુજરાતની સરકારે આ યોજના દેશમાં પહેલી વહેલી સ્વીકારીને ખેડૂતો પ્રત્યેની હમદર્દી આ ભારતીય જનતા પાર્ટીની સરકારે સ્વીકારી. પહેલા ગમે તેટલી પરિસ્થિતિ આવે, ગમે તેવો દુષ્કાળ આવે તો ૧૦,૦૦૦ કરતાં વધારેનો વીમો મળતો નહિ. આજે ખેડૂતોને લાખ રૂપિયા પણ મળે, દોઢ લાખ રૂપિયા પણ મળે. એની ક્ષમતા મુજબના મળે એ સ્થિતિનું નિર્માણની પ્રથમતા તરફ આ ગુજરાતે પગલું લીધેલ છે. આ પરિસ્થિતિમાં ગુજરાત સરકારે એક કાયદો બનાવીને ખેડૂતોને વ્યાજબી ભાવે બી.ટી. કોટનનુ બિયારણ મળે. કંપનીઓ દ્વારા ઉંચા ભાવ જે લેવામાં આવતા હતા, વારંવાર સમજૂતી છતાં પણ કાયદો નહિ હોવાના કારણે પ્રાઇવેટ કંપનીઓ માનતી નહોતી. રાજય સરકારે કાયદો બનાવીને એમને નિયંત્રિત કર્યા. આ કાયદો બનાવવાની જોગવાઇ રાજય સરકારનો અધિકાર, કેન્દ્ર સરકારનો અધિકાર સૌનો, જો કેન્દ્ર સરકારનો કાયદો હોય તો રાજય સરકારનો કાયદો નિષ્ફળ જાય. આપણા કાયદાને હાઇકોર્ટમાં પડકારવામાં આવ્યો. હાઇકોર્ટે આપણા કાયદાને માન્ય કર્યો. આ ઉચ્ચ કંપનીઓ જે ઉદ્યોગપતિઓની વાતો કરે છે, તે ઉદ્યોગપતિઓ દિલ્હી પહોંચ્યા અને દિલ્હી તરફથી આ રાજય સરકાર ઉપર દબાણ કરવામાં આવ્યું કે તમે કાયદો પાછો ખેંચીને આ બી.ટી. કોટનના વેપારીઓને મુકતપણે ભાવ લેવા દો. રાજય સરકાર આ ખેડૂતોના હિતમાં ન માની. કેન્દ્ર સરકારે આ કાયદાને નલ એન્ડ વોઇડ થાય એટલા માટે આવશ્યક ચીજવસ્તુ ધારામાં લઇને આપણા કાયદાને નિષ્ફળ બનાવ્યો. અને કોર્ટમાં આ કાયદાને કેન્દ્ર સરકારે રજૂ કરતા ખેડૂતોના હિતમાં આપણે કામ કર્યુ હતું તે નિષ્ફળ ગયું. આપણે તેની સામે સુપ્રિમ કોર્ટમાં ગયા છીએ. વાતો કરે છે ખેડૂતોના હિતની. પણ, છાશવારે ખેડૂતોની વિરુદ્ધમાં જે કામ કરી રહ્યા છે. ખેડૂતોને ધીરાણ લેવું હોય તો આજ દિવસ સુધી આ રાજયમાં લગભગ ૫૦ ટકાની આજુબાજુ ખેડૂતો સહકારી માળખા દ્વારા પોતાનું ધીરાણ લે છે, પણ કેન્દ્ર સરકાર દ્વારા વારંવાર

આપણી માગણી છે કે જે ધોરણે રાષ્ટ્રીયકૃત બેન્કોને જે શરતોએ ખેડૂતો માટે ધિરાણ આપવામાં આવે છે. બાકીની સુવિધા આપવામાં આવે છે. એ જ ધોરણે સહકારી બેન્કોને આપવી જોઇએ. એના માટે ક્યારેય સાંભળ્યું નહિ. તે માટે રાજય સરકારે ૨ ટકા રાજય સરકારના બજેટમાંથી રાહત આપીને ખેડૂતોને મદદ કરવા પ્રયત્ન કર્યો. આવી અનેક વિગતો ટ્રેકટર જેટલા જોઇએ તેટલા ટ્રેકટરો રાજય સરકાર તરફથી ન મળે, ત્યારે રાજય સરકારે પોતાના બજેટમાંથી વ્યવસ્થા કરવી પડે, પશુપાલન ક્ષેત્રે, મત્સ્યોદ્યોગ ક્ષેત્રે અનેકવિધ રીતે જે રીતે કેન્દ્ર સરકાર તરફથી ગુજરાતના ખેડૂતોને અન્યાય કરવામાં આવી રહ્યો છે, તેની સામે રચનાત્મક અભિગમ રાખીને રાજય સરકારે કરેલા કાર્યોનો ઉલ્લેખ કરીને સારી વાતમાં રજનીભાઇ આ પ્રસ્તાવ લઇને આવ્યા છે, ત્યારે આ પ્રસ્તાવને સ્વીકારવા માટે હું ગૃહને વિનંતી કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સભાગૃહનું કામકાજ બપોરના ૧૨-૫૪ વાગ્યે પૂરું થતાં સભાગૃહ સભાપતિશ્રીના આદેશાનુસાર સોમવાર તા.૧૨મી માર્ચ, ૨૦૧૨ ના રોજ બપોરના ૧૨-૦૦ કલાકે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**સોમવાર તા.૧૨મી માર્ચ, ૨૦૧૨**
**ફાલ્ગુન ૨૨, ૧૯૩૩ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ કલાકે મળ્યું**
**અધ્યક્ષશ્રી ગણપતભાઇ વસાવા અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## સુરેન્દ્રનગર જિલ્લામાં નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના

***૨૭૦૬૨ શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા(દસાડા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કઈ કઈ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે,

(૨) મંજૂર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૩)નગરપાલિકા દીઠ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ મંજુર થયેલ છે ?

**શહેરી વિકાસ મંત્રીશ્રીઃ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં લીંબડી નગરપાલિકાની ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે.

(૨)યોજનાની કામગીરી પ્રગતિમાં છે. ૪૦ ટકા કામગીરી પૂર્ણ થયેલ છે.

(૩)લીંબડી નગરપાલિકા : ` ૨૭.૧૦ કરોડ

શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા : માનનીય મંત્રીશ્રી પાસેથી આપના માધ્યમ દ્વારા જાણવા માગું છું કે સુરેન્દ્રનગર જિલ્લામાં અલગ અલગ શહેરોમાં, નગરપાલિકામાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે. તે પૈકી બાકી રહેતાં શહેરોનાં કામ ક્યારે શરૂ કરવામાં આવશે અને આ સિવાય બાકી રહેલી યોજનાની વહીવટી મંજૂરી આપવાનું આયોજન કયા પ્રકારનું છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી શંભુપ્રસાદજીએ જે માહિતી માગી છે. એમાં આ રાજય સરકારની ગુજરાતના નાગરિકો પ્રત્યે શહેરોમાં વ્યવસ્થા આપવા માટેની જે પ્રતિબદ્ધતા છે, એને આપણે જ્યારે ગુજરાતની સ્વર્ણિમ જયંતિ ઉજવી ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ૭,૦૦૦ કરોડનું પેકેજ ગુજરાતના નાગરિકોને શહેરોમાં રહેવા માટે, સુવિધા આપવા માટે, વ્યવસ્થા આપવા માટે, શહેરોને સ્વચ્છ રાખવા માટેની અતિ મહત્વાકાંક્ષી અને ૧૦૦ ટકા ગુજરાત સરકારના બજેટમાંથી બનેલી આ યોજનાને અમલમાં અમે મૂકી છે અને એમાં જે જુદા જુદા ઘટકો લીધા છે, એમાં શહેરના નાગરિકોને નગરપાલિકાઓમાં, મહાનગરપાલિકાઓમાં પીવાના પાણીની વ્યવસ્થા આપવી, ભૂગર્ભ ગટરોની વ્યવસ્થા આપવી, નગરપાલિકાઓમાં ગરીબ વસ્તીમાં વધારે સારી વ્યવસ્થા આપવી, ગરીબો માટેની આવાસની વ્યવસ્થા કરવી, હરવા ફરવા માટેના પર્યાવરણના સુધારા સાથેના સ્થળો ઉપલબ્ધ કરાવવા એ પૈકીના આ ભૂગર્ભ ગટર યોજનાનાં મહત્વનાં કામો આ રાજય સરકારે આખા દેશની અંદર પહેલા નંબરે એટલા માટે કે બધા વર્ષો પછી વિચારે એ અમે વર્ષો પહેલાં કરી દઇએ છીએ ગુજરાતની ૧૫૯ નગરપાલિકાઓ છે એ તમામ ૧૫૯ નગરપાલિકાઓમાં અંદાજે લગભગ સાડા ચાર હજાર કરોડ રૂપિયાના ખર્ચે તમામ નગરોમાં ભૂગર્ભ ગટર બનાવવાનું કામ રાજય સરકારે ચાલુ કરી દીધું છે. એ પૈકી સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો એ પ્રમાણે સુરેન્દ્રનગર જિલ્લામાં આપણે તમામ નગરપાલિકાઓને આવરી લેતી વ્યવસ્થાનું આયોજન ચાલુ કર્યુ છે અને એમાં લીંબડી નગરપાલિકાનું કામ ચાલુ પણ કરી દેવામાં આવેલ છે. બાકીના તમામ નગરપાલિકાઓમાં

ડી.પી.આર. બનાવવું, ડી.પી.આર. મંજૂર કરીને તાંત્રિક મંજૂરી આપવી, ટેન્ડર બહાર પાડવું એ પ્રક્રિયા અત્યારે વિવિધ તબક્કે તમામ નગરપાલિકાઓમાં ચાલુ છે.

શ્રીમતી વર્ષાબેન ન. દોશી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ભુગર્ભ ગટર યોજનાની કામગીરી સ્થાનિક સંસ્થાઓને અમલીકરણ માટે સોંપવાનું શું આયોજન છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અહીયા મને કહેતા થોડો સંકોચ થાય છે કે ભુતકાળમાં મને ગુજરાતી તરીકે સંકોચ થાય છે કે આ લોકોને સંકોચ થાય છે કે કેમ તેની મને ખબર નથી. ૧૯૮૪ પછી કે ૧૯૮૪ પહેલા પણ આખા રાજયમાં ફકત ૫–૭ નગરપાલિકાઓમાં જે ભૂગર્ભ ગટરની વ્યવસ્થા હતી. વર્ષોના વર્ષ સુધી જે લોકો શાસનમાં રહ્યા, એ લોકોએ કોઇ વ્યવસ્થા શહેરો માટે આપી નહોતી, ગ્રાન્ટ આપતા નહોતા, વ્યવસ્થા આપતા નહોતા, ત્યારે લગભગ ૧૯૮૪ એટલે ૧૬ વત્તા ૧૦ એમ ૨૬ વર્ષ પછી આ માનનીય નરેન્દ્રભાઇ મોદીની સરકારે ૧૫૯ નગરપાલિકાઓમાં કામ મંજૂર કર્યા છે, એટલા માટે આ ભૂગર્ભ ગટરનું કામ તાંત્રિક જાણકારીવાળું કામ છે. શહેરોમાં ચાલુ ટ્રાફિક હોય, અવર જવર ચાલુ હોય, રહેણાંક વિસ્તારમાં અવર જવર ચાલુ હોય, માનનીય અધ્યક્ષશ્રી, ભૂગર્ભમાં જયાં ગટર લાઇનોની પાઇપો નાંખવાની હોય, મોટી મોટી કૂંડીઓ બનાવવાની હોય, તેના માટે રસ્તાઓ ખોદવા પડે, તેમાં નીચે પીવાના પાણીની લાઇનો હોય, ટેલીફોનના કેબલ હોય આવા પ્રકારની અનેક જાતની ઉચ્ચ કક્ષાની ટેકનિકલ જાણકારી સ્વાભાવિક છે કે નગરપાલિકાઓ પાસે ન હોય. એટલે રાજય સરકારે એ પણ નિર્ણય કર્યો છે કે પાણી પુરવઠા બોર્ડ અને શહેરી વિકાસ વિભાગની જે કંપની છે જી.યુ.ડી.સી. તેના દ્વારા અને જી.યુ.ડી.એલ. દ્વારા અમે આ કામકાજ કરાવીએ છીએ. સરકાર ૧૦૦ ટકા ગ્રાન્ટ આપે, તેના ડી.પી.આર. અમે બનાવી આપીએ, તેના કન્સલટન્ટ મૂકીએ, કન્સલટન્ટની ફી રાજય સરકાર આપે અને તમામ ટેન્ડરની પ્રક્રિયા કર્યા પછી તમામ વ્યવસ્થા જોવાની જવાબદારી અમારા હસ્તક રાખી છે. આ યોજનામાં જે કોન્ટ્રાકટરનું ટેન્ડર મંજૂર થાય તેને બે વર્ષ સુધી આ ગટર લાઇન ચલાવવાની કામગીરી કરવાની છે. તેના પૈસા પણ બે વર્ષના, સર્વિસ મેન્ટેનન્સના રાજય સરકાર આપે અને બે વર્ષ પછી તે નગરપાલિકાનું અમે હસ્તાંતરણ કરીએ છીએ. ત્યાં સુધીની તમામ પ્રક્રિયા રાજય સરકારના શહેરી વિકાસ વિભાગ દ્વારા કરી આપવામાં આવે છે.

શ્રી દેવજીભાઇ ગો. ફતેપરા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તમે જે સુરેન્દ્રનગર જિલ્લાની વાત કરો છો તેમાં હળવદ નગરપાલિકાને કેટલા પૈસા ફાળવ્યા છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં જેમ અગાઉ કહ્યું તેમ દરેક શહેરોને આપણે આવરી લીધા છે. તેમાં આખા રાજયના તમામ શહેરો, કોઇપણ જિલ્લા આવતા હોય, તેમાં હળવદ નગરપાલિકાના જે પ્રોજેકટ છે તે ડી.પી.આર. તબક્કે છે. પછી તેના અંદાજો બનશે અને તેના આધારે ટેન્ડર બહાર પડશે, પણ જે ખર્ચ થશે. કોઇ શહેર મોટું હોય તો વધારે ખર્ચ થાય. દા.ત. હમણાં અમે નડિયાદનું કામ મંજૂર કર્યુ તો લગભગ સવા સો કરોડ રૂપિયાનું ટેન્ડર હતું. નાની નગરપાલિકા હોય અને ઓછું કામ હોય, પણ જેવડું કામ આવશે. મોટી નગરપાલિકા હોય તો પૂરેપૂરી રકમ અમે આપીએ છીએ. આ કામગીરી હજુ અંદાજ બનાવવાના તબકકે છે.

અધ્યક્ષશ્રી : તેમનો હળવદ પૂરતો પ્રશ્ન છે.

શ્રી હરીલાલ મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આજથી પાંચ વર્ષ પહેલાં ધ્રાંગધ્રા મ્યુનિસિપાલિટી અને સુરેન્દ્રનગર મ્યુનિસિપાલિટીમાં ગટરનું કામ ચાલુ થઇ ગયું હતું તે ગટરનું કામ ફેઇલ થયું છે તે એક અને ધ્રાંગધ્રા મ્યુનિસિપાલિટીમાં ૧૨ કરોડ રૂપિયા એબાઉ ૧૦ થી ૧૨ કરોડ રૂપિયાના બિલ્ડીંગ બનાવી ભાડે આપવા માટે તૈયાર કર્યા છે. પાંચ વર્ષમાં એકપણ ભાડે અપાયું નથી અને મ્યુનિસિપાલિટી વ્યાજ ચુકવે છે તે સાચી હકીકત છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી,આ ફકત ભૂગર્ભ ગટર યોજનાનો પ્રશ્ન છે. સભ્યશ્રી અલગ રીતે માહિતી માગશે, અલગ પ્રશ્ન પૂછી તો ચોકકસ માહિતી આપીશું.

**રાજકોટ જિલ્લામાં નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના**

*** ૨૭૦૬૬ શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ(ગ્રામ્ય) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કઈ કઈ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે.

(૨) મંજૂર થયેલ ગટર યોજનાની કામગીરી તા. ૩૧-૧૨-૧૧ ની સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૩) નગરપાલિકા દીઠ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ મંજૂર થયેલ છે ?

**શહેરી વિકાસ મંત્રીશ્રીઃ**

(૧) રાજકોટ જિલ્લામાં મોરબી, જેતપુર, જસદણ અને ઉપલેટા નગરપાલિકામાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે.

(૨) મોરબી-ભાવ પત્રકો માગવામાં આવેલ છે.

જેતપુર-ડ્રાફ્ટ ભાવપત્રકો બનાવવામાં આવી રહેલ છે.

જસદણ-ભાવ પત્રકો ચકાસણી હેઠળ છે.

ઉપલેટા-શહેરના રસ્તાઓ બિસ્માર હાલતમાં હોવાથી પહેલા રસ્તા બનાવી શકાય તે માટે ભૂગર્ભ ગટરના કામો મુલતવી રાખવાની નગરપાલિકાની રજૂઆત મળેલ છે, તેથી આગળની કામગીરી હાથ ધરેલ નથી.

(૩) મોરબી- રૂ. ૬૦.૪૨ કરોડ.
જેતપુર - રૂ. ૬૨.૨૩ કરોડ.
જસદણ- રૂ. ૩૬.૯૬ કરોડ.
ઉપલેટા-પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રાજકોટ જિલ્લામાં.. (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ :(અંતરાય)(બેઠા બેઠા બોલતાં) તમે શીખવાડો તો ખરા કેવો પ્રશ્ન પૂછાય, કયાં પૂછાય, ટ્રેનિંગ તો આપો (અંતરાય)

શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા : ભૂગર્ભ ગટર યોજના અંતર્ગત બાકી રહેતી યોજનાઓની વહીવટી મંજૂરી કયારે આપવામાં આવશે. તેનું શું આયોજન છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : ડી.પી.આર. બને છે.

શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા : અને બાકીના જે શહેરો છે તેમાં જે કામ બાકી છે તે કયારે શરૂ કરવામાં આવશે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લામાં કુલ ૯ નગરપાલિકાઓ છે. તેમાં ૪ નગરપાલિકાઓમાં આપણે કામ મંજૂર કરી દીધા છે. મોરબી, જેતપુર, જસદણ અને ઉપલેટા. આ અંગેની બધી પ્રક્રિયા પૂર્ણ થઇ ગઇ છે અને આપણે કામ ચાલુ કરવાના તબક્કે પહોંચ્યા છીએ. બાકીના જે શહેરો છે તેમાં ગોંડલ, ધોરાજી, વાંકાનેર, ભાયાવદર, માળીયા મિયાણા આ પાંચે શહેરોમાં પણ વિવિધ તબકકે મેં જેમ

અગાઉના પ્રશ્નમાં કહ્યું તે પ્રમાણેની કામગીરી ડી.પી.આર. તબકકેની છે. પ્રોજેકટ બનાવવાના તબકકેની છે. ટેન્ડર બહાર પાડવાના તબકકેની છે. આ તમામ કાર્યવાહી, તમામ સભ્યોને જણાવતાં આનંદ થાય છે કે ૨૦૧૪–૧૫ સુધીમાં ગુજરાતના ૧૫૯ શહેરોમાં ભૂગર્ભ ગટરના આયોજનો પૂર્ણ થઇ જશે અને બધી જ નગરપાલિકામાં ભૂગર્ભ ગટરની વ્યવસ્થાનો ગુજરાતના ૪૪ ટકા નાગરિકો જે શહેરોમાં રહે છે તેમને લાભ મળતો થઇ જશે.

શ્રી ભરતભાઇ ખો. બોઘરા : માનનીય અધ્યક્ષશ્રી, અમારા જસદણ વિસ્તારની અંદર શહેરની અંદર સૌથી મોટી સમસ્યા ગંદા પાણીના નિકાલની છે, આઝાદીના આટલા વર્ષો સુધી આ વિસ્તારમાં કોઇએ ધ્યાન આપ્યું ન હતું. માનનીય દેવજીભાઇ, ત્યાં આજે ગામમાં એટલી બધી ગંદા પાણીના નિકાલ માટે..

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપ પ્રશ્ન ઉપર આવો.

શ્રી ભરતભાઇ ખો. બોઘરા : માનનીય અધ્યક્ષશ્રી, એમના મિત્ર સત્તર વર્ષ સુધી..

અધ્યક્ષશ્રી : નહીં, નહીં, પ્લીઝ, આપ પ્રશ્ન પૂછો.

શ્રી ભરતભાઇ ખો. બોઘરા : સાહેબ, આ વિસ્તારમાં કોઇએ આ સમસ્યાઓનું ધ્યાન નહોતું આપ્યું, આ સરકારે અમારા પ્રશ્નના જવાબમાં આપ્યું છે કે ૩૭ કરોડ રૂપિયા ભૂગર્ભ ગટર યોજના માટે ફાળવ્યા છે, અમારા જશદણ વિસ્તારના લોકો એટલા બધા આનંદમાં છે કે હમણાં ભૂર્ગભ ગટર યોજનાનું કામ શરૂ થવાનું છે અને મોટા ભાગે મોટો કચરો નીકળે જશે અને નાનો કચરો પણ આમાં નીકળી જશે એ પ્રકારની આ યોજના છે તો આમાં શહેરનો બધો કચરો સાફ થઇ જાય એવું લાગે છે, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જાણવું છે કે, આ યોજનાની મરામત અને નિભાવણી માટે શું આયોજન છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કચરો સાફ કરવા માટે જ આ આપણે યોજના કરીએ છીએ, ગુજરાત વધુ આરોગ્યપ્રદ બને, ગુજરાત વધુ સ્વચ્છ બને, થોડાઘણા મચ્છર માખી થતા હોય, મચ્છર– માખીનો થોડોઘણો ઉપદ્રવ હોય એ પણ નાબૂદ થાય અમારો એવો આની પાછળનો મૂળભુત હેતુ છે. એના તરફ અમે આગળ વધી રહયા છીએ, મેં અગાઉ જેમ કહયું એ પ્રમાણે ટેન્ડર મંજૂર થયા પછી કામ પૂરું થયા પછી બે વર્ષ સુધીની નિભાવણી અને મરામતની જાળવણી કોન્ટ્રાક્ટરે જ કરવાની છે, અને એનો ખર્ચ આ ટેન્ડરની અંદર અમે સામેલ કરીએ છીએ. આ અમે એટલા માટે કરીએ છીએ કે, ભૂતકાળમાં જે થોડુઘણું બે પાંચ નગરપાલિકામાં અગાઉની સરકારો વખતે કામ થયેલું એમાં એવા પ્રકારનું કામ થયેલું એનો દાખલો આપું તો લીંબડીમાં કોઇએ ભૂગર્ભ ગટર લાઇન નાખી ત્યારે પાઇપલાઇન અવળા ઢાળમાં નાખી હતી તો અત્યારે અમારે રિપેર કરી આપવી પડે છે. એવી રીતે ઘણા શહેરનો અંદર ૮૪ પહેલાં જે ભૂર્ગભ ગટરો કરવામાં આવેલી એમાં કોઇ લેવલ મળતા ન હતા, કોઇ ઓકસીડેશન પોન્ડની વ્યવસ્થા કરવામાં આવી ન હતી, અને લગભગ સરકારે કરેલો તમામ ખર્ચ નકામો ગયેલો, એટલે અમે કોન્ટ્રાક્ટર સાથે એ શરત કરીએ છીએ કે જેટલી ભૂર્ગભ ગટર યોજનાના કામ પૂરા થયા પછી બે વર્ષ સુધી એને ચલાવવાનું અને એની સફળતાપૂર્વક કામગીરી થાય પછી જ અમે એનો કબજો લઇએ જેથી નગરપાલિકાને આના અંગેની આગળની કોઇ તાંત્રિક જવાબદારી કે કે ભવિષ્યમાં નિષ્ફળતાની જવાબદારી ના રહે.

શ્રીમતી જશુબેન સ. કોરાટ : માનનીય અધ્યક્ષશ્રી, અમારી જેતપુર નગરપાલિકાનો ભૂર્ગભ ગટર યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો છે એટલે હું રાજય સરકારનો અને અમારા આદરણીય માનનીય મુખ્ય મંત્રીશ્રીનો આ તબકકે ખૂબ ખૂબ આભાર માનું છું. મારું જેતપુર શહેર એ એક ઔદ્યોગિક શહેર છે અને ભૂર્ગભ ગટર કરવી એ ખૂબ જરૂરી છે એટલે સમાવેશ કરીને ૬૨ કરોડ રૂપિયા મંજૂર કરેલા છે, તો હાલમાં કયા તબકકે કામગીરી છે અને શું કાર્યવાહી કરેલી છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વર્કઓર્ડર આપીને કામની શરૂઆત કરી દેવામાં આવી છે, અને તબકકાવાર એનું કામ આગળ વધી રહયું છે.

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, રાજકોટ જિલ્લામાં જે નગરપાલિકાઓમાં વર્ષો પછી આ ભૂર્ગભ ગટર યોજનાની જે શરૂઆત કરી છે એ કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે અને પૂર્ણ થયા પછી સ્થાનિક સંસ્થાઓને સોંપવાનું કોઇ રાજય સરકારનું આયોજન છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બધી જ કામગીરી રાજય સરકાર કરી આપશે અને પછી બે વર્ષ ચલાવ્યા પછી આપણે નગરપાલિકાઓને ટ્રાન્સફર કરશું.

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, મુરબ્બી મંત્રીશ્રી અને માનનીય મુખ્ય મંત્રીશ્રીનો હું આભાર માનું છું, કે અમારે જયારે હોનારત આવી ત્યારે જે ભૂર્ગભ ગટર થઇ હતી એ નગરપાલિકાએ શું કામ નથી સંભાળી, હજી પણ નથી સંભાળી, કે જે ઢાળ અવળા જતા હતા, અને હજી નથી સંભાળી, આવું કામ કરવાથી ભૂર્ગભ ગટર યોજનાનું કામ ત્રીસ વર્ષ પહેલાં કર્યા હતા, છતાં અમે દૂઃખી હતા અને આ રાજય સરકારે પ૯ કરોડ રૂપિયા મંજૂર કર્યા અને માનનીય મંત્રીશ્રીને મેં રજૂઆત કરી કે પંદર–વીસ ટકા સોસાયટી રહી ગઇ છે તો એમને સમંતિ આપી અને બીજા આશરે ત્રીસેક કરોડ રૂપિયાનું જે એસ્ટીમેટ થઇને આશરે મોરબીમાં સો કરોડના ખર્ચે એ ભૂગર્ભ ગટર થવાની છે અમારું ટેન્ડર પણ બહાર પડી ગયું છે છતાં પણ માનનીય મંત્રીશ્રીએ મોટું મન રાખી અને કહયું કે ભલે ટેન્ડર બહાર પડી ગયું..

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપ પ્રશ્ન પૂછો, પ્લીઝ.

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા : એમનો આભાર તો માનવો પડેને,આ યોજના ૧૦૦ કરોડની યોજના છે એ ન ભુતો ન ભવિષ્ય આજે ૨૦ વર્ષના જાહેર જીવનમાં જેની રજૂઆત કરતો હતો એવી યોજના માટે ૧૦૦ કરોડ રૂપિયા મોરબી માટે મંજૂર કરવામાં આવ્યા છે તો મારી લાગણી છે કે અમારા લગભગ ૭૦ રોડ બનાવવાના છે અને કલેક્ટરશ્રી ભૂગર્ભ ગટર ચાલું થયા પછી અમને રોડ કરવાની મંજૂરી આપવાના છે તો જેમ બને તેમ જલદી અમારા શહેરનું ભૂગર્ભ ગટરનું કામ ચાલુ થાય તો એની ઉપર જે બીજા રાજય સરકારે પૈસા આપ્યા છે રોડ બનાવવાના એમાં મારી એવી લાગણી છે કે ટૂંકા ગાળામાં અમારી નગરપાલિકાને જે લાભ મળવાપાત્ર છે એ વધારેમાં વધારે લાભ મળે એ માટે ભૂગર્ભ ગટરનું કામ કેટલા સમયમાં પૂરું કરવા માગો છો?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી કાંતિભાઇની બે પ્રકારની લાગણી આમાં દેખાય આવે છે. તમામ માનનીય સભ્યશ્રીઓના ધ્યાન ઉપર હું મૂકવા માગુ છું કે, જે રીતે ગુજરાત રાજયનો વિકાસ વધી રહ્યો છે અને ગુજરાતની સુખ સમૃદ્ધિ વધી રહી છે એના પ્રમાણમાં પણ શહેરમાંથી બહારના વિસ્તારમાં સોસાયટીઓ, ફલેટો–રહેણાંક વિસ્તારો એ અનેકગણા વધતા જાય છે અને જ્યારે અમે ટેન્ડર ફાઇનલ કરીએ ત્યારે ટી.પી.આર. બન્યો હોય એનો સરવે થયો હોય એ પછી કદાચ કોઇ વિસ્તારમાં ૨૦–૨૫–૫૦ નવી સોસાયટીઓ બની જાય, ગુજરાતમાં સેનેટરી ઉદ્યોગનો મોરબીમાં ખૂબ વિકાસ થયો છે ગુજરાત સરકારે પ્રોત્સાહન પણ આપ્યું તો હજારો પરિવારો સાથે નવા લોકો ત્યાં રહેવા આવ્યા. ધંધા–રોજગાર, રોજી–રોટી ત્યાં વધ્યા છે જેથી વિસ્તાર વધ્યો, વસ્તી વધી જરૂરિયાત વધી તો અમે એવું પણ નક્કી કર્યું છે કે જ્યારે નવા વિસ્તારો ઉમેરાય તો શક્ય હોય ત્યાં ટેકનિકલી ફિઝિબિલીટી થતું હોય તો નવા વિસ્તારોને પણ અમે આવરી લઇશું. બીજું માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો તમામ શહેરોમાં લાગુ પડે છે કે જ્યારે ભૂગર્ભ ગટર માટે ખોદકામ કરવામાં આવે પાઇપ લાઇન નાંખવા માટે, કુંડીઓ બનાવવા માટે અન્ય કામગીરી માટે ત્યારે મોટા પ્રમાણમાં ખોદકામ થવાના કારણે શહેરના રસ્તાઓને સ્વાભાવિક છે કે, નુકશાન થતું હોય છે તો અમે એ પણ વિચાર કરી રહ્યા છીએ કે જે નગરપાલિકામાં ભૂગર્ભ ગટરનું કામ પૂર્ણ થઇ જાય ત્યાં, એ પણ મને જણાવતા આનંદ થાય છે કે આ સરકારની દીર્ઘદ્રષ્ટિ જુઓ કે અમે આ વર્ષ સેકન્ડ ફેઝમાં પણ ૧૮ હજાર કરોડ રૂપિયા સ્વર્ણિમ જયંતી ફેઝ–૨માં મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતની પ્રજાને ભેટ આપી દીધા છે. આ ૭ હજાર કરોડની યોજનાનો આવતા વર્ષે તબક્કો પૂર્ણ થવાનો છે તો ભવિષ્યના શહેરોની વધુ જરૂરિયાત માટે પણ જ્યાં ભૂગર્ભ ગટર બનાવવામાં આવે ત્યાં રસ્તાઓનું પણ મેન્ટેનન્સ કરવું, રિપેર

કરવા અને ફરી વધુ સુંદર બનાવવામાં આવે એ ખૂબ જ જરૂરી છે માટે બીજા ફેઝની ગ્રાન્ટમાંથી અમે જ્યાં ભૂગર્ભ ગટર બની છે ત્યાં રસ્તાઓ પણ બનાવી આપવા માટેની અત્યારે વિચારણા કરી રહ્યા છીએ.

## વડોદરા સિવિલ હોસ્પિટલને નેશનલ એક્રીડીશન બોર્ડ ફોર હોસ્પિટલના માપદંડ હાંસલ કરવા માટે ફાળવેલ રકમ અંગે

* **૨૬૦૯૦ શ્રી ચંદુભાઇ મો. ડાભી(કરજણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા સિવિલ હોસ્પિટલને નેશનલ એક્રીડીશન બોર્ડ દ્વારા હોસ્પિટલ એન્ડ હેલ્થકેરના માપદંડ હાંસલ કરવા અનુદાનની કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) આ ફાળવેલ અનુદાનની રકમમાંથી કઈ કઈ સેવાઓની ગુણવત્તા સુધારવા માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**આરોગ્ય મંત્રીશ્રીઃ**

(૧) રૂ.૨,૩૯,૨૨,૪૩૦/–.

(૨) રૂ. ૧,૯૫,૬૦,૭૬૩/–.

શ્રી ચંદુભાઇ મો. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન વડોદરાની સિવિલ હોસ્પિટલને લગતો છે. ત્યાં સેંકડો ગરીબ દર્દીઓ રોજ મુલાકાત લેતા હોય છે એનું તંત્ર સુધરે એટલા માટેનો મારો પ્રશ્ન છે. ત્યાં અપૂરતો સ્ટાફ છે, એક્સ–રે મશીન બગડેલા હોય છે, પ્લેટો હોતી નથી, સફાઇ કામ બરાબર થતું નથી. બ્લડ બેન્કમાં બ્લડ પણ હોતું નથી. મેં આ પ્રશ્ન પૂછ્યો ત્યારે મને જે ખબર પડી કે, નેશનલ એક્રીડીશન બોર્ડ દ્વારા જે ગ્રાન્ટ લગભગ રૂપિયા ૩,૯૬,૭૨,૪૩૦ હતી અને વપરાય હતી રૂપિયા ૨,૬૬,૪૨,૦૫૮ એટલે લગભગ ૧,૩૦,૦૦,૦૦૦ ની ગ્રાન્ટ વપરાયા વગરની પડી હતી પણ મને આજે જવાબ મળ્યો હતો કે ૪૩ લાખની ગ્રાન્ટ વપરાયા વગરની પડી રહી હતી. તો માનનીય અધ્યક્ષશ્રી, આ ગ્રાન્ટ ન વપરાવાના કારણો ક્યા છે અને મેં જે, પ્રશ્ન પૂછ્યો છે કે કઇ કઇ સેવાઓની ગુણવત્તા સુધારવા માટે એનો પણ જવાબ મળ્યો નથી અને ક્યા ક્યા હેડ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

શ્રી જયનારાયણ ન. વ્યાસ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી તો ખૂબ જ સિનિયર સભ્ય છે આ ગૃહના કેટલીક બાબતો રેકોર્ડ ઉપર ખોટી ન જાય એટલા માટે મારે આપના ધ્યાન ઉપર મૂકવી છે. એન.એ.બી.એચ. એ સંસ્થા કોઇ ગ્રાન્ટ આપતી નથી જે કાંઇ ખર્ચ થાય છે એ વિવિધ ગ્રાન્ટ થયેલા હેડમાંથી થાય છે અને એમાં સિંહફાળો રાજય સરકાર જે અનુદાન આપે છે એનો છે. જ્યારે પહેલા જ અઠવાડિયે મેં આરોગ્ય મંત્રી તરીકેનો ચાર્જ સંભાળ્યો ત્યારે આ રાજય સરકારનું કઇ દિશામાં પ્રાયોરીટી અથવા તો એની અગ્રતા હોવી જોઇએ અથવા તો તેની અગ્રતા હોવી જોઇએ તે બાબત માનનીય મુખ્યમંત્રીશ્રીએ બિલકુલ સ્પષ્ટ રીતે હ્યુમન ડેવલપમેન્ટ ઇન્ડેક્સ સુધારણા અંગેની દિશામાં જવા માટેનો નિર્દેશ કરેલો અને જો એ દિશામાં જવું હોય તો સરકારી હોસ્પિટલોની ગુણવત્તા સુધારવી જોઇએ એ દિશામાં આ કાર્યક્રમ હાથ ધરાયો છે. માનનીય સભ્યશ્રીએ કહ્યું કે આ ગ્રાન્ટ હજી બાકી પડી છે કેમ વપરાઇ નથી ? આ એન.એ.બી.એચ. નું જે એક્રીડીએશન છે એ ક્વોલીટી એસ્યોરન્સ કાઉન્સીલ ઓફ ઇન્ડીયા દ્વારા આ સર્ટીફિકેટ આપવામાં આવે છે એના અમુક તબક્કા છે પહેલાં તબક્કે અમારે જો જોઇતું હોય તો અમારે ઇન્ટરનલ સ્ક્રુટીની કરીને ગેપ એનાલીસીસ કરવું પડે કે એમાં શું શું ખૂટે છે ધારાધોરણ પ્રમાણે એ ગેપ એનાલીસીસ થયાં પછી એની જે કવેરીઝ હોય તે સોલ્વ કરવામાં આવે પછી અમારે પ્રિ–એસેસમેન્ટ માટે અરજી કરવી પડે. પછી એના માટે એન.એ.બી.એચ.ના એસેસર આવે અને એ એસેસર પોતે આની જે કંઇ સ્ક્રુટીની કરવાની હોય તે કરીને એમાં

એમના જે કંઇ તારણો હોય અથવા તો રિમાર્કસ હોય તે આપે એ જ્યારે અમે પુરેપુરા સટીસફાય કરી નાંખીએ ત્યારે ફાઇનલ એસેસમેન્ટ માટેનું ઇન્સ્પેકશન થાય અને એમાં જો ક્વેરી હોય તો એનું કોમ્પલાયન્સ રિપોર્ટ જાય ત્યારપછી આ સર્ટીફિકેટ મળે એટલે ગ્રાન્ટ ઉપલબ્ધ હોવી અને તેનો વપરાશ કરવો એ આ ચાર તબક્કાની પ્રક્રિયા પર આધારિત છે અને એટલે એન.એ.બી.એચ. નો સવાલ છે ત્યાં સુધી મને જણાવતાં આનંદ થાય છે કે દેશની સિવિલ હોસ્પિટલોમાં ગણીગાંઠી સિવિલ હોસ્પિટલો એવી છે કે જેની બ્લડ બેન્કને એન.એ.બી.એચ. સર્ટીફિકેશન મળ્યું છે આપણી અમદાવાદની સિવિલ હોસ્પિટલને પણ મળ્યું છે હું આ પ્રશ્નનો સ્કોપ વિસ્તારવા માંગતો નથી પણ આ પ્રક્રિયામાં એન.એ.બી.એચ. સર્ટીફિકેશન વડોદરાની આ એસ.એસ.જી.એચ. હોસ્પિટલને મળ્યું છે. લેબોરેટરી પ્રિ-એસેસમેન્ટ સ્ટેજ પર છે અને હોસ્પિટલ એ ઇન્ટરનલ એસેસમેન્ટના સ્ટેજે છે એટલે જે ક્વેરી ઉભી થશે તે પ્રમાણે એમાં અમારે ખર્ચો કરવાનો આવશે. એવું પણ કહેવામાં આવ્યું કે અહીંયા બધુ તંત્ર જાણે રેઢિયાળ છે કામ ચાલતું નથી બરાબર હેરાલ્ડ જીનીને કહ્યું છે કે larger is the system, larger are the layers of inefficiency આવડી મોટી જે વ્યવસ્થા છે આ રાજ્ય સરકારની સરકારી હોસ્પિટલો જૂએ છે. ગુજરાતની કુલ વસતીના ૬૦ ટકાને અમે મેડીકલ એટેન્શન આપીએ છીએ એમાં એક કરોડ પચીસ લાખ સ્કુલ હેલ્થ પ્રોગ્રામ નીચે આવે છે એ હું એડ નથી કરતો ત્યારે એમ કહેવું કે આ સેવાઓ બરાબર નથી એ ખોટું છે. ક્યાંક કંઇક ક્ષતિ હશે તો જ્યારે જ્યારે ધ્યાન પર લાવી છે ત્યારે સુધરવાની અમારી તૈયારી છે. I stand corrected, if there is any problem we shall definitely improve. એ આપણા બધાની સામૂહિક જવાબદારી છે. પણ સેવાઓ-ગુણવત્તાની ચકાસણી કરવી હોય તો એના ઓ.પી.ડી.ના, આઇ.પી.ડી.ના, સામાન્ય ઓપરેશનના એ બધાના આંકડા જોવા જોઇએ. ગોત્રીમાં એક બીજી હોસ્પિટલ શરૂ થઇ છે એનો માનનીય સભ્યશ્રીએ ખ્યાલ હશે, ત્યાં આપણે મેડિકલ કોલેજ પણ કરી છે. એટલે વડોદરામાં દર્દીઓ બે જગ્યાએ વહેંચાય છે તો પણ છેલ્લા ત્રણ વરસમાં ઓ.પી.ડી. એસ.એસ. જી.હોસ્પિટલમાં ૩,૩૨,૪૫૮ હતી એ વધીને ૨૦૧૦માં ૩,૪૨,૯૨૦ થઇ છે અને ૨૦૧૧માં ૩,૬૦,૪૬૧ થઇ છે. આઇ.પી.ડી. ૪૪૬૦૭, ૪૮,૫૭૭ અને ૫૦,૫૮૮ થઇ છે. સામાન્ય ઓપરેશન ૨૦૦૯માં ૫૨૯૦૪ થયાં ૨૦૧૦માં ૫૫,૫૧૯ અને ૨૦૧૧માં ૫૭૧૨૭ થયાં.

અધ્યક્ષશ્રી : જવાબ લાંબો હોય તો આપ ટેબલ પર મૂકી દેજો.

શ્રી જયનારાયણ ન. વ્યાસ : નહિ સાહેબ છેલ્લું જ છે. (અંતરાય) સિદ્ધાર્થભાઇ આપ તો સિનિયર સભ્ય છો સભ્યશ્રીએ જે મુદ્દા ઉભા કર્યા છે

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી આપનો જવાબ ટૂંકમાં ઝડપથી પૂરો કરો પ્લીઝ,

શ્રી જયનારાયણ ન. વ્યાસ : સિદ્ધાર્થભાઇ, સભ્યશ્રીએ જે પ્રશ્ન પુછ્યા છે એના જ જવાબ આપ્યા છે અને એ એમનો છેલ્લો પ્રશ્ન હતો જેનો મેં જવાબ વિગતવાર આપ્યો છે મોટા ઓપરેશન ૧૨૪૭૪ થયાં હતા એના બદલે ૧૩૧૮૪ થયાં છે. માનનીય સભ્યશ્રીએ પુછ્યું છે કે આ જે ખર્ચો થયો એ કઇ કઇ સેવાઓ પાછળ થયો છે અને એમણે જે આંકડા આપ્યા છે અને આ જે આંકડા છે એ ડિફર એટલા માટે થાય છે કે માનનીય સભ્યશ્રીએ ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિનો પ્રશ્ન પુછ્યો છે.
હવે તેમણે જે આંકડા આપ્યાં તે તત્કાલિન પરિસ્થિતિના છે. અત્યારસુધી જે ખર્ચ થયો તેમાં ખૂબ મોટો ખર્ચો આ ૧,૯૫,૬૦,૭૬૩/- માંથી ૧,૭૨,૯૩૪/- તે ખર્ચો સાધન સામગ્રી માટે થયો છે. લગેજ ટ્રોલી, બ્લડ ડોનર કોચ, સેઇલ કાઉન્ટર,મેડિકલ ડિઓનાઇસર પ્લાન્ટ, ડીપ ફ્રિઝર, બ્લડ મિકસચર અને કલેકશન મોનીટર, થર્મોકોલ બોકસ વગેરે અને બાકીનો પણ ગાસકેટ અને ચાર્ટ રિપોર્ટ અને તેના માટે થયો છે. બાકીનો ખર્ચો તે માનવ સંશાધનો અને તેની પાછળના જે ઇકવીપમેન્ટસ વપરાય છે તેના કેલીબ્રેશન, કિટસ અને તેના માટે ૭૯ લાખ રૂપિયાનો ખર્ચ થયો છે. ત્યાર પછીનો ખર્ચો માળખાકીય સુવિધાઓ માટે ૬,૭૬,૫૩૯/- ખર્ચાયા છે અને તે રીતે કરીને ૧,૯૫,૬૦,૭૬૩/- રૂપિયાનો ખર્ચો થયો છે.

શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા સિવિલ હોસ્પિટલમાં સીટી સ્કેન માટે મને અનુભવ છે મારે ત્યાંના ખેડૂતો ટામેટાં વેંચવા જાય અને એકસીડન્ટ થાય ત્યારે સીટી સ્કેન કરવા માટે

હોસ્પિટલમાં કોઇ સગવડ નથી અને તેને બહાર જઇને સીટી સ્કેન કરવો પડે છે. તો એવા સંજોગોમાં આ બચત ગ્રાન્ટ છે તેમાં આ સીટી સ્કેનના જે સાધનો છે તે ખરીદવા માગો છો કે કેમ ?

શ્રી જયનારાયણ ન. વ્યાસ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનું સૂચન છે, ચોકકસ ધ્યાનમાં લઇશું.

**સાબરકાંઠા જિલ્લામાં આદિવાસી વિસ્તારમાં ભુગર્ભજળના રીચાર્જીંગ કામો**

*** ૨૬૯૭૬ શ્રી ઉદેસિંહ પું. ઝાલા(બાયડ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧)સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ બે વર્ષમાં આદિવાસી વિસ્તારમાં ભૂગર્ભજળના સ્તર ઉંચે લાવવા સરકારે કેટલા રીચાર્જીંગ કામોનું આયોજન કરેલ છે, અને

(૨)આ પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા કામો પૂર્ણ થયેલ છે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રીઃ**

(૧)૧૮૩ રીચાર્જીંગ કામોનું આયોજન કરેલ છે.

(૨)૧૬૨ કામો પૂર્ણ થયેલ છે.

શ્રી ઉદેસિંહ પું. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા જાણવા માંગુ છું કે, સાબરકાંઠા જિલ્લામાં રીચાર્જીંગ માટે કઇ કઇ પદ્ધતિઓ અપનાવવામાં આવેલ છે ? મારો બીજો પ્રશ્ન એ છે કે, આદિવાસી વિસ્તારમાં રીચાર્જીંગ માટે કુલ કેટલા કામ થયા અને તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? મારો ત્રીજો પ્રશ્ન એ છે કે, સાબરકાંઠા જિલ્લામાં એસંકેટું યોજના કયા લેવલે છે અને તે કયારે ચાલુ કરવામાં આવનાર છે ? અને તે ચાલુ થયા પછી પાઇપ લાઇનથી કેટલા વિસ્તાર સુધીના તળાવો ભરવામાં આવનાર છે ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ઉદેસિંહભાઇએ પાણી પુરવઠાને લગતાં બે પ્રશ્નો પૂછયાં છે તેમાં રીચાર્જ પાણીને કરવું મોટાભાગે સાબરકાંઠા જિલ્લામાં આદિવાસી તાલુકાઓ છે તે તમામ લગભગ પર્વતાળ વિસ્તારમાં ફેલાયેલા, ભૌગોલિક વિસ્તાર ધરાવતાં તાલુકાઓ છે. જયારે જયારે વરસાદ આવે ત્યારે ઢાળ ઉપરથી પર્વત ઉપરથી પાણી વહીને ઝડપથી નીકળી જાય છે. અને સ્થાનિક જે નાના મોટા ગામો હોય ૫૦–૧૦૦–કે ૫૦૦ માણસોની વસ્તી ધરાવતાં એવા નાના નાના ત્યાં ગામો હોય છે. તો આવા ગામોને મોટાભાગે હેન્ડપંપથી પીવાના પાણીની વ્યવસ્થા રાજય સરકાર દ્વારા ૧૦૦ ટકા વિસ્તારમાં જરૂરિયાત કરતાં વધુ હેન્ડપંપ બનાવી ફાળવવામાં આવી છે. પણ પાણી વહી જતું આપણે અટકાવી ના શકીએ તો આવેલાં વરસાદનું પાણી જતું રહે અને હેન્ડપંપનું પાણી છોડી દેતું હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, અમે જુદા જુદા પ્રકારે રીચાર્જ યોજનાઓ અમલમાં મૂકી છે. અને તેમાં ભૂગર્ભ ચેક ડેમ બનાવીએ છીએ, નાની નાની નદીઓ ઉપર, વોંકળાઓ ઉપર આપણાં સર્ફેસ લેવલના ઉંચા ચેક ડેમ બનાવીએ છીએ. નાળા પ્લગીંગ કરીએ છીએ, તે સિવાય માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં પાંચ વર્ષથી રાજય સરકારે અમારા વિભાગે બીજી પદ્ધતિ પણ અખત્યાર કરી છે કે આપણે આખા રાજયમાં તળાવો ઉંડા કરીએ છીએ પણ આ પર્વતાળ વિસ્તાર છે, પથરાળ વિસ્તાર છે અને સ્વભાવિક તળાવો ઉંડા કરવાની પ્રક્રિયા તે પત્થર તોડીને કરવી પડે. તો તેની સામે અમે ટેકનોલોજીનો ઉપયોગ કરી અને પાંચ વર્ષથી એવી શરૂઆત કરી કે જયાં આદિવાસી વિસ્તાર છે તળાવો છે, પાણી જમા થાય છે પણ છીંછરું તળાવ છે એટલે પાણી વધુ સ્ટોરેજ નથી થતું તો પાણીને તળમાં ઉતારવું છે તો તેને તળમાં ઉતારવા માટે માનનીય અધ્યક્ષશ્રી, અમે હાઇડ્રોફેકચરીંગ અને જીલેટીનથી જુદા જુદા અમે બોર કરીએ તળાવની અંદર અને બોરમાં જીલેટીન ઉતારીને બ્લાસ્ટીંગ કરીને મોટા પ્રમાણમાં તળાવોની અંદર ૨૦ મીટર ઉંડા બોર કરીને ફ્રેકચર કરીએ છીએ. પથ્થરો તૂટી જાય પછી વરસાદનું પાણી વચ્ચે ભરાય. પથ્થર તૂટી ગયેલો હોય એટલે એ પાણી સીધુ ભૂગર્ભમાં રીચાર્જ થાય, એના કારણે આજુબાજુના ગામોના હેન્ડપંપ પણ ઉનાળામાં પણ પાણી આપે એવું અનુભવે અમને દેખાયું છે. આ જે સફળતા મળી છે એના કારણે હવે આ કામગીરીને અમે આગળ વધારીએ છીએ. આ સિવાય વિવિધ પ્રકારની રીચાર્જની યોજનાઓ છે એ પણ તમામ અમે આ આદિવાસી તાલુકાઓમાં અમે અમલ કરીએ છીએ.

ડૉ. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, ટ્રાયબલ વિસ્તારોમાં તળાવો ઉંડા થતા નથી અને ચેકડેમ પણ બનતા નથી એનું મુખ્ય કારણ જો કોઇ હોય તો ચેકડેમ ન બનવાનું કારણ એ છે કે કિનારા મળતા નથી. પાણીનો ફલો એટલો ફાસ્ટ આવે છે કે કિનારા તૂટી જાય એટલે કિનારા મળતા નથી અને ચેકડેમ થઇ શકતા નથી. પહેલા ભૂગર્ભ ચેકડેમ બનાવતા હતા, હવે જમીન ઉપર બનાવીએ છીએ એટલે અમારે ત્યાં એ શકય બનતા નથી. એમાં આપણે ફેરફાર કરવા માગીએ છીએ કે કેમ? અને તળાવોના બાબતમાં આપે વાત કરી, હાઇડ્રોફેક્ચરની વાત કરી, તળાવ કમસેકમ ઉંડુ તો કરવું પડશે. ભલે પથરાળ હોય. આપનો વિભાગ અત્યારે ત્યાં ફૉરેસ્ટ છે એમ કરીને કામ કરતો નથી. ટ્રાયબલ વિસ્તાર તો મોટા ભાગનો ફૉરેસ્ટ વિસ્તારમાં જ હોય છે. બીજું કે હવે તો ૨૦૦૬ નો વન અધિનિયમ આવ્યો છે, એના લીધે આટલી જમીન તો મળવાપાત્ર થાય જ છે. એક હેકટર જેટલી તો જિલ્લા કક્ષાએ મળવાપત્ર થાય છે. તો એ જમીન મેળવીને પણ આપ આ તળાવો ઉંડા કરવા માગો છો કે કેમ? હેન્ડપંપની વાત આપે કરી. હેન્ડ પંપ કરવા માટે છેલ્લા પરિપત્ર મુજબ હેન્ડપંપ કરવા હોય તો જે તે આદિવાસીએ એટલી જમીન સરકારને લખી આપવી પડે છે.આવો પરિપત્ર કર્યો છે. આવા પરિપત્રને લીધે છેલ્લા બે વર્ષથી હેન્ડ પંપ ઓછા થાય છે. ખેડૂતો લખીને આપતા નથી અને હેન્ડ પંપ થતા નથી. તો એમાં સુધારો કરીને આદિવાસી વિસ્તારમાં પાણી મળે, હેન્ડપંપથી પાણી મેળવીને પાણી પી શકે એવું કરવા માગીએ છીએ કે કેમ?

અધ્યક્ષશ્રી : જંગલની જમીનની વાત છે અને હેન્ડપંપનો એમ બે પ્રશ્ન છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ) : પથ્થરોને તોડવાનું અને એમાં પાણીનો સંગ્રહ કરવાનું એ મોંઘુ અને અઘરું એ પ્રકારનું કામ છે. વધુમાં સભ્યશ્રીએ જ કહ્યું કે વન વિભાગની જમીન આવતી હોય ત્યાં ઘણા પ્રશ્નો થાય છે.

ડૉ. અનિલ જોષીયારા : એક હેકટર સુધીની તો જિલ્લા કક્ષાએ મળી જતી હોય છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : એ આપનું સૂચન છે. અભ્યાસ કરી લઇશું. એમાં કોઇ ના નથી. તળાવ રીચાર્જ થાય, પાણી રીચાર્જ થાય, લોકોને પીવાનું પાણી મળે અને ખેતીવાડી માટે પાણી મળી રહે એ અમારા સિંચાઇ વિભાગની અને પાણી પુરવઠા વિભાગની ટોપ પ્રાયોરિટીનું કામ છે. અમે કરીએ જ છીએ. અને હેન્ડ પંપ પણ અમે વધારાના જેટલા જોઇએ એટલા કરીએ છીએ. બીજો એમણે પ્રશ્ન કર્યો કે ખાનગી જમીન અંગે. તો વર્ષોથી આ પ્રણાલિકા છે. મેં અભ્યાસ કર્યો છે આનો. વર્ષોથી આ પ્રણાલિકા છે કે આદિવાસીઓના ૫, ૧૫ ઘર હોય. નાના ફળિયા હોય. કારણ કે આદિવાસીઓ મોટા ગામોમાં નથી રહેતા. પંદર વીસ, પંદર વીસ મકાનોના ફળિયામાં રહેતા હોય છે. ત્યાં હેન્ડ પંપ કરવો હોય તો સરકારી જમીન હોય તો અમે કરી દઇએ છીએ. પણ કદાચ ખાનગી જમીનમાં કરી આપવાની માગણી કરે તો અમે ફકત એમની પાસે એટલી એફિડેવિટ જ કરાવી દઇએ છીએ કે આ હેન્ડ પંપ સામૂહિક મિલ્કત છે અને આજુબાજુ રહેતા તમામ લોકોને આ હેન્ડપંપથી અમે પાણી લેવા દઇશું. નહીંતર ઘણીવાર પ્રશ્ન એવો થાય કે જેના ઘર આગળ હેન્ડપંપ નાંખ્યો હોય એ એમ જ સમજે કે હેન્ડપંપ મારી એકલાની માલિકીનો છે અને મારા સિવાય કોઇને પાણી લેવા નહીં દઉં. એના કારણે ગામડામાં પ્રશ્નો પણ થતા હોય છે. કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો પણ થતા હોય છે. એને ટાળવા માટે આ સામૂહિક મિલ્કત છે અને આખા ફળિયાને પાણી ભરવા દઇશું. એટલું જ અમે એમની પાસે લખાણ લઇએ છીએ. બાકી બધાને કરી આપીએ છીએ.

શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા પ્રશ્ન થોડો પેચીદો છે. એટલા માટે કે નવેમ્બર ૨૦૧૧ની અંદર સામાન્ય વહીવટ વિભાગે એવો સરકયુલર બહાર પાડયો છે અને એમાં ખાનગી જમીનની અંદર હેન્ડ પંપ કરવા માટે સરકારી જમીનમાં જ કરવા અને ખાનગી જમીનમાં કરવાની જરૂરિયાત ઉભી થાય તો મહેસૂલી રાહે એ જગ્યા સરકાર હસ્તગત મૂકીને ત્યારપછી જ કરવા એવો જી.આર. નવેમ્બર મહિનામાં બહાર પાડવામાં આવ્યો અને પરિણામે પરિસ્થિતિ એવી ઉભી થઇ કે જયાં ૧૦, ૧૫ ઘરોનો સમૂહ હોય ત્યાં હેન્ડપંપ કરવાના બદલે ગામના છેવાડે કરવામાં આવે અને પરિણામે એમને પાણી ભરવા માટે ખૂબ દૂર સુધી જવું પડે એવી પરિસ્થિતિ અનેક જગ્યાએ ઉભી થઇ છે. એના કારણે આ પ્રશ્ન વધારે પેચીદો બન્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ભૂતકાળમાં જે સંમતિ પત્રક લઇને

હેન્ડપંપ કરી આપવાની પદ્ધતિ હતી એ ફરી અમલમાં મૂકી અને નવેમ્બર–૨૦૧૧ નો જી.આર. સરકાર રદ કરવા માગે છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં એ જી.આર.નો અભ્યાસ કર્યો છે. આ જી.આર. ફકત હેન્ડ પંપ માટે નથી. રાજય સરકારના ઘ્યાન ઉપર આવ્યું હતું, હું કેબિનેટની સબ કમિટીનો સભ્ય છું હું કહીશ તો એમને એમ લાગશે કે અમારા સભ્ય વિષે આવું કેમ બોલે છે. પણ રાજય સરકારની ગ્રાન્ટનો ઉપયોગ કરી અને એક ધારાસભ્યશ્રીએ ખાનગી ખેતરમાં પણ કૂવો કરી આપ્યો અને તેનો વ્યકિતગત લાભ આપ્યો હતો, ધારાસભ્યશ્રીની ગ્રાન્ટનો જે ઉપયોગ થવો જોઇએ અને તાલુકા અને જિલ્લામાં સામૂહિક કામ માટે તેનો ઉપયોગ થવો જોઇએ તેના બદલે વ્યકિતઓને સાચવવા માટે, પોતાના પરિવારને સાંચવવા માટે ખાનગી ખેતરમાં આ વ્યવસ્થાનો લાભ તમારા પક્ષના ધારાસભ્ય પૈકી એક ધારાસભ્યશ્રીએ આપ્યો છે એટલા માટે આ સુધારો કરવો પડયો છે કે આ સરકારના પૈસા છે કોઇ એક વ્યકિતના ખેતરમાં કરી આપે કે એક જગ્યાએ સરકારના ૬૦–૭૦ હજારના ખર્ચે હેન્ડ પંપ બનાવી આપે અને પછી એ વ્યકિત કહે કે આ તો મારો છે અને પછી પાડોશીને પણ પાણી ભરવા ન દે. એટલા માટે આ સરકયુલર કરવાની જરૂર પડી છે. શાળાના રૂમ બનાવવા હોય, આંગણવાડીનું મકાન બનાવવું હોય તો એ સરકારી જમીન ઉપર જ બનાવાય અને ખાનગી જમીન ઉપર બનાવવું હોય તો ખાનગી જમીનના માલિકે એ જગ્યા જાહેર ઉપયોગ માટે ફાળવી આપી છે તેવું લખી આપવું પડે. એટલા માટે આ કર્યું છે. અને અગાઉ મેં કહ્યું તેમ હેન્ડ પંપ બનાવવા માટે ફકત સંમંતિ પત્રક લખી આપે કે આ હેન્ડ પંપ થાય તેમાં તમામને તે પાણી ભરવા દેશે અને તમામ તેનો ઉપયોગ કરી શકશે એટલું જ પુરતું છે. અને અમે તે જગ્યાએ હેન્ડ પંપ બનાવી આપીશું.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા હું એ જાણવા માગું છું કે માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે પ્રાઇવેટ જમીનમાં હેન્ડ પંપ કરે છે તેમાં ખેડૂતોએ કે માલિકોએ ફકત લખાણ આપવાનું હોય છે. તો મારે એ જાણવું છે કે આદિવાસી વિસ્તારમાં એકેય ગામ એવું નથી કે જયાં સરકારી જમીન ઉપલબ્ધ હોય. એટલે મારી વિનંતી છે કે જે જગ્યાએ આદિવાસી વિસ્તારોમાં ૫૦ વ્યકિતઓની વસ્તી દીઠ એક હેન્ડ પંપ કરે છે ત્યાં ૨૦૦૧ની વસ્તી ગણતરીને ઘ્યાનમાં લેવામાં આવે છે. તો નવી વસતિગણતરીના આધાર ઉપર જયાં પાણીની જરૂરિયાત છે તે જગ્યાએ હેન્ડ પંપ કરવા માગે છે કે કેમ? અને બીજો મારો પ્રશ્ન એ છે કે સાબરકાંઠાના ટ્રાયબલ વિસ્તારમાં જમીનના તળ છેલ્લા બે વર્ષમાં કેટલાં ઉંચા આવ્યા છે તેવો પ્રશ્ન માનનીય સભ્યશ્રીએ પૂછયો છે તો મારે એ જાણવું છે કે આ જે બતાવ્યું છે કે ૧૮૩ રી ચાર્જના કામોનું આયોજન કર્યું છે, મને પણ ખબર છે અને માનનીય મંત્રીશ્રીને પણ ખબર છે કે રીચાર્જના જે કામો કરવામાં આવ્યા છે તે ચેક ડેમોના કામો કરવામાં આવ્યા છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપ ચર્ચા ન કરો. પણ પ્રશ્ન પૂછો.

શ્રી અશ્વિન કોટવાલ ઃ માનનીય અધ્યક્ષશ્રી, મારું કહેવું એ છે કે આ જે રીચાર્જના ચેક ડેમો કરવામાં આવ્યા છે તે ટ્રાયબલ વિસ્તારમાં એકેય ચેક ડેમ એવો નથી કે જેમાં ચોમાસામાં વરસાદનું પાણી ભરાયું હોય. એટલે માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે માનનીય મંત્રીશ્રી એમ કહેતા હોય કે સભ્યશ્રીનો જવાબ ખોટો હોય અને તપાસ કરવા જઇએ તો એક પણ ચેક ડેમમાં પાણી ભરાયું હોય તો હું ધારાસભ્ય પદેથી રાજીનામું આપવાની ખાતરી આ ગૃહમાં આપું છું.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી આપ ચર્ચા ન કરો. અત્યારે જે પ્રશ્ન છે તે બાબતમાં આપનો પ્રશ્ન હોય તો એ પૂછો.

શ્રી અશ્વિન કોટવાલ : મારા વિસ્તારમાં મેઘરજ, માલપુર, ખેડબ્રહ્મા અને વિજયનગર એ તાલુકાઓમાં કયાં કયાં રીચાર્જીંગ કરવાથી તળ ઉંચા બતાવવામાં આવ્યા છે? કારણ કે જો મોટા ચેક ડેમો બનાવવામાં આવે તો જ તળ ઉંચા આવે, એટલે મોટા ચેક ડેમો બનાવવા માગે છે કે કેમ? ગયા વખતે મેં કહ્યું હતું કે જળાશય યોજના જે અમારી છે એમાં માનનીય મંત્રીશ્રીએ કહ્યું હતું કે દિલ્હી જવાનું છે અને પછી એ કાર્યવાહી કરવાની છે. આજે મારા પાંચ વર્ષ પૂરા થઇ ગયા છતાં હજુ પણ તેનું નિરાકરણ નથી આવ્યું તો તે જળાશયનું કામ કરવા માગે છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : મારે નહોતું કહેવું પણ હું તેમનો આભાર માનું છું કે એમણે છેલ્લે એ યોજના યાદ કરી. હું વિનંતી કરીશ કે રેકોર્ડ જોઇ લેજો, હું બધાને વિનંતી કરું છું કે....તમારા નેતાઓ તો આઘાપાછા થઇ ગયા છે અહીંયા હાજર નથી. હું સભાગૃહને આ વિધાનસભાના સભ્યશ્રીઓનું ધ્યાન દોરવા માગું છું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય કુંવરજીભાઇ, માનનીય ફારુકભાઇ, આપ બેસી જાવ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે કોંગ્રેસના સભ્યશ્રીઓને યાદ કરાવું છે કે હમણાં ભારત સરકાર ઝીંદાબાદ કરતા હતા, જયારે ગુજરાતના ખેડૂતોને દંડા માર્યા. હમણાં ભારત સરકારે કપાસની નિકાસ ઉપર પ્રતિબંધ મૂકતો પરિપત્ર કર્યો, જેના લીધે ગુજરાતના કપાસ ઉગાડતા ખેડૂતોને મોટો ફટકો પડયો. તેથી તરત જ ગુજરાતના મરદ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ દિલ્હી સરકારને પત્ર લખ્યો જેના લીધે દિલ્હીની સરકાર ધ્રુજી ગઇ. તમારી દિલ્હીની સરકાર માનનીય મુખ્યમંત્રીશ્રીના પત્રથી ધ્રુજી ગઇ અને રાતોરાત તમે બધા દોડતા દિલ્હી પહોંચી ગયા.

અધ્યક્ષશ્રી : માનનીય નીતિનભાઇ, તમે માનનીય સભ્યશ્રીના પૂરક પ્રશ્નનો જવાબ આપો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જ જવાબ આપું છું. માનનીય ઇકબાલભાઇ થોડું સાંભળો તો ખરા?

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ પૂરક પ્રશ્નનો જવાબ આપો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : મેં મહારાષ્ટ્રના છાપા વાચ્યા. મહારાષ્ટ્રના મુખ્યમંત્રીશ્રી પૃથ્વીરાજ ચૌહાણ દિલ્હી ગયા હતા. મહારાષ્ટ્રમાં પણ મોટા પ્રમાણમાં કપાસનું ઉત્પાદન થાય છે. એમના માટે પણ કપાસનો મોટો પ્રશ્ન છે. એમણે રાજીનામું આપી દેવાની ધમકી આપી, આપણા માનનીય મુખ્યમંત્રીશ્રીનો સૌથી પહેલો પત્ર ગયો હતો એના કારણે આ લોકોને કપાસની નિકાસ બંધી હટાવી લેવી પડી છે. એકબાજુ એમ કહે છે કે અમે કરાવડાવ્યું, પરંતુ ગુજરાતના ભોળા ખેડૂતોને તો આ લોકોએ છેતર્યા છે. ગુજરાતના ખેડૂતોને તો તમે લોકોએ છેતર્યા છે. તમે નથી કરાવડાવ્યું તમારુ તો ત્યાં કંઇ ચાલતુ નથી. તમે તો પાંચસો વાર દિલ્હી જાવ છો. તમારુ કંઇ ચાલતુ નથી.

અધ્યક્ષશ્રી : માનનીય નીતિનભાઇ, જે પૂરક પ્રશ્ન પૂછયો છે એના પૂરતો જ જવાબ આપો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રશ્ન ઉપર જ આવું છું. (અંતરાય) તમે મહારાષ્ટ્રના છાપા વાચી લો. તમારુ કંઇ ઉપજતું નથી. પહેલો પત્ર માનનીય નરેન્દ્રભાઇએ લખ્યો હતો. એના લીધે દિલ્હીની સરકાર હચમચી ગઇ. તમારા કહેવાથી કશું નથી થયું. તમારુ કોણ ત્યાં સાંભળે છે. (અંતરાય) હું જવાબ જ આપું છું. મેં એમનો આભાર માન્યો. પાલ યોજનાની વાત કરી, એમાં વન વિભાગનો પ્રશ્ન આવે છે. માનનીય શકિતસિંહજીભાઇએ કહ્યું હતુ કે દિલ્હીની મંજૂરી હું અપાવી દઇશ. આજે એને બે વર્ષ થયા મેં એમને આ અંગે પત્ર પણ લખ્યો છે. આ દિલ્હીની કોંગ્રેસની સરકારે જવાબ પણ આપ્યો નથી. દિલ્હીની સરકારની મંજૂરી માગી છે તમે ખાલી ખાલી અવાજ કરો છો, ત્યાં જઇને મંજૂરી લઇ આવો અમે કામ કરવા તૈયાર છીએ.

## ભરૂચ જિલ્લામાં તાલુકાવાર મંજૂર કરેલ હેન્ડપંપો

*** ૨૬૯૯૧ શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે–

(૧) ભરૂચ જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧માં તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ તાલુકાવાર કેટલા હેન્ડપંપો મંજૂર કરવામાં આવ્યા,

(૨)તે પૈકી કેટલા હેન્ડપંપોના કામ પૂર્ણ થયા, અને

(૩)બાકી હેન્ડપંપોના કામ કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી**

(૧) કુલ ૨૦૦ હેન્ડપંપો મંજૂર કરવામાં આવ્યા. તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકો** | **મંજૂર કરેલ હેન્ડપંપો** |
|---|---|---|
| ૧ | ભરૂચ | ૨ |
| ૨ | અંકલેશ્વર | ૪ |
| ૩ | વાગરા | ૦ |
| ૪ | આમોદ | ૬ |
| ૫ | જંબુસર | ૦ |
| ૬ | ઝઘડિયા | ૧૧૧ |
| ૭ | વાલિયા | ૭૭ |
| ૮ | હાંસોટ | ૦ |
| | **કુલ** | **૨૦૦** |

(૨)તમામ ૨૦૦ હેન્ડપંપોના કામ પૂર્ણ થયેલ છે.

(૩)પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : ભરૂચ જિલ્લામાં કેટલા વસવાટી ગામો છે, આદિવાસી વસ્તી ધરાવતા કયા તાલુકાઓ છે, કેટલા હેન્ડપંપો કાર્યરત છે. જે હેન્ડપંપો બગડેલા છે એને રિપેરીંગ કરવા ટીમો છે તો આવી કેટલી ટીમો કાર્યરત છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય દુષ્યંતભાઇએ પ્રશ્ન પૂછયો છે એમાં જણાવવાનું કે ભરૂચ જિલ્લામાં ૬૫૮ વસવાટી ગામો છે. બીજો પ્રશ્ન ભરૂચ જિલ્લામાં આદિવાસી તાલુકાઓ કયા કયા તો એમાં ઝઘડિયા,વાલિયા, અંકલેશ્વર તાલુકાના થોડા પોકેટ, આમોદ તાલુકાના થોડા પોકેટ આવે છે. આ પ્રકારની આદિવાસી વસ્તી છે. અગાઉના પ્રશ્નમાં કહેવું હતું આ લોકોએ મને બોલવા ન દીધો. આ લોકોએ મને બરાબર બોલવા ન દીધો. મને એ પણ જણાવતા આનંદ થાય છે કે, (અંતરાય) હું જે વાત કરું છું એ ગુજરાતની પ્રજાને ગમશે. ભારત સરકારે આજે દેશની અંદર આદિવાસી વસ્તી દીઠ ૨૫૦ વ્યક્તિએ એક હેન્ડપંપ બનાવવો જોઇએ એવી માર્ગદર્શક ગાઇડ લાઇન આપેલી છે. ગુજરાત સરકારે અને માનનીય નરેન્દ્રભાઇ મોદીએ આદિવાસીઓને કેટલી મદદ કરી છે એ આંકડા મારે આપવા છે. સાબરકાંઠા જિલ્લામાં ભારત સરકારનું જે ધોરણ ૨૫૦ વ્યક્તિ દીઠ એક હેન્ડપંપનું છે.. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ ભરૂચ જિલ્લાની જ માહિતી આપો.. આપ સિદ્ધાર્થભાઇ સામે ન જુઓ, અધ્યક્ષશ્રી સામે જોઇને જવાબ આપો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : ભરૂચ જિલ્લામાં ૯૨ આદિવાસી વ્યક્તિ દીઠ એક હેન્ડપંપ છે અને સાબરકાંઠા જિલ્લામાં ૩૮ આદિવાસી વ્યક્તિ દીઠ એક હેન્ડ પંપ છે અને ભારત સરકારનું ધોરણ ૨૫૦ વ્યક્તિએ એક હેન્ડપંપ છે. પાંચ ગણો વધુ લાભ આપણે આપ્યો છે. આદિવાસીભાઇઓએ પીવાનું પાણી આ રાજ્ય સરકારે આપ્યું છે એ તમારે સમજવું જોઇએ અને તમારા નેતાઓને જઇને કહેવું જોઇએ. ભરૂચ જિલ્લામાં ૪૬૪૮ હેન્ડપંપ કાર્યરત છે અને હેન્ડપંપ રિપેરીંગ માટે કુલ ૮ ટીમ બનાવવામાં આવેલી છે.

શ્રી ઇકબાલ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પાણી પુરવઠા મંત્રીશ્રીએ ભરૂચ જિલ્લાના હેન્ડપંપોની વિગતો આપી. આજે ભરૂચ જિલ્લાના ભરૂચ વાગરા, આમોદ અને જંબુસર તાલુકામાં મધ્યબારામાંથી પણી આપવામાં આવે છે. ૧૯૭૦માં કોંગ્રેસની સરકારે નર્મદામાંથી લિફ્ટ કરીને પાણી આપવાની શરૂઆત કરી

હતી. નીતિનભાઇ આપની સિદ્ધિ એટલી જ કે, ૪૪ ગામોમાં આજે પાણી મળે છે અને ગયા વર્ષે નીતિનભાઇએ આ તાલુકાઓમાં ૩૨ કરોડ રૂપિયાના ખર્ચે મધ્યબારા જૂથ યોજનાની જાહેરાત કરી અને એ યોજનાની જાહેરાતને એક વર્ષ પૂરું થઇ ગયું પણ હજુ સુધી એક રૂપિયાનો પણ ખર્ચ કરવામાં આવેલ નથી. આઇ વીલ યુ થેન્ક કુલ. તમે કહેજો. ભરૂચ, વાગરા અને આમોદ તાલુકા માટે રૂ.૩૨/– કરોડના ટેન્ડર કાઢવાની વાત હતી, ગાંધીનગરથી એવો હુકમ આવે છે કે ટેન્ડર કાઢવાના નથી અને પછી રૂ.૧૦/– કરોડના ટેન્ડર કરવાનું છે અને તેના પણ આજે ઠેકાણા નથી અને મોટી ગુલબાંગો પોકારે છે.પાણીની વાતો કરી છે પણ વાસ્તવિક ચિત્ર કંઇક જુદુ છે. મારો એટલો પ્રશ્ન છે કે, આ તાલુકાઓમાં હેન્ડપંપની સંખ્યા જુઓ ભરૂચમાં માત્ર ૧૦૦ ગામમાંથી બે, અંકલેશ્વરમાં માત્ર ૪, વાગરામાં ઝીરો અને આમોદમાં ૬ એમ કુલ ૧૨ હેન્ડપંપ છે. અને આખા ગુજરાતનું પાણી આપી દીધું હોય તે રીતની વાતો કરે છે. આજે પાણી માટે લોકો ત્યાં નર્મદાના કિનારે હોવા છતાં પણ નીતિનભાઇ ભરૂચમાં ભાષણ કરી ગયા છતાં પણ ત્યાં ભરૂચ શહેરમાં પાણી મળતું નથી અને આજે દાંડી માર્ચનો દિવસ છે અને હજારો માણસો ત્યાં તડકામાં ઉભેલા છે અને પોલીસે અટકાવેલા છે અને આ તમારે લીધે.. તેમને પાણી મળતું નથી.. આપ બોલેલા છો... એટલે મારો પ્રશ્ન એટલો જ છે કે, લોકશાહીને બચાવવા માટે..

અધ્યક્ષશ્રી : આપનો પૂરક પ્રશ્ન નામંજૂર કરવામાં આવે છે.. આપ પ્રશ્ન ઉપર આવો.

શ્રી ઇકબાલ પટેલ : નીતિનભાઇ પણ બોલેલા જ છે.. એને ક્યાં નામંજૂર કરો છો? ગયા વર્ષે નીતિનભાઇએ રૂ.૩૨/–કરોડની યોજનાની જાહેરાત કરેલી એમાં એક રૂપિયાનો પણ ખર્ચ થયેલ નથી. માત્ર જાહેરાતો જ કરે છે. પાણી પણ ત્યાં આવતું નથી. અત્યારે પાણીની ખૂબ તકલીફ છે એવા વિસ્તારોમાં યોજના બને ત્યાં સુધી વધારાના હેન્ડપંપ આપવા માગો છો કે કેમ? તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૬૯૯૧

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઇકબાલભાઇએ એમ કહ્યું કે નીતિનભાઇ ગુલબાંગો પોકારે છે, હું સાહેબ બાંગ પોકારવાવાળો નથી. હું બાંગ પોકારવાવાળો નથી, હું પ્રાર્થના કરવાવાળો છું. હું બાંગ પોકારવાવાળો નથી. હું પ્રાર્થના કરવાવાળો છું, એટલે બાંગ પોકારવાવાળા તો તમે છો, હું પ્રાર્થનાવાળો છું એટલે બાંગ તો તમે પોકારી છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી આપ જવાબ આપો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : બીજું સાહેબ એમણે કીધું છે એમના પ્રવચનમાં,

અધ્યક્ષશ્રી : હેન્ડપંપ વધારવા માગો છો કે કેમ એટલો પ્રશ્ન છે એમનો .

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બીજું મારે કહેવું છે, ભરુચ જિલ્લામથક રાજયનું ઔધોગિક શહેર ગણાય, આ કોંગ્રેસવાળાને શરમ આવવી જોઇએ કે નર્મદાના કિનારે હતું, નર્મદાનું પાણી નહોતું આપ્યું નરેન્દ્રભાઇ મોદીએ ભરુચ શહેરને નર્મદાનું પાણી આપ્યું અને ૨ વર્ષથી તમે પાણી પીતા થઇ ગયા. ઇકબાલભાઇ સમારંભમાં હાજર હતા એમને ખ્યાલ છે. બીજું હેન્ડપંપની વાત કરી, મારી તમામ માનનીય સભ્યશ્રીઓને વિનંતી છે કે પીવાના પાણીની કંઇ પણ જરુરિયાત હોય અમે ચકાસીશું, વાજબી હશે તો કોઇપણ ખર્ચે કોઇપણ વ્યવસ્થા કરવા આ રાજય સરકાર તૈયાર છે.

શ્રી અમરસિંહ રા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે. નીતિનભાઇ અમારા પ્રભારી મંત્રી છે ભરુચના. મેં પાણી પુરવઠા બોર્ડના અધિકારીઓને ભરુચમાં અને નર્મદામાં એમને હું જાતે ફોન કરુ છું નીતિનભાઇ, મેં કીધું આદિવાસીઓ નદીનું પાણી પીવે છે. એને હેન્ડપંપ કરી આપો. હું ચાર વર્ષથી આ વાત કરુ છું. મેં થવાની વાત કરી છે, કુલવાડીની વાત કરી છે. વાલીયા તાલુકામાં મેં થવાની વાત કરી છે. મેં આ વાત નેત્રંગની પણ કરી, કાઉન્સીલમાં આ ગૃહના નેતા નરેન્દ્રભાઇને કાઉન્સીલમાં કીધું, ૪૦ કરોડ રુપીયા ખર્ચાયા નેત્રંગમાં તેમ છતાં પાણી મળતું નથી. મુખ્યમંત્રીએ કીધું કે આની તપાસ થવી જોઇએ, હજુ ઝીરો છે ત્યાં. કંઇ તપાસ થતી નથી અને સાહેબ પૈસા ખવાઇ જાય છે. ભલે એ પૈસા ખાય મારે એમાં પડવું નથી. મારે તો એટલું કહેવું છે કે આદિવાસીઓ નદીનું પાણી પીવે છે તો એમને હેન્ડપંપ કરી આપો એટલી જ મારી વિનંતી છે. કે જે ગામો માટે હું ચાર વર્ષથી ફોન

કરુ છું કે આ હેન્ડપંપ કરો, હું ભલામણ કરુ છું, મારા પત્રો આપો, અધિકારીઓ મને એમ કહે છે કે અમે કરી દઇએ છીએ. ચાર વર્ષથી હું ભલામણ કરુ છું. હજુ પણ હેન્ડપંપ થતા નથી તો હું ભલામણ કરુ છું એ કામ થશે કે નહી એટલું મારે પૂછવું છે. અને આ નીતિનભાઇ કહે છે કે અમારા મરદ બહુ કામ કરવાવાળા છે તો મરદને અમારી પણ વિનંતી છે કે આદિવાસીઓનું કામ સારું કરો. અમારી વિનંતી છે અને તમે સારું કરતા હોવ તો મેં હેન્ડપંપોની ભલામણ કરી છે એ કામ કરવા માગો છો કે નહીં એટલું મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું થોડીક સ્પષ્ટતા કરું કે આદિવાસી ગામોમાં જયાં જયાં શકય છે ત્યાં અમે જૂથ યોજનાઓનું પાણી આપીએ જ છીએ હેન્ડપંપ તો ફકત નાના ફળીયા છૂટાછવાયા આદિવાસી ભાઇઓ રહેતા હોય એમના માટેની જ વાત છે. એટલે આવી કોઇ ગેરસમજ કોઇ કરતા નહીં કે આદિવાસી ભાઇઓ ફકત હેન્ડપંપનું જ પાણી પીવે છે. આદિવાસી માટે આ નદીનું પાણી પીવાનું કંઇ અમારી સરકાર આવી એટલે નથી પીતા અને તમે નાખેલા પાઇપ કંઇ અમે નથી કાઢી લીધા. તમારા વખતમાં પણ નથી કરવામાં આવ્યું પણ હવે અમે .. ..

અધ્યક્ષશ્રી : એમનો જવાબ સાંભળો પ્લીઝ અમરસિંહ ભાઇ..આપ બેસી જાવ અમરસિંહભાઇ પ્લીઝ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૨૯૭ ગામોમાં તો જૂથ પાણી પૂરવઠા યોજનાનું જેમ અમદાવાદ, ગાંધીનગરમાં પાણી મળે છે એ પ્રમાણે અમે આપીએ જ છીએ, આ ઓલ્ટરનેટ વધારાની સગવડરુપે આ હેન્ડપંપો છે એ આ બધા માનનીય સભ્યશ્રીઓના ઘ્યાન ઉપર રહે અમરસિંહભાઇને હું ફરી કહુ છું, તમામ માનનીય સભ્યશ્રીઓને કહુ છું, હજુ પણ જયાં જરૂરિયાત હોય તમે અમને માહિતી આપો, મારે એ પણ આપને કહેવું છે કે કેટલાક સભ્યો અગાઉ જેમ મેં કીધું એમ કે ફલાણાના ઘર આગળ હેન્ડપંપ નાખી આપો, તમે તમારા ટેકેદાર કે તમારા વ્યકિતગત સ્વાર્થ સાધવા માટે કહો કે આના ઘર આગળ નાખી આપો તો એવી રીતે નાખી નહીં આપવામાં આવે.

**આણંદ જિલ્લામાં મીની પાણી પુરવઠા યોજનાઓની મંજૂરી**

* **૨૬૯૮૯ શ્રીમતી જ્યોત્સનાબેન રા. પટેલ(આણંદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

(૧) આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૦૯–૧૦ અને ૨૦૧૦–૧૧ માં કેટલી મીની પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરવામાં આવી,

(૨) આ યોજનાઓ તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૩) તે પાછળ કેટલો ખર્ચ થવાની સંભાવના છે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રીઃ**

(૧) આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૦૯–૧૦ શુન્ય અને વર્ષ ૨૦૧૦–૧૧માં ૩૨ મીની પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરવામાં આવી.

(૨) ૨૩ યોજનાઓમાં પાણી પુરવઠો ચાલુ કરેલ છે. ૯ મીની પાણી પુરવઠા યોજનાઓના કામો પૂર્ણ થયેલ છે, જેમાં વીજળીકરણની કામગીરી પ્રગતિમાં છે.

(૩) તા. ૩૧–૩–૨૦૧૨ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. રૂ. ૯૧.૪૦ લાખનો ખર્ચ થવાની સંભાવના છે.

**શ્રીમતી જ્યોત્સનાબેન રા. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ જણાવેલ છે કે આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧માં ૩૨ યોજનાઓ મંજૂર કરવામાં આવી છે એમાંથી ૨૩ યોજનાઓમાં પાણી પુરવઠો ચાલું થઇ ગયેલ છે અને ૯ યોજનાઓમાં વીજળીકરણની કામગીરી

પ્રગતિમાં છે. મારે જાણવું છે કે આ વીજળીકરણ કરવામાં આવે છે તે વીજળીના બિલ કોણ ભરે છે અને આ મીની પાણી પુરવઠા યોજનાની મરામતનું કામ કોણ કરે છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ :** ફરીથી મને જણાવતા આનંદ થાય છે કે આ રાજ્ય સરકાર એ આધુનિક સરકાર છે. સમય સાથે તાલ મિલાવતી સરકાર છે. જે મોટા ફળિયા છે, મોટા ગામો છે ત્યાં હેન્ડપંપ ચાલતા હતા ત્યાં હવે આપણે છેલ્લા પાંચ વર્ષથી નવી પદ્ધત્તિ અખત્યાર કરી છે. જેને આપણે બધા અત્યારે મીની યોજના તરીકે ઓળખીએ છીએ. હેન્ડપંપથી બે-પાંચ કે દસ કુટુંબોને પાણી આપી શકાય પણ મોટા કુટુંબો હોય તો હેન્ડપંપની જગ્યાએ મોટો ટ્યુબવેલ બનાવીએ છીએ, સીંગલ ફેઝ મોટર આપીએ છીએ. ૫ હજારથી લઇને ૧૦ હજાર લિટરની ટાંકી મૂકીએ છીએ, સ્ટેન્ડ પોસ્ટ બનાવીએ છીએ અને મોટું ગામ હોય તો શેરીએ શેરીએ પાઇપલાઇન નાખીએ છીએ. ૩ થી ૧૦ લાખના ખર્ચ સુધી નાના ગામમાં આ મીની યોજના અમલમાં મૂકીએ છીએ. આમાં મોટરથી પાણી ટાંકીમાં ભરાય અને જ્યારે જોઇએ ત્યારે ગામના લોકો પાણી વાપરી શકે એ માટેની અમે વ્યવસ્થા કરી છે. મને કહેતા ગૌરવ થાય છે કે આખા ભારતમાં ગમે તે રાજ્યની સાથે સરખામણી કરતાં ગુજરાત આ મીની યોજના મૂકવામાં પ્રથમ છે. લોકોને પીવાનું શુદ્ધ પણી મળી રહે એવી વ્યવસ્થા અમે કરી છે. આણંદ જિલ્લાનો પણ એમાં સમાવેશ કર્યો છે અને અત્યાર સુધીમાં ૬૦૦૦ ગામોમાં અમે મીની પાણી પુરવઠા યોજના અમલમાં મૂકી દીધી છે.

**શ્રી શિરીષકુમાર મ. શુક્લ :** માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે ખંભાત અને તારાપુર તાલુકામાં જે ખારું પાણી હતું એની જગ્યાએ કનેવાલ આધારિત સરફેસ વોટર આપવાની જે યોજના ચાલું છે એ યોજનાની કામગીરી કેટલે પહોંચી અને ક્યારે પૂરી થશે? મારો બીજો પ્રશ્ન છે કે આપશ્રીએ જે મીની યોજના બનાવી છે એ ખૂબ જ અગત્યની છે. આવી પાણી પુરવઠા યોજના અમારા તાલુકામાં કેટલી સંખ્યામાં છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ :** જ્યાં જ્યાં જરૂર પડે ત્યાં આ યોજનાનો અમે લાભ આપીએ છીએ. બન્ને પક્ષના ધારાસભ્યશ્રીઓના પત્રો મારી પાસે છે કે અમારે ત્યાં મીની યોજના અમલમાં મૂકો. આ સાબિત કરે છે કે એની સફળતા એની જરૂરિયાત પ્રમાણે છે. છુટાછવાયા ગામો છે ત્યાં આપણે કરીએ છીએ. અમારું પહેલું ધ્યેય તો અમારી જૂથ યોજનાઓ દ્વારા નદીનું અથવા તો નર્મદામાંથી પાણી ઉપાડી ફિલ્ટરેશન કરેલ સરફેસ લેવલનું શુદ્ધ પાણી પ્રજાને મળે. એ પહેલી પ્રાયોરિટી છે અને વિકલ્પમાં અમે આ જૂથ યોજના સિવાય આ યોજના અમે આપીએ છીએ. જરૂર પડશે તો ખંભાતમાં પણ આપીશું.

**શ્રી નિરંજન પટેલ :** બોચાસણમાં ગૌરી કોલોનીમાં આ યોજના હેઠળ ટાંકી બની હતી. એ ટાંકીમાં પાણી નાખ્યું નથી અને ટાંકી હલે છે. વાયબ્રન્ટ ગુજરાતની જેમ ટાંકી પણ વાયબ્રન્ટ થાય છે તો એ તોડી નાખીને નવી ટાંકી બનાવવા માગો છો કે કેમ? કારણ કે રાજ્ય સરકારને પ્રજાના ટેક્સમાંથી આવક થતી હોય છે અને ટેક્સના પૈસા બરાબર પ્રજા સુધી જાય એની કાળજી રાખવાની જવાબદારી સરકારની છે. યોજનાઓના જે કરોડો રૂપિયા વપરાય છે એનો લાભ આમ પ્રજા સુધી જાય એની કાળજી રાખવા માગો છો કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ :** * (xxxxx) પણ એમના ગામમાં ટાંકી હલતી હોય તો મને કોઇ દિવસ કહ્યું નથી. આ યોજના નીચે અમે ૫-૧૦ હજારની જ ટાંકી બનાવીએ છીએ. (xxxxx) (xxxxx). (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** આ રીતનો જવાબ ન આપી શકીએ, પ્લીઝ...

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર :** માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આંકલાવ, બોરસદ, જંબુસર, પાદરા આ તમામ નદી, કેનાલ ખારાશથી બગડી ગયા છે.

**અધ્યક્ષશ્રી :** પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેકસ્ટ. (અંતરાય) ( આ તકે વિરોધપક્ષના દંડકશ્રી ઉભા થઇ કાંઇક બોલતાં) (અંતરાય)

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### અમદાવાદ જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોને ઈન્ડિયન પબ્લીક હેલ્થ સ્ટાન્ડર્ડ કક્ષા હેઠળ આવરી લેવા બાબત

૨૭૧૫૨ **શ્રી પ્રાગજીભાઇ ના. પટેલ(માંડલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં સન ૨૦૧૦ તથા ૨૦૧૧ માં કેટલા સામુહીક આરોગ્ય કેન્દ્રોને ઈન્ડીયન પબ્લીક હેલ્થ સ્ટાન્ડર્ડ કક્ષા હેઠળ આવરી લેવામાં આવ્યા,

(૨) કેટલા સામુહીક આરોગ્ય કેન્દ્રો બાકી છે, અને

(૩) બાકી રહેલ સામુહીક આરોગ્ય કેન્દ્રોને આ સ્ટાન્ડર્ડ હેઠળ લાવવા માટે સરકારે શાં પગલા લેવા ધારે છે ?

**જવાબ**

(૧) અમદાવાદ જીલ્લામાં ૨૦૧૦ અને ૨૦૧૧માં કુલ ૪ સામુહિક આરોગ્ય કેન્દ્રોને આઈ.પી.એચ.એસ. કક્ષા પ્રમાણે બાંધકામ હેઠળ આવરી લેવામાં આવેલ છે.

અમદાવાદ જીલ્લામાં સને ૨૦૧૦ અને ૨૦૧૧માં ૭ સામુહીક આરોગ્ય કેન્દ્રોને ઈન્ડીયન પબ્લીક હેલ્થ સ્ટાન્ડર્ડ હેઠળ ઈક્વીપમેન્ટ પૂરા પાડવા માટે પસંદ કરવામાં આવેલ છે.

(૨) બાંધકામ હેઠળ એકપણ સામુહિક આરોગ્ય કેન્દ્ર બાકી નથી જ્યારે ૫ સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં ઈક્વીપમેન્ટ પુરા પાડવાના રહે છે.

(૩) બાકી રહેલ ૫ સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં ઈક્વીપમેન્ટ પૂરા પાડવા માટે આગામી વર્ષોમાં વિચારણામાં લેવામાં આવશે.

૮

### સુરત જિલ્લામાં તાલુકાવાર મંજૂર કરેલ હેન્ડપંપો

૨૬૯૯૫ **શ્રી કિરીટભાઇ ગં. પટેલ( ઓલપાડ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં વર્ષ ૨૦૧૦−૧૧માં તા. ૩૧−૧૨−૨૦૧૧ ની સ્થિતિએ તાલુકાવાર કેટલા હેન્ડપંપો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા હેન્ડપંપોના કામ પૂર્ણ થયા, અને

(૩) બાકી હેન્ડપંપોના કામો કયાં સુધીમાં પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) તાલુકાવાર મંજૂર હેન્ડપંપો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | મંજૂર કરેલ હેન્ડપંપની સંખ્યા |
|---|---|---|
| ૧ | માંગરોળ | ૩૪૬ |
| ૨ | ઉમરપાડા | ૪૩૮ |
| ૩ | માંડવી | ૯૭૬ |
| ૪ | મહુવા | ૪૫૮ |
| ૫ | બારડોલી | ૨૬૦ |
| ૬ | પલસાણા | ૮૧ |
| ૭ | કામરેજ | ૫૩ |
| ૮ | ચોર્યાસી | ૩૭ |
| ૯ | ઓલપાડ | ૬૩ |
| | **કુલ** | **૨૭૧૨** |

(૨) તમામ ૨૭૧૨ હેન્ડપંપના કામ પૂર્ણ કરવામાં આવેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### સુરત જિલ્લામાં તાલુકાવાર મંજૂર કરેલ હેન્ડપંપો

૨૬૯૯૪ **શ્રીમતિ ભારતીબેન અ. રાઠોડ( કામરેજ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં વર્ષ ૨૦૧૦−૧૧માં તા. ૩૧−૧૨−૨૦૧૧ ની સ્થિતિએ તાલુકાવાર કેટલા હેન્ડપંપો મંજૂર કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) તાલુકાવાર મંજૂર હેન્ડપંપો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | મંજૂર કરેલ હેન્ડપંપની સંખ્યા |
|---|---|---|
| ૧ | માંગરોળ | ૩૪૬ |
| ૨ | ઉમરપાડા | ૪૩૮ |
| ૩ | માંડવી | ૯૭૬ |
| ૪ | મહુવા | ૪૫૮ |

| | | |
|---|---|---|
| ૫ | બારડોલી | ૨૬૦ |
| ૬ | પલસાણા | ૮૧ |
| ૭ | કામરેજ | ૫૩ |
| ૮ | ચોર્યાસી | ૩૭ |
| ૯ | ઓલપાડ | ૬૩ |
| | **કુલ** | **૨૭૧૨** |

(૨) તે પૈકી કેટલા હેન્ડપંપોના કામ પૂર્ણ થયા, અને

(૨) તમામ ૨૭૧૨ હેન્ડપંપના કામ પૂર્ણ કરવામાં આવેલ છે.

(૩) બાકી હેન્ડપંપોના કામો કયાં સુધીમાં પૂર્ણ થશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## અમરેલી જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ બાળકોની સારવાર

૨૭૦૯૧ **શ્રી કાળુભાઇ વિ. વિરાણી(કુંડલા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.—

**પ્રશ્ન**

(૧) શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ અમરેલી જિલ્લામાં તાલુકાવાર સન ૨૦૧૦ અને ૨૦૧૧ માં કેટલા બાળકોને કયા કયા રોગો માટે સારવાર આપવામાં આવી છે, અને

(૨) તે પૈકી કેટલા બાળકોને રેફરેલ અને તજજ્ઞ સારવાર આપવામાં આવી ?

**જવાબ**

(૧) શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ અમરેલી જિલ્લામાં તાલુકાવાર સન ૨૦૧૦ તથા ૨૦૧૧માં કુલ—૫૪૦૫૭ બાળકોને જુદા જુદા રોગો માટે સારવાર આપવામાં આવેલ છે જેની વિગત દર્શાવતું **પત્રક—અ** સામેલ છે.

(૨) તે પૈકી કુલ—૧૨૦૪૪ બાળકોને રેફરેલ અને તજજ્ઞ સારવાર આપવામાં આવેલ છે જેની વિગત દર્શાવતું **પત્રક—બ** સામેલ છે.

### પત્રક—અ

| વર્ષ | તાલુકાનું નામ | પાંડુરોગ | આંત્રકૃમિ | દાંતની તકલીફ | આંખની તકલીફ | કાન—નાક ગળાની તકલીફ | પેટની તકલીફ | ચામડીના રોગ | શરીરની સ્થૂળતા | તમાકુનું સેવન | માનસીક તણાવ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૧૦ | અમરેલી | ૭૦૨ | ૧૬૯૩ | ૭૯૨ | ૯૩૩ | ૨૩૩ | ૨૨૦ | ૧૬૧ | ૩ | ૫ | ૦ |
| | બાબરા | ૫૦૮ | ૪૬૦ | ૬૬ | ૨૮૬ | ૧૪૫ | ૧૭૮ | ૧૩ | ૦ | ૦ | ૮ |
| | લાઠી | ૬ | ૭૨ | ૧૨૭ | ૫૬૭ | ૬૫ | ૨૭ | ૩૯ | ૨૨ | ૨૮ | ૯ |
| | ખાંભા | ૧૨૭ | ૧૨૧ | ૯૫ | ૧૪૭ | ૯૦ | ૫૪ | ૧૨ | ૦ | ૨૧ | ૦ |
| | ધારી | ૩૩૦ | ૩૬૦ | ૬૬ | ૧૭૧ | ૩ | ૯ | ૦ | ૪૬ | ૩૫ | ૧૪ |
| | લીલીયા | ૧૬૨ | ૧૬૮ | ૧૧૨ | ૨૯ | ૨૮ | ૩૭ | ૧૪ | ૩ | ૧૮ | ૦ |
| | કુકાવાવ | ૨૭૬ | ૨૪૪ | ૪૧ | ૩૨ | ૪૮ | ૩૮ | ૬૭ | ૧ | ૧૦ | ૦ |
| | બગસરા | ૧૩૨ | ૧૨૭ | ૧૬૪ | ૧૬૪ | ૧૨૭ | ૧૭૭ | ૭૨ | ૦ | ૩ | ૧ |
| | રાજુલા | ૯૫૧ | ૮૯૨ | ૧૫૫ | ૨૫૮ | ૪૧૫ | ૬૫૧ | ૧૬૨ | ૧૨૭ | ૧૩૭ | ૧ |
| | જાફરાબાદ | ૫૮૫ | ૪૫૪ | ૪૩૧ | ૧૮૫ | ૨૦૯ | ૨૦૫ | ૨૮ | ૦ | ૦ | ૦ |
| | સાવરકુંડલા | ૧૨૫૧ | ૧૦૪૪ | ૨૫૮ | ૬૬૭ | ૧૪૯ | ૧૯૭ | ૭૪ | ૭ | ૪૬ | ૨ |
| | કુલ | ૫૦૩૦ | ૫૬૩૫ | ૨૩૦૭ | ૩૪૩૯ | ૧૫૧૨ | ૧૭૯૩ | ૬૪૨ | ૨૦૯ | ૩૦૩ | ૩૫ |
| ૨૦૧૧ | અમરેલી | ૧૦૦૯ | ૯૩૫ | ૨૭૯ | ૮૬૧ | ૭૭ | ૩૧૩ | ૧૮૯ | ૧૨ | ૪૮ | ૮ |
| | બાબરા | ૫૪૧ | ૮૭૬ | ૧૯૧ | ૧૫૭ | ૨૭ | ૨૭ | ૮૦ | ૦ | ૦ | ૪ |
| | લાઠી | ૩૫૧ | ૪૧૯ | ૯૧ | ૧૪૮ | ૧૨૭ | ૧૭૪ | ૫૩ | ૭૦ | ૨૫ | ૫ |
| | ખાંભા | ૫૮૨ | ૫૫૭ | ૭૦ | ૮૦ | ૧૮ | ૧૯ | ૨૯ | ૦ | ૩૫ | ૦ |
| | ધારી | ૧૩૭૫ | ૧૬૨૦ | ૩૪૪ | ૪૫૬ | ૭૮ | ૧૭૪ | ૨૯૪ | ૭ | ૨૩૩ | ૩ |
| | લીલીયા | ૭૮ | ૯૯ | ૧૪ | ૧૧૨ | ૨૬ | ૨ | ૧૯ | ૦ | ૦ | ૦ |
| | કુકાવાવ | ૭૫ | ૮૫ | ૨૧ | ૩૪૪ | ૧૯ | ૫૧ | ૧૯ | ૧૮ | ૨૭ | ૫ |
| | બગસરા | ૨૮૫ | ૩૨૧ | ૩૮ | ૧૧૭ | ૧૯ | ૧૨૪ | ૩૧ | ૨૫ | ૧૦ | ૦ |
| | રાજુલા | ૧૧૯૧ | ૮૩૯ | ૧૩૯ | ૯૯ | ૧૦૪ | ૨૩૩ | ૨૫૭ | ૮ | ૮૮ | ૦ |
| | જાફરાબાદ | ૬૫૧ | ૪૨૧ | ૧૩૭ | ૮૩ | ૯૩ | ૪૧ | ૪૭ | ૦ | ૨૮ | ૬ |
| | સાવરકુંડલા | ૧૧૮૪ | ૧૨૩૫ | ૨૪૩ | ૩૯૩ | ૮૫ | ૧૨૬ | ૮૪ | ૫ | ૯ | ૦ |
| | કુલ | ૭૩૨૨ | ૭૪૦૭ | ૧૫૬૭ | ૨૮૫૦ | ૬૭૩ | ૧૨૮૪ | ૧૧૦૨ | ૧૪૫ | ૫૦૩ | ૩૧ |

## Table ૨૪

| જાતીય રોગો | શ્વસન તંત્રના રોગ | ચેતા તંત્રના રોગ | અસ્થિ તંત્રના રોગ | વિકલાંગતા | અન્ય | હૃદય | કીડની | કેન્સર | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦ | ૩૨ | ૨ | ૨૦ | ૮ | ૧૯૩૮ | ૧૮ | ૧ | ૪ | ૬૭૬૫ |
| ૦ | ૪ | ૧ | ૦ | ૦ | ૦ | ૮ | ૩ | ૧ | ૧૬૮૧ |
| ૦ | ૪૫ | ૨ | ૧૧ | ૬ | ૧૭૪૦ | ૮ | ૨ | ૦ | ૨૭૭૬ |
| ૦ | ૯૦ | ૧ | ૨ | ૬ | ૨૯ | ૪ | ૦ | ૦ | ૭૯૯ |
| ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૦૩૩ | ૩ | ૧ | ૦ | ૨૦૭૧ |
| ૦ | ૮ | ૩ | ૪ | ૩ | ૩૬ | ૧૧ | ૨ | ૦ | ૬૩૮ |
| ૦ | ૫ | ૦ | ૭ | ૪૨ | ૧૧૨ | ૨ | ૦ | ૦ | ૯૨૫ |
| ૦ | ૩૪ | ૦ | ૦ | ૧૧ | ૨૫ | ૭ | ૧ | ૧ | ૧૦૪૬ |
| ૦ | ૨૧૪ | ૦ | ૦ | ૫ | ૪૬૧ | ૨ | ૦ | ૦ | ૪૪૩૧ |
| ૦ | ૬૭ | ૦ | ૧ | ૭ | ૩૭૪ | ૫ | ૧ | ૧ | ૨૫૫૩ |
| ૦ | ૧૮ | ૪ | ૭ | ૨૩ | ૬૬૨ | ૪ | ૦ | ૦ | ૪૪૧૩ |
| ૦ | ૫૧૭ | ૧૩ | ૫૨ | ૧૧૧ | ૬૪૧૦ | ૭૨ | ૧૧ | ૭ | ૨૮૦૯૮ |
| ૨ | ૧૩૧ | ૦ | ૧૧ | ૧૪ | ૬૧૮ | ૯ | ૪ | ૨ | ૪૫૨૨ |
| ૦ | ૨ | ૦ | ૦ | ૨૦ | ૨૦૨ | ૧૫ | ૧ | ૦ | ૨૧૪૩ |
| ૦ | ૨૫ | ૦ | ૫ | ૨૪ | ૧૬૫ | ૨ | ૦ | ૨ | ૧૬૮૬ |
| ૦ | ૨૪ | ૦ | ૦ | ૦ | ૪૬ | ૦ | ૦ | ૦ | ૧૪૬૦ |
| ૧ | ૭૩ | ૩ | ૨૩ | ૨૯ | ૧૫૫ | ૮ | ૨ | ૦ | ૪૮૭૮ |
| ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૯ | ૧૪ | ૦ | ૦ | ૩૭૪ |
| ૫ | ૪૬ | ૧ | ૩ | ૨૧ | ૫ | ૧ | ૧ | ૦ | ૭૪૭ |
| ૦ | ૪૩ | ૦ | ૦ | ૧૦ | ૨૦ | ૬ | ૧ | ૦ | ૧૦૫૦ |
| ૦ | ૧૫૪ | ૦ | ૭ | ૮ | ૭૯૪ | ૪ | ૧ | ૦ | ૩૯૨૬ |
| ૦ | ૨ | ૦ | ૦ | ૮૩ | ૧૭૭ | ૩ | ૦ | ૦ | ૧૭૭૨ |
| ૦ | ૬ | ૦ | ૦ | ૧૪ | ૩ | ૧૧ | ૩ | ૦ | ૩૪૦૧ |
| ૮ | ૫૦૭ | ૪ | ૪૯ | ૨૨૩ | ૨૧૯૪ | ૭૩ | ૧૩ | ૪ | ૨૫૯૫૯ |

### પત્રક–બ

| વર્ષ | તાલુકાનું નામ | સંદર્ભસેવા આપેલ બાળકો | રેફરલ સારવાર | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | બાળરોગ નિષ્ણાંત દ્વારા | આંખરોગ નિષ્ણાંત દ્વારા | દાંતરોગ નિષ્ણાંત દ્વારા | ચામડીના રોગના નિષ્ણાંત દ્વારા | કાન, નાક, ગળાના નિષ્ણાંત દ્વારા |
| ૨૦૧૦ | અમરેલી | ૧૪૪૭ | ૧૩૭ | ૮૮૬ | ૧૬૬ | ૧૧૨ | ૮૦ |
| | બાબરા | ૩૮૫ | ૧૦૭ | ૨૩૨ | ૩૧ | ૪ | ૬ |
| | લાઠી | ૭૭૪ | ૮૦ | ૫૬૭ | ૭૦ | ૧૪ | ૨૭ |
| | ખાંભા | ૫૩૧ | ૫૨ | ૪૪૧ | ૩૧ | ૭ | ૦ |
| | ધારી | ૧૮૭ | ૧૩ | ૧૬૧ | ૦ | ૦ | ૧ |
| | લીલીયા | ૧૧૯૩ | ૧૨૨ | ૭૨૫ | ૧૬૩ | ૬ | ૧૫ |
| | કુકાવાવ | ૧૦૩ | ૧૨ | ૨૫ | ૩ | ૨ | ૨ |
| | બગસરા | ૩૮૨ | ૯૮ | ૨૨૬ | ૧૮ | ૨૧ | ૧૭ |
| | રાજુલા | ૧૪૮ | ૧૬ | ૧૩ | ૨ | ૨ | ૫ |
| | જાફરાબાદ | ૧૮૧ | ૫૫ | ૫૯ | ૨૦ | ૦ | ૯ |
| | સાવરકુંડલા | ૮૭૩ | ૬૬ | ૬૦૧ | ૪૯ | ૩૩ | ૩૩ |
| | **કુલ** | **૬૨૦૪** | **૭૫૮** | **૩૯૩૬** | **૫૫૩** | **૨૦૧** | **૧૯૫** |
| ૨૦૧૧ | અમરેલી | ૧૯૪૪ | ૪૧૪ | ૮૬૧ | ૨૭૯ | ૧૮૯ | ૭૭ |
| | બાબરા | ૬૩૦ | ૫૯ | ૨૫૩ | ૧૪૮ | ૯૦ | ૨૭ |
| | લાઠી | ૨૫૧ | ૩૩ | ૧૪૮ | ૪૨ | ૫ | ૬ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ખાંભા | ૨૧૧ | ૨ | ૭૯ | ૫૩ | ૬૩ | ૪ |
| ધારી | ૪૫૭ | ૪૭ | ૩૪૬ | ૪૦ | ૧૧ | ૮ |
| લીલીયા | ૧૪૨ | ૬ | ૧૧૨ | ૧૨ | ૪ | ૩ |
| કુકાવાવ | ૪૬૯ | ૩૬ | ૩૪૪ | ૨૧ | ૧૯ | ૧૯ |
| બગસરા | ૩૩૯ | ૩૫ | ૧૭૪ | ૫૦ | ૩૧ | ૧૫ |
| રાજુલા | ૨૦૨ | ૧૮ | ૫૩ | ૭૪ | ૧૫ | ૧૬ |
| જાફરાબાદ | ૧૯૮ | ૨૧ | ૬૭ | ૮૩ | ૮ | ૬ |
| સાવરકુંડલા | ૮૧૭ | ૫૬ | ૬૬૩ | ૬૪ | ૧૨ | ૬ |
| **કુલ** | **૫૬૬૦** | **૭૨૭** | **૩૧૦૦** | **૮૬૬** | **૪૪૭** | **૧૮૭** |

**Table ૨૫**

| | | **તજજ્ઞ સારવાર** | | | |
|---|---|---|---|---|---|
| **અન્ય** | **કુલ** | **હૃદય** | **કીડની** | **કેન્સર** | **કુલ** |
| ૬૬ | ૧૪૪૭ | ૧૮ | ૧ | ૪ | ૨૩ |
| ૫ | ૩૮૫ | ૮ | ૩ | ૧ | ૧૨ |
| ૧૬ | ૭૭૪ | ૮ | ૨ | ૦ | ૧૦ |
| ૦ | ૫૩૧ | ૪ | ૦ | ૦ | ૪ |
| ૧૨ | ૧૮૭ | ૩ | ૧ | ૦ | ૪ |
| ૧૬૨ | ૧૧૯૩ | ૧૧ | ૨ | ૦ | ૧૩ |
| ૫૯ | ૧૦૩ | ૨ | ૦ | ૦ | ૨ |
| ૨ | ૩૮૨ | ૭ | ૧ | ૧ | ૯ |
| ૧૧૦ | ૧૪૮ | ૨ | ૦ | ૦ | ૨ |
| ૩૮ | ૧૮૧ | ૫ | ૧ | ૧ | ૭ |
| ૯૧ | ૮૭૩ | ૪ | ૦ | ૦ | ૪ |
| **૫૬૧** | **૬૨૦૪** | **૭૨** | **૧૧** | **૭** | **૯૦** |
| ૧૨૪ | ૧૯૪૪ | ૯ | ૪ | ૨ | ૧૫ |
| ૫૩ | ૬૩૦ | ૧૫ | ૧ | ૦ | ૧૬ |
| ૧૭ | ૨૫૧ | ૨ | ૦ | ૨ | ૪ |
| ૧૦ | ૨૧૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | ૪૫૭ | ૮ | ૨ | ૦ | ૧૦ |
| **હૃદય** | **કીડની** | **કેન્સર** | **કુલ** |
| ૯૧ | ૨૭ | ૧૫ | ૧૩૩ |
| ૨૧ | ૬ | ૪ | ૩૧ |
| ૧૭ | ૫ | ૩ | ૨૫ |
| **૧૨૯** | **૩૮** | **૨૨** | **૧૮૯** |
| ૫૪ | ૨૬ | ૧૪ | ૯૪ |
| ૧૫ | ૮ | ૧ | ૨૪ |
| ૫ | ૧ | ૨ | ૮ |
| **૭૪** | **૩૫** | **૧૭** | **૧૨૬** |
| **૨૦૩** | **૭૩** | **૩૯** | **૩૧૫** |

## મહેસાણા જિલ્લામાં સુજલામ સુફલામ કેનાલના પાઈપ લાઈનના કામોમાં ગેરરીતી

૨૬૫૦૯ **શ્રી પ્રભુભાઈ ના. વસાવા( સોનગઢ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મહેસાણા જીલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સુજલામ સુફલામ કેનાલના કામોમાં પાઈપ લાઈનના કામોમાં ગેરરીતી અંગે સરકારને કોઈ ફરિયાદ મળી છે કે કેમ, અને

(૨) જો, હા, તો આ ફરિયાદ ક્યારે મળી અને તે ફરિયાદ અંગે શું કાર્યવાહી કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) ના જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## ચાંગોદર કેડિલા લેબૉરેટરીમાં દવાના મિકસીંગમાં નુકશાન કારક સિરપ બાબત ચકાસણી

૨૭૮૪૪ **શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ(કાલુપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ચાંગોદર ખાતે આવેલ કેડિલા લેબૉરેટરીમાં દવાના મિકસીંગમાં નુકસાન કારક સિરપ નાખવા બાબતે ખોરાક અને ઔષધ આયુક્ત તરફથી કેટલી વખત ચકાસણી કરવામાં આવી છે, અને

(૨) એ ચકાસણી અંતર્ગત શું પગલાં લેવામાં આવ્યા છે?

**જવાબ**

(૧) ચાંગોદર ખાતે કેડિલા લેબૉરેટરી નામ ધરાવતી કોઈ પેઢી ઔષધના ઉત્પાદન અંગેના પરવાના ધરાવતી ન હોઈ, ચકાસણી કરવાનો પ્રશ્ન ઉપસસ્થિત થતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## રાજ્યમાં મેટ્રો રેલ

૨૭૦૪૩ **શ્રી કિશોરભાઈ વાંકાવાલા( સુરત શહેર પશ્ચિમ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં મેટ્રો રેલ વિકસાવવાની શક્યતાઓ રાજ્ય સરકાર ચકાસી રહી છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો મેટ્રો રૂટ અંતર્ગત કયા કયા વિસ્તારોમાં આવરી લેવામાં આવશે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) જુદા–જુદા વિકલ્પો વિચારણા હેઠળ છે.

---------

તા.૧૨મી માર્ચ, ૨૦૧૨
અતારાંકિત પ્રશ્નો

**પંચમહાલ જિલ્લામાં મંજૂર કરેલ હેન્ડપંપ**

૨૬૯૮૦ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ( કાલોલ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧માં કુલ કેટલા હેન્ડપંપ મંજૂર કરવામાં આવ્યા, | (૧) ૨૮૯૫ હેન્ડપંપ મંજૂર કરવામાં આવ્યા. |
| (૨) તે પૈકી તા. ૩૧–૧૨–૧૧ સુધીમાં કેટલા પૂર્ણ કર્યા, અને | (૨) બધા જ ૨૮૯૫ બોરનું શારકામ પૂર્ણ કરી, પાણી પુરવઠો ચાલુ કરેલ છે. |
| (૩) બાકી કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**સુરેન્દ્રનગર જિલ્લામાં નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના**

૨૭૦૬૩ **શ્રીમતિ વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય શહેરી વિકાસમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કઈ કઈ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં લીંબડી નગરપાલિકાની ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) મંજૂર થયેલ ગટર યોજનાની કામગીરી તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૨) યોજનાની કામગીરી પ્રગતિમાં છે. ૪૦ ટકા કામગીરી પૂર્ણ થયેલ છે. |
| (૩) નગરપાલિકા દીઠ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ મંજૂર થયેલ છે? | (૩) લીંબડી નગરપાલિકાઃ ` ૨.૭૧ કરોડ. |

---------

**કલોલ શહેરમાં મંજૂર થયેલ ટી.પી. સ્કીમો**

૨૫૧૧૩ **શ્રી સુરેશકુમાર ચ. પટેલ(કલોલ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કલોલ શહેરમાં કેટલી ટી.પી.સ્કીમો મંજૂર કરવામાં આવી, અને | (૧) શૂન્ય. |
| (૨) તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ મંજૂર થયેલ ટી.પી. સ્કીમોની કામગીરી કયા તબક્કે છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**વલસાડ જિલ્લામાં તાલુકાવાર મંજૂર કરેલ હેન્ડપંપ**

૨૬૯૮૮ **શ્રી રમણલાલ ના. પાટકર( ઉમરગામ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧માં તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ તાલુકાવાર કેટલા હેન્ડપંપ મંજૂર કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) કુલ ૭૭૫ હેન્ડપંપો તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | મંજૂર કરેલ હેન્ડપંપો |
|---|---|---|
| ૧ | વલસાડ | ૧૩૨ |
| ૨ | પારડી | ૧૦૭ |
| ૩ | ઉંમરગામ | ૧૬૭ |
| ૪ | ધરમપુર | ૨૦૦ |
| ૫ | કપરાડા | ૧૬૯ |
| | કુલ.... | ૭૭૫ |

(૨) તે પૈકી કેટલા હેન્ડપંપ ના કામો પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૨) તમામ ૭૭૫ હેન્ડપંપો.

(૩) બાકી રહેલ કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**અમદાવાદ જિલ્લામાં સુજલામ સુફલામ કેનાલના પાઈપલાઈનના કામોમાં ગેરરીતી**

૨૬૫૨૩ **શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ( અંકલેશ્વર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સુજલામ સુફલામ કેનાલના કામોમાં પાઈપ લાઈનના કામોમાં ગેરરીતી અંગે સરકારને કોઈ ફરિયાદ મળી છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ ફરિયાદ ક્યારે મળી અને તે ફરિયાદ અંગે શી કાર્યવાહી કરવામાં આવેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**મહેસાણા જિલ્લામાં સુજલામ સુફલામ કેનાલના પાઈપ લાઈનના કામોમાં ગેરરીતી**

૨૬૫૧૪ **શ્રી દિતાભાઈ ભી. મછાર( ઝાલોદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જીલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સુજલામ સુફલામ કેનાલના કામોમાં પાઈપ લાઈનના કામોમાં ગેરરીતી અંગે સરકારને કોઈ ફરિયાદ મળી છે કે કેમ, અને | (૧) ના જી. |
| (૨) જો, હા, તો આ ફરિયાદ ક્યારે મળી અને તે ફરિયાદ અંગે શું કાર્યવાહી કરવામાં આવેલ છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**વડોદરા જિલ્લામાં સુખી જળાશય યોજના અંતર્ગત લીફ્ટ ઈરીગેશન**

૨૪૯૭૭ **શ્રી મોહનસિંહ છો. રાઠવા( જેતપુર-પાવી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૨ની સ્થિતિએ સુખી જળાશય યોજના અંતર્ગત લીફ્ટ ઈરીગેશન વડોદરા જિલ્લામાં કયા સ્થળોએ કેટલા ખર્ચે ક્યારે બનાવેલ છે, અને

(૨) તેમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેટલા હેક્ટર જમીનને સિંચાઈનો લાભ મળે છે?

**જવાબ**

(૧)

| અનુ | ગામનું નામ | કામ પુર્ણ થયેલ વર્ષ | થયેલ ખર્ચ (` લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | સટુન | ૨૦૦૮-૦૯ | ૩૫.૯૮ |
| ૨ | કુંડલ | ૨૦૦૮-૦૯ | ૩૪.૯૭ |
| ૩ | બાંડીભીત | ૨૦૦૯-૧૦ | ૯.૫૧ |

(૨)

| ક્રમ | વર્ષ | સિંચાઈ (હે) |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | ૨૦૦૯-૧૦ | ૦૭ |
| ૨ | ૨૦૧૦-૧૧ | ૧૧ |
| ૩ | ૨૦૧૧-૧૨ | ૦૬ |

**અમદાવાદ શહેરને નર્મદા યોજનામાંથી દૈનિક જરૂરિયાત પીવાનું પાણી આપવા બાબત**

૨૬૯૮૩ **શ્રી વલ્લભભાઈ ગો. કાકડીયા(રખિયાલ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરને નર્મદા યોજનામાંથી પીવાના પાણીની દૈનિક જરૂરિયાત સામે કેટલું પાણી આપવામાં આવે છે, અને | (૧) અમદાવાદ શહેરને કુલ ૯૧ કરોડ લીટર (૯૧૦ એમએલડી) પાણીનો જથ્થો નર્મદા યોજનામાંથી પૂરો પાડવામાં આવે છે. |
| (૨) શહેરની વસ્તીને ધ્યાને લઈને સરકાર વધારે પાણી ફાળવવા માંગે છે કે કેમ? | (૨) વધારાના પાણી માટે માંગણી આવેથી વિચારણા કરવામાં આવશે. |

**ગાંધીનગર મોડેલ આયુર્વેદિક કોલેજની સ્થાપના**

૨૭૧૭૭ **શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગરમાં મોડેલ આયુર્વેદિક કોલેજ સ્થાપવા સરકાર માંગે છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |

(૨) જો હા, તો આ યોજના પાછળ અંદાજીત કેટલો ખર્ચ થશે, અને

(૨) ` ૧૫૦.૦૦ કરોડ.

(૩) આ કામ કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

(૩) વર્ષ–૨૦૧૪ સુધીમાં.

**અમદાવાદ જિલ્લામાં સુજલામ સુફલામ કેનાલના પાઈપલાઈનના કામોમાં ગેરરીતી**

૨૬૫૨૪ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ( નસવાડી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં સુજલામ સુફલામ કેનાલના કામોમાં પાઈપ લાઈનના કામોમાં ગેરરીતી અંગે સરકારને કોઈ ફરિયાદ મળી છે કે કેમ, અને

(૧) ના, જી.

(૨) જો હા, તો આ ફરિયાદ ક્યારે મળી અને તે ફરિયાદ અંગે શી કાર્યવાહી કરવામાં આવેલ છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**૪૩૨/page> નવસારી જિલ્લામાં સીકલસેલ એનીમીયાના દર્દીઓની સારવાર**

૨૭૧૪૩ **શ્રી નરેશભાઇ મ. પટેલ( ચીખલી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) રાજ્યમાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ સીકલસેલ એનીમીયાના દર્દીઓ માટે રાજ્ય સરકાર કઈ કઈ આરોગ્ય સેવાઓ પૂરી પાડે છે, અને

(૧)

- સરકારશ્રી દ્વારા સીકલસેલ એનીમીયાના દર્દીઓને સ્ક્રીનીંગ, સારવાર, કાઉન્સેલીંગ તેમજ આરોગ્ય શિક્ષણની સેવાઓ પુરી પાડવામાં આવે છે.
- સીકલસેલ એનીમીયા રોગ માટે સ્ક્રીનીંગ કરી રોગના દર્દીઓને પીળું કાર્ડ આપવામાં આવે છે. આ ઉપરાંત સીકલસેલ વાહકને અડધુ પીળું અને અડધુ સફેદ કાર્ડ આપવામાં આવે છે.
- સીકલસેલ રોગના દર્દીઓને કાઉન્સેલર દ્વારા કાઉન્સેલીંગ કરી રોગ વિષે સંપૂર્ણ સમજ પૂરી પાડવામાં આવે છે. આ ઉપરાંત મૅરેજ કાઉન્સેલીંગ અને ગર્ભધારણ માટે કાઉન્સેલીંગ પણ કરવામાં આવે છે.
- આ રોગના દર્દીઓને દરરોજ નિયમિત ગળવા માટે ફોલિક એસિડની ગોળીઓ આરોગ્ય કર્મચારીઓ દ્વારા દર માસે આપવામાં આવે છે. આ ઉપરાંત જરૂર જણાયે દર્દ શામક દવાઓ પણ આપવામાં આવે છે.
- સીકલસેલ રોગના દર્દીઓને જ્યારે ક્રાઈસીસ ઉભી થાય ત્યારે સરકારી હોસ્પિટલોમાં વિના મૂલ્યે સારવાર આપવામાં આવે છે. તેમજ આ દર્દીઓને જરૂર પડ્યે લોહી પણ આપવામાં આવે છે.

(૨) નવસારી જિલ્લામાં સન ૨૦૧૧માં આ રોગ માટે કેટલા દર્દીઓને સારવાર આપવામાં આવી ?

(૨) નવસારી જિલ્લામાં ૨૦૧૧માં સીકલસેલના રોગ માટે કુલ ૫૧૬ દર્દીઓને સારવાર આપવામાં આવી છે.

**ખેડા જિલ્લામાં મીની પાણી પુરવઠા યોજનાઓની મંજૂરી**

૨૬૯૯૭ **શ્રી કનુભાઇ ભુ. ડાભી( કઠલાલ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) ખેડા જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ કેટલી મીની પાણી

(૧) અને (૨) :

| વર્ષ | મંજૂર થયેલ યોજનાઓ | પૂર્ણ | યોજનાની સ્થિતિ | |
|---|---|---|---|---|
| | | | વીજ | ટેન્ડરની |

પુરવઠા યોજનાઓ મંજૂર કરવામાં આવી,

(૨) આ યોજનાઓ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૩) તે ક્યાં સુધીમાં પૂરી થશે તે પાછળ કેટલો ખર્ચ થવાની સંભાવના છે ?

| | | | જોડાણ બાકી | કાર્યવાહી |
|---|---|---|---|---|
| ૨૦૧૦–૧૧ | ૭૭ | ૩૩ | ૨૧ | ૨૩ |
| ૨૦૧૧–૧૨ | ૩૯ | – | – | ૩૯ |

(૩) વીજજોડાણ બાકી હોય તેવી ૨૧ યોજનાઓ માર્ચ–૨૦૧૨ના અંત સુધીમાં તથા ટેન્ડરની કાર્યવાહી બાકી તેવી ૬૨ યોજનાઓ સપ્ટેમ્બર–૨૦૧૨ના અંત સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

કુલ ૧૧૬ યોજનાઓનો અંદાજીત રૂા. ૫૧૭.૦૦ લાખનો ખર્ચ થવાની સંભાવના છે.

## સાબરકાંઠા જિલ્લામાં સિંચાઈ માટે યોજનાઓ બનાવા બાબત

૨૮૫૪૩ **ડાૅ. અનિલભાઇ જોષીયારા( ભિલોડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર સિંચાઈ માટે કઈ કઈ યોજનાઓ બનાવવામાં આવી,

(૨) એની પાછળ તાલુકાવાર અને વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) એ ધ્વારા તાલુકાવાર કેટલા હેક્ટર વિસ્તારને સિંચાઈનું પાણી મળ્યું ?

**જવાબ**

(૧).(૨) અને (૩) : નાના/મોટા ચેકડેમ, નાના/મોટા તળાવો ઉંડા કરવાની કામગીરી, ઉદવહન સિંચાઈ યોજનાઓ તથા નહેર સુધારણા માટેની યોજના બનાવવામાં આવી.

તાલુકાવાર અને વર્ષવાર ખર્ચ તથા સિંચાઈ હેઠળ આવરી લીધેલ વિસ્તારની વિગત પત્રક–૧માં સામેલ છે.

**પત્રક–૧**

| અ. નં. | તાલુકો | વર્ષવાર ખર્ચ (લાખમાં) | | | સિંચાઈ હેઠળ આવરી લીધેલ પ્રત્યક્ષ/પરોક્ષ વિસ્તાર (હેક્ટર) |
|---|---|---|---|---|---|
| | | ૧/૨/૦૯ થી ૩૧/૧/૧૦ | ૧/૨/૧૦ થી ૩૧/૧/૧૧ | ૧/૨/૧૧ થી ૩૧/૧/૧૨ | |
| ૧ | માલપુર | ૧૦૬.૯૩ | ૧૬૮.૮૫ | ૨૧૭.૦૪ | ૮૦૭ |
| ૨ | મેઘરજ | ૫૯૫.૧૭ | ૧૯૩.૫૪ | ૩૩૧.૨૮ | ૨૮૭૨ |
| ૩ | ધનસુરા | ૪૬.૬૮ | ૯૬.૨૧ | ૩૦૧.૬૮ | ૯૮૮ |
| ૪ | મોડાસા | ૨૦૮.૩૧ | ૩૬૦.૫૦ | ૧૫૮.૨૬ | ૨૦૨૬ |
| ૫ | બાયડ | ૫૮૦.૧૮ | ૧૦૫૦.૨૭ | ૧૪૦૭.૦૬ | ૪૫૬૪ |
| ૬ | હિંમતનગર | ૮૯૬.૫૮ | ૧૦૦૮.૪૯ | ૫૦૭.૨૧ | ૨૩૧૨ |
| ૭ | ઈડર | ૧૩૮૭.૭૨ | ૧૪૯૭.૭૧ | ૮૮૯.૯૩૬ | ૩૮૫૭ |
| ૮ | વડાલી | ૩૫૯.૬૨ | ૪૩૧.૬૫ | ૧૪.૬૬ | ૧૮૪૧ |
| ૯ | પ્રાંતિજ | ૫૩૧.૪ | ૧૭૯.૩૭ | ૫૭.૭ | ૧૯૪૨ |
| ૧૦ | ખેડબ્રહ્મા | ૩૨૫.૨૪ | ૧૦૩૯.૬૮ | ૩૪૯.૧૮ | ૧૩૪૫ |
| ૧૧ | વિજયનગર | ૨૫૬.૯૪ | ૨૩૭.૫૪ | ૧૮૨.૪૨ | ૮૯૮ |
| ૧૨ | ભિલોડા | ૩૪૬.૩૫ | ૩૮૯.૦૦ | ૧૩૦.૬૫ | ૧૫૬૪ |
| ૧૩ | તલોદ | ૨૯૨.૩૯ | ૨૬૬.૦૭ | ૧૩૩.૫૩ | ૯૩૫ |

## અમદાવાદ જિલ્લામાં સુજલામ સુફલામ કેનાલના પાઈપલાઈનના કામોમાં ગેરરીતી

૨૬૫૨૯ **શ્રી બાબુભાઇ મે. શાહ(રાપર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જીલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સુજલામ સુફલામ કેનાલના કામોમાં પાઈપ લાઈનના કામોમાં ગેરરીતી અંગે સરકારને કોઈ ફરિયાદ મળી છે કે કેમ, અને

(૨) જો હા, તો આ ફરિયાદ ક્યારે મળી અને તે ફરિયાદ અંગે શું કાર્યવાહી કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

તા.૧૨મી માર્ચ, ૨૦૧૨

અતારાંકિત પ્રશ્નો

## જલાલપોર તાલુકામાં સેક્ટર રીફોર્મ કાર્યક્રમ હેઠળ મંજૂર કરેલ યોજનાઓ

૨૬૯૯૬ **શ્રી આર. સી. પટેલ( જલાલપોર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લામાં જલાલપોર તાલુકામાં સેક્ટર રીફોર્મ કાર્યક્રમ હેઠળ તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને

(૨)આ યોજનાઓઅન્વયેપાણી સમિતિઓને ઉક્ત સમયગાળા દરમિયાન કુલ કેટલું ફંડ ફાળવવામાં આવેલછે?

**જવાબ**

(૧) ૨૭ યોજનાઓ.

(૨) ` ૧૦૪.૧૨ લાખ.

## પાટણ જિલ્લામાં નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના

૨૭૦૬૧ **શ્રી રજનીકાન્ત સો. પટેલ(ચાણસ્મા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં કઈ કઈ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે,

(૨) મંજૂર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૩) નગરપાલિકા દીઠ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ મંજૂર થયેલ છે ?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં પાટણ જિલ્લાની બે શહેરોની ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે.

૧. પાટણ

૨. સિધ્ધપુર

(૨) મંજુર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ નીચે મુજબ છે.

| ક્રમ | નગરપાલિકાનું નામ | સ્થિતિ |
|---|---|---|
| ૧. | પાટણ | ટેન્ડરો મંજુરી હેઠળ છે. |
| ૨. | સિધ્ધપુર | કામો પ્રગતિમાં છે. |

(૩) નગરપાલિકા દીઠ નીચે મુજબની અંદાજીત કિંમત મંજુર કરવામાં આવેલ છે.

| ક્રમ | નગરપાલિકાનું નામ | રકમ (` કરોડમાં) |
|---|---|---|
| ૧. | પાટણ | ` ૫૦.૬૧ કરોડ |
| ૨. | સિધ્ધપુર | ` ૭.૭૪ કરોડ |

## ૪૩૪/page> કચ્છ જિલ્લામાં પંચાયત હસ્તકના ડૉક્ટર વગરના દવાખાના

૨૫૦૨૧ **શ્રી જયંતિલાલ ૫. ભાનુશાળી(અબડાસા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં પંચાયત હસ્તકના કેટલા દવાખાના તા. ૩૧–૧–૧૨ની સ્થિતિએ ડોક્ટર વિહોણા છે, અને

(૨) આવા દવાખાનાઓમાં ડોક્ટરોની જગ્યાઓ ભરવા સરકાર શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) સરકાર દ્વારા ડોક્ટરની જગ્યા ભરવા પુરતા પ્રયત્ન કરવામાં આવે છે. પરંતુ અંતરીયાળ તેમજ કચ્છ જેવા વિસ્તારોમાં પુરતી સંખ્યામાં ડોક્ટરો ઉપલબ્ધ થતા નથી. આ સંજોગોમાં ખાલી જગ્યા પર વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવે છે.

(૨) (૧) રાજ્ય હસ્તકની તબીબી કોલેજો તરફથી મળતા બોન્ડેડ ઉમેદવારોને નિમણુંક આપવામાં આવે છે.

(૨) દર મંગળવારના રોજ વોક ઈન ઈન્ટરવ્યુ રાખવામાં આવે છે અને તેમાં ઉપસ્થિત રહેતા લાયકાત ધરાવતા ઉમેદવારોને એડહોક ધોરણે નિમણુંક આપવામાં આવે છે.

(૩) જાહેર સેવા આયોગ મારફત લાયકાત ધરાવતા તબીબો મેળવી નિયમિત નિમણુંક આપવામાં આવે છે.

**અમદાવાદ જિલ્લામાં સુજલામ સુફલામ કેનાલના પાઈપલાઈનના કામોમાં ગેરરીતી**

૨૬૫૨૮ **શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર( મહુધા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જીલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં સુજલામ સુફલામ કેનાલના કામોમાં પાઈપ લાઈનના કામોમાં ગેરરીતી અંગે સરકારને કોઈ ફરિયાદ મળી છે કે કેમ, અને

(૨) જો હા, તો આ ફરિયાદ ક્યારે મળી અને તે ફરિયાદ અંગે શી કાર્યવાહી કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ખેડા જિલ્લામાં મીની પાણી પુરવઠા યોજનાઓની મંજૂરી**

૨૬૯૯૮ **શ્રી દેવુસિંહ જે. ચૌહાણ( માતર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ કેટલી મીની પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરવામાં આવી,

(૨) આ યોજનાઓ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૩) તે ક્યાં સુધીમાં પૂરી થશે તે પાછળ કેટલો ખર્ચ થવાની સંભાવના છે ?

**જવાબ**

(૧) અને (૨) : નીચેની વિગત

| વર્ષ | મંજૂર થયેલ યોજનાઓ | યોજનાની સ્થિતિ | | |
|---|---|---|---|---|
| | | પૂર્ણ | વીજ જોડાણ બાકી | ટેન્ડરની કાર્યવાહી |
| ૨૦૧૦–૧૧ | ૭૭ | ૩૩ | ૨૧ | ૨૩ |
| ૨૦૧૧–૧૨ | ૩૯ | – | – | ૩૯ |

(૩) વીજજોડાણ બાકી હોય તેવી ૨૧ યોજનાઓ માર્ચ–૨૦૧૨ના અંત સુધીમાં ટેન્ડરની કાર્યવાહી બાકી તેવી ૬૨ યોજનાઓ સપ્ટેમ્બર–૨૦૧૨ના અંત સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

કુલ ૧૧૬ યોજનાઓનો અંદાજીત ` ૫૧૭.૦૦ લાખનો ખર્ચ થવાની સંભાવના છે.

**રાજ્યની મહાનગરપાલિકાઓને મનોરંજન કરની ચુકવેલ ગ્રાંટ**

૨૭૦૫૩ **શ્રી ભૂષણભાઈ અ. ભટ્ટ(ખાડીયા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

વર્ષ ૨૦૧૧–૧૨ માં તા.૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ સરકાર દ્વારા રાજ્યની મહાનગરપાલિકાઓને મનોરંજન કર ગ્રાંટની કેટલી ચુકવણી કરવામાં આવેલ છે ?

**જવાબ**

વર્ષ ૨૦૧૧–૧૨ માં તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ સરકારશ્રી દ્વારા રાજ્યની મહાનગરપાલિકાઓને મનોરંજન કર ગ્રાંટની ` ૯,૩૩,૫૫,૫૩૦/- ચુકવણી કરવામાં આવેલ છે.

**નર્મદા અને ભરૂચ જિલ્લામાં ખેતી માટે પિયતનું પાણી આપવા બાબત**

૨૭૨૮૫ **શ્રી અમરસિંહ રા. વસાવા( દેડીયાપાડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ નર્મદા અને ભરૂચ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોને ખેતી માટે પિયતનું પાણી આપવામાં આવે છે.

(૨) તે અન્વયે કેટલા હેકટર જમીનને પાણી અપાય

**જવાબ**

(૧)

| અનુ | જીલ્લો | તાલુકો | ગામની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | નર્મદા | નાંદોદ | ૧૮૪ |
| | | સાગબારા | ૩૬ |
| | | ડેડીયાપાડા | ૨૭ |
| | | તિલકવાડા | ૯૮ |
| ૨ | ભરૂચ | વાલીયા | ૫૩ |
| | | અંકલેશ્વર | ૪ |
| | | ઝઘડીયા | ૧૨૮ |
| | | ભરૂચ | ૭૧ |
| | | આમોદ | ૬૩ |
| | | જંબુસર | ૬૨ |
| | | વાગરા | ૪૧ |

(૨) ૧,૫૨,૧૨૩ હેકટર.

છે, અને

(૩) બાકી રહેતી જમીનને કેટલા સમયમાં પિયતનું પાણી આપવાનું આયોજન છે ?

(૩) તાંત્રીક રીતે શકય હોય તેવા બાકી રહેલ વિસ્તારને શકય તેટલું વહેલું.

**મહેસાણા જિલ્લામાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના મોડલ નગરપાલિકા ઘટક કાર્યક્રમના વિકાસના કામો**

૨૭૦૪૧ **શ્રી ઋષિકેશભાઇ ગ. પટેલ(વિસનગર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લાની નગરપાલિકાને સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજના મોડલ નગરપાલિકા ઘટક કાર્યક્રમ હેઠળ વિકાસના કામો માટે તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ ` ૧૪.૫૬ કરોડની ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે |
| (૨) તે પરત્વે કયા કયા હેતુના કામો મંજૂર કરવામાં આવેલ છે ? | (૨) તે પરત્વે મુખ્ય રસ્તા, હરિયાળા શહેરોનું નિર્માણ, ટ્રાફિક સર્કલ, જળસંચય, સ્લમ વિસ્તારના વિકાસના, ગરીબ સમૃધ્ધિ યોજનાના કામો, નિર્મળ ગુજરાત, અન્ય કામો તથા આંગણવાડી કેન્દ્રો બનાવવાના કામો મંજૂર કરવામાં આવેલ છે. |

**રાજયમાં મંજુર કરેલ બી.આર.ટી.એસ. પ્રોજેકટ**

૨૭૦૫૦ **શ્રી નાનુભાઇ ભ. વાનાણી( સુરત શહેર ઉત્તર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૦–૧૧, અને ૨૦૧૧–૧૨ દરમ્યાન તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ રાજ્યમાં બી.આર.ટી.એસ. યોજના હેઠળના કેટલા પ્રોજેકટ મંજુર કરવામાં આવ્યા, અને | (૧) એક પણ નહીં. |
| (૨) આ પૈકી અમદાવાદ મહાનગરપાલિકામાં કેટલી રકમના કેટલા પ્રોજેકટ મંજુર થયા છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ આ પ્રોજેક્ટોની પ્રગતિ ક્યા તબક્કે છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**ભાવનગર જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસ માટેની કામગીરી**

૨૭૧૦૮ **શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં સને ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ ના વર્ષમાં તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ પ્રવાસન સ્થળોના વિકાસ માટે કઇ કઇ કામગીરી હાથ ધરવામાં આવી, અને | (૧) ભાવનગર જિલ્લામાં સને ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ ના વર્ષમાં તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવી.<br>(અ) જિલ્લા કલેકટરશ્રી ભાવનગર દ્વારા વર્ષ ૨૦૧૦–૧૧<br>(૧) ગોપનાથ : આંતરમાળખાકીય સુવિધાઓ જેવી કે એપ્રોચરોડનું કામ, રહેવા માટેની સુવિધા, દરિયાકાંઠે બેસવા માટેની સુવિધા, લોકોને જરૂરી વસ્તુઓ મળી રહે તે માટે પ્રોવીઝન સ્ટોરની કામગીરી આયોજન હેઠળ છે.<br>૨૦૧૧–૧૨ના વર્ષમાં પ્રવાસનના વિકાસ માટે કોઇ કામગીરી હાથ ધરવામાં આવેલ નથી.<br>(બ) ગુજરાત પ્રવાસન નિગમ લિ. દ્વારા |

(૧) ભવાની બીચ : ભવાની બીચ ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાના વિકાસ માટે આર્કીટેકની પસંદગી કરવામાં આવેલ છે. ભવાની બીચ ખાતે દરિયાકાંઠા સુધી જવાનો રસ્તો, માહિતી કેન્દ્ર, જેટી, પ્રદર્શન માટે જગ્યા, ફૂડ કોર્ટ, કાર પાર્કીંગ, સીનીયર સીટીઝન એરીયા, રેતશીલ્પ એરીયા, પબ્લીક પ્લાઝા, ટેન્ટ ફેસીલીટી, સાયકલ ટ્રેક, વોકવે, પીવાના પાણીની વ્યવસ્થા, વીજળીકરણ, ડ્રેનેજ વ્યવસ્થા, રેસ્ટોરન્ટ/કાફેટેરીયા, વ્યુપોઇન્ટ અને સાઇનેજીસ જેવી કામગીરી કરાવવામાં આવનાર છે.

(૨) ઉકત સ્થિતિએ વર્ષવાર કુલ કેટલા વિકાસના કામો હાથ ધરવામાં આવ્યા ?

(૨) (અ) જિલ્લા કલેકટરશ્રી ભાવનગર દ્વારા વર્ષ ૨૦૧૦-૧૧માં ગોપનાથ ખાતેની કામગીરી કાર્યપાલક ઇજનેરશ્રી માર્ગ અને મકાન મારફતે હાથ ધરવામાં આવી રહેલ છે. ખાનગી કન્સલટન્સી દ્વારા નકશા અને અંદાજો બનાવવાની કામગીરી પ્રગતિમાં છે. (બ) ગુજરાત પ્રવાસન નિગમ લિ. દ્વારા ભવાની બીચ ખાતેની કામગીરી માટે સૈધાંતિક મંજુરી મળેલ છે. આ કામગીરી આયોજન હેઠળ છે.

## રાજકોટ જિલ્લામાં બનાવેલ ચેકડેમો

૨૭૦૧૨ **શ્રી પ્રવિણભાઇ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં સન ૨૦૧૧માં કેટલા ચેકડેમ બાંધવામાં આવેલ છે, અને | (૧) ૭૧ ચેકડેમો બાંધવામાં આવેલ છે. |
| (૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) ` ૭.૩૪ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે. |

## મહેસાણા જીલ્લામાં સુજલામ સુફલામ કેનાલના પાઇપલાઇનના કામોમાં ગેરરીતિ

૨૬૫૧૬ **શ્રી શૈલેષકુમાર મ. પરમાર(શહેરકોટડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મહેસાણા જીલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં સુજલામ સુફલામ કેનાલના કામોમાં પાઇપ લાઇનના કામોમાં ગેરરીતી અંગે સરકારને કોઇ ફરિયાદ મળી છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ ફરિયાદ કયારે મળી અને તે ફરિયાદ અંગે શું કાર્યવાહી કરવામાં આવેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## ૪૩૭/page> દાહોદ તાલુકામાં શાકળીયાદરા ગામ પાસે ચેકડેમની કાર્યવાહી

૨૬૦૧૯ **શ્રી વજેસિંહભાઇ પા. પણદા( દાહોદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) દાહોદ તાલુકાના વહેતી અનાસ નદી પર આવેલ ગામોના ખેડૂતોને સિંચાઇનો લાભ મળે તે માટે ઝરીખુર્દ ગામ પાસે આવેલ શાકળીયાદરા ઉપર ચેકડેમ બનાવવા માટે એકાદ વર્ષ પહેલા સર્વે કરી પ્લાન એસ્ટીમેટ બનાવી સરકારમાં રજૂ કરેલ છે, તે વાત સાચી છે, અને | (૧) સૈધ્ધાંતિક મંજુરી માટે દરખાસ્ત મળેલ છે. |
| (૨) આ ચેકડેમની કાર્યવાહી હાલ કયા તબકકે છે ? | (૨) સર્વેક્ષણ તબકકે છે. |

તા.૧૨મી માર્ચ, ૨૦૧૨

અતારાંકિત પ્રશ્નો

**અમદાવાદ જીલ્લામાં સુજલામ સુફલામ કેનાલના પાઇપલાઇનના કામોમાં ગેરરીતી**

૨૬૫૨૧ **શ્રી મણીભાઇ દે. પટેલ( કપડવંજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જીલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં સુજલામ સુફલામ કેનાલના કામોમાં પાઇપ લાઇનના કામોમાં ગેરરીતી અંગે સરકારને કોઇ ફરિયાદ મળી છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ ફરિયાદ કયારે મળી અને તે ફરિયાદ અંગે શું કાર્યવાહી કરવામાં આવેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**બાવળા નગરપાલિકામાં ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી**

૨૭૧૦૨ **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ બાવળા નગરપાલિકામાં ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી કયા તબકકે છે, | (૧) આ યોજનાનું કામ પ્રગતિમાં છે. |
| (૨) આ કામગીરી પાછળ ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ થયો, અને | (૨) ` ૨.૦૭ કરોડ. |
| (૩) આ કામગીરી કયારે પૂર્ણ થશે ? | (૩) જુન ૨૦૧૪માં. |

**અમદાવાદ જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોને ઈન્ડીયન પબ્લીક હેલ્થ સ્ટાન્ડર્ડ કક્ષા હેઠળ આવરી લેવા બાબત**

૨૭૧૫૩ **શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં સન ૨૦૧૦ તથા ૨૦૧૧ માં કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રોને ઈન્ડીયન પબ્લીક હેલ્થ સ્ટાન્ડર્ડ કક્ષા હેઠળ આવરી લેવામાં આવ્યા, | (૧) અમદાવાદ જિલ્લામાં ૨૦૧૦ અને ૨૦૧૧ માં કુલ ૪ સામુહિક આરોગ્ય કેન્દ્રોને આઈ.પી.એચ.એસ. કક્ષા પ્રમાણે બાંધકામ હેઠળ આવરી લેવામાં આવેલ છે.<br>અમદાવાદ જિલ્લામાં સને ૨૦૧૦ તથા ૨૦૧૧ માં ૭ સામુહિક આરોગ્ય કેન્દ્રોને ઈન્ડીયન પબ્લીક હેલ્થ સ્ટાન્ડર્ડ હેઠળ ઈકવીપમેન્ટ પુરા પાડવા માટે પસંદ કરવામાં આવેલ છે. |
| (૨) કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રો બાકી છે, અને | (૨) બાંધકામ હેઠળ એકપણ સામુહિક આરોગ્ય કેન્દ્ર બાકી નથી જ્યારે ૫ સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં ઈક્વિપમેન્ટ પુરા પાડવાનાં રહે છે. |
| (૩) બાકી રહેલ સામુહિક આરોગ્ય કેન્દ્રોને આ સ્ટાન્ડર્ડ હેઠળ લાવવા માટે સરકારે શાં પગલા લેવા ધારે છે? | (૩) બાકી રહેલ ૫ સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં ઈક્વિપમેન્ટ પુરા પાડવા માટે આગામી વર્ષોમાં વિચારણામાં લેવામાં આવશે. |

**મહેસાણા જિલ્લામાં સુજલામ સુફલામ કેનાલના પાઈપ લાઈનના કામોમાં ગેરરીતી**

૨૬૫૦૭ **શ્રી હરીલાલ મો. પટેલ(ધ્રાંગધ્રા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જીલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સુજલામ સુફલામ કેનાલના કામોમાં પાઈપ લાઈનના કામોમાં ગેરરીતી અંગે સરકારને કોઈ ફરિયાદ મળી છે કે કેમ, અને | (૧) ના જી. |
| (૨) જો, હા, તો આ ફરિયાદ ક્યારે મળી અને તે ફરિયાદ અંગે શું કાર્યવાહી કરવામાં આવેલ છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**અમદાવાદ જિલ્લામાં સુજલામ સુફલામ કેનાલના પાઈપલાઈનના કામોમાં ગેરરીતી**

૨૬૫૧૯ **શ્રી રામસિંહ પ્ર. પરમાર( ઠાસરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સુજલામ સુફલામ કેનાલના કામોમાં પાઈપ લાઈનના કામોમાં ગેરરીતી અંગે સરકારને કોઈ ફરિયાદ મળી છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ ફરિયાદ ક્યારે મળી અને તે ફરિયાદ અંગે શી કાર્યવાહી કરવામાં આવેલ છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**કચ્છ જિલ્લામાં નારાયણ સરોવર યાત્રાધામને નર્મદા યોજનાનું પાણી આપવા બાબત**

૨૬૯૮૬ **શ્રી ધનજીભાઈ ગો. સેંધાણી (માંડવી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ નારાયણ સરોવર યાત્રાધામને નર્મદા યોજનાનું પાણી પીવા માટે સરકાર આપવા માંગે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે ક્યાં સુધીમાં આપવામાં આવશે? | (૨) નારાયણ સરોવર યાત્રાધામને માહે–મે ૨૦૧૦ થી નર્મદાનું પાણી આપવા માટે જોડાણ આપેલ છે. ગ્રામ પંચાયત તેની જરૂરિયાત પ્રમાણે પાણી મેળવે છે. |

**મહેસાણા જિલ્લામાં સુજલામ સુફલામ કેનાલના પાઈપ લાઈનના કામોમાં ગેરરીતી**

૨૬૫૧૦ **શ્રી પરેશભાઈ ગો. વસાવા( નીઝર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જીલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સુજલામ સુફલામ કેનાલના કામોમાં પાઈપ લાઈનના કામોમાં ગેરરીતી અંગે સરકારને કોઈ ફરિયાદ મળી છે કે કેમ, અને | (૧) ના જી. |
| (૨) જો, હા, તો આ ફરિયાદ ક્યારે મળી અને તે ફરિયાદ અંગે શું કાર્યવાહી કરવામાં આવેલ છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**ભાવનગર શહેરની શેત્રુંજી જળાશય આધારીત પાણી પુરવઠા યોજનાની મંજૂરી**

૨૬૯૭૮ **શ્રીમતિ વિભાવરીબેન વિ. દવે(ભાવનગર શહેર ઉત્તર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શેત્રુંજી જળાશય આધારિત ભાવનગર શહેરની કોઈ પાણી પુરવઠા યોજના મંજૂર થયેલ છે કે કેમ, | (૧) હા, જી. અંદાજીત ` ૫૪.૬૦ કરોડની શેત્રુંજી જળાશય આધારિત ટાણા બીપીટીથી ભાવનગર શહેર સુધી પાઈપ લાઈન નાંખવાની યોજના મંજૂર થયેલ છે. |
| (૨) જો હા, તો આ યોજનાની કામગીરી ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૨) આ યોજનાના ટેન્ડરની ટેકનીકલ બીડ ખોલવામાં આવેલ છે. જે ચકાસણી હેઠળ છે. |
| (૩) તે ક્યારે પૂર્ણ કરવામાં આવશે? | (૩) માહે ૩/૨૦૧૩ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

**દહેગામ તાલુકાના ગામોને પીવા માટે નર્મદાનું પાણી પુરૂ પાડવાની યોજના**

૨૬૯૯૨ **શ્રી કલ્યાણસિંહ દે. ચૌહાણ(દહેગામ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના ગામોને પીવા માટે નર્મદાનું પાણી પૂરૂ પાડવા માટે તા. ૩૧–૧૨– | (૧) હા, જી. સુજલામ્ સુફલામ્ પાણી પુરવઠા યોજના (જી–૨) |

૨૦૧૧ની સ્થિતિએ સરકારે કોઈ યોજના બનાવેલ છે કે કેમ,

(૨) જો હા તો તે યોજના ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૩) તેની પાછળ કેટલો ખર્ચ થવાની સંભાવના છે?

(૨) યોજનાનાં કામો પૂર્ણ થયેલ છે.

(૩) ` ૬૬.૧૬ કરોડનો ખર્ચ થયેલ છે.

**વડોદરા જિલ્લામાં કાર્યરત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો**

૨૭૧૩૭ **શ્રી અભેસિંહ મો. તડવી( સંખેડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે, અને

(૨) તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ ૮૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે.

(૨) તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં સંખેડા તાલુકામાં ગુડીચા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવેલ છે.

**ખંભાળીયામાં મંજૂર કરેલ ૧૫૦ બેડની સરકારી હોસ્પિટલ**

૨૭૧૩૮ **શ્રી મેઘજીભાઇ ડા. કણઝારીયા(ખંભાલીઆ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાના ખંભાળીયામાં ૧૫૦ બેડની સરકારી હોસ્પિટલ મંજૂર કરવામાં આવી છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ હોસ્પિટલ માટે કુલ કેટલી રકમ મંજૂર કરેલ છે, અને

(૩) તેની કામગીરી તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ કયા તબક્કે છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ચાલુ નાણાકીય વર્ષમાં ` ૩૮૬.૯૨ લાખની રકમ મંજૂર કરેલ છે.

(૩) આ સ્થળે બાંધકામ હાથ ધરવા નકશા અને અંદાજો તૈયાર કરવા કન્સલ્ટન્ટની નિમણૂંક કરવામાં આવી છે. નકશા–અંદાજો આખરી બાદ ટેન્ડર મંગાવી બાંધકામ હાથ ધરવામાં આવશે. સાધન–સામગ્રીની ખરીદી પૂર્ણ થયેલ છે. જ્યારે આ સરકારી હોસ્પિટલમાં સેટઅપ અનુસારની મંજૂર થયેલ જગ્યાએ ા લાયકાત ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

**બનાસકાંઠા જિલ્લામાં દાંતીવાડા અને સીપુ ડેમમાં નર્મદાનું પાણી નાંખવાની કામગીરી**

૨૭૦૩૦ **શ્રી મફતલાલ મો. પુરોહિત(ધાનેરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા અને સીપુ ડેમમાં નર્મદાનું પાણી નાંખવા માટેની કામગીરી હાલમાં કયા તબક્કે છે, અને

(૨) આ કામગીરી સાથે ધાનેરા તાલુકાના બાપલા પાસે આવેલ રેલ નદીમાં પાણી નાંખવા માટેનું શું આયોજન થયેલ છે અને તેના પાછળ કેટલી રકમનો ખર્ચ થશે?

**જવાબ**

(૧) પ્રગતિ હેઠળ છે.

(૨) રેલ નદીમાં પાણી નાખવા માટેના અન્ય વિકલ્પો ચકાસણી હેઠળ છે.

**કોડીનાર નગરપાલિકાને યોજના અંતર્ગત ફાળવેલ ગ્રાન્ટ**

૨૭૩૦૧ **શ્રી ધીરસિંહ ક. બારડ(કોડીનાર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કોડીનાર નગરપાલિકાને કઈ કઈ યોજના અંતર્ગત કેટલી કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે,

**જવાબ**

(૧) તા.૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કોડીનાર નગરપાલિકાને નીચે મુજબની વિવિધ યોજનાઓ અંતર્ગત ફાળવેલ ગ્રાન્ટની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | યોજનાનું નામ | તા.૩૧–૧–૨૦૧૨ની |
|---|---|---|

| | | | સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ફાળવેલ ગ્રાંટ ` કરોડમાં |
|---|---|---|---|
| ૧ | મનોરંજનકર | | ૩૦.૦૯ |
| | વ્યવસાયવેરો | | ૨૭.૧૮ |
| | પે એન્ડ યુઝ ટોયલેટ | | ૪.૦૦ |
| | સફાઈ વેરા પ્રોત્સાહક યોજના | | ૧૨.૭૨ |
| | વાજપાઈ નગર વિકાસ યોજના | | ૨૫.૦૦ |
| | SJSRYયોજના | | ૬.૦૦ |
| | ૧૩મું નાણાપંચ | | ૮૯.૫૦ |
| | જમીન મહેસૂલ ગ્રાંટ􀀀વોટર સેસ | | ૩.૪૫ |
| | શિક્ષણ ઉપકાર ગ્રાંટ | | ૧.૨૪ |
| | સ્વર્ણિમજયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાs | પાણી પુરવઠા યોજના | ૮૨૩.૭૧ |
| | | મોડલ નગર પાલિકા | ૧૩૪.૫૬ |
| | | આંગણવાડી | ૩૨.૦૦ |
| | | રસ્તા મજબુતીકરણ | ૫૦.૦૦ |
| | ગુડ ગવર્નન્સ પુરસ્કાર યોજના | | ૦.૦૪ |
| | માર્ગ સુધારણા યોજના | | ૦.૦૪ |
| | ગંદા વિસ્તાર સુ.યોજના | | ૨૫.૦૦ |
| | નવરાત્રી સ્વચ્છ ગરબા | | ૦.૨૫ |
| | MPગ્રાંટ | | ૪૪.૫૯ |
| | ૧૫% વિવેકાધિન | | ૪.૦૦ |

(૨) ઉકત સ્થિતિએ મળેલ ગ્રાન્ટમાંથી કેવા પ્રકારના કામો કરવામાં આવેલ છે, અને કેટલો ખર્ચ કરવામાં આવેલ છે,

(૨) ઉકત સ્થિતિએ મળેલ ગ્રાંટમાંથી રસ્તા, પીવાનું પાણી, વિજળી, સ્નાનઘર, એમ્યુલન્સ, ગોડાઉન, સીટીબસ, કંમ્પાઉન્ડ વોલ, પ્રોટેકશન વોલના કામ કરવામાં આવેલ છે અને તે પાછળના ` ૩૦.૦૧ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે.

(૩) ઉકત સ્થિતિએ ક્યા ક્યા કામો પૂર્ણ થયેલ અને ક્યા ક્યા કામો બાકી છે, અને

(૩) ઉકત સ્થિતિએ નીચે મુજબના કુલ ૨૮ કામો પૂર્ણ થયેલ છે.

| ક્રમ | કામનો પ્રકાર | કામની સંખ્યા |
|---|---|---|
| ૧ | રસ્તા | ૨૧ |
| ૨ | પાણી પુરવઠા | ૧ |
| ૩ | સ્ટ્રીટ લાઈટ | ૧ |
| ૪ | સ્નાનઘર, એમ્યુલન્સ, ગોડાઉન, સીટીબસ | ૫ |
| | **કુલ** | **૨૮** |

(૪) કામો બાકી રહેવાના કારણો શાં છે ?

(૪) ઉપરોકત કામો ટેન્ડરીંગની પ્રક્રિયા ચાલુ હોવાથી, વહીવટી મંજૂરી બાકી હોવાથી, ડી.ટી.પી. ની મંજૂરીમાં, કામોનું આયોજન કરવાનું બાકી હોવાથી, એજન્સી કામ કરવા સહમત ન થવાના કારણે, સ્થળની પસંદગી બાકી હોવાથી, તથા દબાણના પ્રશ્નો હોવાના કારણે બાકી છે.

## અમદાવાદ જિલ્લામાં સુજલામ સુફલામ કેનાલના પાઈપલાઈનના કામોમાં ગેરરીતિ

૨૬૫૨૫ **શ્રી અશ્વિનકુમાર કોટવાલ( ખેડબ્રહ્મા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં સુજલામ સુફલામ કેનાલના કામોમાં પાઈપલાઈનના કામોમાં ગેરરીતિ અંગે સરકારને કોઈ ફરિયાદ મળી છે કે કેમ, અને

(૧) ના, જી.

(૨) જો હા, તો આ ફરિયાદ ક્યારે મળી અને તે ફરિયાદ અંગે શી કાર્યવાહી કરવામાં આવેલ છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

તા.૧૨મી માર્ચ, ૨૦૧૨
અતારાંકિત પ્રશ્નો

**રાજકોટ જિલ્લામાં નર્મદાનું પાણી ઘર વપરાશ માટે આપવાનું આયોજન**

૨૬૯૭૫ **શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ(રાજકોટ-૧) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ નર્મદાનું પાણી ઘર વપરાશ માટે આપવાનું આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો જિલ્લાનાં કેટલા ગામો અને શહેરોનો આયોજનમાં સમાવેશ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) હા, જી.

તા.૩૧–૧૨–૨૦૧૧ પહેલા રાજકોટ જિલ્લાના ૨૫૯ ગામો અને ૨ શહેરોને નર્મદાનું પાણી ઘર વપરાશ માટે આપવામાં આવેલ છે. જિલ્લાના તમામ ૮૪૪ ગામો અને ૧૦ શહેરોનું નર્મદા યોજનામાં સમાવેશ કરવાનું આયોજન થયેલ છે.

**મહેસાણા જિલ્લામાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના મોડલ નગરપાલિકા ઘટક કાર્યક્રમના વિકાસના કામો**

૨૭૦૪૦ **શ્રી કાંતિભાઇ રા. પટેલ(વિજાપુર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લાની નગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના મોડલ નગરપાલિકા ઘટક કાર્યક્રમ હેઠળ વિકાસના કામો માટે તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે, અને

(૨) તે પરત્વે ક્યા ક્યા હેતુના કામો મંજૂર કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ` ૧૪.૫૬ કરોડની ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે.

(૨) તે પરત્વે નીચે જણાવેલ હેતુના કામો મંજૂર કરવામાં આવેલ છે.

૧) મુખ્ય રસ્તા, ૨) હરિયાળા શહેરોનું નિર્માણ, ૩) ટ્રાફિક સર્કલ, ૪) જળ સંચય, ૫) સ્લમ વિસ્તારના વિકાસ કામો, ૬) ગરીબ સમૃધ્ધિ યોજનાના કામો, ૭) નિર્મળ ગુજરાત, ૮) અન્ય કામો તથા ૯) આંગણવાડી કેન્દ્રો બનાવવાના કામો મંજૂર કરવામાં આવેલ છે.

**મહેસાણા જિલ્લામાં સુજલામ સુફલામ કેનાલના પાઈપલાઈનના કામોમાં ગેરરીતિ**

૨૬૫૦૬ **શ્રી હીરાભાઇ હ. પટેલ( લુણાવાડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં સુજલામ સુફલામ કેનાલના કામોમાં પાઈપલાઈનના કામોમાં ગેરરીતિ અંગે સરકારને કોઈ ફરિયાદ મળી છે કે કેમ, અને

(૨) જો હા, તો આ ફરિયાદ ક્યારે મળી અને તે ફરિયાદ અંગે શું કાર્યવાહી કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**જૂનાગઢ જિલ્લામાં હિરણ–૨ સિંચાઈ યોજનામાં પાકી નહેરો બનાવવાનું આયોજન**

૨૭૦૧૬ **શ્રીમતિ વંદનાબેન મ. મકવાણા(કેશોદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં હિરણ–૨ સિંચાઈ યોજનામાં પાકી નહેરો કરવાનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો આ કામ ક્યારે હાથ ધરવામાં આવશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ટેન્ડર તબક્કે છે. અને નહેરોમાં સિંચાઈની કામગીરી પૂર્ણ થયે અને કામ કરવા માટે પુરતો સમય મળ્યે, લાઈનીંગ કામ હાથ ધરવામાં આવશે.

## અમદાવાદ જિલ્લામાં નર્મદા યોજનામાંથી દૈનિક જરૂરિયાત પીવાનું પાણી આપવા બાબત

૨૬૯૮૨ **ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરની નર્મદા યોજનામાંથી પીવાના પાણીની દૈનિક જરૂરિયાત સામે કેટલું પાણી આપવામાં આવે છે, અને | (૧) અમદાવાદ શહેરને કુલ ૯૧ કરોડ લીટર (૯૧૦ એમએલડી) પાણીનો જથ્થો નર્મદા યોજનામાંથી પૂરો પાડવામાં આવે છે. |
| (૨) શહેરની વસ્તીને ધ્યાને લઈને સરકાર વધારે પાણી ફાળવવા માંગે છે કે કેમ ? | (૨) વધારાના પાણી માટે માંગણી આવેથી વિચારણા કરવામાં આવશે. |

## પોરબંદર શહેરને જવાહરલાલ નેહરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન યોજનાના કામો

૨૬૩૩૧ **શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા(પોરબંદર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોરબંદર શહેરને જવાહરલાલ નેહરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન યોજના હેઠળ કેન્દ્ર સરકારે ક્યા ક્યા કામો માટે ક્યારે મંજૂરી આપી અને કેટલી રકમની ફાળવણી કરી, | (૧) (૧) આ યોજના હેઠળ કેન્દ્ર સરકારે ૨૪૪૮ આવાસો બનાવવાની યોજના માટે તા.૧૮–૮–૧૧ થી મંજૂરી આપી. અને પ્રથમ હપ્તાની ` ૧૫.૬૨ કરોડ રકમની ફાળવણી કરેલ છે.<br>(૨) આ યોજના હેઠળ કેન્દ્ર સરકારે પાણી પુરવઠાની યોજના માટે તા.૧૮–૨–૧૧ થી મંજૂરી આપી. અને કેન્દ્ર સરકાર દ્વારા પ્રથમ હપ્તાની ` ૬૪૯.૭૬ લાખની રકમની ફાળવણી કરેલ છે. |
| (૨) તે પૈકી ક્યા ક્યા કામો ઉકત સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૨) (૧) આવાસોની યોજનાની ટેન્ડર પ્રક્રિયા હાથ ઉપર છે.<br>(૨) પાણી પુરવઠાની યોજનાની ટેન્ડર પ્રક્રિયા હાથ ઉપર છે. |
| (૩) ક્યાં સુધીમાં આ કામો પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૩) ટેન્ડર મંજૂર થયેલી બે વર્ષના સમયગાળામાં આ કામો પૂર્ણ કરવાનું આયોજન છે. |

## અમરેલી જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ બાળકોની સારવાર

૨૭૦૯૦ **શ્રી મનસુખભાઇ પાં. ભુવા(ધારી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ અમરેલી જિલ્લામાં તાલુકાવાર સન ૨૦૧૦ અને ૨૦૧૧ માં કેટલા બાળકોને કયા કયા રોગો માટે સારવાર આપવામાં આવી છે, અને | (૧) શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ અમરેલી જિલ્લામાં તાલુકાવાર સન ૨૦૧૦ તથા ૨૦૧૧માં કુલ–૫૪૦૫૭ બાળકોને જુદા જુદા રોગો માટે સારવાર આપવામાં આવેલ છે જેની વિગત દર્શાવતું **પત્રક–અ** સામેલ છે. |
| (૨) તે પૈકી કેટલા બાળકોને રેફરેલ અને તજજ્ઞ સારવાર આપવામાં આવી ? | (૨) તે પૈકી કુલ–૧૨૦૪૪ બાળકોને રેફરેલ અને તજજ્ઞ સારવાર આપવામાં આવેલ છે જેની વિગત દર્શાવતું **પત્રક–બ** સામેલ છે. |

**પત્રક–અ**

| વર્ષ | તાલુકાનું નામ | પાંડુરોગ | આંત્રકૃમિ | દાંતની તકલીફ | આંખની તકલીફ | કાન–નાક ગળાની તકલીફ | પેટની તકલીફ | ચામડીના રોગ | શરીરની સ્થૂળતા | તમાકુનું સેવન | માનસીક તણાવ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૧૦ | અમરેલી | ૭૦૨ | ૧૬૯૩ | ૭૯૨ | ૯૩૩ | ૨૩૩ | ૨૨૦ | ૧૬૧ | ૩ | ૫ | ૦ |
| | બાબરા | ૫૦૮ | ૪૬૦ | ૬૬ | ૨૮૬ | ૧૪૫ | ૧૭૮ | ૧૩ | ૦ | ૦ | ૮ |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | લાઠી | ૬ | ૭૨ | ૧૨૭ | ૫૬૭ | ૬૫ | ૨૭ | ૩૯ | ૨૨ | ૨૮ | ૯ |
| | ખાંભા | ૧૨૭ | ૧૨૧ | ૯૫ | ૧૪૭ | ૯૦ | ૫૪ | ૧૨ | ૦ | ૨૧ | ૦ |
| | ધારી | ૩૩૦ | ૩૬૦ | ૬૬ | ૧૭૧ | ૩ | ૯ | ૦ | ૪૬ | ૩૫ | ૧૪ |
| | લીલીયા | ૧૬૨ | ૧૬૮ | ૧૧૨ | ૨૯ | ૨૮ | ૩૭ | ૧૪ | ૩ | ૧૮ | ૦ |
| | કુકાવાવ | ૨૭૬ | ૨૪૪ | ૪૧ | ૩૨ | ૪૮ | ૩૮ | ૬૭ | ૧ | ૧૦ | ૦ |
| | બગસરા | ૧૩૨ | ૧૨૭ | ૧૬૪ | ૧૬૪ | ૧૨૭ | ૧૭૭ | ૭૨ | ૦ | ૩ | ૧ |
| | રાજુલા | ૯૫૧ | ૮૯૨ | ૧૫૫ | ૨૫૮ | ૪૧૫ | ૬૫૧ | ૧૬૨ | ૧૨૭ | ૧૩૭ | ૧ |
| | જાફરાબાદ | ૫૮૫ | ૪૫૪ | ૪૩૧ | ૧૮૫ | ૨૦૯ | ૨૦૫ | ૨૮ | ૦ | ૦ | ૦ |
| | સાવરકુંડલા | ૧૨૫૧ | ૧૦૪૪ | ૨૫૮ | ૬૬૭ | ૧૪૯ | ૧૯૭ | ૭૪ | ૭ | ૪૬ | ૨ |
| | કુલ | ૫૦૩૦ | ૫૬૩૫ | ૨૩૦૭ | ૩૪૩૯ | ૧૫૧૨ | ૧૭૯૩ | ૬૪૨ | ૨૦૯ | ૩૦૩ | ૩૫ |
| ૨૦૧૧ | અમરેલી | ૧૦૦૯ | ૯૩૫ | ૨૭૯ | ૮૬૧ | ૭૭ | ૩૧૩ | ૧૮૯ | ૧૨ | ૪૮ | ૮ |
| | બાબરા | ૫૪૧ | ૮૭૬ | ૧૯૧ | ૧૫૭ | ૨૭ | ૨૭ | ૮૦ | ૦ | ૦ | ૪ |
| | લાઠી | ૩૫૧ | ૪૧૯ | ૯૧ | ૧૪૮ | ૧૨૭ | ૧૭૪ | ૫૩ | ૭૦ | ૨૫ | ૫ |
| | ખાંભા | ૫૮૨ | ૫૫૭ | ૭૦ | ૮૦ | ૧૮ | ૧૯ | ૨૯ | ૦ | ૩૫ | ૦ |
| | ધારી | ૧૩૭૫ | ૧૬૨૦ | ૩૪૪ | ૪૫૬ | ૭૮ | ૧૭૪ | ૨૯૪ | ૭ | ૨૩૩ | ૩ |
| | લીલીયા | ૭૮ | ૯૯ | ૧૪ | ૧૧૨ | ૨૬ | ૨ | ૧૯ | ૦ | ૦ | ૦ |
| | કુકાવાવ | ૭૫ | ૮૫ | ૨૧ | ૩૪૪ | ૧૯ | ૫૧ | ૧૯ | ૧૮ | ૨૭ | ૫ |
| | બગસરા | ૨૮૫ | ૩૨૧ | ૩૮ | ૧૧૭ | ૧૯ | ૧૨૪ | ૩૧ | ૨૫ | ૧૦ | ૦ |
| | રાજુલા | ૧૧૯૧ | ૮૩૯ | ૧૩૯ | ૯૯ | ૧૦૪ | ૨૩૩ | ૨૫૭ | ૮ | ૮૮ | ૦ |
| | જાફરાબાદ | ૬૫૧ | ૪૨૧ | ૧૩૭ | ૮૩ | ૯૩ | ૪૧ | ૪૭ | ૦ | ૨૮ | ૬ |
| | સાવરકુંડલા | ૧૧૮૪ | ૧૨૩૫ | ૨૪૩ | ૩૯૩ | ૮૫ | ૧૨૬ | ૮૪ | ૫ | ૯ | ૦ |
| | કુલ | ૭૩૨૨ | ૭૪૦૭ | ૧૫૬૭ | ૨૮૫૦ | ૬૭૩ | ૧૨૮૪ | ૧૧૦૨ | ૧૪૫ | ૫૦૩ | ૩૧ |

| જાતીય રોગો | શ્વસન તંત્રના રોગ | ચેતા તંત્રના રોગ | અસ્થિ તંત્રના રોગ | વિકલાંગતા | અન્ય | હૃદય | કીડની | કેન્સર | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦ | ૩૨ | ૨ | ૨૦ | ૮ | ૧૯૩૮ | ૧૮ | ૧ | ૪ | ૬૭૬૫ |
| ૦ | ૪ | ૧ | ૦ | ૦ | ૦ | ૮ | ૩ | ૧ | ૧૬૮૧ |
| ૦ | ૪૫ | ૨ | ૧૧ | ૬ | ૧૭૪૦ | ૮ | ૨ | ૦ | ૨૭૭૬ |
| ૦ | ૯૦ | ૧ | ૨ | ૬ | ૨૯ | ૪ | ૦ | ૦ | ૭૯૯ |
| ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૦૩૩ | ૩ | ૧ | ૦ | ૨૦૭૧ |
| ૦ | ૮ | ૩ | ૪ | ૩ | ૩૬ | ૧૧ | ૨ | ૦ | ૬૩૮ |
| ૦ | ૫ | ૦ | ૭ | ૪૨ | ૧૧૨ | ૨ | ૦ | ૦ | ૯૨૫ |
| ૦ | ૩૪ | ૦ | ૦ | ૧૧ | ૨૫ | ૭ | ૧ | ૧ | ૧૦૪૬ |
| ૦ | ૨૧૪ | ૦ | ૦ | ૫ | ૪૬૧ | ૨ | ૦ | ૦ | ૪૪૩૧ |
| ૦ | ૬૭ | ૦ | ૧ | ૭ | ૩૭૪ | ૫ | ૧ | ૧ | ૨૫૫૩ |
| ૦ | ૧૮ | ૪ | ૭ | ૨૩ | ૬૬૨ | ૪ | ૦ | ૦ | ૪૪૧૩ |
| ૦ | ૫૧૭ | ૧૩ | ૫૨ | ૧૧૧ | ૬૪૧૦ | ૭૨ | ૧૧ | ૭ | ૨૮૦૯૮ |
| ૨ | ૧૩૧ | ૦ | ૧૧ | ૧૪ | ૬૧૮ | ૯ | ૪ | ૨ | ૪૫૨૨ |
| ૦ | ૨ | ૦ | ૦ | ૨૦ | ૨૦૨ | ૧૫ | ૧ | ૦ | ૨૧૪૩ |
| ૦ | ૨૫ | ૦ | ૫ | ૨૪ | ૧૬૫ | ૨ | ૦ | ૨ | ૧૬૮૬ |
| ૦ | ૨૪ | ૦ | ૦ | ૦ | ૪૬ | ૦ | ૦ | ૦ | ૧૪૬૦ |
| ૧ | ૭૩ | ૩ | ૨૩ | ૨૯ | ૧૫૫ | ૮ | ૨ | ૦ | ૪૮૭૮ |
| ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૯ | ૧૪ | ૦ | ૦ | ૩૭૪ |
| ૫ | ૪૬ | ૧ | ૩ | ૨૧ | ૫ | ૧ | ૧ | ૦ | ૭૪૭ |
| ૦ | ૪૩ | ૦ | ૦ | ૧૦ | ૨૦ | ૬ | ૧ | ૦ | ૧૦૫૦ |
| ૦ | ૧૫૪ | ૦ | ૭ | ૮ | ૭૯૪ | ૪ | ૧ | ૦ | ૩૯૨૬ |
| ૦ | ૨ | ૦ | ૦ | ૮૩ | ૧૭૭ | ૩ | ૦ | ૦ | ૧૭૭૨ |
| ૦ | ૬ | ૦ | ૦ | ૧૪ | ૩ | ૧૧ | ૩ | ૦ | ૩૪૦૧ |
| ૮ | ૫૦૭ | ૪ | ૪૯ | ૨૨૩ | ૨૧૯૪ | ૭૩ | ૧૩ | ૪ | ૨૫૯૫૯ |

## પત્રક–બ

| વર્ષ | તાલુકાનું નામ | સંદર્ભસેવા | રેફરલ સારવાર |
|---|---|---|---|

| | | આપેલ બાળકો | બાળરોગ નિષ્ણાંત દ્વારા | આંખરોગ નિષ્ણાંત દ્વારા | દાંતરોગ નિષ્ણાંત દ્વારા | ચામડીના રોગના નિષ્ણાંત દ્વારા | કાન, નાક, ગળાના નિષ્ણાંત દ્વારા |
|---|---|---|---|---|---|---|---|
| ૨૦૧૦ | અમરેલી | ૧૪૪૭ | ૧૩૭ | ૮૮૬ | ૧૬૬ | ૧૧૨ | ૮૦ |
| | બાબરા | ૩૮૫ | ૧૦૭ | ૨૩૨ | ૩૧ | ૪ | ૬ |
| | લાઠી | ૭૭૪ | ૮૦ | ૫૬૭ | ૭૦ | ૧૪ | ૨૭ |
| | ખાંભા | ૫૩૧ | ૫૨ | ૪૪૧ | ૩૧ | ૭ | ૦ |
| | ધારી | ૧૮૭ | ૧૩ | ૧૬૧ | ૦ | ૦ | ૧ |
| | લીલીયા | ૧૧૯૩ | ૧૨૨ | ૭૨૫ | ૧૬૩ | ૬ | ૧૫ |
| | કુકાવાવ | ૧૦૩ | ૧૨ | ૨૫ | ૩ | ૨ | ૨ |
| | બગસરા | ૩૮૨ | ૯૮ | ૨૨૬ | ૧૮ | ૨૧ | ૧૭ |
| | રાજુલા | ૧૪૮ | ૧૬ | ૧૩ | ૨ | ૨ | ૫ |
| | જાફરાબાદ | ૧૮૧ | ૫૫ | ૫૯ | ૨૦ | ૦ | ૯ |
| | સાવરકુંડલા | ૮૭૩ | ૬૬ | ૬૦૧ | ૪૯ | ૩૩ | ૩૩ |
| | **કુલ** | **૬૨૦૪** | **૭૫૮** | **૩૯૩૬** | **૫૫૩** | **૨૦૧** | **૧૯૫** |
| ૨૦૧૧ | અમરેલી | ૧૯૪૪ | ૪૧૪ | ૮૬૧ | ૨૭૯ | ૧૮૯ | ૭૭ |
| | બાબરા | ૬૩૦ | ૫૯ | ૨૫૩ | ૧૪૮ | ૯૦ | ૨૭ |
| | લાઠી | ૨૫૧ | ૩૩ | ૧૪૮ | ૪૨ | ૫ | ૬ |
| | ખાંભા | ૨૧૧ | ૨ | ૭૯ | ૫૩ | ૬૩ | ૪ |
| | ધારી | ૪૫૭ | ૪૭ | ૩૪૬ | ૪૦ | ૧૧ | ૮ |
| | લીલીયા | ૧૪૨ | ૬ | ૧૧૨ | ૧૨ | ૪ | ૩ |
| | કુકાવાવ | ૪૬૯ | ૩૬ | ૩૪૪ | ૨૧ | ૧૯ | ૧૯ |
| | બગસરા | ૩૩૯ | ૩૫ | ૧૭૪ | ૫૦ | ૩૧ | ૧૫ |
| | રાજુલા | ૨૦૨ | ૧૮ | ૫૩ | ૭૪ | ૧૫ | ૧૬ |
| | જાફરાબાદ | ૧૯૮ | ૨૧ | ૬૭ | ૮૩ | ૮ | ૬ |
| | સાવરકુંડલા | ૮૧૭ | ૫૬ | ૬૬૩ | ૬૪ | ૧૨ | ૬ |
| | **કુલ** | **૫૬૬૦** | **૭૨૭** | **૩૧૦૦** | **૮૬૬** | **૪૪૭** | **૧૮૭** |

| | | | તજજ્ઞ સારવાર | | |
|---|---|---|---|---|---|
| **અન્ય** | **કુલ** | **હૃદય** | **કીડની** | **કેન્સર** | **કુલ** |
| ૬૬ | ૧૪૪૭ | ૧૮ | ૧ | ૪ | ૨૩ |
| ૫ | ૩૮૫ | ૮ | ૩ | ૧ | ૧૨ |
| ૧૬ | ૭૭૪ | ૮ | ૨ | ૦ | ૧૦ |
| ૦ | ૫૩૧ | ૪ | ૦ | ૦ | ૪ |
| ૧૨ | ૧૮૭ | ૩ | ૧ | ૦ | ૪ |
| ૧૬૨ | ૧૧૯૩ | ૧૧ | ૨ | ૦ | ૧૩ |
| ૫૯ | ૧૦૩ | ૨ | ૦ | ૦ | ૨ |
| ૨ | ૩૮૨ | ૭ | ૧ | ૧ | ૯ |
| ૧૧૦ | ૧૪૮ | ૨ | ૦ | ૦ | ૨ |
| ૩૮ | ૧૮૧ | ૫ | ૧ | ૧ | ૭ |
| ૯૧ | ૮૭૩ | ૪ | ૦ | ૦ | ૪ |
| **૫૬૧** | **૬૨૦૪** | **૭૨** | **૧૧** | **૭** | **૯૦** |
| ૧૨૪ | ૧૯૪૪ | ૯ | ૪ | ૨ | ૧૫ |
| ૫૩ | ૬૩૦ | ૧૫ | ૧ | ૦ | ૧૬ |
| ૧૭ | ૨૫૧ | ૨ | ૦ | ૨ | ૪ |
| ૧૦ | ૨૧૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | ૪૫૭ | ૮ | ૨ | ૦ | ૧૦ |
| ૫ | ૧૪૨ | ૧૪ | ૦ | ૦ | ૧૪ |
| ૩૦ | ૪૬૯ | ૧ | ૧ | ૦ | ૨ |
| ૩૪ | ૩૩૯ | ૬ | ૧ | ૦ | ૭ |
| ૨૬ | ૨૦૨ | ૪ | ૧ | ૦ | ૫ |
| ૧૩ | ૧૯૮ | ૩ | ૦ | ૦ | ૩ |
| ૧૬ | ૮૧૭ | ૧૧ | ૩ | ૦ | ૧૪ |
| **૩૩૩** | **૫૬૬૦** | **૭૩** | **૧૩** | **૪** | **૯૦** |

તા.૧૨મી માર્ચ, ૨૦૧૨

અતારાંકિત પ્રશ્નો

**ગારીયાધાર તાલુકાને સિંચાઈનો લાભ**

૨૭૦૦૮ **શ્રી કેશુભાઇ હી. નાકરાણી(શિહોર) : માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાનો ગારીયાધાર તાલુકો ૧૦૦% બિન પીયત છે, તે સરકાર જાણે છે, અને

(૨) જો હા, તો ગારીયાધાર તાલુકાને સિંચાઈનો લાભ આપવા માટે સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) અને (૨)

ગારીયાધાર તાલુકાની ભૌગોલિક પરિસ્થિતિના કારણે, મોટી, મધ્યમ કે નાની સિંચાઈ યોજનાઓ થઈ શકે તેવી સક્ષમ સાઈટ નથી.

ગારીયાધાર તાલુકામાં સિંચાઈનો લાભ આપવા માટે ૧ નાની સિંચાઈ યોજના, ૭૨૮ ચેકડેમો, ૪૨ અનુશ્રવણ તળાવો બાંધવામાં આવેલ છે તેમજ પાંચ તળાવો ઉંડા ઉતારવામાં આવેલ છે. આ તમામ દ્વારા આશરે ૨૫૭ મી.ઘન ફુટ પાણીનો સંગ્રહ થઈ શકે છે, જેના દ્વારા ૬૯૫૮ હેકટર વિસ્તારને પ્રત્યક્ષ કે પરોક્ષ સિંચાઈનો લાભ મળે છે.

**કચ્છ જિલ્લામાં નારાયણ સરોવર યાત્રાધામને નર્મદા યોજનાનું પાણી આપવા બાબત**

૨૬૯૮૭ **ડૉ. નીમાબેન ભા. આચાર્ય (અંજાર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ નારાયણ સરોવર યાત્રાધામને નર્મદા યોજનાનું પાણી પીવા માટે સરકાર આપવા માંગે છે કે કેમ, અને

(૨) જો હા, તો તે ક્યાં સુધીમાં આપવામાં આવશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) નારાયણ સરોવર યાત્રાધામને માહે મે–૨૦૧૦થી નર્મદાનું પાણી આપવા માટે જોડાણ આપેલ છે. ગ્રામ પંચાયત તેની જરૂરિયાત પ્રમાણે પાણી મેળવે છે.

**ડાંગ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ બાળકોની સારવાર**

૨૭૦૯૩ **શ્રી વિજયભાઇ ર. પટેલ( ડાંગ-વાંસદા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ડાંગ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ તાલુકાવાર તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બાળકોને કયા કયા રોગો માટે સારવાર આપવામાં આવી છે, અને

(૨) તે પૈકી કેટલા બાળકોને રેફરલ અને તજજ્ઞ સારવાર આપવામાં આવી ?

**જવાબ**

(૧) ડાંગ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ તાલુકાવાર તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ–૨૧૪૩૩ બાળકોની જુદા જુદા રોગો માટે સારવાર આપવામાં આવી છે જેની વિગત દર્શાવતું **પત્રક–અ** સામેલ છે.

(૨) તે પૈકી કુલ–૧૬૭૭ બાળકોને રેફરલ અને તજજ્ઞ સારવાર આપવામાં આવી છે જેની વિગત દર્શાવતું **પત્રક–બ** સામેલ છે.

**પત્રક–અ**

| વર્ષ | તાલુકાનું નામ | પાંડુરોગ | આંત્રકૃમિ | દાંતની તકલીફ | આંખની તકલીફ | કાન–નાક ગળાની તકલીફ | પેટની તકલીફ | ચામડીના રોગ | શરીરની સ્થૂળતા | તમાકુનું સેવન | માનસીક તણાવ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૧૦ | આહવા | ૧૮૭૧ | ૨૦૯૮ | ૧૦૬૧ | ૫૬૯ | ૪૪૮ | ૨૮૦ | ૧૧૩૫ | ૫ | ૦ | ૧૪ |
| ૨૦૧૧ ૩૧/૧૨/૧૧ અંતિત | આહવા | ૨૧૮૫ | ૨૪૫૧ | ૧૦૬૩ | ૬૪૭ | ૫૦૧ | ૪૮૩ | ૧૧૫૯ | ૯ | ૦ | ૪ |
| બે વર્ષનું કુલ | | ૪૦૫૬ | ૪૫૪૯ | ૨૧૨૪ | ૧૨૧૬ | ૯૪૯ | ૭૬૩ | ૨૨૯૪ | ૧૪ | ૦ | ૧૮ |

| જાતીય રોગો | શ્વસન તંત્રના રોગ | ચેતા તંત્રના રોગ | અસ્થિ તંત્રના રોગ | વિકલાંગતા | હૃદય | કીડની | કેન્સર | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦ | ૫૦૧ | ૨ | ૩૪ | ૪૮ | ૪૬ | ૨ | ૦ | ૨૪૭૪ | ૧૦૫૮૮ |
| ૦ | ૧૩૫૯ | ૧૧ | ૧૬ | ૧૫૬ | ૩૯ | ૬ | ૨ | ૭૫૪ | ૧૦૮૪૫ |
| ૦ | ૧૮૬૦ | ૧૩ | ૫૦ | ૨૦૪ | ૮૫ | ૮ | ૨ | ૩૨૨૮ | ૨૧૪૩૩ |

**પત્રક–બ**

| વર્ષ | તાલુકાનું નામ | સંદર્ભસેવા આપેલ બાળકો | રેફરલ સારવાર | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | બાળરોગ નિષ્ણાંત દ્વારા | આંખરોગ નિષ્ણાંત દ્વારા | દાંતરોગ નિષ્ણાંત દ્વારા | ચામડીના રોગના નિષ્ણાંત દ્વારા | કાન, નાક, ગળાના નિષ્ણાંત દ્વારા |
| ૨૦૧૦ | આહવા | ૭૯૪ | ૧૪૧ | ૨૩૦ | ૮૨ | ૨૦૧ | ૭૫ |
| ૨૦૧૧ ૩૧/૧૨/૧૧ અંતિત | આહવા | ૭૮૮ | ૧૯૩ | ૨૫૩ | ૯૬ | ૭૦ | ૧૩૬ |
| બે વર્ષનું કુલ | | ૧૫૮૨ | ૩૩૪ | ૪૮૩ | ૧૭૮ | ૨૭૧ | ૨૧૧ |

| | | | તજજ્ઞ સારવાર | | |
|---|---|---|---|---|---|
| અન્ય | કુલ | હૃદય | કીડની | કેન્સર | કુલ |
| ૬૫ | ૭૯૪ | ૪૬ | ૨ | ૦ | ૪૮ |
| ૪૦ | ૭૮૮ | ૩૯ | ૬ | ૨ | ૪૭ |
| ૧૦૫ | ૧૫૮૨ | ૮૫ | ૮ | ૨ | ૯૫ |

## મહેસાણા જિલ્લામાં લોક વ્યવસ્થાપિત પાણી સમિતિ કાર્યક્રમ હેઠળ મંજૂર કરેલ પાણી પુરવઠા યોજનાઓ

૨૭૦૧૫ **શ્રીમતિ જશોદાબેન ચ. પરમાર(જોટાણા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં લોક વ્યવસ્થાપિત પાણી સમિતિ કાર્યક્રમ હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૪૨ યોજનાઓ મંજૂર કરવામાં આવી. |
| (૨) તે અન્વયે પાણી સમિતિઓને કુલ કેટલું ફંડ ફાળવવામાં આવેલ છે ? | (૨) ` ૮૮.૮૫ લાખ. |

## મહેસાણા જિલ્લામાં સુજલામ સુફલામ કેનાલના પાઈપ લાઈનના કામોમાં ગેરરીતી

૨૬૫૧૫ **શ્રી કાનજીભાઇ રા. તળપદા(ધોળકા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જીલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સુજલામ સુફલામ કેનાલના કામોમાં પાઈપ લાઈનના કામોમાં ગેરરીતી અંગે સરકારને કોઈ ફરિયાદ મળી છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો, હા, તો આ ફરિયાદ ક્યારે મળી અને તે ફરિયાદ અંગે શી કાર્યવાહી કરવામાં આવેલ છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## જૂનાગઢ જિલ્લામાં હિરણ–૨ સિંચાઈ યોજનામાં પાકી નહેરો બનાવવાનું આયોજન

૨૭૦૧૪ **શ્રી ભગવાનજીભાઇ લા. કરગટીયા(માંગરોળ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે –

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં હિરણ–૨ સિંચાઈ યોજનામાં પાકી નહેરો કરવાનું કોઈ આયોજન છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ ક્યારે હાથ ધરવામાં આવશે ? | (૨) ટેન્ડર તબક્કે છે અને નહેરોમાં સિંચાઈની કામગીરી પૂર્ણ થયે અને કામ કરવા માટે પુરતો સમય મળ્યે, લાઈનીંગ કામ હાથ ધરવામાં આવશે. |

તા.૧૨મી માર્ચ, ૨૦૧૨

અતારાંકિત પ્રશ્નો

**બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં ઉંડા કરેલા મોટા તળાવો**

૨૭૦૨૮ **શ્રી ગોવિંદભાઇ મા. પ્રજાપતિ( પાલનપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં સન ૨૦૧૧માં કેટલા મોટા તળાવો ઉંડા કરવામાં આવ્યા, અને

(૨) તેમાં કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) બનાસકાંઠા – ૨૨.
પાટણ – ૨૨.

(૨) બનાસકાંઠા – ` ૧૭૯.૪૮ લાખ.
પાટણ – ` ૧૨૪.૭૪ લાખ.

**આણંદ જિલ્લામાં જિલ્લા મથકે સીવીલ હોસ્પિટલ બનાવવાનું આયોજન**

૨૮૧૬૫ **શ્રી અમિતકુમાર અ. ચાવડા( બોરસદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૧૨ની સ્થિતિએ આણંદ જીલ્લામાં જીલ્લા મથકે સિવિલ હોસ્પિટલ નથી, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો સિવિલ હોસ્પિટલ બનાવવાનું શું આયોજન કરવામાં આવેલ છે અને તે માટે કેટલી જમીનની કયા સ્થળે ફાળવણી કરવામાં આવી, અને

(૩) છેલ્લા એક વર્ષમાં આ માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને ઉક્ત સ્થિતિએ આ કામગીરી કયા તબક્કે છે અને કેટલા સમયમાં પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આણંદ જીલ્લા ખાતે ૨૦૦ પથારીની સુવિધા ધરાવતી સિવિલ હોસ્પિટલ બનાવવાનું આયોજન છે, અને આ માટે આણંદ જીલ્લા અને તાલુકાના બાકરોલ ગામની ૧૨ હેક્ટર જમીન ફાળવવામાં આવેલ છે.

(૩) છેલ્લા એક વર્ષમાં (૨૦૧૧–૧૨) ` ૧૦૦.૦૦ લાખની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ છે. હોસ્પિટલના નવા મકાનના બાંધકામ અંગે જમીનના સર્વેનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે. તેમજ હોસ્પિટલના પ્લાનીંગ માટે કન્સલ્ટન્ટ નીમવાની કાર્યવાહી પી.આઈ.યુ. કક્ષાએ ચાલુ છે. મકાનનું બાંધકામ શરૂ થતાં બે વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

**વડોદરા જિલ્લામાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ બનાવેલ ચેકડેમો**

૨૭૦૩૩ **શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ( વાઘોડીયા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ કેટલા ચેકડેમો બનાવવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ તેની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૦–૧૧ : ૨૮૭ ચેકડેમ.
વર્ષ ૨૦૧૧–૧૨ : ૮૭ ચેકડેમ.

(૨) વર્ષ ૨૦૧૦–૧૧ : ` ૧૧.૬૭ કરોડ.
વર્ષ ૨૦૧૧–૧૨ : ` ૨.૪૬ કરોડ.

**દિયોદર તાલુકાને પીવા માટે નર્મદાનું પાણી પુરૂ પાડવાની યોજના**

૨૬૯૯૯ **શ્રી અનિલકુમાર અ. માળી(દિયોદર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના દિયોદર તાલુકાને પીવા માટે નર્મદાનું પાણી પુરૂં પાડવા માટે સરકારે કોઈ યોજના બનાવેલ છે, કે કેમ

(૨) જો હા, તો તે યોજના ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે, અને

**જવાબ**

(૧) હા, જી.

(૧) સામલા વડાણા ઓફટેક પોઈન્ટ આધારિત ભાભર તેમજ દિયોદર તાલુકાની ૮૭ ગામોની જૂથ પાણી પુરવઠા યોજના (બી.કે.–૪ ફેઝ–૩ બી,).

(૨) રાણકપુર ઓફટેક પોઈન્ટ આધારિત રાધનપુર, સાંતલપુર, કાંકરેજ અને દિયોદર તાલુકાના ૨૮૨ ગામોની જૂથ પાણી પુરવઠા યોજના (બી.કે.–૩/પી–૨).

(૨) (૧) બી.કે.–૪ ફેઝ–૩ બી, સામલા વડાણા ઓફટેક પોઈન્ટ આધારિત યોજનાના કામો પૂર્ણ થયેલ છે.

(૨) બી.કે.–૩/પી–૨, રાણકપુર ઓફટેક પોઈન્ટ

આધારિત યોજનાના કામો પૂર્ણતાને આરે છે.

(૩) તેની પાછળ કેટલો ખર્ચ થવાની સંભાવના છે ?

(૩) અંદાજીત ` ૧૯૯.૫૧ કરોડનો ખર્ચ થવાની સંભાવના છે.

**અમદાવાદ યુ.એન.મહેતા કાર્ડીયોલોજીને ફાળવેલ ગ્રાન્ટ**

૨૭૦૭૮ **શ્રી ભરતકુમાર ચી. બારોટ(દરિયાપુર-કાઝીપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદની યુ.એન.મહેતા કાર્ડીયોલોજી ઈન્સ્ટીટ્યુટને ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ના વર્ષમાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્ય સરકારે વર્ષવાર કેટલી ગ્રાન્ટ આપી, અને

(૨) આ ઈન્સ્ટીટ્યુટ દ્વારા કેટલા આઉટડોર અને ઈન્ડોર પેશન્ટને આ સમયગાળા દરમ્યાન સારવાર આપવામાં આવી ?

**જવાબ**

(૧) અમદાવાદની યુ.એન.મહેતા કાર્ડીયોલોજી ઈન્સ્ટીટ્યુટને વર્ષ : ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે વર્ષવાર આપેલ ગ્રાન્ટની માહિતી નીચે મુજબ છે.

| | |
|---|---|
| વર્ષ – ૨૦૧૦–૧૧ | ` ૬૨.૭૪ કરોડ |
| વર્ષ – ૨૦૧૧–૧૨ | ` ૫૦.૩૪ કરોડ |

(૨) આ ઈન્સ્ટીટ્યુટ દ્વારા આ સમયગાળા દરમ્યાન આઉટડોર અને ઈન્ડોર પેશન્ટોને આપેલ સારવારની માહિતી નીચે મુજબ છે.

| વર્ષ | બહારના દર્દીઓ (ઓપીડી) | અંદરના દર્દીઓ (ઈન્ડોર) |
|---|---|---|
| ૨૦૧૦–૧૧ | ૭૨,૮૦૩ | ૧૧,૯૯૯ |
| ૨૦૧૧–૧૨ | ૫૮,૩૯૯ | ૧૦,૬૮૬ |

**જૂનાગઢ જિલ્લામાં હિરણ–૨ સિંચાઈ યોજનામાં પાકી નહેરો બનાવવાનું આયોજન**

૨૭૦૧૭ **શ્રી રાજસીભાઇ વિ. જોટવા(સોમનાથ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લાની હિરણ–૨ સિંચાઈ યોજનામાં પાકી નહેરો કરવાનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો આ કામ કયારે હાથ ધરવામાં આવશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ટેન્ડર તબકકે છે, અને નહેરોમાં સિંચાઈની કામગીરી પૂર્ણ થયે આ કામ કરવા માટે પુરતો સમય મળ્યે લાઈનીંગ કામ હાથ ધરવામાં આવશે.

**૪૪૯/page> રાજ્યમાં મેટ્રો રેલ**

૨૭૦૪૪ **શ્રી રાકેશકુમાર જ. શાહ(એલિસબ્રિજ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં મેટ્રો રેલ વિકસાવવાની શકયતાઓ રાજ્ય સરકાર ચકાસી રહી છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો મેટ્રો રૂટ અંતર્ગત કયા કયા વિસ્તારોમાં આવરી લેવામાં આવશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) જુદા જુદા વિકલ્પો વિચારણા હેઠળ છે.

તા.૧૨મી માર્ચ, ૨૦૧૨

અતારાંકિત પ્રશ્નો

## રાજકોટ જિલ્લામાં નગરપાલિકાઓને ફાળવેલ અનુદાન/સાધનો

૨૫૯૫૭ **શ્રી મહંમદ જાવેદ અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુદી જુદી નગરપાલિકાઓને જુદી જુદી યોજનાઓ હેઠળ રાજ્ય સરકાર તરફથી કુલ કેટલું અનુદાન આપવામાં આવેલ છે, અને

(૨) ઉપરોકત ફાળવેલ અનુદાનમાંથી કુલ કેટલા વિકાસના કામો હાથ ધરવામાં આવેલ છે અને તે પૈકી કેટલા પૂર્ણ કરવામાં આવેલ ?

**જવાબ**

(૧) કુલ ` ૫૯.૩૦ કરોડનું અનુદાન ફાળવવામાં આવેલ છે. જેની વિગતવાર માહિતી પત્રક–૧ મુજબ છે.

(૨) કુલ ૩૨૪ કામો હાથ ધરાયેલ જે પૈકી કુલ ૧૨૫ કામો પૂર્ણ થયેલ છે. જેની વિગત પત્રક–૨ મુજબ છે.

**પત્રક–૧**

| ક્રમ | યોજનાનું નામ | નગરપાલિકાનું નામ | | | | | | | | રકમ ` લાખમાં | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ગોંડલ | માળીયા મીયાળા | વાંકાનેર | ઉપલેટા | જેતપુર નવાગઢ | ધોરાજી | જસદણ | મોરબી | ભાયાવદર | કુલ |
| ૧ | ૨ | ૩(૧) | ૩(૨) | ૩(૩) | ૩(૪) | ૩(૫) | ૩(૬) | ૩(૭) | ૩(૮) | ૩(૯) | ૩(૧૦) |
| ૧ | મનોરંજનકર | ૧૮.૪૭ | ૧૧.૯૮ | ૧૭.૫૭ | ૩૧.૧૨ | ૨૧.૨૦ | ૩૧.૧૦ | ૫૫.૮૯ | ૫૮.૨૭ | ૧૪.૨૪ | ૨૫૯.૮૪ |
| ૨ | વ્યવસાયવેરો ૫૦ ટકા | ૩.૬૩ | ૦.૯૫ | ૩.૨૮ | ૫.૪૯ | ૬.૯૩ | ૧૦.૨૦ | ૧૨.૦૮ | ૩૨.૫૩ | ૨.૧૨ | ૭૭.૨૧ |
| ૩ | પે એન્ડ યુઝ ટોયલેટ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૪.૦૦ | ૦.૦૦ | ૪.૦૦ | ૦.૦૦ | ૪.૦૦ | ૧૨.૦૦ |
| ૪ | સફાઈવેરા પ્રોત્સાહક યોજના | ૮૪.૧૯ | ૦.૦૦ | ૮.૭૧ | ૧૦.૬૪ | ૧૦૩.૧૨ | ૦.૦૦ | ૪.૫૭ | ૮૬.૪૯ | ૭.૬૦ | ૩૦૫.૩૨ |
| ૫ | શિક્ષણ ઉપકર યોજના | ૧.૯૭ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૮.૭૧ | ૮૦.૯૯ | ૦.૦૦ | ૦.૦૦ | ૨૩.૬૦ | ૦.૦૦ | ૧૨૫.૨૭ |
| ૬ | માર્ગ સુધારણા યોજના | ૯.૦૯ | ૦.૭૪ | ૦.૧૧ | ૧.૮૮ | ૦.૨૫ | ૦.૨૧ | ૧.૧૨ | ૦.૧૦ | ૧.૧૮ | ૧૪.૬૮ |
| ૭ | જ. મ. ગ્રાંટ/વોટર સેસ | ૪.૩૭ | ૬.૦૪ | ૦.૯૩ | ૫૪.૩૦ | ૦.૦૦ | ૧.૬૦ | ૧૫.૪૨ | ૩.૯૮ | ૪.૧૭ | ૯૦.૮૧ |
| ૮ | SJMMSVY મોડલ ટાઉન તથા રસ્તા મજબુતિ કરણ | ૩૧૫.૦૦ | ૧૨૦.૦૦ | ૧૮૨.૦૦ | ૨૬૨.૦૦ | ૩૮૦.૦૦ | ૩૧૫.૦૦ | ૮૨.૦૦ | ૪૯૦.૦૦ | ૧૨૦.૦૦ | ૨૨૬૬.૦૦ |
| ૯ | ગંદા વિસ્તાર સુ. યોજના | ૦.૦૦ | ૦.૦૦ | ૫૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૫૦.૦૦ |
| ૧૦ | પુર રાહત | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૭.૨૨ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૨૦૦.૦૦ | ૦.૦૦ | ૨૧૭.૨૨ |
| | GMFB કુલ | ૪૩૬.૭૨ | ૧૩૯.૭૧ | ૨૬૨.૬૦ | ૪૦૧.૩૬ | ૫૯૬.૪૯ | ૩૫૮.૧૧ | ૧૭૫.૦૮ | ૮૯૪.૯૭ | ૧૫૩.૩૧ | ૩૪૧૮.૩૫ |
| | GUDM પાણી પુરવઠા યોજના | ૦.૦૦ | ૦.૦૦ | ૫૬૩.૭૬ | ૧૮૦.૫૧ | ૫૯૬.૦૭ | ૦.૦૦ | ૨૫૭.૬૬ | ૦.૦૦ | ૧૩૨.૪૬ | ૧૭૩૦.૪૬ |
| | GUDM (IHHDP નો રાજ્ય સરકારનો ફાળો | ૮૮.૬૮ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૦૦.૮૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૮૯.૪૮ |
| | એકંદર કુલ | ૫૨૫.૪૦ | ૧૩૯.૭૧ | ૮૨૬.૩૬ | ૫૮૧.૮૭ | ૧૨૯૩.૩૬ | ૩૫૮.૧૧ | ૪૩૨.૭૪ | ૮૯૪.૯૭ | ૨૮૫.૭૭ | ૫૩૩૮.૨૯ |
| GUDC તરફથી આપેલ સાધનો | | ૬૮.૭૪ | ૩૫.૧૨ | ૨૯.૮૪ | ૩૯.૦૪ | ૧૨૯.૯૩ | ૭૨.૫૪ | ૬૦.૮૯ | ૯૦.૮૯ | ૬૪.૨૪ | ૫૯૧.૨૨ |
| એકંદર કુલ | | ૫૯૪.૧૪ | ૧૭૪.૮૩ | ૮૫૬.૨ | ૬૨૦.૯૧ | ૧૪૨૩.૨૯ | ૪૩૦.૬૫ | ૪૯૩.૬૩ | ૯૮૫.૮૬ | ૩૫૦.૦૧ | ૫૯૨૯.૫૧ |

**પત્રક–૨**

| ક્રમ | નગરપાલિકાનું નામ | કામોની સંખ્યા | પૂર્ણ થયેલ કામોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ગોંડલ | ૫૪ | ૧૬ |
| ૨ | માળીયા–મીયાણા | ૪૧ | ૧૯ |
| ૩ | વાંકાનેર | ૨૦ | ૦ |
| ૪ | ઉપલેટા | ૬૭ | ૨૩ |
| ૫ | જેતપુર નવાગઢ | ૩૨ | ૭ |
| ૬ | ધોરાજી | ૩૪ | ૨ |
| ૭ | જસદણ | ૧૦ | ૩ |
| ૮ | મોરબી | ૨૮ | ૨૩ |

| | | | |
|---|---|---|---|
| ૯ | ભાયાવદર | ૩૮ | ૩૨ |
| | કુલ | ૩૨૪ | ૧૨૫ |

**બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં ઉંડા કરેલા મોટા તળાવો**

૨૭૦૨૭ **શ્રી બાબુભાઇ જે. દેસાઇ(કાંકરેજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા અને પાટણ જીલ્લામાં સન ૨૦૧૧ માં કેટલા મોટા તળાવો ઉંડા કરવામાં આવ્યા, અને

(૨) તેમાં કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) બનાસકાંઠા– ૨૨
પાટણ– ૨૨

(૨) બનાસકાંઠા– ` ૧૭૯.૪૮ લાખ.
પાટણ– ` ૧૨૪.૭૪ લાખ.

**મહેસાણા જીલ્લામાં સુજલામ સુફલામ કેનાલના પાઇપલાઇનના કામોમાં ગેરરીતી**

૨૬૫૧૧ **શ્રી દેવજીભાઇ ગો. ફતેપરા(હળવદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મહેસાણા જીલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સુજલામ સુફલામ કેનાલના કામોમાં પાઇપ લાઇનના કામોમાં ગેરરીતી અંગે સરકારને કોઇ ફરિયાદ મળી છે કે કેમ, અને

(૨) જો હા, તો આ ફરિયાદ કયારે મળી અને તે ફરિયાદ અંગે શું કાર્યવાહી કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ના જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસ માટેની કામગીરી**

૨૭૧૨૬ **શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા(દસાડા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં સને ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સુધીમાં છેલ્લા બે વર્ષ દરમ્યાન પ્રવાસન સ્થળોના વિકાસ માટે શી કામગીરી હાથ ધરવામાં આવી,

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં સને ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ માં પ્રવાસન સ્થળોના વિકાસ માટે નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૧૦–૧૧

ગુજરાત પ્રવાસન નિગમ લિ. દ્વારા તરણેતર ખાતે હયાત કુબા અને ટોયલેટ બ્લોકનું અપગ્રેડેશન, કુબાની પાછળના ભાગમાં આવેલ જમીન પર સીટીંગ એરીયાનો વિકાસ, ૧૫ નંગ નવા કુબાની કામગીરી, ડાયનીંગ હોલ, ઓવરહેડ પાણીની ટાંકી, કોમન ટોયલેટ બ્લોક, કલ્ચરલ પ્રોગ્રામ માટે સ્ટેજ, ઇન્ટરનલ રોડ, વોટર સપ્લાય તથા ડ્રેનેજ પાઇપલાઇન, ટ્રી પ્લાન્ટેશનની કામગીરીનો સમાવેશ થાય છે. જે માટે આર્કિટેક્ટને રોકી કોન્સેપ્ટ પ્લાન તૈયાર કરીને આખરીકરણ કરવામાં આવેલ છે. કોન્સેપ્ટ પ્લાન મુજબની કામગીરી હાથ ધરવામાં આવશે.

વર્ષ ૨૦૧૧–૧૨

૧. ચોટીલાના વિકાસ માટે આર્કિટેક્ટની પસંદગી કરવામાં આવેલ છે. આર્કિટેક્ટ દ્વારા તૈયાર કરવામાં આવેલ છે. કોન્સેપ્ટ પ્લાન મુજબની કામગીરી માટે પ્રથમ તબક્કામાં ` ૧૫.૦૦ કરોડની સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવેલ છે.

૨. ચોટીલા ડુંગર ઉપર ચઢવા માટે ફનીક્યુલર ટ્રેઇનની કામગીરી માટે રાઇટસ લી. (કેન્દ્ર સરકારશ્રીનું સાહસ) ને રોકવામાં આવેલ છે. તેઓના દ્વારા પ્રાથમિક અહેવાલ તૈયાર કરવામાં આવી રહેલ છે અને વન વિભાગ હસ્તકની જમીન

| | |
|---|---|
| | મેળવવાની કાર્યવાહી ચાલુ છે. આ પ્રોજેક્ટ પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ મારફત કરવા માટેના ટેન્ડર ડોક્યુમેન્ટસ તૈયાર કરવામાં આવી રહેલ છે. |
| (૨) આ માટે તા.૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારે કેટલી ગ્રાન્ટ આપી, અને | (૨) તરણેતર માટે કોઈ ગ્રાન્ટ ફાળવેલ નથી.<br>ચોટીલાના વિકાસ માટે ` ૩૧.૫૦ લાખની ફાળવણી કરેલ છે. |
| (૩) તેમાંથી કેટલો ખર્ચ થયો ? | (૩) ચોટીલાના વિકાસ માટે ` ૩૧.૫૦ લાખનો ખર્ચ થયેલ છે. |

**રાજકોટ જિલ્લામાં નગરપાલિકાઓના તળાવ બ્યુટીફિકેશનમાં સમાવેશ**

૨૭૦૯૯ **શ્રી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ ગ્રામ્ય) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૧-૧૨માં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કુલ કેટલી નગરપાલિકાઓના તળાવ બ્યુટીફિકેશનમાં સમાવેશ કરવામાં આવ્યો, | (૧) વર્ષ ૨૦૧૧-૧૨માં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કોઈ નગરપાલિકાઓના તળાવ બ્યુટીફિકેશનમાં સમાવેશ કરવામાં આવેલ નથી. |
| (૨) તે પૈકી જેતપુર અને ગોંડલ નગરપાલિકાને કેટલી ગ્રાન્ટ આપવામાં આવી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તે પાછળ કેટલો ખર્ચ થયેલ છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**વડોદરા શહેરમાં જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન યોજનામાં મંજૂર કરેલ ગ્રાન્ટ**

૨૬૦૯૧ **શ્રી ચંદુભાઈ મો. ડાભી( કરજણ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા શહેરમાં જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન યોજના હેઠળ કેન્દ્ર સરકારમાંથી કેટલી ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી | (૧) ` ૧૬૩.૧૪ કરોડ. |
| (૨) તે પૈકી કેટલી રકમ ફાળવવામાં આવી, અને | (૨) ` ૧૬૩.૧૪ કરોડ. |
| (૩) આ રકમમાંથી કયા કયા કામો પાછળ કુલ કેટલી રકમ ખર્ચવામાં આવી ? | (૩) યુ.આઇ.જી. (માળખાકીય કામો) તથા બી.એસ.યુ.પી. (આવાસ ના કામો) માટે મંજુર થયેલ તમામ પ્રોજેક્ટ પાછળ કેન્દ્ર સરકાર દ્વારા ` ૧૬૩.૧૪ કરોડ, રાજ્ય સરકાર દ્વારા ` ૬૭.૭૨ કરોડ તથા મહાનગરપાલિકા દ્વારા ૨૨૭.૫૩ કરોડ એમ કુલ ` ૪૫૮.૩૯ કરોડની રકમનો ખર્ચ કરવામાં આવ્યો. |

**સાબરકાંઠા જિલ્લામાં મંજૂર થયેલ ચેકડેમો**

૨૭૦૧૦ **શ્રી ઉદેસિંહ પું. ઝાલા( બાયડ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં કેટલા ચેકડેમ મંજુર થયા હતા, | (૧) ૮૦૧. |
| (૨) તેમાંથી તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કેટલા ચેકડેમના કામો પૂર્ણ થયા, અને | (૨) ૬૩૦. |
| (૩) તેની પાછળ કેટલી રકમનો ખર્ચ થયો ? | (૩) ` ૩૩.૪૭ કરોડ. |

**ભરૂચ જિલ્લામાં નગરપાલિકાઓના તળાવ બ્યુટીફિકેશનમાં સમાવેશ**

૨૭૦૭૨ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ( ભરૂચ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં વર્ષ ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ કુલ કેટલી નગરપાલિકાઓના તળાવ બ્યુટીફિકેશનમાં સમાવેશ કરવામાં આવ્યો,

(૨) ભરૂચ અને અંકલેશ્વર નગરપાલિકાઓમાં કુલ કેટલા તળાવો છે, અને

(૩) તે પૈકી તે બંન્ને નગરપાલિકાના કેટલા તળાવોનો બ્યુટિફીકેશનમાં સમાવેશ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) ભરૂચ જિલ્લામાં ચાર નગરપાલિકાઓના કુલ પાંચ તળાવોને વર્ષ ૨૦૦૭–૦૮ થી વર્ષ ૨૦૦૮–૦૯ દરમ્યાન તળાવ બ્યુટીફીકેશન માટે સમાવેશ કરી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

(૨) (૧) ભરૂચ નગરપાલિકામાં કુલ–૭ તળાવો છે.

(૨) અંકલેશ્વર નગરપાલિકામાં કુલ–૩ તળાવો છે.

(૩) અંકલેશ્વર નગરપાલિકાના ૩ તળાવો પૈકી ઢેડીયા તળાવ તથા ગામતળ (જવાહરબાગ) તળાવનો તેમજ ભરૂચ નગરપાલિકાના સાત તળાવો પૈકી માતરીયા તળાવનો સમાવેશ કરવામાં આવેલ છે.

**આણંદ જિલ્લામાં નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના**

૨૭૦૬૯ **શ્રીમતિ જ્યોત્સનાબેન રા. પટેલ( આણંદ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કઈ કઈ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે,

(૨) મંજૂર થયેલ ગટર યોજનાની કામગીરી તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ કયા તબક્કે છે,

(૩) નગરપાલિકા દીઠ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ મંજૂર થયેલ છે?

**જવાબ**

(૧) આણંદ જિલ્લાની કરમસદ, સોજીત્રા અને વલ્લભવિદ્યાનગર નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે.

(૨) મંજૂર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ નીચે મુજબ છે.

| ક્રમ | નગરપાલિકાનું નામ | સ્થિતિ |
|---|---|---|
| ૧ | કરમસદ | કામો પ્રગતિમાં |
| ૨ | સોજીત્રા | ટેન્ડર બીજીવાર બહાર પાડવામાં આવેલ છે. |
| ૩ | વલ્લભવિદ્યાનગર | ટેન્ડર ચકાસણી હેઠળ છે. |

(૩) નગરપાલિકા દીઠ નીચે મુજબ રકમ મંજૂર કરવામાં આવેલ છે.

| ક્રમ | નગરપાલિકાનું નામ | રકમ (` કરોડમાં) |
|---|---|---|
| ૧ | કરમસદ | ૩.૫૬ કરોડ |
| ૨ | સોજીત્રા | ૬.૩૮ કરોડ |
| ૩ | વલ્લભવિદ્યાનગર | ૪.૧૦ કરોડ |

**અમદાવાદ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ બાળકોની સારવાર**

૨૭૧૫૫ **શ્રી પ્રાગજીભાઇ ના. પટેલ(માંડલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ તાલુકાવાર કેટલા બાળકોની કયા કયા રોગો માટે

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ તાલુકાવાર કુલ–૨૩૮૦૫૮ બાળકોને જુદા જુદા

| | |
|---|---|
| સારવાર આપવામાં આવી છે, અને | રોગો માટે સારવાર આપવામાં આવેલ છે જેની વિગત દર્શાવતું **પત્રક–અ** સામેલ છે. |
| (૨) તે પૈકી કેટલા બાળકોને રેફરલ અને તજજ્ઞ સારવાર આપવામાં આવી ? | (૨) તે પૈકી ૨૩૯૯૩ બાળકોને રેફરલ અને તજજ્ઞ સારવાર આપવામાં આવેલ છે જેની વિગત દર્શાવતું **પત્રક–બ** સામેલ છે. |

## પત્રક–અ (૨૭૧૫૫)

| વર્ષ | તાલુકાનું નામ | પાંડુરોગ | આંત્રકૃમિ | દાંતની તકલીફ | આંખની તકલીફ | કાન–નાક ગળાની તકલીફ | પેટની તકલીફ | ચામડીના રોગ | શરીરની સ્થૂળતા | તમાકુનું સેવન | માનસીક તણાવ | જાતીય રોગો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૧૦ | દશક્રોઈ | ૬૭૦૧ | ૩૮૮૮ | ૩૮૧ | ૮૧૨ | ૬૨૦ | ૪૦૨ | ૭૦૫ | ૨૪૮ | ૮૦ | ૦ | ૦ |
| | સાણંદ | ૩૨૬૦ | ૧૮૭૨ | ૨૨૩ | ૫૪૦ | ૨૫૧ | ૨૨૬ | ૪૮૮ | ૫ | ૬૪ | ૩ | ૦ |
| | વિરમગામ | ૧૧૭૭ | ૧૦૨૩ | ૨૭૧ | ૮૫૪ | ૮૦૨ | ૩૬૭ | ૧૬૭ | ૧૬ | ૨ | ૧૪ | ૫ |
| | માંડલ | ૪૪૧ | ૩૬૧ | ૪૦ | ૧૪૨ | ૫૧ | ૦ | ૧૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | દેત્રોજ | ૮૭૩ | ૩૯૯ | ૪૦૩ | ૪૪૨ | ૧૬૭ | ૬૦ | ૧૬૫ | ૦ | ૦ | ૦ | ૦ |
| | બાવળા | ૨૮ | ૩૦ | ૨૩ | ૪૩ | ૨૨ | ૩ | ૧૪ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ધોળકા | ૨૨૩૭ | ૧૮૪૯ | ૨૬૭ | ૫૩૦ | ૧૫૪ | ૧૫૦ | ૧૮૨ | ૬ | ૮૩ | ૪ | ૦ |
| | ધંધુકા | ૧૦૨૪ | ૯૩૮ | ૨૬૧ | ૧૪૨ | ૯૭ | ૧૪૯ | ૧૬૯ | ૭ | ૦ | ૪ | ૦ |
| | બરવાળા | ૩૧ | ૨૯ | ૨૬ | ૩૪ | ૮ | ૨૯ | ૧૩ | ૦ | ૧ | ૦ | ૦ |
| | રાણપુર | ૮૬૩ | ૭૯૫ | ૬૨ | ૩૧ | ૫૮ | ૧૫૬ | ૧૯૮ | ૭ | ૩ | ૪ | ૦ |
| | અમદા. કોર્પો. | ૪૪૯૨૪ | ૪૮૨૮૮ | ૪૯૨૪ | ૩૯૮૦ | ૧૫૨૨૧ | ૭૫૫૯ | ૧૪૪૯ | ૮૬ | ૧૬૬ | ૦ | ૦ |
| | **કુલ** | **૬૧૫૫૯** | **૫૯૪૭૨** | **૬૮૮૧** | **૭૫૫૦** | **૧૭૪૫૧** | **૯૧૦૧** | **૩૫૬૦** | **૩૭૫** | **૩૯૯** | **૨૯** | **૫** |
| ૨૦૧૧ (૩૧–૧૨–૧૧ અંતિત) | દશક્રોઈ | ૪૭૧૩ | ૨૩૪૮ | ૫૧૫ | ૧૩૮૦ | ૭૫૯ | ૫૫૧ | ૬૨૩ | ૦ | ૦ | ૧ | ૦ |
| | સાણંદ | ૨૬૦૬ | ૧૫૧૭ | ૨૨૧ | ૮૦૩ | ૩૩૩ | ૨૩૦ | ૩૩૯ | ૬ | ૦ | ૦ | ૦ |
| | વિરમગામ | ૭૮૩ | ૮૫૨ | ૩૯૪ | ૬૬૨ | ૨૬૦ | ૨૪૨ | ૭૯ | ૪૪ | ૪ | ૨૪ | ૨ |
| | માંડલ | ૫૯૨ | ૪૯૧ | ૮૩ | ૮૩ | ૮૯ | ૧૮ | ૩૩ | ૧૧ | ૦ | ૦ | ૦ |
| | દેત્રોજ | ૧૯૭૮ | ૧૬૮૫ | ૬૫૭ | ૯૪૨ | ૪૫૮ | ૩૧૭ | ૨૦૯ | ૫૫ | ૪ | ૨૪ | ૨ |
| | બાવળા | ૧૮૫૭ | ૧૩૬૨ | ૭૪૦ | ૧૭૧૬ | ૯૭૦ | ૬૯૮ | ૬૫૪ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ધોળકા | ૩૧૧૩ | ૨૬૧૩ | ૨૧૯ | ૭૩૮ | ૨૦૪ | ૧૫૫ | ૩૦૬ | ૬૪ | ૦ | ૧૬ | ૧ |
| | ધંધુકા | ૨૫૬ | ૩૮૮ | ૧૮૨ | ૨૧૨ | ૯૧ | ૧૩૧ | ૯૮ | ૧૬ | ૧ | ૦ | ૦ |
| | બરવાળા | ૭૪૬ | ૩૧૬ | ૧૫૨ | ૧૫૪ | ૧૨૦ | ૧૩૩ | ૧૧૮ | ૦ | ૦ | ૨ | ૦ |
| | રાણપુર | ૭૫૩ | ૫૬૩ | ૪૦૩ | ૨૬૫ | ૩૧૪ | ૧૨૨ | ૧૦૫ | ૦ | ૦ | ૨ | ૦ |
| | અમદા. કોર્પો. | ૧૩૪૦ | ૫૦૭ | ૯૯૨ | ૧૧૯૦ | ૧૮૭૦ | ૪૮૪ | ૩૪૮ | ૩૧ | ૫૪ | ૫૯ | ૧૪ |
| | **કુલ** | **૧૮૭૩૭** | **૧૨૬૪૨** | **૪૫૫૮** | **૮૧૪૫** | **૫૪૬૮** | **૩૦૮૧** | **૨૯૧૨** | **૨૨૭** | **૬૩** | **૧૨૮** | **૧૯** |
| બે વર્ષનું કુલ | | ૮૦૨૯૬ | ૭૨૧૧૪ | ૧૧૪૩૯ | ૧૫૬૯૫ | ૨૨૯૧૯ | ૧૨૧૮૨ | ૬૪૭૨ | ૬૦૨ | ૪૬૨ | ૧૫૭ | ૨૪ |

## પત્રક–બ (૨૭૧૫૫)

| વર્ષ | તાલુકાનું નામ | સંદર્ભસેવા આપેલ બાળકો | રેફરલ સારવાર | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | બાળરોગ નિષ્ણાંત દ્વારા | આંખરોગ નિષ્ણાંત દ્વારા | દાંતરોગ નિષ્ણાંત દ્વારા | ચામડીના રોગના નિષ્ણાંત દ્વારા | કાન, નાક, ગળાના નિષ્ણાંત દ્વારા |
| ૨૦૧૦ | દશક્રોઈ | ૧૫૦૧ | ૯૪૭ | ૩૦૬ | ૯૨ | ૨૯ | ૫૧ |
| | સાણંદ | ૧૧૦૬ | ૮૫૬ | ૧૩૫ | ૬૨ | ૨૪ | ૨૯ |
| | વિરમગામ | ૧૭૫૧ | ૯૫૪ | ૭૫૦ | ૨૪ | ૭ | ૧૬ |
| | માંડલ | ૫૮૪ | ૩૫૨ | ૧૪૧ | ૬૦ | ૨૨ | ૯ |
| | દેત્રોજ | ૪૯૯ | ૩૬૨ | ૭૮ | ૨૧ | ૧૦ | ૨૩ |
| | બાવળા | ૫૬૮ | ૪૭૪ | ૩૯ | ૧૯ | ૧૪ | ૧૮ |
| | ધોળકા | ૮૨૦ | ૬૯૨ | ૩૭ | ૬૨ | ૧૩ | ૧૬ |
| | ધંધુકા | ૩૬૨ | ૨૮૧ | ૧૬ | ૪૧ | ૧૩ | ૭ |
| | બરવાળા | ૫૬૮ | ૪૭૪ | ૪૩ | ૨૦ | ૨૦ | ૫ |
| | રાણપુર | ૪૪૭ | ૩૯૬ | ૩૬ | ૮ | ૫ | ૧ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | અમદા. કોર્પો. | ૭૨૫૯ | ૨૧૬૦ | ૧૮૧૩ | ૧૫૪૨ | ૭૮૦ | ૯૬૪ |
| | **કુલ** | **૧૫૪૬૫** | **૭૯૪૮** | **૩૩૯૪** | **૧૯૫૧** | **૯૩૭** | **૧૧૩૯** |
| ૨૦૧૧ (૩૧-૧૨-૧૧ અંતિત) | દશક્રોઈ | ૨૦૫ | ૨૨ | ૯૨ | ૩૬ | ૮ | ૨૭ |
| | સાણંદ | ૧૬૩ | ૧૩ | ૧૨૯ | ૧૦ | ૫ | ૬ |
| | વિરમગામ | ૨૯ | ૧૫ | ૭ | ૫ | ૨ | ૦ |
| | માંડલ | ૫૭ | ૧૭ | ૧૪ | ૬ | ૮ | ૯ |
| | દેત્રોજ | ૩૪ | ૧૩ | ૧૦ | ૫ | ૫ | ૧ |
| | બાવળા | ૪૯ | ૧૧ | ૧૪ | ૬ | ૬ | ૬ |
| | ધોળકા | ૧૭૦ | ૩૦ | ૮૬ | ૧૦ | ૯ | ૧૯ |
| | ધંધુકા | ૧૨૪ | ૨૦ | ૩૮ | ૩૨ | ૯ | ૧૫ |
| | બરવાળા | ૯૯ | ૧૫ | ૩૧ | ૧૬ | ૮ | ૧૭ |
| | રાણપુર | ૫૧ | ૧૧ | ૧૨ | ૯ | ૯ | ૧૦ |
| | અમદા. કોર્પો. | ૫૪૨૬ | ૧૧૭૫ | ૬૯૯ | ૯૫૮ | ૨૮૯ | ૨૩૦૫ |
| | **કુલ** | **૬૪૦૭** | **૧૩૪૨** | **૧૧૩૨** | **૧૦૯૩** | **૩૫૮** | **૨૪૧૫** |
| **બે વર્ષનું કુલ** | | **૨૧૮૭૨** | **૯૨૯૦** | **૪૫૨૬** | **૩૦૪૪** | **૧૨૯૫** | **૩૫૫૪** |

| | | | **તજજ્ઞ સારવાર** | | |
|---|---|---|---|---|---|
| **અન્ય** | **કુલ** | **હૃદય** | **કીડની** | **કેન્સર** | **કુલ** |
| **૭૬** | **૧૫૦૧** | **૨૧** | **૮** | **૨** | **૩૧** |
| **૦** | **૧૧૦૬** | **૨૧** | **૮** | **૨** | **૩૧** |
| **૦** | **૧૭૫૧** | **૧૩** | **૭** | **૧** | **૨૧** |
| **૦** | **૫૮૪** | **૨** | **૦** | **૧** | **૩** |
| **૫** | **૪૯૯** | **૧૭** | **૧** | **૧** | **૧૯** |
| **૪** | **૫૬૮** | **૭** | **૧** | **૨** | **૧૦** |
| **૦** | **૮૨૦** | **૨૩** | **૯** | **૦** | **૩૨** |
| **૪** | **૩૬૨** | **૬** | **૦** | **૦** | **૬** |
| **૬** | **૫૬૮** | **૭** | **૨** | **૦** | **૯** |
| **૧** | **૪૪૭** | **૧૨** | **૨** | **૦** | **૧૪** |
| **૦** | **૭૨૫૯** | **૫૨૮** | **૩૬૧** | **૧૨૨** | **૧૦૧૧** |
| **૯૬** | **૧૫૪૬૫** | **૬૫૭** | **૩૯૯** | **૧૩૧** | **૧૧૮૭** |
| **૨૦** | **૨૦૫** | **૨૬** | **૮** | **૦** | **૩૪** |
| **૦** | **૧૬૩** | **૧૧** | **૦** | **૦** | **૧૧** |
| **૦** | **૨૯** | **૫** | **૦** | **૦** | **૫** |
| **૩** | **૫૭** | **૨** | **૦** | **૦** | **૨** |
| **૦** | **૩૪** | **૭** | **૦** | **૦** | **૭** |
| **૬** | **૪૯** | **૮** | **૧** | **૦** | **૯** |
| **૧૬** | **૧૭૦** | **૧૬** | **૨** | **૦** | **૧૮** |
| **૧૦** | **૧૨૪** | **૫** | **૦** | **૦** | **૫** |
| **૧૨** | **૯૯** | **૨** | **૫** | **૨** | **૯** |
| **૦** | **૫૧** | **૨** | **૨** | **૧** | **૫** |
| **૦** | **૫૪૨૬** | **૮૦** | **૩૨** | **૧૭** | **૧૨૯** |
| **૬૭** | **૬૪૦૭** | **૧૬૪** | **૫૦** | **૨૦** | **૨૩૪** |
| **૧૬૩** | **૨૧૮૭૨** | **૮૨૧** | **૪૪૯** | **૧૫૧** | **૧૪૨૧** |

## ઓલપાડ તાલુકાના મોર ભગવામાં દરિયાથી જમીનનું ધોવાણ

૨૭૦૨૯ **શ્રી કિરીટભાઇ ગં. પટેલ( ઓલપાડ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના મોર ભગવામાં દરિયાના પાણીથી મોટા પાયે જમીનનું ધોવાણ થાય છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ ધોવાણ થતું અટકાવવા સરકારે કોઇ કામગીરી હાથ ધરેલ છે, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો તેની વિગતો શી છે ? | (૩) મોર ભગવા ખાતે પ્રથમ તબકકામાં ` ૬.૭૨ |

કરોડના ખર્ચે ૧૩૫૦ મીટર લંબાઇમાં સંરક્ષણ દિવાલનું કામ પૂર્ણ કરેલ છે, અને બીજા તબકકામાં ૬૧.૭૩ લાખના ખર્ચે ૪૫૦ મીટર લંબાઇમાં સંરક્ષણ દિવાલ બનાવવાનું કામ પ્રગતિ હેઠળ છે. જે માર્ચ–૨૦૧૨ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

**સુરત જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે મંજૂર થયેલ રકમ**

૨૭૧૬૫ **શ્રીમતિ ભારતીબેન અ. રાઠોડ( કામરેજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરત જીલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી રકમ મંજુર કરવામાં આવી છે,

(૨) તે પૈકી કયા કયા સ્થળોએ બાંધકામ હાથ ધરવામાં આવશે અને આ કામગીરી કયાં સુધીમાં શરૂ થશે, અને

(૩) ઉકત કામગીરી કેટલા સમયમાં પુર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) સુરત જીલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નીચે મુજબ રકમ મંજુર કરવામાં આવેલ છે.

| **પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું નામ** | **મંજુર રકમ** |
|---|---|
| આમલીડેમ | ` ૫૦.૦૦ લાખ |

(૨) પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આમલી ડેમના નવીન મકાન બાંધકામ માર્ચ–૨૦૧૨ સુધીમાં શરુ કરવાનું આયોજન છે.

(૩) આ કામગીરી વર્ક ઓર્ડર આપેથી ૧૧ માસ સુધીમાં પુર્ણ કરવાનું આયોજન છે.

**અમરેલી જિલ્લામાં પ્રવાસન વિકાસના પસંદ કરેલ સ્થળો**

૨૭૧૧૭ **શ્રી કાળુભાઇ વિ. વિરાણી(કુંડલા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કયા કયા સ્થળો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવ્યા,

(૨) પસંદ કરેલ સ્થળોને વિકસાવવા માટે કઇ કઇ સુવિધા પુરી પાડવાની સરકારની યોજના છે, અને

**જવાબ**

(૧) અમરેલી જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબના સ્થળોને પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા પસંદ કરવામાં આવ્યા,

(અ) જિલ્લા કલેકટરશ્રી દ્વારા
વર્ષ ૨૦૧૦માં સરકેશ્વર બીચ
(બ) ગુજરાત પ્રવાસન નિગમ લિ. દ્વારા
વર્ષ ૨૦૧૦માં આંબરડી ખાતે વાઇલ્ડ લાઇફ એન્ટરપ્રીટેશન પાર્ક

(૨) (અ) જિલ્લા કલેકટરશ્રી અમરેલી દ્વારા સરકેશ્વર બીચના વિકાસ માટે નીચે મુજબની સુવિધા પુરી પાડવાની યોજના છે.

૧. સરકેશ્વર બીચ બલાણા તા–જાફરાબાદ
બીચ ખાતે ૩ કી. મી. લંબાઇની ભારે દબાણની વીજ લાઇન અને ૧૦૦ કે.વી.એ. કેપેસીટીના ટ્રાન્સફોર્મરની કામગીરી, પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોક, સરકેશ્વર મહાદેવ એપ્રોચ રોડ ૭.૫૦ મીટર પહોળો કરવો અને એક કી.મી. લાંબો કરવો, મુખ્ય રસ્તાથી બીચ સુધી બે કી.મી. રસ્તાનું કામ, પીવાના પાણીની સુવિધા માટે કુવો, પાઇપ લાઇન, સંપ, પંપ હાઉસ, પંપ હાઉસ માટે પંપીંગ મશીનરીની કામગીરી

(અ) ગુજરાત પ્રવાસન નિગમ લિ. દ્વારા વન વિભાગ મારફતે નીચે મુજબની સુવિધા પુરી પાડવાની યોજના છે.

૧. ચેનલીંગ ફેન્સીંગ, એનીમલ હાઉસ, પાણીની સગવડતા, મુરમ રોડ, ઓરીએન્ટેશન સેન્ટર, સ્ટાફ કેમ્પ કવાર્ટસ, બાયનોકયુલર–ટેલીસ્કોપ, વીડીયો પ્રોજેકટ સ્ક્રીન, ટેલીવીઝન, પ્રવાસીઓ માટે રહેવાની સવલત, પ્રવાસી સ્વાગત કેન્દ્ર, સાઇનેજીસ, નેચરલ ટ્રેઇલ, ઓપન એમ્ફી થીયેટર, નેચરલ એજ્યુકેશન કેમ્પ સાઇટ, બોટ માટે જેટી, શેડ સાથેનો પ્લેટફોર્મ બોટ સલામતીના સાધનો, ઇકો ટુરીસ્ટ કેન્ટીન, ડ્રેનેજ લાઇન, સોલીડ ડીસ્પોઝલ અને સીવરેજ મેનેજમેન્ટ લાઇટીંગ, વોચ ટાવર, પાર્કીંગ અને ગેટની કામગીરીનો સમાવેશ થાય છે.

(૩) ઉકત સ્થિતિએ વર્ષવાર પ્રત્યેક સ્થળના વિકાસ માટે કેટલા નાણાં ફાળવવામાં આવ્યા ?

(૩) (અ) જિલ્લા કલેકટરશ્રી અમરેલી દ્વારા વર્ષ ૨૦૧૦માં સરકેશ્વર બીચ બલાણાના વિકાસ માટે ૯૫.૦૦ લાખ ફાળવવામાં આવેલ છે.
(બ) ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા રૂપિયા ૩૭૯.૦૦ લાખ આંબરડી ખાતેના વિકાસ કામો માટે વન વિભાગ હસ્તક મુકવામાં આવેલ છે.

## રાજકોટની સરકારી મેડિકલ કોલેજમાં પ્રિન્સીપાલ, પ્રૉફેસર અને લેકચરરની મંજૂર જગ્યાઓ

૨૬૫૬૯ **શ્રી જોધાજી ગુ. ઠાકોર(વાગદોડ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજકોટ ખાતે તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ રાજકોટની સરકારી મેડિકલ કોલેજમાં પ્રિન્સીપાલ, પ્રૉફેસર અને લેકચરરની સંવર્ગવાર મંજૂર થયેલી જગ્યાઓ કેટલી છે, અને

(૨) આ પૈકી તા.૧–૧–૨૦૧૨ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે ?

**જવાબ**

(૧) રાજકોટ ખાતે તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ રાજકોટની સરકારી મેડિકલ કોલેજમાં મંજૂર થયેલી જગ્યાઓ નીચે મુજબ છે.

| ક્રમ | સંવર્ગ | મંજૂર જગ્યાઓ |
|---|---|---|
| ૧ | પ્રિન્સીપાલ | શૂન્ય |
| ૨ | પ્રોફેસર | ૨૮ |
| ૩ | લેકચરર | શૂન્ય |

(૨) આ પૈકી તા.૧–૧–૨૦૧૨ની સ્થિતિએ પ્રોફેસર સંવર્ગમાં ૦૨ જગ્યાઓ ખાલી છે.

## જામનગરની એમ.પી. શાહ મેડિકલ કોલેજમાં પ્રિન્સીપાલ, પ્રૉફેસર અને લેકચરરની મંજૂર જગ્યાઓ

૨૬૫૭૦ **શ્રી નિરંજનભાઇ પટેલ( પેટલાદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જામનગર ખાતે તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ જામનગરની એમ.પી. શાહ મેડિકલ કોલેજમાં પ્રિન્સીપાલ, પ્રૉફેસર અને લેકચરરની સંવર્ગવાર મંજૂર થયેલી જગ્યાઓ કેટલી છે, અને

(૨) આ પૈકી તા.૧–૧–૨૦૧૨ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે ?

**જવાબ**

(૧) જામનગર ખાતે તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ જામનગરની એમ.પી. શાહ મેડિકલ કોલેજમાં મંજૂર થયેલ જગ્યાઓ નીચે મુજબ છે.

| ક્રમ | સંવર્ગ | મંજૂર જગ્યાઓ |
|---|---|---|
| ૧ | પ્રિન્સીપાલ | શૂન્ય |
| ૨ | પ્રોફેસર | ૪૫ |
| ૩ | લેકચરર | શૂન્ય |

(૨) આ પૈકી તા.૧–૧–૨૦૧૨ની સ્થિતિએ પ્રોફેસર સંવર્ગમાં ૮ જગ્યાઓ ખાલી છે.

તા.૧૨મી માર્ચ, ૨૦૧૨

અતારાંકિત પ્રશ્નો

**પંચમહાલ જિલ્લામાં ગોમા નદી પર બનાવેલ મોટા ચેકડેમો**

૨૭૦૦૫ **શ્રી ફતેસિંહ વ. ચૌહાણ( રાજગઢ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં ગોમા નદી ઉપર તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલા મોટા ચેકડેમો બનાવવામાં આવ્યા, અને | (૧) ૧. |
| (૨) તેનાથી કયા કયા તાલુકામાં તાલુકાવાર કેટલા વિસ્તારને સિંચાઈનો લાભ મળશે ? | (૨) કાલોલ તાલુકાને ૭૦ હેકટરમાં સિંચાઈનો લાભ મળે છે. |

**બનાસકાંઠા જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસ માટેની કામગીરી**

૨૭૧૨૧ **શ્રી વસંતકુમાર પ. ભટોળ( દાંતા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં સને ૨૦૧૦–૧૧ અને ૧૧–૧૨ માં તા.૩૧–૧૨–૧૧ સુધીમાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે શી કામગીરી હાથ ધરવામાં આવી, અને | (૧) બનાસકાંઠા જિલ્લામાં સને ૨૦૧૦–૧૧ અને ૧૧–૧૨ માં તા.૩૧–૧૨–૧૧ સુધીમાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.<br>ગુજરાત પ્રવાસન નિગમ લીમીટેડ દ્વારા અંબાજી શહેરમાં થીમ પાર્ક, ગબ્બર તળેટી, પ્રવેશ ચોકના વિકાસની કામગીરી તથા ગટર વ્યવસ્થાની કામગીરીનું આયોજન છે. |
| (૨) આ માટે તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ રાજ્ય સરકારે કેટલી ગ્રાન્ટ આપી અને , તેમાથી કેટલો ખર્ચ થયો ? | (૨) આ માટે તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ રાજ્ય સરકારશ્રીએ કોઈ ગ્રાન્ટ આપી નથી. |

**સાબરકાંઠા જિલ્લામાં મંજુર થયેલ ચેકડેમો**

૨૭૦૦૯ **શ્રી દિલીપસિંહજી વ. પરમાર( મોડાસા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૨૦૧૧માં કેટલા ચેકડેમ મંજુર થયા હતા, | (૧) ૮૦૧. |
| (૨) તેમાથી તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કેટલા ચેકડેમના કામો પુર્ણ થયા, અને | (૨) ૬૩૦. |
| (૩) તેની પાછળ કેટલી રકમનો ખર્ચ થયો ? | (૩) ` ૩૩.૪૭ કરોડ. |

**રાજકોટ જિલ્લામાં નગરપાલિકાઓના તળાવ બ્યુટીફિકેશનમાં સમાવેશ**

૨૭૦૭૬ **શ્રી ભરતભાઇ ખો. બોઘરા(જસદણ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૧૧–૧૨ માં તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ કુલ કેટલી નગરપાલિકાઓના તળાવ બ્યુટીફિકેશનમાં સમાવેશ કરવામાં આવ્યો, | (૧) વર્ષ ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કોઈ નગરપાલિકાઓના તળાવ બ્યુટીફિકેશનમાં સમાવેશ કરવામાં આવેલ નથી. |
| (૨) તે પૈકી જેતપુર અને ગોંડલ નગરપાલિકાને કેટલી ગ્રાન્ટ આપવામાં આવી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તે પાછળ કેટલો ખર્ચ થયેલ છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## મહેસાણા જિલ્લામાં નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના

૨૭૦૬૦ **શ્રી ભરતસિંહજી શં. ડાભી(ખેરાલુ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કઈ કઈ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે,

(૨) મંજૂર થયેલ ગટર યોજનાની કામગીરી તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૩) નગરપાલિકા દીઠ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ મંજૂર થયેલ છે ?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મહેસાણા જિલ્લાની કડી, ઉંઝા, મહેસાણા, વીસનગર, વિજાપુર, ખેરાલુ નગરપાલિકાઓની ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે.

(૨) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ નીચે મુજબ છે.

(૧) કડી–સુઅર કલેકટીંગ સીસ્ટમની કામગીરીના ટેન્ડરો મંજૂર થયેલ છે. કામગીરી પ્રગતિમાં છે.

(૨) ઉંઝા–સુઅર કલેકટીંગ સીસ્ટમની કામગીરીના ટેન્ડરો મંજૂર થયેલ છે, કામગીરી પ્રગતિમાં છે.

(૩) મહેસાણા–સુઅર કલેકટીંગ સીસ્ટમની કામગીરીના ટેન્ડરો મંજૂરી હેઠળ છે.

(૪) વિજાપુર–યોજનાના ડ્રાફ્ટ ટેન્ડર પેપર બનાવવામાં આવી રહેલ છે.

(૫) ખેરાલુ–યોજનાના ડ્રાફ્ટ ટેન્ડર પેપર બનાવવામાં આવી રહેલ છે.

(૬) વિસનગર–યોજનાના ડ્રાફ્ટ ટેન્ડર પેપર બનાવવામાં આવી રહેલ છે.

(૩) મંજુર થયેલ યોજના વાર નીચે પ્રમાણેની અંદાજીત રકમ મંજુર થયેલ છે.

| | | | |
|---|---|---|---|
| (૧) | કડી | – | ` ૧૪.૩૧ કરોડ. |
| (૨) | ઉંઝા | – | ` ૩૨.૧૬ કરોડ. |
| (૩) | મહેસાણા | – | ` ૬૪.૫૬ કરોડ. |
| (૪) | વિજાપુર | – | ` ૧૨.૨૭ કરોડ. |
| (૫) | વિસનગર | – | ` ૨૩.૩૫ કરોડ. |
| (૬) | ખેરાલુ | – | ` ૯.૪૯ કરોડ. |

## અમદાવાદની બી. જે. મેડિકલ કોલેજમાં પ્રિન્સીપાલ, પ્રોફેસર અને લેકચરરની મંજૂર જગ્યાઓ

૨૬૫૭૪ **શ્રી સી. કે. રાઉલજી( ગોધરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ ખાતે તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ અમદાવાદ બી. જે. મેડિકલ કોલેજમાં પ્રિન્સીપાલ, પ્રોફેસર અને લેકચરરની સંવર્ગવાર મંજૂર થયેલી જગ્યાઓ કેટલી છે, અને

(૨) આ પૈકી તા. ૧–૧–૨૦૧૨ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે ?

**જવાબ**

(૧) અમદાવાદ ખાતે તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ અમદાવાદ બી. જે. મેડિકલ કોલેજમાં મંજૂર થયેલી જગ્યાઓ નીચે મુજબ છે.

| ક્રમ | સંવર્ગ | મંજૂર જગ્યાઓ |
|---|---|---|
| ૧ | પ્રિન્સીપાલ | શૂન્ય |
| ૨ | પ્રોફેસર | ૪૮ |
| ૩ | લેકચરર | શૂન્ય |

(૨) આ પૈકી તા. ૧–૧–૨૦૧૨ની સ્થિતિએ પ્રોફેસર સંવર્ગમાં ૦૧ જગ્યા ખાલી છે.

### રાધનપુર શહેરમાં વરસાદી પાણીના નિકાલની કામગીરી

૨૭૦૩૨ **શ્રી શંકરભાઇ લ. ચૌધરી(રાધનપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં રાધનપુર શહેરમાં વરસાદી પાણીના નિકાલ માટેની કામગીરી કયા તબક્કે છે, અને

(૨) આ કામગીરી ક્યારે પૂરી કરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨)

પાટણ જિલ્લાના રાધનપુર શહેરમાં પાણી નિકાલ માટેની સ્કોટ કેનાલની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. જ્યારે ભીલોટ કેનાલ કામગીરી પ્રગતિ હેઠળ છે. જે શક્ય તેટલું વહેલી તકે પૂર્ણ કરવામાં આવશે.

### ડભોઈ નગરપાલિકાના સ્વર્ણિમ ગુજરાતના કાર્યક્રમોમાં નાણાનો દૂર ઉપયોગ

૨૫૯૯૪ **શ્રી સિદ્ધાર્થભાઇ ચી. પટેલ( ડભોઇ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ડભોઈ નગરપાલિકા દ્વારા સ્વર્ણિમ ગુજરાતના કાર્યક્રમોના નાણાની દુર ઉપયોગ થયાની ફરિયાદ થઈ છે તે બાબત સાચી છે, અને

(૨)જો હા, તો આ સંદર્ભમાં સરકારે શા પગલાં લીધા?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આ અંગે તપાસ ચાલુ છે.

### જામનગરની એમ. પી. શાહ મેડિકલ કોલેજમાં પ્રિન્સીપાલ, પ્રોફેસર અને લેકચરરની મંજૂર જગ્યાઓ

૨૬૫૭૩ **શ્રી જયેશભાઇ વિ. રાદડીયા(ધોરાજી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જામનગર ખાતે તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ જામનગરની એમ. પી. શાહ મેડિકલ કોલેજમાં પ્રિન્સીપાલ, પ્રોફેસર અને લેકચરરની સંવર્ગવાર મંજૂર થયેલી જગ્યાઓ કેટલી છે, અને

(૨) આ પૈકી તા. ૧–૧–૨૦૧૨ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે ?

**જવાબ**

(૧) જામનગર ખાતે તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ જામનગરની એમ. પી. શાહ મેડિકલ કોલેજમાં મંજૂર થયેલ જગ્યાઓ નીચે મુજબ છે.

| ક્રમ | સંવર્ગ | મંજૂર જગ્યાઓ |
|---|---|---|
| ૧ | પ્રિન્સીપાલ | શૂન્ય |
| ૨ | પ્રોફેસર | ૪૫ |
| ૩ | લેકચરર | શૂન્ય |

(૨) આ પૈકી તા. ૧–૧–૨૦૧૨ની સ્થિતિએ પ્રોફેસર સંવર્ગમાં ૮ જગ્યાઓ ખાલી છે.

### સુરતની સરકારી મેડિકલ કોલેજમાં પ્રિન્સીપાલ, પ્રોફેસર અને લેકચરરની મંજૂર થયેલ જગ્યાઓ બાબત

૨૬૫૬૧ **શ્રી પરંજ્યાદિત્યસિંહજી કૃ. પરમાર( સંતરામપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરત ખાતે તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ સુરતની સરકારી મેડિકલ કોલેજોમાં પ્રિન્સીપાલ, પ્રોફેસર અને લેકચરરની સંવર્ગવાર મંજૂર થયેલી જગ્યાઓ કેટલી છે, અને

(૨) આ પૈકી તા. ૧–૧–૨૦૧૨ની સ્થિતિએ કેટલી

**જવાબ**

(૧) સુરત ખાતે તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ સુરતની સરકારી મેડિકલ કોલેજમાં મંજૂર થયેલ જગ્યાઓ નીચે મુજબ છે.

| **ક્રમ** | **સંવર્ગ** | **મંજૂર જગ્યાઓ** |
|---|---|---|
| ૧ | પ્રિન્સીપાલ | શૂન્ય |
| ૨ | પ્રોફેસર | ૨૯ |
| ૩ | લેકચરર | શૂન્ય |

(૨) આ પૈકી તા. ૧–૧–૨૦૧૨ની સ્થિતિએ પ્રોફેસર

| | |
|---|---|
| જગ્યાઓ ખાલી છે ? | સંવર્ગમાં ૦૫ જગ્યાઓ ખાલી છે. |

**અમદાવાદ જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાના લાભાર્થીઓ**

૨૭૦૮૦ **શ્રી કમાભાઇ ગ. રાઠોડ(વિરમગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| અમદાવાદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા મારફતે કેટલા લોકોએ લાભ લીધો ? | ૯૩૪૫૨. |

**રાજકોટ જિલ્લામાં ઉપલેટા નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના**

૨૭૦૬૫ **શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લાની તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કઈ કઈ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે, | (૧) રાજકોટ જિલ્લામાં મોરબી, જેતપુર, જસદણ અને ઉપલેટા નગરપાલિકામાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) મંજૂર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૨) મોરબી–ભાવપત્રકો માગવામાં આવેલ છે.<br>જેતપુર–ડ્રાફ્ટ ભાવપત્રકો બનાવવામાં આવી રહેલ છે.<br>જસદણ–ભાવપત્રકો ચકાસણી હેઠળ છે.<br>ઉપલેટા–શહેરના રસ્તાઓ બિસ્માર હાલતમાં હોવાથી પહેલા રસ્તા બનાવી શકાય તે માટે ભૂગર્ભ ગટરના કામો મુલત્વી રાખવાની નગરપાલિકાની રજૂઆત મળેલ છે. તેથી આગળની કામગીરી હાથ ધરેલ નથી. |
| (૩) આ માટે કેટલો ખર્ચ મંજૂર થયેલ છે ? | (૩)<br>મોરબી – ` ૬૦.૪૨ કરોડ<br>જેતપુર – ` ૬૨.૨૩ કરોડ<br>જસદણ – ` ૩૬.૯૬ કરોડ<br>ઉપલેટા – પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસ માટેની કામગીરી**

૨૭૧૦૪ શ્રી **ભરતભાઇ વ. ખોરાણી(ચોટીલા): માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં સને ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ માં તા.૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં છેલ્લા બે વર્ષ દરમ્યાન પ્રવાસન સ્થળોના વિકાસ માટે શી કામગીરી હાથ ધરવામાં આવી, | (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં સને ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ માં પ્રવાસન સ્થળોના વિકાસ માટે નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.<br>વર્ષ ૨૦૧૦–૧૧<br>ગુજરાત પ્રવાસન નિગમ લિ. દ્વારા તરણેતર ખાતે હયાત કુબા અને ટોયલેટ બ્લોકનું અપગ્રેડેશન, કુબાની પાછળના ભાગમાં આવેલ જમીન પર સીટીંગ એરીયાનો વિકાસ, ૧૫ નંગ નવા કુબાની કામગીરી, ડાયનીંગ હોલ, ઓવરહેડ પાણીની ટાંકી, કોમન ટોયલેટ બ્લોક, કલ્ચરલ પ્રોગ્રામ માટે સ્ટેજ, ઈન્ટરનલ રોડ, વોટર સપ્લાય તથા ડ્રેનેજ પાઇપલાઇન, ટ્રી પ્લાન્ટેશનની કામગીરીનો સમાવેશ થાય છે. જે માટે આર્કિટેક્ટને રોકી કોન્સેપ્ટ પ્લાન તૈયાર કરીને આખરીકરણ કરવામાં આવેલ છે. કોન્સેપ્ટ પ્લાન મુજબની કામગીરી હાથ ધરવામાં આવશે.<br>વર્ષ ૨૦૧૧–૧૨ |

૧. ચોટીલાના વિકાસ માટે આર્કિટેક્ટની પસંદગી કરવામાં આવેલ છે. આર્કિટેક્ટ દ્વારા તૈયાર કરવામાં આવેલ છે. કોન્સેપ્ટ પ્લાન મુજબની કામગીરી માટે પ્રથમ તબક્કામાં ` ૧૫.૦૦ કરોડની સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવેલ છે.

૨. ચોટીલા ડુંગર ઉપર ચઢવા માટે ફનીક્યુલર ટ્રેઇનની કામગીરી માટે રાઇટસ લી. (કેન્દ્ર સરકારશ્રીનું સાહસ) ને રોકવામાં આવેલ છે. તેઓના દ્વારા પ્રાથમિક અહેવાલ તૈયાર કરવામાં આવી રહેલ છે અને વન વિભાગ હસ્તકની જમીન મેળવવાની કાર્યવાહી ચાલુ છે. આ પ્રોજેક્ટ પબ્લીક પ્રાઇવેટ પાર્ટનરશીપ મારફત કરવા માટેના ટેન્ડર ડોક્યુમેન્ટસ તૈયાર કરવામાં આવી રહેલ છે.

(૨) આ માટે તા.૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારે કેટલી ગ્રાન્ટ આપી, અને

(૨) તરણેતર માટે કોઇ ગ્રાન્ટ ફાળવેલ નથી.

ચોટીલાના વિકાસ માટે ` ૩૧.૫૦ લાખની ફાળવણી કરેલ છે.

(૩) તેમાંથી કેટલો ખર્ચ થયો ?

(૩) ચોટીલાના વિકાસ માટે ` ૩૧.૫૦ લાખનો ખર્ચ થયેલ છે.

## જામનગરની એમ. પી. શાહ મેડિકલ કોલેજમાં પ્રિન્સીપાલ, પ્રોફેસર અને લેકચરરની મંજૂર જગ્યાઓ બાબત

૨૬૫૭૧ **શ્રી જવાહરભાઇ પે. ચાવડા(માણાવદર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર ખાતે તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ જામનગરની એમ. પી. શાહ મેડિકલ કોલેજમાં પ્રિન્સીપાલ, પ્રોફેસર અને લેકચરરની સંવર્ગવાર મંજૂર થયેલી જગ્યાઓ કેટલી છે, અને

(૨) આ પૈકી તા.૧-૧-૨૦૧૨ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે ?

**જવાબ**

(૧) જામનગર ખાતે તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ જામનગરની એમ. પી. શાહ મેડિકલ કોલેજમાં મંજૂર થયેલ જગ્યાઓ નીચે મુજબ છે.

| ક્રમ | સંવર્ગ | મંજૂર જગ્યાઓ |
|---|---|---|
| ૧ | પ્રિન્સીપાલ | શૂન્ય |
| ૨ | પ્રોફેસર | ૪૫ |
| ૩ | લેકચરર | શૂન્ય |

(૨) આ પૈકી તા.૧-૧-૨૦૧૨ની સ્થિતિએ પ્રોફેસર સંવર્ગમાં ૮ જગ્યાઓ ખાલી છે.

## આજી-૩ સિંચાઇ યોજનાની લતિપુર ગામની રેવન્યુની જમીન પરત કરવા બાબત

૨૫૧૭૫ **શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જોડીયા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાની આજી-૩ સિંચાઇ યોજનામાં લતિપુર ગામના રેવન્યુ સર્વે નંબર-૯ પૈકી એક જમીન સિંચાઇ વિભાગને જરૂર ન હોવાથી સંપાદિત જમીન પરત કરવાની માંગણી સરકારને કયારે મળી છે,

(૨) આ જમીન પરત કરવાની કાર્યવાહી તા.૩૧મી ડીસેમ્બર-૨૦૧૧ ની સ્થિતિએ કયા તબકકે છે, અને

(૩) સરકાર કયાં સુધીમાં પરત સોંપવા માંગે છે ?

**જવાબ**

(૧) તા.૨૦-૦૯-૨૦૧૦ ના રોજ મળી છે.

(૨) અરજદારશ્રી પાસે તા.૨૭-૦૯-૧૧ થી જરૂરી વિગતો માંગવામાં આવેલ છે.

(૩) વિગતો ઉપલબ્ધ થયે, ચકાસણી કરી યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

## અમરેલી જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે મંજૂર કરેલ રકમ

૨૭૧૮૯ **શ્રી હનુભાઇ ધોરાજીયા(લાઠી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ

**જવાબ**

(૧) અમરેલી જીલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે તા.૩૧-૧૨-૧૧ ની સ્થિતિએ છેલ્લા

છેલ્લા એક વર્ષમાં કેટલી રકમ મંજુર કરવામાં આવી,

એક વર્ષમાં ` ૪૦૦.૦૦ લાખની રકમ નીચે પ્રમાણે મંજુર થયેલ છે.

| સામુહિક આરોગ્ય કેન્દ્રનું નામ | મંજુર થયેલ રકમ |
|---|---|
| વંડા | ` ૧૪૦.૦૦ લાખ |
| ચિત્તલ | ` ૨૬૦.૦૦ લાખ |
| કુલ | **` ૪૦૦.૦૦ લાખ** |

(૨) આ પૈકી કયા કયા સ્થળોએ બાંધકામ હાથ ધરવામાં આવશે અને આ કામગીરી કયારે શરૂ થશે, અને

(૨) સામુહિક આરોગ્ય કેન્દ્ર વંડા, તા.સાવરકુંડલા ખાતે નવા મકાન બાંધકામનું ટેન્ડર માંગવામાં આવેલ છે જે મંજુર થયે કામ હાથ ધરવામાં આવશે જ્યારે ચિત્તલ ખાતેનું કામ જમીન ઉપલબ્ધ થયે હાથ ધરવામાં આવશે.

(૩) આ કામગીરી કયાં સુધીમાં શરૂ થશે ?

(૩) સામુહિક આરોગ્ય કેન્દ્ર, વંડા, તા.સાવરકુંડલાનું ટેન્ડર મંજુર થયેથી કામગીરી શરૂ કરવામાં આવશે જ્યારે ચિત્તલ ખાતેનું કામ જમીન ઉપલબ્ધ થયેથી હાથ ધરવામાં આવશે.

## રાજ્યમાં મંજુર કરેલ બી.આર.ટી.એસ. પ્રોજેકટ

૨૭૦૪૮ **શ્રી ભૂપેન્દ્રભાઇ ગ. લાખાવાળા( વડોદરા શહેર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૦–૧૧, અને ૨૦૧૧–૧૨ દરમ્યાન તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ રાજ્યમાં બી.આર.ટી.એસ. યોજના હેઠળના કેટલા પ્રોજેકટ મંજુર કરવામાં આવ્યા, અને

(૨) આ પૈકી અમદાવાદ મહાનગરપાલિકામાં કેટલી રકમના કેટલા પ્રોજેકટ મંજુર થયા છે, અને

(૩) ઉકત સ્થિતિએ આ પ્રોજેકટોની પ્રગતિ કયા તબકકે છે ?

**જવાબ**

(૧) એક પણ નહીં,

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## વડોદરાની ગોત્રીની સિવિલ હોસ્પીટલનું નવીનીકરણ

૨૭૧૭૦ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ( વડોદરા ગ્રામ્ય) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વડોદરાની ગોત્રીની સિવીલ હોસ્પિટલના નવીનીકરણ કે સુધારણા માટે સરકાર દ્વારા માસ્ટર પ્લાન તૈયાર કરેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, આ તો પ્લાન અંતર્ગત શી કામગીરી કરવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ગોત્રી–વડોદરા ખાતેના ટી.બી. સેનેટોરીયમને અપગ્રેડ કરીને ૧૫૦ બેઠકોની ક્ષમતાવાળી મેડિકલ કોલેજ શરૂ કરવાનું આયોજન કરાયેલ છે અને જુની ટી.બી. હોસ્પિટલની જગ્યામાં જી.એમ.ઈ.આર. સોસાયટી અંતર્ગત મેડિકલ કોલેજ સંલગ્ન ટીચીંગ હોસ્પિટલ બાંધવાનું આયોજન છે. માસ્ટર પ્લાનીંગ મુજબ પ્રથમ તબકકાનું બાંધકામ પૂર્ણ થયેલ છે અને બીજા તબકકામાં હોસ્પિટલ, કોલેજ, સ્ટુડન્ટ હોસ્ટેલ, નર્સિંગ હોસ્ટેલ, સ્ટાફ કવાર્ટસ, એનીમલ હાઉસ, પી.એમ.રૂમ વગેરેનું બાંધકામ હાલ પ્રગતિમાં છે.

તા.૧૨મી માર્ચ, ૨૦૧૨

અતારાંકિત પ્રશ્નો

## ભાવનગર જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ બાળકોની સારવાર

૨૭૧૯૧ **શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા(પાલીતાણા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત તાલુકાવાર કૂલ કેટલા વિદ્યાર્થીઓની આરોગ્ય તપાસણી કરવામાં આવેલ,

(૨) તેમાં કેટલા વિદ્યાર્થીઓને કયા પ્રકારના ગંભીર રોગ માલુમ પડેલ છે, અને

(૩) તે પૈકી કેટલાને કયા પ્રકારની સારવાર આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) કુલ - ૧૫૨૯૫૬૧ વિદ્યાર્થીઓની આરોગ્ય તપાસણી કરવામાં આવેલ છે. વિગતો દર્શાવતું પત્રક -અ મુજબ સામેલ છે.

(૨) તે પૈકી કુલ-૬૮૦૭૨ વિદ્યાર્થીઓને જુદા જુદા પ્રકારના ગંભીર રોગ માલુમ પડેલ છે. તે પૈકી ૬૨૩ વિદ્યાર્થીને કેન્સર, કીડની અને હૃદયરોગ જેવા ગંભીર રોગ માલુમ પડેલ છે.

(૩) ગંભીર કેસોમાં રેફરલ અને તજજ્ઞો ધ્વારા જરૂરીયાત મુજબ તબીબી કે સર્જીકલ સારવાર આપવામાં આવે છે.

**પત્રક - અ**

| ક્રમ | તાલુકાનું નામ | તપાસેલ બાળકો | | બે વર્ષનું કુલ |
|---|---|---|---|---|
| | | ૨૦૧૦ | ૨૦૧૧ (૩૧-૧૨-૧૧ અંતિત) | |
| ૧ | ભાવનગર | ૪૮૨૭૮ | ૪૮૪૧૩ | ૯૬૬૯૧ |
| ૨ | ઘોઘા | ૨૯૨૮૩ | ૨૭૭૩૭ | ૫૭૦૨૦ |
| ૩ | મહુવા | ૮૫૦૪૧ | ૮૬૧૯૪ | ૧૭૧૨૩૫ |
| ૪ | તળાજા | ૬૨૪૦૭ | ૬૨૩૦૮ | ૧૨૪૭૧૫ |
| ૫ | પાલિતાણા | ૭૦૩૨૨ | ૧૧૧૩૭૦ | ૧૮૧૬૯૨ |
| ૬ | ગારીયાધાર | ૩૦૩૦૪ | ૭૫૮૫૮ | ૧૦૬૧૬૨ |
| ૭ | બોટાદ | ૧૧૩૪૭૨ | ૩૦૬૩૯ | ૧૪૪૧૧૧ |
| ૮ | ગઢડા | ૫૫૫૧૮ | ૬૩૬૧૬ | ૧૧૯૧૩૪ |
| ૯ | શિહોર | ૭૪૯૪૬ | ૭૮૮૮૮ | ૧૫૩૮૩૪ |
| ૧૦ | વલ્લભીપુર | ૨૩૭૧૬ | ૨૩૭૨૯ | ૪૭૪૪૫ |
| ૧૧ | ઉમરાળા | ૧૮૬૨૯ | ૨૦૧૪૩ | ૩૮૭૭૨ |
| ૧૨ | ભાવનગર કોર્પો. | ૧૩૯૯૪૦ | ૧૪૮૮૧૦ | ૨૮૮૭૫૦ |
| | **કુલ** | **૭૫૧૮૫૬** | **૭૭૭૭૦૫** | **૧૫૨૯૫૬૧** |

## વડોદરા જિલ્લામાં પ્રવાસન વિકાસ માટેના સ્થળો

૨૭૦૮૭ **શ્રી ગુલસીંગભાઈ ર. રાઠવા( છોટાઉદેપુર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં સને ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કયા કયા સ્થળો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવ્યા,

(૨) પસંદ કરેલ સ્થળોને વિકસાવવા માટે કઈ કઈ સુવિધા પૂરી પાડવાની સરકારની યોજના છે,

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં સને ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ સને ૨૦૧૦-૧૧ માં વડોદરાના કમાટી બાગને તથા વર્ષ ૨૦૧૧-૧૨ માં (૧) જેતપુર પાવી તાલુકામાં આવેલ સુખી ડેમને (૨) સંખેડા તાલુકામાં આવેલ તરગોળ ઈકો ટુરીઝમ સેન્ટર (૩) ડભોઈ તાલુકાના ચાણોદ અને કરનાળી ને પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવ્યા.

(૨) (૧) કમાટી બાગ વડોદરા ખાતે લેશર શો (૨) જેતપુર પાવી તાલુકામાં આવેલ સુખી ડેમ ખાતે હયાત રેસ્ટ હાઉસની ફરતે કમ્પાઉન્ડ વોલ, પાર્કીંગની જગ્યામાં પ્લેટફોર્મ, ચેક પોસ્ટ પાસે પી.આર.ઓ. ઓફીસ, સુખી જળાશય યોજનાનું મોડેલ મ્યુઝીયમ રૂમ, ટેકરી પરની હટ વ્યુ પોઈન્ટ પર એક્રેલીક ટાઈપની કેબીન, બોટીંગ વ્યવસ્થા ડેવલપ કરવાનું આયોજન, અપસ્ટ્રીમમાં કોક્રીંટ સ્ટેપ અને પ્લેટફોર્મ, ટીકીટબારી, ફૂવારા તથા બાગ બગીચા, પર્યટકોને ફેરવવા મશીનથી ચાલતી મોટર બોટ, પર્યટકો

માટે ચા–નાસ્તો તથા ફ્રેશ થવા માટે શેડ, સેડલ નં.૨ મુખ્ય બંધ તથા વ્યુ પોઇન્ટની આજુબાજુ રેલીંગ, વ્યુ પોઇન્ટ પર આર.સી.સી.ની સાંકળ મુકવાની જોગવાઇ (૩) તરગોળ ઇકો ટુરીઝમ સેન્ટર, સંખેડા ખાતે કેનાલથી ટુરીઝમ સેન્ટર સુધીનો રોડ, ઇકો ટુરીઝમની ફરતે અને બાજુમાં ટેરીસ ગાર્ડન, ટુરીઝમ સેન્ટર નજીક બનાવેલ ચેકડેમ પર ૩૦ મીટર લંબાઇનો પુલ, પ્રવાસીઓ માટે ડાઇનીંગ ટેબલો, ખુરશી તથા હીંચકા, અને રસોડાની વ્યવસ્થા, બાળકો માટે રમત ગમતના સાધનો મુકવાનું આયોજન છે. (૪) ડભોઈ તાલુકાના ચાણોદ અને કરનાલી ખાતે સ્નાનઘાટ, હયાતઘાટનું રીપેરીંગ, રીનોવેશન, રેસ્ટોરેશન, રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ, સ્મશાનઘાટ, ફલોટીંગ જેટી, બ્યુટીફીકેશન, ઇલેક્ટ્રીફીકેશન, લેન્ડ સ્કેપીંગ, પાર્કીંગ તથા ઇન્ફ્રાસ્ટ્રક્ચરની સુવિધા પૂરી પાડવાનું સરકારનું આયોજન છે.

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર પ્રત્યેક સ્થળના વિકાસ માટે કેટલા નાણાં ફાળવવામાં આવ્યા, અને

(૩)

**સને ૨૦૧૦–૧૧**

વડોદરાના કમાટી બાગ ખાતે લેશર શો ગોઠવવા માટે કલેક્ટરશ્રીને રૂપિયા ૨૫.૦૦ લાખ ગ્રાન્ટ ફાળવેલ છે.

**સને ૨૦૧૧–૧૨**

જેતપુર પાવી તાલુકાના સુખી ડેમ, સંખેડા તાલુકાના તરગોળ ખાતેનું ઇકો ટુરીઝમ સેન્ટર તથા ચાણોદ અને કરનાલી પરિયોજના આયોજન હેઠળ હોઇ કોઇ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ નથી.

(૪) તેની સામે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૪) સદરહુ પરિયોજનાઓ હેઠળ કોઇ ખર્ચ થયેલ નથી.

## બોરસદની રાસ પાણી પુરવઠાના ટેન્ડર બહાર પાડવા બાબત

૨૬૧૦૭ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર( ભાદરણ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૨૫–૧–૧૨ ની સ્થિતિએ રાસ તા. બોરસદની રાસ પાણી પુરવઠાના ટેન્ડર ક્યારે બહાર પાડવામાં આવ્યા, | (૧) માહે ૮/૨૦૧૦માં. |
| (૨) આ ટેન્ડર ક્યારે મંજૂર થયા, અને<br>(૩) અને ક્યારે કામ શરૂ કરી પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૨) અને (૩) ટેન્ડરમાં આવેલા પાઇપના ભાવો પ્રવર્તમાન ભાવોથી વધારે ઉંચા ભરેલા હોવાને કારણે ટેન્ડરો રદ કરેલ છે અને દરમ્યાનમાં રાસ તળાવમાં ઘર વપરાશનું દૂષિત પાણી આવતું હોઇ શુધ્ધ પાણીનો સોર્સ મેળવવા માટે વિગતો મેળવવામાં આવી રહેલ છે. |

## પાનમ અને વણાકબોરીમાં જૂથ પાણી પુરવઠા યોજના ગામોના પેટા ફળિયાને પાણી આપવા બાબત

૨૭૦૦૩ **શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ( શહેરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) શહેરા તાલુકામાં પાનમ અને વણાકબોરીમાં તા.૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ જૂથ પાણી પુરવઠા આધારિત કેટલા ગામોના પેટા ફળિયાને પાણી આપવામાં આવે છે, | (૧) શહેરા તાલુકામાં પાનમ જૂથ પાણી પુરવઠા યોજનામાં ૪૧ ગામ અને ૩૦ ફળિયા અને વણાકબોરીમાં જૂથ પાણી પુરવઠા યોજનામાં ૨૪ ગામ અને ૨૩ ફળિયાને પાણી આપવામાં આવે છે. |
| (૨) બાકીના પેટા ફળિયાને પાણી નહીં આપવાના | (૨) મૂળ યોજનામાં મુખ્ય ગામના પાદર સુધી જ |

કારણો શાં છે, અને

પાણી પુરવઠો આપવાનું આયોજન હોવાથી પરંતુ, અન્ય સ્થાનિક સોર્સમાંથી પાણી આપવામાં આવે છે.

(૩) બાકીના ગામોના પેટા ફળિયાને ક્યારે ક્યારે પાણી આપવા માંગો છો ?

(૩) બાકીના ગામ ફળિયાને તબક્કાવાર માહે ૧૨/૨૦૧૨ સુધીમાં પાણી આપવાનું આયોજન છે.

**રાજકોટ જિલ્લામાં નગરપાલિકાઓના તળાવ બ્યુટીફીકેશનમાં સમાવેશ**

૨૭૦૭૫ **શ્રીમતિ જશુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૧૧-૧૨માં તા.૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ કેટલી નગરપાલિકાઓના તળાવ બ્યુટીફીકેશનમાં સમાવેશ કરવામાં આવ્યો,

(૨) તે પૈકી જેતપુર અને ગોંડલ નગરપાલિકાને કેટલી ગ્રાન્ટ આપવામાં આવી, અને

(૩) તે પાછળ કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૧-૧૨માં તા.૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ કોઇ નગરપાલિકાઓના તળાવ બ્યુટીફીકેશનમાં સમાવેશ કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**રાજ્યમાં યોજાયેલ રણોત્સવ સ્થળ**

૨૭૧૧૩ **શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ(મહેસાણા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૧ માં રાજ્યમાં રણોત્સવ ક્યા સ્થળે અને ક્યારે યોજવામાં આવ્યો, અને

(૨) આ ઉત્સવમાં કેટલા વિદેશી મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૧ માં કચ્છ જિલ્લામાં ધોરડો ગામે તા.૯-૧૨-૨૦૧૧ થી ૧૫-૧-૨૦૧૨ સુધી રણોત્સવ યોજવામાં આવેલ હતો.

(૨) આ ઉત્સવમાં એક વિદેશી મહાનુભાવ ઉપસ્થિત રહ્યા હતા.

**જૂનાગઢ જિલ્લામાં પ્રવાસન વિકાસના સ્થળોનો સમાવેશ**

૨૭૧૨૪ **શ્રી કાળુભાઇ ચ. રાઠોડ(ઉના) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રવાસન વિકાસ અન્વયે કેટલા સ્થળોનો સમાવેશ કરવામાં આવેલ છે,

(૨) તે અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં કેટલી ગ્રાન્ટ વિકાસ માટે ફાળવવામાં આવી, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં પ્રવાસન વિકાસ અન્વયે નીચે મુજબના સ્થળોનો સમાવેશ કરવામાં આવેલ છે.

(અ) જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા.

(૧) ભવનાથ અને આજુબાજુનો વિસ્તાર તથા આદરી ગામનો સમાવેશ કરવામાં આવેલ છે.

(૨) સોમનાથ ખાતે સેફ્ટી ચેઇન વોલની કામગીરી .

(બ) ગુજરાત પ્રવાસન નિગમ લીમીટેડ દ્વારા

(૧) જૂનાગઢ સ્થળનો વિકાસ.

(૨) સોમનાથ (ભાલકાતીર્થ).

(૩) અહેમદપુર માંડવી, દરિયાકાંઠાનો વિકાસ.

(૨) તે અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં નીચે મુજબની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

(૧) જિલ્લા કલેક્ટરશ્રી જૂનાગઢને ભવનાથ માટે વર્ષ ૨૦૦૯-૧૦ માં ` ૫૫૩.૦૦લાખ અને વર્ષ ૨૦૧૦-૧૧ માં ` ૧૫૦.૦૦ લાખ ફાળવવામાં આવ્યા.

(૨) સોમનાથ માટે સોમનાથ ટ્રસ્ટને વર્ષ ૨૦૦૯-૧૦ માં ` ૭૩.૮૨ લાખ ફાળવવામાં આવ્યા.

(૩) ગુજરાત પ્રવાસન નિગમ લીમીટેડ દ્વારા જૂનાગઢ સ્થળના વિકાસ માટે ` ૯૭૫.૨૨ લાખની રકમનું આયોજન કરેલ છે.

(૩) ફાળવેલ ગ્રાન્ટમાંથી ક્યા સ્થળ પાછળ કેટલો ખર્ચ થયો ?

(૩) ફાળવેલ ગ્રાન્ટ અન્વયે નીચે મુજબનો ખર્ચ થયેલ છે.

(અ) જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા.

(૧) ભવનાથ અને આજુબાજુનો વિસ્તાર તથા આદરી ગામના વિકાસ માટે ` ૩૫૮.૩૭ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

(૨) સોમનાથ ટ્રસ્ટ દ્વારા સેફટી ચેઇન વોલની કામગીરી માટે

` ૪૬.૭૫ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

(બ) ગુજરાત પ્રવાસન નિગમ લીમીટેડ દ્વારા જૂનાગઢ સ્થળના વિકાસની કામગીરી પ્રગતિમાં છે અને ` ૪૫૧.૭૯ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

**વ્યારા તાલુકામાં સૂકા વિસ્તારના ગામોને લીફ્ટ ઈરીગેશન દ્વારા સિંચાઈનુ પાણી આપવા બાબત**

૨૬૦૪૬ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત( વ્યારા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ વ્યારા તાલુકાના સૂકા વિસ્તારના ગામોને ડેમમાંથી વાલોઠા–કપડવા–કાગકુઇ અને બાલપુર ગામોને લીફ્ટ ઈરીગેશન દ્વારા ખેડૂતોને સિંચાઇ માટેનુ પાણી મળે તે માટે સરકારે ક્યા પ્રકારનું આયોજન કરેલ છે, અને

(૨) કેટલા સમયમાં આ ગામોને પિયતનું પાણી આપવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) વ્યારા તાલુકાના વાલોઠા–કપડવા–કાગકુઇ અને બાલપુર ગામોની નજીક કોઇ ડેમ કે પાણીનો અન્ય કોઇ કાયમી સ્ત્રોત ઉપલબ્ધ ન હોઇ અને ઉપર્યુક્ત ગામોની સ્થળ પરિસ્થિતિ અનુસાર કોઇ લીફ્ટ ઈરીગેશનનું આયોજન તાંત્રિક રીતે શક્ય ન હોઇ તેનું આયોજન કરેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**નવસારી જિલ્લામાં કાર્યરત ૧૦૮ એમ્બ્યુલન્સ વાન**

૨૭૦૮૧ **શ્રી લક્ષ્મણભાઇ પ. પટેલ( ગણદેવી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ તાલુકાવાર કેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ વાન કાર્યરત છે,

**જવાબ**

(૧) તાલુકાવાર નીચે મુજબ કુલ ૧૧ એમ્બ્યુલન્સ વાન કાર્યરત છે.

ચીખલી – ૩
ગણદેવી – ૨
જલાલપોર – ૨
નવસારી – ૧
વાંસદા – ૩.

(૨) તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનો કેટલા લાભાર્થીઓએ ભાગ લીધો, અને

(૨) ૧૯૧૭૧.

(૩) આ પૈકી કેટલાની જિંદગી બચાવવામાં આવી ?

(૩) ૧૪૭૧.

**ઝઘડીયા તાલુકામાં ધોલી મુકામે ડેમ બનાવવા બાબત**

૨૪૯૫૮ **શ્રી કિરણકુમાર લ. મકવાણા( જંબુસર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ ધોલી, તાલુકો, ઝઘડીયા મુકામે ડેમ ક્યા વર્ષમાં બનાવવામાં આવેલ છે,

**જવાબ**

(૧) વર્ષ ૧૯૯૫.

(૨) આ ડેમની કેનાલ કુલ કેટલી લંબાઇની છે,

(૨) ૨૦ કિલોમીટર.

(૩) કેનાલનું કામ પુર્ણ થયેલ છે કે કેમ,

(૩) મહદ્અંશે પુર્ણ.

(૪) ડેમના પાણીથી કુલ કેટલા એકર જમીનમાં પિયત કરવાનું આયોજન હતું, અને

(૪) ૩૧૧૫ એકર.

(૫) ઉક્ત સ્થિતિએ કેટલા એકર જમીનને પિયત આપવામાં આવે છે ?

(૫) ૫૧૪ એકર.

**કચ્છ જિલ્લામાં મોટા ચેકડેમોના ચાલુ કામો**

૨૭૦૨૨ **શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી (મુંદ્રા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૧મી ડિસેમ્બર, ૨૦૧૧ ની સ્થિતિએ કેટલા મોટા ચેકડેમોના કામો પ્રગતિ હેઠળ છે, અને

(૨) આ કામો ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૧મી ડિસેમ્બર, ૨૦૧૧ ની સ્થિતિએ ૬૩ મોટા ચેકડેમોના કામો પ્રગતિ હેઠળ છે.

(૨) આ પ્રગતિ હેઠળના કામો તા.૩૦–૬–૨૦૧૨ સુધીમાં પુર્ણ કરવાનું આયોજન છે.

**અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત શહેરમાં જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન હેઠળ કેન્દ્ર સરકારે ફાળવેલ રકમ**

૨૮૯૧૨ **શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ(બાબરા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત શહેરમાં જવાહરલાલ નહેરૂ અર્બન મિશન હેઠળ વિકાસના કામો માટે કેટલી રકમ કેન્દ્ર સરકારે ફાળવેલ, અને

(૨) તે અન્વયે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ` ૭૫૪.૩૩ કરોડ.

(૨) આ સામે મહાનગરપાલિકાઓએ કુલ ` ૨૯૬૭.૯૫ કરોડનો ખર્ચ કરેલ છે.

**આણંદ જિલ્લામાં સફાઇ પ્રોત્સાહક યોજનામાં નગરપાલિકાઓને ચૂકવેલ ગ્રાન્ટ**

૨૭૦૮૬ **શ્રી શિરીષકુમાર મ. શુક્લ( ખંભાત) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં સફાઇ વેરા પ્રોત્સાહક યોજના હેઠળ વર્ષ ૨૦૧૧–૧૨ માં તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ કઇ કઇ નગરપાલિકાઓને કેટલી રકમની ગ્રાન્ટ ચૂકવવામાં આવી,

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં સફાઇ વેરા પ્રોત્સાહક યોજના હેઠળ વર્ષ ૨૦૧૧–૧૨ માં તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ આણંદ જિલ્લાની કુલ–૧૧ નગરપાલિકાઓ પૈકી નીચે મુજબની ૪(ચાર) નગરપાલિકાઓને ગ્રાન્ટની રકમ ચૂકવવામાં આવી છે.

| ક્રમ | નગરપાલિકાનું નામ | ચૂકવેલ રકમ (` લાખમાં) |
|---|---|---|
| ૧ | આણંદ | ૪૨.૮૬ |
| ૨ | બોરીઆવી | ૦.૭૯ |
| ૩ | વલ્લભવિદ્યાનગર | ૨૭.૫૨ |
| ૪ | પેટલાદ | ૮.૫૯ |
| | **કુલઃ** | **૭૯.૭૬** |

(૨) તે અન્વયે કેટલા કામો હાથ ધરાયેલ છે, અને

(૨)

| ક્રમ | નગરપાલિકાનું નામ | હાથ ધરાયેલ કામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | આણંદ | ૩ |
| ૨ | બોરીઆવી | ૧ |
| ૩ | વલ્લભવિદ્યાનગર | ૧ |
| ૪ | પેટલાદ | ૦ |
| | **કુલઃ** | **૫** |

(૩) તે પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે ?

(૩) તે પાછળ ઉક્ત સ્થિતિએ નગરપાલિકાવાર નીચે દર્શાવેલ વિગતે કુલ ` ૪૬.૭૮ લાખ ખર્ચ થયેલ છે.

| ક્રમ | નગરપાલિકાનું નામ | ચૂકવેલ રકમ (` લાખમાં) |
|---|---|---|
| ૧ | આણંદ | ૪૨.૮૬ |
| ૨ | બોરીઆવી | ૦.૬૫ |
| ૩ | વલ્લભવિદ્યાનગર | ૩.૨૭ |
| ૪ | પેટલાદ | ૦.૦૦ |
| | **કુલઃ** | **૪૬.૭૮** |

**માનનીય મુખ્યમંત્રીશ્રીની ઓનલાઇન ફરીયાદ નિવારણ કાર્યક્રમમાં શહેરી વિકાસ વિભાગને મળેલ ફરિયાદો**

૨૬૯૦૯ **શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ( સાવલી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૮–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માન. મુખ્યમંત્રીશ્રીની ઓનલાઇન ફરિયાદ નિવારણ કાર્યક્રમ અન્વયે શહેરી વિકાસ વિભાગની કેટલી ફરિયાદો વર્ષવાર મળી, | (૧) તા.૧–૯–૨૦૦૯ થી તા.૩૧–૮–૨૦૧૦ ના વર્ષ દરમ્યાન ૫૮ અને તા.૧–૯–૨૦૧૦ થી તા.૩૧–૮–૨૦૧૧ ના વર્ષ દરમ્યાન ૯૩ ઓનલાઇન ફરિયાદો મળેલ. |
| (૨) તે અન્વયે વર્ષવાર કેટલી ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો, અને કેટલી અરજીઓ ઉક્ત સ્થિતિએ પડતરમાં છે ? | (૨) ઉપર જણાવેલ ઓનલાઇન ફરિયાદો પૈકી તા.૧–૯–૨૦૦૯ થી તા.૩૧–૮–૨૦૧૦ ના વર્ષ દરમ્યાન ૫૧ અને તા.૧–૯–૨૦૧૦ થી તા.૩૧–૮–૨૦૧૧ ના વર્ષ દરમ્યાન ૭૪ ઓનલાઇન ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો અને અનુક્રમે તા.૧–૯–૨૦૦૯ થી તા.૩૧–૮–૨૦૧૦ ના વર્ષ દરમ્યાન ૦૭ અને તા.૧–૯–૨૦૧૦ થી તા.૩૧–૮–૨૦૧૧ ના વર્ષ દરમ્યાન ૧૯ ઓનલાઇન ફરિયાદો પડતરમાં છે. |

**નવસારી જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ડોક્ટરોની ઘટ**

૨૫૯૭૫ **શ્રી છનાભાઇ કો. ચૌધરી( ધરમપુર) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ નવસારી જિલ્લામાં તાલુકાવાર પ્રાથિમક આરોગ્ય કેન્દ્રોમાં કેટલા ડોક્ટરોની ઘટ છે, અને | (૧) ૧ (એક) ડોક્ટરની ઘટ છે. |
| (૨) આ ઘટ નિવારવા સરકારે શાં પગલાં લીધાં અને કેટલા સમયમાં આ ઘટ પૂરી કરવામાં આવશે ? | (૨) તબીબી અધિકારી વર્ગ–૨ ની ખાલી જગ્યા ભરવા રાજ્ય હસ્તકની તબીબી કોલેજ તરફથી બોન્ડેડ ઉમેદવારોની યાદી ઉપલબ્ધ થયેથી નિમણુંક આપવાની કાર્યવાહી કરવામાં આવે છે. તેમજ દર મંગળવારના રોજ એડહોક નિમણુંક અંગે વોક–ઇન–ઇન્ટરવ્યુ રાખવામાં આવે છે. જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી જગ્યા ભરી શકાશે. |

**અમદાવાદ જિલ્લામાં કાંસોની ખોદાઈ**

૨૮૦૧૭ **શ્રી રણછોડભાઇ ક. મેર(ધંધુકા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કયા કયા કાંસોની ખોદાઈ તથા સફાઈ કરવામાં આવેલ છે. | (૧) પત્રક–અ મુજબ |
| (૨) તે અન્વયે કાંસ દીઠ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) પત્રક–બ મુજબ |
| (૩) જે કાંસોનું કામ બાકી છે, તે કયાં સુધીમાં પુર્ણ કરવાનું આયોજન છે? | (૩) તબક્કાવાર અને જરૂરિયાત મુજબ કામગીરી પૂર્ણ કરવામાં આવશે. |

**પત્રક–અ**

| વર્ષ ૨૦૦૯ | | વર્ષ ૨૦૧૦ | | વર્ષ ૨૦૧૧ | |
|---|---|---|---|---|---|
| તાલુકો | કાંસનું નામ | તાલુકો | કાંસનું નામ | તાલુકો | કાંસનું નામ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| દસક્રોઈ | ગોતાગોધાવી | વિરમગામ | કુમારખાન લીંક | દસક્રોઈ | ગોતાગોધાવી |
| વિરમગામ | ઓગણ ડ્રેઈન | વિરમગામ | કેશવપુરા બંધ ફીડર | વિરમગામ | ઓગણ ડ્રેઈન |
| વિરમગામ | વિરમગામ | વિરમગામ | વશવેલીયા ટેન્ક ફીડર | વિરમગામ | વિરમગામ |
| વિરમગામ | ડુમાણા | સાણંદ | ગઢીયા સોયલા ડ્રેઈન | વિરમગામ | એક્ષટેન્શન ઓફ ઘોડા ફીડર |
| વિરમગામ | ભોજવા | | | વિરમગામ | કાયલા વેસ્ટ ચેનલ |
| વિરમગામ | ગોરૈયા દોલતપુરા | | | વિરમગામ | કરકથલ ડ્રેઈન |
| વિરમગામ | શેરેશ્વર ટેન્ક ફીડર | | | વિરમગામ | ગોરૈયા ડ્રેઈન |
| વિરમગામ | ગોધાવી ડ્રેઈન | | | સાણંદ | સી.વી. ડ્રેઈન |
| | | | | દેત્રોજ | ઓઢવ ગમાનપુરા |
| | | | | દેત્રોજ | દેત્રોજ પાનસર |
| | | | | દેત્રોજ | સંગપુરા કાત્રોડી ડ્રેઈન |

**પત્રક–બ**

| અ.નં. | કાંસનું નામ | રકમ ` લાખમાં |
|---|---|---|
૨૭૦૫૧ **શ્રી દિલીપસિંહજી વ. પરમાર( મોડાસા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૦–૧૧માં સાબરકાંઠા જિલ્લામાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના મોડલ નગરપાલિકા ઘટક કાર્યક્રમ હેઠળ વિકાસના કામો માટે કેટલી ગ્રાન્ટ ચુકવવામાં આવી હતી, અને

(૨) તે પરત્વે કયા કયા હેતુ માટેના કામો મંજુર કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) ` ત્રણ કરોડ, ત્રણ લાખ છાસઠ હજારની ગ્રાન્ટ ચુકવવામાં આવેલ છે.

(૨) તે પરત્વે નીચે જણાવેલ હેતુના કામો મંજુર કરવામાં આવેલ છે.

(૧) ગૌરવ પથ, (૨) મુખ્ય રસ્તા, (૩) હરીયાળા શહેરોનું નિર્માણ, (૪) લોક ભાગીદારી હેઠળના કામો, (૫) જળસંચયના કામો, (૬) સ્લમ વિસ્તારના વિકાસના, (૭) ગરીબ સમૃદ્ધિ યોજનાના કામો, (૮) સલ્મ વિસ્તારમાં સામાજિક સેવાઓ સુદ્રઢ બનાવવાના, (૯) નિર્મળ ગુજરાત, (૧૦) અન્ય કામો મંજુર

કરવામાં આવેલ છે.

## રાજકોટ જિલ્લામાં હીમોફીલીયાના દર્દીઓની સારવાર

૨૭૧૭૩ **શ્રી ભરતભાઇ ખો. બોઘરા(જસદણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં હીમોફીલીયાના દર્દીઓ માટે સરકાર કઈ કઈ આરોગ્ય સેવાઓ પૂરી પાડે છે, અને

**જવાબ**

(૧)
- હોસ્પિટલ ખાતે હીમોફીલીયાના દર્દીને બાળરોગ નિષ્ણાંત, ફીઝીશીયન અને હીમેટોલોજીસ્ટ જેવા નિષ્ણાત દ્વારા તબીબી સારવાર આપવામાં આવે છે.
- જરૂરીયાત મુજબ ક્રાયોપ્રેસીપીટેટ અને ફ્રેશ ફ્રોઝન પ્લાઝમાં આપવામાં આવે છે.
- હાડકા અને સાંધાની ફરિયાદ માટે આઈસ પેક, ક્રોમ્પ્રેશન બેન્ડેઝ, પ્લાસ્ટર સ્લેબ, ટ્રેકશન અને અન્ય સારવાર આપવામાં આવે છે.

(૨) રાજકોટ જિલ્લામાં સન ૨૦૧૧માં આ રોગગ્રસ્ત કેટલા દર્દીઓને સારવાર આપવામાં આવી?

(૨) સન–૨૦૧૧માં આ રોગના ૭ (સાત) દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

## મહેસાણા જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે મંજૂર થયેલ રકમ

૨૭૧૫૦ **શ્રી ભરતસિંહજી શં. ડાભી(ખેરાલુ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે કેટલી રકમ મંજુર કરવામાં આવી છે.

**જવાબ**

(૧) મહેસાણા જીલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે નીચે મુજબ રકમ મંજુર કરવામાં આવેલ છે.

| અ. નં. | પ્રા.આ.કેન્દ્રનું નામ | મંજુર રકમ |
|---|---|---|
| ૧ | સોખડા | ` ૫૦.૦૦ લાખ |
| ૩ | સુઢીયા | ` ૫૦.૦૦ લાખ |
| ૩ | પિલવાઈ | ` ૫૦.૦૦ લાખ |
| ૪ | વસઈ | ` ૫૦.૦૦ લાખ |
| ૫ | ડાંગરવા | ` ૫૦.૦૦ લાખ |
| ૬ | ગોઠવા | ` ૫૦.૦૦ લાખ |

(૨) તે પૈકી કયા  કયા સ્થળોએ બાંધકામ હાથ ધરવામાં આવશે અને આ કામગીરી ક્યાં સુધીમાં શરૂ થશે, અને

(૨) ટેન્ડર મંજુર થયેથી કામગીરી શરૂ કરવાનું આયોજન છે.

(૩) ઉક્ત કામગીરી કેટલા સમયમાં પુર્ણ કરવાનું આયોજન છે ?

(૩) આ કામગીરી ટેન્ડર મંજુર થયેથી ૧૨ માસ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

## અમદાવાદ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે

૨૭૮૦૮ **શ્રી કમાભાઇ ગ. રાઠોડ(વિરમગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે કેટલી રકમ મંજુર કરવામાં આવી છે,

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે છેલ્લા એક વર્ષમાં નીચે મુજબ રકમ મંજુર કરવામાં આવી છે.

| પ્રા. આ. કેન્દ્રનું નામ | મંજુર રકમ |
|---|---|
| ગણોલ | ` ૫૦.૦૦ લાખ |
| કુહા | ` ૫૦.૦૦ લાખ |
| સીતાપુર | ` ૫૦.૦૦ લાખ |
| કરકથલ | ` ૫૦.૦૦ લાખ |
| મણીપુર | ` ૫૦.૦૦ લાખ |

| | |
|---|---|
| વહેલાલ | ` ૫૦.૦૦ લાખ |

(૨) આ પૈકી કયા કયા સ્થળે બાંધકામ હાથ ધરવામાં આવશે અને આ કામગીરી ક્યાં સુધીમાં શરૂ થશે, અને

(૨) વહેલાલ, કુહા, સીતાપુર, કરકથલ, મનીપુરમાં કામગીરી પૂર્ણ થઈ ગયેલ છે, જ્યારે ગાણોલ, તા. ધોળકામાં જમીનનો પ્રશ્ન હોઈ જમીન મળેથી કામગીરી શરૂ કરવાનું આયોજન છે.

(૩) ઉક્ત કામગીરી કેટલા સમયમાં પુર્ણ કરવાનું આયોજન છે ?

(૩) ગાણોલ, તા. ધોળકામાં જમીન મળ્યેથી ટેન્ડર મંજૂર થયેથી એક વર્ષમાં કામ પૂર્ણ કરવાનું આયોજન છે.

## ચોટીલા માતાજી મંદિરના પરિસરના વિકાસના કામો માટે ફાળવેલ રકમ

૨૭૧૦૬ **શ્રી ભરતભાઇ વ. ખોરાણી(ચોટીલા)** : **માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા માતાજી મંદિરના પરીસરના વિકાસ કામો માટે રાજ્ય સરકારે સને ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ના વર્ષમાં તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ ફાળવી,

(૨) તે અન્વયે કેટલો ખર્ચ થયો, અને

(૩) યાત્રાળુઓના આ વિકાસ કામો બાદ કયા કયા પ્રકારની સવલતો મળશે ?

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જીલ્લાના ચોટીલા માતાજી મંદિરના પરીસરના વિકાસ કામો માટે આર્કિટેકની પસંદગી કરવામાં આવેલ છે. આર્કિટેક દ્વારા કોન્સેપ્ટ પ્લાન તૈયાર કરવામાં આવેલ જેનું આખરીકરણ કરવામાં આવેલ છે. કોન્સેપ્ટ પ્લાન મુજબની કામગીરી માટે પ્રથમ તબક્કામાં રૂપિયા ૧૫.૦૦ કરોડની સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવેલ છે.

સને ૨૦૧૦–૧૧ અને સને ૨૦૧૧–૧૨ના વર્ષમાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતએ રૂપિયા ૩૧.૫૦ લાખની ફાળવણી કરેલ છે.

(૨) આ અન્વયે રૂપિયા ૩૧.૫૦ લાખનો ખર્ચ થયેલ છે.

(૩) આ કામો બાદ યાત્રાળુઓને ચોટીલા ખાતે રોડ આઇલેન્ડ ડેવલપમેન્ટ, રસ્તાને પહોળા કરવા, પીવાના પાણીની સુવિધા, ટોયલેટ બ્લોક પેવર બ્લોક સાથેની પાર્કિંગની વ્યવસ્થા, બેઠક વ્યવસ્થા, દુકાનો, સાઈનેજીસ, કંમ્પાઉન્ડ વોલ, ઈલેક્ટ્રીક સુશોભન, એન્ટ્રસ ગેટ, રૂફીંગ સાથેનો વોકવે જેવી સવલતો મળશે.

ચોટીલા ડુંગર ઉપર ચઢવા માટે ફનીક્યુલર ટ્રેઈનની કામગીરી થયા બાદ યાત્રાળુઓને ડુંગર પર સહેલાઈથી ચઢવા માટે તથા સામાન લાવવા લઈ જવા સગવડતા ઉભી થનાર છે.

## જોડીયા તાલુકામાં ડેમી–૩ સિંચાઈ યોજના પડતર રહેલા આનુસંગિક કામો

૨૫૧૭૬ **શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જોડીયા)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જોડીયા તાલુકામાં આવેલ ડેમી–૩ સિંચાઈ યોજનામાં તા. ૩૧મી ડિસેમ્બર, ૨૦૧૧ની સ્થિતિએ ક્યાં ક્યાં આનુસંગિક કામો પડતર છે,

(૨) આ કામો અધુરા રહેવાના શા કારણો છે, અને

(૩) તે ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) :

ડેમી–૩ સિંચાઈ યોજનામાં તા. ૩૧મી ડિસેમ્બર, ૨૦૧૧ની સ્થિતિએ યોજનાની મૂળ મંજૂરી મુજબના કામો પૂર્ણ થયેલ છે. પરંતુ પાછળથી મળેલ રજુઆતો મુજબના કામો માહે જુન ૨૦૧૨ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

## અમરેલી જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ બાળકોની સારવાર

૨૭૨૦૨ **શ્રી હનુભાઇ ધોરાજીયા(લાઠી)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમરેલી જીલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ તાલુકાવાર સન ૨૦૧૦ તથા ૨૦૧૧ માં કેટલા બાળકોને કયા કયા રોગો માટે સારવાર આપવામાં આવી છે, અને

**જવાબ**

(૧) અમરેલી જીલ્લામાં શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ તાલુકાવાર સન ૨૦૧૦ તથા ૨૦૧૧માં કુલ–૫૪૦૫૭ બાળકોને જુદા જુદા રોગો માટે સારવાર આપવામાં આવેલ છે જેની વિગત દર્શાવતું **પત્રક–અ** સામેલ છે.

(૨) તે પૈકી કેટલા બાળકોને રેફરેલ અને તજજ્ઞ સારવાર આપવામાં આવી ?

(૨) તે પૈકી કુલ–૧૨૦૪૪ બાળકોને રેફરેલ અને તજજ્ઞ સારવાર આપવામાં આવેલ છે જેની વિગત દર્શાવતું **પત્રક–બ** સામેલ છે.

**પત્રક–અ**

| વર્ષ | તાલુકાનું નામ | પાંડુરોગ | આંત્રકૃમિ | દાંતની તકલીફ | આંખની તકલીફ | કાન–નાક ગળાની તકલીફ | પેટની તકલીફ | ચામડીના રોગ | શરીરની સ્થૂળતા | તમાકુનું સેવન | માનસીક તણાવ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૧૦ | અમરેલી | ૭૦૨ | ૧૬૯૩ | ૭૯૨ | ૯૩૩ | ૨૩૩ | ૨૨૦ | ૧૬૧ | ૩ | ૫ | ૦ |
| | બાબરા | ૫૦૮ | ૪૬૦ | ૬૬ | ૨૮૬ | ૧૪૫ | ૧૭૮ | ૧૩ | ૦ | ૦ | ૮ |
| | લાઠી | ૬ | ૭૨ | ૧૨૭ | ૫૬૭ | ૬૫ | ૨૭ | ૩૯ | ૨૨ | ૨૮ | ૯ |
| | ખાંભા | ૧૨૭ | ૧૨૧ | ૯૫ | ૧૪૭ | ૯૦ | ૫૪ | ૧૨ | ૦ | ૨૧ | ૦ |
| | ધારી | ૩૩૦ | ૩૬૦ | ૬૬ | ૧૭૧ | ૩ | ૯ | ૦ | ૪૬ | ૩૫ | ૧૪ |
| | લીલીયા | ૧૬૨ | ૧૬૮ | ૧૧૨ | ૨૯ | ૨૮ | ૩૭ | ૧૪ | ૩ | ૧૮ | ૦ |
| | કુકાવાવ | ૨૭૬ | ૨૪૪ | ૪૧ | ૩૨ | ૪૮ | ૩૮ | ૬૭ | ૧ | ૧૦ | ૦ |
| | બગસરા | ૧૩૨ | ૧૨૭ | ૧૬૪ | ૧૬૪ | ૧૨૭ | ૧૭૭ | ૭૨ | ૦ | ૩ | ૧ |
| | રાજુલા | ૯૫૧ | ૮૯૨ | ૧૫૫ | ૨૫૮ | ૪૧૫ | ૬૫૧ | ૧૬૨ | ૧૨૭ | ૧૩૭ | ૧ |
| | જાફરાબાદ | ૫૮૫ | ૪૫૪ | ૪૩૧ | ૧૮૫ | ૨૦૯ | ૨૦૫ | ૨૮ | ૦ | ૦ | ૦ |
| | સાવરકુંડલા | ૧૨૫૧ | ૧૦૪૪ | ૨૫૮ | ૬૬૭ | ૧૪૯ | ૧૯૭ | ૭૪ | ૭ | ૪૬ | ૨ |
| | કુલ | ૫૦૩૦ | ૫૬૩૫ | ૨૩૦૭ | ૩૪૩૯ | ૧૫૧૨ | ૧૭૯૩ | ૬૪૨ | ૨૦૯ | ૩૦૩ | ૩૫ |
| ૨૦૧૧ | અમરેલી | ૧૦૦૯ | ૯૩૫ | ૨૭૯ | ૮૬૧ | ૭૭ | ૩૧૩ | ૧૮૯ | ૧૨ | ૪૮ | ૮ |
| | બાબરા | ૫૪૧ | ૮૭૬ | ૧૯૧ | ૧૫૭ | ૨૭ | ૨૭ | ૮૦ | ૦ | ૦ | ૪ |
| | લાઠી | ૩૫૧ | ૪૧૯ | ૯૧ | ૧૪૮ | ૧૨૭ | ૧૭૪ | ૫૩ | ૭૦ | ૨૫ | ૫ |
| | ખાંભા | ૫૮૨ | ૫૫૭ | ૭૦ | ૮૦ | ૧૮ | ૧૯ | ૨૯ | ૦ | ૩૫ | ૦ |
| | ધારી | ૧૩૭૫ | ૧૬૨૦ | ૩૪૪ | ૪૫૬ | ૭૮ | ૧૭૪ | ૨૯૪ | ૭ | ૨૩૩ | ૩ |
| | લીલીયા | ૭૮ | ૯૯ | ૧૪ | ૧૧૨ | ૨૬ | ૨ | ૧૯ | ૦ | ૦ | ૦ |
| | કુકાવાવ | ૭૫ | ૮૫ | ૨૧ | ૩૪૪ | ૧૯ | ૫૧ | ૧૯ | ૧૮ | ૨૭ | ૫ |
| | બગસરા | ૨૮૫ | ૩૨૧ | ૩૮ | ૧૧૭ | ૧૯ | ૧૨૪ | ૩૧ | ૨૫ | ૧૦ | ૦ |
| | રાજુલા | ૧૧૯૧ | ૮૩૯ | ૧૩૯ | ૯૯ | ૧૦૪ | ૨૩૩ | ૨૫૭ | ૮ | ૮૮ | ૦ |
| | જાફરાબાદ | ૬૫૧ | ૪૨૧ | ૧૩૭ | ૮૩ | ૯૩ | ૪૧ | ૪૭ | ૦ | ૨૮ | ૬ |
| | સાવરકુંડલા | ૧૧૮૪ | ૧૨૩૫ | ૨૪૩ | ૩૯૩ | ૮૫ | ૧૨૬ | ૮૪ | ૫ | ૯ | ૦ |
| | કુલ | ૭૩૨૨ | ૭૪૦૭ | ૧૫૬૭ | ૨૮૫૦ | ૬૭૩ | ૧૨૮૪ | ૧૧૦૨ | ૧૪૫ | ૫૦૩ | ૩૧ |
| બે વર્ષનું કુલ | | ૧૨૩૫૨ | ૧૩૦૪૨ | ૩૮૭૪ | ૬૨૮૯ | ૨૧૮૫ | ૩૦૭૭ | ૧૭૪૪ | ૩૫૪ | ૮૦૬ | ૬૬ |

## Table ૩૨

| જાતીય રોગો | શ્વસન તંત્રના રોગ | ચેતા તંત્રના રોગ | અસ્થિ તંત્રના રોગ | વિકલાંગતા | અન્ય | હૃદય | કીડની | કેન્સર | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦ | ૩૨ | ૨ | ૨૦ | ૮ | ૧૯૩૮ | ૧૮ | ૧ | ૪ | ૬૭૬૫ |
| ૦ | ૪ | ૧ | ૦ | ૦ | ૦ | ૮ | ૩ | ૧ | ૧૬૮૧ |
| ૦ | ૪૫ | ૨ | ૧૧ | ૬ | ૧૭૪૦ | ૮ | ૨ | ૦ | ૨૭૭૬ |
| ૦ | ૯૦ | ૧ | ૨ | ૬ | ૨૯ | ૪ | ૦ | ૦ | ૭૯૯ |
| ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૦૩૩ | ૩ | ૧ | ૦ | ૨૦૭૧ |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦ | ૮ | ૩ | ४ | ૩ | ૩૬ | ૧૧ | ૨ | ૦ | ૬૩૮ |
| ૦ | ૫ | ૦ | ૭ | ४૨ | ૧૧૨ | ૨ | ૦ | ૦ | ૯૨૫ |
| ૦ | ૩४ | ૦ | ૦ | ૧૧ | ૨૫ | ૭ | ૧ | ૧ | ૧૦४૬ |
| ૦ | ૨૧४ | ૦ | ૦ | ૫ | ४૬૧ | ૨ | ૦ | ૦ | ४४૩૧ |
| ૦ | ૬૭ | ૦ | ૧ | ૭ | ૩૭४ | ૫ | ૧ | ૧ | ૨૫૫૩ |
| ૦ | ૧૮ | ४ | ૭ | ૨૩ | ૬૬૨ | ४ | ૦ | ૦ | ४४૧૩ |
| ૦ | ૫૧૭ | ૧૩ | ૫૨ | ૧૧૧ | ૬४૧૦ | ૭૨ | ૧૧ | ૭ | ૨૮૦૯૮ |
| ૨ | ૧૩૧ | ૦ | ૧૧ | ૧४ | ૬૧૮ | ૯ | ४ | ૨ | ४૫૨૨ |
| ૦ | ૨ | ૦ | ૦ | ૨૦ | ૨૦૨ | ૧૫ | ૧ | ૦ | ૨૧४૩ |
| ૦ | ૨૫ | ૦ | ૫ | ૨४ | ૧૬૫ | ૨ | ૦ | ૨ | ૧૬૮૬ |
| ૦ | ૨४ | ૦ | ૦ | ૦ | ४૬ | ૦ | ૦ | ૦ | ૧४૬૦ |
| ૧ | ૭૩ | ૩ | ૨૩ | ૨૯ | ૧૫૫ | ૮ | ૨ | ૦ | ४૮૭૮ |
| ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૯ | ૧४ | ૦ | ૦ | ૩૭४ |
| ૫ | ४૬ | ૧ | ૩ | ૨૧ | ૫ | ૧ | ૧ | ૦ | ૭४૭ |
| ૦ | ४૩ | ૦ | ૦ | ૧૦ | ૨૦ | ૬ | ૧ | ૦ | ૧૦૫૦ |
| ૦ | ૧૫४ | ૦ | ૭ | ૮ | ૭૯४ | ४ | ૧ | ૦ | ૩૯૨૬ |
| ૦ | ૨ | ૦ | ૦ | ૮૩ | ૧૭૭ | ૩ | ૦ | ૦ | ૧૭૭૨ |
| ૦ | ૬ | ૦ | ૦ | ૧४ | ૩ | ૧૧ | ૩ | ૦ | ૩४૦૧ |
| ૮ | ૫૦૭ | ४ | ४૯ | ૨૨૩ | ૨૧૯४ | ૭૩ | ૧૩ | ४ | ૨૫૯૫૯ |
| ૮ | ૧૦૨४ | ૧૭ | ૧૦૧ | ૩૩४ | ૮૬૦४ | ૧४૫ | ૨४ | ૧૧ | ૫४૦૫૭ |

**પત્રક–બ**

| વર્ષ | તાલુકાનું નામ | સંદર્ભસેવા આપેલ બાળકો | રેફરલ સારવાર | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | બાળરોગ નિષ્ણાંત દ્વારા | આંખરોગ નિષ્ણાંત દ્વારા | દાંતરોગ નિષ્ણાંત દ્વારા | ચામડીના રોગના નિષ્ણાંત દ્વારા | કાન, નાક, ગળાના નિષ્ણાંત દ્વારા |
| ૨૦૧૦ | અમરેલી | ૧૪૪૭ | ૧૩૭ | ૮૮૬ | ૧૬૬ | ૧૧૨ | ૮૦ |
| | બાબરા | ૩૮૫ | ૧૦૭ | ૨૩૨ | ૩૧ | ૪ | ૬ |
| | લાઠી | ૭૭૪ | ૮૦ | ૫૬૭ | ૭૦ | ૧૪ | ૨૭ |
| | ખાંભા | ૫૩૧ | ૫૨ | ૪૪૧ | ૩૧ | ૭ | ૦ |
| | ધારી | ૧૮૭ | ૧૩ | ૧૬૧ | ૦ | ૦ | ૧ |
| | લીલીયા | ૧૧૯૩ | ૧૨૨ | ૭૨૫ | ૧૬૩ | ૬ | ૧૫ |
| | કુકાવાવ | ૧૦૩ | ૧૨ | ૨૫ | ૩ | ૨ | ૨ |
| | બગસરા | ૩૮૨ | ૯૮ | ૨૨૬ | ૧૮ | ૨૧ | ૧૭ |
| | રાજુલા | ૧૪૮ | ૧૬ | ૧૩ | ૨ | ૨ | ૫ |
| | જાફરાબાદ | ૧૮૧ | ૫૫ | ૫૯ | ૨૦ | ૦ | ૯ |
| | સાવરકુંડલા | ૮૭૩ | ૬૬ | ૬૦૧ | ૪૯ | ૩૩ | ૩૩ |
| | **કુલ** | **૬૨૦૪** | **૭૫૮** | **૩૯૩૬** | **૫૫૩** | **૨૦૧** | **૧૯૫** |
| ૨૦૧૧ | અમરેલી | ૧૯૪૪ | ૪૧૪ | ૮૬૧ | ૨૭૯ | ૧૮૯ | ૭૭ |
| | બાબરા | ૬૩૦ | ૫૯ | ૨૫૩ | ૧૪૮ | ૯૦ | ૨૭ |
| | લાઠી | ૨૫૧ | ૩૩ | ૧૪૮ | ૪૨ | ૫ | ૬ |
| | ખાંભા | ૨૧૧ | ૨ | ૭૯ | ૫૩ | ૬૩ | ૪ |
| | ધારી | ૪૫૭ | ૪૭ | ૩૪૬ | ૪૦ | ૧૧ | ૮ |
| | લીલીયા | ૧૪૨ | ૬ | ૧૧૨ | ૧૨ | ૪ | ૩ |
| | કુકાવાવ | ૪૬૯ | ૩૬ | ૩૪૪ | ૨૧ | ૧૯ | ૧૯ |
| | બગસરા | ૩૩૯ | ૩૫ | ૧૭૪ | ૫૦ | ૩૧ | ૧૫ |
| | રાજુલા | ૨૦૨ | ૧૮ | ૫૩ | ૭૪ | ૧૫ | ૧૬ |
| | જાફરાબાદ | ૧૯૮ | ૨૧ | ૬૭ | ૮૩ | ૮ | ૬ |
| | સાવરકુંડલા | ૮૧૭ | ૫૬ | ૬૬૩ | ૬૪ | ૧૨ | ૬ |
| | **કુલ** | **૫૬૬૦** | **૭૨૭** | **૩૧૦૦** | **૮૬૬** | **૪૪૭** | **૧૮૭** |
| બે વર્ષનું કુલ | | **૧૧૮૬૪** | **૧૪૮૫** | **૭૦૩૬** | **૧૪૧૯** | **૬૪૮** | **૩૮૨** |

| | | | તજજ્ઞ સારવાર | | |
|---|---|---|---|---|---|
| **અન્ય** | **કુલ** | **હૃદય** | **કીડની** | **કેન્સર** | **કુલ** |
| ૬૬ | ૧૪૪૭ | ૧૮ | ૧ | ૪ | ૨૩ |
| ૫ | ૩૮૫ | ૮ | ૩ | ૧ | ૧૨ |
| ૧૬ | ૭૭૪ | ૮ | ૨ | ૦ | ૧૦ |
| ૦ | ૫૩૧ | ૪ | ૦ | ૦ | ૪ |
| ૧૨ | ૧૮૭ | ૩ | ૧ | ૦ | ૪ |
| ૧૬૨ | ૧૧૯૩ | ૧૧ | ૨ | ૦ | ૧૩ |
| ૫૯ | ૧૦૩ | ૨ | ૦ | ૦ | ૨ |
| ૨ | ૩૮૨ | ૭ | ૧ | ૧ | ૯ |
| ૧૧૦ | ૧૪૮ | ૨ | ૦ | ૦ | ૨ |
| ૩૮ | ૧૮૧ | ૫ | ૧ | ૧ | ૭ |
| ૯૧ | ૮૭૩ | ૪ | ૦ | ૦ | ૪ |
| **૫૬૧** | **૬૨૦૪** | **૭૨** | **૧૧** | **૭** | **૯૦** |
| ૧૨૪ | ૧૯૪૪ | ૯ | ૪ | ૨ | ૧૫ |
| ૫૩ | ૬૩૦ | ૧૫ | ૧ | ૦ | ૧૬ |
| ૧૭ | ૨૫૧ | ૨ | ૦ | ૨ | ૪ |
| ૧૦ | ૨૧૧ | ૦ | ૦ | ૦ | ૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫ | ૪૫૭ | ૮ | ૨ | ૦ | ૧૦ |
| ૫ | ૧૪૨ | ૧૪ | ૦ | ૦ | ૧૪ |
| ૩૦ | ૪૬૯ | ૧ | ૧ | ૦ | ૨ |
| ૩૪ | ૩૩૯ | ૬ | ૧ | ૦ | ૭ |
| ૨૬ | ૨૦૨ | ૪ | ૧ | ૦ | ૫ |
| ૧૩ | ૧૯૮ | ૩ | ૦ | ૦ | ૩ |
| ૧૬ | ૮૧૭ | ૧૧ | ૩ | ૦ | ૧૪ |
| **૩૩૩** | **૫૬૬૦** | **૭૩** | **૧૩** | **૪** | **૯૦** |
| **૮૯૪** | **૧૧૮૬૪** | **૧૪૫** | **૨૪** | **૧૧** | **૧૮૦** |

## અન્ય રાજ્યોમાં ગુજરાતી સમાજના ભવનનું નિર્માણ

૨૭૧૨૯ **શ્રી ભૂપેન્દ્રભાઇ ગ. લાખાવાળા( વડોદરા શહેર) : માનનીય બિન નિવાસી ગુજરાતી પ્રભાગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અન્ય રાજ્યોમાં ગુજરાતી સમાજના ભવનનું નિર્માણ કરવા માટે રાજ્ય સરકારની મદદ માટેની કોઇ યોજના અમલમાં છે, અને

(૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં છેલ્લા એક વર્ષમાં કુલ કેટલા ગુજરાતી સમાજોને અને કેટલી રકમની સહાય કરેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) કુલ ૨ (બે) સમાજોને ` ૮,૮૬,૬૨૫/– ની સહાય કરવામાં આવેલ છે.

## વડોદરા જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે મંજૂર કરેલ રકમ

૨૭૧૮૯ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ( વડોદરા ગ્રામ્ય) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે,

(૨) આ પૈકી ક્યા ક્યા સ્થળોએ બાંધકામ હાથ ધરવામાં આવશે અને આ કામગીરી ક્યારે શરૂ થશે, અને

(૩) કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ` ૨૬૦.૦૦ લાખની રકમ મંજૂર થયેલ છે.

(૨) મોજે ડેસર તા. સાવલી ખાતે બાંધકામ હાથ ધરવામાં આવશે સદરહું કામની વહીવટી મંજુરી તેમજ તાંત્રિક મંજુરી આપવામાં આવેલ છે.

(૩) વર્ક ઓર્ડર આપ્યા બાદ ૧૧ મહિનામાં પૂર્ણ કરવાનું આયોજન છે.

## ૫૧૪/page> ભાવનગર જિલ્લામાં હીમોફીલીયાના દર્દીઓની સારવાર

૨૭૧૯૩ **શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા(પાલીતાણા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં હીમોફીલીયાના દર્દીઓ માટે સરકાર કઇ કઇ આરોગ્ય સેવાઓ પૂરી પાડે છે, અને

(૨) સન ૨૦૧૧ માં ભાવનગર જિલ્લામાં આ રોગગ્રસ્ત કેટલા દર્દીઓને સારવાર આપવામાં આવી ?

**જવાબ**

(૧)

- હોસ્પિટલ ખાતે હીમોફીલીયાના દર્દીને બાળરોગ નિષ્ણાત, ફીઝીશીયન અને હીમેટોલોજીસ્ટ જેવા નિષ્ણાત દ્વારા તબીબી સારવાર આપવામાં આવે છે.
- જરૂરીયાત મુજબ ક્રાયોપ્રેસીપીટેટ અને ફ્રેશ ફ્રોઝન પ્લાઝમા આપવામાં આવે છે.
- હાડકા અને સાંધાની ફરિયાદ માટે આઇસ પેક, ક્રોમ્પ્રેશન બેન્ડેઝ, પ્લાસ્ટર સ્લેબ, ટ્રેક્શન અને અન્ય સારવાર આપવામાં આવે છે.

(૨) સન ૨૦૧૧ માં આ રોગના ૯ (નવ) દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

ફાલ્ગુન ૨૨, ૧૯૩૩ શાકે

અતારાંકિત પ્રશ્નો

**વડોદરા જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે મંજૂર થયેલ રકમ**

૨૭૧૫૯ **શ્રી ગુલસીંગભાઇ ર. રાઠવા( છોટાઉદેપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે કેટલી રકમ મંજુર કરવામાં આવી છે,

(૨) તે પૈકી ક્યા ક્યા સ્થળોએ બાંધકામ હાથ ધરવામાં આવશે અને આ કામગીરી ક્યાં સુધીમાં શરૂ થશે, અને

(૩) ઉક્ત કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે નીચે મુજબ રકમ મંજૂર કરવામાં આવેલ છે.

| અ.નં. | પ્રા. આ. કેન્દ્રનું નામ | મંજુર રકમ |
|---|---|---|
| ૧ | ગુડીચા | ` ૫૦.૦૦ લાખ |
| ૨ | સાંધલી | ` ૫૦.૦૦ લાખ |
| ૩ | ખરેડા | ` ૫૦.૦૦ લાખ |

(૨) ટેન્ડર મંજુર થયેથી કામગીરી શરૂ કરવાનું આયોજન છે.

(૩) આ કામગીરી ટેન્ડર મંજુર થયેથી ૧૨ માસ સુધીમાં પુર્ણ કરવાનું આયોજન છે.

**પંચમહાલ જિલ્લામાં ગોમા નદી પર બનાવેલ મોટા ચેકડેમો**

૨૭૦૦૭ **શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ( શહેરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં ગોમા નદી ઉપર તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલા મોટા ચેકડેમો બનાવવામાં આવ્યા, અને

(૨) તેનાથી ક્યા ક્યા તાલુકામાં તાલુકાવાર કેટલા વિસ્તારને સિંચાઇનો લાભ મળશે ?

**જવાબ**

(૧) ૧.

(૨) કાલોલ તાલુકાને ૭૦ હેક્ટરમાં સિંચાઇનો લાભ મળે છે.

**રાજકોટ જિલ્લામાં હીમોફીલીયાના દર્દીઓની સારવાર**

૨૭૧૭૫ **શ્રીમતિ જશુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં હીમોફીલીયાના દર્દીઓ માટે સરકાર કઇ કઇ આરોગ્ય સેવાઓ પૂરી પાડે છે, અને

(૨) રાજકોટ જિલ્લામાં સન ૨૦૧૧ માં આ રોગગ્રસ્ત કેટલા દર્દીઓને સારવાર આપવામાં આવી ?

**જવાબ**

(૧)

- હોસ્પિટલ ખાતે હીમોફીલીયાના દર્દીને બાળરોગ નિષ્ણાત, ફીઝીશીયન અને હીમેટોલોજીસ્ટ જેવા નિષ્ણાત દ્વારા તબીબી સારવાર આપવામાં આવે છે.
- જરૂરીયાત મુજબ ક્રાયોપ્રેસીપીટિટ અને ફ્રેશ ફ્રોઝન પ્લાઝમા આપવામાં આવે છે.
- હાડકા અને સાંધાની ફરિયાદ માટે આઇસ પેક, ક્રોમ્પ્રેશન બેન્ડેઝ, પ્લાસ્ટર સ્લેબ, ટ્રેક્શન અને અન્ય સારવાર આપવામાં આવે છે.

(૨) સન ૨૦૧૧ માં આ રોગના ૭ (સાત) દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

**અન્ય રાજ્યોમાં ગુજરાતી સમાજના ભવનનું નિર્માણ**

૨૭૧૨૮ **શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ(મહેસાણા) : માનનીય બિનનિવાસી ગુજરાતી પ્રભાગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) અન્ય રાજ્યોમાં ગુજરાતી સમાજના નિર્માણ કરવા

જવાબ

(૧) હા, જી.

માટે રાજ્ય સરકારની મદદ માટેની કોઇ યોજના અમલમાં છે, અને

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૧ સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અન્ય રાજ્યોમાં કુલ કેટલા ગુજરાતી સમાજોને અને કેટલી રકમની સહાય કરેલ છે ?

(૨) કુલ ૨ (બે) સમાજોને ` ૮,૮૬,૬૨૫/- ની સહાય કરવામાં આવેલ છે.

**જૂનાગઢ જિલ્લામાં કાર્યરત ૧૦૮ એમ્બ્યુલન્સ વાન**

૨૭૧૭૨ **શ્રી કાળુભાઇ ચ. રાઠોડ(ઉના): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ તાલુકાવાર કેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ વાન કાર્યરત છે,

(૨) સન ૨૦૧૧માં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનો કેટલા લાભાર્થીઓએ ભાગ લીધો, અને

(૩) આ પૈકી કેટલાની જિંદગી બચાવવામાં આવી ?

જવાબ

(૧) તાલુકાવાર નીચે મુજબ કુલ ૨૫ એમ્બ્યુલન્સ વાન કાર્યરત છે.

| | |
|---|---|
| ભેંસાણ-૧ | મેંદરડા – ૧ |
| જુનાગઢ સીટી – ૬ | વેરાવળ પાટણ – ૧ |
| કેશોદ – ૧ | સુત્રાપાડા – ૨ |
| કોડીનાર – ૨ | તાલાલા – ૧ |
| માળીયા – ૨ | ઉના – ૩ |
| માણાવદર – ૧ | વંથલી – ૧ |
| માંગરોળ – ૨ | વિસાવદર – ૧ |

(૨) ૩૨૫૯૮.

(૩) ૨૨૦૮.

**વ્યારા તાલુકાના બાલપુર ગામના દવાખાનાની બિસ્માર હાલત**

૨૬૦૪૭ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત( વ્યારા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ વ્યારા તાલુકાના બાલપુર ગામે આરોગ્ય દવાખાનું બિસ્માર હાલતમાં છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો આ બિસ્માર દવાખાનાની મરામત કરવા સરકારે શી કાર્યવાહી હાથ ધરી ?

**જવાબ**

(૧) અને (૨)

બાલપુર ગામે આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મકાનને મરામત કરાવેલ છે. જેમાં આરોગ્યની સેવાઓ પુરી પાડવામાં આવે છે.

**નવસારી જિલ્લામાં સીકલસેલ એનીમીયા દર્દીઓની સારવાર**

૨૭૧૪૪ **શ્રી લક્ષ્મણભાઇ પ. પટેલ( ગણદેવી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ સીકલસેલ એનીમીયાના દર્દીઓ માટે રાજ્ય સરકાર કઈ કઈ આરોગ્ય સેવાઓ પૂરી પાડે છે, અને

**જવાબ**

(૧)

- સરકારશ્રી દ્વારા સીકલસેલ એનીમીયાના દર્દીઓને સ્ક્રીનીંગ, સારવાર, કાઉન્સેલીંગ તેમજ આરોગ્ય શિક્ષણની સેવાઓ પૂરી પાડવામાં આવે છે.
- સીકલસેલ એનીમીયા રોગ માટે સ્ક્રીનીંગ કરી રોગના દર્દીઓને પીળું કાર્ડ આપવામાં આવે છે. આ ઉપરાંત સીકલસેલ વાહકને અડધુ પીળું અને અડધુ સફેદ કાર્ડ આપવામાં આવે છે.
- સીકલસેલ રોગના દર્દીઓને કાઉન્સેલર દ્વારા કાઉન્સેલીંગ કરી રોગ વિષે સંપૂર્ણ સમજ પૂરી પાડવામાં આવે છે. આ ઉપરાંત મેરેજ કાઉન્સેલીંગ અને ગર્ભધારણ માટે કાઉન્સેલીંગ પણ કરવામાં આવે છે.

- આ રોગના દર્દીઓને દરરોજ નિયમિત ગળવા માટે ફોલિક એસિડની ગોળીઓ આરોગ્ય કર્મચારીઓ દ્વારા દર માસે આપવામાં આવે છે. આ ઉપરાંત જરૂર જણાયે દર્દ શામક દવાઓ પણ આપવામાં આવે છે.
- સીકલસેલ રોગના દર્દીઓને જ્યારે ક્રાયસીસ ઉભી થાય ત્યારે સરકારી હોસ્પિટલોમાં વિના મૂલ્યે સારવાર આપવામાં આવે છે. તેમજ આ દર્દીઓને જરૂર પડયે લોહી પણ આપવામાં આવે છે.

(૨) નવસારી જિલ્લામાં સને ૨૦૧૧ માં આ રોગ માટે કેટલા દર્દીઓને સારવાર આપવામાં આવી ?

(૨) નવસારી જિલ્લામાં ૨૦૧૧ માં સીકલસેલના રોગ માટે કુલ ૫૧૬ દર્દીઓને સારવાર આપવામાં આવી છે.

## કોટેશ્વર અને નારાયણ સરોવરના વિકાસ માટે કેન્દ્ર સરકારે મંજૂર કરેલ યોજના

૨૭૧૨૨ **શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી (મુંદ્રા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં કોટેશ્વર અને નારાયણ સરોવરના વિકાસ માટે કેન્દ્ર સરકાર દ્વારા કોઈ યોજના મંજૂર કરવામાં આવેલ છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ અંગે તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શી કામગીરી કરવામાં આવી, અને

(૩) કેવા પ્રકારની સવલતો યાત્રાળુઓ માટે ઉભી થનાર છે?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## અમરેલી, રાજકોટ અને અમદાવાદ જિલ્લાની નગરપાલિકાઓના વિકાસ માટે ફાળવેલ રકમ

૨૮૯૧૩ **શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ(બાબરા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમરેલી, રાજકોટ અને અમદાવાદ, જિલ્લા નગરપાલિકાઓના વિકાસના કામો માટે કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) આ ફાળવેલ રકમમાં રાજ્ય અને કેન્દ્ર સરકારનો કેટલો નાણાંકીય ફાળો છે?

**જવાબ**

(૧) કુલ ` ૨૬૯.૫૧ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. જેની વિગત વાર માહિતી **પત્રક-૧** મુજબ છે.

(૨) જે પૈકી રાજ્ય સરકારનો કુલ ફાળો ` ૧૬૬.૯૮ કરોડ તથા કેન્દ્ર સરકારનો કુલ ફાળો ` ૧૦૨.૫૩ કરોડ છે. જેની વિગત વાર માહિતી પત્રક-૨ મુજબ છે.

**પત્રક-૧**

| ક્રમ | અમરેલી જિલ્લો | | રાજકોટ જિલ્લો | | અમદાવાદ જિલ્લો | |
|---|---|---|---|---|---|---|
| | નગરપાલિકાનું નામ | રકમ (` લાખમાં) | નગરપાલિકાનું નામ | રકમ (` લાખમાં) | નગરપાલિકાનું નામ | રકમ (` લાખમાં) |
| ૧ | જાફરાબાદ | ૪૮૩.૮૦ | જસદણ | ૯૭૪.૭૨ | બરવાળા | ૨૩૮.૯૧ |
| ૨ | બાબરા | ૫૭૯.૮૭ | ગોંડલ | ૧૯૮૬.૦૪ | ધંધુકા | ૭૭૮.૬૬ |
| ૩ | બગસરા | ૫૮૫.૩૪ | મોરબી | ૧૪૮૮.૮૨ | વિરમગામ | ૨૩૨૯.૭૩ |
| ૪ | સાવરકુંડલા | ૧૦૫૩.૪૪ | જેતપુર-નવાગઢ | ૨૬૧૪.૨૦ | ધોળકા | ૨૧૦૧.૮૮ |
| ૫ | અમરેલી | ૧૨૩૮.૬૯ | ધોરાજી | ૬૮૧.૧૫ | બાવળા | ૧૩૧૦.૧૦ |
| ૬ | રાજુલા | ૮૯૩.૯૨ | ઉપલેટા | ૧૫૬૦.૦૦ | સાણંદ | ૬૨૪.૯૫ |
| ૭ | દામનગર | ૫૪૯.૧૭ | વાંકાનેર | ૧૧૭૬.૭૪ | બારેજા | ૧૮૬૬.૧૬ |
| ૮ | લાઠી | ૩૦૫.૩૪ | ભાયાવદર | ૭૧૯.૯૫ | | |
| ૯ | ચલાલા | ૫૩૯.૬૩ | માળીયા-મીયાણા | ૨૭૧.૧૫ | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | **કુલ** | **૬૨૨૯.૨૦** | **કુલ** | **૧૧૪૭૨.૭૭** | **કુલ** | **૯૨૫૦.૩૯** |

**પત્રક–૨**

| **અમરેલી જિલ્લો** | | | | **રાજકોટ જિલ્લો** | | | **અમદાવાદ જિલ્લો** | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| **ક્રમ** | **નગરપાલિકાનું નામ** | **રાજ્ય ફાળાની રકમ** | **કેન્દ્ર ફાળાની રકમ** | **નગરપાલિકાનું નામ** | **રાજ્ય ફાળાની રકમ** | **કેન્દ્ર ફાળાની રકમ** | **નગરપાલિકાનું નામ** | **રાજ્ય ફાળાની રકમ** | **કેન્દ્ર ફાળાની રકમ** |
| ૧ | જાફરાબાદ | ૪૦૮.૮૨ | ૭૪.૯૮ | જસદણ | ૫૮૪.૨૪ | ૩૯૦.૪૮ | બરવાળા | ૧૮૦.૧૮ | ૫૮.૭૩ |
| ૨ | બાબરા | ૫૭૯.૮૭ | ૦.૦૦ | ગોંડલ | ૫૧૪.૭૫ | ૧૪૭૧.૨૯ | ધંધુકા | ૬૯૪.૬૬ | ૮૪.૦૦ |
| ૩ | બગસરા | ૩૧૩.૫૨ | ૨૭૧.૮૨ | મોરબી | ૭૨૦.૮૫ | ૭૬૭.૯૭ | વિરમગામ | ૧૬૧૬.૩૮ | ૭૧૩.૩૫ |
| ૪ | સાવરકુંડલા | ૪૫૫.૩૭ | ૫૯૮.૦૭ | જેતપુર નવાગઢ | ૯૪૭.૧૨ | ૧૬૬૭.૦૮ | ધોળકા | ૨૦૩૯.૪૪ | ૬૨.૪૪ |
| ૫ | અમરેલી | ૬૬૯.૮૬ | ૫૬૮.૮૩ | ધોરાજી | ૨૫૯.૧૯ | ૪૨૧.૯૬ | બાવળા | ૯૬૬.૮૮ | ૩૪૩.૨૨ |
| ૬ | રાજુલા | ૫૦૧.૩૮ | ૩૯૨.૫૪ | ઉપલેટા | ૭૮૬.૭૯ | ૭૭૩.૨૧ | સાણંદ | ૩૭૧.૭૩ | ૨૫૩.૨૨ |
| ૭ | દામનગર | ૩૫૧.૯૮ | ૧૯૭.૧૯ | વાંકાનેર | ૯૭૦.૪૭ | ૨૦૬.૨૭ | બારેજા | ૧૫૯૦.૧૬ | ૨૭૬.૦૦ |
| ૮ | લાઠી | ૧૭૮.૮૨ | ૧૨૬.૫૨ | ભાયાવદર | ૪૩૬.૧૧ | ૨૮૩.૮૪ | | | |
| ૯ | ચલાલા | ૩૬૩.૯૩ | ૧૭૫.૭૦ | માળીયા–મીયાણા | ૧૯૫.૭૧ | ૭૫.૪૪ | | | |
| | **કુલ** | **૩૮૨૩.૫૫** | **૨૪૦૫.૬૫** | **કુલ** | **૫૪૧૫.૨૩** | **૬૦૫૭.૫૪** | **કુલ** | **૭૪૫૯.૪૩** | **૧૭૯૦.૯૬** |

## વડોદરા શહેરમાં જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન યોજનામાં લાલબાગ બ્રિજ બનાવવા ફાળવેલ રકમ

૨૬૯૧૩ **શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ( સાવલી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ વડોદરા શહેરમાં જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન હેઠળ લાલબાગ બ્રિજ બનાવવા સરકારે વડોદરા મહાનગર સેવા સદનને કેટલી રકમ ક્યારે ફાળવી,

(૨) આ ફાળવેલ રકમ અન્વયે બ્રિજના બાંધકામમાં થયેલ ગેરરીતિ સબબ સરકારને ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી ફરિયાદ મળી, અને

(૩) મળેલ ફરિયાદ અન્વયે રાજ્ય સરકારે ક્યારે તપાસ હાથ ધરી?

**જવાબ**

(૧) રાજ્ય ફાળાના ` ૧૧.૪૨ કરોડ અને કેન્દ્ર ફાળાના
` ૨૦.૫૬ કરોડ એમ કુલ ` ૩૧.૯૮ કરોડની રકમ ફાળવેલ છે. તથા કોર્પોરેશનનો ફાળો ` ૧૮.૬૮ કરોડ છે.

(૨) બ્રિજની ડીઝાઈનમાં ભુલ અને ટ્રાફિક ફ્લો અંગેની ફરિયાદો મળેલ હતી.

(૩) બ્રિજના કામ તેમજ ડીઝાઈન બાબતે થયેલ ફરિયાદ તથા ટ્રાફિક ફ્લો બાબતે પોલીસ કમિશ્નરશ્રીના સૂચન મુજબ બ્રિજની સંપૂર્ણ લંબાઈમાં ડીવાઈડર ગોઠવવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

## વાંસદા તાલુકાના ઝુઝ ડેમ યોજનાના મુખ્ય કેનાલના ગેટની મરામત

૨૫૯૭૬ **શ્રી છનાભાઇ કો. ચૌધરી( ધરમપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લાના વાંસદા તાલુકામાં ઝુઝ ડેમ યોજનાના મુખ્ય કેનાલનો દરવાજો ગળતર છે તેની મરામત કામગીરી અન્વયે તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) આ દરવાજાની મરામત કરવા છતાં પાણીનું લીકેજ ગળતર રહે છે તેના કારણો શાં છે, અને આ ગળતર સંપૂર્ણપણે બંધ કરવા સરકારે શી કાર્યવાહી કરી?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૦–૧૧ ` ૧૦.૪૩ લાખ
વર્ષ ૨૦૧૧–૧૨ `. ૫.૨૫ લાખ

(૨) ગેટના એમ્બેડેડ પાર્ટસ ખવાઈ ગયા હોઈ રબરસીલ ફાટી જવાથી ગળતર શરૂ થઈ જાય છે. એમ્બેડેડ પાર્ટસ બદલવા માટે જળાશયને તે લેવલ સુધી ખાલી કરવાની જરૂરિયાત રહે છે. તેથી સિંચાઈની જરૂરિયાત ઓછી થતાં કોફર ડેમ બનાવીને આ કામગીરી હાથ ધરવાનું આયોજન છે.

## અમદાવાદ જીલ્લામાં સિંચાઈની સુવિધાઓ વધારવાની યોજનાઓ

૨૮૦૧૮ **શ્રી રણછોડભાઈ ક. મેર(ધંધુકા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સિંચાઈની સુવિધાઓ વધારવા સરકારે તાલુકાવાર કઈ કઈ યોજનાઓ હાથ ધરેલ છે,

(૨) તેના દ્વારા કેટલા હેકટર જમીનમાં સિંચાઈ થાય છે, અને

(૩) તાલુકાવાર કેટલા ગામોને લાભ મળે છે?

**જવાબ**

(૧)

| અ.નં. | લાભિત તાલુકો | યોજનાનું નામ |
|---|---|---|
| (૧) | દસક્રોઈ | ખારીકટ નહેર સુધારણાની કામગીરી |
| (૨) | સીટી | ખારીકટ નહેર સુધારણાની કામગીરી |
| (૩) | સાણંદ ધોળકા | ફતેવાડી નહેર સુધારણાની કામગીરી |

(૨)

| અ.નં. | યોજનાનું નામ | તાલુકાનું નામ | લાભિત વિસ્તાર હેકટરમાં |
|---|---|---|---|
| ૧ | ખારીકટ નહેર સુધારણાની કામગીરી | દસક્રોઈ અને સીટી | ૫૦૦૦ |
| ૨ | ફતેવાડી નહેર સુધારણાની કામગીરી | સાણંદ<br>ધોળકા | ૧૪૦૦<br>૩૩૬૦ |

(૩)

| અ.નં. | યોજનાનું નામ | તાલુકાનું નામ | લાભિત ગામોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ખારીકટ નહેર સુધારણાની કામગીરી | દસક્રોઈ અને સીટી | ૩૬ |
| ૨ | ફતેવાડી નહેર સુધારણાની કામગીરી | સાણંદ<br>ધોળકા | ૧૨<br>૧૭ |

## જામનગર જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે મંજૂર થયેલ રકમ

૨૭૧૯૬ **શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જામનગર જીલ્લામાં તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે કેટલી રકમ મંજુર કરવામાં આવી છે,

(૨) તે પૈકી કયા કયા સ્થળોએ બાંધકામ હાથ ધરાવામાં આવશે અને આ કામગીરી ક્યાં સુધીમાં શરૂ થશે, અને

(૩) ઉક્ત કામગીરી કેટલા સમયમાં પુર્ણ કરવાનું આયોજન છે?

**જવાબ**

(૧) જામનગર જીલ્લામાં તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે નીચે મુજબ રકમ મંજુર કરવામાં આવેલ છે.

| અ.નં. | પ્રા.આ. કેન્દ્રનું નામ | મંજુર રકમ |
|---|---|---|
| ૧ | જાંબુડા | ` ૫૦.૦૦ લાખ |
| ૨ | સમાણા | ` ૫૦.૦૦ લાખ |
| ૩ | વાંસજાલીયા | ` ૫૦.૦૦ લાખ |
| ૪ | પાછતર | ` ૫૦.૦૦ લાખ |
| ૫ | સુરજ કરાડી | ` ૫૦.૦૦ લાખ |
| ૬ | વડત્રા | ` ૫૦.૦૦ લાખ |

(૨) ટેન્ડર મંજુર થયેથી કામગીરી શરૂ કરવાનું આયોજન છે.

(૩) આ કામગીરી ટેન્ડર મંજુર થયેથી ૧૨ માસ સુધીમાં પુર્ણ કરવાનું આયોજન છે.

## દાહોદ અને ઝાલોદ તાલુકામાં હયાત નાની સિંચાઈના તળાવો

૨૫૦૨૯ **શ્રી બચુભાઈ ના. કિશોરી( લીમડી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ દાહોદ અને ઝાલોદ તાલુકામાં કેટલા નાની સિંચાઈ તળાવો હયાત છે,

(૨) આ સિંચાઈ તળાવોનો સિંચાઈ કમાન્ડ વિસ્તાર કેટલો છે,

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા વિસ્તારને ખરેખર પાણી આપવામાં આવે છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ દાહોદ તાલુકામાં ૮ અને ઝાલોદ તાલુકામાં ૨૧ નાની સિંચાઈ તળાવો હયાત છે.

(૨) દાહોદ તાલુકામાં ૮ તળાવોનો કમાન્ડ વિસ્તાર ૧૧૦૫ હેકટર અને ઝાલોદ તાલુકાના ૨૧ તળાવોનો કમાન્ડ વિસ્તાર ૪૫૪૮ હેકટર છે.

(૩) ઉક્ત સ્થિતિએ દાહોદ તાલુકાના ૨૧૧ હેકટર અને ઝાલોદ તાલુકાના ૧૩૨૦ હેકટર વિસ્તારને ખરેખર પાણી આપવામાં આવે છે.

(૪) આ સિંચાઈ તળાવો અને કેનાલો પાછળ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૪) આ સિંચાઈ તળાવો અને કેનાલો પાછળ છેલ્લા ત્રણ વર્ષમાં દાહોદ તાલુકામાં ` ૪૬.૭૭ લાખ અને ઝાલોદ તાલુકામાં ` ૧૦૪.૬૮ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

## સુરત જિલ્લાના ગામોને પિયતનું પાણી આપવા બાબત

૨૮૮૯૮ **શ્રી કુંવરજીભાઇ ન. હળપતિ( બારડોલી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ સુરત જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોને પિયતનું પાણી આપવામાં આવે છે, અને કેટલા ગામોને તે પાણી આપવામાં આવતું નથી, અને

(૨) વાર્ષિક કેટલું પાણી આપવામાં આવે છે?

**જવાબ**

(૧) જમીનની ભૌગોલિક પરિસ્થિતિ અને તે વિસ્તારના હયાત જળસ્ત્રોત્ર અનુસાર પિયતનું પાણી પુરૂ પાડવામાં આવે છે. તાલુકાવાર સ્થિતિ નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | પિયતનું પાણી મળતુ હોય તેવા ગામોની સંખ્યા | પિયતનું પાણી મળતુ ન હોય તેવા ગામોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ચોર્યાસી | ૧૦૩ | ૦૭ |
| ૨ | ઓલપાડ | ૧૧૦ | ૦૦ |
| ૩ | કામરેજ | ૬૭ | ૦૩ |
| ૪ | માંડવી | ૭૭ | ૭૨ |
| ૫ | માંગરોળ | ૪૪ | ૪૮ |
| ૬ | પલસાણા | ૫૧ | ૦૨ |
| ૭ | બારડોલી | ૮૫ | ૦૦ |
| ૮ | મહુવા | ૬૮ | ૦૩ |
| ૯ | ઉમરપાડા | ૦૪ | ૫૯ |

(૨) સરેરાશ ૬૬૦૦૦ એમ.સી.એફ.ટી. પાણી આપવામાં આવે છે.

## જામનગર જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે મંજૂર થયેલ રકમ

૨૭૧૯૫ **શ્રી લાલજીભાઇ પ્રે. સોલંકી(જામનગર ગ્રામ્ય) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જામનગર જીલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે કેટલી રકમ મંજુર કરવામાં આવી,

(૨) આ પૈકી કયા કયા સ્થળોએ બાંધકામ હાથ ધરાવામાં આવશે અને આ કામગીરી ક્યારે શરૂ થશે, અને

(૩) કેટલા સમયમાં આ કામ પુર્ણ કરવાનું આયોજન છે?

**જવાબ**

(૧) જામનગર જીલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે નીચે મુજબ રકમ મંજુર કરવામાં આવેલ છે.

| અ.નં. | પ્રા.આ. કેન્દ્રનું નામ | મંજુર રકમ |
|---|---|---|
| ૧ | જાંબુડા | ` ૫૦.૦૦ લાખ |
| ૨ | સમાણા | ` ૫૦.૦૦ લાખ |
| ૩ | વાંસજાલીયા | ` ૫૦.૦૦ લાખ |
| ૪ | પાછતર | ` ૫૦.૦૦ લાખ |
| ૫ | સુરજ કરાડી | ` ૫૦.૦૦ લાખ |
| ૬ | વડત્રા | ` ૫૦.૦૦ લાખ |

(૨) ટેન્ડર મંજુર થયેથી કામગીરી શરૂ કરવાનું આયોજન છે.

(૩) આ કામગીરી ટેન્ડર મંજુર થયેથી ૧૨ માસ સુધીમાં પુર્ણ કરવાનું આયોજન છે.

## અમદાવાદ મણીબેન આયુર્વેદિક હોસ્પિટલને મોડેલ આયુર્વેદિક હોસ્પિટલ બનાવવાની યોજના

૨૭૧૬૪ **શ્રીમતિ ગીતાબેન ચો. પટેલ(સાબરમતી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ અમદાવાદની મણીબેન આયુર્વેદિક હોસ્પિટલને મોડેલ આયુર્વેદિક હોસ્પિટલ બનાવવા માટેની રાજ્ય સરકારે કોઈ યોજના અમલમાં મુકી છે, તે હકીકત સાચી છે, અને

**જવાબ**

(૧) હા, જી.

અમદાવાદ ખાતેની મણીબેન સરકારી આયુર્વેદિક હોસ્પિટલને સેન્ટર ઓફ એકસેલન્સ ફોર ન્યુરોલોજીકલ ડીસઓર્ડર તરીકે વિકસાવી મોડેલ આયુર્વેદિક હોસ્પિટલ તરીકે વિકસાવવાની યોજના ગુજરાત સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલ છે.

(૨) જો હા, તો આ યોજના અંતર્ગત તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ શી કામગીરી કરવામાં આવેલ છે?

(૨) આ યોજના અંતર્ગત અમદાવાદ ખાતેની મણીબેન સરકારી આયુર્વેદ હોસ્પિટલના વિકાસ અને વિસ્તરણ માટે જરૂરી રીનોવેશન અને બાંધકામની કામગીરી ચાલુ છે.

**દાહોદ જિલ્લામાં નાના–મોટા ડેમોમાં પાણી સંગ્રહ કરવાની ક્ષમતા**

૨૪૯૪૬ **શ્રી ચંદ્રિકાબેન છ. બારીયા( લીમખેડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં કેટલા નાના અને કેટલા મોટા ડેમો આવેલા છે, તેમાં પાણી સંગ્રહ કરવાની ક્ષમતા કેટલી છે,

(૨) આવા ડેમોમાં વર્ષોથી કાંપ ભરાતા પાણીની સંગ્રહ ક્ષમતા ઘટતી જાય છે, તે નિવારવા સરકારે કયા કયા પ્રકારનું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) નાની કક્ષાના ૭૬ ડેમો, મધ્યમ કક્ષાના ૭ ડેમો આવેલા છે. મોટી કક્ષાના ડેમ આવેલા નથી.

પાણી સંગ્રહ કરવાની ક્ષમતા ૭૬૮૫.૩૯ મી. ઘનફૂટ છે.

(૨) જળાશયમાંથી કાંપ કાઢવા માટે સરકારી મશીનરીથી કાંપ ખોદી આપવામાં આવે અને ખેડૂતો સ્વખર્ચે વહન કરી લઈ જઈ શકે તેવી વ્યવસ્થા અમલમાં છે.

**અમરેલી જિલ્લામાં પ્રવાસન વિકાસના પસંદ કરેલ સ્થળો**

૨૭૧૧૨ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કયા કયા સ્થળો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવ્યા,

(૨) પસંદ કરેલ સ્થળોને વિકસાવવા માટે કઈ કઈ સુવિધા પુરી પાડવાની સરકારની યોજના છે, અને

**જવાબ**

(૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબના સ્થળોને પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા પસંદ કરવામાં આવ્યા.

(અ) જિલ્લા કલેકટરશ્રી દ્વારા

વર્ષ ૨૦૧૦માં સરકેશ્વર બીચ

(બ) ગુજરાત પ્રવાસન નિગમ લિ. દ્વારા

વર્ષ ૨૦૧૦માં આંબરડી ખાતે વાઈલ્ડ લાઈફ એન્ટરપ્રિટેશન પાર્ક.

(૨) (અ) જિલ્લા કલેકટરશ્રી અમરેલી દ્વારા સરકેશ્વર બીચના વિકાસ માટે નીચે મુજબની સુવિધા પુરી પાડવાની યોજના છે.

૧. સરકેરશ્વર બીચ બલાણા તા. જાફરાબાદ

બીચ ખાતે ૩ કી.મી. લંબાઈની ભારે દબાણની વીજ લાઇન અને ૧૦૦ કે. વી. એ કેપેસેટીના ટ્રાન્સફોર્મરની કામગીરી પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોક, સરકેશ્વર મહાદેવ એપ્રોચ રોડ ૭.૫૦ મીટર પહોળો કરવો અને એક કી.મી. લાંબો કરવો, મુખ્ય રસ્તાથી બીચ સુધી બે કી.મી. રસ્તાનું કામ, પીવાના પાણીની સુવિધા માટે કુવો, પાઇપ લાઇન, સંપ, પંપ હાઉસ, પંપ હાઉસ માટે પંપીંગ મશીનરીની કામગીરી.

(અ) ગુજરાત પ્રવાસન નિ. લિ. દ્વારા વન વિભાગ મારફતે નીચે મુજબની સુવિધા પુરી પાડવાની યોજના છે.

૧. ચેનલીંગ, ફેન્સીંગ, એનીમલ હાઉસ, પાણીની સગવડતા, મુરમ રોડ, ઓરીએન્ટેશન સેન્ટર, સ્ટાફ કેમ્પ ક્વાર્ટસ, બાયનોક્યુલર–ટેલીસ્કોપ વીડીયો પ્રોજેક્ટ સ્ક્રીન ટેલીવિઝન, પ્રવાસીઓ માટે રહેવાની સવલત, પ્રવાસી સ્વાગત કેન્દ્ર, સાઈનેજીસ, નેચરલ ટ્રેઈલ, ઓપન એમ્ફી થીયેટર, નેચરલ એજ્યુકેશન કેમ્પ સાઈટ, બોટ માટે જેટી,

શેડ સાથેનો પ્લેટફોર્મ, બોટ સલામતીના સાધનો, ઈકો ટુરીસ્ટ કેન્ટીન, ડ્રેનેજ લાઈન, સોલીડ વેસ્ટ ડીસ્પોઝલ અને સીવરેજ મેનેજમેન્ટ, લાઈટીંગ, વોચ ટાવર, પાર્કીંગ અને ગેટની કામગીરીનો સમાવેશ થાય છે.

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર પ્રત્યેક સ્થળના વિકાસ માટે કેટલા નાણાં ફાળવવામાં આવ્યા ?

(૩) (અ) જિલ્લા કલેક્ટરશ્રી અમરેલી દ્વારા વર્ષ ૨૦૧૦માં સરકેશ્વર બીચ બલાણાના વિકાસ માટે રૂપિયા ૯૫.૦૦ લાખ ફાળવવામાં આવેલ છે.

(બ) ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા રૂપિયા ૩૭૯.૦૦ લાખ આંબરડી ખાતેના વિકાસ કામો માટે વન વિભાગ હસ્તક મુકવામાં આવેલ છે.

## પોરબંદર જિલ્લામાં પ્રવાસન વિકાસના પસંદ કરેલ સ્થળો

૨૭૧૧૮ **શ્રી કરશનભાઇ દુ. ઓડેદરા(કુતિયાણા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પોરબંદર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કયા કયા સ્થળો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) પોરબંદર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબના સ્થળો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા પસંદ કરવામાં આવ્યા.

(અ) કલેકટરશ્રી પોરબંદર દ્વારા :

૧. બીલ નાથ મહાદેવ મંદિર, બીલેશ્વર

૨. જાંબુવંતી ગુફા, રાણાવાવ

૩. રાણા સરતાનજીનો ચોરો, પોરબંદર

૪. સુદામા મંદિર, પોરબંદર

૫. રાણીબાગ, પોરબંદર

(બ) ગુજરાત પ્રવાસન નિગમ લિ. દ્વારા

(૧) ડેસ્ટીનેશન ડેવલપમેન્ટ, પોરબંદર

(૨) માધવપુર બીચનો વિકાસ

(૩) મીયાણી બીચનો વિકાસ

(૨) પસંદ કરેલ સ્થળોને વિકસાવવા માટે કઈ કઈ સુવિધા પુરી પાડવાની સરકારની યોજના છે, અને

(૨) પસંદ કરેલા સ્થળોને વિકસાવવા માટે નીચે મુજબની સુવિધાઓ પૂરી પાડવાની યોજના છે.

(અ) કલેકટરશ્રી પોરબંદર દ્વારા :

૧. ટોયલેટ બાથરૂમ સુવિધા

૨. પીવાના પાણીની સુવિધા

૩. બાળકો માટે એમ્યુઝમેન્ટ, રમતગમત અને મનોરંજનની સુવિધા

૪. લાઈટીંગ અને સુશોભન સુવિધા

૫. બેઠક સુવિધા

૬. પ્રવાસન સ્થળનું બ્યુટીફીકેશન

(બ) ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા પસંદ કરેલ સ્થળોએ નીચે મુજબની સુવિધાઓ પૂરી પાડવાની યોજના છે.

૧. ડેસ્ટીનેશન ડેવલોપમેન્ટ, પોરબંદર –આર્કિટેક્ટની પસંદગી કરવામાં આવેલ છે. આર્કિટેક્ટ દ્વારા કોન્સેપ્ટ

પ્લાન તૈયાર કરવામાં આવેલ છે. રૂપિયા ૧૨.૦૦ કરોડના કોન્સેપ્ટ પ્લાનના આખરીકરણની કાર્યવાહી ચાલુમાં છે. આ પ્રોજેક્ટમાં નીચે મુજબની કામગીરીનો સમાવેશ કરેલ છે.

અ. કિર્તી મંદિર અને કસ્તુરબા મેમોરિયલ વચ્ચેના રસ્તાની સુધારણા

બ. માણેકચોકની સુધારણા

ક. શીતળા ચોકની સુધારણા

ડ. સુદામા ચોકની સુધારણા

ઈ. સાઈનેજીસ

ફ. હેરીટેજ વોકનો વિકાસ

ગ. કિર્તી મંદિરને જોડતા રસ્તાઓ પર પ્રવાસન સુવિધાઓ

(૨) માધવપુર બીચનો વિકાસ–આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાના વિકાસ માટે માધવપુર બીચ ખાતે દરિયાકાંઠા સુધી જવાનો રસ્તો, પાર્કીંગ એરિયા, બીચ પર જવા માટે એન્ટ્રસ પોઈન્ટ અને એન્ટ્રસ પ્લાઝા, પીવાના પાણીની સવલત, વીજળીકરણ, ડ્રેનેજ લાઈન, રેસ્ટ હટસ અને વ્યુ પોઈન્ટ, બાળકો માટે રમતગમતના સાધનો, પે એન્ડ યુઝ ટોઈલેટ બ્લોક, સાઈનેજીસ, પાથવે જેવી કામગીરી.

(૩) મીયાણી બીચનો વિકાસ.

આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાના વિકાસ માટે મીયાણા બીચ ખાતે દરિયાકાંઠા સુધી જવાનો રસ્તો, પાર્કીંગ એરિયા, બીચ પર જવા માટે એન્ટ્રસ પોઈન્ટ અને એન્ટ્રસ પ્લાઝા, પીવાના પાણીની સવલત, વીજળીકરણ, ડ્રેનેજ લાઈન, રેસ્ટ હટસ અને વ્યુ પોઈન્ટ, બાળકો માટે રમતગમતના સાધનો, પે એન્ડ યુઝ ટોઈલેટ બ્લોક, સાઈનેજીસ, પાથવે જેવી કામગીરી.

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર પ્રત્યેક સ્થળના વિકાસ માટે કેટલા નાણાં ફાળવવામાં આવ્યા ?

(૩) (અ) જિલ્લા કલેકટરશ્રી પોરબંદરને વર્ષ ૨૦૧૦માં તા. ૯–૨–૨૦૧૦ના રોજ રૂપિયા એક કરોડ તથા તા. ૨૦–૨–૨૦૧૦ના રોજ રૂપિયા પાંચ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. તે પૈકી જિલ્લા કલેકટરશ્રી, પોરબંદર દ્વારા નીચે મુજબના દરેક સ્થળ માટે ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

૧. બીલનાથ મહાદેવ મંદિર, બીલેશ્વર –રૂપિયા ૫.૦૦ લાખ
૨. જાંબુવંતી ગુફા, રાણાવાવ –રૂપિયા ૧૦૦.૦૦ લાખ
૩. રાણા સરતાનજીનો ચોરો, પોરબંદર–રૂપિયા ૩૬.૬૪ લાખ
૪. સુદામ મંદિર, પોરબંદર–રૂપિયા ૧૩૨.૬૩ લાખ
૫. રાણીબાગ, પોરબંદર રૂપિયા ૧૦૦.૦૦ લાખ

૨૦૧૧ના વર્ષમાં કોઈ ફાળવણી કરવામાં આવેલ

નથી.

(બ) ગુજરાત પ્રવાસન નિગમ લિ. દ્વારા

૧. ડેસ્ટીનેશન ડેવલોપમેન્ટ પોરબંદર–આયોજન હેઠળ હોઈ હાલ કોઈ નાણાં ફાળવવામાં આવેલ નથી.

૨. માધવપુર બીચનો વિકાસ– આયોજન હેઠળ હોઈ હાલ કોઈ નાણાં ફાળવવામાં આવેલ નથી.

૩. મીયાણી બીચનો વિકાસ–આયોજન હેઠળ હોઈ હાલ કોઈ નાણાં ફાળવવામાં આવેલ નથી.

## રાજ્યમાં આયુર્વેદિક કોલેજ અને હોસ્પિટલ સ્થાપવાની યોજના

૨૭૧૪૧ **શ્રી કિશોરભાઇ વાંકાવાલા( સુરત શહેર પશ્ચિમ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે રાજ્યમાં અદ્યતન પ્રકારની આયુર્વેદ કોલેજ અને હોસ્પિટલ સ્થાપવાની કોઈ યોજના કરેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનાની વિગતો શી છે, | (૨) રાજ્ય સરકારે ગાંધીનગર જિલ્લાના કોલવડા ખાતે એક મોડલ આયુર્વેદ કોલેજ તેમજ હોસ્પિટલ જેમાં આયુર્વેદની આધુનિક સારવાર અને શૈક્ષણિક સવલત હશે તેમજ આદિવાસી વિસ્તારમાં બે આયુર્વેદ કોલેજ અને સંલગ્ન બે હોસ્પિટલ શરૂ કરવાનો નિર્ણય કરેલ છે. વધુમા સિધ્ધપુર તાલુકાના દેથલી ખાતેની આયુર્વેદ હોસ્પિટલને અપગ્રેડ કરીને આધુનિક હોસ્પિટલ બનાવવાનું પણ આયોજન છે. |
| (૩) આ માટે અંદાજિત કેટલો ખર્ચ હશે, અને | (૩) કોલવડા ખાતેની મોડલ આયુર્વેદ કોલેજ અને હોસ્પિટલ માટે અંદાજે રૂપિયા ૧૫૦/– કરોડનો ખર્ચ અંદાજવામાં આવેલ છે. આદિવાસી વિસ્તારમાં બે આયુર્વેદ કોલેજ અને સંલગ્ન બે હોસ્પિટલ શરૂ કરવા માટે રૂપિયા ૧૫૦/– કરોડનો ખર્ચ અંદાજવામાં આવેલ છે જ્યારે દેથલી તા. સિધ્ધપુર જી. પાટણની આધુનિક હોસ્પિટલ માટે અંદાજીત ખર્ચ આશરે રૂપિયા ૧૯.૨૧ કરોડ થવાની શક્યતા છે. |
| (૪) આ હોસ્પિટલમાં કેવા પ્રકારની સુવિધાઓ અને સારવાર આપવામાં આવશે ? | (૪) કાયાચિકિત્સા, પંચકર્મ, ક્ષારસુત્ર, સ્ત્રી પ્રસુતિ, બાળરોગ, શલ્ય શાલાક્યમાં નેત્ર ચિકિત્સા, કર્ણચિકિત્સા, નાસાચિકિત્સા, દંતોત્પાટન, સ્વાસ્થ્યરક્ષણ, જેવા વિવિધ વિભાગોના નિષ્ણાત ચિકિત્સકો દ્ધારા દર્દીઓને આયુર્વેદ સારવાર આપવાનું આયોજન છે. |

## પંચમહાલ જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસ માટેની કામગીરી

૨૭૧૧૫ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ( કાલોલ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે શી કામગીરી હાથ ધરવામાં આવી, અને | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે નીચેની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. |

(અ) જિલ્લા કલેકટરશ્રી દ્વારા

(૧) પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા તાલુકાના મલબાર ગામને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે પાણીની જરૂરિયાતના ભાગરૂપે પ્રોજેક્ટ સ્થળે નવીન કુવો, પંપીંગ મશીનરી, કેબીન અને વીજળીકરણની કામગીરી કરવાનું આયોજન હાથ ધરેલ છે. આ કામગીરી માટે ટેન્ડર બહાર પાડવાની પ્રક્રિયા આયોજન હેઠળ છે.

(૨) મલબાર ખાતે ૧૨ (બાર) આદિજાતિ છોકરાઓને પર્વતારોહણની તાલીમ તથા ૬ (છ) છોકરાઓને માઉન્ટેઈન બાઈક ટ્રેઈનીંગ જીલ્લા પ્રવાસન સિમિતિ દ્વારા નિયુક્ત કરેલ એજન્સી દ્વારા આપવામાં આવેલ છે.

(૩) પાવાગઢ માટે રસ્તાની સુવિધા બાબત

(બ) ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા પંચમહાલ જિલ્લામાં હાલોલ તાલુકામાં આવેલ સુપ્રસિધ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે નીચે મુજબની સુવિધા પુરી પાડવાની કામગીરી હાથ પર છે.

(૧) ઈન્ટરપ્રિટેશન સેન્ટર

(૨) તેલિયા તળાવનો વિકાસ

(૩) દુધિયા તળાવનો વિકાસ

(૪) છાસીયા તળાવનો વિકાસ અને બોટીંગ ફેસીલીટી

(૫) માંચીથી દુધિયા તળાવ જવાના રસ્તાની પહોળાઈ અને રીપેરીંગની કામગીરી

(૬) દુધિયા તળાવથી મંદિર જવાના રસ્તાના પગથિયાનું નવીનીકરણ

(૭) નવલખા કોઠા એરિયાનો વિકાસ તથા સનસેટ પોઈન્ટના વિકાસની કામગીરી

(૨) આ માટે છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે કેટલી ગ્રાન્ટ આપી અને તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

(૨) (અ) જિલ્લા કલેકટરશ્રી દ્વારા

(૧) જાંબુઘોડા તાલુકાના મલબાર ગામને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે રૂપિયા ૯.૯૯ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ અન્વયે કોઈ ખર્ચ થયેલ નથી.

(૨) મલબાર ખાતે આદિજાતિના છોકરાઓને માઉન્ટેનીયરીંગ અને માઉન્ટેન બાઈક ટ્રેનીંગ માટે રૂપિયા ૪.૨૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ અન્વયે કોઈ ખર્ચ થયેલ નથી.

(૩) જિલ્લા કલેકટરશ્રી, પંચમહાલને વર્ષ ૨૦૧૦-૧૧માં પાવાગઢ માટે રસ્તાની સુવિધા બાબત રૂપિયા ૧૨૫.૦૦ લાખ ફાળવવામાં આવેલ છે. આ અન્વયે કોઈ ખર્ચ થયેલ નથી.

(બ) ગુજરાત પ્રવાસન નિગમ લિ. દ્વારા ચાંપાનેર, પાવાગઢના વિકાસ માટે રૂપિયા ૩૦૦૦.૦૦ લાખના ખર્ચનું આયોજન છે. આ માટે ટેન્ડર બનાવવાની પ્રક્રિયા પ્રગતિમાં હોઈ હાલમાં કોઈ ખર્ચ થયેલ નથી.

તા.૧૨મી માર્ચ, ૨૦૧૨
અતારાંકિત પ્રશ્નો

**સુરેન્દ્રનગર જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે મંજૂર થયેલ રકમ**

૨૭૧૬૭ **શ્રીમતિ વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જીલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી રકમ મંજૂર કરવામાં આવી,

(૨) તે પૈકી કયા કયા સ્થળોએ બાંધકામ હાથ ધરવામાં આવશે અને આ કામગીરી ક્યાં સુધીમાં શરૂ થશે, અને

(૩) કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જીલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે નીચે મુજબ રકમ મંજૂર કરવામાં આવેલ છે.

| અ.નં. | પ્રા. આ. કેન્દ્રનું નામ | મંજુર રકમ |
|---|---|---|
| ૧ | નવાગામ (થાન) | ` ૫૦.૦૦ લાખ |
| ૨ | ધાંધલપુર | ` ૫૦.૦૦ લાખ |
| ૩ | પરનાળા | ` ૫૦.૦૦ લાખ |
| ૪ | પીપરાળી | ` ૫૦.૦૦ લાખ |
| ૫ | વણોદ | ` ૫૦.૦૦ લાખ |

(૨) ટેન્ડર મંજુર થયેથી કામગીરી શરૂ કરવાનું આયોજન છે.

(૩) આ કામગીરી ટેન્ડર મંજુર થયેથી ૧૨ માસ સુધીમાં પુર્ણ કરવાનું આયોજન છે.

**વલસાડ જિલ્લામાં કાર્યરત ૧૦૮ એમ્બ્યુલન્સ વાન**

૨૭૦૯૬ **શ્રી રમણલાલ ના. પાટકર( ઉમરગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલી એમ્બ્યુલન્સ વાન કાર્યરત છે,

(૨) સન ૨૦૧૧ માં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનો કેટલા લાભાર્થીઓએ લાભ લીધો, અને

(૩) આ પૈકી કેટલાની જિંદગી બચાવવામાં આવી ?

**જવાબ**

(૧) તાલુકાવાર નીચે પ્રમાણે કુલ –૧૫ એમ્બ્યુલન્સ વાન કાર્યરત છે.

ધરમપુર–૪

કપરાડા–૩

પારડી–૨

ઉંમરગામ–૨

વલસાડ–૪

(૨) ૨૦૮૦૬.

(૩) ૧૩૦૩.

**વડોદરા જિલ્લામાં જનની સુરક્ષા હેઠળ સગર્ભા બહેનોને લાભ આપવા બાબત**

૨૪૯૭૯ **શ્રી મોહનસિંહ છો. રાઠવા( જેતપુર-પાવી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા ત્રણ વર્ષમાં જનની સુરક્ષા યોજના હેઠળ કેટલી સગર્ભા બહેનોને લાભ આપવામાં આવ્યો,

(૨) આ યોજના ક્યારે શરૂ કરી,

(૩) કેવા પ્રકારની સુવિધા આપી, અને

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૧–૪–૨૦૦૮ થી તા. ૩૧–૩–૨૦૧૧ સુધી જનની સુરક્ષા યોજના હેઠળ લાભ લીધેલ સગર્ભા બહેનોની વિગત સામેલ પત્રક અ મુજબ છે.

(૨) આ યોજના તા. ૧૩–૧૨–૨૦૦૫ થી શરૂ કરવામાં આવી.

(૩) આ યોજના હેઠળ લાભાર્થીને ` ૫૦૦/– પોષણયુક્ત ખોરાક, પ્રસૂતિ સમયે થતો દવાનો ખર્ચ કે અન્ય કોઈ ખર્ચને પહોંચી વળવા માટે સગર્ભાવસ્થાના છેલ્લા

ત્રણ મહિનાના સમયગાળામાં બેરર ચેક દ્વારા ચુકવવામાં આવે છે. તેમજ સંસ્થાકીય પ્રસૂતિ માટે વાહનવ્યવહાર પેટે ગ્રામ્ય વિસ્તારમાં ` ૨૦૦/– અને શહેરી વિસ્તારમાં ` ૧૦૦/– આપવામાં આવે છે.

(૪) તેના પાછળ કેટલી રકમનો ખર્ચ થયો ?

(૪) જનની સુરક્ષા યોજના હેઠળ છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૧–૪–૨૦૦૮ થી તા. ૩૧–૩–૨૦૧૧ સુધી થયેલ ખર્ચની વિગત સામેલ પત્રક–બ મુજબ છે

**પત્રક–અ**

| અ. નં. | તાલુકાનું નામ | ૨૦૦૮–૨૦૦૯ | ૨૦૦૯–૨૦૧૦ | ૨૦૧૦–૨૦૧૧ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | વડોદરા | ૬૪૯ | ૧૨૦૭ | ૧૦૯૩ | ૨૯૪૯ |
| ૨ | સાવલી | ૧૧૯૫ | ૨૧૩૩ | ૧૯૨૮ | ૫૨૫૬ |
| ૩ | પાદરા | ૭૬૮ | ૧૧૪૫ | ૧૨૨૯ | ૩૧૪૨ |
| ૪ | કરજણ | ૭૯૫ | ૧૪૭૮ | ૧૧૬૧ | ૩૪૩૪ |
| ૫ | વાઘોડીયા | ૮૫૮ | ૧૪૫૭ | ૧૨૦૦ | ૩૫૧૫ |
| ૬ | ડભોઈ | ૯૧૦ | ૧૮૯૮ | ૧૫૧૦ | ૪૩૧૮ |
| ૭ | સંખેડા | ૯૪૯ | ૧૭૮૫ | ૧૭૭૬ | ૪૫૧૦ |
| ૮ | નસવાડી | ૧૪૪૦ | ૨૩૪૬ | ૧૪૦૩ | ૫૧૮૯ |
| ૯ | પાવીજેતપુર | ૧૬૯૯ | ૩૦૮૭ | ૨૬૭૨ | ૭૪૫૮ |
| ૧૦ | છોટા ઉદેપુર | ૨૩૪૨ | ૪૮૨૯ | ૩૯૨૧ | ૧૧૦૯૨ |
| ૧૧ | ક્વાત | ૨૧૬૮ | ૩૭૯૪ | ૩૭૭૨ | ૯૭૩૪ |
| | **કુલ** | **૧૩૭૭૩** | **૨૫૧૫૯** | **૨૧૬૬૫** | **૬૦૫૯૭** |

**પત્રક–બ**

| અ. નં. | તાલુકાનું નામ | ૨૦૦૮–૨૦૦૯ | ૨૦૦૯–૨૦૧૦ | ૨૦૧૦–૨૦૧૧ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | વડોદરા | ૪૦૭૭૦૦ | ૭૩૮૧૦૦ | ૬૭૧૭૦૦ | ૧૮૧૭૫૦૦ |
| ૨ | સાવલી | ૮૨૦૭૦૦ | ૧૪૧૯૫૦૦ | ૧૨૪૬૮૦૦ | ૩૪૮૭૦૦૦ |
| ૩ | પાદરા | ૪૩૪૨૦૦ | ૫૯૭૩૦૦ | ૬૨૦૩૦૦ | ૧૬૫૧૮૦૦ |
| ૪ | કરજણ | ૪૬૬૩૦૦ | ૮૩૫૮૦૦ | ૬૬૫૫૦૦ | ૧૯૬૭૬૦૦ |
| ૫ | વાઘોડીયા | ૫૪૪૪૦૦ | ૮૭૯૫૦૦ | ૭૧૭૮૦૦ | ૨૧૪૧૭૦૦ |
| ૬ | ડભોઈ | ૫૫૪૩૦૦ | ૧૦૭૮૪૦૦ | ૯૦૩૦૦૦ | ૨૫૩૫૭૦૦ |
| ૭ | સંખેડા | ૫૬૮૯૦૦ | ૯૩૭૭૦૦ | ૮૯૯૪૦૦ | ૨૪૦૬૦૦૦ |
| ૮ | નસવાડી | ૮૫૮૪૦૦ | ૧૨૦૫૮૦૦ | ૭૨૫૫૦૦ | ૨૭૮૯૭૦૦ |
| ૯ | પાવીજેતપુર | ૯૫૩૯૦૦ | ૧૫૭૩૯૦૦ | ૧૩૭૦૨૦૦ | ૩૮૯૮૦૦૦ |
| ૧૦ | છોટા ઉદેપુર | ૧૨૯૦૭૦૦ | ૨૪૮૮૨૦૦ | ૧૯૮૫૩૦૦ | ૫૭૬૪૨૦૦ |
| ૧૧ | ક્વાત | ૧૨૦૭૦૦૦ | ૧૯૭૪૪૦૦ | ૧૯૦૫૨૦૦ | ૫૦૮૬૬૦૦ |
| | **કુલ** | **૮૧૦૬૫૦૦** | **૧૩૭૨૮૬૦૦** | **૧૧૭૧૦૭૦૦** | **૩૩૫૪૫૮૦૦** |

---------

## બિન નિવાસી ગુજરાતી પ્રભાગ દ્વારા કાર્યક્રમોનું આયોજન

૨૭૧૩૪ **શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(રખિયાલ) : માનનીય બિન નિવાસી ગુજરાતી પ્રભાગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજયમાં બિન–નિવાસી ગુજરાતી પ્રભાગ દ્વારા તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કાર્યક્રમોનું ક્યારે ક્યારે આયોજન કર્યું, અને

**જવાબ**

(૧) ૧૮ (અઢાર)

(૧) તા. ૮–૪–૨૦૧૦ થી તા. ૧૦–૪–૨૦૧૦

(૨) તા. ૫–૪–૨૦૧૦ થી તા. ૯–૪–૨૦૧૦

(૩) તા. ૮–૪–૨૦૧૦ થી તા. ૧૧–૪–૨૦૧૦

(૪) તા. ૧૦–૪–૨૦૧૦ થી તા. ૧૪–૪–૨૦૧૦

(૫) તા. ૩–૪–૨૦૧૦ થી તા. ૫–૪–૨૦૧૦

(૬) તા. ૨–૪–૨૦૧૦ થી તા. ૬–૪–૨૦૧૦

(૭) તા. ૫–૪–૨૦૧૦ થી તા. ૭–૪–૨૦૧૦
(૮) તા. ૧૦–૪–૨૦૧૦ થી તા ૧૩–૪–૨૦૧૦
(૯) તા. ૭–૪–૨૦૧૦ થી તા. ૧૦–૪–૨૦૧૦
(૧૦) તા. ૫–૪–૨૦૧૦ થી તા. ૧૦–૪–૨૦૧૦
(૧૧) તા. ૮–૪–૨૦૧૦ થી તા. ૧૨–૪–૨૦૧૦
(૧૨) તા. ૨–૪–૨૦૧૦ થી તા. ૫–૪–૨૦૧૦
(૧૩) તા. ૭–૪–૨૦૧૦ થી ૧૧–૪–૨૦૧૦
(૧૪) તા. ૧–૪–૨૦૧૦ થી તા. ૫–૪–૨૦૧૦
(૧૫) તા. ૩૦–૪–૨૦૧૦
(૧૬) તા. ૨–૧–૨૦૧૧ થી તા. ૪–૧–૨૦૧૧
(૧૭) તા. ૩૦–૪–૨૦૧૧
(૧૮) તા. ૨૯–૧૨–૨૦૧૧

(૨) બિન નિવાસી ગુજરાતી પ્રભાગમાં તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલા સભ્યોની નોંધણી થયેલ છે ?

(૨) બિન નિવાસી ગુજરાતી પ્રભાગ એ ગુજરાત બહાર (દેશમાં અને વિદેશમાં) વસતા તમામ ગુજરાતીઓ માટેનો છે. જેથી સભ્યોની અલગથી નોંધણી કરવામાં આવતી નથી. બિન નિવાસી ગુજરાતીઓ સાથે વધુ સારી રીતે સંપર્ક સ્થાપિત કરી શકાય તે હેતુથી તેમનો ડેટાબેઝ તૈયાર કરવાની કાર્યવાહી થાય છે.

**મહેમદાવાદ તાલુકાની શેઢી શાખાની ટેઈલ વિશાખાની રામપુરા માઈનોરની કામગીરીને મંજૂરી**

૨૭૦૮૫ **શ્રી કનુભાઈ ભુ. ડાભી( કઠલાલ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લાની મહેમદાવાદ તાલુકા સ્થિત શેઢી શાખાની ટેઈલ વિશાખાની રામપુરા માઈનોરની કામગીરીને ક્યારે મંજૂરી આપવામાં આવેલ છે,

(૨) મંજુર થયેલ કામ ક્યારે શરૂ કરવામાં આવનાર છે, અને

(૩) ક્યારે પુર્ણ કરવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) ફેબ્રુઆરી –૨૦૧૧ માં વહીવટી મંજૂરી તેમજ જુલાઈ–૨૦૧૧માં તાંત્રિક મંજૂરી આપવામાં આવેલ છે.

(૨) અને (૩)
શક્ય તેટલુ વહેલું.

**ભિલોડા તાલુકામાં કોટેજ હોસ્પિટલનું મંજૂર મહેકમ**

૨૮૫૪૫ **ડૉ. અનિલભાઈ જોષીયારા( ભિલોડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૨ ની સ્થિતિએ સબારકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકા મથકે આવેલ કોટેજ હોસ્પિટલમાં સવંર્ગવાર વર્ગ–૧ થી વર્ગ–૪ સુધીની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) એમાંથી ઉક્ત સમયે કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી ખાલી છે, અને

(૩) ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) કોટેજ હોસ્પિટલ, ભિલોડાનું સંવર્ગવાર મંજૂર

| વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ | કુલ |
|---|---|---|---|---|
| ૧૧ | ૦૪ | ૩૭ | ૨૧ | ૭૩ |

મહેકમ નીચે મુજબ છે.

(૨)

| સંવર્ગ | ભરેલી | ખાલી |
|---|---|---|
| વર્ગ–૧ | ૪ | ૭ |
| વર્ગ–૨ | ૪ | ૦ |
| વર્ગ–૩ | ૨૬ | ૧૧ |
| વર્ગ૪ | ૧૬ | ૫ |
| કુલ | ૫૦ | ૨૩ |

(૩) યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી બનતી ત્વરાએ.

**કચ્છ જિલ્લામાં નર્મદા યોજના હેઠળ પીવાના પાણીનું જોડાણ**

૨૭૫૮૦ **શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ૮૦૦ કરતાં વધુ ગામડાઓ પૈકી કેટલાક ગામોને નર્મદાનું પેયજલ આપવા જોડાણ અપાયું નથી તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં કયા કયા તાલુકાઓમાં કેટલા ગામોને મંજૂરી સામે નર્મદા પેયજલના જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તુલકો | તાલુકાના કુલ ગામો | મંજૂર થયેલ ગામો | જોડાણ આપેલ ગામો |
|---|---|---|---|---|
| ૧ | ભૂજ | ૧૪૪ | ૧૪૪ | ૧૩૯ |
| ૨ | માંડવી | ૯૦ | ૯૦ | ૮૮ |
| ૩ | નખત્રાણા | ૧૧૯ | ૧૧૯ | ૪૪ |
| ૪ | અબડાસા | ૧૫૦ | ૧૫૦ | ૧૫૦ |
| ૫ | લખપત | ૮૬ | ૮૬ | ૮૬ |
| ૬ | અંજાર | ૬૪ | ૬૪ | ૬૧ |
| ૭ | ગાંધીધામ | ૮ | ૮ | ૮ |
| ૮ | મુન્દ્રા | ૫૯ | ૫૯ | ૫૯ |
| ૯ | ભચાઉ | ૬૯ | ૬૯ | ૬૯ |
| ૧૦ | રાપર | ૯૭ | ૯૭ | ૯૭ |
| | કુલ | ૮૮૬ | ૮૮૬ | ૮૦૧ |

(૩) નર્મદા પેયજલનું જોડાણ મળવા છતાં કેટલા ગામો તાલુકાદીઠ નર્મદા પેયજલ મેળવતા નથી અને તેના કારણો શા છે ?

(૩) સ્થાનિક સોર્સમાં પાણી ઉપલબ્ધ હોઈ નર્મદાનું જોડાણ મળવા છતાં પાણી લેતા નથી તેવા ૨૩૩ ગામો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | ગામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ભૂજ | ૮૯ |
| ૨ | માંડવી | ૫૦ |
| ૩ | મુન્દ્રા | ૪૧ |
| ૪ | ભચાઉ | ૩૦ |
| ૫ | રાપર | ૨૩ |
| ૬ | અંજાર | ૬૧ |
| ૭ | ગાંધીધામ | ૮ |

## ૫૨૯/page> જલાલપોર તાલુકાના દાંતીમાં દરિયાઈ મોજાથી જમીનનું ધોવાણ

૨૭૦૮૯ **શ્રી આર. સી. પટેલ( જલાલપોર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) નવાસારી જિલ્લાના જલાલપોર તાલુકાના દાંતીમાં દરિયાઈ મોજાઓના કારણે જમીનનું મોંટે પાચે ધોવાણ થાય છે, તે સરકારના ધ્યાને છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો આવું ધોવાણ અટકાવવા સરકારે કોઈ કામગીરી હાથ ધરી છે કે કેમ, અને

(૨) હા, જી.

(૩) જો હા, તો તેની વિગતો શી છે ?

(૩) દાંતી (જલાલપોર) ખાતે ૧૨૬૦ મીટર લંબાઈમાં ` ૩૯૪.૫૨ લાખના ખર્ચે સંરક્ષણ દિવાલ બાંધવાની કામગીરી હાથ ધરેલ છે. જે પૈકી ૧૧૫૦ મીટર લંબાઈમાં કામગીરી પૂર્ણ થયેલ છે જ્યારે દરિયા તરફ ` ૨૫૫.૬૦ લાખના ખર્ચે ૪૬૦ મીટર લંબાઈમાં સંરક્ષણ દિવાલ બાંધવાની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે, જે એપ્રિલ–૨૦૧૨ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

## કચ્છ જિલ્લામાં બોગસ ડોકટરો વિરૂધ્ધ ફરીયાદો

૨૬૮૯૮ **શ્રી જયંતિલાલ પ. ભાનુશાળી(અબડાસા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) કચ્છ જિલ્લાના ગ્રામિણ વિસ્તારોમાં બોગસ ડૉકટરો દવાખાનાઓ ચલાવી રહ્યા છે. તેવી તા. ૩૧–૧૨–

(૧) ૩૮ (આડત્રીસ).

૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી ફરિયાદો મળી,

(૨) આવા બોગસ ડૉક્ટરો સામે સરકારે શાં પગલાં લીધા,

(૨) તમામ સામે પોલીસ કેસ કરવામાં આવેલ છે.

(૩) બોગસ ડૉક્ટરોને અટકાવવા સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ, અને

(૩) હા.

(૪) જો હા, તો તેની વિગતો શી છે ?

(૪) ગુજરાત સરકારશ્રીના આરોગ્ય વિભાગ દ્વારા તા. ૨૧-૧-૨૦૦૩ ના પરિપત્રથી તમામ જિલ્લા આરોગ્ય અધિકારી તથા જિલ્લા આયુર્વેદ અધિકારીઓને તાપસ કરી કાર્યવાહી કરવા સુચના આપવામાં આવેલ છે.

## અમદાવાદ મણીબેન આયુર્વૈદિક હોસ્પિટલને મૉડેલ આયુર્વૈદિક હોસ્પિટલ બનાવવાની યોજના

૨૭૧૬૨ **શ્રી ભૂષણ અ. ભટ્ટ(ખાડીયા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ અમદાવાદની મણીબેન આયુર્વેદિક હોસ્પિટલને મૉડેલ આયુર્વેદિક હોસ્પિટલ બનાવવા માટેની રાજ્ય સરકારે કોઈ યોજના અમલમાં મુકી છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ યોજના અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ શી કામગીરી કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

અમદાવાદ ખાતેની મણીબેન સરકારી આયુર્વેદિક હોસ્પિટલને સેન્ટર ઓફ એકસેલન્સ ફોર ન્યુરોલોજીકલ ડીસઓર્ડર તરીકે વિકસાવી મૉડેલ આયુર્વેદિક હોસ્પિટલ તરીકે વિકસાવવાની યોજના ગુજરાત સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલ છે.

(૨) આ યોજના અંતર્ગત અમદાવાદ ખાતેની મણીબેન સરકારી આયુર્વેદિક હોસ્પિટલના વિકાસ અને વિસ્તરણ માટે જરૂરી રીનોવેશન અને બાંધકામની કામગીરી ચાલુ છે.

## નર્મદા અને ભરૂચ તાલુકામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં મંજૂર થયેલ મહેકમ

૨૭૨૮૭ **શ્રી અમરસિંહ રા. વસાવા( દેડીયાપાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નર્મદા અને ભરૂચ તાલુકાઓમાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ અન્વયે સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે પરિસ્થિતિ એ છે કે, તાલુકા કક્ષાએ જે ગ્રામ પંચાયત લેવલેથી અને ગામડા લેવલેથી જે માણસોને રોજી મેળવવાની છે, જોબ કાર્ડ છે એ લોકો તાલુકા કક્ષાએ આવે છે અને એમને આ રોજી મળી શકતી નથી અને કામ મળી શકતું નથી અને બીજું એ કામ એટલા માટે નથી મળી શકતું કે, ત્યાં પાંચ–પાંચ ગામો એટલે કે, લોકોને પાંચ–પાંચ કિલોમીટર દૂરથી આવવું પડે છે એટલે આટલે દૂરથી આવી શકતા નથી માણસોને કામ ઉપર આવવા એટલા માટે પણ આ એક મુશ્કેલી ઉભી થાય છે. ખાસ મારી વિનંતી છે કે, કેન્દ્ર સરકાર એક માણસ દીઠ પર ડે ૧૨૪/– રૂપિયા આપે છે. બીજા આપણા વિભાગો છે જેવા કે સિંચાઇ વિભાગ, માર્ગ અને મકાન વિભાગ એ દરેક વિભાગોના એસ.ઓ.આર. સુધરી ગયા છે. ત્યારે આ મનરેગાનું કામ કરતા જે માણસો છે, મજૂરો છે એમના એસ.ઓ.આર. ના સુધરવાના કારણે આજે પરિસ્થિતિ એ થઇ છે કે, તડકામાં કામ કરે છે,પરસેવો પાડે છે પણ પુરતું વેતન મળતું નથી. મારી વિનંતી છે કે કેન્દ્ર સરકાર પૈસા આપે છે. કેન્દ્ર સરકાર તો ઘણાબધામાં પૈસા આપે છે. કોટન એકસપોર્ટ માટે છુટ આપી દીધી અને સિત્તેર હજાર કરોડની ખેડૂતોને સહાય પણ આપી છે. આ રીતે આ કેન્દ્ર સરકાર ગરીબ માણસોને, ખેડૂતોને દરેક રીતે મદદ કરવા માગે છે પણ આ સરકાર આ એસ.ઓ.આર. સુધારતી નથી એને કારણે આ પૈસા ૧૨૪ રૂપિયા આ લોકોને મળી શકતા નથી. આ જે પૈસા છે એમાં કેન્દ્ર સરકાર ૬૦: ૪૦ નો રેશીયો રાખે છે. ૬૦ટકા માટીકામ અને ૪૦ ટકા મેટલ કામ માટે પૈસા છે. ૪૦ ટકા મેટલ કામમાં મોટાભાગે મશીનથી કામ કરવામાં આવે છે જેથી રોજગારી મળવી જોઇએ એ મળી શકતી નથી. આ પૈસા ફીકસ પગારમાં કર્મચારીઓ હોય છે એના પગારમાં પણ વપરાતા હોય છે. બોરી બંધ કે જે કાયમી એસેટ નથી. આમ તો આ મનરેગામાં તો કાયમી એસેટ ઉભી થતી હોય છે. કાયમી એસેટ ઉભી કરવા માટે અને સાથેસાથે માણસોને રોજી મળે એવો બેવડો આપણો આશય છે. મારી સરકારને વિનંતી છે કે નવા એસ.ઓ.આર. સુધારો કારણકે આ પ્રશ્ન અગાઉ પણ મેં નાણા વિભાગ સાથે અને માનનીય મંત્રીશ્રી સાથે ચર્ચા કરી છે. નવા એસ.ઓ.આર. જે બીજા વિભાગમાં સુધારવામાં આવે છે એમ આમાં પણ એસ.ઓ.આર. સુધરે તો પરસેવો પાડીને જે લોકો કામ કરે છે એને પુરતુ વેતન મળે.

**શ્રી અમરસિંહ રા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો મુદ્દો છે માહિતી અને પ્રચાર, ઉત્સવ મેળાઓ તેમજ અન્ય સરકારી જાહેરાતોના હોર્ડીંગ પાછળ વ્યાપક ખર્ચ કરવાથી થતો નાણાનો દુરઉપયોગ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા.આ ખાતુ ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રીનું નામ પણ બદનામ કરી રહયું છે એટલા માટે કે એકબાજુ મુખ્યમંત્રીશ્રીની પાછળ જાહેરાત કરવા માટે આ ખાતુ તૈયાર છે પણ એવી પરિસ્થિતિ ઉભી થાય છે કે તાલુકા મથક ઉપર, બસ સ્ટેશન ઉપર જાહેરાતોના જે પોસ્ટર આવે છે એ પોસ્ટરમાં મુખ્યમંત્રીશ્રીના ફોટા એટલા બધા હોય અને જે ગરીબ લોકો છે, જે ભણતા છોકરા છે એ લોકોએ મારી ઓફીસમાં આવીને મને એમ કહયું કે ધારાસભ્યશ્રી, મુખ્યમંત્રીશ્રીની જાહેરાત થાય છે એ તો બરાબર પણ જયારે મુખ્યમંત્રીશ્રીના ફોટા ટોયલેટ, બાથરુમ, પેશાબખાનામાં, મુતરડી ઉપર પણ લાગ્યા હોય એ બરાબર નથી. ગુજરાતના મુખ્યમંત્રીશ્રીનું અપમાન થાય છે. આટલા મોટા ખર્ચની જાહેરાત થાય. ત્યાં દરેક જગ્યાએ છે અને આ વાત મને જાતે કીધી ત્યારે મેં કીધું ચાલો હું પણ જોઇ લઉં સાચું છે કે ખોટું. ઘણા બધા લોકો એને ખરાબ રીતે જુએ છે. બીજું મારે આ વિભાગને કહેવું છે કે આ સરકાર વાંચે ગુજરાતનો એક કાર્યક્રમ લઇને આવી. એમાં આદિવાસી વિસ્તારના જે યુવાનોને એનું નોલેજ વધે એના માટે કેન્દ્ર સરકારે પૈસા આપ્યા અને તે પૈસાનો દુરઉપયોગ થયો અને તે પૈસાના એટલા મોટા પોસ્ટરો બનાવ્યા નરેન્દ્ર મોદીના નામના એ વાંચે ગુજરાત આખું ગાંધીનગર જયારથી શરુ થાય, આખી ગલીઓમાં એટલા મોટા પોસ્ટરો આ વિભાગના આ

પૈસામાંથી થયા. ગાંધીનગર તો બાકી રહયું. અમદાવાદ, વડોદરા, રાજકોટ અને ભાવનગરમાં પણ પોસ્ટરો એટલે આની સરકારે દેખરેખ રાખવી જોઇએ અને એના ઉપર નિયંત્રણ રાખવું જોઇએ.

**શ્રી જીતુભાઇ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ પંચાયતનો વહીવટ ચુંટાયેલા પ્રતિનિધિઓને સંપૂર્ણપણે આપવામાં તંત્રની નિષ્ફળતા. માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે ગ્રામ પંચાયતો ચુંટાઇને આવે છે. અને ચૂંટાઇ આવ્યા પછી જે બંધારણીય હક્કો છે, કારણ કે ગ્રામપંચાયત સ્વતંત્ર છે. કોઇ પક્ષની હોતી નથી, નિષ્પક્ષ હોય છે, પરંતુ મોટા ભાગની ગ્રામપંચાયત આજે જે તે વિસ્તારમાં ખાસ કરીને ટ્રાયબલ વિસ્તારમાં જે મહેકમ છે, એમાં ગ્રામપંચાયતની અંદર તલાટી આપણે કહીએ છીએ કે ગ્રામસભા થકી સંપૂર્ણ સરકારનું કામ કરવા માટેની વહીવટી સુગમતા છે. ગ્રામસભામાં પહેલા તો અધિકારીઓ આવતા નથી. ગ્રામસભાનો સમય નક્કી કરેલો હોય છે. તે મોટા ભાગની ગ્રામસભામાં અધિકારીઓ આવતા નથી. અને બીજી એક બાબત ધ્યાન દોરવા માગું છું કે ગ્રામસભા જ્યારે હોય છે, ત્યારે ગ્રામસભાના ઠરાવ એ અધિકારીઓ કહે છે કે આ પ્રમાણેના ઠરાવ કરો અને એ પ્રમાણે સરકારના ચોપડે બોલે અને સરકાર એના પરથી એમ કહે છે કે આટલી ગ્રામસભા થઇ અને આટલા પ્રશ્નો હલ થઇ ગયા. વાસ્તવમાં અધિકારી આવતા નથી. મોટા ભાગના ટ્રાયબલ વિસ્તારમાં ગ્રામ પંચાયતમાં તલાટી નથી. છેલ્લે લગભગ એક જિલ્લાની વાત કરું તો દક્ષિણ ગુજરાત, વલસાડ જિલ્લામાં ગામડાઓની અંદર ૧૦ ગ્રામપંચાયત અને ફકત એક તલાટી હોય અને પહાડી વિસ્તારોમાં તલાટી કેવી રીતે કામ કરી શકે? ગ્રામસભા એક જ દિવસે એક જ સમયે હોય તો સરપંચ કે સચિવ બંને જગ્યાએ જઇ શકતા નથી. એ વિસ્તારમાં વહીવટમાં મુશ્કેલી પડે છે. ખાસ કરીને એ વિસ્તારના ગ્રામ પંચાયતના માની લો કે ગ્રામ પંચાયત એ કોંગ્રેસની પેનલની હોય તો એમાં સસ્પેન્ડ કરવા માટે છેક અહીયા સુધી ખોટી અરજી કરી અધિકારી કનડગત કરીને હેરાન કરવામાં આવે છે. એના થકી ગ્રામ પંચાયત છે, એને સ્વતંત્રતા મળતી નથી. ગ્રામ પંચાયત થકી સારો વહીવટ કરવાનો છે, એ થઇ શકતો નથી.

**શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ(બાબરા)** : માનનીય અધ્યક્ષશ્રી, જે મનરેગાની યોજનાના પૈસા કેન્દ્ર સરકારમાંથી આવ્યા અને સમગ્ર દેશની અંદર ગુજરાતની અંદર કામગીરી એકદમ નબળી હતી, એટલે રાતોરાત બોરીબંધ નામની યોજના તૈયાર કરી અને કેન્દ્ર સરકારના કરોડો રૂપિયા કઇ રીતે વેડફી નાખ્યા. ચેકડેમ બન્યા અને ચોમાસુ આવ્યું અને બોરી બંધના ચેકડેમ હજી તો વરસાદ દૂર હોય અને દરિયાઇ સાથે દોસ્તી કર લેંગે એમ ચેકડેમ આગળ જતા રહ્યા અને પાણીની રિચાર્જ કરવાની યોજના હતી તે નિષ્ફળ ગઇ. ૨.૭૦ પૈ.ની ખાલી સિમેન્ટની થેલી લીધી અને બજારમાં ૫૦ પૈ. થી ૧ રૂપિયે મળે. ગુજરાતમાંથી તો થેલીઓ ખલાસ થઇ ગઇ, એટલે મહારાષ્ટ્ર, એમ.પી. અને રાજસ્થાનમાંથી લઇ આવ્યા. એક બાજું કાર્બન ક્રેડિટની, પર્યાવરણની વાતો કરીએ. આ રાજ્યમાં લાખો કરોડો ટન પ્લાસ્ટિક આ જમીનમાં સરકાર દ્વારા પાથર્યો અને કેન્દ્ર સરકારના કરોડો રૂપિયા આ મનરેગા યોજનાની અંદર આ સરકારે બેફામ વેડફી નાખ્યા. ૧૧૧ કરોડ રૂપિયાનો ખર્ચ આ બોરીબંધ પાછળ કરવામાં આવ્યો. જે રિચાર્જથી લાભ થવો જોઇએ એ આ બોરીબંધથી થયો નહીં અને સરકાર દ્વારા તાલુકા પંચાયતોમાં આના ટેન્ડરો આપવામાં આવ્યા અને ટેન્ડર મળતિયાઓને આપવામાં આવ્યા કે તમે અમને થેલીઓ આપો અને આ થેલીઓ ૨.૭૦ પૈસે ખરીદીની વાત કરી એ પ્રમાણે આપી અને રાજ્યની કેન્દ્રની જે મોટામાં મોટી રકમ રાજયમાં ગરીબ માણસોને ૧૦૦ દિવસની રોજગાર ગેરંટી યોજનામાં પૈસા આવ્યા હતા તે બોરીબંધમાં વાપરી અને બોરીબંધ પાછળ ખર્ચ કરી તંત્ર દ્વારા જે રિઝલ્ટ લાવવું જોઇએ તે લાવી શક્યા નહિ અને સાથે સાથે આ રાજયમાં જે તમામે તમામ રકમ આવી એમાંથી મોટા ભાગની રકમ બોરીબંધમાં વાપરી અને બોરીબંધમાં વાપર્યા પછી રિઝલ્ટ આપવું જોઇએ એ આ રાજયની અંદર પાણીનું રિચાર્જ કરવામાં આવ્યું નહિ. અને આમ છતાય સરકારી તંત્ર દ્વારા આંકડા આપવામાં આવે કે અમે આટલા ગેલન પાણી જમીનમાં રિચાર્જ કર્યુ અને આટલા તળ ઉંચા આવ્યા અને છતાય..

અધ્યક્ષશ્રી : શ્રી છનાભાઇ ચૌધરી..

**શ્રી છનાભાઇ કો. ચૌધરી(ધરમપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન છે ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં ઉમેદવારો પાસે બે બાળકોના નિયમોનું ચુસ્તપણે પાલન કરવામાં તંત્રની નિષ્ફળતા.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે પંચાયતની ચૂંટણીમાં જેમને બે બાળકો હોય તે જ ચૂંટણીમાં ઉભા રહી શકે તેવા નિયમો બનાવ્યા છે. જયારે આપણે ઉમેદવારીપત્ર ભરીએ છીએ ત્યારે તેના ઉમેદવારો તેનું એકરારનામું કરે છે કે મારે ફકત બે બાળકો છે. વાસ્તવિકતા જોવામાં આવે ત્યારે તેને ત્રણ બાળકો હોય કે વધારે પણ હોય અને ખોટું સોગંદનામું કરીને તેઓ જયારે ફોર્મ ભરે છે અને ચૂંટાય છે અને જયારે સામા પક્ષને ખબર પડે કે આમને તો ત્રણ બાળકો છે. ત્રણ બાળકો હોય છે તો તેમનું  ફોર્મ કેન્સલ થવું જોઇએ. તેવા કિસ્સાઓ દરેક તાલુકા કે ગામમાં બનતા હોય છે. સરકારી તંત્રને ફરિયાદ કરવા છતાં તેની કોઇ કાર્યવાહી કરવામાં આવતી નથી. મારા વાંસદા તાલુકામાં એક તાલુકા પંચાયતના સભ્યએ ખોટું ઇકરારનામું કર્યુ.  અમે તેની ફરિયાદ કરી, તેમને અત્યારે ત્રણ બાળકો છે તેમ કહી ફરિયાદ આપી. અમે ડી.ડી.ઓ.ને આપ્યું. ડી.ડી.ઓ.એ ચૂંટણી રદ કરી તેમ છતાં તે અહીંયાં કમિશ્નર પાસે આવ્યા અને ત્યાં જઇને સ્ટે મેળવ્યો. જે ત્રણ બાળકોના પિતા છે તે તાલુકા પંચાયતના સભ્ય તરીકે ચાલુ છે. આવા કિસ્સાઓમાં સરકારે ધ્યાન પર લઇને, આપણે જે કાયદો બનાવ્યો છે તો કાયદાનું બરાબર પાલન થવું જોઇએ. હવે પછી જે કિસ્સાઓ આવે છે તેમાં પૂરતી માહિતી લઇને ઉમેદવારીપત્રો ભરાવવા જોઇએ. બે બાળકોના કાયદાનું ચુસ્તપણે પાલન થવું જોઇએ. વ્યારા તાલુકાના ડોલવણ ગામમાં પણ આ પ્રકારનો કેસ બન્યો છે. ત્યાંના ગ્રામ પંચાયતના જે સભ્ય છે તેમને પણ ત્રણ બાળકો છે. તેમણે ખોટી માહિતી આપી  અને ચૂંટાઇ ગયા. તેની પણ ફરિયાદ થઇ તેમ છતાં તેમના  પર કોઇ પગલાં લેવાતા નથી તેમ છતાં જયારે સરકારમાં આ પ્રશ્ન આવે છે ત્યારે સરકાર તેને સ્ટે આપે છે કે કોઇ આવી પૂરતી માહિતી નથી. વાંસદાના કિસ્સામાં તો એવું બન્યું છે કે તેમનું પોતાનું બાળક છે અને પોતે પોતાનો હોદો સાચવવા માટે તેમણે પોતાનું નામ બાપમાંથી કાઢીને તેના ભાઇનું નામ આપ્યું છે અને તેવા મુદા રજૂ કરીને અહીંથી તેમણે સ્ટે મેળવ્યો છે. એટલે આપણે આ બાબતે સરકારે તપાસ કરવી જોઇએ.આવા જે કિસ્સા બને છે તેમાં કાયદાનું બરાબર પાલન થાય તેવી મારી સરકારશ્રીને વિનંતી છે.

**શ્રી વજુભાઇ વાળા (નાણામંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અનિલભાઇ જોષીયારા, શ્રી અમરસિંહભાઇ વસાવા, શ્રી જીતુભાઇ ચૌધરી, શ્રી બાવકુભાઇ ઉંઘાડ અને  શ્રી છનાભાઇ ચૌધરી આ પાંચ લોકોએ જે તેમના મુદા આપ્યા છે. મેં પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો નથી એટલા માટે કે અનિલભાઇ જોષીયારાએ  માગણી નં.૬૯, ૧૭૩મું પાનું, પછી જીતુભાઇ ચૌધરીએ માગણી નં.૬૯, ૧૭૩મું પાનું, બાવકુભાઇ ઉંઘાડ ૬૯ની માગણી, ૧૭૩ પાનું અને છનાભાઇ ચૌધરી માગણી ક્રમાંક ૬૯ અને ૧૭૩ મું પાનું. આ ચારેય વ્યકિતઓએ જે માગણી ક્રમાંક ૬૯ ઉપર રજુઆત કરી છે તે માગણી નં. ૬૯ માં આવું કઇ છે જ નહીં. ૧૭૩મું પાનું વાંચી લો. મને એમ કે ભવિષ્યમાં તમને બોલવાનો ચાન્સ મળે કે ન મળે બોલી નાંખો. આ ખ્યાલ નથી આવતો કે આ માગણી પર મુદો મૂકે છે ત્યારે આ વાત છે. છતાં પણ આપણો સંતોષકારક રીતે  જવાબ આપું. માનનીય જોષીયારાજીએ કહ્યું કે લોકોને કામ મળતું નથી અને બીજી વાત કહી કે ૧૨૪ રૂપિયા જે આપે છે તે ઓછો  પગાર છે. તે વધુ આપવો જોઇએ.કેટલા રૂપિયા આપવા તે આ ભારત સરકારનું રાજયપત્રિત ગેઝેટ છે. તે ગેઝેટની અંદર તેમાં ૧૪ જાન્યુઆરી ૨૦૧૧નું ગેઝેટ છે તે પ્રમાણે આપવામાં આવે છે. તેમાં લખ્યું છે  ગુજરાત ૧૨૪ રૂપિયા. એટલા તો આપીએ જ છીએ. હું એટલું જ કહું છું કેન્દ્રમાં  આ વધારે કરતા હોય તો હરિયાણાની અંદર ૧૭૯ આપે. ગુજરાત ૧૨૪ આપે છે. તમારા ગેઝેટ પ્રમાણે. તે જ રીતે કેરલ છે તેમાં ૧૫૦ રૂપિયા આપે છે. આપણે ૧૨૪ રૂપિયા આપીએ છીએ, એ  જ પ્રમાણે આંદામાન– નીકોબારમાં ૧૭૦ રૂપિયા આપવામાં આવે છે. આપણે ૧૨૪ રૂપિયા આપીએ છીએ, એ જ રીતે દાદર નગર હવેલીમાં ૧૩૮ રૂપિયા, લક્ષદ્રીપમાં ૧૩૮ રૂપિયા, ચંડીગઢમાં  ૧૭૪ રૂપિયા આપે છે, આપણે જે ૧૨૪ રૂપિયા આપીએ છીએ એ કેન્દ્ર સરકારના ગેઝેટ પ્રમાણે આપીએ છીએ, કેન્દ્ર સરકાર જો ૨૦૦ રૂપિયા કહેશે તો આપણને ૨૦૦ રૂપિયા આપવામાં કોઇ હરકત નથી અને બીજી જે આપે વાત કરી કે આ SOR છે એની અંદર આ સુધારવા માટેનું કામ, તો એ જ આ SOR,  ૧૨૪ને બદલે આપવાનું  તો એ ભારત સરકાર જે રીતે કહે છે એ રીતે આપણે આપીએ છીએ. એટલે એ કોઇ આપણા પર્યુની અંદર નથી, હું ૨૦૦ રૂપિયા કરાવી દઉં તમે

કેન્દ્રની મંજૂરી લઇ આવો. આપણું લઘુત્તમ વેતન ગમે તે હોયને છતાં પણ આ ભારત સરકારનું રાજપત્ર છે તો એ ગેજેટ પ્રમાણે જ આપીએ છીએ અને બીજુ, આની અંદર એમ કહેવાય કે આ કામગીરી પણ એ રીતે જ એ થયેલ છે કે કુલ રજીસ્ટ્રાર ૪૦૭૩૩૭૯ લોકોને આપવાને પાત્ર હતી એમાંથી આપણે જોબકાર્ડ ઇસ્યુ કર્યા, તમામ લોકોને ૪૦૭૩૩૭૯ને, પણ ગુજરાતની અંદર આ કામ કરવાવાળા આવવાવાળાની સંખ્યા જ પ્રમાણમાં ઓછી હોય, એક પણ એવું નથી કે કામ કરવા આવ્યો હોય અને આપણે ના પાડી હોય, આપણે તમામ લોકોને અને માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રમાણે જે નરેગા યોજના નીચે ૪૭૩ કરોડ ૬૧ લાખ અને ૫ હજારના કામો આપણે ઓલરેડી આપેલા છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી જે વાત માનનીય અમરસિંહભાઇએ કરી કે, તાલુકા મથક ઉપર અને સ્ટેશનની જગ્યાએ ફોટાને એ થાય છે તો જયારે પણ ઉત્સવો હોયને એ ઉત્સવો માટેના ફોટા આજ નહીં પણ વર્ષોથી થતા આવે છે, મને લાગે છે કે માનનીય અમરસિંહભાઇ ગયા, એ એમ કહેતા હતા કે મુતરડી ઉપર હોય, સંડાશની અંદર હોય, તો મને તો આ ખબર નથી, સીએમનો ફોટો જોઇ અને એ જગ્યાએ મુતરડી પેદા થતી હોય તો મારે એ બાબતમાં કંઇ કહેવું નથી. આવી રીતે કોઇ સરકાર પ્રચાર માટે થઇને સંડાસ ઉપર મૂકે? અને મને કોઇએ કહયું અને કોઇકના નામની વાત લઇને વાત કરવી, તો એ રીતે કોઇ નથી. તમામ કાર્યક્રમ માટે થઇને પ્રચાર પ્રસાર કરવો અમે ધારો કે નવરાત્રી મહોત્સવ કરીએ કે પતંગોત્સ્વ કરીએ તો ગમે તે ઉત્સવ ઉજવતા હોય તો ઉત્સવના ફોટા આવે એ તો નેચરલી હોય છે અને માનનીય મુખ્ય મંત્રીશ્રીનો ફોટો આવે તો એ તો સ્વાભાવિક રીતે હોય છે, કેન્દ્રમાં હોય તો વડાપ્રધાનનો ફોટો આવે છે, જે રાજયની અંદર હોય એનો ફોટો આવે, એ સિવાય બીજા કોનો ફોટો મૂકે? એટલે આ રીતે એમની કોઇ વાત ટકતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જીતુભાઇએ પણ એ રીતે વાત કરી કે ગ્રામસભામાં અધિકારીઓ આવતા નથી, માનનીય જીતુભાઇનો મુદ્દો છે એ મુદ્દાની અંદર એમણે કહયું છે કે ગ્રામ પંચાયતોનો વહીવટ ચૂંટાયેલા પ્રતિનિધિઓને સંપૂર્ણપણે આપવામાં તંત્રની નિષ્ફળતા, તો માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ પંચાયતના અધિનિયમ ૧૯૩ની કલમ ૯૧, ૯૨ અને ૯૩માં ચૂંટાયેલા પ્રતિનિધિને સત્તા આપવામાં આવી છે પણ હવે ચૂંટાયેલો પ્રતિનિધિ જો નબળો હોય અને ત્યાં કોઇ બીજો તલાટી કમ મંત્રી જોરદાર હોય કે બીજું કોઇ હોય તો એનો કોઇ સવાલ નથી. બાકી આપણે તો કાયદેસર રીતે સત્તા આપવામાં જરાય બાકી નથી રાખ્યું.

એ જ રીતે માનનીય બાવકુભાઇએ વાત કરી કે બોરીબંધના પૈસા વેડફી નાખ્યા અને વરસાદ પહેલાં બોરીબંધની થેલી, તો હવે બોરીબંધ છેને એ એકવર્ષ માટે જ હોય, માટીની અંદર એ કરવામાં આવે છે, અને જયારે તમે એમ કહો છો કે ૫૦ પૈસાની થેલી અને રૂપિયાની થેલી છેને એ અઢી રૂપિયે આપે છે, તો આપણે આ બધોય માલ ટેન્ડર ભરીને આપણે લેવા માગીએ છીએ, અને કદાચ તમે તમને જો અઢી રૂપિયા ભાવ મળેને અને પચાસ પૈસાની થેલી હોય તો આવતી વખતે તમે ગમે તેનું ટેન્ડર ભરાવજો, અહીં તમે વાત કરો છો કે પચાસ પૈસામાં થેલી શું પચાસ પૈસામાં આવા કાગળનું ટૂકડોય હવે નથી મળતો, તો પચાસ પૈસામાં થેલી મળે? લાવી દો મને લાખેક થેલી મને અત્યારે પચાસ પૈસામાં થેલી લાવી આપો, થેલી શું હવે? એક નાનો રૂમાલ લેવા જાઓને ગામમાં તો પણ એ કેટલામાં મળે છે? એટલે વાત કરવી એ જુદી છે હવે, માનનીય બાવકૂભાઇ રહવા દોને હવે અહીં બેઠા હતા ત્યારે ભાષા જૂદી હતી અને ત્યાં ગયા એમાં ભાષા બદલાઇ ગઇ?માનનીય અધ્યક્ષશ્રી, એ રીતે કોઇ સવાલ નથી અને શ્રી છનાભાઇએ જે રીતે વાત કરી કે, બે બાળક કરતા વધારે બાળકો હોય તો એ ખોટું હોય, સામાન્ય રીતે જ્યાં ચૂંટણી થાય ત્યાં એની સામે એનો હરિફ હોય જ અને જ્યાં હરિફ હોયને એ ઉમેદવારની છઠ્ઠીથી માંડીને આખી જિંદગીનું શું છે એ બધુંય જાણતો હોય, એટલે એ હંમેશા કોઇ દિવસ એનો વિરોધ કર્યા વગર રહે જ નહીં અને કદાચ આપે જે કહ્યું એ પ્રમાણે એને ગેરકાયદેસર ઠેરવ્યા પછી એમાં પણ અપીલ હોય છે અને જ્યાં સુધી અપિલનું નિરાકરણ ન આવે ત્યાં એને દૂર ન કરી શકીએ. આને અમે પણ પ્રોત્સાહન આપતા નથી. ૨૦૦૫માં આજ રાજય સરકારે કાયદો કર્યો છે કે બે કરતા વધુ બાળકો હોય એને આમાં લાભ મળી શકે નહીં ચૂંટાવા માટે થઇને એનું અમે ચૂસ્તપણે પાલન કરીએ છીએ. આમ જે કાઇ મુદ્દાઓ છે એ મુદ્દાઓના મેં પુરતા જવાબો આપ્યા છે એટલે મારું આ જે વિધેયક છે એ મંજૂર કરવા સભાગૃહને વિનંતી કરુ છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**

**શ્રી વજુભાઇ રૂ. વાળા :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે, સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક–૮–સન ૨૦૧૨નું ગુજરાત(પૂરક) વિનિયોગ વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**

**કલમ ૨ અને ૩ અનુસૂચિ કલમ ૧ દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી વજુભાઇ રૂ. વાળા :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે, સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક–૮–સન ૨૦૧૨નું ગુજરાત(પૂરક) વિનિયોગ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**

**અધ્યક્ષશ્રી:** સન ૨૦૧૨ના વિધેયક ક્રમાં–૮–સન ૨૦૧૨નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

# અંદાજ પત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

**શ્રી ઇકબાલ પટેલ(વાગરા) :** માનનીય અધ્યક્ષશ્રી, આજે ઐતિહાસિક દિન છે ૧૨મી માર્ચ ૧૯૩૦ અને મહાત્મા ગાંધીએ ચપટી મીઠું ઉપાડી અંગ્રેજીનો સામે એક યુદ્ધનું એલાન કરેલું અને અહિંસક રીતે અંગ્રેજોની સલ્તનતને ખતમ કરવા માટે અને દેશમાં જંબૂરિયત કાયમ કરવા માટે, લોકશાહી કાયમ કરવા માટે આજે ૮૨મી તિથિ નીમિતે આજે દેશમાં એક માત્ર દાંડી યાત્રાનો જે આજનો ઐતિહાસિક દિન છે તેની અચૂક રીતે નોંધ લઇએ. રાષ્ટ્રપિતા સૌના છે અને રાષ્ટ્રપિતા ગુજરાતના પણ છે. રાજયના હજારો પ્રજાજનો આજે સાબરમતી આશ્રમ પર એક લોકશાહીને બચાવવા માટે ત્યાં એકત્રિત થયેલા છે અને અવા ઐતિહાસિક દિને ડેમોક્રેશી બચાવવા એકત્રિત થયેલા લોકોને રોકવા માટે પોલીસ એટલા બધા પ્રયાસો કર્યા કે એની વચ્ચે પણ આવીને ત્યાં આજે ભર બપોરે વિરોધ પક્ષના નેતાને સમર્થન આપવા માટે આજે એકત્રિત થયેલા છે. કપાસની નિકાસ બંધી પણ કેન્દ્ર સરકારે કોંગ્રેસના પ્રતિનિધિ મંડળની રજૂઆતોને ધ્યાનમાં લઇ અને આજના ઐતિહાસિક દિન નિકાસબંધી પણ ઉઠાવી લીધી છે.ચાયનામાં માલ જે રીતે ડમ્પીંગ કરવામાં આવતો હતો એને અટકાવવા માટે આજે જે કંઇ પગલું લીધેલું એ આખરે કેન્દ્ર સરકારે બહુ કડક રીતે ગણતરીના કલાકોમાં આપણે હથિયાર છીનવી લીધું અને ખેડૂતોને મદદ કરી દીધી. હું આજે બજેટના મુદ્દા ઉપર આવીશ, રાજયના નાણામંત્રીશ્રી આ સરકારનું બજેટ લઇને આવેલા છે, એ બજેટ ૧ લાખ ૧ હજાર ૧૩૫ કરોડ રૂપિયાનું લઇને આવેલા છે, રાજયનું આર્થિક ચિત્ર જોવા જઇએ તો આ ૧ લાખ ૧ હજાર ૧૩૫ કરોડમાં ૨૨૧૦૯ કરોડ રૂપિયા તો જાહેર દેવું કરીને મેળવવાનો આશય છે અને એ જાહેર દેવું કોના માટે? એ જાહેર દેવું આ બજેટના પ્રોવીઝનને ટકાવી રાખવા માટે છે.

**સભાપતિશ્રી ડો. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**

રાજયનું દેવું અત્યારે ૧,૨૪,૫૮૦ કરોડનું છે ગુજરાતનો પ્રત્યેક નાગરિક છે એના માથે ૨૦૭૬૩ રૂપિયાનું દેવું છે. જન્મતાની સાથે આટલું દેવું રાજયના એક નાગરિકનું થાય છે. આ દેવા પેટે ૧૮૯૧૫ કરોડ રૂપિયાની વાર્ષિક વ્યાજની ચૂકવણી કરવી પડશે. નિષ્ણાતોની સલાહ છે કે સરકારની ઉધારી વધે તો વ્યાજ વધું ભરવું પડે અને તેને ભરપાઇ કરવા માટે કરવેરા વધારવા પડે, ટેકસનું માળખું વધારવું પડે. આ સિદ્ધાંત અન્વયે રાજયના બજેટને સમતોલ કરવા માટેના પ્રયાસમાં ૩૭૫૦૦ કરોડ રૂપિયા માત્ર વેટ અને સેલ્સટેકસથી ઉઘરાવવાનું રાજય સરકારે ટેક્સ નાંખીને નક્કી કરેલું છે. ૫૦૦૦ કરોડ રૂપિયા માત્ર સ્ટેમ્પ ડ્યૂટીમાંથી આવક મેળવી અને કુલ ૪૨,૫૦૦ કરોડ રૂપિયા માત્ર વેટ, સેલ્સટેકસ અને સ્ટેમ્પ ડ્યૂટીમાંથી ઉભા કરી અને રાજયના સામાન્ય નાગરિકની કમ્મર તૂટી જાય એના ઉપર ભારણ વધે, એક પણ વસ્તુ ટેકસના માળખામાંથી બાકી ના રહે એ રીતે ગુજરાતના નાગરિકોના ઉપર બોજ નાંખેલો છે. પેટ્રોલ ઉપર ૨૫ ટકા વેટ, ડિઝલ ઉપર ૨૪ ટકા અને સી.એન.જી.ના ઉપર ૧૫ ટકા વેટ એમ કરીને સરકારે છેલ્લાં ત્રણ વર્ષમાં આ માત્ર ત્રણમાંથી ૧૦૧૧૪ કરોડ રૂપિયાનો ટેક્સ માત્ર પેટ્રોલ, ડિઝલ અને ગેસ ઉપર નાંખેલો છે. આજે

એક વાહનદીઠ ૭૪૧૭નું ભારણ પેટ્રોલ, ડિઝલ અને ગેસ ઉપરના કારણે ઉભું થયેલું છે. રાજય સરકારને કેન્દ્ર સરકાર તરફથી ૧૭૯૦૦ કરોડ રૂપિયાનું સહાયક અનુદાન કેન્દ્રીય કરવેરાના હિસ્સા પેટે આપવામાં આવે છે. આમ ૧૮૦૦૦ કરોડ રૂપિયા જેટલી રકમ કેન્દ્ર સરકારના ટેકસમાંથી અથવા તો કેન્દ્ર સરકારના હિસ્સામાંથી આપણને મળે છે. સરકાર ઋણનો ઉપયોગ બુનિયાદી કે માનવસંશાધન જેવી રાષ્ટ્રીય સંપદા પાછળ કરે તો તેમાં ઉત્તમ પરિણામ મળી શકે. પરંતુ નિષ્ણાતોએ કહ્યું છે તેમ બિનઉપયોગી કાર્યો પાછળ જો આ ખર્ચ કરવામાં આવે તો એ વિકાસની ગતિને રોકનાર સાબિત થાય છે અને એટલા માટે વિકાસની ગતિને રોકનાર પરિબળો કયા એ વ્યર્થ ખર્ચાઓ છે. એકસેસ એકસપેન્ડીચર અને એકમાત્ર મુખ્યમંત્રીશ્રીની પ્રસિદ્ધિ માટે આટલું બધું વ્યર્થ ખર્ચ કરીને અને પ્રસિદ્ધિ કરવા પાછળ અને ઉત્સવપ્રિય આપણા મુખ્યમંત્રીશ્રી પાછળ કરેલ છે. રાજય સરકાર દ્વારા જાહેરાતો પાછળ ૫૦૦ કરોડ રૂપિયાનું ખર્ચ કરવામાં આવ્યું. ખુશ્બુ ગુજરાતકી અમિતાભ બચ્ચન ચાર મિનિટ પાંચ મિનિટ જે આપે ટી.વી. ઉપર એમાં ૪૦ કરોડ રૂપિયા એકજ જાહેરાત પર ખર્ચ કરી દીધો. પતંગોત્સવ, રણોત્સવ, શરદોત્સવ આમ તો ઘણા બધા ઉત્સવો છે પણ એના નામ લઇશ તો ઘણી બધી લાંબી યાદી થઇ જશે એટલે આ રીતે વ્યર્થ ખર્ચ કરવામાં આવે છે. ૩૬ જેટલા સદભાવનાના કાર્યક્રમો આપણે ત્યાં કરવામાં આવ્યાં, ૨૦૦ કરોડ રૂપિયાનો એની પાછળ ખર્ચ કરવામાં આવ્યો.જે ૧૯૬૦ થી ૨૦૦૦ સુધી જે ગુજરાતનો વિકાસ થઇ રહ્યો છે તે દરેક મુખ્યમંત્રીશ્રીના કારણે વિકાસ થયેલો છે. ત્યાં સુધી ગુજરાતમાં અમન અને શાંતિ હતી, ત્યાં સુધી સદભાવનાની જરૂરિયાત નહોતી ૨૦૦૨ થી ૨૦૧૨ દરમિયાન નરેન્દ્રભાઇ મોદીના શાસનમાં આ પોતાની છબી સુધારવા માટે મુખ્યમંત્રીશ્રીએ ૩૬ જેટલાં સદભાવનાના કાર્યક્રમો યોજવામાં આવ્યાં. શાંતિ, ભાઇચારો અને એકતાના નામે આ રાજયમાં, સમગ્ર રાજય નહીં પણ સમગ્ર રાષ્ટ્રને સંદેશ આપવા માટે કે ગુજરાતમાં અમન છે, ગુજરાતમાં શાંતિ છે, ગુજરાતમાં એકતા છે તે પ્રસ્થાપિત કરવા માટે આ કાર્યક્રમો કરવામાં આવ્યાં. આ કાર્યક્રમોમાં સમગ્ર પોલીસ તંત્રને રોકવામાં આવ્યું, પોલીસ તંત્ર આખા રાજયનું દક્ષિણ ગુજરાતમાં ભરૂચમાં કાર્યક્રમ હતો તો ડાંગ સુધીની પોલીસ બોલાવવામાં આવી. ચોરને થયું કે આ ચોરી કરવાનો ઉત્તમ સમય છે તે જ સમયગાળામાં રાજયમાં ચોરી અને લૂંટફાટના બનાવો બન્યાં, હત્યાના બનાવો બન્યાં અને પોલીસ તંત્ર તેમાં રોકાયેલું રહ્યું તે સિવાય સાહેબ, ૩૬ જેટલાં ઉપવાસના કાર્યક્રમોમાં ઉપવાસનો કાર્યક્રમ એટલે શાળા શરૂ થાય અને બંધ થાય ત્યાં સુધીનો દસ સાડા દસે શરૂ કરવાનું અને પાંચના ટકોરે બંધ કરવાનું. સામાન્ય રીતે ઉપવાસ સૂર્ય ઉગે ત્યારથી સૂર્યાસ્ત થાય ત્યાં સુધી હોય છે અને સાહેબ શિક્ષકથી લઇ અને જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીને જવાબદારી આપી. તલાટીથી લઇને કલેકટર સુધીને જવાબદારી આપવામાં આવી અને શકિત પ્રદર્શન કરવા માટે શાળાના હજારો બાળકોને લાવી અને ડ્રેસ પહેરાવી અને મુખ્યમંત્રીનો ફોટો આપી અને બાળકો તો બિચારા નિર્દોષ બાળકો હોય, શિક્ષકોને ટાર્ગેટ આપી દીધું, કલેકટરને ટાર્ગેટ આપી દેવામાં આવ્યો, સસ્તા અનાજની દુકાનદારોને ટાર્ગેટ આપ્યું, તલાટીઓને ટાર્ગેટ આપ્યું, બાલવાડીને ટાર્ગેટ આપ્યું, સખી મંડળો તો આપણે તેના માટે જ બનાવેલાં છે તેને ટાર્ગેટ આપ્યું આ બધાને કરી અને ૫૦ હજાર પબ્લિક થાય દરેક જગ્યાએ તે રીતે લક્ષ્યાંક આપી અને જે કરવામાં આવ્યું તેમાં સાહેબ દિવસો સુધી વહીવટ તંત્ર તેમાં રોકાયેલું રહ્યું અને પ્રજાના કામો ઉપર ગંભીર અસરો થઇ, પ્રજાના તુમારોનો નિકાલ ના થયો પ્રજા ધરમ ધકકા ખાઇ અને પાછી આવી. અને એસ.ટી. તંત્ર તો સાહેબ આમ પણ સાધનો તેના ઓછાં થતાં જાય છે. આપણે જે બજેટ આપીએ છીએ અને બજેટમાં જોગવાઇ કરીએ છીએ પણ વાહનો ઘટતાં જાય છે. ઘટેલાં વાહનોમાં પણ મોટાભાગના બાર મહિના જાન્યુઆરીથી લઇને ડિસેમ્બર સુધીના તમામ મહિનાઓમાં મુખ્યમંત્રીની જયાં સભાઓ થાય ત્યાં ડિવિઝને, એસ.ટી. ડિવિઝને બસો આપી દેવાની અને પબ્લિકે જયાં જવું હોય ત્યાં જાય ખાનગીમાં અને તે બસો દરેક ગામે ગામથી લાવી અને ત્યાંથી પ્રજાને લાવવાની, એસ.ટી.તંત્ર જાણે સરકારનું એક તંત્ર બની ગયું, સરકારના ભેગાં કરવાનું તંત્ર બની ગયું એવા દિવસો ગુજરાતે આજે જોયેલાં છે. સમગ્ર દેશની અંદર ઉર્જા ક્ષેત્રે વાત કરવામાં આવે છે, સમગ્ર દેશમાં સૌથી મોંઘી વીજળી ગુજરાતમાં મળે છે. વીજળી ઉપર ૩૫૦૦ કરોડ રૂપિયાનો ટેકસ ઉઘરાવવામાં આવે છે. બીજી બાજુ સાહેબ, ખેડૂતોની દસ લાખ જેટલાં વીજ જોડાણોની અરજીઓ આજે પણ ગુજરાતના ૨૨૬ તાલુકાઓમાં અને ૨૬ જિલ્લાઓમાં પેન્ડીંગ છે.

વર્ષ ૨૦૧૦-૧૧માં ૩૬,૬૫૨ જ વીજ જોડાણો આપવામાં આવેલાં હતા જે આ માગણીને સામે નજીવા છે. હમણાં બજેટમાં જાહેરાત કરી કે ત્રણ વર્ષની અંદર એક લાખ વીજ જોડાણો આપીશું. આ એક વર્ષમાં કેટલાં થયા ? ૩૩ હજાર ખેડૂતોને જોડાણો આપવાના. એટલે જે ખેડૂત આજે પ્રતિક્ષાયાદીમાં છે તેને પાંચ વર્ષ સુધી વીજળીના કનેકશનો મળવાના નથી. બીજી વાત કરવામાં આવી, દર વખતે મંત્રીશ્રી વાત કરે ત્યારે કહે છે * (xxxxx) (xxxxx) અરે, કોંગ્રેસની સરકારે હોર્ષ પાવર દીઠ વીજળી જોડાણ ખેડૂતને આપેલું અને ખેડૂત અનાજ પકવી શકે, ઉંચા મસ્તકે ખેડૂત જીવી શકે એટલા માટે સસ્તા દરે વીજળી આપી અને અમરસિંહ ચૌધરીજીની સરકારે આ ગુજરાતમાં ખેડૂતોને વીજ જોડાણો આપેલાં હતા. આપણે આવી ગયા પછી શું કર્યુ ? આપણે ઉદ્યોગ તરફ પ્રયાણ કર્યુ. ખેડૂતને આપણે બીજા ક્રમે મૂકી દીધો. (xxxxx) (xxxxx)

# પોઇન્ટ ઓફ ઓર્ડર

### ત્રણ મુદ્દા રદ કરવા અંગે

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા વૈધાનિક અને સંસદીયા બાબતોના મંત્રીશ્રી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કોંગ્રેસ પક્ષના દંડકશ્રીએ જુદા જુદા ત્રણ જે છેલ્લાં મુદ્દાના ઉલ્લેખો કર્યા છે. એ ત્રણેય મુદ્દાના સંદર્ભમાં જરૂરી ઇન્કવાયરી ચાલી રહી છે. એટલે એમના પ્રવચનમાંથી આ ત્રણેય મુદ્દા રદ કરવા જોઇએ એવો મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

સભાપતિશ્રી : શાહ કમિશન હેઠળ આ ઇન્કવાયરી ચાલુ છે, એટલે એનો ઉલ્લેખ અહીંયા થઇ શકે નહીં. એટલા માટે તે રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

શ્રી ઇકબાલ પટેલ : એ પ્રમાણે હમણા જે શાહ કમિશનમાં નથી આવતા એ સુપ્રીમ કોર્ટે જે રૂલિંગ આપ્યુ સબસિડી જમા કરાવવાનું..(અંતરાય)

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઇકબાલભાઇ જે કહે છે એના સંદર્ભમાં સુપ્રીમ કોર્ટમાં આખા ઓર્ડર માટે પ્રોસેસ હજુ ચાલુ છે. એનો ઓર્ડર આવ્યા પછી જ વાત થઇ શકે. એટલે એનો પણ ઉલ્લેખ નહીં કરી શકે.

શ્રી ઇકબાલ પટેલ : ખેડૂતોના જોડાણમાં ૩ હજાર કરોડની સબસીડી સામે આ ત્રણ ગૃહોને બાદ કરીએ તો પણ હજારો એકર જમીન આપણે રાહત દરે આપેલી છે. ૧૪ હજાર એકર કચ્છમાં આપી. આપના જવાબમાં જ છે. એક તરફ આપણે ઉદ્યોગોને ઇન્ફ્રાસ્ટ્રકચર આપીએ અને બીજી તરફ ગામડાનો માણસ રસ્તા માટે, પાણી માટે અને વીજળી માટે ટળવળે. ખેડૂતને ૨૪ કલાકમાંથી ફકત ૮ કલાક વીજળી આપવામાં આવે છે અને ખેતીને અન્યાય કરવામાં આવે છે. એ અભ્યાસ કરો તો ખાનગી ક્ષેત્ર જે વીજળી પેદા કરે છે અને કેન્દ્રીય ક્ષેત્ર જે કરે છે એમાંથી ખેડૂતોને કેટલી વીજળી આપવામાં આવે છે? ખેડૂતને ૮ કલાક વીજળી આપવામાં આવે છે અને બીજી બાજુ સરપ્લસ વીજળીના નામે આપણું રાજય બીજા રાજયોને વીજળી વેચાણ કરે છે, પણ ખેડૂતને એક કલાક વધારે વીજળી આપવા માટે તૈયાર નથી.

માનનીય અધ્યક્ષશ્રી, વીજ ઉત્પાદનમાં ખાનગી ક્ષેત્ર ૫૦ ટકા વીજળી ઉત્પન્ન કરે છે અને કેન્દ્રીય ક્ષેત્ર ૧૧ ટકા વીજળી આપે છે. એટલે કે કુલ ૬૧ ટકા વીજળી ખાનગી અને કેન્દ્રીય ક્ષેત્રમાંથી આવે છે. આપણે ૩૮ ટકા વીજળી પેદા કરીએ અને કહેવાનું એમ કે આખા દેશમાં અમે જ સૌથી વધારે વીજળી પેદા

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

કરીએ છીએ. જો ખરેખર પેદા કરતા હોય તો ૮ કલાકથી વધારે વીજળી ખેડૂતોને આપો. સરકાર ૪૦ ટકા વીજળી ઉદ્યોગોને આપે છે.. (અંતરાય)

સભાપતિશ્રી : એક મિનિટમાં પૂરું કરો.

શ્રી ઇકબાલ પટેલ : ૨૨ ટકા ખેતીને અને ૧૬ ટકા ઘરગથ્થું વપરાશકારોને મળે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ૫ વાયબ્રન્ટ સમિટ કરવામાં આવી. વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમ્મિટ કરવામાં આવી. પ્રગતિ કેટલી? ૧૮૦૨૮માંથી ૯.૪૮ ટકા પ્રોજેકટ જ પૂર્ણ કરવામાં આવ્યા અને પાંચે પાંચ સમિટના ફીગર્સ જોઇએ તો એટલા બધા સંતોષકારક નથી. પ્રસિદ્ધિ વધારે અને અમલના નામે મીંડુ. એ જ પ્રમાણે ૨૦૧૧માં ૭.૮૭ ટકા અને ૯.૮૧ છે. બીજા તો વાંચવા જેવા જ નથી. આટલા બધા ઉદ્યોગના દાવા પછી પણ ૧૦ લાખ જેટલા શિક્ષિત બેરોજગારો છે.

સભાપતિશ્રી : આપનો સમય પૂરો થાય છે. માનનીય આત્મારામભાઇ.

# અંદાજ પત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) (ક્રમશઃ)

**શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા) :** માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે, એના અંગે મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ૫ વર્ષના જે બજેટ છે એ તમામ પ્રજાલક્ષી બજેટો છે. એમાં લાગણી છે. સર્વ જન હિતાય, સર્વ જન સુખાય.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વજુભાઇએ ૧૮મી વખત બજેટ રજૂ કર્યુ. બજેટ રજૂ કરતી વખતે એમના શબ્દો હતા કે આવતુ બજેટ પણ હું જ રજૂ કરવાનો છું, એટલે મારા સાથીમિત્રોને ખ્યાલ આવી જશે કે આવતા વર્ષે એમની કેવી દશા થવાની છે? માનનીય અધ્યક્ષશ્રી, મારે અત્યારે એ વાત કરવી છે કે બજેટનું જે કદ છે એમાં ૫૦૫૯૯ કરોડની જોગવાઇવાળું આ બજેટ છે, ત્યારે ગામડાના છેવાડાના માણસ સુધી પ્રગતિનો ગ્રાફ પહોંચે એવા અમારા પ્રયત્નો છે. માનનીય અધ્યક્ષશ્રી, અહીં માનનીય ઇકબાલભાઇએ ૧૨મી માર્ચ અને દાંડી કૂચનો ઉલ્લેખ કર્યો. મહાત્મા ગાંધીએ તો દેશને આઝાદ કરવા માટે કૂચની શરૂઆત કરી હતી. એમાં રાષ્ટ્રને આઝાદ કરવાની ભાવના હતી. કોંગ્રેસના આંદોલનની વાત થાય છે કે અમે આંદોલન શરૂ કર્યું છે અને અમને આવવા ન દીધા, આમાં રાષ્ટ્રને આઝાદ કરવાનો કયાં વિષય આવ્યો? લોકશાહી બચાવવાની પણ વાત નથી, આ તો કેન્દ્રમાં, દિલ્હીમાં કોંગ્રેસના બેઠેલા આકાઓ છે તેની સામે તમારા સી. આર. સુધારવાની વાત છે. માનનીય અધ્યક્ષશ્રી, એમણે વાત કરી કે ગુજરાતનો વિકાસ જે અત્યાર સુધી શરૂ થયો એમાં તમામ મુખ્ય મંત્રીશ્રીઓનો અને ગુજરાતની તમામ પ્રજાનો ફાળો છે તે એમણે સ્વીકાર્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણે ઘણી વાર સાંભળીએ છીએ કે કયાંક કોઇક દિવસ બોલતા બોલતા જે બોલવાનું હોય તેના બદલે કંઇક બીજું જ બોલાઇ જાય, ત્યારે આપણે એમ કહીએ કે સ્લીપ ઓફ ટંગ, જીભ સ્લીપ થઇ ગઇ. કયાંક કંઇક લખવાનું હોય અને લખતા લખતા કંઇક ભળતું જ લખાઇ જાય, જે ઇચ્છતા ન હોય તેવું જ લખાઇ જાય ત્યારે એમ કહીએ છીએ કે સ્લીપ ઓફ પેન, એમ આ ગુજરાતમાં તો આખી કોંગ્રેસ સ્લીપ થઇ ગઇ. અને એમણે જે લખાણ કર્યું આખા ઇતિહાસનું અને એમાં નરેન્દ્રભાઇ મોદીના વખાણ થઇ ગયા, પત્રિકાઓ વહેંચી સાહેબ છાપામાં નાખી નાખી ને. આ દિલ્હીના આકાઓએ સાંભળ્યું, વાંચ્યું અને કહે કે આ શું કરી બેઠા? એટલે ખો આપવાની શરૂ થઇ, મૈંને નહીં લીખા, મૈંને નહીં લીખા, ઉસને લીખા હૈ, મૈંને નહીં લીખા હૈ ઉસને લીખા હૈ, અને એ દિલ્હીના આકાઓ આગળ જે એમની છાપ બગડી છે તે છાપ સુધારવા માટેના એ સી. આર. સુધારવા માટેના પ્રયત્નો શરૂ થયા છે. દેશની આઝાદીને આજે તમારે કંઇ લાગતું વળગતું નથી, મારે જે વાત કરવી છે એમાં ગુજરાતના મુખ્ય મંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે તે ગરીબોના હિત માટેનું બજેટ છે, ગરીબોના વિકાસ માટેનું બજેટ છે. અહીંયા એમ કહેવાય છે કે આ બજેટમાં આમ છે આ બજેટમાં તેમ છે. મારે વાત એ કરવી છે કે તમને શું ગમે છે, તમને શું ભાવે છે તેની આ ભાજપની સરકારને ચિંતા નથી, ગુજરાતની પ્રજાને શું ગમે છે ગુજરાતની પ્રજાને શું ભાવે છે તેની અમને ચિંતા છે. અને એટલા માટે ગુજરાતની પ્રજાનો વિકાસ થાય, ગુજરાત સમગ્ર દેશમાં તમામ પ્રકારના વિકાસમાં અગ્રેસર રહે તે માટેના અમારા પ્રયત્નો છે. તમારા ગમા

અણગમા પર ગુજરાત ભાજપની આ સરકાર ચાલતી નથી તે તમારે સારી પેઠે જાણી લેવાની જરુર છે. અહીં વાત થઇ ખેડૂતોના કપાસના નિકાસ ઉપર પાબંધી મુકવાની, તો પાબંદી કોણે મુકી? કેન્દ્રમાં કોની સરકાર છે? કેન્દ્રમાં કોણ તમારા મિનિસ્ટર છે? પ્રશ્ન તમે ઉભા કરો અને તેના સોલ્યુશનનો યશ લો? અરે એ તો ગુજરાત નહીં સમગ્ર રાષ્ટ્રના મુખ્ય મંત્રીની સાથે ગુજરાતના મુખ્ય મંત્રીશ્રીએ કડક ભાષામાં પત્ર લખ્યો અને ગુજરાતના કિસાનોએ જે આંદોલન શરૂ કર્યું તેના લીધે કોંગ્રેસની પથારી ભીની થઇ ગઇ. અને એટલા માટે તમારે ખેંચવું પડયું. માનનીય અધ્યક્ષશ્રી, ખેંચે કોણ, આ નિકાસ બંધી ખેંચી કોણે અને ફોટા કોના આવે? ફોટા કોના આવે કે સરકારમાં જેનું કયાંય નામ નથી, કેન્દ્ર સરકારના કોઇ પ્રતિનિધિ નથી તેના ફોટા છાપે. અને એમ કહે કે અમે કરીએ છીએ, પણ તમે શું કામ પ્રશ્નો ઉભા કરો છો? પ્રશ્ન તમે ઉભા કરો છો, ખાડા તમે ખોદો છો અને પૂરવાના નાટક કરે છે તે બંધ કરવાની જરૂર છે. માનનીય અધ્યક્ષશ્રી સત્કર્મની વાત કરી, અમે શરૂ કર્યા છે સત્કર્મ, ગુજરાતમાં શાંતિ, સલામતી અને એકતા છે, ગુજરાતમાં ભાઇચારાની લાગણી છે ત્યારે સમગ્ર રાષ્ટ્રને એ દર્શાવવા માટે અમે સદભાવના મિશન શરૂ કર્યુ, અમે તો કર્યુ ભાઇ ચાલો, પણ તમે બધા કયાં હતા સત્કર્મ શરૂ કરવા વાળા અત્યાર સુધી? તમને કેમ નહોતું દેખાયું કે સત્કર્મ ઉપવાસ શરૂ કરવા જોઇએ? અને આ સત્કર્મ ઉપવાસ અને સદભાવના મિશનમાં એવું છે માનનીય અધ્યક્ષશ્રી કે, આપણે જયારે પતંગ ચગાવીએ ને ત્યારે પતંગને એક પૂંછડું હોય છે, જયાં પતંગ જાય ત્યાં પૂંછડું જાય એમ જયાં જયાં સદભાવના જાય ત્યાં ત્યાં સત્કર્મ જાય. જયાં સદ્ભાવના જાય ત્યાં સતકર્મ જાય. પરિસ્થિતિ કેટલીક જગ્યાએ એવી થઇ કે એમને માણસો નહોતા મળ્યા તેથી સતકર્મ કાર્યક્રમો કેન્સલ કરવા પડયા હતા. સદ્ભાવના મિશનમાં બધાએ જોયું હશે કે નાના દોઢ વરસના દિકરાઓ માનનીય મુખ્યમંત્રીશ્રીને જોવા માટે આવે. એની માના કોંખમાં બેસીને આવે, એની આંખમાં સ્વપ્નો જોયા. (અંતરાય) એ સ્વપ્નનો તમને ખ્યાલ નહિ આવે. મારે બીજી વાત એ કરવી છે અમે માનનીય મુખ્યમંત્રીશ્રી સાથે ઉભા હતા એમાં સેંકડો માતાઓ આવે, બહેનો આવે એ બધાના જયારે આશીર્વાદ છે ત્યારે તમારા જેવા ગમે તેટલા પ્રયત્નો કરે પરંતુ આગામી દિવસોમાં આ ગુજરાતમાં ભારતીય જનતા પક્ષનું શાસન છે અને રહેવાનું છે એમાં કોઇ શંકાને સ્થાન નથી.

ગુજરાતના ખેડૂતો પ્રત્યે કોને કેટલો પ્રેમ હતો એ મારે કહેવું છે. ૧૯૮૩થી ગુજરાતના કિસાનો ઉપર ઇલેકટ્રીક ડયૂટી પાંચ ટકા વસુલ કરવાનો ઠરાવ અમારા શાસનમાં નહિ કોંગ્રેસના શાસનમાં થયો હતો. એને દૂર કરવાનું કામ ભારતીય જનતા પક્ષની સરકારે કર્યુ છે. કિસાનોના હિતની વાતો કરવાનો તમને કોઇ હક્ક નથી. કિસાનોના જયાં જયાં હિતની વાત કરતા હોય તો મારે એ કહવું છે કે ભારતીય જનતા પાર્ટીની સરકારે અનેક પ્રકારના કામો કિસાનો માટે કર્યા છે. ગામડાંના કિસાનોને વીજળી મળે, ગામડાંના ખેડૂતોને લાઇટ મળે, ગામડાં તૂટતા અટકે એને લાઇટ મળે, આ દેશ હિન્દુસ્તાન આઝાદ થયા પછી આ દેશના ઇતિહાસમાં પહેલા વહેલા કોઇએ ગામડાંના અંધારા ઉલેચવાનું કામ કર્યુ હોય તો એ આ માનનીય મુખ્યમંત્રીશ્રીએ કર્યુ છે.ગુજરાતમાં જયોતિગ્રામ યોજના એનો દાખલો છે. ગુજરાતના ૧૮ હજાર ગામડાંને ૨૪ કલાક વીજળી મળે છે. આપણે આઝાદ થયાને ૬૦ વરસ થયા એમાંથી ૪૦ વરસ તો તમે શાસન આ ગુજરાત ઉપર કર્યુ હતું ત્યારે તમને કોઇએ રોકયા નહોતા, ત્યારે તમને કોઇએ ના નહોતી પડી. લોકોએ તો કહ્યું હતું કે અમને વીજળી આપો પરંતુ ગાંધીનગરની ગાદી ઉપર એવી સરકાર બેઠી હતી કે ગામડાંના લોકોના ખેડૂતોના ધબકારા સાંભળવાની એની પાસે કોઇ લાગણી નહોતી, સંવેદના નહોતી, સંવેદના મરી પરવારી હતી. એટલા માટે કહું છું અમે ગૌરવથી કહી શકીએ છીએ કે ખેડૂતોને ૨૪ કલાક વીજળી આપવાનું કામ કોઇએ કર્યુ હોય તો એ આ ગુજરાતની ભાજપ સરકારે કર્યુ છે. અને એના માટે ગુજરાતમાં સમગ્ર દેશમાંથી ૧૮ જેટલા રાજયના પ્રતિનિધીઓએ જયોતિગ્રામ યોજનાની મુલાકાત લીધી છે. આજે એનો ફાયદો અનેક ગણો થયો છે. ગામડાંના શિક્ષકોને ફાયદો થયો છે, ગામડાંના શિક્ષણને ફાયદો થયો છે. ગામડાંના વિદ્યાર્થીઓને ફાયદો થયો છે. ગામડાંમાં નાના હુન્નર ઉદ્યોગ કરનાર કારીગરો છે એને ફાયદો થયો છે ત્યારે આવી યોજના લઇને આવ્યા પછી ગામડાંના કિસાનોને વધારેમાં વધારે લાભ થાય તેવા

પ્રયત્નો પણ કર્યા છે. આવનાર દિવસોમાં હું માનનીય મંત્રીશ્રી સૌરભભાઇને અભિનંદન આપીશ કે ગ્રીન હાઉસ માં પણ આજે જયારે ગુજરાતનો ખેડૂત તમામ પ્રકારના આધુનિક સાધનો લઇને સમગ્ર રાષ્ટ્રની નહિ પણ દુનિયાના કિસાનોની દુનિયાના એગ્રીકલ્ચર પોલિસીની કોમ્પીટેશન કરી શકે એ પ્રમાણેનો શકિતમાન છે ત્યારે એમને ગ્રીન હાઉસ માટે ૨૪ કલાક વીજળી પૂરી પડવાની નવા બજેટમાં જોગવાઇ કરી ત્યારે હું એમને ગામડાંના કિસાનો વતી અભિનંદન આપું છું કે આવનાર દિવસોમાં ગુજરાતનો કિસાન દુનિયાના કિસાનો સાથે બરોબરી કરી શકે તેવી તાકાત સર્જાવાની છે ત્યારે અનેક પ્રકારના જેમ કહી શકાય કે ગયા વખતે કહયું હતું કે સાત અશ્વો પર સવાર ગુજરાતની ઉર્જા શકિત છે. એમાં ગુજરાતના મુખ્ય મંત્રીશ્રીએ એક નવી શોધખોળ માટે આ વરસે બજેટમાં ૫૦ કરોડની જોગવાઇ કરી છે અને ખાસ કરીને જે ગરમ પાણીના ઝરાઓ છે, જયાંથી ગરમ પાણી નીકળે છે એ તુલસીશ્યામ હોય,ઉનાઇ હોય કે ટુવા ટીંબા હોય ત્યાંથી પણ આપણે નવા પ્રકારે વીજળી લાવવાના પ્રયત્નો કરી રહ્યા છીએ ત્યારે ગુજરાત વીજળીમાં સરપ્લસ રાજય છે એ તો જગજાહેર થઇ ગયેલી હકીકત છે ગુજરાતમાં વીજળીના પ્રોડકશનના મેકિસમમ પાવર સ્ટેશનો ઉભા થયા છે એને પણ હવે કોઇ પહોંચી શકે તેમ નથી. અન્ય રાજયોની કોઇ તાકાત નથી ત્યારે એટલું કહીશ કે વીજ ઉત્પાદન ક્ષમતાની વધારાની વાત કરવી છે. આ મિત્રો વાતો કરે છે. કોંગ્રેસના શાસનમાં ૧૯૬૦થી ૨૦૦૦ સુધીમાં ૭૯૫૨ મેગાવોટ વીજળી પેદા કરવાનું કામ કર્યું છે. ચાલીસ વર્ષમાં કેટલા મેગાવોટ? ૭૯૫૨ મેગાવોટ. ગુજરાતના મુખ્યમંત્રીને એટલા માટે અભિનંદન આપું છું કે, છેલ્લા દસ વર્ષના શાસનમાં ૭૨૦૩ મેગાવોટ પેદા કરીને ગુજરાતના કિસાનોને વીજળી આપવાનું કામ કર્યું છે, ગામડાના અંધારા ઉલેચવાનું કામ કર્યું છે. ખેડૂતોના હિતોની ચિંતા કરનારા તમે, તમારા વખતમાં ચાર કલાક પણ વીજળી નહોતી મળતી, એ ભૂલી ગયા? જોષીયારાજી! મારે એ વાત કરવી છે કે, ગામડાનો કિસાન પગભર થાય, ગામડાનો કિસાન સશક્ત બને, ગામડાના કિસાનને આજીવિકા મળે, ગામડાના કિસાનને કોઇના ઉપર આધાર રાખવો ન પડે, ગામડાનો કિસાન કોઇનો ઓશિયાળો ન રહે એ પ્રકારની કામગીરી ભારતીય જનતા પાર્ટીની સરકાર કરી રહી છે. ૧૯૬૦થી ૨૦૦૦ સુધીમાં કૃષિ વીજ જોડાણ ૧,૬૬,૨૨૫ આપવામાં આવ્યા. છેલ્લા દસ વર્ષમાં ભારતીય જનતા પાર્ટીની સરકારના શાસનમાં ૩,૧૬,૪૨૭ એટલે કે ત્રણ ગણા વીજ જોડાણ આપવાનું કામ અમે કર્યું છે અને એટલા માટે અમે સત્તા ઉપર બેઠા છીએ. આ ગામડાના ખેડૂતની ચિંતા અમે કરી છે. ગુજરાતના કિસાનને સબસીડી આપવાની વાત ચાલે છે. અમે વર્ષોથી ગુજરાતના ખેડૂતને મેક્સિમમ ફાયદો થાય એવા જ પ્રયત્નો કરી રહ્યા છીએ. છેલ્લા ત્રણ વર્ષમાં રૂ.૪૯૩૬/– કરોડની સબસીડી ચૂકવવાનું કામ આ સરકારમાં થયું છે. હું ડાર્ક ઝોનની વાત કરું છું. આ હાઉસમાં ડાર્ક ઝોન હટાવવાનો મુદ્દો રજૂ થયો ત્યારે ડાર્ક ઝોન કોંગ્રેસમાં છવાઇ ગયો. અમે હાઇવે પર મુસાફરી કરીને આવીએ છીએ ત્યારે આગળ ટ્રક જતી હોય તો તેની પાછળ લખ્યું હોય છે કે, * (xxxxx) અત્યારે બૂરી નજરવાલે કોંગ્રેસ તેરા મૂંહ કાલા.. આવનારા દિવસોમાં તમે ક્યાંય નહીં હોવાના..

શ્રી ઇકબાલ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ (xxxxx) અસંસદીય શબ્દો છે તે રેકર્ડ પરથી દૂર કરવા જોઇએ...

શ્રી સભાપતિશ્રી : (xxxxx) એ શબ્દો રેકર્ડ પરથી દૂર કરવામાં આવે છે.

શ્રી આત્મારામ મ. પરમાર : જ્યારે ડાર્ક ઝોન ઉઠાવવાની વાત કરી છે ત્યારે ગુજરાતના કિસાનના હિતોનો અવાજ સાંભળીને આવનારા દિવસોમાં આ સરકાર સલામત રહે અને એટલું કહીને એમની માગણીમાં મારો સૂર પૂરાવું છું અને મારું પ્રવચન પૂરું કરું છું.

શ્રી અમરસિંહ રા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, કુંવરજીભાઇ હાઉસમાં હાજર નથી છતાં પણ એમનું નામ બોલીને એમને વોર્નીંગ આપવામાં આવે છે એ બરાબર નથી...

શ્રી સભાપતિશ્રી : શ્રી નારાયણભાઇ પટેલ...

* (xxxxx) માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી નારાયણભાઇ લ. પટેલ(ઉંઝા)** : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ ક્ષેત્રે ગુજરાત પ્રથમ ક્રમે રહ્યું છે. ૨૦૦૧થી ૨૦૧૨ સુધીમાં રૂ.૧૭,૦૦૦/- કરોડનું ઉત્પાદન હતું. જયારે ૨૦૧૧-૧૨ માં આજે ૮૮હજાર કરોડ રુપીયાનું ઉત્પાદન કર્યુ હોય તો આ ગુજરાતે કર્યુ છે એની પાછળ આપણા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની ટેકનોલોજી, નવી નવી તરાહ અને કૃષિ ક્ષેત્રે કેમ ખેડૂતોને સહાયરુપ થવું એને કારણે આપણે આ પ્રગતિ કરી શકયા છીએ. આપણા નાણામંત્રીશ્રી વજુભાઇ વાળા આજે કૃષિ ક્ષેત્રે જંગી રકમની ફાળવણી, ૬હજાર કરોડની ફાળવણી પહેલી વખતે કરવામાં આવી. અને એના કારણે ગુજરાતના ૫૦ લાખ ખેડૂતોને આર્થિક ફાયદો થવાનો છે. આપણા ગુજરાતમાં કપાસ, મગફળી, દિવેલા એ મુખ્ય પાક રહેલો છે. કપાસનું સમગ્ર ભારતમાં ૧/૩ જેટલું ઉત્પાદન ગુજરાત કરે છે અને આપણે ૨૦૧૧-૧૨માં ૧ લાખ ગાંસડીનું ઉત્પાદન કપાસમાં કર્યુ હતું, ૫૦ લાખ ગાંસડી આપણે વિદેશમાં રવાના કરી અને ત્યાર પછી કોંગ્રેસનું ગ્રહણ આવ્યું નિકાસબંધી થઇ અને એ નિકાસબંધીના કારણે ખેડૂતો બરબાદ થયા એનું પુનરાવર્તન આ વખતે પણ કોંગ્રેસવાળાઓએ કર્યુ અને અમારે સમગ્ર નિયંત્રણ બજાર સંઘનો હું ચેરમેન અને એના કારણે એલાન આપવું પડયું. સમગ્ર માર્કેટ યાર્ડોના ખેડૂતોનું અહિત ન થાય એના માટે માર્કેટ યાર્ડો બંધ કરવાનું એલાન આપવું પડયું આ શરમજનક ઘટના છે. નાણામંત્રી કૃષિક્ષેત્રના વિવિધ ભાગોમાં નાણા ફાળવીને ખેડૂતોનો અભિગમ બદલવાનો પ્રયત્ન કર્યો છે. ખેડૂત માલ ઉત્પન્ન કરે અને માર્કેટ યાર્ડોમાં લાવીને વેચે એનાથી કંઇ સદ્ધરતા આવવાની નથી, નવી તાલીમ લઇ ખેડૂત પોતાના ખેતરમાં સારો એવો પાક ઉત્પન્ન કરે અને પોતે ઉત્પન્ન કરેલો પાક વિદેશોમાં મોકલે અને વેલ્યુએડીશન કરી વેચીને મબલખ કમાણી કરે એ અભિગમ આપણે કૃષિ ક્ષેત્રમાં દાખલ કરેલ છે. ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપનીમાં એક લક્ષ્યાંક ગુજરાત સરકારે કર્યુ છે. ૧૮૫ લાખ હેકટર સુધી આપણો લક્ષ્યાંક અને એમાં ટપક પદ્ધતિ સ્પ્રીંકલર અને એના કારણે ૪૦૦ કરોડની ફાળવણી કરી છે. બળતણ વાપરવાથી પોલ્યુશન થાય એના કારણે બાયોગેસ, આપણે એમાં ૪૧ કરોડની ફાળવણી કરી છે. ૧ લાખ કૃષિ જોડાણો આપવા માટે ૧૭૦૦ કરોડની જોગવાઇ કરી છે. દર વર્ષે ૫૦૦ કરોડ એમાં આપણે ફાળવીએ છીએ. ફુડ પ્રોસેસીંગની રચના કરવા ૩ કરોડ ૭૫ લાખની જોગવાઇ, મેગાફુડ પાર્ક શરુ કરવા ૧૦ કરોડની જોગવાઇ, ખેડૂતોને અદ્યતન મશીનરી રોટાવીટર ટ્રેકટર, મીની ટ્રેકટર અને અનેકવિધ એવી મશીનરી લાવવા માટે આપણે ૪૮ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. શાકભાજીના પાકને પ્રોત્સાહન આપવા માટે ૨૨ કરોડની જોગવાઇ ગ્રીન હાઉસમાં ૭.૫ ટકા રાહત અને એના માટે ૨ કરોડની જોગવાઇ સરકારે કરી છે. ખેત તલાવડી અને એ ખેત તલાવડીનો વ્યાપ વધે એના માટે ૬૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. જમીન સુધારણા, ખારાશ નિયંત્રણ અને જળ સંચયના કામો માટે ૩૫૯ કરોડની જોગવાઇ કરી છે. ભૂમિ અને ભેજ સંરક્ષણ તેમજ સાબરમતી અને દાંતીવાડાના રીવર વેલી પ્રોજેક્ટ માટે ૧૯ કરોડની જોગવાઇ, પાક વીમા યોજના માટે ૩૬ કરોડની જોગવાઇ કરી છે. કપાસના વીમા પ્રિમિયમ માટે ૩ લાખ ખેડૂતોને સહાયરૂપ થવા માટે ૨૦ કરોડની જોગવાઇ કરી છે. ખેડૂતોને ૭ ટકા દરે ડિસ્ટ્રીક્ટ બેંકો ધિરાણ આપે છે પણ નબળા ખેડૂતોને સહાયરૂપ થવા માટે ૨ ટકા સબસીડી સરકારે જાહેર કરી છે અને એના માટે ૬૦ કરોડની ફાળવણી કરી છે. ખેતરોના શેઢા ઉપર બાવળ, ખીજડા એ જૂની પરંપરા મુજબ વાવેતર ન કરતાં વાંસ, પામ ઓઇલ, સાગ, સેવન એવા ઝાડનું વાવેતર કરવા માટે ખેડૂતોને પ્રોત્સાહન આપવા માટે ૧૦ કરોડની જોગવાઇ કરી છે. કપાસ, જીરૂ, દીવેલા એ કાયમી વાવતા હોય છે. પણ એ મહત્વના પાકોનું ઉત્પાદન વધારે કેમ મળે, એના માટે એના પ્રમાણિત બીજ ઉત્પાદન માટે ૪૬ કરોડની જોગવાઇ કરી છે. નર્મદા આધારિત સિંચાઇ યોજના અંતર્ગત ખેડૂતોને બારે માસ ખેતીની સવલતો માટે ક્રોપીંગ પેટર્નની તાલીમ અંગે ઇનપુટની સહાય આપવા ૬ કરોડની જોગવાઇ, નર્મદા આધારીત નહેરના વિસ્તરણ માટે ૩૧૯૫ કરોડની જોગવાઇ, નહેર સુધારણા માટે ૬૫૬ કરોડની જોગવાઇ કરી છે. ખેડૂત પિયત મંડળીઓ માટે ૩૫ કરોડની જોગવાઇ કરી છે. ૪૦ વર્ષમાં વીજ જોડાણો આ સામે બેઠેલા વહીવટ કરવાવાળાઓએ ૬.૭૦ લાખ આપ્યા હતા ત્યારે છેલ્લા ૧૦ વર્ષમાં ૪ લાખ જોડાણો આપ્યા છે. વીજળી પેટે ભૂતકાળમાં ખેડૂતોને ૩૦૦ કરોડ સબસીડી આપતા હતા ત્યારે આપણી વર્તમાન સરકાર ૩ હજાર કરોડની સબસીડી આપે છે. ૨૦૧૧ સુધીમાં ૨૭ લાખ કિશાન ક્રેડિટ કાર્ડ આપવામાં આવ્યા છે. આપણી સામી પાટલી વાળાને હું કહેવા માગું છું કે

ખેડૂતો સારું ખાતર લાવે અને એ એના ખેતરમાં નાખીને પાક ઉત્પન્ન કરવા, વધુ ઉત્પાદન લેવા માગતો હોય તો ખાતરમાં પણ કાપ મૂકવાનું ઘોર પાપ આ સામે બેઠેલા લોકોએ કર્યું છે. આમ, અનેકવિધ ક્ષેત્રે જ્યારે ગુજરાતે પ્રગતિ કરી હોય અને કૃષિ ક્ષેત્રે દિન–પ્રતિદિન આપણે વધુ ઉત્પાદન કરતા આવ્યા છીએ ત્યારે આપણે હર–હંમેશ માટે કૃષિ ક્ષેત્રે, ગુજરાત હંમેશા પ્રથમ નંબરે રહ્યું છે. એનું કારણ એ છે કે નવી નવી ટેકનોલોજી, નવા નવા વિચારો, નવા નવા સંશોધનો અને એના કારણે આપણે આ પ્રગતિ કરી શક્યા છીએ. મારા વિચારો રજૂ કરીને હું મારું પ્રવચન પૂરું કરું છું.

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ(સાવલી) :** માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના નાણામંત્રીશ્રી વજુભાઇ ૨૦૧૨–૧૩નું બજેટ લઇને આવ્યા છે ત્યારે આ બજેટના અનુસંધાને મારી વાત આ સભાગૃહ સમક્ષ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મને પોતાને એવું હતું કે આ વખતે વજુભાઇ કંઇક સારું બજેટ લઇને આવશે, વિકાસલક્ષી બજેટ લઇને આવશે, લોકોની અને ખેડૂતોની ચિંતા કરે એવું બજેટ લઇને આવશે. બેકારોને કાંઇક રોજીરોટી મળે એવું બજેટ લઇને આવશે. પણ આ તમામ આપેક્ષાઓ અને આશાઓ તદ્દન ઠગારી નિવડી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ દેવાવાળું બજેટ લઇને આવ્યા છે. ૧ કરોડ અને ૭૬ હજારથી પણ વધારે કરોડનું આ  દેવાવાળું બજેટ માનનીય નાણામંત્રીશ્રી લઇને આવ્યા છે, ત્યારે એને સમર્થન કેવી રીતે આપી શકું ? એક સિનિયર ધારાસભ્ય, આગેવાન જેને કહેવાય એવી વ્યકિત જયારે આ બજેટ લઇને આવતી હોય ત્યારે અમને દુઃખ સાથે આજે કહેવું પડે છે કે, આ બજેટને કોઇ રીતે સમર્થન આપી શકાય એવું નથી. ઠીક છે કે પક્ષાપક્ષીના રાજકારણ હોય, બહુમતી, લઘુમતી હોય એટલે પાસ થવાનું પણ સિનિયર નાણામંત્રી તરીકે જયારે ૧૮મી વખત જયારે બજેટ રજૂ કરતા હોય અને એમાં વિકાસનું કોઇ પ્રતિબિંબ મને આમાં નથી દેખાતું. આ પાંચ, સાત ટકા કોઇક વિકાસલક્ષી બજેટ હોય એવું દેખાય છે. અમારા વિરોધપક્ષના નેતાશ્રીએ જયારે ઉભા થયા ત્યારે હું સાંભળતો હતો કે આ છેલછબીલાવાળું બજેટ એમ કહે. ખરેખર પોતાની વાહ–વાહમાં જ આ આખી સરકારની જે જુદા જુદા વિભાગોની ગ્રાન્ટો છે એ તમામ ગ્રાન્ટો દરેક વિભાગને કોઇક ને કોઇક ઉત્સવો, ઉજવણી જે કંઇ કહીએ અને એના ભાગરૂપે જ આખું બજેટ સાફ કરવું, ઉડાડી દેવું, વાપરી નાખવું. ત્યારે હું તો એટલું જ કહીશ કે આ બજેટમાં લોકોને સુખી કરવા માટેની કોઇ જોગવાઇ નથી. સાહેબ આજે ગુજરાતની અંદર હું તો એક ખેડૂતના દીકરા તરીકે આ વિધાનસભામાં આવું છું ત્યારે મને દુઃખ થાય છે કે, વજુભાઇ પણ બક્ષીપંચના છે, ખેડૂતના દીકરા છે પણ એમણે કોઇ જ ખેડૂતોની ચિંતા કરી નથી. માત્ર ને માત્ર સદભાવના કહો, સદભાવનાનું મિશન કહો, સૌનો સાથ સૌનો વિકાસ એને અનુલક્ષીને જ આખું બજેટ રજૂ કરવામાં આવ્યું છે. બધી ગ્રાન્ટો લગભગ મને લાગે છે કે,  જુદા જુદા વિભાગોની સદભાવનામાં, સૌનો સાથ સૌનો વિકાસ આમ કરી કરીને લગભગ બજેટ જે છે એ આ ગુજરાતના મુખ્યમંત્રીની વાહ વાહમાં જ ખર્ચવામાં આવનારું છે. ગયા વર્ષની સરખામણીમાં ૨૦૧૨ અને ૨૦૧૩નું જે બજેટ છે એમાં પાંચ–સાત ટકા વિકાસની વાત થયેલી છે. બાકી જે આવક જે છે અને જાવક જે છે એ આવકો વેટ, સેલ્સ ટેક્ષ આમ તેમ કરીને જ જે આવક કરવાના પ્રયત્નો કર્યા છે સાહેબ. સાહેબ, એવું તો શું કર્યું કે આ સદભાવનામાં જે આટલી મોટી ગ્રાન્ટ, જે આવકો છે એ આવકોનો ખર્ચો માત્ર સદભાવનામાં, સદભાવના મીશનોમાં જ કરવાનો પ્રયત્ન થયો છે. સાહેબ, આ આખું જે બજેટ છે એને કોઇ રીતે હું આવકારી શકું તેમ નથી કે, સમર્થન આપી શકું તેમ નથી. થોડા ઘણા, વધતા–ઓછા પ્રમાણમાં વજુભાઇને ૧૯૯૦થી એમની સાથે  છું ત્યારે મને એમ થાય કે, ચાલો અભિનંદન આપું. પણ શરમ આવે સાહેબ કે, કઇ રીતે એમને હું એમને અભિનંદન આપું ? મારા વડીલ છે, મુરબ્બી છે, આગેવાન છે પણ આટલા સિનિયર માણસ  જયારે બજેટ બનાવતા હોય ત્યારે ખેડૂતના દીકરા તરીકે એમને એવી ચિંતા હોવી જોઇએ કે ગામડાના વિકાસ માટે, ખેતીના વિકાસ માટે, સામાન્યમાં સામાન્ય નાગરિક માટે મારે આ બજેટમાં જોગવાઇ કરવી જોઇએ અને વિચાર કરવો જોઇએ અને એ રીતે મારે આ બજેટ રજૂ કરવું જોઇએ. એમાંનું કશું જ મને આ બજેટમાં દેખાતું નથી. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર આ પક્ષમાં હોઇએ કે પેલા પક્ષમાં હોઇએ પણ જયારે બજેટ બનાવતા હોઇએ ત્યારે સ્વાભાવિક છે કે સામાન્યમાં સામાન્ય માણસ, ગામડાનો છેવાડાનો માનવી હોય એને નજરમાં રાખીને બજેટ બનાવવું જોઇએ. કોઇની

શેહમાં, કોઇની શરમમાં, કોઇની લાગણીમાં, કોઇની વાહવાહમાં પ્રેરાઇને આપણે જો બજેટ બનાવીએ અને અઢારમી વખત બજેટ રજૂ કરું છું એનું ગૌરવ લઇએ તો મને લાગે છે વજુભાઇ, આપના માટે નાણામંત્રી તરીકે આ શોભતું હોય એવું મને લાગતું નથી. આ બજેટની અંદર જે જોગવાઇઓ છે એમાં. બજેટ ઉપરની વાત કરું તો શિક્ષણની અંદર, શિક્ષણ વિભાગ તદ્દન ફેલ ગયો છે. તદ્દન અને આ શિક્ષણની અંદર જે જોગવાઇઓ કરવામાં આવી છે એ એટલી બધી અપુરતી છે કે જેની કોઇ હદ નહીં. આજે સર્વ શિક્ષા અભિયાન નીચે કેન્દ્ર સરકારની જે ગ્રાન્ટો ગુજરાતમાં આપવામાં આવે છે. પહેલા ઓરડાઓની ખોટ હતી. આજે ઓરડાઓ સારા પ્રમાણમાં છે અને છતાંય ગામડાંઓની અંદર સારા સારા ઓરડાઓ પણ તોડી કાઢવામાં આવે છે. શિક્ષણમાં એટલો બધો ભ્રષ્ટાચાર થાય છે. સારા ઓરડાઓ હોવા છતાં એને તોડી તોડીને કેમ કરીને ભ્રષ્ટાચાર થાય, કેવી રીતે ડેપ્યુટી એન્જિનીયરના સર્ટીફીકેટ લવાય અને આ રુમ છે, આ ઓરડો છે એને તોડી પાડવામાં આવે એટલો બધો ભ્રષ્ટાચાર ચાલ્યો છે. ગામડાંઓની અંદર શિક્ષકો આજે શાળાઓની અંદર જતા નથી. ચાર ચાર વાગ્યે શિક્ષકો શાળા છોડીને જતા રહેતા હોય છે. ગુજરાતનું પ્રાયમરી શિક્ષણ બિલકુલ કથળી ગયું છે. આજે ગામડાંઓની અંદર જે શિક્ષકો છે એને જુદાજુદા ઉત્સવોની અંદર જોડવામાં આવે છે. શાળાનો શિક્ષક સવારથી સાંજ સુધી તાલુકા પંચાયત અને મામલતદાર કચેરીની અંદર, શાળાના આચાર્ય તો મને લાગે છે કે આખો દિવસ રોજેરોજ આવી મિટિંગોની અંદર જાય છે અને એને કારણે શિક્ષણની અંદર જે ધ્યાન આપવું જોઇએ એ પણ આપતા નથી અને પ્રાથમિક શિક્ષણ આજે કથળી ગયું છે. વાહન વ્યવહાર ગામડાંની અંદર તદ્દન ઠપ થઇ ગયો છે. એસ.ટી.ના જે રુટો હતા એ લગભગ બંધ થઇ ગયા છે. એસ.ટી. શબ્દ જ મને લાગે છે ગામડાંના લોકો ભુલી ગયા છે. આજે ગામડાંની અંદર એસ.ટી.ઓ જતી નથી, નવા રુટો શરૂ થતા નથી અને જે છે એમાંય ઓછા થયા છે એટલે એસ.ટી. તંત્ર પણ ખાડે ગયું છે. વાહન વ્યવહારની બાબતમાં માનનીય વજુભાઇએ કંઇક જોગવાઇ કરી હોત તો મને આનંદ થાત કે ગામડાંઓની અંદર આજે પણ એવા કુટુંબો છે કે જેની પાસે સાઇકલ નથી આપણે તો અહીં બેઠાબેઠા વાહવાહ કરીએ કે ગામડાંઓનો ઉદ્ધાર થઇ ગયો, ગામડાંઓનો ઉદ્ધાર થઇ ગયો પણ ગામડાં તુટતા ગયા છે અને આજે પણ એવા ગામો છે જે એસ.ટી.થી વંચિત છે. આજે આપણે નિકળ્યા હોયને ગાડીઓ લઇને, મિનિસ્ટરો નીકળે છે ને ગાડીઓ લઇને ચું ચું કરીને ત્યારે પેલો પોલીસવાળો ત્રણ હજાર રૂપિયા ઉઘરાવતો આપણને નજર સમક્ષ દેખાય છે. શરમ પણ ન આવે કે આ મિનિસ્ટરની ગાડી ચુ ચુ કરતી જાય છે ત્યારે એટલો બધો ભ્રષ્ટાચાર કુલ્યોયાલ્યો છે કે જેની કોઇ વાત નહીં. જયારે કાયદો અને વ્યવસ્થા જેવું તો રહયું જ નથી. આ ગૃહના એક સભ્ય, ગૃહ મંત્રી, કાયદા મંત્રી એવા માણસ છેલ્લા સવા વર્ષથી તડીપાર જેવી પરિસ્થિતિમાં છે સાહેબ. આ સરકાર પાસેથી શું અપેક્ષા રાખી શકાય કાયદો અને વ્યવસ્થાની? શું આમની પાસે કાયદાનું જ્ઞાન છે કે એમની પાસે અપેક્ષા રખાય? આ રાજયનો ગૃહ મંત્રી જયારે તડીપાર હોય તો પછી એનાથી વિશેષ આપણા સૌના માટે શરમાવા જેવી વાત છે ત્યારે આ બજેટને કઇ રીતે હું આવકારું?, સમર્થન આપું એટલે ......

શ્રી સભાપતિશ્રી : માનનીય શ્રી બાબુભાઇ દેસાઇ. (અંતરાય)

શ્રી ઇકબાલ પટેલ : સાહેબ અમારા નેતાની ધરપકડ થઇ છે અને ટીયરગેસ છોડવામાં આવ્યા છે. .. સતત અંતરાય ..

સભાપતિશ્રી ઃ આપ બેસો ... સતત અંતરાય..

**શ્રી બાબુભાઇ જે. દેસાઇ(કાંકરેજ) :** માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય નાણામંત્રીશ્રી આ સન્માનનીય ગૃહની અંદર બજેટ લઇને આવ્યા છે તેમને મારું સમર્થન આપું છું અને પશુપાલન અને ડેરી ઉપરના મારા વિચારો રજૂ કરું છું. ગુજરાત રાજ્યની અંદર (અંતરાય)(સતત સુત્રોચ્ચાર ચાલુ) ૧૮,૬૦૦ ગામડા આવેલા છે. ગુજરાત રાજયની અંદર ખેતી પછીનો જો શ્રેષ્ઠ બિઝનેસ હોય તો પશુપાલન છે. આદરણીય મુખ્યમંત્રીશ્રી (સતત સુત્રોચ્ચાર ચાલુ ) ને માલધારી સમાજ વતીથી અભિનંદન આપું છું કે લોકો માનવસેવા કરતા હોય છે.

( આ તબક્કે કોંગ્રેસના સભ્યો દ્વારા સતત સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા. )

સભાપતિશ્રી : ઓર્ડર.. ઓર્ડર.. ઇકબાલભાઇ, પ્લીઝ આપ બેસો.

શ્રી બાબુભાઇ જે. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રકૃતિનો નિયમ છે કે જ્યારે આપણે જન્મ લઇએ છીએ ત્યારે આપણી માતા આપણને છક્કીયું પહેરાવે છે, ત્યારે એ છક્કીયાને ખિસ્સા નથી હોતા અને જ્યારે આ દેશ છોડીએ છીએ ત્યારે કફનને પણ ખિસ્સા નથી હોતા.(અંતરાય) એ કહેવતને ચરિતાર્થ કરી અને ગુજરાતના લોકલાડીલા મુખ્યમંત્રીશ્રીએ એ કહેવતને સાર્થક કરીને બતાવી છે.(અંતરાય) (સતત સૂત્રોચ્ચાર ચાલુ) માનનીય અધ્યક્ષશ્રી અમારા કચ્છના માલધારીઓની અંદર એક કહેવત હતી કે અલ્લાહ કે ન આડે આઇએ, ઉઠ્યોમે આડે (અંતરાય) મતલબ જે ઇશ્વર, અલ્લાહને વ્યકિત ગમતો નથી, તેને ઊંટ ચરાવવા માટેનો ધંધો કરવો પડતો હોય છે.

સભાપતિશ્રી : સભાગૃહનું કામકાજ રિસેષ સુધી મુલતવી રાખવામાં આવે છે.

**વિરામ બપોરના ૨-૩૦ થી ૩.૧૫**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને**

અધ્યક્ષશ્રી : માનનીય શ્રી બાબુભાઇ દેસાઇ.

શ્રી બાબુભાઇ જે. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય નાણામંત્રીશ્રી આ સન્માનનીય ગૃહની અંદર જે બજેટ લઇને આવ્યા છે તે બજેટને આવકારું છું અને મારું સમર્થન આપું છું. હું પશુપાલન અને ડેરી ઉદ્યોગ બાબતે મારા વિચારો રજુ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયની અંદર ૧૮૬૦૦ ગામડાંઓ આવેલા છે. આ ગામડાંઓની અંદર ખેતી પછીનો પૂરક વ્યવસાય હોય તો તે પશુપાલનનો છે. ખેતીની સાથે સાથે ખેડૂતને સમૃદ્ધ બનાવવા માટે પશુપાલન મુખ્ય વ્યવસાય છે. આ વ્યવસાય કયારે શ્રેષ્ઠ બન્યો? ગુજરાત રાજયનું સુકાન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના હાથમાં આવ્યું ત્યારે. એક પ્રકૃતિના નિયમ પ્રમાણે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ એક ધ્યેય અને દ્રઢ નિર્ધાર કર્યો છે કે જયારે આપણી માતા આપણને જનમ આપે છે ત્યારે આપણને જે છઠીયું પહેરાવે છે તેને પણ ખિસ્સા નથી હોતા અને જયારે આ દેહ છોડીએ છીએ ત્યારે જે કફન હોય છે તે કફનને પણ ખિસ્સા નથી હોતા. તે પ્રકૃતિના નિયમને પૂરેપૂરા અનુસરીને ગુજરાતના લોકલાડીલા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ ગુજરાતનું સુકાન સંભાળી રહ્યા છે. ૨૦૦૧ પછી અમારા માલધારીઓની જે સ્થિતિ છે તે જોઇ બહું આનંદ અનુભવીએ છીએ. અમારા માલધારી સમાજ જયારે ગામડે ગામડે ફરતો હોય ત્યારે કચ્છની અંદર એક કહેવત હતી કે અલ્લાહ કે આડે ઉંટીયા આડે મતલબ કે ઇશ્વર, અલ્લાહને જે વ્યકિત ગમતો નથી તેને ઉંટ ચરાવવા જવું પડે છે. તે પરિસ્થિતિની અંદર મુખ્યમંત્રીશ્રીએ માલધારીઓ અને પશુઓની ચિંતા કરી અને આ બજેટની અંદર ૩૪૩.૭૫ કરોડ જેટલી જોગવાઇ કરી છે તે બદલ નાણા મંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું. ૨૧મી સદી સાયન્સ અને ટેકનોલોજીની સદી છે. તેની સાથે સાથે ગીતાની અંદર ઇશ્વરે કહ્યું છે પ્રાણી માત્ર નિંદર. તમે મને જુઓ તે પ્રવૃત્તિને સાર્થક કરતા લોકલાડીલા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ પ્રાણીઓની પણ ચિંતા કરી છે. માલધારી સમાજની અંદર પ્રાણીઓની અંદર જે જે રોગો હતા તે દરેક રોગોની સારવાર માટે અદ્યતન ટેકનોલોજી દ્વારા,રસીકરણ દ્વારા આ પશુઓની સારવાર કરી છે. નવા નવા પશુ દવાખાના બનાવવા માટે બજેટની અંદર જોગવાઇઓ કરેલી છે. આપણે જાણીએ છીએ કે કન્યાઓ માટે, કુમારો માટે,વૃદ્ધો માટે અનેક આશ્રમો હોય છે. પણ કયાંય કદી કોઇએ વિચાર્યુ હતું કે પશુઓ માટે હોસ્ટેલો હોય? લોકલાડીલા મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદી, સ્વપ્નદષ્ટાની અંદર એક વિચાર આવ્યો કે પશુઓ પણ સારી રીતે રહી શકે, રસીકરણ અને અદ્યતન દવાઓ દ્વારા તેઓનું જીવન સારી રીતે વીતી શકે અને દૂધ ઉત્પાદનની અંદર તેમની ક્ષમતા વધે તે માટે હોસ્ટેલોનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતની અંદર આપણે જાણીએ છીએ કે ડેરી ઉદ્યોગ એટલો આગળ વધેલો છે. બનાસ ડેરી, સાગર ડેરી, સુમુલ ડેરી, અમૂલ ડેરી, દૂધ દ્વારા પશુપાલકો પોતાની આર્થિક સધ્ધરતા સાબિત કરી ચૂકયા છે. આ આર્થિક સધ્ધરતાના કારણે અમારા માલધારી સમાજના બાળકો સારુ શિક્ષણ મેળવી શકે છે. અમારા માલધારી સમાજના બાળકો ઘેટાં બકરાં, ઉંટો ચારવા વગડે વગડે જયારે ફરતા હતા. આજે અમારા માલધારી સમાજના

બાળકોને ગાડીઓની અંદર ફરતા જોઉં છું. છકડા, રિક્ષાઓની અંદર ફરતા જોઉં છું ત્યારે આનંદની લાગણી અનુભવું છું. આ જયારે થઇ શકયું હોય કે માલધારી સમાજના પશુઓ પ્રત્યેની આપણા મુખ્યમંત્રીશ્રીની લાગણીને આધારે આ બધુ થઇ શકતું હોય છે. આપણે વિચાર અનેક કરતા હોઇએ છીએ, પણ વિચારને અમલમાં મૂકી તેને સાકાર કરવાની શકિત હોય તો આ ગૃહના નેતાની અંદર પડેલી છે. સાથેસાથે એ પણ કહું છું કે તમામ સાથી મિત્રો અને મંત્રીમંડળના સભ્યો પણ સમજી શકે છે કે આ જનતાની તિજોરી છે. એ પણ સમજી શકે છે કે આ જનતાની તિજોરી છે, જનતાની તિજોરીને હાથ અડાડવાનો આપણો કોઇ અધિકાર આવતો નથી, સમગ્ર માનવ જીવન તરીકે આપણે ટ્રસ્ટી તરીકે જીવન જીવવું જોઇએ એ અનુલક્ષીને સમગ્ર ગુજરાતની જનતાના પૈસા જે છે એનું જતન કરી રહયા છે જયારે • (xxxxx) (xxxxx) (xxxxx)

## પોઇન્ટ ઓફ ઓર્ડર

### શબ્દો પાછા ખેંચવા અંગે

**શ્રી ઇકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે કે, ચર્ચામાં સભ્યશ્રીએ કહયું કે, (xxxxx) (xxxxx) જે વાત કરી તો જે અહીયાં ન હોય એની ચર્ચા ન થાય.

અધ્યક્ષશ્રી : માનનીય બાબુભાઇ, આપ આપના શબ્દો પાછા ખેંચી લો, પ્લીઝ.

શ્રી બાબુભાઇ જે. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું એ શબ્દો પાછા ખેંચી લઉં છું. માનનીય અધ્યક્ષશ્રી, આપણે જાણીએ છીએ કે જયારે જનતા ચૂંટીને આપણને મોકલતી હોય છે ત્યારે આપણે જનતાના એક સેવક બનવાનું હોય છે એની જગ્યાએ જયારે જનતાના જ પૈસા આપણે ચાઉં કરી જવાના હોય ત્યારે એ દરેક જનસેવકને શોભતું નથી. માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર ફકત મનુષ્યના આરોગ્યની ચિંતા કરતી નથી પરંતુ પશુઓના આરોગ્યની પણ ચિંતા કરે છે. પશુઓની દુઆથી આ સરકાર ઉપર પ્રભુના આશીર્વાદ ઉતર્યા છે એ પણ આપણે સમજી શકીએ છીએ. આપણે જાણીએ છીએ કે પશુઓની સેવા કરે, ઋષિમુનિઓની સેવા કરે, જનહિતની સેવા કરે ત્યાં સદાય પરમાત્મા રાજી રહેતો હોય છે એટલે આપણે જાણીએ છીએ કે ૨૦૦૧થી અત્યાર સુધી કોઇ દિવસ દુષ્કાળ પડયો નથી એનું કારણ આ માનનીય મુખ્ય મંત્રીશ્રીએ જે જન સેવાનું હિત કર્યું છે એ એની ખાતરી પૂરી કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે જાણીએ છીએ કે આ સંકલ્પ યોજના હેઠળ આ સરકારે સેંકડો પશુપાલકોને વૈજ્ઞાનિક ઢબે પશુપાલન કરવા તાલીમ આપીને નવા યુગ સાથે પરિચય કરાવ્યો છે. (અંતરાય)..માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટને મારું સમર્થન આપું છું અને આવું સુંદર બજેટ લાવ્યા છે તે બદલ સમગ્ર પશુપાલકો અને માલધારી સમાજ વતી અભિનંદન આપીને મારી વિચારો પુરા કરું છું.

**શ્રી નીતિનભાઇ ર. પટેલ ( પાણી પુરવઠા, જળસંપત્તિ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણાં મંત્રીશ્રી વજુભાઇ વાળા સાહેબ સતત ૧૮મી વખત સફળતાપૂર્વક ગુજરાતની વિકાસ યાત્રાને માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઇના નેતૃત્વમાં આગળ વધારવા માટે આ જે વિકાસલક્ષી બજેટ રજૂ કર્યું છે એને હું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ રાજયનો વિકાસ એ એની આર્થિક સ્થિતિના આધારે અને રાજયના વિકાસ દરના આધારે આપણે નકકી કરતા હોઇએ છીએ. ગુજરાત એક એવું રાજય છે કે જે સતત વિકાસ કરતું રાજય રહીને પોતાના છ કરોડ નાગરિકોને તો આ વિકાસ યાત્રાનો લાભ આપે જ છે, ગુજરાતના નાગરિકોની સુખસુવિધા સગવડ, રોજગારી, આરોગ્ય, શિક્ષણ, પીવાના પાણીની જરૂરિયાત, ખેડૂતલક્ષી જરૂરિયાત, જરૂરી ઇન્ફ્રાસ્ટ્રકચર, માર્ગ મકાન દ્વારા એ ઉપલબ્ધ કરાવે જ છે, વિકાસનો કોઇ શબ્દ અમારી

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

ડીક્ષનેરીમાં એવો બાકી નથી રહેતો કે જેનો લાભ ગુજરાતની પ્રજાને અમે ન  આપી શકયા હોઇએ, પણ માનનીય અધ્યક્ષશ્રી, આપણા ગુજરાતને અને આપણને સૌને આનંદ અને ગૌરવ એ વાતનો છે કે, આપણી સરકાર ગુજરાતના વિકાસની સાથેસાથે માનનીય મુખ્યમંત્રીશ્રી જે પ્રમાણે કહે છે કે, દેશ અને ગુજરાત બંન્ને સાથે ચાલે તો ગુજરાતના વિકાસનો લાભ એ દેશના નાગરિકોને પણ મળી શકે, રાષ્ટ્રની પણ વિકાસ યાત્રા ગુજરાતની વિકાસ યાત્રાના કારણે વધારે મજબૂત થાય, વધારે સુદ્રઢ થાય અને વધારે ઝડપથી ગુજરાતની જેમ જ રાષ્ટ્રની પણ વિકાસ યાત્રા ચાલે એ માટે ગુજરાતને સમગ્ર દેશના અર્થશાસ્ત્રીઓ, સમગ્ર દેશના નાણાકીય અનુભવીઓ અને ભારત સરકાર એને અન્ય પ્રતિષ્ઠિત  સંસ્થાનોના જે વિદ્વાનો છે,  એ ગુજરાતને દેશના ગ્રોથ એન્જિન તરીકે જુએ છે. આપણે બધા વારંવાર જોઇએ છીએ કે ભારત સરકાર હોય, આયોજન પંચ હોય કે કોઇ અન્ય નાણાકીય સંસ્થાઓ હોય એ બધા હંમેશા બીજા રાજ્યોમાં બીજી સંસ્થાઓ સમક્ષ કે જ્યાં દેશના વિકાસની વાત આવતી હોય, પ્રજાકીય સુખ સુવિધા સગવડની વાત આવતી હોય તો હંમેશા બધા ઉદાહરણ તરીકે એ ગુજરાતનું નામ આપે છે. વડાપ્રધાનશ્રી હોય કે અન્ય કેન્દ્રીય મંત્રીશ્રીઓ હોય, આયોજન પંચના ઉપાધ્યક્ષશ્રી કે આયોજન પંચના સભ્યો હોય, રિઝર્વ બેન્કના અધિકારીશ્રીઓ હોય કે વર્લ્ડ બેન્ક જેવી બીજી કોઇ ફાઇનાન્સીયલ ઇન્ટિટ્યુશનો હોય એ બધા જ હંમેશા એમ કહે છે કે જે રીતે ભારતમાં ગુજરાતે વિકાસ કર્યો છે એ રીતે વિકાસ થાય તો આખા દેશની પ્રગતિ ઝડપથી થાય. મારી પાસે એવા કેટલાય મહાનુભાવોના અવતરણો છે કે જેમના અવતરણો ટાંકવાથી આપણે ગુજરાતના લોકો સમજી શકીએ, આ સન્માનીય ગૃહના સભ્યશ્રીઓ જાણી શકે કે આપણા ગુજરાત તરફ આખા દેશની પ્રજા અને ખાસ કરીને દેશમાં જે ઘડવૈયાઓ છે એવા લોકો એક આશા ભરી નજર રાખી રહ્યા છે. શા માટે આવું થઇ રહ્યું છે? એક બાજુ દુનિયામાં મંદીનો માહોલ હોય અને યુરોપિયન દેશોમાં સખત મંદીના કારણે એક મંદીના વાતાવરણનું મોજું ઉભું થયું હોય, ગ્રીસ જેવા કે બીજા દેશોમાં જયારે દેશ આખો દેવાળું ફૂંકે એવી સ્થિતિમાં હોય, યુરોપિયન દેશો એને મદદ કરે, દુનિયા એને મદદ કરે ત્યારે પરાણે દેશ ચાલી શકે એવી સ્થિતિમાં હોય, આપણા ભારતમાં પણ ભૂતકાળમાં થોડા વર્ષો પહેલા મંદીની પરિસ્થિતિ જે હતી એ આપણે સૌ જાણીએ છીએ. આખી દુનિયામાં જ્યારે મંદીનો માહોલ હતો ત્યારે એક દરિયામાં જેમ ટાપુ હોય એ પ્રમાણેનો ટાપુ ગુજરાત એ આખા ભારતનું એવું રાજ્ય કે બધા જ રાજયમાં મંદીની પરિસ્થિતિ હતી ત્યારે બીજા રાજયો પગારો કરવામાં નિષ્ફળ જાય, બીજા રાજયો કોલસાના વેગનોના ભાડા ભરવામાં નિષ્ફળ જાય, બીજા રાજયો કેન્દ્ર સરકારનું સમયસર દેવું ભરવામાં નિષ્ફળ જાય અને ઘણાં રાજયોને વારંવાર ઓવર ડ્રાફટ લેવો પડે એવી સ્થિતિ આવી જાય એની સામે આ ગુજરાત એક એવું રાજ્ય છે કે એ તમામ પરિસ્થિતિનો સામનો કરી ગુજરાતની પ્રજાના, ગુજરાતના ખેડૂતોના, ગુજરાતના ઉદ્યોગપતિઓના સાહસિકોના સમર્થનથી આજે ગુજરાતની વિકાસ યાત્રા ચાલી રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે એ વાત ઉપર ધ્યાન દોરવું છે કે દેશની પરિસ્થિતિ શું છે? કદાચ હું એમ કહીશ તો કોઇ એમ કહેશે કે બીજા રાજયોની તમે વાત ન કરો. પણ જયારે આપણા દેશના અન્ય રાજયોની સાથે આપણા ગુજરાતની સરખામણી કરીએ તો જ આપણને ખ્યાલ આવે કે ગુજરાતનો વિકાસ અને ગુજરાતની સમૃધ્ધિનો આંક કેટલો ઉંચો પહોંચ્યો છે. આખા દેશે અને આખી દુનિયાએ પરમ દિવસે જોયું (અંતરાય)માનસિંહભાઇ, તમારે બહું વર્ષ થશે સમજવા માટે.  જે યુ.પી.એ.ના સાથી પક્ષ (અંતરાય) સાહેબ, મને ખલેલ કરવાનું પ્લાનિંગ છે એમનું. સાહેબ, સાચું સાંભળી શકતા નથી.  મને ખલેલ પહોંચાડવાનું એમનું પ્લાનિંગ છે. આખા દેશે જોયું કે, યુ.પી.એ.ના સાથી પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતાજીએ પરમ દિવસે જ કહ્યું કે અમારા રાજયની સ્થિતિ એવી છે કે, અમને કેન્દ્ર સરકાર કોઇ મદદ કરતી નથી. એમણે તો એવા કમનસીબ શબ્દો વાપર્યા કે મારા પશ્ચિમ બંગાળની હું હરાજી કરું તો કોઇ લેવાય તૈયાર ન થાય એવું આ યુ.પી.એ.નું, કોંગ્રેસનું, સાથી પક્ષનું રાજય છે. દેશનું અંગ છે આપણને દુઃખ થાય છે, દેશના એક નાગરિક તરીકે અમને દુઃખ થાય છે કે, આ કોંગ્રેસની સરકારોના વર્ષોના શાસનને કારણે અને ત્યાં આગળ આમના જ વિરોધીઓ સામ્યવાદીઓએ વર્ષો સુધી, ૨૫ ૨૫ વર્ષ સુધી  રાજય કર્યું આવા લોકોએ કહ્યું,  મમતા બેનરજીએ કહ્યું છે, હું નથી કહેતો. મમતા બેનરજીએ કહ્યું છે કે અમારું રાજય એ દેવાળુ ફૂંકી દેવાની પરિસ્થિતિમાં આવી ગયું છે.  ત્યારે ગુજરાતની સરખામણી આજે આપણે કરી શકીએ, ગુજરાતનો

વિકાસ, ગુજરાતની પ્રગતિ, એની નાણાંકિય ક્ષમતા. *(xxxxx) (xxxxx) માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતની વિકાસયાત્રા જોઇએ તો કદાચ આ લાખ્ખો રૂપિયાના સરવાળામાં લખવા તમે બેસશો તો તમને વાર લાગશે.(અંતરાય) મારે આ સન્માનનીય ગૃહ દ્વારા ગુજરાતની પ્રજા સુધી જે વાત પહોંચાડવી છે આપણે ત્યાં દેશ જ્યારથી આઝાદ થયો ત્યારથી પંચવર્ષીય યોજના બનાવતા અને એનો અમલ કરતાં થયાં છીએ. અત્યારસુધી ભૂતકાળમાં નવ પંચવર્ષીય યોજનાઓ આપણે અમલમાં મૂકી. એ નવ પંચવર્ષીય યોજનામાં, ભૂતકાળ અને થોડાક વખતની અન્ય પક્ષોની સરકારનો ફાળો ગુજરાતમાં. પંચવર્ષીય યોજનામાં ગુજરાતમાં અત્યારસુધીમાં જે નવ પંચવર્ષીય યોજનાઓનું આયોજન થયું એનું કુલ પ્લાનિંગ ૨,૩૦,૦૦૦ કરોડ રૂપિયાનું હતું એમાં ગયા દસકાનું, માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકારનું ગયા દસકાની સરકારનું આયોજન પણ એમાં આવી ગયું. આ ૨,૩૦,૦૦૦ કરોડમાંથી ગયા દસ વર્ષમાં અમારી સરકારનું ભા.જ.પ.ની માનનીય નરેન્દ્રભાઇ મોદીની નેતૃત્વવાળી સરકારનું આયોજન ૧,૫૮,૧૧૧ કરોડ રૂપિયાનું હતું. એની સામે વિકાસ કોને કહેવાય? જે મળે છે એ લઇને બેસી રહે એમ નહિ જે મળે છે એનાથી સંતોષ માને છે એમ નહિ, પણ હજી આપણા રાજયનો વધુને વધુ વિકાસ કરીએ. વધુને વધુ નાણાં સરકારમાંથી પ્રજાના કામ માટે, પ્રજાના વિકાસ માટે પહોંચે રાજયની સુખસમૃદ્ધિ માટે, ખેડૂતો માટે, વિદ્યાર્થીઓ માટે, મહિલાઓ માટે, વૃદ્ધો માટે, બધાના માટે વપરાય એ માટે અમે જે આયોજન કર્યુ છે. આવનારા પાંચ વર્ષનું ગુજરાતનું આયોજન ૨,૫૧,૦૦૦ કરોડ રૂપિયાનું છે એટલે અમારોને અમારો દસ વર્ષનો રેકોર્ડ અમે જ તોડવા જઇ રહ્યા છીએ. તમારો રેકોર્ડ તો કોઇ વિસાતમાં જ નથી. માનનીય નટવરસિંહ મને એકવાર બહાર કહેતા હતા, સાહેબ (xxxxx) (xxxxx)

અધ્યક્ષશ્રી : નટવરસિંહભાઇ આપના દંડકશ્રીએ પાંચ મિનિટ આપને ફાળવી છે અને આમાં જો રદ થઇ જશે તો આપનો વારો નહિ આવે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, સરકારનું આયોજન વિકાસ માટે કેવું હોય, કયા ફોકસ કરવા જોઇએ. કયા સેક્ટરમાં સરકારની આવક વાપરવી જોઇએ એ આપણે બજેટમાં નિશ્ચિત કરતા હોઇએ છીએ. બજેટ વિધાનસભામાં રજૂ થાય, ચર્ચા વિચારણા થાય, મંજૂર થાય પછી પહેલી એપ્રિલથી એનો ઉપયોગ અને અમલ કરતાં હોઇએ છીએ. આપણી સરદાર સરોવર નર્મદા યોજના, અહીંયા વારંવાર એના વિશે ચર્ચા થઇ છે. આ જ સન્માનનીય ગૃહે સર્વાનુમતે સરદાર સરોવર નર્મદા યોજનાને આગળ વધારવા માટે હંમેશા પ્રયત્નો કર્યા છે. એના માટે નાણાંકીય જોગવાઇ જે કરવી પડે આ વખતે નર્મદા યોજના માટે માનનીય નાણાંમંત્રીશ્રીએ નવ હજાર કરોડ રૂપિયા બજેટમાં મૂક્યા છે. અમે વારંવાર કહીએ છીએ કે ખેડૂતોને સગવડ આપવી જોઇએ. ખેડૂતોને સિંચાઇ આપવી જોઇએ. ખેડૂતોને વ્યવસ્થા આપવી જોઇએ. પાણી આપવું જોઇએ અને આ સિંચાઇનું પાણી આપવા માટે ગુજરાતની જેને આપણે જીવાદોરી કહીએ છીએ.તે નર્મદા યોજનાનો ઉપયોગ વહેલામાં વહેલી તકે વધુને વધુ ઝડપથી ગુજરાતના ખેડૂતોનો ૧૮ લાખ હેકટરમાં જે જિલ્લાઓમાં, જે તાલુકાઓમાં, જે ગામોમાં નર્મદાનો કમાન્ડ વિસ્તાર આવી ગયો છે તેને પાણી મેળવવા માટે, પાણી આપવા માટે અત્યારે મારા અંદાજ પ્રમાણે લગભગ ૬ હજાર કરોડ રૂપિયના નર્મદાના કામો રાજયમાં કેનાલોના ચાલી રહ્યાં છે. તેમાં આ વર્ષે આ ૯ હજાર કરોડ રૂપિયાની નવી જોગવાઇનો ઉમેરો થશે એટલે વહેલામાં વહેલી તકે, વધુને વધુ ઝડપથી અમારી સરકારની ઇચ્છા છે, મુખ્યમંત્રી માનનીય નરેન્દ્રભાઇનું એક લક્ષ્ય છે કે રાજસ્થાનને પાણી આપ્યું કમાન્ડ વિસ્તારને પાણી આપો અને ગુજરાતના ખેડૂતોની તાકાત વધારવાનું, સિંચાઇની શકિત વધારવાનું કામ કરો અને નર્મદા યોજનામાં અમે ૯ હજાર કરોડ ફાળવ્યાં છે. હું માનું છું અહીં બેઠેલા વિરોધપક્ષના સભ્યોને પણ એ કહેવાની જગ્યા નથી કે આ ૯ હજાર કરોડ જે ફાળવ્યાં છે તે સારું છે હું માનું છું અને મારી તો એમને વિનંતી છે નર્મદાની કામગીરી હું વિધાનસભામાં સંભાળુ એટલા માટે કે, જયારે નર્મદાની માગણી આવે ત્યારે તમારે પણ આ ૯ હજાર કરોડની માગણીને સમર્થન આપવું જોઇએ તો જ તમે નર્મદાના, ખેડૂતોના સાચા હિતચિંતક ગણાશો એવું માનું છું.

---

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, પીવાના પાણીના પ્રશ્નો. ભૂતકાળ તે આપણે ભૂલવો ના જોઇએ. વારંવાર કહેવાયું છે કે એક જમાનો હતો કે પીવાના પાણીના ટેન્કર, રાહત કામો, લોકોને બેડા ભરીને પાણી લેવું પડે એમાંથી ગુજરાતને મુકત કરવા માટે અમારી સરકારે પાણી પુરવઠાના મોટા પાયે કામો ઉપાડયા છે. અત્યારે ગુજરાતની છ કરોડની જનતામાંથી લગભગ સાડા ત્રણ કરોડની પ્રજાને અમે પીવાનું શુધ્ધ સર્ફેસ લેવલનું નર્મદાનું કે અન્ય મોટી સિંચાઇ યોજનાનું પાણી આપી રહ્યાં છીએ પણ અમને તેનાથી સંતોષ નથી. અમે એમ ઇચ્છીએ છીએ કે ગુજરાતના તમામ નાગરિકોને જયાં જયાં માનવી વસતો હોય ત્યાં પીવાનું શુધ્ધ પાણી પહોંચે એ માટે અમે વ્યવસ્થા કરીએ અને તેના માટે ૨૫૦૦ કરોડ રૂ. પાણી પુરવઠા વિભાગને માનનીય નાણામંત્રીશ્રીએ ફાળવ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, સિંચાઇ વિભાગ પણ નર્મદાની સાથે સાથે સિંચાઇ માટેની કામગીરી કરે છે. જયાં નર્મદા નથી પહોંચવાની અથવા જે વિસ્તાર નર્મદાના કમાન્ડ વિસ્તારમાં નથી ત્યાં પાણીનો સંગ્રહ કરવો, પાણીને ભૂગર્ભમાં ઉતારવું અને પાણીને ખેડૂતો સુધી પહોંચાડવું તેના માટે આ વખતે અમે ૨૩૦૦ કરોડ રૂપિયા નાણામંત્રીશ્રીએ બજેટમાં ફાળવ્યાં છે. શહેરી વિકાસ વિભાગ અમારો રાજયની ૪૪ ટકા પ્રજા, નાગરિકો આજે જયારે શહેરોમાં વસતા હોય, ૧૫૯ નગરપાલિકા, ૮ મહાનગરપાલિકા અઢી પોણા ત્રણ કરોડ નાગરિકો જયારે શહેરોમાં રહેતાં હોય ત્યારે શહેરોના નાગરિકોને પણ સ્વચ્છ વાતાવરણમાં, સુવિધાયુકત વાતાવરણમાં રહેવાનું મળે અને બધા સાથે મળી અને પોતે સારી રીતે શહેરી જીવન વિતાવી શકે તે માટે શહેરોમાં ઈન્ફ્રાસ્ટ્રકચર ઉભું કરવા માટે, શહેરોમાં પાણીની વ્યવસ્થાઓ વધારવા માટે, સવારે જેમ કહ્યું તેમ ભૂગર્ભ ગટર વ્યવસ્થા આપવા માટે આ વખતે રેકર્ડ ગુજરાતના ઈતિહાસમાં સૌથી મોટી રકમ હું તો માનું છું કોંગ્રેસનો આંકડો નહીં કહું અત્યારે, પણ મારી માગણી આવશે ત્યારે કહીશ ૫૬૭૦ કરોડ રૂપિયા માનનીય નાણામંત્રીશ્રીએ શહેરી વિકાસ વિભાગને ફાળવ્યાં છે. માર્ગ મકાન, રસ્તાઓ, પુલ, સુવિધા તેના માટે પણ રાજયનો વિકાસ જે રીતે થયો છે આખું ભારત, જે ભારતના લોકો ગુજરાતના રસ્તાઓથી જે પ્રભાવિત થાય છે તેને વધુ સારી સગવડ આપવા માટે ૪૨૬૦ કરોડ રૂપિયા માર્ગ મકાન વિભાગમાં આપવામાં આવ્યાં છે. માનનીય અધ્યક્ષશ્રી, અમારા મુખ્યમંત્રી, અમારી સરકાર હંમેશા સંવેદનશીલ સરકાર તરીકે માનવીના વિકાસ સાથે જોડાયેલી કામગીરી કરવા માટે હંમેશા સક્રિય રહી છે એકલી વાતોથી કે એકલી યોજનાઓથી નહીં પણ નાણાંકીય ફાળવણી પણ જે અમારી સરકાર કરે છે. જે સામાજિક સેવાઓ છે જેમાં આરોગ્ય આવે, શિક્ષણ આવે, સામાજિક રીતે જરૂરિયાતના ગરીબ લોકોને, વૃધ્ધોને, નિરાધારોને, જરૂરિયાત મંદોને, ગરીબોને જે યોજનાઓનો લાભ આપવાનો આવે એવી જે .. એવી જે સામાજીક સેવાઓ છે, માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા આનંદ થાય છે કે આ વખતે બજેટમાં સામાજીક સેવાઓ માટે ૨૦૩૦૭ કરોડ રૂપિયા અમારી સરકારે ગરીબો માટે અને સામાજીક સેવાઓ માટે ફાળવી આપ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા અમારા વિપક્ષના મિત્રોએ સરકાર ઉપર જુદી જુદી રીતે આક્ષેપો કર્યા. એમના પ્રશ્નો પણ રજૂ કર્યા. આ ગૃહ એટલા માટે જ છે કે પોતાના વિસ્તારની પ્રજાની જરૂરિયાત, પોતાના વિસ્તારની માગણી હોય એને સારી રીતે સરકાર સમક્ષ મૂકાય. અહીંયા મંત્રીશ્રીઓ હોય, અધિકારીશ્રીઓ હોય, ધારાસભ્યશ્રીઓ હોય, આખા રાજયનું ચિત્ર ઉભું થાય અને એમાંથી જ પ્લાનિંગ કરવાનું હોય છે. પણ મને દુઃખ છે કે ભૂતકાળમાં ૪૦, ૪૫ વર્ષ જે લોકોએ રાજ કર્યુ. જે લોકો ૪૦, ૪૫ વર્ષ કશુ નથી કરી શકયા. એવા લોકો એવા આક્ષેપો કરે છે, એવી માગણીઓ લાવે છે કે અમને હા, સાહેબ, બિલકુલ.. (અંતરાય) મુરબ્બી શંકરકાકા બોલ્યા. મને એમના ઉપર બહુ માન છે. એમણે જ કબૂલ કર્યુ કે અમે નથી કર્યુ માટે અમે અહીંયા બેઠા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, એમનો હું આભાર માનું છું. (અંતરાય) આ ૨૦ વર્ષમાં જ છે બધું.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા ખેડૂતો માટેની અમારા રાજયના...(અંતરાય) ભાઇ રાઉલજી, આમાં લખ્યું જ છે માનનીય વજુભાઇના પ્રવચનમાં, કે સૌનો વિકાસ અને સૌનો સાથ. આ સરકાર બધાની સરકાર છે. તમારી જેમ નહીં. તમે હતા તો ગોધરાનું, રહેવા દો અત્યારે ખોટા પ્રશ્નો ઉભા કર્યા વિના. *(xxxxx)

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

(xxxxx) માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોની વાતો આ લોકો કરે છે. ખેડૂતોના હિતેચ્છુ છે એવી વાતો કરે છે. (અંતરાય) રમણભાઇ, પ્લીઝ. સાહેબ, આંદોલનની વાત કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે યાદ કરાવવું છે આ સભ્યશ્રીઓને. બધા સન્માનનીય છે અહીંયા. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં કોમી અશાંતિ ૧૯૬૭માં થઇ. ૧૯૯૪માં થઇ. ૧૯૯૨માં થઇ. આ અશાંતિ. માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના શાસનની અંદર (સતત અંતરાય) ભાઇ, (સતત અંતરાય) તમે...

**અધ્યક્ષશ્રી :** ઓર્ડર, ઓર્ડર પ્લીઝ. (સતત અંતરાય) માનસિંહભાઇ, પ્લીઝ. (સતત અંતરાય) ઇકબાલભાઇ, પ્લીઝ. નહીં, નહીં. પ્લીઝ.

**શ્રી નીતિનભાઇ ર. પટેલ :** સાહેબ, મને થોડી તકલીફ એટલા માટે પડે છે કે અહીંયા જે લોકો અત્યારે અવાજ કરે છે. (સતત અંતરાય) આમાંથી અડધા તો અમારા પક્ષમાં હતા. અમારા લોકોના મતથી જીતેલા છે. સી.કે.રાઉલજી હોય, માનસિંહભાઇ હોય, બાવકુભાઇ હોય કે પછી પાછળ બેઠેલા રાઘવજી હોય. સાહેબ, આ બધા ભા.જ.પ.માં હતા.

અધ્યક્ષશ્રી : નીતિનભાઇ, પોઇન્ટ ઓફ ઓર્ડર છે. શું પોઇન્ટ ઓફ ઓર્ડર છે રાઉલજીભાઇ?

# પોઇન્ટ ઓફ ઓર્ડર

## સભ્યશ્રી સામે આક્ષેપાત્મક ઉચ્ચારણ કરવા અંગે.

**શ્રી સી. કે. રાઉલજી** : માનનીય અધ્યક્ષશ્રી, મારા નામ જોગ જયારે સિનિયર મંત્રીશ્રીએ આ ગૃહમાં કહ્યું છે કે સી.કે.રાઉલજીની હાઇવે ઉપર કેટલી જમીનો છે. મારા બાપદાદાની, બબ્બે ત્રણ ત્રણ ગામની અંદર મારા બાપદાદાની જમીનો છે. અમે તો ખેતી ઉપર જીવીએ છીએ. તમે શું કરો છો એ અમારે કહેવું નથી. પણ મારા ઉપર આક્ષેપ કર્યો છે એ ખરેખર તદ્દન વાહિયાત છે. આજે પણ અમારે કહેવું પડશે કે ગયે વખતે પણ લોકાયૂકતમાં (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મારો સાંભળવા જેવો સવાલ છે. ગયે વખતે પણ લોકાયૂકતની તપાસ કરી, લોકાયૂકતે કોઇપણ ગેરરીતિ થઇ નથી એવું જજમેન્ટ આપ્યું અને ત્યારપછી આ આક્ષેપ કરે છે એનો કોઇ મતલબ નથી. (સતત અંતરાય અને સૂત્રોચ્ચાર.)

**શ્રી વજુભાઇ રૂ. વાળા ( નાણામંત્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઇએ જે વાત કરી છે એમાં આક્ષેપ નથી કર્યો* (xxxx) (xxxx) પણ આ તમારી જમીન છે, કેટલી છે એ રીતે. અને એમાં એ પણ કબૂલ કરે છે કે આ મારા બાપદાદાવાળી જમીન છે. એમાં અમેય કયાં ના પાડીએ છીએ. હજુ ભગવાન તમને વધારે સમૃદ્ધિ આપે. અમે એમાં આનંદિત છીએ. એમાં આક્ષેપ નથી કર્યો રાઉલજી. આક્ષેપ નથી કર્યો. એમાં એમણે આક્ષેપ નથી કર્યો રાઉલજી, (xxxx) (xxxx) એટલે રાઓલજી આપના ઉપર કોઇ આક્ષેપ કર્યો નથી, ટીકા નથી કરી.

અધ્યક્ષશ્રી : પ્લીઝ બેસી જાઓ, ઓર્ડર ઓર્ડર, પ્લીઝ બેસી જાઓ. (અંતરાય) માનનીય નીતિનભાઇનું સમગ્ર પ્રવચન મેં સાંભળ્યું છે. એમણે સી. કે. રાઉલજી માનનીય સભ્યશ્રી છે એ બાબતમાં વ્યકિતગત આક્ષેપ નથી. એમનું નામ આપીને એટલું કહ્યું છે કે સી. કે. રાઉલજી અમારા પક્ષમાંથી ચૂંટાયેલા હતા. એટલે આપ જે વાત કરો છો તે યોગ્ય નથી. મેં એમનું પ્રવચન સાંભળ્યું છે.

(આ તબક્કે વિરોધપક્ષના સભ્યશ્રીઓ તરફથી નીતિનભાઇ માફી માગેના સૂત્રોચ્ચાર શરૂ કરવામાં આવ્યો.)

**શ્રી દિલીપભાઇ ન. સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, નીતિનભાઇએ એમનાં પ્રવચનમાં (xxxx) એમ કહ્યું છે, આથી વિશેષ એમણે કશું કહ્યું નથી. ગેર કાયદેસર છે કે એવો કોઇ આક્ષેપ નથી કર્યો. માત્ર હકીકત છે તે અમને ખબર છે એમ કહેવું એ કોઇ આક્ષેપ ગણાય નહીં. એટલે આમાં આક્ષેપ કે પ્રતિ આક્ષેપનો

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

કોઇ સવાલ નથી. માત્ર ગૃહને બાનમાં રાખવાની માનસિકતા દર વખતે કોંગ્રેસ પક્ષની રહી છે. બાહય રીતે લોકોની ચીપલુદી કરી છે. ૫૦ હજાર લોકો–માણાસો ભેગા કરવાની વાત કરી હોય અને પાંચ હજાર લોકો ભેગા થાય એટલે માનસિક દબાવમાં આ રીતે અહીં ઉચ્ચારણો કરવા તે વાત વાજબી નથી. મારી એમના દંડકશ્રીને વિનંતી છે કે હાઉસને નિયમ પ્રમાણે ચાલવા દેવું જોઇએ. આ રીતે હાઉસને અટકાવવું તે વ્યાજબી નથી. પછી નિયમથી કાર્યવાહી કરવામાં આવશે ત્યારે લોકશાહીની દૂઆ દેશે. લોકશાહીનું ગળું આજે કોંગ્રેસ ઘૂંટી રહી છે. મહેરબાની કરીને નિયમ પ્રમાણે હાઉસ ચાલવા દેવું જોઇએ.

અધ્યક્ષશ્રી : પ્લીઝ આપ બેસી જાઓ, છતાં આપને સંતોષ ન થતો હોય તો હું રેકોર્ડ જોઇ લઇશ. મેં એમનું સમગ્ર પ્રવચન સાંભળ્યું છે. ધ્યાનથી સાંભળ્યું છે. સી. કે. રાઉલજી આપ માનનીય સભ્યશ્રી છો, આપના નામનો ઉલ્લેખ નથી થયો, એમણે એટલું જ કહ્યું છે કે સી. કે. રાઉલજીભાઇ અમારા પક્ષના સભ્ય હતા આપના નામ જોગ કોઇ આક્ષેપ નથી કર્યોઇ છતાં આપને સંતોષ ન હોય તો રેકોર્ડ જોઇ લઇશ. પ્લીઝ આ યોગ્ય નથી. પ્લીઝ ઇકબાલભાઇ આપના સભ્યશ્રીઓને બેસાડો. સી. કે. રાઉલજીનો પોઇન્ટ ઓફ ઓર્ડર હું નામંજૂર કરું છું પછી તેના ઉપર બીજો કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર ન હોઇ શકે. આપને નવો કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર હોય તો કહી શકો. પલીઝ બેસી જાઓ. ઇકબાલભાઇ, પ્લીઝ મારી વિનંતી છે કે આપના સભ્યશ્રીઓને બેસાડો.

હું સભાગૃહની બેઠક ૩૦ મિનિટ સુધી મુલતવી રાખું છું. (**સાંજના ૩–૪૯ )**

**મુલતવી રહેલ સભાગૃહની બેઠક સાંજના ૪–૧૯ કલાકે ફરીમળી**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

અધ્યક્ષશ્રી : ઓર્ડર, ઓર્ડર. માનનીય નીતિનભાઇ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી. હું વાત કરતો હતો કે.....

# પોઇન્ટ ઓફ ઓર્ડર

## સભ્યશ્રીઓના અપમાન અંગે

**શ્રી સિદ્ધાર્થભાઇ પટેલ** ઃ માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર એ છે કે માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ પ્રવચન કરી રહ્યા હતા ત્યારે માનનીય નીતિનભાઇએ સન્માનનીય સભ્ય શ્રી સી. કે. રાઉલજીના નામનો ઉલ્લેખ કરી અને એમ કહ્યું કે ગોધરા હાઇવે ઉપર તમારી કેટલી જગ્યા છે અને કેવી રીતે આવી છે આ બધું અમે જાણીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાના નિયમોના નિયમ–૩૪ હેઠળ જયારે કોઇપણ સભ્યશ્રી ઉપર કોઇપણ જાતના આક્ષેપ કરવો હોય તો અગાઉથી જાણ કરવી જોઇએ અને એના પૂરાવા સભાગૃહ સમક્ષ મૂકવા જોઇએ. માનનીય મંત્રીશ્રીએ એમ કર્યુ નથી એટલુ પૂરતુ નથી. માનનીય નીતિનભાઇ પ્રવચન કરી રહ્યા હતા ત્યારે એમણે માનનીય સભ્યશ્રી નટવરસિંહજીભાઇના નામનો ઉલ્લેખ કરી કેટલીક વાત કરી. નટવરસિંહભાઇ એમણે કહ્યું હતું કે હું સાદગીથી જીવુ છું અને એ સંદર્ભમાં બે ટંકના રોટલા મને મળી રહે એટલે મારા માટે પૂરતુ છે. આ વાતનો અલગ સંદર્ભ લઇને કોંગ્રેસ પક્ષને વિકાસની નીતિના સંદર્ભમાં મૂલવવાનો પ્રયત્ન કર્યો છે પણ સીધી રીતે સભ્યશ્રીનુ અપમાન થયેલ છે ત્યારપછી આજ પ્રવચનના અંદર સન્માનનીય સભ્યશ્રી દેવજીભાઇ ફતેપરાના નામનો ઉલ્લેખ કરીને મંત્રીશ્રી એમ બોલ્યા કે વિધાનસભામાં સવાલ કેવી રીતે પૂછવો એની પણ સમજણ તમને પડતી નથી તમે બેસો હજી તમને આ બધી બાબતો સમજતા દસ વરસ લાગશે. આ પણ સભ્યશ્રીનુ અપમાન કરવાનો પ્રયત્ન માનનીય મંત્રીશ્રી દ્ધારા કરવામાં આવ્યો અને એક પછી એક સભ્યશ્રીઓના નામોનો ઉલેખ કરીને સભ્યશ્રી માટે

અપમાનજનક વાત કરીને સભ્યશ્રીઓને નીચે પાડવાનો પ્રયત્ન માનનીય મંત્રીશ્રી દ્વારા થયો છે. હું માનનીય મંત્રીશ્રી આ સભાગૃહ સમક્ષ માફી માગે તેવી માગણી કરુ છું અને મારે સાથે સાથે બીજી પણ એક વાત છે, માનનીય અધ્યક્ષશ્રી મારે આપને વિનંતી છે કે સભાગૃહના ત્રાજવા બંને પક્ષે સરખા હોવા જોઇએ. વિરોધપક્ષના નેતાના સંદર્ભમાં કેટલાક શબ્દોનો ઉલ્લેખ કરીને અને જો એમને આ સભાગૃહ માફી માગવા માટેનો પ્રસ્તાવ લાવી શકતું હોય આપનો આદેશ માફી માગે તેવો થઇ શકતો હોય તો માનનીય નીતિનભાઇએ ત્રણ ત્રણ સભ્યશ્રીઓના અપમાન કર્યા છે. સી.કે. રાઉલજીના સંદર્ભમાં વ્યકિતગત આક્ષેપો થાય તેવા શબ્દોના ઉચ્ચારણો કર્યા છે એથી મારે આપને વિનંતી છે કે આપ ન્યાય કરો અને ન્યાયના ત્રાજવા બંને પક્ષે સરખા રહે.

શ્રી દિલીપભાઇ સંઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, પૂર્વ કોંગ્રેસના અધ્યક્ષ, આ સભાગૃહના સન્માનનીય સભ્ય સિદ્ધાર્થભાઇએ પોઇન્ટ ઓફ ઓર્ડરમાં ત્રણ માનનીય સભ્યશ્રીઓના નામનો ઉલ્લેખ કરીને વાત કરી. સભાગૃહમાં રેકોર્ડીંગ પણ થાય છે, અને નોંધ પણ થાય છે. સૌએ સાંભળ્યુ છે નીતિનભાઇના પ્રવચનમાં અને સિદ્ધાર્થભાઇએ પણ એ વાત દોહરાવી છે કે સી.કે. રાઉલજી તમારી હાઇવે પર કેટલી જમીન છે એ અમને ખબર છે. આ કોઇ આક્ષેપ ન કહેવાય, વડીલો પાર્જીત હોય, પોતાની મહેનતની કમાણીથી હોય, કેટલી છે કયાંથી આવી વડીલોપર્જીત આવી એ કોઇ આક્ષેપ ખરો કહેવાય? એવું નથી કીધું કયાંથી આવી છે એ ખબર છે એનો અર્થ આક્ષેપ નથી. કયાંથી આવી છે એવું કીધું હોય તો પણ આક્ષેપ નથી. એટલે આ બાબતમાં માનનીય અધ્યક્ષશ્રીએ રેકોર્ડ તપાસી જવું જોઇએ અને માનનીય સિદ્ધાર્થભાઇએ જે મુદ્દો ઉઠાવ્યો છે એના શબ્દો ચકાસીને આ બાબતમાં આપે બંને ત્રાજવા કાયમ માટે આપના તરફથી બેલેન્સ થાય તેવાજ નિર્ણયો આ સભાગૃહમાં ગૌરવશાળી આવે છે પરંતુ સભાગૃહને ન્યાય થાય તેવું કહીને સ્પીકર સાહેબનું અપમાન કરવાની માનસિકતા છે એ વાજબી નથી. (અંતરાય) હું તમને શાંતિથી સાંભળતો હતો તમારે જે કહેવું હોય એ કહેજો. માનનીય અધ્યક્ષશ્રી, બાકીના સવાલ આવ્યા, હાઉસ છોડીને જવું હોય તો જાય, હાઉસને બાનમાં રાખવાનો પ્રયત્ન ન કરે. ભૂલ હોય તો માફી માગે એમાં કયા ના છે. પણ ભૂલ તો બતાવી પડે ને? રેકર્ડ જોઇને વાત કરે. માનનીય નીતિનભાઇ સ્પષ્ટતા કરે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ શરમની વાત નથી. રાઘવજીભાઇ વાત તો સાંભળો, હું કહું છું, આપ રેકર્ડ જોઇ લેજો. મેં માનનીય સી.કે.રાઉલજી ઉપર ભ્રષ્ટાચારનો કોઇ આક્ષેપ કર્યો હોય તો આપ આદેશ આપશો તો માફી માગવામાં મને કોઇ વાંધો નથી, મને કોઇ અહમ નથી. બીજાની જેમ મારે કોઇ ઘમંડ રાખવાનો નથી. મારા માટે આ ગૃહ સર્વોપરી છે, મારા માટે આપનો આદેશ સર્વોપરી છે અને હું હજુ ફરી કહુ છું એ પ્રમાણેનો કોઇ આક્ષેપ કે કોઇ વાત કરી નથી. આ રેકર્ડ ઉપર રહે એટલા માટે કહું છું, હજુ રેકર્ડ જોઇ લેજો. તમારા વિપક્ષના નેતાએ તો માનનીય અધ્યક્ષશ્રીએ માફી માગવાનો આદેશ કર્યો પછી માફી માગી નથી. મને સૂચન કરશે મને કોઇ વાંધો નથી.

અધ્યક્ષશ્રી : માનનીય ઇકબાલભાઇ.. આપ બેસો, આપના દંડક બોલી રહ્યા છે.

શ્રી ઇકબાલ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ ખૂબ શાંતિપૂર્વક રીતે ચાલી રહ્યું હતું. સવારથી જ જોઇએ છીએ કે, નીતિનભાઇ પટેલ માનનીય મંત્રીશ્રી એક કરતાં વધારે વખત કોઇ બીજા ગૃહની બહાર કોઇને નિશાન બનાવવાને બદલે ગૃહના જ પોતાના સાથી સભ્યોને નિશાન બનાવેલ છે એ લોકશાહીની પરંપરાને અને સંસદીય પ્રણાલિકાઓને અને અધ્યક્ષશ્રીના અગાઉના નિર્ણયો સાથે એ સુસંગત નથી. માનનીય મંત્રીશ્રી સિનિયર છે. પણ આજે સવારથી જે રીતે અધ્યક્ષશ્રીના અવમાનનો પ્રશ્ન છે અને મારા ઉપર જે આક્ષેપો કર્યા છે એ મને લાગે છે કે, અધ્યક્ષશ્રીની ખુરશીનું જે સ્ટેટસ છે અને તટસ્થ રીતે જે નિર્ણયો લે છે એના ઉપર સીધો પ્રભાવ પાડવા માટેનું છેલ્લા કેટલાક દિવસોથી તેમનું વર્તન જોઇ રહ્યા છીએ. માનનીય અમારા નેતાશ્રીએ એક સામાન્ય પ્રશ્ન ઉપર જયારે વાત થઇ, એક મુદ્દા ઉપર દસ દિવસ પહેલાં નીતિનભાઇના

જ મુળ એપીક સેન્ટરથી એ મુદ્દો ઉભો થયો. આ ગૃહને કલંકિત કહેવાય એવી ઘટના બની, આ ગૃહમાંથી વિપક્ષના નેતાને દૂર કરવામાં આવ્યા, એ ગુજરાતના ઈતિહાસમાં એક કલંકિત બનાવ છે.

અધ્યક્ષશ્રી : આપ અત્યારે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર ચર્ચા કરો... પ્લીઝ..

શ્રી ઈકબાલ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારા પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર જ આવું છું. ગુજરાત વિધાનસભાના નિયમો ૩૪ માં બહુ સ્પષ્ટ રીતે લખેલું છે કે, કોઇ અપમાનજનક, અભિદ્રોહાત્મક, રાજદ્રોહી, અપમાનજનક અથવા બદનક્ષીભર્યા શબ્દો ગૃહમાં બોલવા નહીં. વિધાનસભાના નિયમોના નિયમ–૩૪(૯) માં કોઇપણ ખાનગી વ્યક્તિ સામે કોઇપણ આક્ષેપો મૂકવા નહીં. આગળ વધીને વાત કરું તો મંત્રીશ્રીઓ, બહુ ઉશ્કેરાવાની જરૂર નથી. ચોપડીને પણ સાથેસાથે વાંચતા રહો, પછી તમે દલીલ કરો. વિધાનસભાના નિયમો –૩૭માં બહુ સ્પષ્ટ કહ્યું છે. સવારમાં નટવરસિંહ સામે ગંભીર પ્રકારની જે રીતે વાત કરી, અપમાનજનક રીતે, બે ભેંસ, હેલિકોપ્ટરમાં ઉડનાર માણસ, ખેડૂત જેવો સામાન્ય માણસ, વાત કરેલી હોય, એ હેલિકોપ્ટરમાં ઉડતા ઉડતા એવી મજાક ન થાય. આ સત્તા આજે છે અને કાલે નથી. નિયમ–૩૭માં બહુ સ્પષ્ટ વાત કરેલી હતી કે, કોઇપણ વ્યક્તિનો વિરોધ, કોઇપણ શબ્દોનો વિરોધ બદનક્ષીયુક્ત ભર્યો કે દોષારોપણયુક્ત આક્ષેપ કરવા નહીં. સિવાય કે, કોઇ સભ્યે અધ્યક્ષને કે સંબંધકર્તા મંત્રીને અગાઉથી ખબર આપેલી હોય, જેથી મંત્રી.. (અંતરાય) ...પંકજભાઇ, તમે બૂક લઇને, ઉભા થઇને વાત કરજો, તમને છૂટ છે, તમે વાત કરજો, તમે બૂક હાથમાં લો તમારી તમે ઉભા થઇને વાંચજો, તમને છૂટ છે. એટલે એમાં બહુ સ્પષ્ટ રીતે કહેલું છે. કે ૩૪–૮માં પણ સ્પષ્ટ કહેલું છે કે કોઇપણ સભ્યો સામે અંગત આક્ષેપો મૂકવા નહીં એટલે વિધાનસભાના નિયમોના નિયમ ૩૪ના ૭, ૮ અને ૯માં અને વિધાનસભાના નિયમો ૩૭માં બહુ સ્પષ્ટ રીતે આ વાત કરેલી છે. માનનીય મંત્રીશ્રી વારંવાર વિરોધપક્ષને નિશાન બનાવી અને દરેક બાબતોમાં આઉટ ઓફ વે જઇને ટ્રેઝરી બેન્ચના સીનીયર મંત્રી તરીકે જયારે આવી બધી વાત કરે છે ત્યારે આ પદ તટસ્થ પદ છે. આપે બંન્ને બાજુમાંથી કોઇપણ સભ્ય આવી રીતે કરે તો એમને રોકવાની આપની ફરજ છે. અને હું આપની ફરજને દોહરાવુ છું કે અગાઉના અધ્યક્ષશ્રીના નિર્ણયો અનુસાર જે વ્યકિત આ ઉલંઘન કરે એને તે જ સમયે આપણે રોકવા જોઇએ અને રેકોર્ડ મંગાવીને બીજા દિવસે જોવાના બદલે તરત જોઇને એના ઉપર નિર્ણય લેવો જોઇએ એવી હું આપને વિનંતી કરુ છું.

શ્રી વજુભાઇ રૂ. વાળા : માનનીય અધ્યક્ષશ્રી, ઈકબાલભાઇએ કહ્યું કે તરત જ આપણે નિર્ણય જોવો જોઇએ, આપને રેકોર્ડ જોવાનો હક અને અધિકાર છે. રેકોર્ડ જોયા પછી આપને એમ લાગે કે આ અપમાનજનક શબ્દો હતા તો આપ જે કાંઇ હુકમ કરશો એ માનવા નીતિનભાઇ તૈયાર છે એવું નીતિનભાઇએ કહ્યું છે. અને આપના હુકમનો અનાદર કરે તો પછી આપ પણ સ્વતંત્ર છો, ગમે તે કાર્યવાહી કરી શકો છો. આપ રેકોર્ડ જોઇને નિર્ણય કરજો કે ખરેખર સી.કે. રાઉલજી માટે થઇને, નટવરસિંહજી માટે થઇને કે ત્રણેયમાંથી કોઇના માટે કંઇ કીધું હોય, ત્રણેયમાંથી કોઇ એક માટે થઇને ફલિત થતું હોય તો આપ જે રેકોર્ડ જોઇને નિર્ણય કરશો એ નિર્ણય માન્ય છે એવું નીતિનભાઇએ પણ કબૂલ કર્યુ છે. એટલે આપ રેકોર્ડ જોઇને જે નિર્ણય આપશો એ બધાને માન્ય છે અને રેકોર્ડ જોઇને નિર્ણય આપવાની પ્રથા હાઉસમાં છે જ અને જોઇને જે પ્રમાણે સાહેબ કહેશે એ માનવા માટે તૈયાર છીએ.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મારે આ ગૃહને સ્પષ્ટતા કરવી છે કે છેલ્લા બે વખતથી જે સત્ર ચાલી રહયું છે એમાં અમને વિરોધ પક્ષના સભ્ય તરીકેના, અમારા વિરોધ પક્ષના નેતા જે ભૂતકાળમાં થયેલી કાર્યવાહીને હું ફરીથી રીપીટ નથી કરતો પણ આ સીનીયર મંત્રી વારંવાર આ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યા પછી પણ તમને જોઇ લઇશું એવી બેઠા બેઠા ધમકી આપતા હોય તો એ બરાબર નથી. મારે આ ગૃહને સ્પષ્ટતા કરવી છે, અંતરાય ..કે આજે ૧૨ વર્ષ પહેલા ૨૦૦૨ની અંદર, મારે આ સરકાર કિન્નાખોરીવાળી છે એમ નથી કહેવું પણ અમારા કોંગ્રેસના સિનિયર માણસોને કેવી રીતે, કાયદાકીય રીતે, ખોટી રીતે ફસાવવા, ખોટી રીતે હેરાન કરવા .. સતત અંતરાય ..

અધ્યક્ષશ્રી : આજના પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર જ વાત કરો.. પ્લીઝ ..

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, એનો હું દાખલો આપુ છું. મારે સ્પષ્ટતા કરવી છે.

અધ્યક્ષશ્રી : સી.કે. રાઉલજીભાઇ, સિદ્ધાર્થભાઇનો પોઇન્ટ ઓફ ઓર્ડર અલગ છે.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, મારે સ્પષ્ટતા એટલા માટે કરવી છે, વજુભાઇ બેસો, વજુભાઇ બેસો પ્લીઝ..

અધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર જ બોલો પ્લીઝ ..

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, મને બોલવાનો અધિકાર છે. મારી ઉપર આક્ષેપ થયો છે. તો સન્માનનીય ગૃહને મારે જણાવવું છે.

અધ્યક્ષશ્રી : નહીં પ્લીઝ .. ..સી.કે રાઉલજીભાઇ પ્લીઝ ..

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, મારે ગૃહને જણાવવું છે કે મારી સામે આવક કરતાં વધારે સંપત્તિના બેઝ ઉપર ઇરાદાપૂર્વક લોકાયુકતની અંદર કેસ માંડયો હતો

અધ્યક્ષશ્રી : આ આજનો મુદ્દો નથી.

શ્રી સી. કે. રાઉલજી : અને મારી વાત સાંભળો માનનીય અધ્યક્ષશ્રી, મારે સ્પષ્ટતા કરવી છે અને લોકાયુકતે કંઇ પણ આ બાબતમાં તથ્ય નથી એવું મને જજમેન્ટ આપ્યું છે, તમારી તાકાત હોય તો તમે લોકાયુકત મૂકો અને ફરીથી મારી તપાસ કરાવડાવો.

અધ્યક્ષશ્રી : નહીં નહીં સી.કે. રાઉલજીભાઇ પ્લીઝ ..

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહને મારી ચેલેન્જ છે અને સાહેબ ત્યાર પછી એમનાથી સંતોષ ના થયો તો એ.સી.બી.ની અંદર મારા તમામ લોકર સીલ કર્યા

અધ્યક્ષશ્રી : નહીં પણ આપ એની ચર્ચા ના કરો પ્લીઝ ..

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, મારા તમામ ડેટા મંગાવ્યા આ હેરાનગતિની હદ છે અને ગૃહમાં બેઠેલા સીનીયર મંત્રી જો આ રીતે બોલતા હોય તો અમારા માટે સવાલ નથી. માનનીય અધ્યક્ષશ્રી, મને ન્યાય મળવો જોઇએ.

અધ્યક્ષશ્રી : આપ સિદ્ધાર્થભાઇના પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર ચર્ચા કરો પ્લીઝ ..

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, મને ન્યાય મળવો જોઇએ. આ મારો પોઇન્ટ ઓફ ઓર્ડર જે છે એ આ છે.

અધ્યક્ષશ્રી : માનનીય સી.કે. રાઉલજીભાઇએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભો કર્યો એમાં એ જ વખતે મેં નીતિનભાઇની વાતો પણ ખૂબ ધ્યાનથી સાંભળી હતી અને ત્યારે પણ મેં વાત કરી હતી અને છતાં તમામ સભ્યશ્રીઓ મારી ચેમ્બરમાં આવીને એમની રજૂઆત હતી કે રેકોર્ડ જોઇને આપ નિર્ણય આપજો એટલે મેં રેકોર્ડ પણ મંગાવ્યું છે અને આ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર સિદ્ધાર્થભાઇએ પણ ચર્ચામાં ઉમેરો કરીને આ ગૃહને ઘણી બધી બાબતોથી વાકેફ કર્યા છે. અને માનનીય મંત્રીશ્રી દિલીપભાઇ, ઇકબાલભાઇ, એમણે પણ ચર્ચા કરી છે અને જેમના ઉપર આક્ષેપ થયો છે એવા મંત્રીશ્રી નીતિનભાઇએ પણ કહ્યું છે કે રેકર્ડ જોઇને અધ્યક્ષ તરફથી જે કાંઇ પણ નિર્ણય કરવામાં આવશે એ એમને શિરોમાન્ય રહેશે ત્યારે આ ગૃહ ચલાવવામાં વિપક્ષના સભ્યો હોય કે શાસક પક્ષના સભ્યો કે મંત્રીશ્રીઓ હોય, અધ્યક્ષને ગૃહ ચલાવવા માટે ઘણા બધા નિયમોથી એ બંધનકર્તા છે. આપ એ નિયમોનું પાલન કરશો નહીં તો આપણે વિધાનસભાને ક્યાં લઇ જવા માટે પ્રયત્ન કરીએ છીએ એ બન્ને પક્ષના સભ્યશ્રીઓને વિચારવું જોઇએ. એટલે આ જે કાંઇ મુદ્દા ઉપસ્થિત થયા છે એમાં હું રેકર્ડ જોઇને નિર્ણય કરીશ. અત્યારે હું મારું રૂલિંગ મુલતવી રાખું છું. નેક્સટ..

## અંદાજ પત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) (ક્રમશઃ)

**શ્રી નીતિનભાઇ ર. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટની અંદર (અંતરાય) પછી નીતિનભાઇનું નામ દેશો, સિનિયર મંત્રી છે એમ કહેશો. (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** હું સંપૂર્ણ રેકર્ડ જોઇને ફરી નિર્ણય કરીશ એ વાત કરી છે અને માનનીય મંત્રીશ્રીએ એનો સ્વીકાર કર્યો છે. પ્લીઝ, આ રીતે આપ ગૃહ ચલાવવામાં સહયોગ ન કરો તે યોગ્ય નથી. મંત્રીશ્રીએ સ્વીકાર કર્યો છે કે જે કાંઇ નિર્ણય આવશે એ એમને માન્ય છે. (અંતરાય) આપ બેસી જાઓ, પ્લીઝ. હું નિર્ણય આપું પછી જે કાંઇ કરવાનું છે એ કરશે. એમણે ગૃહ જે કાંઇ નિર્ણય કરે એ સ્વીકાર કરવાનું કહ્યું છે. પ્લીઝ, આ રીતે આપણે માગણી કરીએ એ યોગ્ય નથી. (અંતરાય) ઇકબાલભાઇ, આપના સભ્યોને બેસવા માટે કહો. ના....ના...(અંતરાય) જ્યારે રૂલિંગ આપવાની વાત થઇ છે અને એમણે સ્વીકાર કર્યો છે કે જે રૂલિંગ મળશે એ એમણે સ્વીકાર્યું છે. પ્લીઝ (અંતરાય) સિદ્ધાર્થભાઇ,આપે જેટલા મુદ્દા રેકર્ડ ઉપર મૂક્યા છે એ તમામ મુદ્દાઓનો અભ્યાસ કરીને એનું રૂલિંગ આપવામાં આવશે. ગૃહ ચલાવવામાં આપ સૌએ મદદ કરવી જોઇએ, પ્લીઝ. (વિપક્ષના સભ્યશ્રીઓ દ્વારા નીતિનભાઇ માફી માગેના સતત સૂત્રોચ્ચાર) પ્લીઝ, આપ બેસી જાઓ. ગૃહના સમયનું મહત્વ સમજીએ. સમગ્ર રેકર્ડ જોઇને એનું રૂલિંગ આપવામાં આવશે. વિપક્ષના સભ્યશ્રીઓનું આ રીતનું વર્તન યોગ્ય નથી. (શાસક પક્ષના સભ્યશ્રીઓ દ્વારા કોંગ્રેસ પક્ષ માફી માગેનો સૂત્રોચ્ચાર) ઇકબાલભાઇ, આપના સભ્યોને બેસાડો પ્લીઝ. (અંતરાય) રૂલિંગ તો આપવું પડે ને ભાઇ? રૂલિંગ આપતા પહેલા....રૂલિંગ આપવું પડે. ઇકબાલભાઇ, આપ બેસી જાઓ, પ્લીઝ. રૂલિંગ આપ્યા પહેલા? (અંતરાય) ચાર સભ્યો નહીં દસ સભ્યોના જવાબ મળશે. જેટલા પણ પ્રશ્નોની ચર્ચા થઇ છે એ બધાના જવાબ મળશે. (અંતરાય) આજના દિવસના ગૃહની કાર્યવાહી મોકૂફ રાખવામાં આવે છે. (સાંજના ૪-૩૯)

**સભાગૃહનું કામકાજ સાંજના ૪-૩૯ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તા. ૧૩મી માર્ચ, ૨૦૧૨ ના રોજ સવારના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| અનિલકુમાર અ. માળી | દિયોદર તાલુકાને પીવા માટે નર્મદાનું પાણી પુરૂ પાડવાની યોજના | ૪૪૮ |
| | બનાસકાંઠા જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસ માટેની કામગીરી | ૫૦૩ |
| | બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળામાં કંમ્પાઉન્ડ વોલ | ૩૪૭ |
| | બનાસકાંઠા જિલ્લામાં યોજાયેલ ખેડૂત શિબિર | ૨૬૦ |
| | બનાસકાંઠા જિલ્લામાં વેટરનરી પોલીકલીનીક | ૩૦૮ |
| | બનાસકાંઠા જિલ્લામાં સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ જાહેર કરવા બાબત | ૧૭૭ |
| | બનાસકાંઠા જિલ્લામાં સ્વચ્છ ગામ-સ્વસ્થ ગામની જાહેરાત | ૪૫ |
| | બનાસકાંઠા જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજનામાં રોપાનુ વાવેતર | ૧૧૪ |
| અનિલકુમાર ત્રિ. પટેલ | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૩૬૦ |
| | અન્ય રાજ્યોમાં ગુજરાતી સમાજના ભવનનું નિર્માણ | ૫૧૫ |
| | તહેવારોમાં ગરીબ કુટુંબોને સસ્તા દરે તહેવારોમાં પામોલીન તેલ વિતરણ | ૬૪ |
| | મહેસાણા જિલ્લામાં આંગણવાડી કાર્યકરની જગ્યા | ૨૪૫ |
| | મહેસાણા જિલ્લામાં પ્રા. શાળામાં કંમ્પાઉન્ડ વોલ | ૨૯૬ |
| | મહેસાણા જિલ્લામાં પ્રા. શાળામાં વીજળીની સગવડ | ૩૩૧ |
| | રાજ્યના સાગરખેડૂ જિલ્લાઓની ગ્રામ પંચાયતોની સ્પર્ધા | ૧૪૧ |
| | રાજયમાં મેટ્રો રેલ | ૪૨૦ |
| | રાજ્યમાં યોજાયેલ રણોત્સવ સ્થળ | ૪૬૬ |
| અનિલભાઇ જોષીયારા | | |
| | આદિજાતિઓના વિકાસ માટે ડી-સેગ દ્વારા એન.જી.ઓ.એ કરેલ કામ | ૩૧ |
| | ગુજરાત (પૂરક) વિનિયોગ વિધયેક, ૨૦૧૨ | ૫૫૦ |
| | ભિલોડા તાલુકાના ઝુંમસર ગામ પાસે અતિભારે વરસાદથી નુકશાન | ૨૩૩ |
| | ભિલોડા તાલુકામાં કોટેજ હોસ્પિટલનું મંજૂર મહેકમ | ૫૨૮ |
| | ભિલોડા તાલુકામાં પ્લાન અને નોન પ્લાન રસ્તાઓ | ૨૮૫ |
| | વનબંધુ યોજનામાં આદિજાતિ વિકાસ વિભાગે કરેલ ગ્રાન્ટની ફાળવણી | ૯૪ |
| | સાબરકાંઠા જિલ્લામાં બનાવેલ ચેકડેમો | ૪૭૮ |
| | સાબરકાંઠા જિલ્લામાં સિંચાઈ માટે યોજનાઓ બનાવવા બાબત | ૪૩૩ |
| અભેસિંહ મો. તડવી | વડોદરા જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ | ૬૯ |
| | વડોદરા જિલ્લામાં ખાસ અંગભૂત યોજનામાં રસ્તા | ૩૩૭ |
| | વડોદરા જિલ્લામાં ગરીબ કુટુંબોને તહેવારોમાં સસ્તા દરે પામોલીન તેલનું વિતરણ | ૧૫૭ |
| | વડોદરા જિલ્લામાં તાલુકા સેવા સદનને મંજૂરી | ૨૫૫ |
| | વડોદરા જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે મંજૂર થયેલ રકમ | ૪૯૪ |
| | વડોદરા જિલ્લામાં વેટરનરી પોલિક્લીનીક | ૩૦૩ |
| | વડોદરા જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે મંજૂર કરેલ રકમ | ૫૩૮ |
| અમરસિંહ રા. વસાવા | આદિજાતિ વિસ્તાર પેટા યોજનાની નાણાંકીય જોગવાઈ | ૮૪ |
| | ગુજરાત (પૂરક) વિનિયોગ વિધયેક, ૨૦૧૨ | ૫૫૦ |
| | નર્મદા અને ભરૂચ જિલ્લાના ગામોને પીવાનું પાણી પુરૂં પાડવા બાબત | ૪૮૧ |
| | નર્મદા અને ભરૂચ જિલ્લામાં ખેતી માટે પિયતનું પાણી આપવા બાબત | ૪૩૫ |
| | નર્મદા અને ભરૂચ તાલુકામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં મંજૂર થયેલ મહેકમ | ૫૩૦ |
| | નર્મદા જિલ્લાના જામની ખાંભી-જામની રોડને જોબ નંબર આપવા | ૨૯૮ |
| | નર્મદા જિલ્લાના પાંચપીપરી – ખેરપાડા – નવાગામ રોડને સત્વરે જોબ નંબર આપવા બાબત | ૨૫૦ |
| | નર્મદા જિલ્લાના રાજપીપળા મેઈન રોડથી કાબરીપઠાર રોડને જોબ નંબર | ૩૩૪ |
| | બિનસરકારી સંકલ્પો | ૩૭૦ |

| | વિષય | પાના નંબર |
| --- | --- | --- |
| | આયોજન પંચની માર્ગદર્શિકા મુજબ વનબંધુ કલ્યાણ યોજનામાં રકમની જોગવાઈ | ૧૬ |
| અમિતકુમાર અ. ચાવડા | આણંદ જિલ્લાની એ.પી.એમ.સી. ને સહાય | ૨૯૪ |
| | આણંદ જિલ્લામાં કાર્યરત બ્લોક હેલ્થ ઓફિસ | ૫૦૨ |
| | આણંદ જિલ્લામાં જિલ્લા મથકે સીવીલ હોસ્પિટલ બનાવવાનું આયોજન | ૪૪૮ |
| | આણંદ જિલ્લામાં તાલુકાદીઠ સાયન્સ કોલેજ | ૩૩૦ |
| | આણંદ જિલ્લામાં નીલગાય, વાનર અને ભૂંડથી ખેતીના પાકને નુકશાન | ૧૭૩ |
| | આણંદ જિલ્લામાં બી.પી.એલ. યાદી | ૧૦૪ |
| | આણંદ જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય રોજગારી બાંહેધરી યોજનામાં રોજગારી | ૩૫ |
| | આણંદ જિલ્લામાં સિંચાઈથી વંચિત ગામોમાં નહેર બનાવવા બાબત | ૫૪૭ |
| | બોરસદ તાલુકાની મામલતદાર કચેરીનું મકાન બનાવવા બાબત | ૨૪૪ |
| અર્જુનભાઇ દે. મોઢવાડીયા | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પ્રથમ દિવસ) | ૧૮૫ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પ્રથમ દિવસ) | ૧૯૧ |
| | જામનગર અને જૂનાગઢ જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજનામાં ગેરરીતીની ફરિયાદો | ૧૭૫ |
| | પોઇન્ટ ઓફ ઓર્ડર | ૧૯૧ |
| | પોરબંદર અને કચ્છ જિલ્લામાં મહાત્માગાંધી રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજનામા ગેરરીતીની ફરિયાદો | ૪૩ |
| | પોરબંદર અને જૂનાગઢ જિલ્લામાં પીવાના પાણીના સમસ્યા | ૪૯૭ |
| | પોરબંદર શહેરને જવાહરલાલ નેહરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન યોજનાના કામો | ૪૪૩ |
| | રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ | ૨૯૦ |
| | સુપ્રિમ કોર્ટમાં મેટર પેન્ડીંગ હોવાથી ઉલ્લેખ ન કરવા અંગે | ૧૯૦ |
| | સર્વ શિક્ષા અભિયાન હેઠળ કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ | ૨૩૯ |
| | સાબરકાંઠા, દાહોદ અને પંચમહાલ જિલ્લામાં રાઈટ ટુ ફોરેસ્ટ એક્ટ નીચે જમીનની સનદ માટેની અરજીઓ | ૧૧૧ |
| અરવિંદસિંહ દા. રાઠોડ | દાહોદ અને પંચમહાલ જિલ્લામાં પશુપાલન શિબિર | ૨૯૭ |
| | પંચમહાલ જિલ્લામાં ઈન્દિરા આવાસોની મંજૂરી | ૫૯ |
| | પંચમહાલ જિલ્લામાં કૃષિ મહોત્સવમાં કૃષિ કીટ્સ વિતરણ | ૨૪૮ |
| | પંચમહાલ જિલ્લામાં ગોમા નદી પર બનાવેલ મોટા ચેકડેમો | ૪૭૩ |
| | પંચમહાલ જિલ્લામાં પંચાયત ઘરની મંજૂરી | ૧૨૫ |
| | પંચમહાલ જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસ માટેની કામગીરી | ૫૨૪ |
| | પંચમહાલ જિલ્લામાં પ્રા. શાળામાં કંમ્પાઉન્ડ વોલ | ૩૩૩ |
| | પંચમહાલ જિલ્લામાં મંજૂર કરેલ હેન્ડપંપ | ૪૩૦ |
| | પંચમહાલ જિલ્લામાં સખી મંડળોની રચના | ૧૭૯ |
| અશ્વિનકુમાર કોટવાલ | અમદાવાદ જિલ્લામાં સુજલામ સુફલામ કેનાલના પાઈપલાઈનના કામોમાં ગેરરીતિ | ૪૪૧ |
| | અમદાવાદની બી. જે. મેડિકલ કોલેજમાં પ્રિન્સીપાલ, પ્રોફેસર અને લેકચરરની મંજૂર જગ્યાઓ અંગે | ૪૯૫ |
| | કચ્છ, સુરત અને જૂનાગઢ જિલ્લામાં જંગલની જમીન ઔદ્યોગિક ગૃહોને આપવા | ૫૫ |
| | જૂનાગઢના મોટા દાતારની જગ્યા પર જવા માટેનો રસ્તો વન વિભાગ દ્વારા બંધ કરવા બાબત | ૧૨૪ |
| | રાજ્યમાં જીલ્લા શિક્ષણાધિકારીની ખાલી જગાઓ | ૨૫૨ |
| આત્મારામ મ. પરમાર | અંદાજ પત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૫૫૭ |
| | ભાવનગર જિલ્લા જેલનું આધુનિકરણ | ૨૭૯ |
| | ભાવનગર જિલ્લા જેલમાં માનસ સુધારણા પ્રવૃત્તિ | ૨૩૦ |
| | ભાવનગર જિલ્લામાં ૧૩મા નાણાપંચ હેઠળ રસ્તા | ૩૨૨ |
| | ભાવનગર જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસ માટેની કામગીરી | ૪૩૬ |
| | ભાવનગર જિલ્લામાં મોડેલ ફેર પ્રાઈસ શોપ | ૪૬ |
| | ભાવનગર જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓની તપાસણી | ૪૮૭ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| | ભાવનગર જિલ્લામાં હીમોફીલીયાના દર્દીઓની સારવાર | ૫૩૩ |
| આનંદીબેન મ. પટેલ | વિશ્વ મહિલા દિન નિમિત્તે મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રીનો પ્રસ્તાવ | ૩૫૭ |
| આર. સી. પટેલ | જલાલપોર તાલુકાના દાંતીમાં દરિયાઈ મોજાથી જમીનનું ધોવાણ | ૫૨૯ |
| | આલવા સાયન માર્ગ પર પુલના કામ બાબત | ૨૭૧ |
| | જલાલપોર તાલુકામાં સેક્ટર રીફોર્મ કાર્યક્રમ હેઠળ મંજૂર કરેલ યોજનાઓ | ૪૩૪ |
| | તહેવારોમાં ગરીબ કુટુંબોને પામોલીન તેલ આપવા માટે કરેલ બફર સ્ટોક | ૧૦૫ |
| | નવસારી જિલ્લામાં આંગણવાડી કાર્યકરની જગ્યા | ૩૧૬ |
| | નવસારી જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં અનુસૂચિત જનજાતિના લોકોને એલ.પી.જી. ગેસ કનેકશન | ૩૬ |
| | નવસારી જિલ્લામાં શૈક્ષણિક હેતુ માટે જમીન | ૩૫૨ |
| | નવસારી જિલ્લામાં સીકલસેલ એનીમીયાના દર્દીઓની સારવાર | ૪૭૯ |
| ઇકબાલ પટેલ | અંદાજ પત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૫૫૪ |
| | અંદાજ પત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૫૬૪ |
| | ભરૂચ જિલ્લા પંચાયતો / તાલુકા પંચાયતમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ | ૧૨૪ |
| | ભરૂચ જિલ્લામાં એ.પી.એલ., બી.પી.એલ. અને અંત્યોદય કાર્ડધારકો | ૧૭૮ |
| | ભરૂચ જિલ્લામાં મફત ઘરથાળના પ્લોટ માટેની અરજી | ૫૮ |
| ઇશ્વરભાઇ ન. વહીઆ | અમદાવાદની બી.જે. મેડીકલ કોલેજમાં પ્રિન્સીપાલ, પ્રોફેસર અને લેકચરરની મંજૂર જગ્યાઓ | ૪૭૬ |
| | કચ્છ, સુરત અને જૂનાગઢ જિલ્લામાં જંગલની જમીન ઔદ્યોગિક ગૃહોને આપવા | ૭૯ |
| | જૂનાગઢના મોટા દાતારની જગ્યા પર જવા માટેનો રસ્તો વન વિભાગ દ્વારા બંધ કરવા બાબત | ૩ |
| | રાજ્યમાં જીલ્લા શિક્ષણાધિકારીની ખાલી જગાઓ | ૨૬૩ |
| ઇશ્વરસિંહ ઠા. પટેલ | અમદાવાદ જિલ્લામાં સુજલામ સુફલામ કેનાલના પાઈપલાઈનના કામોમાં ગેરરીતી | ૪૩૧ |
| ઉદેસિંહ પું. ઝાલા | સાબરકાંઠા જિલ્લામાં આદિવાસી વિસ્તારમાં ભુગર્ભજળના રીચાર્જીંગ કામો | ૩૯૫ |
| | સાબરકાંઠા જિલ્લામાં ખાસ અંગભૂત યોજનામાં રસ્તા | ૩૪૯ |
| | સાબરકાંઠા જિલ્લામાં ગ્રામ પંચાયતોની સ્પર્ધાઓ | ૧૭૨ |
| | સાબરકાંઠા જિલ્લામાં જાહેર થયેલ સ્વર્ણિમ ગામો | ૩૧ |
| | સાબરકાંઠા જિલ્લામાં પશુ સારવાર કેમ્પ | ૩૧૨ |
| | સાબરકાંઠા જિલ્લામાં મંજૂર થયેલ ચેકડેમો | ૪૫૨ |
| | સાબરકાંઠા જિલ્લામાં વેટરનરી પોલીકલીનીક | ૨૬૫ |
| | સાબરકાંઠા જિલ્લામાં સરદાર આવાસ માટે અરજીઓ | ૯૪ |
| | સાબરકાંઠા જિલ્લામાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના મોડલ નગરપાલિકા ઘટક કાર્યક્રમના વિકાસના કામો | ૫૦૬ |
| ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ | ભરૂચ જિલ્લામાં મફત પ્લોટ લાભાર્થીઓ માટે જમીન નીમ કરવા બાબત | ૨૯૫ |
| | વડોદરા જિલ્લાની પ્રા. શાળામાં કંમ્પાઉન્ડ વોલ | ૩૩૦ |
| | વડોદરા જિલ્લામાં એકલવ્ય શાળા માટે જમીન | ૨૪૪ |
| | વડોદરા જિલ્લામાં ગ્રામ પંચાયતોમાં ઇ-ગ્રામ વિશ્વગ્રામ કેન્દ્રો દ્વારા વીજળી બિલ | ૯૦ |
| | વડોદરા જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં પડતર કેસો | ૨૧ |
| | વડોદરા જિલ્લામાં ગરીબોને તહેવારોમાં સસ્તા દરે પામોલીન તેલ વિતરણ | ૧૬૮ |
| | વડોદરા જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે મંજૂર થયેલ રકમ | ૪૧૩ |
| | વડોદરા જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે મંજૂર કરેલ રકમ | ૫૧૪ |
| | વડોદરાની ગોત્રીની સિવિલ હોસ્પીટલનું નવીનીકરણ | ૪૬૩ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| ઋષિકેશ ગ. પટેલ | | |
| | મહેસાણા જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજનામાં રોપાનું વાવેતર | ૫ |
| | મહેસાણા જિલ્લામાં ખેડૂતોને ટ્રેક્ટર સહાય | ૨૫૨ |
| | મહેસાણા જિલ્લામાં નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના | ૪૮૬ |
| | મહેસાણા જિલ્લામાં પ્રા. શાળામાં કંમ્પાઉન્ડ વોલ | ૩૩૫ |
| | મહેસાણા જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે મંજૂર થયેલ રકમ | ૫૩૨ |
| | મહેસાણા જિલ્લામાં પશુ આરોગ્ય કેમ્પ | ૨૯૯ |
| | મહેસાણા જિલ્લામાં વાજબી ભાવની અનાજની દુકાનો ખોલવા માટેની અરજીઓ | ૮૨ |
| | મહેસાણા જિલ્લામાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના મોડલ નગરપાલિકા ઘટક કાર્યક્રમના વિકાસના કામો | ૪૩૬ |
| કનુભાઇ ભુ. ડાભી | કપડવંજ અને કઠલાલ તાલુકામાં જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ પાણી પુરૂ પાડવાનું આયોજન | ૪૭૮ |
| | ખેડા જિલ્લામાં ખાસ અંગભૂત યોજનામાં રસ્તા | ૩૨૨ |
| | ખેડા જિલ્લામાં ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ ઈ-કનેકટીવીટીથી જોડાણ | ૧૪૪ |
| | ખેડા જિલ્લામાં મીની પાણી પુરવઠા યોજનાઓની મંજૂરી | ૪૩૨ |
| | ખેડા જિલ્લામાં સ્વચ્છ ગામ-સ્વસ્થ ગામની જાહેરાત | ૬૭ |
| | નડિયાદ જિલ્લા જેલમાં કેદીઓના સ્વાસ્થ્ય સુવિધા | ૨૩૦ |
| | નડીયાદ જિલ્લા જેલના કેદીઓને શિક્ષણ | ૨૭૯ |
| | મહેમદાવાદ તાલુકાની શેઢી શાખાની ટેઈલ વિશાખાની રામપુરા માઈનોરની કામગીરીને મંજૂરી | ૫૨૮ |
| કમાભાઇ ગ. રાઠોડ | અમદાવાદ જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાના લાભાર્થીઓ | ૪૬૧ |
| | અમદાવાદ જિલ્લામાં ખેડુતોને રોટાવેટર સહાય | ૨૩૨ |
| | અમદાવાદ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે | ૫૦૯ |
| | અમદાવાદ જિલ્લામાં પ્રાથમિક શાળામાં વીજળીની સગવડ | ૩૨૫ |
| | અમદાવાદ જિલ્લામાં પશુ દવાખાના | ૨૮૨ |
| | અમદાવાદ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં જોબકાર્ડ આપવા બાબત | ૧૪૩ |
| | અમદાવાદ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજનામાં રોપાનું વાવેતર | ૬૬ |
| | સાણંદ તાલુકામાં સ્વજલધારા કાર્યક્રમ હેઠળ મંજૂર કરેલ યોજનાઓ | ૪૧૦ |
| કરશનભાઇ દુ. ઓડેદરા | જૂનાગઢ જિલ્લામાં કોર્ટ/રહેણાંકના મકાનોના કામો | ૨૫૧ |
| | જુનાગઢ જિલ્લામાં નેટહાઉસ સ્થાપવા સહાય | ૨૯૯ |
| | પોરબંદર જિલ્લામાં કાર્યરત ૧૦૮ એમ્બ્યુલન્સ વાન | ૪૭૨ |
| | પોરબંદર જિલ્લામાં પ્રવાસન વિકાસના પસંદ કરેલ સ્થળો | ૫૨૨ |
| | પોરબંદર જિલ્લામાં પ્રા. શાળામાં કંમ્પાઉન્ડ વોલ | ૩૩૫ |
| | પોરબંદર જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ બાળકોની સારવાર | ૪૨૭ |
| કલ્યાણસિંહ દે. ચૌહાણ | ગાંધીનગર જિલ્લામાં કૃષિ મહોત્સવમાં કૃષિ કીટ્સ વિતરણ | ૨૫૪ |
| | ગાંધીનગર જિલ્લામાં પ્રા.શાળામાં કમ્પાઉન્ડ વોલ | ૩૦૨ |
| | ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક શાળામાં વીજળીની સગવડ | ૩૩૬ |
| | ગાંધીનગર જિલ્લામાં રુરબન યોજનામાં ગટર યોજનાને મંજૂરી | ૬૩ |
| | ગાંધીનગર મોડેલ આયુર્વેદિક કોલેજની સ્થાપના | ૫૩૮ |
| | દહેગામ તાલુકાના ગામોને પીવા માટે નર્મદાનું પાણી પુરૂ પાડવાની યોજના | ૪૩૯ |
| | વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટમાં આરોગ્ય ક્ષેત્રે થયેલ એમ.ઓ.યુ. | ૪૯૩ |
| કુંવરજીભાઇ ન. હળપતિ | જૂનાગઢના મોટા દાતારની જગ્યા પર જવા માટેનો રસ્તો વન વિભાગ દ્વારા બંધ કરવા બાબત | ૭૯ |
| | માંડવી અને સોનગઢ તાલુકામાં કામ કરતા એન.જી.ઓ. | ૧૬૧ |
| | માંડવી અને સોનગઢ તાલુકામાં ટ્રાયબલ સબ પ્લાન દ્વારા ખેડૂતોને બિયારણ કીટ | ૧૮૪ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| | માંડવી તાલુકાના ખરોલી ગામે વરેહ નદી પર કોઝવે બનાવવાની કાર્યવાહી | ૪૭૧ |
| | રાજ્યમાં જીલ્લા શિક્ષણાધિકારીની ખાલી જગાઓ | ૨૬૧ |
| | વડોદરાની સરકારી મેડિકલ કોલેજમાં પ્રિન્સીપાલ, પ્રોફેસર અને લેકચરરની મંજૂર જગ્યાઓ બાબત | ૪૨૫ |
| | સુરત અને તાપી જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોની ખાલી જગ્યાઓ | ૩૦૯ |
| | સુરત જિલ્લાના ગામોને પિયતનું પાણી આપવા બાબત | ૫૨૦ |
| કેશુભાઇ હી. નાકરાણી | ગારીયાધાર તાલુકાને સિંચાઈનો લાભ | ૪૪૬ |
| | ભાવનગર જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓની તપાસણી | ૫૪૨ |
| | ભાવનગર જિલ્લામાં પ્રા.શાળામાં બહેનો માટે અલગ શૌચાલય | ૨૮૮ |
| | ભાવનગર જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે મંજૂર થયેલ રકમ | ૪૯૭ |
| | ભાવનગર જિલ્લામાં પશુ સારવાર કેમ્પ | ૨૩૬ |
| કાંતિભાઇ રા. પટેલ | મહેસાણા જિલ્લામાં પશુ આરોગ્ય કેમ્પ | ૨૨૮ |
| | મહેસાણા જિલ્લામાં આંગણવાડી કાર્યકરની જગ્યા | ૨૮૧ |
| | મહેસાણા જિલ્લામાં ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ ઇ-કનેકટીવીટીથી જોડાણ | ૧૭૪ |
| | મહેસાણા જિલ્લામાં તલાટી-કમ-મંત્રીની ખાલી જગ્યાઓ | ૩૮ |
| | મહેસાણા જિલ્લામાં નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના | ૪૯૫ |
| | મહેસાણા જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે મંજૂર થયેલ રકમ | ૫૪૧ |
| | મહેસાણા જિલ્લામાં પ્રાથમિક શાળામાં વીજળીની સગવડ | ૩૨૪ |
| | મહેસાણા જિલ્લામાં વાજબી ભાવની અનાજની દુકાનો ખોલવા માટેની અરજીઓ | ૧૦૭ |
| | મહેસાણા જિલ્લામાં સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના મોડલ નગરપાલિકા ઘટક કાર્યક્રમના વિકાસના કામો | ૪૪૨ |
| કાંતિલાલ રા. લકુમ | અમદાવાદ જિલ્લામાં યોજાયેલ ખેડૂત શિબિર | ૨૬૧ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પ્રથમ દિવસ) | ૧૯૬ |
| | અમદાવાદ જિલ્લામાં ખાસ અંગભૂત યોજનામાં રસ્તા | ૩૧૦ |
| | અમદાવાદ જિલ્લામાં પ્રાથમિક શાળામાં વીજળીની સગવડ | ૩૪૭ |
| | અમદાવાદ જિલ્લામાં બારકોડેડ રેશનીંગ કાર્ડ | ૫૮ |
| | અમદાવાદ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ બાળકોની સારવાર | ૫૩૪ |
| | અમદાવાદ જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોને ઈન્ડિયન પબ્લીક હેલ્થ સ્ટાન્ડર્ડ કક્ષા હેઠળ આવરી લેવા બાબત | ૪૮૯ |
| | બાવળા નગરપાલિકામાં ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી | ૪૩૮ |
| કાંતિલાલ શી. અમૃતિયા | મોરબી તાલુકાના ગામોને નર્મદા પાઈપ લાઈન દ્વારા શુધ્ધ કરેલ પીવાનું પાણી આપવા બાબત | ૪૧૦ |
| | રાજકોટ જિલ્લાની પ્રાથમિક શાળામાં બહેનો માટે અલગ શૌચાલય | ૩૪૮ |
| | રાજકોટ જિલ્લામાં આંગણવાડી કાર્યકરની જગ્યા | ૩૧૧ |
| | રાજકોટ જિલ્લામાં ઉપલેટા નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના | ૪૬૧ |
| | રાજકોટ જિલ્લામાં ખાસ અંગભૂત યોજનામાં રસ્તા | ૨૬૩ |
| | રાજકોટ જિલ્લામાં જાહેર થયેલા સ્વર્ણિમ ગામો | ૩૬ |
| | રાજકોટ જિલ્લામાં પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારોને મોડેલ ફેરપ્રાઈસ શોપ તરીકે જાહેર કરવા બાબત | ૧૦૫ |
| કાનજીભાઇ રા. તળપદા | કચ્છ, સુરત અને જૂનાગઢ જિલ્લામાં જંગલની જમીન ઔદ્યોગિક ગૃહોને આપવા | ૯૭ |
| | જૂનાગઢના મોટા દાતારની જગ્યા પર જવા માટેનો રસ્તો વન વિભાગ દ્વારા બંધ કરવા બાબત | ૩૩ |
| | ભાવનગર સરકારી મેડીકલ કોલેજમાં પ્રિન્સીપાલ, પ્રોફેસર અને લેક્ચરરની મંજૂર જગ્યાઓ | ૫૦૦ |
| | મહેસાણા જિલ્લામાં સુજલામ સુફલામ કેનાલના પાઈપ લાઈનના કામોમાં ગેરરીતી | ૪૪૭ |
| | રાજયમાં જિલ્લા શિક્ષણાધિકારીની ખાલી જગ્યાઓ | ૨૩૨ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| કાળુભાઇ ચ. રાઠોડ | જૂનાગઢ જિલ્લામાં કાર્યરત ૧૦૮ એમ્બ્યુલન્સ વાન | ૫૧૬ |
| | જૂનાગઢ જિલ્લામાં પ્રવાસન વિકાસના સ્થળોનો સમાવેશ | ૪૬૬ |
| | જૂનાગઢ જિલ્લામાં પ્રા. શાળામાં કમ્પાઉન્ડ વોલ | ૩૦૭ |
| | જૂનાગઢ જિલ્લામાં પ્રાથમિક શાળામાં બહેનો માટે અલગ શૌચાલય | ૩૪૫ |
| | જૂનાગઢ જિલ્લામાં પશુ આરોગ્ય મેળા | ૨૫૮ |
| | જૂનાગઢ જિલ્લામાં મધુવંતી સિંચાઈ યોજનામાં પાકી નહેરો બનાવવાનું આયોજન | ૪૨૦ |
| | જૂનાગઢ જિલ્લામાં મહિલા જૂથોની રચના | ૪૯ |
| કાળુભાઇ વિ. વિરાણી | અમરેલી જિલ્લામાં ગ્રામ પંચાયતના વિભાજનની દરખાસ્તો | ૫૯ |
| | અમરેલી જિલ્લામાં પ્રવાસન વિકાસના પસંદ કરેલ સ્થળો | ૪૫૬ |
| | અમરેલી જિલ્લામાં પ્રાથમિક શાળામાં બહેનો માટે અલગ શૌચાલય | ૩૨૫ |
| | અમરેલી જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ બાળકોની સારવાર | ૪૦૪ |
| | અમરેલી જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો | ૧૭૯ |
| | અમરેલી જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજનામાં રોપાનું વાવેતર | ૧૨૫ |
| | જુનાગઢ જિલ્લામાં મહિલાઓને ફળ અને શાકભાજીની બનાવટોની તાલીમ | ૨૩૦ |
| | બિનસરકારી સંકલ્પો | ૩૮૧ |
| | ભાવનગર જિલ્લામાં ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ | ૨૮૧ |
| કિરણકુમાર લ. મકવાણા | કૃષિ સંશોધન કેન્દ્રને જમીન આપવા બાબત | ૩૦૪ |
| | ઝઘડીયા તાલુકામાં ધોલી મુકામે ડેમ બનાવવા બાબત | ૪૬૭ |
| | પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારોને અનાજ તથા કેરોસીનની ફાળવણી | ૨૦ |
| | ભરૂચ અને નર્મદા જિલ્લામાં નરેગા યોજનામાં થયેલ કામ અને રોજગારી | ૮૫ |
| | ભરૂચ અને નર્મદા જિલ્લામાં સરદાર પટેલ સહભાગી સિંચાઈ યોજના અંતર્ગત ચેકડેમો બાંધવા બાબત | ૪૨૧ |
| | ભરૂચ જિલ્લામાં ગૌચરની જમીન ઉપર દબાણ | ૧૬૭ |
| | ભરૂચ જિલ્લામાં વીલના આધારે બનેલ ખેડૂત તરીકેની એન્ટ્રી | ૨૫૫ |
| કિરીટભાઇ ગં. પટેલ | ઓલપાડ તાલુકાના મોર ભગવામાં દરિયાથી જમીનનું ધોવાણ | ૪૫૫ |
| | ભરૂચ જિલ્લામાં મત્સ્યોદ્યોગ માટે ભાડાપટ્ટે જમીન | ૩૩૫ |
| | સુરત જિલ્લામાં ૧૩મા નાણાપંચ હેઠળ રસ્તા | ૩૦૦ |
| | સુરત જિલ્લામાં ગ્રામ પંચાયતોની સ્પર્ધા | ૬૦ |
| | સુરત જિલ્લામાં ગરીબ કુટુંબોને સસ્તા દરે તહેવારોમાં પામોલીન તેલ વિતરણ | ૧૨૭ |
| | સુરત જિલ્લામાં ટોટલ સેનિટેશન કાર્યક્રમમાં શાળાઓમાં શૌચાલયો મંજૂર કરવા બાબત | ૧૮૦ |
| | સુરત જિલ્લામાં તાલુકાવાર મંજૂર કરેલ હેન્ડપંપો | ૪૦૩ |
| | સુરત જિલ્લામાં પશુ આરોગ્ય કેમ્પ | ૨૫૨ |
| | સુરતજિલ્લામાં ઈ-મમતા કાર્યક્રમ હેઠળ સગર્ભા માતાઓની નોંધણી | ૫૦૭ |
| કિશોર વાંકાવાલા | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પ્રથમ દિવસ) | ૨૦૧ |
| | નર્મદા જિલ્લામાં આંગણવાડી કાર્યકરની જગ્યા | ૩૧૬ |
| | નવસારી જિલ્લાની પ્રા.શાળામાં કંમ્પાઉન્ડ વોલ | ૩૫૨ |
| | બિન નિવાસી ગુજરાતી રાજ્યની મુલાકાત સમયે માર્ગદર્શન કેન્દ્રો | ૪૭૩ |
| | ભરૂચ જિલ્લામાં ખાસ અંગભૂત યોજનામાં રસ્તા | ૨૭૧ |
| | રાજ્યમાં આયુર્વેદિક કોલેજ અને હોસ્પિટલ સ્થાપવાની યોજના | ૫૨૪ |
| | રાજ્યમાં મેટ્રો રેલ | ૪૨૯ |
| | સુરત જિલ્લામાં ગરીબ કુટુંબોને સસ્તા દરે તહેવારોમાં પામોલીન તેલ વિતરણ | ૩૪ |
| | સુરત જિલ્લામાં ડેરી વિકાસનો અમલ | ૧૦૩ |
| ખુમાનસિંહ રા. ચૌહાણ | અંદાજ પત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૫૬૧ |
| | જેલમાં કેદીઓની ક્ષમતા વધારવા બાબત | ૨૫૦ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| | માનનીય મુખ્યમંત્રીશ્રીની ઓનલાઇન ફરીયાદ નિવારણ કાર્યક્રમમાં શહેરી વિકાસ વિભાગને મળેલ ફરિયાદો | ૪૬૯ |
| | વડોદરા જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડ | ૬૪ |
| | વડોદરા શહેર/જિલ્લાના વિકાસ માટે જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મિશનને ફાળવેલ રકમ | ૪૨૨ |
| | વડોદરા શહેરમાં જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન યોજનામાં લાલબાગ બ્રિજ બનાવવા ફાળવેલ રકમ | ૫૧૮ |
| | સદભાવના મીશન અન્વયે શાળામાં કાર્યક્રમો અંગે આદેશ | ૨૯૮ |
| | સસ્તા અનાજની દુકાનોના પરવાનેદારોને કમિશન | ૧૪૨ |
| ગ્યાસુદીન હ. શેખ | રાજ્યમાં ભુમાફિયા વિરૂધ્ધ સીટને મળેલ અરજીઓ | ૨૭૧ |
| ગુલસીંગભાઇ ર. રાઠવા | વડોદરા જિલ્લામાં એકલવ્ય શાળા માટે જમીન | ૩૫૩ |
| | વડોદરા જિલ્લામાં ગ્રામ પંચાયતોમાં ઈ-ગ્રામ વિશ્વગ્રામ કેન્દ્રોમાં વીજળી બિલ | ૧૦૫ |
| | વડોદરા જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં માનદ વેતનવાળા સભ્યો | ૩૬ |
| | વડોદરા જિલ્લામાં નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના | ૪૧૩ |
| | વડોદરા જિલ્લામાં નોંધાયેલ દસ્તાવેજ | ૩૧૮ |
| | વડોદરા જિલ્લામાં પ્રવાસન વિકાસ માટેના સ્થળો | ૪૬૪ |
| | વડોદરા જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે મંજૂર થયેલ રકમ | ૫૧૫ |
| | વડોદરા જિલ્લામાં બિયારણના નમૂનાઓ | ૨૭૨ |
| ગીતાબેન યો. પટેલ | રાજય ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં ચાલતી બેચો | ૧૩ |
| ગોવિંદભાઇ ઉ. પટેલ | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પ્રથમ દિવસ) | ૨૦૩ |
| | બિન નિવાસી ગુજરાતી પ્રભાગ દ્વારા કાર્યક્રમોનું આયોજન | ૫૪૦ |
| | રાજકોટ જિલ્લામાં ખેડૂતોને વ્યાજ રાહત યોજના | ૨૩૧ |
| | રાજકોટ જિલ્લામાં નર્મદાનું પાણી ઘર વપરાશ માટે આપવાનું આયોજન | ૪૪૨ |
| | રાજકોટ જિલ્લામાં પ્રા.શાળામાં કંમ્પાઉન્ડ વોલ | ૨૮૨ |
| | રાજકોટ જિલ્લામાં પ્રાથમિક શાળામાં વીજળીની સગવડ | ૩૨૫ |
| | રાજ્યની મહાનગરપાલિકાઓને મનોરંજન કરની ચુકવેલ ગ્રાંટ | ૪૯૫ |
| ગોવિંદભાઇ મા. પ્રજાપતિ | બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં ઉંડા કરેલા મોટા તળાવો | ૪૪૮ |
| | બનાસકાંઠા જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાના લાભાર્થીઓ | ૫૪૬ |
| | બનાસકાંઠા જિલ્લામાં પશુપાલન શિબિર | ૩૫૪ |
| | બનાસકાંઠા જિલ્લામાં મુક્તેશ્વર અને ધરોઈ ડેમમાં બ્રાન્ચ કેનાલ બનાવી નદીઓ અને તળાવોમાં પાણી ભરવા અંગે | ૫૦૨ |
| | બનાસકાંઠા જિલ્લામાં મહિલા જૂથોની રચના | ૭૨ |
| | બનાસકાંઠા જિલ્લામાં યોજાયેલ ખેડૂત શિબિર | ૨૭૩ |
| | બનાસકાંઠા જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજનામાં રોપાનું વાવેતર | ૧૫૮ |
| | સાબરકાંઠા જિલ્લામાં બિયારણના નમૂનાઓ | ૩૧૯ |
| ચંદુભાઇ મો. ડાભી | ગીર અભયારણ્યમાં સિંહોની વસ્તી - શિકાર અને મૃત્યુ | ૨૫ |
| | વડોદરા જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનામાં મળેલ અરજીઓ | ૧૬૮ |
| | વડોદરા જિલ્લામાં જમીનની એન્ટ્રીઓની અરજીઓ | ૨૪૭ |
| | વડોદરા જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અન્વયે રસ્તા | ૨૯૭ |
| | વડોદરા જિલ્લામાં પશુદવાખાનામાં ખાલી જગ્યા | ૩૩૨ |
| | વડોદરા જિલ્લામાં મનરેગા યોજનામાં રકમની ફાળવણી | ૯૧ |
| | વડોદરા શહેરમાં જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન યોજનામાં મંજૂર કરેલ ગ્રાન્ટ | ૪૫૨ |
| | વડોદરા શહેરમાં માળખાંગત વિકાસના કામો | ૫૦૫ |
| | વડોદરા સિવિલ હોસ્પિટલને નેશનલ એક્રીડીશન બોર્ડ ફોર હોસ્પિટલના માપદંડ હાંસલ કરવા માટે ફાળવેલ રકમ અંગે | ૩૯૩ |
| ચંદ્રિકાબેન છ. બારીયા | | |
| | દાહોદ જિલ્લામાં ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ ઈ-કનેકટીવીટીનું જોડાણ | ૮૪ |
| | દાહોદ જિલ્લામાં જમીનને સિંચાઈનું પાણી પુરૂ પાડવા બાબત | ૪૨૫ |
| | દાહોદ જિલ્લામાં નર્મદાના પાણી | ૪૭૧ |
| | દાહોદ જિલ્લામાં નાના-મોટા ડેમોમાં પાણી સંગ્રહ કરવાની ક્ષમતા | ૫૨૧ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| | દાહોદ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી ગેરંટી યોજનામાં ફાળવેલ રકમ | ૧૯ |
| | દાહોદ શહેર અને જિલ્લામાં ધો. ૮ થી ૧૧માં શિક્ષકોની ઘટ | ૩૦૦ |
| | દાહોદ શહેર અને જીલ્લામાં ટ્યુશન કરતા શિક્ષકો પકડાવવા બાબત | ૨૫૩ |
| | રાજ્યમાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ભરતી બંધ હોવા બાબત | ૩૩૫ |
| છનાભાઇ કો. ચૌધરી | ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૧૨ | ૫૫૨ |
| | નવસારી અને વલસાડ જિલ્લામાં જંગલના લાકડા ચોરીના બનાવો | ૭૯ |
| | નવસારી અને વલસાડ જિલ્લામાં વનાધિકાર કાયદા નીચે જંગલની જમીનની સનદો આપવા બાબત | ૧૬૧ |
| | નવસારી જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ડોક્ટરોની ઘટ | ૪૬૯ |
| | વલસાડ અને નવસારી જિલ્લામાં ભેળસેળના પકડાયેલા કિસ્સાઓ | ૧૮૪ |
| | વલસાડ જિલ્લામાં ગુણોત્સવ કાર્યક્રમ દરમ્યાન જણાયેલ તૂટીઓ | ૨૯૨ |
| | વાંસદા તાલુકાના ઝુઝ ડેમ યોજનાના મુખ્ય કેનાલના ગેટની મરામત | ૫૧૮ |
| | વાંસદા તાલુકામાં કેલીયા ડેમની નવી છલતી તૂટી જતાં કોન્ટ્રાકટર સામે પગલાં | ૪૨૩ |
| જેઠાભાઇ ઘે. ભરવાડ | પંચમહાલ જિલ્લામાં મંજૂર કરેલ હેન્ડ પંપ | ૪૧૯ |
| | તાપી જિલ્લામાં ખેડૂતોને ઓઈલ એન્જીન સહાય | ૨૨૪ |
| | દાહોદ અને પંચમહાલ જિલ્લામાં પશુપાલન શિબિર | ૨૮૦ |
| | દાહોદ જિલ્લામાં ૨૫૦ થી ઓછી વસ્તીવાળા ગામોને રસ્તા | ૩૨૩ |
| | પંચમહાલ જિલ્લામાં ઈન્દીરા આવાસને મંજુરી | ૧૧૧ |
| | પંચમહાલ જિલ્લામાં ગોમા નદી પર બનાવેલ મોટા ચેકડેમો | ૫૧૫ |
| | પંચમહાલ જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં અનુસૂચિત જનજાતિના લોકોને એલ.પી.જી. ગેસ કનેક્શન | ૧૭૫ |
| | પંચમહાલ જિલ્લામાં સખીમંડળોની રચના | ૪૨ |
| | પાનમ અને વણાકબોરીમાં જૂથ પાણી પુરવઠા યોજના ગામોના પેટા ફળિયાને પાણી આપવા બાબત | ૪૬૫ |
| જયંતિલાલ પ. ભાનુશાળી | કચ્છ જિલ્લામાં પંચાયત હસ્તકના ડૉક્ટર વગરના દવાખાના | ૪૩૪ |
| | અબડાસા, નખત્રાણા અને લખપત તાલુકામાં સરદાર આવાસ યોજનામાં મળેલ અરજીઓ | ૯૦ |
| | કચ્છ જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમાની અરજીઓ | ૩૫૦ |
| | કચ્છ જિલ્લામાં ખાનગી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ | ૩૧૩ |
| | કચ્છ જિલ્લામાં જર્જરીત ઓરડાના નવીનીકરણ | ૨૬૬ |
| | કચ્છ જિલ્લામાં બોગસ ડોકટરો વિરૂધ્ધ ફરીયાદો | ૫૨૯ |
